www.vitragvani.com

* શ્રી સીમંધર-કુંદકુંદકહાન-દિગંબર જૈન સાહિત્ય સ્મૃતિ-સંચય, પુષ્પ નં. ૧૫ *

परमात्मने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## [ભાગ–૨]

શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત
'પરમાત્મપ્રકાશ' શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મરસસભર પ્રવચન

: પ્રકાશક :
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: પ્રસ્તુતકર્તા :
શ્રી શાંતિલાલ રતીલાલ શાહ-પરિવાર, સાયન (મુંબઈ)
શ્રી સૂરજબેન અમુલખભાઈ શેઠ-સ્મૃતિ ટ્રસ્ટ, સાયન (મુંબઈ)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પ્રથમ આવૃત્તિ : ૨૧૦૦

વીર સં. ૨૫૬૨ ✻ વિ. સં. ૨૦૬૨ ✻ ઇ. સ. ૨૦૦૬

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૩મી જન્મજયંતી, શ્રાવણ વદ-૨, તા. ૧૧-૮-૨૦૦૬

**પ્રાપ્તિસ્થાન :—**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (જિલ્લો-ભાવનગર)

❑ **શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, ક્રિષ્ન-કુંજ, પ્લોટ નં. ૩૦,
વી.એલ. મહેતા માર્ગ, વિલેપાર્લા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬
✆ : (022) 26130820

❑ **પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
લામ રોડ,
દેવલાલી ( જિ. નાસિક )

❑ **શ્રી મહાવીરસ્વામી દિગંબર જૈનમંદિર**
એન.સી. કેલકર રોડ,
દાદર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૨૮

❑ **શ્રી દિગંબર જૈનસંઘ**
૫, પંચનાથ પ્લોટ,
શ્રી કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ

**કિંમત રૂા. ૨૫=૦૦**

મુદ્રક :

**સ્મૃતિ ઓફસેટ**
જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,
સોનગઢ-૩૬૪૨૫૦
✆ : (02846) 244081

# બે બોલ

શ્રી સમયસાર વગેરે પરમાગમોનાં ઊંડાં હાર્દને સ્વાનુભવગત કરી શ્રી તીર્થંકર-ભગવાનના શુદ્ધાત્માનુભવપ્રધાન અધ્યાત્મશાસનને જીવંત રાખનાર આધ્યાત્મિક સંત પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સરળ તેમ જ સુગમ પ્રવચનો દ્વારા તેમનાં અણમૂલાં રહસ્યો મુમુક્ષુ સમાજને સમજાવ્યાં; અને એ રીતે આ કાળે અધ્યાત્મરુચિનો નવયુગ પ્રવર્તાવી, તેઓશ્રીએ અસાધારણ મહાન ઉપકાર કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં સમગ્ર ભારતવર્ષને વિષે તેમ જ વિદેશોમાં પણ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિભીની અધ્યાત્મવિદ્યાના પ્રચારનું જે આંદોલન પ્રવર્તે છે તે પૂજ્ય ગુરુદેવશ્રીના ચમત્કારી પ્રભાવનાયોગનું અદ્‌ભુત ફળ છે.

આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-અવતીર્ણ, અધ્યાત્મરસભરપૂર પ્રવચનોનું પ્રકાશન કરવાનો અવસર પ્રાપ્ત થવો એ પણ આપણું પરમ સૌભાગ્ય છે. તદ્‌નુસાર શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત 'પરમાત્મપ્રકાશ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું સંકલન પ્રકાશિત કરતાં કલ્યાણી ગુરુવાણી પ્રત્યે અતિ ભક્તિભીની પ્રસન્નતા અનુભવીએ છીએ.

આ 'પરમાત્મપ્રકાશ'ના પ્રવચનકાર પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદૃષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવગુરુના પરમ ભક્ત, કુમારબ્રહ્મચારી, સમયસાર આદિ અનેક ગહન અધ્યાત્મશાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવશ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્ અનેકાન્તરૂપ અધ્યાત્મતત્ત્વના અસાધારણ ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્યુગસ્રષ્ટા મહાપુરુષ હતાં. તેમનાં આ પ્રવચનોનું અવગાહન કરતાં જ અધ્યેતાને તેઓશ્રીનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગ-ભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવના તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને સાતિશય પરમ કલ્યાણકારી અદ્‌ભુત વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ 'પરમાત્મપ્રકાશ'ની પ્રત્યેક ગાથાને સર્વ તરફથી છણીને, વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યાં છે. અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને પ્રકૃત-વિષયસંગત અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે 'પરમાત્મપ્રકાશ'ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ સહજ રહે ત્યારે જીવ-પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ જ્ઞાયક નિજ ધ્રુવ તત્ત્વનો (અનેકાન્ત-સુસંગત) કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી

www.vitragvani.com



પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય—વગેરે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત બાબતો, મનુષ્યજીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને, એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની મિથ્યા કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે 'પરમાત્મપ્રકાશ'ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, હૃદયમાં સોંસરવટ ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થી જગત ઉપર અનહદ ઉપકાર કર્યો છે. 'પરમાત્મપ્રકાશ'ની ગાથામાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત કહાનગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગ્રત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જવલ્લે જ જોવામાં આવે છે.

આ રીતે 'પરમાત્મપ્રકાશ' શાસ્ત્રમાં નિહિત અધ્યાત્મતત્ત્વ વિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી, સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો એ જ ઉદ્દેશ હોવા સાથે 'પરમાત્મપ્રકાશ'ના સર્વાંગ સ્પષ્ટીકરણસ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી દેશવિદેશમાં વસતાં મુમુક્ષુઓને ન્યાલ કર્યાં છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે.

આ પ્રસંગે મુમુક્ષુ સમાજ ઉપર જેમનો વિશિષ્ટ-ઉપકાર છે તે ધર્મરત્ન પ્રશમમૂર્તિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચરમકમળમાં અત્યંત ભક્તિભાવે અભિવંદન કરીને ભાવના ભાવીએ છીએ કે—મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક આ પ્રવચનોનો ઊંડો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલાં ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી, નિજ શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

આ પ્રવચનગ્રંથના પ્રકાશનપ્રસંગે, ''ગુજરાતી આત્મધર્મ'' માટે 'પરમાત્મપ્રકાશ' ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો લિપિબદ્ધ કરનાર સંપાદકનો આભાર માનીએ છીએ.

અહીં 'પરમાત્મપ્રકાશ'ના બીજા અધિકારના ૫૮ પ્રવચનોનો સંગ્રહ બીજા ભાગ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. તૃતીય ભાગ તૈયાર થયેથી પ્રકાશિત કરવામાં આવશે.

આ ગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ નિજ-કલ્યાણ સાધે—એવી ભાવના ભાવીએ છીએ.


—*પ્રસ્તુતકર્તા*

# અર્પણ

ભવ્યોના ભાગ્યવશે ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસેથી પરમાત્મપણાનો સંદેશ લઈને તીર્થધામ સુવર્ણપુરીમાં ૪૫–૪૫ વર્ષ સુધી અધ્યાત્મ-અમૃતની ધોધમાર વર્ષા વડે આ કળિકાળને ધર્મકાળમાં પલટાવી નાખનાર હે યુગસ્રષ્ટા ગુરુદેવ! અમ ભક્તોને ભવસાગર પાર ઉતારવા, અગાધ વિશાળ પરમાગમસાગરના મંથન વડે સ્વાનુભૂતિનો માર્ગ પ્રકાશીને આપે જે અનંત અનંત ઉપકાર કર્યો છે તે અનંત ઉપકારની ચિર સ્મૃતિરૂપે, આપનાં ચરણકમળમાં કોટિ કોટિ વંદન પૂર્વક, શ્રી નાટક સમયસાર ઉપરનાં આપના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મરસભર પ્રવચનોનું સંકલન કરીને 'શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન (ભાગ-૨)' નામનું આ પુસ્તક પ્રકાશિત કરતાં અમો અત્યંત પ્રસન્નતા અનુભવીએ છીએ.

—પ્રસ્તુતકર્તા

*


ॐ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, —મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

www.vitragvani.com



ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय ।

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का ।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

❀ ❀ ❀

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये ॥

❀ ❀ ❀

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ॥

❀ ❀ ❀

विविक्तमव्ययं सिद्धं स्व-स्वभावोपलब्धये ।
स्व-स्वभाव-मयं बुद्धं ध्रुवं स्तौमि विकल्मषम् ॥

❀ ❀ ❀

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ॐ

परमात्मने नमः ।

# પરમાત્મપ્રકાશ

ઉપર

## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન

# મોક્ષ-પુરુષાર્થની ઉત્તમતા

(સળંગ પ્રવચન નં.—૭૮)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેનો પ્રથમ અધિકાર પૂરો થયો. આજે બીજો અધિકાર શરૂ થાય છે. તેમાં ૨૧૪ ગાથા સૂત્રો દ્વારા મોક્ષફળ અને મોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી બીજો મહા અધિકાર આરંભ કરીએ છીએ—એમ શ્રી યોગીન્દ્રદેવ કહે છે.

પ્રથમ દશ દોહા સુધી મોક્ષની મુખ્યતાથી કથન કરે છે.

सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु।
मोक्खहँ केरउ अण्णु फलु जे जाणऊँ परमत्थु।।१।।

શિષ્ય પ્રભાકર ભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને પ્રાર્થના કરે છે કે હે શ્રીગુરુ! મને મોક્ષ અને મોક્ષનું સત્યાર્થ કારણ કહો તથા મોક્ષનું ફળ કહો જેથી હું પરમાર્થને જાણી શકું. આમ પ્રભાકર ભટ્ટ મોક્ષ, મોક્ષનું કારણ અને તેનું ફળ શું છે તે ગુરુને પૂછે છે ત્યારે શ્રીગુરુ તે ત્રણેયનું સ્વરૂપ ક્રમથી કહે છે.

जोइय मोक्खु वि मोक्ख फलु पुच्छिउ मोक्खहँ हेउ ।
सो जिण भासिउ णिसुणि तुहुँ जेण वियाणहि भेउ ।।२।।

www.vitragvani.com



અર્થ :—હે યોગી! તેં મોક્ષ, મોક્ષનું કારણ અને મોક્ષનું ફળ પૂછ્યું છે તો તેનો ઉત્તર જિનેશ્વરદેવના કહ્યાં પ્રમાણે હું કહું છું તો નિશ્ચય કરીને તું સાંભળ! જેથી તેના ભેદો સારી રીતે તું સમજી શકે. જિનેશ્વરદેવે જેવું દેખ્યું છે તેવું જ કહ્યું છે. સર્વજ્ઞપરમેશ્વરે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જેમ છે તેમ જ્ઞાનમાં જાણ્યા છે. જે પર્યાય જે કાળે જે પ્રકારે જ્યાં જેવી થવાની છે તેવી જ વ્યવસ્થિત ભગવાને જોઈ છે, જાણી છે અને કહી છે. જોયું છે જુદું અને કહે છે જુદું—એમ નથી.

ભાવાર્થ :—શ્રી યોગીન્દ્રદેવગુરુ શિષ્યને કહે છે કે હે પ્રભાકર! શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ, કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટવારૂપ મોક્ષફળ અને નિશ્ચયવ્યવહાર રત્નત્રયરૂપ મોક્ષનો માર્ગ આ ત્રણેયને ક્રમથી હું જિનઆજ્ઞા અનુસાર કહીશ. તેને તું સારી રીતે ચિત્તમાં ધારણ કરીશ તો તને બધા ભેદો ખ્યાલમાં આવી જશે. તું નિશ્ચય કરીને સાંભળ એટલે કે બરાબર સાંભળ! મોક્ષ, મોક્ષનું કારણ અને તેના ફળની જુદાઈ જે રીતે છે તે રીતે ભગવાનનું કહેલું હું તને કહું છું તે તું સાંભળ!

શુદ્ધસ્વભાવની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ છે. 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા' આત્મા વસ્તુ તરીકે તો પૂર્ણશુદ્ધ છે જ પણ તેની પર્યાયમાં પૂર્ણશુદ્ધતા પ્રગટ થવી તેનું નામ મોક્ષ છે. પર્યાયમાં અશુદ્ધતા છે તેનું નામ સંસાર છે. પર્યાયમાં મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ ભાવ થાય છે તે અશુદ્ધતા છે—તે જ સંસાર છે તેનો અભાવ અને પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ તે મોક્ષ છે.

કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયનું પ્રગટ થવું તે મોક્ષનું ફળ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એ ચાર અનંત ચતુષ્ટય છે તેનું પ્રગટપણું તે મોક્ષનું ફળ છે.

હવે સત્યાર્થ મોક્ષનું કારણ શું છે?—કે નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય એ મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષમાર્ગ છે. આ ત્રણેયને ક્રમથી જિનઆજ્ઞા પ્રમાણે કહીશ તેને તું સારી રીતે સાંભળજે.

સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને તે સમય સાથે વિકલ્પરૂપ રત્નત્રય છે તે વ્યવહારરત્નત્રય છે તે નિશ્ચયનું નિમિત્ત હોવાથી પ્રમાણજ્ઞાનમાં તેને સાચું કારણ ગણીને મોક્ષમાર્ગ કહ્યો છે. ખરેખર તો મોક્ષમાર્ગ બે નથી. તેનું કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ તો એક જ છે. શુદ્ધ પરમાનંદમૂર્તિનો આશ્રય કરીને સમ્યક્ નિશ્ચય થાય અને તેનું સ્વસંવેદન થાય તથા અરાગી પરિણતિરૂપ ચારિત્ર થાય તે અભેદરત્નત્રય જ મુક્તિનું કારણ છે. તેની સાથે સહાયક તરીકે જે વિકલ્પો હોય છે તેને વ્યવહારથી સાધક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહેવામાં આવે છે. સ્વાશ્રયપણે પોતે સ્વયં પરિણમે છે ત્યારે નિમિત્ત તરીકે જે વિકલ્પો હોય છે તેને વ્યવહારે સહાયક—સાધક–નિમિત્ત કહેવામાં આવે છે.

અહીં પ્રમાણજ્ઞાન કરાવવું છે તેથી બે મોક્ષમાર્ગ કહ્યાં છે. નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગની સાથે શ્રદ્ધામાં દેવ-શાસ્ત્ર-ગુરુનો જ વિકલ્પ હોય, નવતત્ત્વની શ્રદ્ધાનો જ વિકલ્પ હોય, શાસ્ત્રજ્ઞાન હોય અને પંચ મહાવ્રતાદિનો જ વિકલ્પ હોય એમ વિકલ્પની મર્યાદા બતાવવા તેને વ્યવહારથી આરોપ કરીને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે ત્યારથી સાથે આવતાં વિકલ્પને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

હવે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થમાંથી સુખનું મૂળ કારણ 'મોક્ષ' જ સૌથી ઉત્તમ છે. મોક્ષમાં જ ખરું સુખ છે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસા અને કામ એટલે ભોગો એ ત્રણેયમાં ક્યાંય સુખ નથી. પુરુષાર્થ તો ચારેયમાં છે—વ્યવહારધર્મરૂપ પુણ્યમાં રાગનો શુભ પુરુષાર્થ છે, અર્થમાં પૈસો કમાવાનો અશુભ પુરુષાર્થ છે અને કામમાં ભોગો ભોગવવાનો અશુભ પુરુષાર્થ છે. પણ એ ત્રણેય પુરુષાર્થમાં આકુળતા અને દુઃખ છે, સુખ નથી. તેથી જ્ઞાની પુરુષો મોક્ષને જ ઉત્તમ પુરુષાર્થ કહે છે. ધર્મ, અર્થ અને કામમાં કલ્પનાનું સુખ છે પણ વાસ્તવિકસુખ નથી—પરમસુખ નથી.

ભાવાર્થ :—નિશ્ચયધર્મ જ્યાં હોય ત્યાં શુભભાવરૂપ વ્યવહારધર્મનો વિકલ્પ હોય જ છે. તે પુણ્ય છે પણ તેને વ્યવહારથી ધર્મ કહેવાય છે અને પુણ્યના ફળને અર્થ કહેવાય છે. રાજ્ય વગેરે સંપદાઓ પુણ્યના ફળથી મળે છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, પૈસા આદિ બધું પુણ્યનું ફળ છે. પૂર્વે પુણ્ય કર્યું હોય તેના ફળમાં આવો સંયોગ મળે છે. વર્તમાનમાં પૈસા કમાવાનો રાગ કરે છે તેનાથી પૈસા આદિ સંયોગ મળતો નથી. જો કમાવાના રાગથી પૈસા મળતાં હોય તો તો બધાંને મળવા જોઈએ પણ બધાંને મળતા નથી. જેણે પૂર્વે જેટલું પુણ્ય કર્યું હોય તેના પ્રમાણમાં પૈસા અને રાજ્ય આદિ વૈભવ મળે છે. આ અધિકારની જ ૬૦મી ગાથામાં કહ્યું છે કે પુણ્યથી ઘરમાં ધનાદિ મળે છે. ધનથી મિથ્યાદૃષ્ટિને અભિમાન થાય છે અને માનથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેનાથી પાપ બંધાય છે માટે આવા પુણ્ય અમને ન જોઈએ.

આ મિથ્યાદૃષ્ટિની વાત છે. સમ્યગ્દૃષ્ટિને ધનાદિથી અભિમાન થતું જ નથી. પૂર્વપુણ્યથી તેને પણ ધનાદિ તો મળે છે પણ તેને 'આ મારા છે' એમ ધર્મી માનતા નથી તેથી અભિમાન થતું નથી. સમ્યગ્દૃષ્ટિને તો એક જ્ઞાનાનંદસ્વભાવમાં જ મારાપણું છે. પુણ્યના ભાવ ઊઠે છે તેને પણ 'મારાં' માનતા નથી તો તેના ફળમાં મળેલા સંયોગને પોતાના કેમ માને! અજ્ઞાનીને તો સંયોગનું સ્વામીપણું લાગતું હોવાથી તેના પ્યાલા ફાટી જાય છે. તેથી બુદ્ધિ ભ્રષ્ટ થઈને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પાપ બાંધે છે. તેથી ધર્મી કહે છે કે આવા પુણ્ય અમારે જોઈતા નથી. ધર્મીને શુદ્ધ પવિત્ર આત્માની દૃષ્ટિ છે અને પવિત્રતાની જ ભાવના કરે છે, પુણ્યની ભાવના ધર્મી કરતા નથી. વ્યવહારે એમ કહેવાય કે ધર્મી વ્યવહારરત્નત્રયને આરાધે છે પણ નિશ્ચયથી ધર્મીને તેનું આરાધન નથી.

શ્રોતા :—લોકો તો ધર્મ કરીને પણ સંયોગો જ માંગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—મૂઢ હોય તે એ જ માંગે ને! એને ધર્મ તો છે જ ક્યાં? પુણ્ય કરીને પૈસા માંગે, સ્ત્રી માંગે, રોટલાં માંગે, શરીરની સુંદરતા માંગે....એ તો બધું ઓશિયાળાપણું થયું. ધર્મ કરીને પણ એ પરવશતા જ માંગે છે. ધર્મી તો એક શુદ્ધ ચૈતન્યની પૂર્ણ દશાની પ્રાપ્તિની માંગણી કરે છે. બીજી કોઈ ભાવના ધર્મીને હોતી નથી.

ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયમાં પરમસુખ નથી એટલે કે આત્માનું સુખ નથી, ક્લેશ અને દુઃખ જ છે. ધર્મ એટલે પુણ્યમાં શુભભાવ છે અને અર્થ અને કામમાં અશુભ-ભાવ છે માટે ત્રણેયમાં આકુળતા છે. બોલો શેઠ! પૈસા મેળવવાનો ભાવ દુઃખરૂપ છે કે નહિ?

પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ જ પરમસુખરૂપ છે, બાકી બધો પુરુષાર્થ દુઃખરૂપ છે. ધર્મનો પુરુષાર્થ શુભભાવરૂપ દુઃખરૂપ છે અને અર્થ તથા કામનો પુરુષાર્થ અશુભભાવરૂપ દુઃખરૂપ છે. એક કેવળજ્ઞાનનો પુરુષાર્થ જ સુખરૂપ છે—મોક્ષનું કારણ છે.

વીતરાગ સર્વજ્ઞદેવે આમ જાણ્યું છે કે ત્રણ પુરુષાર્થમાં દુઃખ છે અને એક મોક્ષના પુરુષાર્થમાં જ સુખ છે—એવું જાણ્યું છે તેવું જ ભગવાને કહ્યું છે અને એવું જ છે. વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે પણ ભગવાને નિયત કહ્યું છે એમ અમે સિદ્ધ કરવા માગતા નથી. આ જગ્યાએ ૩૫૦૦ રૂા. પડ્યા છે એમ લખ્યું છે, એટલાં જ રૂપિયા ત્યાંથી નીકળે છે અને એટલા જ જ્ઞાનમાં જણાય છે તેમ જગતમાં દ્રવ્ય, ગુણ, પર્યાય આ રીતે રહેલા છે એમ ભગવાન કહે છે, એમ જ જગતમાં છે અને એમ જ ભગવાને જાણ્યું છે. જે જાણ્યું છે તે જ કહે છે.

હવે પોતાના આત્માને પૂછો કે ભગવાન કમાવાના ભાવને દુઃખરૂપ કહે છે તો તને દુઃખરૂપ લાગે છે કે સુખરૂપ લાગે છે? છન્નુહજાર રાણીનો ભોગનો ભાવ પાપરૂપ દુઃખરૂપ છે, ઈન્દ્રને ઈન્દ્રના વૈભવના ભોગનો ભાવ પાપરૂપ દુઃખભાવ છે અને રાગની મંદતારૂપ ભાવ શુભરૂપ દુઃખભાવ છે એમ બે અશુભ અને શુભ એમ ત્રણેય ભાવ દુઃખરૂપ છે.

શ્રોતા :—તો શું આવા ભાવોને દૂર કરવા?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પૂજ્ય ગુરુદેવશ્રી :—ભૂમિકા અનુસાર શુભ અને અશુભભાવ આવ્યા વિના તો રહેશે જ નહિ પણ તે દુઃખરૂપ છે એમ સમજવું જોઈએ. વીતરાગ થયો નથી ત્યાં સુધી કમાવાનો, ભોગનો, દયા-દાનાદિનો, વગેરે ભાવ આવશે તો ખરો જ પણ તે ભાવ દુઃખરૂપ અને ક્લેશરૂપ છે માટે તેમાં મજા ન માનવી. ભોગમાં મજા ન માનવી કેમકે તેનો પુરુષાર્થ જ પાપરૂપ છે. એક મોક્ષનો પુરુષાર્થ જ સુખદાયક છે, બાકી ત્રણેય પુરુષાર્થ દુઃખદાયક ક્લેશરૂપ છે. માટે પુણ્યના ફળમાં મજા ન માનવી કેમકે તેનો પુરુષાર્થ પાપરૂપ છે.

ધર્મ-પુરુષાર્થ શુભભાવરૂપ છે પણ તે આકુળતારૂપ હોવાથી દુઃખદાયક છે. અર્થ-પુરુષાર્થ અશુભભાવરૂપ છે, દુઃખરૂપ છે, ક્લેશરૂપ છે. કામ-પુરુષાર્થમાં પણ વીર્ય તો કામ કરે છે પણ અશુભરૂપ હોવાથી દુઃખદાયક અને ક્લેશમય છે. એક મોક્ષપુરુષાર્થ જ સુખરૂપ છે. મોક્ષમાર્ગ અને તેનું ફળ બંને સુખરૂપ છે એટલે કે શુદ્ધપરિણામ જ સુખરૂપ છે. અશુદ્ધ એવા શુભ અને અશુભ બંને પરિણામ દુઃખરૂપ છે.

મોક્ષમાર્ગ કદી દુઃખરૂપ ન હોઈ શકે. મોક્ષમાર્ગીને એમ ન થાય કે અરે! મારે કષ્ટ સહન કરવું પડે છે, મને દુઃખ થાય છે. તે તો આનંદથી મોક્ષની સાધના કરે છે. મોક્ષમાર્ગ સુખરૂપ છે અને પૂર્ણ સુખનું કારણ છે. મોક્ષમાર્ગ આનંદરૂપ છે. અને પૂર્ણ આનંદનું કારણ છે.

આમ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ છે પણ તેમાં મોક્ષપુરુષાર્થ સિવાય બાકીના ત્રણેય પુરુષાર્થ દુઃખદાયક છે, આકુળતા ઉપજાવવાવાળા છે. વીતરાગ પરમાનંદસુખરૂપ અમૃતરસના આસ્વાદથી વિપરીત સ્વાદવાળા હોવાથી સુખ કરવાવાળા નથી. તેથી વીતરાગ સર્વજ્ઞદેવે એક મોક્ષપુરુષાર્થને જ સૌથી ઉત્તમ કહ્યો છે.

ભગવાન આત્મા તો અતીન્દ્રિય અનાકુળ આનંદની મૂર્તિ છે તેની પર્યાયમાં રાગરહિત પરમાનંદ સુખરૂપ અમૃતરસનો આસ્વાદ લેવો તે તેની નિર્મળતા છે—સુખરૂપ છે—સંવર–નિર્જરારૂપ છે અને તેનાથી વિપરીત આસ્રવબંધ દુઃખરૂપ છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય નવતત્ત્વની અંદર આસ્રવ-બંધતત્ત્વમાં સમાય છે. એ આસ્રવ-બંધનું ફળ સંસાર છે અને વીતરાગ પરમાનંદની શાંતિનું પરિણમન સંવર અને નિર્જરારૂપ છે તેનું ફળ મોક્ષ છે. આત્મા જ્ઞાયક છે તે જીવતત્ત્વ છે, અજીવતત્ત્વ તેનાથી ભિન્ન છે. જીવના વિકારી પરિણામ આસ્રવ-બંધરૂપ છે અને અવિકારી પરિણામ સંવર-નિર્જરારૂપ છે અને તેનું ફળ મોક્ષરૂપ છે. આમ, આમા સાતેય તત્ત્વ આવી જાય છે. એક એક ગાથામાં મુનિરાજ ઘણું સમાવી દે છે.

શ્રોતા :—પુણ્યને તો ધર્મ-પુરુષાર્થ કહ્યો છે ને!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પૂજ્ય ગુરુદેવશ્રી :—પુણ્ય ખરેખર ધર્મ નથી, વ્યવહારધર્મ છે. ધર્મ નથી છતાં તેને ધર્મ કહેવો તે વ્યવહાર છે.

શ્રોતા :—શબ્દો એવા છે કે ભૂલાવામાં પડી જવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શબ્દથી કોઈ ભૂલાવામાં પડતું નથી. ઓછી સમજણના કારણે ભૂલાવામાં પડે છે. શબ્દો ભૂલાવાનું કારણ હોય તો બધાંને ભૂલ થવી જોઈએ પણ એમ નથી. એની અણસમજણ ભૂલનું કારણ થાય છે. અર્થ અને ભોગથી જુદો બતાવવા માટે પુણ્યને વ્યવહારે ધર્મ કહ્યો છે.

શ્રદ્ધા, જ્ઞાન યથાર્થ થયા વિના ધર્મ થતો નથી. પૂર્ણાનંદની મૂર્તિ તે 'આત્મતત્ત્વ' છે. તેની સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની દશા તે 'સંવર-નિર્જરાતત્ત્વ' છે. તેનાથી વિપરીત પુણ્ય અને પાપ છે તે આસ્રવતત્ત્વના જ ભેદ છે. તેનાથી જે દ્રવ્યબંધ થાય છે તે અજીવ–જડકર્મ છે. આમ, જીવ, જડ અને જીવની સ્વભાવ અને વિભાવદશા બધું જુદું છે. જીવતત્ત્વનો આદર કરતાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે ત્યારે આસ્રવ–બંધનું જ્ઞાન થાય છે પણ જીવ તે આસ્રવ–બંધરૂપ થતો નથી. જ્ઞાન આસ્રવ–બંધમાં ભળતું નથી.

જોયું! શુદ્ધશ્રદ્ધા, જ્ઞાન થતાં આસ્રવ-બંધ સંબંધીનું પણ જ્ઞાન થાય છે પણ આસ્રવ–બંધ જ્ઞાનમાં આવી જતાં નથી. શુદ્ધચૈતન્યમૂર્તિ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા સંવર-નિર્જરામાં સમાય છે. વસ્તુ સુખરૂપ છે અને તેની દશા પણ સુખરૂપ થઈ ગઈ. શુભ અને અશુભભાવ થાય છે તે દુઃખરૂપદશા છે તે સુખરૂપદશામાં ભળી જતી નથી. પણ જ્ઞાન તેને જેમ છે તેમ જાણી લે છે કે પર્યાયમાં શુભાશુભરાગ છે અને તે દ્રવ્યબંધ થવામાં નિમિત્ત છે. દ્રવ્યબંધ અને ભાવબંધ જીવના અસ્તિત્વમાં આવતાં નથી. કેમકે તે અજીવ છે તેથી જીવના અસ્તિત્વમાં આવતાં નથી પણ જીવને તે સંબંધીનું જ્ઞાન થાય છે.

બાપુ! મોક્ષનો મારગ ઝીણો છે તે કાંઈ સાધારણ પુરુષાર્થથી મળી જાય તેવો નથી.

અહા! પૂર્ણ શુદ્ધ મુક્તદશા પ્રગટ થતાં આસ્રવ-બંધ તો રહેતા નથી અને તેનું જ્ઞાન પણ કરવાનું નથી. જે જડકર્મો જીવના સંબંધમાં હતાં તે દુનિયામાં ભળી ગયા તેથી આખી દુનિયાના જ્ઞાનમાં તેનું જ્ઞાન પણ આવી જાય છે.

ગુરુ શિષ્યને કહે છે કે હે ભાઈ! આમ તું જાણ! પુણ્ય–પાપને દુઃખરૂપ જાણ અને સુખસ્વરૂપીના શ્રદ્ધા-જ્ઞાન તથા ચારિત્રને સુખરૂપ જાણ અને અજીવને જ્ઞેય તરીકે જાણ! શિષ્યે મોક્ષ, મોક્ષનું કારણ અને મોક્ષનું ફળ પૂછ્યું હતું તેના જવાબમાં શ્રીગુરુએ આત્માની પૂર્ણ શુદ્ધદશારૂપ મોક્ષ અને તેના કારણભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સંવર–નિર્જરાતત્ત્વ અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેના કારણભૂત જીવતત્ત્વ આદરવાયોગ્ય છે અને તેનાથી વિપરીત એવા આસ્રવ—બંધ હેય છે એમ સમજાવીને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યરૂપ અનંતચતુષ્ટયના ફળને બતાવ્યું છે. આમ મોક્ષ, મોક્ષનું કારણ અને તેના ફળનું જ્ઞાન થતાં આસ્રવ, બંધ અને અજીવતત્ત્વનું જ્ઞાન પણ સાથે થઈ જાય છે. ત્રણની અસ્તિના જ્ઞાન સાથે તેમાં જેની નાસ્તિ છે એવા તત્ત્વનું જ્ઞાન પણ આવી જાય છે.

હવે આગળ જિનેશ્વરદેવનું દૃષ્ટાંત આપીને ગુરુ વધારે દૃઢ કરે છે કે મોક્ષ જ ઉત્તમ પુરુષાર્થ છે.

જો ધર્મ, અર્થ, કામ આ ત્રણથી મોક્ષ ઉત્તમ ન હોય તો આ ત્રણેયને છોડીને જિનેશ્વરદેવ મોક્ષમાં કેમ જાય? એમ કહીને ગુરુ મોક્ષનું ઉત્તમપણું સિદ્ધ કરે છે. ગુરુને મનમાં તીર્થંકર તરવરે છે એટલે તેમનો જ દાખલો આપ્યો. જો પુણ્ય-પાપમાં જ સુખ હોત તો ભગવાન તેને છોડીને પૂર્ણાનન્દદશાને શા માટે પ્રાપ્ત કરે!

जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर—लोइ॥४॥

અર્થ :—હે જીવ! જો આ બધાંથી મોક્ષ જો ઉત્તમ ન હોય તો શ્રી જિનવરદેવ ધર્મ, અર્થ, કામને છોડીને મોક્ષમાં કેમ જાય! મોક્ષ જ સૌથી ઉત્તમ છે માટે જાય છે.

શુભભાવ અને અશુભભાવરૂપ પુરુષાર્થથી સુખ હોય તો ભગવાન તેને છોડીને મોક્ષમાં શું કામ જાય! જિનેશ્વરદેવને પુણ્યના ફળની તો કોઈ ખામી ન હતી, ઈન્દ્રો તો જેના સેવક હતા, સ્ત્રી, પુત્ર, ધનાદિ સંયોગમાં કોઈ કમી ન હતી છતાં તેને છોડીને, તેને ભોગવવાના ભાવને છોડીને શુદ્ધદશા શા માટે પ્રગટ કરે! શુદ્ધદશારૂપ મોક્ષમાં ઉત્તમ સુખ ન હોય તો ભગવાન શુભાશુભભાવને શા માટે છોડે!

આગળ આવ્યું હતું કે પ્રભુ! તમારી ચારિત્રદશા અને અમારી ચારિત્રદશામાં કાંઈ ફેર નથી હો. તમે ૯૬,૦૦૦ રાણી અને દેવ જેવા સેવકોને છોડ્યા માટે તમારું ચારિત્ર ઊંચું અમે કૂબા છોડ્યાં માટે અમારું ચારિત્ર નીચું ઓછું—એમ નથી.

યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશને કોઈ જુદી રીતે જ મલાવ્યું છે. ભગવાનને કહે છે કે અમે પણ તમારી જેવા જ ચારિત્રવંત છીએ. જે ચીજો છોડીને ચારિત્ર ગ્રહણ કર્યું તે ચીજથી ચારિત્રની મોટાઈ નથી. જેનાથી લક્ષ ખસેડવું છે તે ચીજ મોટી હોય કે વધારે હોય કે ઓછી હોય તેની સાથે કાંઈ સંબંધ નથી. પ્રભુ! તમે પણ પરથી લક્ષ ખસેડીને સ્વમાં લગાવ્યું અને અમે પણ પરથી લક્ષ ખસેડીને અમારામાં લગાવ્યું છે. માટે આપણું ચારિત્ર સમાન છે.

www.vitragvani.com



ભાવાર્થ :—પર અર્થાત્ ઉત્કૃષ્ટ, મિથ્યાત્વ રાગાદિ રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મા તે પર છે, તે પરમાત્માનો લોક અર્થાત્ અવલોકન વીતરાગ પરમાનંદ સમરસીભાવનો અનુભવ—તેને પરલોક કહેવામાં આવે છે. આવા પરલોકને અવલોકવામાં જે લાગી ગયા તે જીવો સંયોગોને અવલોકવા ઊભા રહેતાં નથી.

ચક્રવર્તીને ૯૬,૦૦૦ રાણીમાંથી કોઈ વૃદ્ધ થાય કે કોઈ અર્જિકા થાય કે એવું કાંઈ બને તો બીજી રાણી આવી જાય પણ આંકડો ફરે નહિ. એવા ભોગોને છોડીને આપે ચારિત્ર ગ્રહ્યું અને અમે તુચ્છ ભોગોને છોડીને ચારિત્ર ગ્રહ્યું પણ તમારા કે અમારા ચારિત્રમાં કાંઈ ફેર નથી. તમે એવા પુરુષાર્થથી મોક્ષ લીધો છે અને અમે એવાં પુરુષાર્થ કરીને મોક્ષ લેવાના છીએ. તમારા અને અમારા ચારિત્રના પુરુષાર્થમાં જરાયે ફેર નથી.

આ બધા આતમરામના ખેલ છે.

ભગવાન કોનું અવલોકન કરે છે!—નિજ આત્માનું અવલોકન કરે છે. નિજ પરમાત્મા તે પરલોક છે તેનું અવલોકન કરે છે. સાધકદશા હતી ત્યાં સુધી શુભાશુભભાવ અને તેનું જ્ઞાન હતું. હવે તો શુભાશુભભાવ પણ નથી અને તેનું જાણવું પણ રહ્યું નથી. એકલો પરમાત્મા રહ્યો છે. તેને વીતરાગ પરમાનંદની પર્યાયથી અવલોકે છે. તેમાં ઉત્કૃષ્ટ સુખ છે માટે ભગવાન મોક્ષમાં ગયા છે.

પુણ્ય-પાપ અને ભોગોમાં ક્યાંય સુખ નથી, મોક્ષમાં જ સુખ છે એમ બતાવીને યોગીન્દ્રદેવ મોક્ષનો પુરુષાર્થ કરાવવા માંગે છે.

❀

www.vitragvani.com



# મોક્ષની સર્વોત્તમતાની સિદ્ધિ

(સળંગ પ્રવચન નં.–૭૯)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે. તેમાં ૪થી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જો ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થથી મોક્ષ પુરુષાર્થ ઉત્તમ ન હોય તો તે ત્રણેયને છોડીને મોક્ષમાં જિનદેવો શા માટે જાય!

जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिं पर लोइ॥४॥

ભાવાર્થ :—'પર' અર્થાત્ 'ઉત્કૃષ્ટ', મિથ્યાત્વ રાગાદિ રહિત, કેવળજ્ઞાનાદિ–અનંતગુણસહિત પરમાત્મા ઉત્કૃષ્ટ છે. તે ગુણ વિશિષ્ટ પરમાત્માનું લોકન–અવલોકન–વીતરાગપરમાનંદરૂપ સમરસીભાવનું અનુભવન તે લોક છે. આ પ્રમાણે 'પરલોક' શબ્દનો અર્થ છે. અથવા 'પર' શબ્દથી પૂર્વોક્ત લક્ષણવાળો પરમાત્મા સમજવો.

વીતરાગપરિણતી દ્વારા આત્માને અવલોકવો તેને અહીં 'પરલોક' કહે છે. ભગવાન લોકાલોકને અવલોકે છે તેની વાત અહીં નથી. પોતાનું સ્વરૂપ ઉત્કૃષ્ટ છે તેને વીતરાગીજ્ઞાન વડે અનુભવવું તેનું નામ પરલોક છે.

નિશ્ચયથી 'પરમશિવ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા 'શિવ' સમજવો. તેનો લોક તે શિવલોક છે. પોતાના સ્વરૂપનું અવલોકન કરવું તે પરમશિવરૂપ એટલે કલ્યાણરૂપ છે.

'પરમબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા પરમબ્રહ્મ સમજવો. તેનો લોક તે બ્રહ્મલોક છે. બીજો કોઈ બ્રહ્મલોક બહારમાં નથી. 'પરમવિષ્ણુલોક' પણ આત્મા જ છે. આત્માથી બહાર કોઈ વિષ્ણુનો લોક નથી.

પૂર્ણદશાને પ્રાપ્ત પરમાત્માની આ બધી વાત છે પણ પરમ એવા આત્માને જે જેટલો અનુભવે છે તેટલો તેના માટે પરલોક છે—ઉત્કૃષ્ટ લોક છે. પરમાત્મા પોતાના સ્વરૂપને પૂર્ણપણે અવલોકે છે અને નીચલી દશામાં જેટલા અંશે પોતાના આત્માને અવલોકે છે એટલો પોતાનો પરલોક છે. બાકી અન્યમતોએ કલ્પેલો એવો બીજો કોઈ શિવલોક, બ્રહ્મલોક કે વિષ્ણુલોક નથી.

અહીં સારાંશ એ છે કે 'પરલોક' નામથી કહેવાયેલો પરમાત્મા જ ઉપાદેય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરમાનંદસ્વરૂપ પરમાત્મા જ આત્માને ઉપાદેય છે. રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, નિમિત્ત, વિકલ્પાદિ કોઈ ઉપાદેય કે આદરણીય નથી. પરમાત્માને અવલોકવો તે જ ઉપાદેય અને આદરણીય છે. અનંતગુણ સંપન્ન મહાપ્રભુ જ દૃષ્ટિમાં લેવા લાયક છે.

પોતાની જ્ઞાનભૂમિકામાં પર દેખાય છે પણ તેને જોનાર હું પોતે કોણ છું તેને અજ્ઞાની જોતો નથી. કોઈ પણ પરચીજનું અવલોકન પોતાની જ્ઞાનપર્યાયમાં જ થાય છે, પરચીજમાં અવલોકન થતું નથી. જ્ઞાનની દશામાં પોતે પહેલો છે ત્યારે જ બીજાનું અવલોકન થાય છે. માટે જ્ઞાનની મુખ્યતાથી જુએ તો જ્ઞાન જ છે પણ અજ્ઞાનીને જ્ઞાનની મુખ્યતા નથી, એકલું આ બધું જણાય છે એમ દેખાય છે. જેમાં અવલોકન થાય છે તે તો પોતાની જ્ઞાનદશા છે એમ અજ્ઞાની જોતો નથી. આમ તેની જ્ઞાનદશા પરના અવલોકનમાં રોકાય છે તેથી સ્વનું અવલોકન કરી શકતી નથી.

અહા! પોતે મહાપ્રભુ એવી અનંત અનંતગુણ સંપદાવંત છે કે જેમાં નજર નાખતાં નિર્મળ થઈ જાય. પરમાં નજર નાખતાં તો રાગ–દ્વેષ થાય છે અને અંતરમાં નજર નાખતાં વીતરાગતા થાય છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ પ્રભુતાનાં પિંડ પ્રભુના અવલોકનમાં જે શાંતિ છે એવી બીજા કોઈ અવલોકનમાં શાંતિ નથી.

જે જ્ઞાનની વર્તમાનદશા જ્ઞાતાને અંતરથી અવલોકે તે જ્ઞાનમાં જ સુખ, શાંતિ અને ધર્મ છે. પર એટલે પ્રભુ આત્મા તેનું અવલોકન તે જ પરલોક છે, તે જ બ્રહ્મલોક છે, તે જ વિષ્ણુલોક છે અને તે જ શિવલોક છે. માટે લક્ષમાં લેવા લાયક—ધ્યાનમાં લેવા લાયક આ આત્મા જ છે. તેના ધ્યાનથી જ મોક્ષ છે.

હવે ૫મી ગાથામાં તે જ મોક્ષ સુખનો દેનાર છે એમ દૃષ્ટાન્ત દ્વારા દૃઢ કરે છે.

**उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं इच्छहिं बन्धणहिं बद्धा पसुय वि सोइ॥५॥**

અરે! બંધનથી છૂટવામાં સુખ ન હોય તો કોઈ બંધનથી છૂટવા જ ન માગે. મોક્ષ એટલે છૂટવું. જો મોક્ષ ઉત્તમ ન હોય તો પછી બંધનોથી બંધાયેલ પશુઓ પણ મોક્ષને (બંધનથી છૂટવાને) કેમ ઈચ્છે! પશુઓ સામાન્ય બાહ્ય બંધનથી બંધાયેલા છે તેનાથી પણ છૂટવા માગે છે તો બધાં પ્રકારના બંધનથી પૂર્ણપણે છૂટવામાં જીવને સુખ કેમ ન હોય! બંધનથી પૂર્ણપણે છૂટવું તેનું નામ જ મોક્ષ છે અને તેમાં જ ખરું સુખ છે.

ભાઈ! પશુ પણ બંધનથી છૂટવા ઈચ્છે છે તેથી બંધનથી છૂટવા માટે થનગનાટ કરે છે તો તને બંધનથી છૂટવાનો રસ્તો બતાવવામાં આવે છે તેમાં રાજીપો ખુશીપો કેમ થતો નથી?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પુણ્ય-પાપના ભાવમાં તો બંધન છે તેની વાતમાં તને મજા કેમ આવે છે?

માત્ર ૨૪ કલાકથી બંધાયેલા પશુને પણ જ્યાં તેનો માલિક ખીલાથી દોરડું છોડવા આવે ત્યાં રાજી રાજી થઈ જાય છે તો તું તો અનંતકાળથી બંધનમાં છો તને અમે તેમાંથી છૂટવાનો ઉપાય બતાવીએ છીએ ત્યાં રાજી થવાને બદલે અરે! અમારું પુણ્ય છૂટી જશે, પાપ છૂટી જશે એમ કરીને દુઃખી કેમ થાય છે! બંધનથી છૂટવાની વાતમાં પશુ જેવા રાજી થાય અને તું રાજી ન થા તો તું તો પશુમાંથી પણ ગયો. પશુની જેમ તારે પણ મિથ્યાત્વનો ખીલો છે અને રાગ-દ્વેષના મોટા દોરડાથી ખીલા સાથે તું બંધાયો છો તેમાંથી તારે છૂટવું નથી?

રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકારમાં મને સુખ છે એવી માન્યતા કરી રાખી છે તે મિથ્યાત્વનો ખીલો છે. તારી ચીજ તો વિકલ્પ વિનાની સત્ ચિદાનંદસ્વરૂપ છે તેમાં લીન થવાને બદલે તને રાગમાં લીન થવું કેમ પોસાય છે! રાગથી છૂટીને સ્વભાવમાં સ્થિરતા કરવાનું તને કહીએ અને તું રાજી ન થા તો તું પશુથી પણ મૂરખ ઠર્યો.

મુનિરાજને તારી પાસેથી ક્યાં કાંઈ જોઈએ છે કે તને માખણ લગાડે. એ તો જેમ છે તેમ કહીને તને સાવધાન કરે છે કે અંતરમાં મુક્તસ્વરૂપ પ્રભુ બિરાજમાન છે એ મુક્તને મુક્ત કરવાની વાત કરીએ છીએ એ તને કેમ રુચતી નથી? બંધનથી છૂટવાની વાતમાં તો તને ખુશી થવી જોઈએ, પ્રમોદ આવવો જોઈએ તેના બદલે ઊલટો નિષેધ આવે છે!

પશુનું બંધન તો સામાન્ય છે તેથી તેમાંથી છૂટવું એ પણ સામાન્ય છે તોપણ પશુ ખુશી થાય છે અને તારું તો મિથ્યાત્વ, કષાયાદિનું બંધન વિશેષ છે તેનાથી છૂટવું પણ વિશેષ છે માટે તને તો છૂટવાની વિશેષ અભિલાષા હોવી જોઈએ. બંધન સમાન કોઈ દુઃખ નથી અને છૂટવા સમાન કોઈ સુખ નથી.

સામાન્ય એટલે લૌકિક બંધનથી છૂટવામાં પણ સુખ થાય છે તો કર્મબંધનના અભાવથી જ્ઞાનીજનો સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ધ્રુવ મૂર્તિ છે તેને પુણ્ય-પાપના બંધનથી છોડાવી પૂર્ણાનંદમાં પ્રીતિ જોડવી તે બંધનથી છૂટવાનો ઉપાય છે. અરે! લૌકિક દૃષ્ટાંત આપીને કેવી મેળવણી કરી છે! નાના નાના વાછડા પણ બંધનથી છૂટવામાં કેવા થનગનાટ કરે છે તો તને અનાદિના અજ્ઞાનના અને વિકારના બંધનની પ્રીતિ છોડાવી, મુક્તસ્વરૂપની પ્રીતિ કરાવીએ છીએ તો તને રાજીપો કેમ થતો નથી?

શુભાશુભભાવ તો વિકારીભાવ છે, તેમાં તો આકુળતા છે તેમાંથી તને છોડાવીએ છીએ તો છૂટવાને બદલે તેને જ પકડીને રાખે છો! તેને છોડતાં તને રાડ કેમ પડે છે! આનંદના

www.vitragvani.com



નાથના પડખે ચડવાને બદલે વિકારના પડખે ચડીને સુખી થવા માગે છો? ભાઈ તારી દશા કેવી છે! તેથી જ શાસ્ત્રમાં અજ્ઞાનીને પશુ કહ્યો છે.

ભગવાન આત્મા વસ્તુસ્વરૂપે તદ્દન અબંધસ્વરૂપ જ છે તેને પુણ્ય-પાપને પોતાના માનવાથી બંધન છે. બહારની ચીજમાં એકત્વ માનવાથી એકત્વ તો થતું નથી પણ પુણ્ય—પાપનું બંધન થાય છે સ્વભાવને બંધન રહિત જોતાં તેને સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ થાય છે. અને સ્વભાવમાં સ્થિરતા થતા વિશેષ આનંદ થાય છે. જેટલો અબંધસ્વરૂપમાં સ્થિર થાય એટલો બંધનથી છૂટે અને સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે! પૂર્ણ બંધનથી રહિત થાય તો પૂર્ણ સુખી થાય એવું સ્વરૂપ છે, તેમાં નવાઈ નથી.

માટે એમ સમજાય છે કે મોક્ષ કેવળજ્ઞાનાદિ અનંતગુણોની સાથે અવિનાભાવિ એવા ઉપાદેયરૂપ અનંતસુખનું કારણ હોવાથી જ્ઞાનીઓ વિશેષપણે મોક્ષને ઈચ્છે છે. દરેકે મોક્ષને જ ઉપાદેય કરવાયોગ્ય છે અને જેને મોક્ષ ઉપાદેય થાય છે તેને પુણ્ય-પાપભાવ આદરવાયોગ્ય રહેતા નથી. વસ્તુસ્વભાવ તો ઉપાદેય છે જ પણ તેની પૂર્ણનિર્મળ મોક્ષદશા પણ ઉપાદેય છે. મોક્ષને ઉપાદેય કરનારને વિકારીભાવ ઉપાદેય રહેતા નથી. તેનો આદર કે સ્વીકાર હોતો નથી.

સામાન્ય બંધનવાળા પશુ પણ બંધનથી છૂટકારાને ઈચ્છે છે તો જ્ઞાની તો વિશેષ બંધનથી છૂટવા માગે છે—વિકારથી છૂટવા માગે છે. વિકારથી બંધાવાની ઈચ્છા કરતાં નથી. વિકાર જ્ઞાનીની દશામાં હો ભલે, પણ જ્ઞાની તેને સ્વીકારતા નથી, ઈચ્છતા નથી.—ભાવના કરતાં નથી કે એકાગ્ર થતાં નથી.

ભાઈ! તું શક્તિએ પરમાત્મા છો ને! તારે પ્રગટ પૂર્ણ પરમાત્મા જેવું થવું હોય તો રાગનો આદર નહિ થઈ શકે. રાગનો આદર છોડીશ તો પરમાત્માનો આદર થશે, તો પૂર્ણાનંદરૂપ મોક્ષની ભાવના થશે. જ્ઞાનીને તો રાગ કરવાની કે રાગને રાખવાની ભાવના હોય જ નહિ.

હવે આગળ દ્દટી ગાથામાં યોગીન્દ્રદેવ આ જ વાતને પુષ્ટ કરતા કહે છે કે જો મોક્ષમાં અધિકગુણોનો સમૂહ ન હોત તો ત્રણલોક તેને પોતાના મસ્તક ઉપર શા માટે રાખે?—અધિક મહિમાવંત વસ્તુને જ માણસ માથા ઉપર રાખે છે ને! પાઘડીને માથા ઉપર રાખે પણ ચંપલને કોઈ માથા ઉપર ન રાખે.

આમ કહીને એ સિદ્ધ કરે છે કે સિદ્ધો લોકના અગ્રભાગમાં જ હોય, નીચે ન હોય. અનંતા જીવો નીચે છે પણ અનંત આનંદને અનુભવનારા સિદ્ધો લોકાગ્રે જ હોય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



अणु जइ जगहँ वि अहिययरु गुण–गणु ताणु ण होइ।
तो तरलोउ वि किं धरइ णिय–सिर–उप्परि सोइ॥६॥

અર્થ :—જો મોક્ષમાં સમસ્ત જગતથી પણ અધિકતર ગુણનો સમૂહ ન હોત તો ત્રણલોક પણ મોક્ષને જ પોતાના મસ્તક ઉપર શા માટે રાખે? માટે, જેને ગુણોનો સમૂહ પ્રાપ્ત કરવો છે એવા ધર્મીને મોક્ષ જ ઈચ્છવા—આદરવાલાયક છે.

લોકના શિખર ઉપર મોક્ષ છે એમ સિદ્ધ કરીને અહીં અન્યમતીના વિરોધનો નિષેધ કરે છે. ગુણ વગરનાને કોઈ પોતાના મસ્તક ઉપર ધારણ કરતું નથી. છોકરા ઉપર પ્રેમ હોય છે તેથી બાપ એને માથે લઈને ફરે છે તેમ પોતાથી અધિક ગુણવંત એવા મોક્ષની ઉપર પ્રેમ છે, મોક્ષને ઊંચો માને છે તેથી જગતજીવો તેને મસ્તકના સ્થાને રાખે છે. મોક્ષની ઉપર કોઈનું સ્થાન નથી, મોક્ષની ઉપર અનંત અલોક છે. સિદ્ધોને અલોકની નીચે હોવા છતાં અલોકનું જ્ઞાન તેમનામાં વસે છે. ત્રણલોક ભગવાનને ઊંચા માને છે તેથી ભગવાનને પોતાના મસ્તક ઉપર રાખે છે.

જો ક્ષાયિક સમકિત, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન....આદિ મોક્ષમાં ન હોત તો મોક્ષ બધાંના મસ્તક ઉપર ન હોત.

અનંત અનંત અનંત અપાર એવો અલોક પણ ભગવાનના જ્ઞાનમાં ભાસી રહ્યો છે. અંતવાળી ચીજ જ ભગવાનના જ્ઞાનમાં જણાય—એમ નથી. અનંતને ભગવાન અનંતપણે જાણે છે. ભગવાનના બેહદ અપાર જ્ઞાનમાં કાંઈ જણાયા વિના રહેતું નથી. આવા બેહદજ્ઞાનસ્વભાવ મોક્ષમાં અનંતસુખ કેમ ન હોય! એવા અનંતસુખને ધર્મી કેમ ન ઈચ્છે? પુણ્ય-પાપના વિકાર અને તેના ફળને ધર્મી કેમ ઈચ્છે! જેને પવિત્ર આનંદકંદની પ્રીતિ નથી તેને જ પુણ્ય-પાપના ભાવની અને તેના ફળની પ્રીતિ વર્તે છે—તે જ મિથ્યાદૃષ્ટિ છે.

પણ—પૈસાવાળા સુખી દેખાય છે ને!—ભાઈ એવી લોકો પોક મૂકે છે–પૈસાવાળા સુખી છે એમ લોકો બોલે છે પણ પૈસાવાળા સુખી નથી. લોક મૂકે પોક. લોકો તો ઊંધું બોલે છે તેનું સાંભળવું નહિ—એમ એક ભાઈ કહેતાં હતાં પણ અહીં તો કહે છે કે પુણ્ય-પાપભાવનું અવલોકન પણ કરવું નહિ. પુણ્ય–પાપભાવને એકલાને જ જોવા તે પણ બંધનું કારણ છે. અવલોકન તો એક ભગવાન આત્માનું કરવું એમ કહ્યું છે. જ્ઞાનાનંદસ્વરૂપના અવલોકનને પરલોક અર્થાત્ પ્રધાનદશા કહી છે.

હજી તો એને પુણ્ય-પાપભાવને છોડવાનું કહીએ તે પણ ગમતું નથી ત્યાં અહીં તો તેના અવલોકનનો પણ નિષેધ કર્યો છે. એકાંત પરપ્રકાશકજ્ઞાન મિથ્યાજ્ઞાન છે. પોતાના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્માને પોતાના જ્ઞાનથી અવલોકતાં સાથે રહેલાં પુણ્ય-પાપનું જ્ઞાન પણ આવી જાય છે.

જેના ફળ અલૌકિક છે તે માર્ગ પણ અલૌકિક જ હોય ને! લૌકિક માર્ગમાં લૌકિક ફળ મળે. આ તો કોઈ અલૌકિક માર્ગ છે.

અહીં, મોક્ષમાં અનંતગુણ પ્રગટ થાય છે એમ કહીને શું કરવું છે?—કે, જે મતો મોક્ષમાં ગુણ ન હોય એમ માને છે તેનું ખંડન કરવું છે. કેટલાક અન્યમતો એમ માને છે કે, ગુણાતીત થઈ જવું તે મોક્ષ છે પણ મોક્ષમાં જીવો વિકારાતીત થાય છે, ગુણાતીત થતાં નથી. કાંઈ ન રહેવું—શૂન્ય થઈ જવું તે મોક્ષ—એમ પણ નથી. વિકાર ન રહે પણ વસ્તુ અને વસ્તુના ગુણો તો રહે તેનું નામ મોક્ષ છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સુખ, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ વીર્ય એવી બધી પર્યાય જેમાં રહે છે તે દશાને મોક્ષ કહેવાય છે.

સિદ્ધભગવાન પોતાની અનંતગુણની પર્યાયમાં રમી રહ્યાં છે. સિદ્ધભગવાન સમયે સમયે અનંત સુખને સેવે છે. માટે મિથ્યાદૃષ્ટિની કલ્પનાઓનો નિષેધ થાય છે.

(૧) બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર નામના નવ ગુણોનો અભાવ તે મોક્ષ—એમ વૈશેષિકો માને છે તેનો નિષેધ થાય છે. કેમકે મોક્ષમાં ઈન્દ્રિયજનિત બુદ્ધિનો તો અભાવ થાય છે પણ કેવળજ્ઞાનરૂપી બુદ્ધિનો ત્યાં અભાવ નથી. ભગવાનને તો અનંતચક્ષુ ખુલી ગયા છે. ભગવાનને મોક્ષમાં ઈન્દ્રિયસુખનો અભાવ છે પણ અતીન્દ્રિયસુખ તો પ્રગટ થાય છે—તેનો અભાવ થતો નથી. મોક્ષમાર્ગમાં અતીન્દ્રિયસુખ અપૂર્ણ હોય તે ભગવાનને પૂર્ણ થઈ જાય છે.

સંસારઅવસ્થામાં જીવને એકલું દુઃખ છે. ચારેયગતિમાં ક્યાંય સુખ નથી. જુઓ! રોગીને જ દુઃખ છે એમ ન કહ્યું. સંસારમાં બધાંને જ દુઃખ છે. ઈન્દ્રાસનમાં બેઠેલો ઈન્દ્ર પણ દુઃખી છે કેમ કે વિકારનો ભાવ જ દુઃખરૂપ છે. કરોડો અપ્સરાઓ તરફ લક્ષ જાય છે તે વિકલ્પમાં આકુળતા છે, દુઃખ છે—સુખ નથી. ભગવાનને દુઃખ, ઈચ્છા, દ્વેષ અને પ્રયત્નનો તો અભાવ છે પણ સ્વભાવરૂપ ગુણોનો અભાવ નથી. કેવળજ્ઞાનરૂપ પરિણમન છે તેનો પુરુષાર્થ પણ છે.

મોક્ષમાં વ્યવહારધર્મનો અભાવ છે પણ વસ્તુના સ્વભાવરૂપ ધર્મનો અભાવ નથી. પરમાત્માને ધર્મ નથી—એમ નથી. નિર્મળ અને નિરાકુળધર્મ તો ત્યાં જ છે. પૂર્ણસ્વભાવની પરિણતી તે ધર્મ છે.

અધર્મનો ભગવાનને અભાવ માને છે તે તો બરાબર છે. ભગવાનને પરદ્રવ્યના સંસ્કાર નથી પણ સ્વભાવસંસ્કાર તો પૂર્ણ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિના સંસ્કાર ભગવાનને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પૂર્ણપણે ખીલી ગયા છે માટે જે મત એમ માને છે કે ભગવાનમાં આવા ગુણો ન હોય તેનો અહીં નિષેધ થાય છે. મોક્ષ.....મોક્ષ....તો બધા મતો કરે છે પણ મોક્ષની વાસ્તવિકતાને જાણ્યા વિના મોક્ષની સાચી શ્રદ્ધા થતી નથી.

આમ, નિર્ગુણવાદીઓનો નિષેધ થયો. હવે બૌદ્ધમતીનો નિષેધ કેમ થાય છે તે કહે છે.

(૨) જેમ દીવાનું બુઝાવું તે નિર્વાણ છે તેમ 'જીવનો અભાવ તે મોક્ષ' એમ બૌદ્ધો માને છે તેનું ખંડન થાય છે. કેમકે જો દીવો બુઝાઈ ગયો તો નિર્વાણ કોનો થયો! તેમ જો જીવનો જ અભાવ થયો તો મોક્ષ કોનો થયો! બૌદ્ધો જીવને ક્ષણિક માને છે એટલે ક્ષણિકસંસ્કારનો નાશ થતાં જીવનો જ અભાવ માને છે તેને કહે છે કે જીવની શુદ્ધતા તે મોક્ષ છે, જીવનો અભાવ તે મોક્ષ નથી. કેટલાક એમ કહે છે કે જ્યોતમાં જ્યોત ભળી જાય છે તો એમાં તો જીવનો જ અભાવ થયો—પરમાં ભળી જાય ત્યાં જીવનું પોતાનું જીવત્વ તો ન રહ્યું. મોક્ષમાં જીવનો અભાવ થતો નથી. જીવની સત્તા સંસારમાં પણ બધાંથી ભિન્ન છે અને મોક્ષમાં પણ દરેક જીવની—સિદ્ધની સત્તા ભિન્ન ભિન્ન છે. એક સિદ્ધની પર્યાય બીજા સિદ્ધમાં ભળી જતી નથી.

(૩) સાંખ્યદર્શનવાળા એમ કહે છે કે સુપ્ત અવસ્થાની સમાન સુખજ્ઞાનથી રહિત તે મોક્ષ છે તેનું પણ ખંડન થાય છે. મોક્ષમાં પૂર્ણજ્ઞાન અને પૂર્ણસુખ છે. સુપ્ત અવસ્થામાં કાંઈ ભાન નથી એવી દશા મોક્ષમાં નથી. મોક્ષમાં તો પૂર્ણજ્ઞાનમય દશા છે.

કેટલાકને એમ થાય કે સિદ્ધ થાય તેને પણ પર્યાયની લપ છૂટતી નથી? પણ ભાઈ! પર્યાય તો જીવનો સ્વભાવ છે તે કેમ છૂટે! પર્યાયમાં જ અનંત આનંદનો અનુભવ થાય છે. દ્રવ્ય જેમ ત્રિકાળી વસ્તુ છે તેમ અતીન્દ્રિય આનંદનો અનુભવ તે પર્યાય છે.

(૪) મુક્ત થતાં જીવ ત્યાં ને ત્યાં રહેતો નથી. ઉપર ગમન કરી જાય છે. પંખીની પાંખ તૂટી જાય છે તો ત્યાં ને ત્યાં પડ્યું રહે છે ઊડતું નથી તેમ, બંધનથી છૂટતાં જીવ ત્યાં ને ત્યાં પડ્યો રહે છે—એમ નથી. મંડિક નામના નૈયાયિકમતીઓ એવું માને છે તે જૂઠું છે. બંધનથી મુક્ત થતાં જીવ લોકના શિખર ઉપર ગમન કરી જાય છે અને ત્યાં સ્થિત થાય છે, તેનાથી આગળ જતો નથી. આગળ ધર્માસ્તિકાયનું નિમિત્ત નથી માટે જતો નથી એમ નથી, તેનું ઉપાદાન જ એટલું છે.

જીવની અને મોક્ષની વાસ્તવિકદશા સમજ્યા વિના માત્ર વાતો કરે છે તે તો કલ્પના છે. કેટલાક કહે છે કે, બસ, બધાં વિકલ્પ છોડી દ્યો તો અનંતમાં ભળી જશો. ભાઈ! કોઈમાં ભળી જવું તે મોક્ષ નથી, આત્માની પૂર્ણાનન્દદશા પ્રગટ થતાં તે સર્વ બંધનથી મુક્ત થઈ ઉપર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચાલ્યો જાય છે અને પછી સદાને માટે ત્યાં સ્થિર રહે છે, નીચે ફરી આવતાં નથી અને અલોકમાં પણ જતાં નથી.

ચૌદમા ગુણસ્થાને અકંપદશા થઈને, મુક્ત થઈ જાય છે ત્યારે ત્યાંને ત્યાં જ ભગવાન રહેતાં નથી, ગમન કરીને લોકાગ્રે સ્થિત થાય છે. મુક્ત અહીં થાય છે પણ અહીં રહેતાં નથી—સિદ્ધશિલા ઉપર ચાલ્યા જાય છે.

અન્યમતીમાં આત્મા શુદ્ધ છે....શુદ્ધ છે....એવી વાતો તો ઘણી કરે છે પણ ઊંધી કલ્પનાના પાર નથી.

જેમ કેદી, કેદથી છૂટીને કેદમાં રહેતાં નથી, પોતાના ઘરે જાય છે તેમ બંધનથી મુક્ત થયેલ જીવ નિર્વાણરૂપ નિજઘરમાં જાય છે.

જૈનમતમાં ઈન્દ્રિયજનિત જ્ઞાનનો અને ઈન્દ્રિયસુખનો મોક્ષમાં અભાવ કહ્યો છે પણ કાંઈ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખનો ત્યાં અભાવ નથી, અતીન્દ્રિય જ્ઞાન અને સુખનો તો મોક્ષમાં સદ્‌ભાવ છે. જુઓ! મોક્ષમાં શું છે અને શું નથી એ બધું જાણવું પડશે. આત્માનું સ્વરૂપ શું છે, તેની દશા કેવી છે, કેવી રીતે પૂર્ણદશા થાય તેના જ્ઞાન વિના વિચાર રહિત થવા જશે તો શૂન્ય અથવા શુષ્ક થઈ જશે.

ચારજ્ઞાનનો મોક્ષમાં અભાવ છે પણ કેવળજ્ઞાનનો મોક્ષમાં અભાવ નથી. કેવળજ્ઞાનનો તો સદ્‌ભાવ છે. એ જ રીતે સ્પર્શ, રસ, ગંધાદિ વિષયથી થયેલા સુખનો તો મોક્ષમાં અભાવ છે પણ અતીન્દ્રિયસુખનો અભાવ નથી. તેનો સદ્‌ભાવ છે.

કર્મજનિત ઈન્દ્રિયાદિ દશપ્રાણનો મોક્ષમાં અભાવ છે પણ અનંતજ્ઞાન, અનંતદર્શન, સુખ, સત્તારૂપ પ્રાણોનો ત્યાં અભાવ નથી. શુદ્ધજીવત્વનો ત્યાં સદ્‌ભાવ છે. માત્ર અશુદ્ધતાનો અભાવ છે, શુદ્ધપણાનો અભાવ નથી. આમ, મોક્ષમાં જીવની દશા કેવી છે તે તેણે બરાબર જાણવું જોઈએ.

આગળ કહે છે કે, જો મોક્ષ ઉત્તમ સુખને ન આપતો હોય તો સિદ્ધો શા માટે તેનું નિરંતર સેવન કરે! આંતરો પડ્યા વિના નિરંતર ભગવાન અનંત આનંદનું સેવન કરે છે.

સંસારમાં આંતરો પડ્યા વિના સમયે સમયે જીવને અનંતુ દુઃખનું વેદન થાય છે. મોક્ષમાર્ગમાં આંતરો પડ્યા વિના ધર્મીને થોડું સુખ મળ્યા જ કરે છે અને મોક્ષમાં ભગવાનને આંતરો પડ્યા વિના પૂર્ણ સુખ વેદાયા કરે છે જો તેમાં સુખ ન હોય તો સિદ્ધો તેને શા માટે સેવે!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોક્ષમાં પૂર્ણ વસ્તુ અને પૂર્ણ પર્યાયનું સેવન એ બંને સાથે છે. મોક્ષમાં પૂર્ણ સુખ ન હોય તો સિદ્ધો તેને કેમ સેવે! અનંત....અનંત...અનંતકાળ પૂર્ણ સુખમાં વીતે છે.

''સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.'' પરમાત્મા સાદિ અનંત પર્યાયમાં પોતાના આનંદને સેવે છે. અજ્ઞાની દુઃખને વેદે છે અને દુઃખને સેવે છે ત્યારે પરમાત્મા અનંત આનંદને વેદે છે અને અનંત આનંદને સેવે છે.

અનંત આનંદ ન હોય તો અનંતકાળ સુધી સિદ્ધ તેને કેમ સેવે! એ આગળ ગાથામાં કહેશે.

❁

અહા! સહજ જ્ઞાયક નિજ તત્ત્વને સમજવાનો, નિર્ણય ને અનુભવ કરવાનો મોખ મનુષ્યપણામાં મળ્યો. જેમ ચિંતામણિની પ્રાપ્તિ દુર્લભ છે તેમ નિગોદમાંથી નીકળી ત્રસપર્યાયની પ્રાપ્તિ પણ અત્યંત દુર્લભ છે. એક શરીરમાં અનંત જીવ, તેમના જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમાં ભાગે, તેમના દુઃખો તે સ્વયં વેદે અને માત્ર કેવળી જાણે. એક શ્વાસપ્રમાણ કાળમાં અઢાર વાર જન્મમરણ કરે—આમ જીવો અનંત અનંત કાળ સુધી નિગોદના ભવમાં જન્મમરણનાં દુઃખ ભોગવે છે. ત્યાંથી કોઈ જીવ બહાર નીકળી ચિંતામણિતુલ્ય દુર્લભ ત્રસપર્યાય પામે છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું તેની તને કિંમત નથી! મનુષ્યપણું વિષય ને ભોગ માટે નથી, વ્યાપાર ધંધા ને પાપ માટે નથી.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૪૫)*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# છૂટા તત્ત્વની ભાવના છૂટવાનું કારણ છે

(સળંગ પ્રવચન નં.–૮૦)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે; તેમાં ૭મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જો મોક્ષ ઉત્તમ સુખને આપતો ન હોય તો સિદ્ધો શા માટે તેનું નિરંતર સેવન કરે!

દ્રવ્યસ્વરૂપે તે પરમાત્મા પૂર્ણ છે પણ પર્યાયમાં પણ પરમાત્માને પૂર્ણ આનંદ છે એ વાત અહીં સિદ્ધ કરે છે.

**उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ।**
**तो किं सयलु वि कालु जिय सिद्ध वि सेवहिं सोइ॥७॥**

અર્થ :—જો મોક્ષ ઉત્તમ સુખને ન આપે તો મોક્ષ ઉત્તમ ન હોય. જો તે ઉત્તમ ન હોય તો પછી હે જીવ! સિદ્ધો પણ સદાકાળ મોક્ષને શા માટે સેવે?

મોક્ષ સદાય ઉત્તમ સુખનો દાતા છે. સંસારદશામાં તો દુઃખ જ છે પણ મોક્ષમાર્ગમાં જે સુખ છે તે પણ અધૂરું છે. મોક્ષમાં તો સર્વોત્કૃષ્ટ પૂર્ણ સુખ છે અને સદાકાળ તે સુખ પ્રાપ્ત થયા કરે છે. જો મોક્ષમાં નિજ આત્માના ઘોલનથી પ્રગટ થયેલું અનંત સુખ ન હોય તો સિદ્ધભગવાન તે મોક્ષને સદાકાળ શા માટે સેવે! ન સેવે પણ જ્યારથી પરમાનંદ પ્રગટ થયો છે ત્યારથી સિદ્ધભગવાન નિરંતર અનંત આનંદને પ્રાપ્ત કરે છે—મોક્ષ અખંડ સુખ આપે છે માટે ભગવાન તેને નિરંતર સેવે છે.

ચિદાનંદ આત્મામાં આનંદરસ તો પરિપૂર્ણ છે પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની ઘોલનદશામાં—મોક્ષમાર્ગમાં જે આનંદ અનુભવાય છે તે અપૂર્ણ છે તેના કરતાં મોક્ષમાં પૂર્ણ ચિદ્‌રસની પ્રાપ્તિ છે કેમકે ત્યાં આખો ચિદ્‌રસ ઘોળાય ગયો છે તેથી પૂર્ણઆનંદ અને પૂર્ણશાંતિનું વેદન છે.

મોક્ષ અખંડ સુખ આપે છે. દ્રવ્યમાં તો અખંડ સુખ પડ્યું જ છે પણ તેની પ્રાપ્તિ મોક્ષમાં પૂર્ણપણે થાય છે. અખંડ આનંદશક્તિના ઘોલનની ઉપાદાનશક્તિથી જ અનંત આનંદની પ્રાપ્તિ થાય છે. તેને ભગવાન નિરંતર સેવે છે.

ભાવાર્થ :—જો મોક્ષ અતીન્દ્રિય પરમ આહ્‌લાદરૂપ અવિનાશી સુખને ન આપે તો તે કેવી રીતે ઉત્તમ હોય! મોક્ષ ઉત્તમ છે કારણ કે ત્યાં પરમ આહ્‌લાદરૂપ અતીન્દ્રિય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે. આત્મામાં પરમ આહ્‌લાદ છે તે પોતાના ઉપાદાનથી જ દર્શન, જ્ઞાન, ચારિત્રના ઘોલનથી પર્યાયમાં આનંદ પ્રગટ થાય છે અને સિદ્ધદશામાં પણ પોતાના ઉપાદાનથી જ દર્શન, જ્ઞાન, ચારિત્રના ઘોલનથી પૂર્ણ આનંદદશા પ્રગટ થાય છે.

મોક્ષનો પરમ આનંદભાવ મન અને ઈન્દ્રિયથી રહિત છે. માટે, સિદ્ધો સદાકાળ તેને પોતાના ઉપાદાનથી સેવે છે. નીચલીદશામાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન દ્વારા આનંદના ઘોલનથી પ્રગટેલો આનંદ મન અને ઈન્દ્રિયથી રહિત છે અને તેને મન અને ઈન્દ્રિય સેવી શકતો નથી, રાગથી પણ તેનું સેવન થઈ શકતું નથી. તે આનંદને મોક્ષમાર્ગમાં જેમ મન અને ઈન્દ્રિય તથા રાગ અને નિમિત્તથી સેવતો નથી પોતાના ઉપાદાનથી જ સેવે છે તેમ, તે સેવનથી પ્રગટેલી પૂર્ણ આનંદની પર્યાયને સિદ્ધો મન અને ઈન્દ્રિયના નિમિત્ત વિના, રાગ વિના પોતાના ઉપાદાનથી જ પૂર્ણપણે સેવે છે.

મોક્ષમાર્ગમાં અને મોક્ષમાં પ્રગટતું સુખ સ્વાધીન છે, સ્વદ્રવ્યથી સ્વતંત્રપણે પ્રગટેલું છે તેથી તેમાં મન અને ઈન્દ્રિયનું અવલંબન નથી. દ્રવ્ય તો કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી સહિત બિરાજમાન છે જ પણ અહીં તો દ્રવ્યમાં એકાગ્રતાના ઘોલન દ્વારા પર્યાયમાં કેવળજ્ઞાનાદિ ગુણથી સહિત થયા એવા સિદ્ધો શું કરે છે તે બતાવવું છે.

સિદ્ધો નિરંતર પોતાની શાંતદશામાં નિવાસ કરે છે. રાગના અભાવપૂર્વક થયેલી પૂર્ણ શાંતદશા તે 'નિર્વાણ' છે તેમાં સિદ્ધો નિવાસ કરે છે.

સિદ્ધના સુખનું સ્વરૂપ શ્રી પૂજ્યપાદકૃત સિદ્ધભક્તિમાં પણ આ પ્રમાણે કહ્યું છે કે આત્માના ઉપાદાનથી પ્રગટેલું, (પોતાના આત્મામાં જ ઉત્પન્ન થયેલ), સ્વયં અતિશયવાળું, બાધારહિત, વિશાલ, વૃદ્ધિહાનિ રહિત, વિષયોથી રહિત, નિર્દ્વન્દ (દ્વન્દભાવથી રહિત), અન્ય દ્રવ્યની અપેક્ષા વગરનું, નિરુપમ, અમિત, શાશ્વત, સદાકાલ, ઉત્કૃષ્ટ અને અનંત સારવાળું એવું પરમસુખ હવે સિદ્ધભગવાનને ઉત્પન્ન થયું.

આમાં ઘણાં સિદ્ધાંત સિદ્ધ કરી દીધા છે.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેના ઉપાદાનથી અંતરમાં આનંદ પ્રગટ થાય છે. અંશે આનંદ પ્રગટે, વિશેષ પ્રગટે કે પૂર્ણ આનંદ પ્રગટે તે બધો આનંદ પોતાના ઉપાદાનથી, પોતામાં, પોતાના કારણથી, પોતાના દ્રવ્યમાંથી જ પ્રગટે છે. તેમાં વચ્ચે જે વ્યવહાર આવે છે, વિકલ્પ અને નિમિત્તો વચ્ચે આવે છે તેનાથી આનંદ પ્રગટ થતો નથી. પહેલેથી છેલ્લે સુધી પોતાની દરેક નિર્મળ દશાઓનું ઉપાદાનકારણ પોતે જ છે. બહારથી—નિમિત્તમાંથી નિર્મળતા કે આનંદ આવતો નથી.

www.vitragvani.com



ધર્મની શરૂઆત વ્યવહારથી થતી નથી, નિશ્ચયથી થાય છે અને પૂર્ણતા પણ નિશ્ચયસ્વભાવથી થાય છે. શરૂઆત પણ ઉપાદાનથી અને અંતે પૂર્ણતા પણ ઉપાદાનથી જ થાય છે. નિમિત્તથી શરૂઆત પણ નથી અને પૂર્ણતા પણ નથી.

સિદ્ધાંતમાં એ પણ આવ્યું કે જેવું ભગવાન જુએ છે એવું જ જ્ઞાની પોતાની જ્ઞાનપર્યાયમાં જુએ છે. ભગવાન જાણે છે કે આ સમયે આ જીવની સાધકદશા આ પ્રકારની હશે તેમ તે જ વખતે જ્ઞાની પણ પોતાની જ્ઞાનદશાને એવી જ જાણે છે. ભગવાન તેના (સાધકના) દ્રવ્યને જ્ઞાનસ્વભાવી જાણે છે તેમ સાધક પણ પોતાના દ્રવ્યને જ્ઞાનસ્વરૂપે જાણે છે અને પર્યાયને સંવર-નિર્જરા તત્ત્વરૂપે જાણે છે. તેની પર્યાયમાં રાગ પણ છે અને કર્મનો સંયોગ પણ છે તેને જેમ ભગવાન જાણે છે તેમ જ જ્ઞાની પણ જેટલો રાગ છે અને જેટલો કર્મનો સંયોગ છે તેને જાણે છે.

આમાં નિમિત્ત—ઉપાદાન, નિશ્ચય—વ્યવહાર, નિયત આ પાંચેય સમાઈ ગયાં.

જેની શ્રદ્ધા ખોટી છે, રાગથી ધર્મ માને છે, નિમિત્તથી રાગની ઉત્પત્તિ માને છે એવી જેને મિથ્યાશ્રદ્ધા છે તેને જ્ઞાયકસ્વભાવની પ્રતીત નથી, શ્રદ્ધામાં મિથ્યાત્વની દશા છે તેને ભગવાન પણ એમ જ જાણે કે આની શ્રદ્ધામાં મિથ્યાત્વ છે, દ્રવ્યમાં જ્ઞાયકપણું છે પણ પર્યાયમાં કર્મનું નિમિત્તપણું છે....જ્ઞાની પણ એમ જ જાણે છે કે આ જીવની દ્રવ્ય-પર્યાયની સ્થિતિ આવી છે પણ અજ્ઞાની પોતે એ પ્રમાણે જાણતો નથી.

સિદ્ધભગવાનને જ્ઞાન અને આનંદ પોતાના ઉપાદાનથી પ્રગટ્યા છે એવી અસ્તિ સમજાણી તેને જ્ઞાન અને આનંદ પરથી, નિમિત્તથી કે રાગથી નથી એવી નાસ્તિ સમજાય છે. મનુષ્યશરીરથી, મજબૂત સંહનનથી કે શુભરાગથી ભગવાનને પરમાનંદ ઉત્પન્ન થયો નથી. અધૂરીદશામાં વચ્ચે વ્યવહારનો વિકલ્પ હોય છે પણ તે વ્યવહારથી કે રાગથી આનંદની ઉત્પત્તિ થતી નથી. વ્યવહાર, જ્ઞાનમાં નિમિત્ત તરીકે છે પણ આનંદની ઉત્પત્તિમાં સાધનરૂપે નથી. એ જ રીતે સિદ્ધભગવાનને આનંદ ઉત્પન્ન થયો તેમાં પરની બિલકુલ સહાય નથી અને ધર્મીને ધર્મ પ્રગટ થયો તેમાં પણ પરની બિલકુલ સહાય નથી.

સિદ્ધોનું સુખ સ્વયં અતિશયરૂપ છે અને સર્વ બાધાઓથી રહિત છે, તેમાં કોઈ વિઘ્ન નથી. સિદ્ધોનું સુખ—આનંદ વિશાળ છે. જ્ઞાનાનંદ, શ્રદ્ધાનંદ, દર્શનઆનંદ, વીર્યાનંદ, અસ્તિત્વઆનંદ એમ અનંતગુણનો વિશાળ આનંદ છે.

સિદ્ધોના સુખમાં વૃદ્ધિ—હાની નથી. સિદ્ધને સુખ પૂર્ણ પ્રગટ થઈ ગયું છે હવે તેમાં ઘટ-વધ થાય જ નહિ. મોક્ષમાર્ગમાં અપૂર્ણદશા છે તેથી આનંદ આદિ ગુણોની અંશે અંશે વૃદ્ધિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થતી જાય છે પણ સિદ્ધોને તો પૂર્ણાનંદ છે તેમાં હાની–વૃદ્ધિ કાંઈ નથી. અનંત આનંદ અનંતકાળ રહે છે. માટે તેમાં કાંઈ પુષ્ટિ થતી હશે—એમ નથી. એક સમયમાં જે પૂર્ણાનન્દ પ્રગટ્યો એટલો જ આનંદ સાદિ અનંતકાળ રહે છે.

સિદ્ધોનું સુખ વિષય–વિકારથી રહિત છે, પર તરફ લક્ષ જ નથી. અંતરના લક્ષે પ્રગટેલો પૂર્ણ આનંદ છે તેમાં વિષય-વિકારનો વિકલ્પ જ નથી એવો આનંદ છે. દુનિયા વિષય–વિકારમાં આનંદ માને છે પણ તે તો દુઃખ છે. વળી સિદ્ધોનું સુખ ભેદ–ભાવ રહિત—નિર્દ્વંદ છે તેમાં બે ભાગ નથી—બે પ્રકાર નથી. એક જ પ્રકારનું સ્વાભાવિક સુખ છે તેમાં કોઈ પરવસ્તુની અપેક્ષા નથી.

પ્રશ્ન થાય કે ભગવાનના માર્ગમાં 'નિરપેક્ષ' ન હોય ને! બધું સાપેક્ષ જ હોય. તો સિદ્ધોના સુખને કેમ નિરપેક્ષ કહ્યું? સિદ્ધના સુખને બિલકુલ પરની અપેક્ષા નથી એવું સ્વતંત્ર નિરપેક્ષ સુખ છે. તેને જો પરની અપેક્ષા હોય તો તો સિદ્ધ પરતંત્ર ઠરે અને પરતંત્રતામાં તો દુઃખ છે. સિદ્ધભગવાનને અનંત ગુણની કોઈ પણ પર્યાય થવામાં પરની અપેક્ષા નથી. ગતિની પર્યાયમાં પણ ધર્માસ્તિકાયનું આગળ નિમિત્ત નથી માટે ગતિ ન થઈ—એમ નથી. બધી પર્યાય પરથી નિરપેક્ષ છે અને સ્વદ્રવ્યથી સાપેક્ષ છે.

મોક્ષમાર્ગમાં પણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રાદિ પર્યાય પરથી તદ્દન નિરપેક્ષપણે પ્રગટ થાય છે. તેને દ્રવ્યની અપેક્ષા છે પણ પરની બિલકુલ અપેક્ષા નથી. વિકાર થાય છે તેને પણ ખરેખર પરની અપેક્ષા નથી. વિકાર પણ સ્વતંત્ર પરિણમતી પર્યાય છે તેમ જ મોક્ષમાર્ગ પણ સ્વતંત્ર પર્યાય છે અને સિદ્ધદશા પણ સ્વતંત્રપણે જ પ્રગટ થાય છે તેમાં કોઈ પરદ્રવ્યની બિલકુલ અપેક્ષા નથી.

વસ્તુની સ્થિતિને પરદ્રવ્યની અપેક્ષા નથી, મોક્ષમાર્ગની પર્યાયને પરની અપેક્ષા નથી અને પૂર્ણ પર્યાયને પણ પરની અપેક્ષા નથી. પરમાનંદમૂર્તિ દ્રવ્ય પરદ્રવ્યની અપેક્ષા વિનાનો નિરપેક્ષ છે તેમ તેની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અને આનંદની પર્યાય પણ વ્યવહારની અપેક્ષા વિનાની—નિરપેક્ષ છે.

અંતર્મુખ થયેલી દશા બહિર્મુખ દૃષ્ટિ રાખતી નથી. જેમ, દ્રવ્ય પરની અપેક્ષા રાખતું નથી તેમ દ્રવ્યના આશ્રયે પ્રગટેલી ધર્મની અને આનંદની પર્યાય રાગ, નિમિત્ત કે વ્યવહારની અપેક્ષા રાખતી નથી. તેને તો પોતાના દ્રવ્યની અપેક્ષા છે, બીજાની અપેક્ષા નથી.

સિદ્ધનું સુખ અનુપમ છે કેમ કે, તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. સિદ્ધના સુખને તેની પોતાની ઉપમા આપી શકાય, બાકી જગતમાં કોઈ એવું સુખ નથી કે તેની ઉપમા લાગુ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પડે. આત્મદ્રવ્યને પણ કોઈની ઉપમા આપી શકાતી નથી તેમ તેની મોક્ષમાર્ગને પણ કોઈની ઉપમા લાગુ પડતી નથી. સિદ્ધરસ તત્ત્વના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિરૂપ ધર્મને કોની ઉપમા આપવી! તત્ત્વ અનુપમ છે. તેનો માર્ગ અનુપમ છે અને તેનું ફળ અનુપમ છે.

સિદ્ધ કોના જેવા!—કે સિદ્ધ જેવા સિદ્ધ છે તેને બીજાની ઉપમા લાગુ પડતી નથી. સમવસરણમાં તીર્થંકરને કેટલું સુખ છે! એવું સુખ સિદ્ધને હશે! લોકો કહે છે કે, તમે પુણ્યને વિષ્ટા કહો છો પણ તીર્થંકર ભગવાન પણ પુણ્યના ફળને ભોગવે છે....અરે ભગવાન આ તું શું કહે છે! જડને તો અજ્ઞાની પણ ભોગવતો નથી તો તીર્થંકર જડવૈભવને ભોગવતાં હશે? અરે! તીર્થંકરના જ્ઞાનમાં એ સમવસરણાદિ વૈભવ માત્ર જ્ઞેય છે તેને ભગવાન ભોગવતાં નથી. કેવળીના સુખને ઈન્દ્રો દ્વારા ચામર ઢોળાય છે તેની કે કોઈ પણ અતિશયોની અપેક્ષા નથી. હીરાના સિંહાસન કે મણિરતનના ગઢની ભગવાનને ક્યાં અપેક્ષા છે! ભગવાનનું સુખ તો ભગવાનના દ્રવ્યની અપેક્ષા રાખીને પ્રગટ્યું છે તેને વર્તનમાન કોઈ નિમિત્તોની અપેક્ષા નથી.

અહીં તો કહે છે કે સિદ્ધની આવી દશા છે તેની સાથે તારા આત્માને મેળવ!! તારાં આત્મામાં પણ એવી જ તાકાત છે માટે તારે તો સિદ્ધના જેવા સુખની જ અભિલાષા કરવા યોગ્ય છે. વચ્ચે રાગાદિ આવે તેની ભાવના કરવા લાયક નથી. સિદ્ધનું સુખ ખરેખર જેના જ્ઞાનમાં આવે તેને આત્માના આનંદનો પ્રેમ જાગે—રુચિ થાય, રાગની રુચિ છૂટી જાય અને ત્યારે જ તેણે મોક્ષને જાણ્યો અને મોક્ષની ભાવના કરી—એમ કહેવાય.

ભગવાનનો આનંદ અપાર....અપાર છે, તેને પાર નથી. પાર નથી. પ્રભુ! તારા એક આનંદ ગુણની અવસ્થાને આટલાં તો વિશેષણો છે.

જેનું કોઈ પ્રમાણ નથી એવું સિદ્ધોનું સુખ સદાકાળ શાશ્વત છે. સિદ્ધ પરમાત્માને અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું......સદાકાળ એમ જ રહેશે. સિદ્ધનું સુખ મહા ઉત્કૃષ્ટ છે. મોક્ષમાર્ગીનું સુખ, બારમા ગુણસ્થાનવાળાનું સુખ તેનાથી પણ મહા ઉત્કૃષ્ટ સુખ સિદ્ધોને છે તેનાથી વધારે ઉત્કૃષ્ટ કોઈને નથી. કેવળીને પણ ભાવમોક્ષ છે—મહાસુખ છે.

સિદ્ધોનું સુખ અનંત સારવાળું છે. અનંત આનંદનો સ્વચ્છ સાર તેમાં ભરેલો છે. અહો આ સિદ્ધભક્તિ! ભગવાન પૂર્ણાનન્દની પર્યાય અનંત કસ યુક્ત છે, અસારપણું તેમાં જરાય નથી. અનંત આનંદનો અનંત કસ તેમાં છે. અનંત સાર.... અનંત સાર છે.

આગળ ૯મી ગાથામાં શિષ્ય દ્વારા પ્રશ્ન મુકાવશે કે પ્રભુ! આપ અતીન્દ્રિયસુખની આવી વાત કરો છો પણ અમને એ શી રીતે બેસે! આચાર્યદેવ કોઈ ખુલાસા બાકી રાખે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેમ નથી. દૃષ્ટાંત આપીને આ સુખ સમજાવશે કે જેમ એક સાધારણ માણસને પણ કોઈ વિષય-ભોગની ઈચ્છા-નિવૃત્તિને પણ અવ્યાકુળતા થાય છે તો અંતરથી જેને બિલકુલ વિકલ્પ વિનાની નિવૃત્તિ છે તેની નિરાકુળતાનું શું કહેવું! વર્તમાન થોડી વાર પૂરતો જેને પાંચ ઈન્દ્રિયનો વેપાર કે વેપાર-ધંધાનો બોજો નથી તેને પણ સુખી કહેવાય છે તો જેને એક વિકલ્પમાત્રનો વેપાર નથી તેને અતીન્દ્રિય આનંદ અને સુખ કેમ ન હોય! જેમાંથી અતીન્દ્રિય આનંદ વહ્યાં જ કરે વહ્યાં જ કરે તે સાગરનું શું કહેવું! તેમાં અનંત સાર છે.

આ સિદ્ધભગવાનના ગાણા એટલે તારી પૂર્ણપર્યાયના ગાણા છે. વસ્તુ તો ત્રિકાળ સિદ્ધ-સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરોં' તેમાં એકાગ્ર થઈને જે મોક્ષમાર્ગ અને તેનું ફળ પ્રગટ કરવું તેની સારતાનો શું પાર છે! અપાર છે. અનંતસાર છે એવું સુખ અન્ય કોઈને પ્રાપ્ત થતું નથી.

અહીં તાત્પર્ય એ છે કે હંમેશા મોક્ષનું સુખ જ અભિલાષા કરવા યોગ્ય છે. સંસાર પર્યાય તો બધી હેય છે.

ભગવાન આત્મા જ્યારે પૂર્ણાનંદ, કેવળજ્ઞાનની ભાવના ભાવે ત્યારે તેની ભાવનાનું રૂપ દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થાય તેને રાગાદિ હેય વર્તે છે. એકમાત્ર છૂટવાની ભાવના છે તેને પુણ્ય, વ્યવહાર, સંયોગાદિ સર્વ હેય વર્તે છે. તો જ તેને મોક્ષની સાચી અભિલાષા થઈ ગણાય છે.

હંમેશા મોક્ષની અભિલાષા કરવાયોગ્ય કહી તેમાં હંમેશાનો અર્થ નિરંતર કર્યો છે. **निरन्तरमभिलषणीय** એટલે કે સિદ્ધના સુખના આટલા વખાણ કર્યાં તેને પ્રગટ કરવા માટે તારે હંમેશા—નિરંતર તત્પર રહેવું. તત્પર રહેવું એટલે શું કરવું? કે વસ્તુસ્વભાવ તરફ નિરંતર દૃષ્ટિ અને એકાગ્રતા રાખવી—નિરંતર નિશ્ચય તરફ દૃષ્ટિ રાખવી.

સિદ્ધભગવાનની પર્યાયનું આ જે વર્ણન કર્યું એવી દશાની પ્રાપ્તિ કરવી હોય તો નિરંતર તેની ભાવના કરવી એ તાત્પર્ય છે. તેનો અર્થ જ એ થયો કે કાયમ વસ્તુસ્વરૂપમાં દૃષ્ટિ રાખવી. વ્યવહાર કે વિકલ્પમાં એક ક્ષણ પણ દૃષ્ટિ ન જાય તો તેને મોક્ષની અભિલાષા થઈ કહેવાય.

સંસારપર્યાય સર્વ હેય છે એટલે કે ઉદયભાવ આદિ બધું હેય છે. પૂર્ણ ક્ષાયિકપર્યાય પ્રગટ કરવાની ભાવનાની અપેક્ષાએ ક્ષયોપશમની પર્યાય વર્તમાનમાં છે તે પણ હેય છે. જેમાં પૂર્ણ આનંદ પડ્યો છે એવો વસ્તુસ્વભાવ એક જ દૃષ્ટિમાં ઉપાદેય છે. તેને મોક્ષની ખરી અભિલાષા છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગાથા ૭ અને સાથે સિદ્ધભક્તિનો આ શ્લોક હતો. હવે ૮મી ગાથામાં કહે છે કે બધાં મહાન પુરુષોએ મોક્ષ જ ધ્યાવવાયોગ્ય છે.

हरि–हर–बंभु वि जिणवर वि मुणि–वर–विंद वि भव्व।
परम–णिरंजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व।।८।।

અર્થ :—નારાયણ અથવા ઈન્દ્ર રુદ્ર આદિ અન્ય જ્ઞાની પુરુષ શ્રી તીર્થંકર પરમદેવ મુનિશ્વરના સમૂહ તથા અન્ય પણ ભવ્યજીવ પરમ નિરંજનમાં મન રાખીને બધાં મોક્ષને જ ધ્યાવે છે. મન જે વિષય–કષાયમાં જાય છે તેને પાછું વાળીને પોતાના સ્વરૂપમાં સ્થિર અર્થાત્ નિર્વાણનું સાધન બનાવે છે.

નારાયણ એટલે વાસુદેવ તથા ઈન્દ્ર અને રુદ્ર એટલે શંકર આદિ જ્ઞાની પુરુષો શ્રી તીર્થંકરદેવ પરમદેવ મુનીશ્વરોના વૃંદો—અહો લાખો મુનિઓ અને અન્ય જે ભવ્યજીવો.....ૠદ્ધિવાળા ભવ્યજીવો અને ૠદ્ધિ વિના સાધારણ ભવ્યજીવો—એ બધાં એક મોક્ષને જ ધ્યાવે છે. કેવી રીતે!—પરમ નિરંજન એવા નિજ આત્મામાં મનને સ્થાપીને—રાગના અને કર્મના અંજનથી રહિત એવા આત્મામાં મન લગાવીને બધાં મોક્ષને ધ્યાવે છે. ઈન્દ્ર, નરેન્દ્ર, નારાયણ કે રુદ્ર આદિ બધાં ભવ્યજીવોની દૃષ્ટિ કાયમ દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોય છે. દૃષ્ટિને વ્યવહાર ઉપર રાખીને મોક્ષને સાધે છે એમ ન કહ્યું; દૃષ્ટિ દ્રવ્ય ઉપર સ્થિર હોય તેવા જીવો જ મોક્ષને ધ્યાવે છે.

મોક્ષની અભિલાષા કરવાનું કહ્યું હતું તે કેવી રીતે થાય?—તેનો આ અર્થ આપ્યો કે મુક્તસ્વરૂપ મહા મહિમાવંત નિજ પ્રભુમાં દૃષ્ટિને કાયમ રાખવી તેનું નામ મોક્ષની અભિલાષા છે. ઈન્દ્રને ૩૨ લાખ વિમાનની મધ્યમાં, ચક્રવર્તીને ૯૬,૦૦૦ રાણીની મધ્યમાં રહ્યાં છતાં દૃષ્ટિ નિજદ્રવ્ય ઉપર રહેતી હશે?—હા. જેને મોક્ષની અભિલાષા છે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસતી નથી. ઈન્દ્ર, ચક્રવર્તી આદિ ચોથા ગુણસ્થાનમાં હોય અને મુનિઓ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં હોય તે બધાં ભવ્યજીવોની દૃષ્ટિ એક નિરંજન નિજ પરમાત્મામાં લાગેલી છે માટે તે બધાંને મોક્ષની અભિલાષા છે એમ કહેવાય છે.

મોક્ષના અભિલાષીએ નિરંજન પરમાત્માને દૃષ્ટિમાં ધાર્યો હોય છે. તેની દૃષ્ટિ મંદકષાય કે નિમિત્ત ઉપર હોતી નથી. તેનું જ્ઞાન હોય પણ દૃષ્ટિ ત્યાં ન હોય. દરેક ભવ્યજીવોની સ્થિરતામાં ફેર હોય, કોઈને વિશેષ સ્થિરતા હોય અને કોઈને ઓછી સ્થિરતા હોય પણ દૃષ્ટિનો તો એક જ પ્રકાર હોય—પરમાત્મસ્વરૂપમાં જ ભવ્યોની દૃષ્ટિ લાગેલી હોય.

છૂટવાના અભિલાષી જીવોએ દૃષ્ટિને છૂટેલા તત્ત્વમાં સ્થાપવી જોઈએ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુનિઓએ પંચમહાવ્રતમાં દૃષ્ટિ સ્થાપવી અને શ્રાવકોએ અણુવ્રતમાં દૃષ્ટિ સ્થાપવી—એમ કહ્યું નથી. દરેકે દૃષ્ટિ તો એક દ્રવ્યસ્વભાવ ઉપર જ સ્થાપવી. દૃષ્ટિ માટે એક જ સિદ્ધાંત છે કે તેને પરમ નિરંજનમાં સ્થિર કરવી. મોક્ષને ધ્યાવવા માટે આ એક જ ઉપાય છે. ચોથા, પાચમા, છઠ્ઠા, સાતમા આદિ બધાં ગુણસ્થાનવાળા ભવ્યજીવો મોક્ષની અભિલાષા એક જ જાતની કરે છે. ચારિત્ર થાય પછી જ મોક્ષની અભિલાષા કરી શકે—એવું નથી.

છૂટવાના અભિલાષી દરેક ભવ્યજીવોની દૃષ્ટિ અને અભિલાષી છૂટેલા—મુક્ત એવા દ્રવ્યસ્વભાવ ઉપર જ હોય છે. છૂટા તત્ત્વ ઉપર જેની એકાગ્રતા—ભાવના છે તે બધાં મોક્ષના અભિલાષી છે એમ કહેવાય છે. આવા મોક્ષાભિલાષી જીવો વિષય–કષાયમાં જતાં મનને પાછું વાળીને પોતાના સ્વરૂપમાં સ્થિર કરે છે અને નિર્વાણને સાધે છે.

❁

પ્રભુ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ—અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહીં પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહીં; જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ, તેમ અહીંયા તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! વિશ્વાસ કરજે. પ્રભુ! અંદર વિશ્વાસ કરજે કે અમે આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધો સ્થાપ્યા છે. પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. તમે બધા શ્રોતાઓ સિદ્ધ થવાને લાયક છો હો! તેથી તમારામાં અમે સિદ્ધપણું સ્થાપીએ છીએ અને અમે એ વાત શરૂ કરીએ છીએ એટલે કે તમારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧)*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સિદ્ધોના સુખની સિદ્ધિ

(સળંગ પ્રવચન નં.–૮૧)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની આઠમી ગાથાનો ભાવાર્થ લેવાનો છે. તેમાં મોક્ષના સુખની વાત ચાલે છે. મોક્ષમાં જ પરમ સુખ અને આનંદ છે એવું સુખ અને આનંદ બીજે ક્યાંય નથી. તેથી આવા મોક્ષને સાધવા માટે તીર્થંકરાદિ મહાપુરુષો અંતરાત્મસ્વભાવને સાધે છે. એ વાત અહીં સિદ્ધ કરે છે.

ભાવાર્થ :—શ્રી તીર્થંકરદેવ તથા ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ શલાકાપુરુષો તથા મહાદેવ, પ્રતિવાસુદેવ આદિ બધાં પ્રસિદ્ધ પુરુષો મુક્તિની પ્રાપ્તિ માટે નિજ આત્માનું ધ્યાન કરે છે તે નિજ આત્મા કેવો છે?–કે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, અખંડ એક સ્વભાવરૂપ છે. તેનું સમ્યક્ શ્રદ્ધાન, તેનું સમ્યક્ જ્ઞાન અને તેમાં આચરણરૂપ જે અભેદરત્નત્રયમય સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદ અતીન્દ્રિયસુખરસ–તેના અનુભવથી પૂર્ણકળશની જેમ ભરેલા નિરંતર નિરાકાર નિજસ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં સ્થિર થઈને જીવો મુક્તિને પ્રાપ્ત કરે છે.

જેમ અમૃતથી આખો કળશ ભર્યો હોય તેમ આ ભગવાન આત્મા આખો આનંદામૃતથી પૂર્ણ ભરેલો છે. આ શરીરનો આકાર કળશ જેવો જ છે ને! તેની અંદર આત્મા પણ તેવા જ આકારવાળો અસંખ્યપ્રદેશે પૂર્ણાનંદથી ભરેલો છે. આ ભગવાન આત્મા તે દ્રવ્ય છે અને તેમાં સ્થિરતા તે તેનું ધ્યાન છે, તેના વડે મુક્તિની પ્રાપ્તિ થાય છે.

અહીં વ્યાખ્યા તો મોક્ષની કરવી છે પણ તે મોક્ષ કેમ થાય એ સમજાવવા માટે દ્રવ્યનું સ્વરૂપ કહ્યું કે આત્મા અખંડ એક જ્ઞાન સ્વભાવી છે. તેની અંતરમુખ સમ્યક્ શ્રદ્ધા, અંતરમુખ સમ્યક્ જ્ઞાન અને અંતરમુખ સ્થિરતારૂપ મોક્ષમાર્ગ વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જુઓ! આમાં આત્મદ્રવ્ય, મોક્ષમાર્ગ અને મોક્ષ આ ત્રણેયની વાત કહી દીધી. આત્મા એક જ્ઞાનસ્વભાવી કહ્યો પણ એકલું જ્ઞાન જ નહિ, તેમાં પૂર્ણ આનંદ પણ અસંખ્યપ્રદેશમાં રહેલો છે. અતીન્દ્રિય આનંદની પર્યાય તેમાંથી પ્રગટ થાય છે. પૂર્ણ આનંદસ્વભાવની પ્રતીત કરતાં અને તેમાં સ્થિર થતાં પર્યાયમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે.

આત્મામાં સ્થિરતારૂપ ધ્યાન કેવું છે?—કે ખ્યાતિ, પૂજા, ધનાદિનો લાભ ઈત્યાદિ સમસ્ત વિકલ્પજાળોથી રહિત છે. બહારમાં પોતાની બડાઈ, મહિમા થાય એવા લોભથી રહિત

www.vitragvani.com



છે અને પોતાના અલ્પજ્ઞાનના અભિમાનથી રહિત છે. વિશેષ ધનાદિ હોય તેની પણ મહિમા નથી. શરીર, વાણી, લક્ષ્મી, પુણ્ય-પાપ અને વર્તમાન પર્યાયમાં જે ઉઘાડ છે તે કોઈનો તેને મહિમા નથી. એવા સર્વ વિકલ્પજાળથી રહિત કેવળ—માત્ર આત્માના ધ્યાનને પ્રભુએ મોક્ષમાર્ગ કહ્યો છે. પૂર્ણાનંદ પ્રભુ એકમાત્ર આત્માના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં સ્થિરતાને જ ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો છે. પૂર્ણાનંદની મહિમાવાળી દૃષ્ટિ, જ્ઞાન, શાંતિરૂપ ધ્યાનને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે. તે ધ્યાનમાં ધ્યેય કોનું છે? તે હવે કહે છે.

એકમાત્ર પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ નિજ આત્મદ્રવ્ય જ ધ્યાન કરવાયોગ્ય હોવાથી ધ્યેય છે. આ ભગવાન આત્મા શરીર, કર્મ અને રાગ તથા અલ્પજ્ઞ અવસ્થાથી પણ રહિત પૂર્ણ સ્વભાવસ્વરૂપ છે તે જ ધ્યેય છે.

આ તો પાંચમા આરાના મનુષ્યોને કહ્યું છે. રુદ્ર, ઈન્દ્ર તથા વર્તમાનમાં જન્મેલા ભવ્યજીવો આદિ કહીને બધાં જીવો લઈ લીધા છે કે જે અત્યારે પણ પૂર્ણ મોક્ષપર્યાય પ્રગટ કરવા માટે ભગવાન આત્માનું ધ્યાન કરે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ જે કોઈ ભવ્યજીવ છે તે વર્તમાનમાં ભલે ગૃહસ્થાશ્રમમાં હો પણ જેટલાં અંશે પોતાની વર્તમાન દશાને આત્મદ્રવ્યમાં એકાગ્ર કરી છે એટલો મોક્ષમાર્ગ અત્યારે જ છે અને તેમાં આગળ વધીને એકાગ્રતાની વદ્ધિ કરીને તે જીવો મોક્ષને પામે છે. અંતરમાં એકાગ્રતા સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ ત્રણ કાળમાં ક્યાંય નથી. તેથી કેવળ 'આત્મધ્યાન'ને ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો છે.

**परमात्मध्याने स्थित्वा मोक्षमेव ध्यायन्ति** । આ એક જ મોક્ષમાર્ગ છે, બે માર્ગ નથી, બીજો કોઈ માર્ગ નથી અને બીજી કોઈ રીત નથી. ત્રણકાળ ત્રણલોકમાં 'આત્માના ધ્યાનરૂપ' એક જ મોક્ષમાર્ગ છે. માટે પોતાનું સ્વરૂપ જ ધ્યાન કરવાયોગ્ય છે.

તાત્પર્ય એ છે કે, જો કે, વ્યવહારનયથી પ્રથમ અવસ્થામાં વીતરાગસર્વજ્ઞનું સ્વરૂપ અથવા વીતરાગના નામમંત્રના અક્ષર અથવા વીતરાગના સેવક મહામુનિ ધ્યાવવાયોગ્ય છે. તોપણ, વીતરાગ નિર્વિકલ્પ ત્રણગુપ્તિરૂપ પરમ સમાધિના સમયે પોતાનો શુદ્ધ આત્મા જ ધ્યાન કરવાયોગ્ય છે. અન્ય કોઈ બીજો પદાર્થ પૂર્ણ અવસ્થામાં ધ્યાવવા યોગ્ય નથી.

પહેલાં વિકલ્પમાં વીતરાગનું સ્વરૂપ ચિંતવવાનો, તેમના નામના મંત્રનો જાપ—નવકારમંત્ર ભણવાનો ભાવ આવે. વીતરાગના સેવક એવા મહામુનિઓને ધ્યાવવાનો શુભરાગ પ્રથમ અવસ્થામાં આવે છે. અંતરમાં દૃષ્ટિ તો છે પણ પૂર્ણ એકાગ્રતા નથી ત્યાં સુધી શુભરાગ આવ્યા વિના રહેતો નથી. પંચપરમેષ્ઠી કેવા હોય, કેવી રીતે થયા! મુનિઓની અવસ્થા, ભગવાનનું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નામસ્મરણ આદિ તરફના વિકલ્પ આવે છે પણ તે પરદ્રવ્ય અનુસારી વિકલ્પ હોવાથી પુણ્યબંધનું કારણ છે. મુક્તિનું કારણ નથી. વ્યવહારને નિમિત્ત તરીકે મુક્તિનો સેવક કહેવાય છે પણ તેને છોડીને, અંતરમાં ત્રિગુપ્તપણે સ્થિત થાય ત્યારે ધ્યાન જામે અને એ ધ્યાન જ કર્મનિર્જરાનું કારણ છે.

માટે, પરમસમાધિના કાળે પોતાનો આત્મા જ ધ્યાન કરવાયોગ્ય છે. પૂર્ણ અવસ્થામાં અન્ય કોઈ પદાર્થ ધ્યાવવાયોગ્ય નથી.

હવે ૯ મી ગાથામાં, ત્રણ લોકમાં મોક્ષ સિવાય અન્ય કોઈ પણ પરમસુખનું કારણ નથી એમ નિશ્ચય કરે છે.

तिहुयणि जीवहँ अत्थि णवि सोखहँ कारणु कोइ।
मुक्खु मुएविणु एक्कु पर तेणवि चिंतहि सोइ॥९॥

ત્રણલોકમાં જીવોને મોક્ષ સિવાય કોઈપણ વસ્તુ સુખનું કારણ નથી. એક સુખનું કારણ મોક્ષ જ છે માટે, તું નિયમથી એક મોક્ષનું જ ચિંતવન કર, કે જેને મહામુનિઓ પણ ચિંતવે છે.

જુઓ! લક્ષ્મી, સ્ત્રી, આબરૂ એ બધું સુખનું કારણ નથી. ભોગો, ચક્રવર્તી આદિ પદ, અધિકાર આદિ કોઈ સુખના કારણ નથી. સુખનું એક માત્ર કારણ મોક્ષ જ છે માટે તેને પ્રગટ કરવાનો ઉપાય કર! બીજું કાંઈ કરવાયોગ્ય નથી.

એક માત્ર મોક્ષનું ચિંતવન નિયમથી કર! એમ કહેવું છે ત્યાં ચિંતવનનો અર્થ એકાગ્રતા છે, વિકલ્પ કરવાની વાત નથી. પૂર્ણાનંદની પર્યાયને ધ્યાવે એટલે કે પૂર્ણાનંદ સ્વભાવમાં એકાગ્ર થાય તેનું નામ મોક્ષ છે.

અહીં તો એકલા આત્મા—આત્માની વાત છે, બીજી વાત નથી. તારી પાસે આત્મા સિવાય બીજું શું છે? શરીર, કર્મ કે આસ્રવ તારી પાસે નથી, તારી પાસે તારો ભગવાન આત્મા છે, તેની મહિમા કર! પૂજા, ભક્તિ, જાત્રા આદિની કાંઈ મહિમા નથી. તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છો તેની કથા માંડ ને! જે તારા નથી એવા પુણ્ય-પાપ, શરીર આદિની કથા શા માટે માંડીને બેઠો છો?

પુણ્ય-પાપના વિકલ્પ છે તે આત્મા નથી, જડકર્મ છે તે આત્મા નથી, શરીર આત્મા નથી. જાત્રામાં શરીરની ચાલવાની ક્રિયા થાય છે તે તો જડની છે, પુણ્યપરિણામ થાય છે તે તો આસ્રવતત્ત્વ છે. તું કોણ છો? તું તો જ્ઞાનાનંદ એકરૂપ સ્વભાવ છો, તો તેની જ મહિમા કરને! બીજાની મહિમા શું કામ કરે છો?

www.vitragvani.com



જ્યાં સુધી આત્મતત્ત્વમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી યાત્રા, પૂજા, ભક્તિ આદિના શુભરાગ આવશે ખરા પણ તે મક્તિનું કારણ નથી. તે ભાવ આત્માનું સ્વરૂપ નથી માટે તેના લક્ષે આત્માની સમીપમાં જઈ શકાતું નથી.

પ્રશ્ન :—શુભભાવથી આત્મા હળવો તો થાય ને?

પૂજ્ય ગુરુદેવ :—શુભભાવ પોતે વિકલ્પ છે તેનાથી આત્મા હળવો કેવી રીતે થાય? શુભભાવ આસ્રવ હોવાથી પોતે જ ભારરૂપ છે તેનાથી આત્મા હળવો ન થાય. એટલી જ વાત છે કે, નિશ્ચયમોક્ષમાર્ગમાં સ્થિત ન થવાય ત્યાં સુધી શુભભાવ હોય ખરો પણ તે આત્માની સમીપ જવાનું કારણ નથી.

આત્માના પરમાનંદની પર્યાય જોવે છે તો એ જ્યાં હોય ત્યાંથી મળે ને! રાગમાં કે નિમિત્તમાં એ પડી નથી. આત્માના પરમાનંદની પર્યાય આત્મદ્રવ્યમાં પડી છે માટે તેમાંથી જ મળે છે. ભગવાન આત્મામાં અનંતી અનંતી મોક્ષપર્યાય અંદરમાં પડી છે. જ્યાં હોય ત્યાં નજર નાંખ તો તે નીકળે. જ્યાં નથી ત્યાંથી ક્યાંથી નીકળશે! વ્યવહારના પક્ષકારને આ વાત આકરી લાગે છે એટલે વ્યવહારનો લોપ થાય છે એમ કહે છે પણ વ્યવહારનો લોપ કરીને અંતરમાં જાય ત્યારે જ ધર્મની પ્રાપ્તિ થાય છે. આગળ ૧૪મી ગાથાના અર્થમાં આવશે કે વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે ત્યારે તે વિકલ્પને વ્યવહારકારણ કહેવાય છે.

ભાઈ! તું ક્યાં અધૂરો છો કે તારે બીજાનું અવલંબન લેવું પડે! તું ક્યાં અપૂર્ણ છો કે રાગ ને નિમિત્તના અવલંબને તારી પૂર્ણતા થાય! પણ અરે! એને એની પૂર્ણતાનો વિશ્વાસ આવતો નથી. જેના ગર્ભમાં એક જ્ઞાન નહિ પણ અનંત અનંત સામર્થ્યવાળી અનંત પર્યાય પડી છે એવો હું આત્મા છું. એક જ્ઞાનગુણમાં અનંત જ્ઞાનની પર્યાય પડી છે, એક આનંદગુણમાં આનંદની અનંત પર્યાય પડી છે તેમ જ એક શ્રદ્ધાગુણમાં શ્રદ્ધાની અનંતી ક્ષાયિક પર્યાય પડી છે. એવા અનંતગુણનું એક 'રૂપ' તે દ્રવ્ય છે. અનંતગુણનો એક્કો—રાજા તે આ દ્રવ્ય છે જેમાં અનંત પર્યાય પ્રગટ કરવાનું સામર્થ્ય તો છે જ પણ એથી અનંતગુણું સામર્થ્ય રહેલું છે. એવા અનંતગુણના એકરૂપ નિજપ્રભુની સમીપ ગયા વિના મુક્તિની પર્યાય આવતી નથી.

દયા, દાન, વ્રતાદિના વિકલ્પમાંથી ધર્મની પર્યાય ક્યાંથી આવે! જ્યાં હોય ત્યાંથી ધર્મ આવે ને! મન, વચન, કાયા સંબંધીના વિકલ્પથી હટીને સ્વરૂપ તરફ આવે છે તે જીવ ત્રિગુપ્તિને પ્રાપ્ત થઈ ગયો. નિજ વસ્તુમાં એકાગ્ર થઈ ગયો તેને ત્રિગુપ્તિરૂપ સમાધિ થઈ ગઈ. 'પરમ સમાધિ' 'ત્રિગુપ્તિ' વગેરે શબ્દો એવા છે કે એ તો જાણે બહુ ઊંચી દશામાં થતાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હશે. અખંડ પ્રતાપી પ્રભુમાં એકાગ્રતામાં ત્રિગુપ્તિરૂપ શાંતિ રહેલી છે. આ ત્રિગુપ્તિના કાળે આત્મા જ ધ્યાવવાયોગ્ય છે. વિકલ્પના કાળે આત્માનું ધ્યાન થઈ શકતું નથી. સ્વરૂપ તરફની એકાગ્રતાના કાળે જ તે આત્મા ધ્યાન કરવાયોગ્ય થાય છે કે જેને મહામુનિઓ પણ ધ્યાવે છે એવા આત્માને તું ધ્યાવ!

ભાવાર્થ :—શ્રી યોગીન્દ્રાચાર્ય પ્રભાકર ભટ્ટને કહે છે કે, હે વત્સ! મોક્ષ સિવાય અન્ય કાંઈ સુખનું કારણ નથી અને આત્મધ્યાન સિવાય અન્ય કોઈ મોક્ષનું કારણ નથી માટે તું નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને નિજ શુદ્ધાત્મસ્વભાવને જ ધ્યાવ!

યોગીન્દ્રદેવ અતીન્દ્રિય આનંદમાં મસ્ત એવા મહામુનિ હતાં. તેમને શિષ્યે પૂછ્યું હતું કે પ્રભુ! મને મુક્તિ, મુક્તિનું કારણ અને તેનું ફળ બતાવો. તેના જવાબમાં જંગલવાસી મહામુનિરાજ મોક્ષનું સ્વરૂપ અહીં બતાવે છે તેની સાથે મોક્ષમાર્ગ પણ આવી જાય છે.

પરમાત્માના આરાધક યોગીન્દ્રદેવ ગુરુ કહે છે કે હે શિષ્ય! મોક્ષ સિવાય અન્ય કાંઈ સુખનું કારણ નથી અને આત્મધ્યાન સિવાય બીજું કોઈ મોક્ષનું કારણ નથી.

અધ્યાત્મની વાત ભાવનાની છે તેથી વારંવાર અનેક પડખેથી એક જ વાત સમજાવે છે. ત્રણેય કાળમાં માર્ગ તો એક જ છે. ચોથા આરામાં માર્ગ બીજો હતો અને પાંચમાં આરામાં જુદો છે એવું ન હોય. બાપુ! તું જ્યાં છો ત્યાં કોઈ કાળ નડતો નથી. ચોથા આરામાં નિર્વિકલ્પમાર્ગ હતો અને પાંચમાં આરામાં વિકલ્પસહિત મોક્ષમાર્ગ છે એવી માર્ગની રીતમાં કોઈ ફેરફાર હોઈ ન શકે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.'

જે ધ્યાનની પર્યાય આત્માને ધ્યેય બનાવે છે તે ધ્યાનની પર્યાય જ મોક્ષનું કારણ છે અને તે મોક્ષ જ સુખનું એકમાત્ર કારણ છે. જે શક્તિરૂપ મોક્ષ છે તેને ધ્યેય બનાવવાથી જ પ્રગટ મોક્ષ થાય છે માટે તું વીતરાગ નિર્વિકલ્પસમાધિમાં સ્થિત થઈને નિજ શુદ્ધાત્મસ્વભાવને જ ધ્યાવ! આમ શ્રીગુરુએ શિષ્યને આજ્ઞા કરી.

ચૌદ પૂર્વ અને ૧૨ અંગનો આ સાર છે કે, નિજ આત્માનું ધ્યાન કર! અહીં પણ શ્રીગુરુએ શિષ્યને આ આજ્ઞા કરી કે, તારા જ્ઞાનાનંદસ્વરૂપમાં તારા ચિત્તને સમાવી દે.

ત્યારે પ્રભાકર ભટ્ટ વિનતી કરે છે કે, હે ભગવન! આપ તો નિરંતર અતીન્દ્રિય મોક્ષસુખનું જ વર્ણન કરો છો, પરંતુ જગતના જીવો અતીન્દ્રિયસુખને તો જાણતાં જ નથી, ઈન્દ્રિયસુખને જ સુખ માને છે તો જગતને આપની વાત કેવી રીતે સમજાય! અમને તો સ્પર્શ, રસ, રૂપ, રંગ, ગંધ આદિના વિષયો દેખાય છે તેને જ અમે તો સુખના સાધન માનીએ

www.vitragvani.com



છીએ. થાળમાં મેવા–મીઠાઈ પડ્યા હોય અને ખાવાની ક્રિયા થતી હોય એમાં અમને મજા લાગે છે, તમે જે અતીન્દ્રિયસુખની વાત કરો છો તે શું છે?

કોઈને પાંચ કરોડની પેદાશ થાય ત્યાં તો એની પાછળ ગાંડો થઈ જાય છે. એક બાઈને લોટરીમાં બાર હજાર આવ્યા ત્યાં તો ગાંડી થઈ ગઈ. એ સ્થૂળપણે પાગલ દેખાય છે અને પેલાને સૂક્ષ્મદૃષ્ટિએ જુઓ તો પાગલ દેખાય, પણ ધન–વૈભવમાં સુખ માને છે તે બધા પાગલ જ છે એને સાચા સુખની તો ખબર જ નથી. સુખની વાત સાંભળી હોય તોપણ વારંવાર પોતાના ખ્યાલમાં લેતો નથી તો એણે સાંભળી જ ન કહેવાય. અનાદિથી નિગોદથી માંડીને ઊંધો જ અનુભવ છે, એની જ્ઞાનની પર્યાય ઇન્દ્રિય આધીન થઈને જ કામ કરે છે. અંતરમાં તો કદી જોયું પણ નથી અને જોવા જેવું છે એ વાત એકાગ્રતાથી સાંભળી પણ નથી. ઇન્દ્રિયસુખને જ સુખ માનીને બેઠા છે તેને ગુરુ અતીન્દ્રિયસુખ દ્રષ્ટાંત આપીને સમજાવે છે. સ્થૂળ દ્રષ્ટાંત વડે ન્યાયથી અતીન્દ્રિયસુખનું અનુમાન કરાવે છે.

કોઈ એક પુરુષ છે કે જેનું ચિત્ત અત્યારે વ્યાકુળરહિત છે અને પાંચ ઇન્દ્રિયના ભોગ વિના એકલો જ બેઠો છે તેને કોઈએ પૂછ્યું કે કેમ ભાઈ! ઠીક છો? ત્યારે તેણે કહ્યું કે સુખેથી બેઠો છું. મજામાં છું. કોઈ ફિકર નથી કે કાંઈ ફરજ નથી, નિરાંતે બેઠો છું....તે સમયે પાંચમાંથી કોઈ વિષયોનું સેવન તો નથી છતાં તે કેમ સુખી છે! કોઈ સ્પર્શનો વિષય નથી, ખાતો નથી, સૂંઘતો નથી, કાંઈ જોઈ રહ્યો નથી કે કાંઈ સંગીતાદિ સાંભળતો નથી. આમ કોઈ ઇન્દ્રિયના વિષયનું સેવન નથી છતાં તે સુખી છે, કેમ કે આકુળતા નથી. જેટલાં અંશે તેને આકુળતા નથી એટલા અંશે તેને સુખ છે એમ સ્થૂળપણે કહી શકાય.

સુખનું મૂળ 'નિરાકુળતા' છે એ વાત સિદ્ધ થાય છે. તે નિરાકુળતા આત્મામાં જ છે, વિષયોનાં સેવનમાં નિરાકુળતા નથી. તે પુરુષ ભોજન કરી રહ્યો નથી, માવો કે કાંઈ ખાઈ રહ્યો નથી, સ્ત્રી, પુત્રાદિ પાસે બેઠો નથી, કોઈને યાદ કરી રહ્યો નથી, ગંધ–માળા આદિ સુગંધી વિષય પણ સામે નથી, દિવ્ય સ્ત્રીઓનું રૂપ–અવલોકન આદિ નેત્રના વિષય પણ નથી અને મનોજ્ઞ ગીત વાજિંત્ર આદિ કાનના વિષય પણ નથી છતાં તે પુરુષ સુખી છે માટે જણાય છે કે સુખ આત્મામાં જ છે માટે તું પણ એમ નિશ્ચય કર! પાંચ ઇન્દ્રિયના વિષય રહિત નિરાકુળતામાં જ સુખ છે. આ તો દ્રષ્ટાંત છે તેથી આમાં મનના વિષયની વાત ન કરી. મનના વિષયરૂપ વિકલ્પાદિ ન હોય તો તો સાચું સુખ હોય પણ અહીં તો દ્રષ્ટાંત વડે સાચા સુખનો નમૂનો બતાવ્યો છે. ઇન્દ્રિય–વિષય–રહિત પુરુષની વાત કરીને અતીન્દ્રિય આનંદનો અંશ બતાવ્યો. બાહ્ય–આકુળતા નથી એટલી નિરાકુળતા બતાવી છે. ભોગ અને ભોગનો ભાવ નથી તેથી એટલી આકુળતા નથી એટલું તેને સુખ છે.

www.vitragvani.com



જેને પાંચ ઈન્દ્રિયના વિષય નથી એટલી વાર તે સુખી દેખાય છે તો જેને પાંચ ઈન્દ્રિય અને મનના વિષય સર્વથા છૂટી ગયા હોય તે કેટલા સુખી હોય!! જે એકદેશ વિષય–વ્યાપારથી રહિત છે તેને એકદેશ સ્થિરતાનું સુખ છે તો વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનીઓને સમસ્ત પાંચ ઈન્દ્રિયોના વિષય અને મનના વિકલ્પ જાળોની રૂકાવટ થઈ હોવાથી વિશેષપણે નિરાકુળ સુખ ઉપજે છે. ઈન્દ્રિયવિષય સંબંધી વિકલ્પ નથી અને મન સંબંધી કોઈ વિકલ્પ નથી એવા રાગરહિત પોતે પોતાના જ્ઞાનના વેદનમાં આવ્યો ત્યારે અભેદ સ્વસંવેદન થાય છે—એકલા આત્માનાં જ્ઞાનનું વેદન રહ્યું–સ્વવિષયનું વેદન થયું તેમાં એકલી નિરાકુળતા હોવાથી સુખ છે.

દ્રષ્ટાંતમાં તો સામાન્ય સુખની વાત હતી, જ્ઞાનીઓને તો અંતરમાં રાગરહિત સ્વરૂપમાં એકાગ્ર થતાં વિશેષપણે અતીન્દ્રિયસુખની પ્રાપ્તિ થાય છે તે અતીન્દ્રિયસુખને સિદ્ધ કરે છે.

આમ આ બે વાત પ્રત્યક્ષ દ્રષ્ટિમાં આવે છે કે, જે પુરુષ નિરોગ અને ચિંતારહિત છે તેને વિષયસામગ્રી વિના જ સુખ ભાસે છે અને જે મહામુનિ શુદ્ધોપયોગ અવસ્થામાં ધ્યાનારૂઢ છે તેને નિર્વ્યાકુળતા પ્રગટ જ દેખાઈ રહી છે. તેઓ ઈન્દ્રાદિક દેવોથી પણ વધારે સુખી છે. આમ, સંસારદશામાં જ જ્યાં નિર્વ્યાકુળતા જ સુખનું મૂળ દેખાય છે તો સિદ્ધોના સુખની તો વાત જ શું કરવી!

દ્રષ્ટાંતમાં નિરોગ પુરુષ લીધો માટે નિરોગતા તે સુખનું કારણ છે એમ ન સમજવું. રોગ સંબંધી વિકલ્પ નથી માટે તેને સુખ છે, ભૂખ્યો હોય તો ભૂખનું વેદન હોય તેને સુખ ન હોય તેથી જે જમીને બેઠો છે, છ કલાક સુધી કાંઈ ખાવું નથી, રોગ નથી, ચિંતા નથી, નિરાકુળ છે માટે તેને સુખ છે એમ કહીને નિરાકુળતામાં સુખ છે એમ સમજવું.

શુદ્ધોપયોગી મહામુનિ બિલકુલ આકુળતા રહિત છે માટે મુનિની નિરાકુળતા તો પ્રગટ દેખાય છે. ઈન્દ્ર, નરેન્દ્ર આદિને જે સુખ દેખાય છે એ તો રાગનું કાલ્પનિક સુખ છે અર્થાત્ ઝેર છે, મુનિને તો આત્માનું સુખ છે તે તો કોઈ અલૌકિક છે. તેની પાસે ઈન્દ્રોનું સુખ તો ધૂળ છે. સંસાર અવસ્થામાં મુનિઓને આવું સુખ હોય છે તો સિદ્ધોના સુખની તો શું વાત કરવી! મુનિને આંશિક આનંદ આવો છે તો સિદ્ધોના પૂર્ણાનંદનું શું કહેવું!

જોકે, સિદ્ધ દ્રષ્ટિગોચર નથી તોપણ અનુમાન વડે એવું જાણવામાં આવે છે કે, સિદ્ધોને ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ નથી તથા વિષયોની પ્રવૃત્તિ નથી, કોઈ પણ વિકલ્પજાળ નથી, કેવળ અતીન્દ્રિય આત્મિક સુખ જ છે. તે સુખ ઉપાદેય છે. અન્ય સુખ બધું દુઃખરૂપ જ છે.

સિદ્ધ આત્માઓને દ્રવ્યકર્મનો સંબંધ નથી, શરીર, વાણી, મન નથી અને રાગાદિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવકર્મ નથી. કોઈ પણ જાતની વિકલ્પજાળ નથી. કોઈ પણ જાતના વિષયોની પ્રવૃત્તિ નથી. માત્ર અતીન્દ્રિય આત્મિક સુખ જ છે. તે સુખ જ ઉપાદેય છે. અન્ય જેને સુખ કહેવાય છે તે તો આકુળતાવાળા હોવાથી દુ:ખ જ છે.

સિદ્ધોના અતીન્દ્રિય પૂર્ણ આનંદ પાસે મહામુનિઓનું સુખ પણ લેશમાત્ર છે—થોડું છે અને ઈન્દ્રો આદિ જગત—વાસીઓની વિષયવાસનામાં તો સુખ છે જ નહિ. માટે આવું સિદ્ધોનું સુખ જ ઉપાદેય આદરણીય છે.

આવું કથન શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે જે શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ એવા સિદ્ધપરમેષ્ઠી છે તેમને અતીન્દ્રિય સુખ છે તે સર્વોત્કૃષ્ટ છે અને આત્મજનિત છે તથા વિષયવાસનાથી રહિત છે, અનુપમ છે. જેના સમાન સુખ ત્રણલોકમાં ક્યાંય નથી. જેનો પાર નથી એવું બાધારહિત સુખ સિદ્ધોને છે.

પુણ્ય—પાપનો ભાવ તો અશુદ્ધ ઉપયોગ છે—અશુદ્ધ આચરણ છે. સિદ્ધભગવાનને તે અશુદ્ધ આચરણથી રહિત શુદ્ધ આચરણ અર્થાત્ શુદ્ધોપયોગ છે. આવા શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ સિદ્ધોને અતીન્દ્રિય સુખ છે તે સૌથી ઉત્કૃષ્ટ છે અને આત્માના આનંદથી ઉત્પન્ન થયેલું હોવાથી સદાય આત્મામાં રહેનારું છે. આ સુખમાં કોઈ વિષય—વાસના નથી. આ મોક્ષની મહિમા છે તે બતાવીને તને મોક્ષનું ધ્યાન કરવા પ્રેરે છે. મોક્ષનું ધ્યાન એટલે આત્મામાં એકાગ્રતા.

મોક્ષસુખને કોઈ ઉપમા લાગુ પડી શકે તેમ નથી કેમકે તેના જેવું સુખ ત્રણલોકમાં ક્યાંય નથી. સ્વભાવથી ઉપજેલું સુખ લોકમાં ક્યાંથી હોય! વળી તેનો કોઈ પાર નથી. વસ્તુનું સામર્થ્ય અપાર છે તેમ તેમાંથી પ્રગટેલી પર્યાય પણ અપાર છે . ત્રિકાળસ્વભાવ સામર્થ્ય અપાર છે તેના ધ્યાનથી પ્રગટેલી પર્યાયનું સામર્થ્ય પણ અપાર છે. એક સમયના અતીન્દ્રિયસુખનો પાર નથી, જેને કોઈ બાધા નથી એવા સિદ્ધના સુખની શી વાત કરવી!

આમ, મોક્ષસુખને ઉપાદેય માનવાવાળાએ ભગવાન આત્માને ઓળખીને તેનું ધ્યાન કરવું. એ ધ્યાન કરે ત્યારે જ તેણે આત્માને ઉપાદેય માન્યો કહેવાય. પુણ્ય—પાપને આદરણીય માને છે તેને તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે અને તેના ફળમાં તે ચાર ગતિમાં રખડે છે. મોક્ષનું ધ્યાન કરે તેને આત્માનું ધ્યાન થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધ્યાનથી તેને મુક્તિનું કાર્ય પ્રગટ થાય છે.

❀



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ચૈતન્યતળના તાગ લેનારા સુખી છે

(સળંગ પ્રવચન નં–૮૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦ મી ગાથામાં યોગીન્દ્રદેવ અતીન્દ્રિયસુખરૂપ મોક્ષનું સ્વરૂપ કહે છે.

**जीवहँ सो पर मोक्खु मुणि जो परमप्पय-लाहु।**
**कम्म-कलंक विमुक्काहँ णाणिय बोल्लहिं साहु॥१०॥**

આત્મા વસ્તુરૂપે અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એટલે કે શક્તિએ આત્મા અતીન્દ્રિય સ્વસુખસ્વરૂપ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. 'પરમાનંદનો લાભ તે મોક્ષ છે.'

વસ્તુ શક્તિરૂપે છે તેની પર્યાયમાં પૂર્ણ પ્રગટતા મોક્ષદશામાં થાય છે. અનાદિથી અજ્ઞાનદશામાં જીવને પુણ્ય-પાપના વિકારનો લાભ થતો હતો, તેમાં ભ્રાંતિથી સુખ માનતો હતો, એ ભ્રાંતિ ટળીને પર્યાયમાં પૂર્ણાનન્દ અતીન્દ્રિય સુખનો લાભ થવો તેનું નામ મોક્ષ છે. 'લાભ' શબ્દ તો બંનેમાં કહ્યો પણ તેમાં કેટલો ફેર છે! દુનિયા 'લાભ સવાયા' કહે છે તે વિકારના લાભની વાત છે, તેમાં આત્માના આનંદનો લાભ ક્યાં હતો! તેમાં તો દુઃખનો લાભ છે. પાંચ–પચાસ કરોડ ધૂળના આંકડા તો ઘણાં મોટા છે પણ તેમાં લાભ તો દુઃખનો છે. મને સ્ત્રી, પુત્ર, પૈસાનો લાભ થયો એવો જે પોતાનો ભાવ થાય છે તે જ તેને દુઃખરૂપ છે.

ગાથામાં મોક્ષની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે કે કર્મરૂપી કલંકથી રહિત જીવોને જે પરમાત્માની પ્રાપ્તિ થાય છે તેને નિયમથી મોક્ષ કહેવાય છે. આમ જ્ઞાનવાન મુનિરાજ કહે છે. મુનિરાજ રત્નત્રયના યોગથી મોક્ષનું સાધન કરે છે તેથી તેનું નામ સાધુ છે.

ભગવાન આત્મા શક્તિએ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે પણ એ શક્તિ પ્રગટ થયા વિના તેનો સ્વાદ ન આવે. પીપરના દાણામાં ચોંસઠ પહોરી શક્તિ છે પણ સીધી પીપર મોઢામાં મૂકો તો એ શક્તિનો સ્વાદ નહિ આવે. લીંડીપીપર ઘસીને ચોંસઠ પહોરી સ્વાદ પ્રગટ કરો તો અસલ સ્વાદ આવે. તેમ ભગવાન આત્મામાં પૂરો અતીન્દ્રિય આનંદ શક્તિરૂપે છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા લીનતા કરતાં પ્રથમ થોડો આનંદ આવે અને પછી પૂર્ણ લીનતા થતાં પૂરો આનંદ પ્રગટ થાય છે. તેને મોક્ષનો લાભ થયો કહેવાય છે એમ મુનિઓ અને સંતો કહે છે.

ભાવાર્થ :—કેવળજ્ઞાનાદિ અનંતગુણ પ્રગટરૂપ જે કાર્યસમયસાર અર્થાત્ શુદ્ધ

www.vitragvani.com



પરમાત્માનો લાભ તે મોક્ષ છે. આ મોક્ષ ભવ્ય જીવોને થાય છે. ભવ્ય કેવા છે કે પુત્ર-કલત્રાદિ પરવસ્તુઓના મમત્વથી માંડીને બધાં વિકલ્પોથી રહિત જે આત્મધ્યાન તેનાથી જેણે ભાવકર્મ અને દ્રવ્યકર્મરૂપી કલંક ક્ષય કર્યા છે એવા જીવોનો નિર્વાણ થાય છે એમ જ્ઞાનીજનો કહે છે. અહીં, અનંતસુખનું કારણ હોવાથી મોક્ષ જ ઉપાદેય છે.

કેવળજ્ઞાનાદિ અનંતગુણની પ્રગટતારૂપ જે કાર્યસમયસાર તે જ પરમાત્મલાભ છે. તેમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્ય આદિ અનંતગુણોની પૂર્ણ પ્રગટતા થાય છે. કારણપ્રભુ જે ત્રિકાળ જ્ઞાનાનંદથી ભરેલું તત્ત્વ છે તેમાં એકાગ્ર થઈને જે કાર્યપર્યાય પ્રગટ થાય છે તેને પરમાત્માના લાભરૂપી મોક્ષ કહેવાય છે. આવો મોક્ષ ભવ્ય જીવોને જ થાય છે, અભવ્ય જીવોનો મોક્ષ થતો નથી.

કેવા ભવ્ય જીવોનો મોક્ષ થાય છે તે કહે છે કે પુત્ર અને પરિવારથી માંડીને સર્વ વિકલ્પોમાંથી જેણે એકત્વ તોડી નાંખીને નિર્વિકાર આત્મસ્વરૂપનું ધ્યાન કર્યું છે જેનાથી તેના ભાવકર્મ અને દ્રવ્યકર્મરૂપી કલંક ક્ષય પામ્યા છે એવા ભવ્યજીવો જ આત્માના આનંદની પ્રાપ્તિરૂપ નિર્વાણને પ્રાપ્ત કરે છે. એમ સર્વજ્ઞદેવથી માંડીને સર્વ સાધુ—સંતોએ કહ્યું છે.

અહીં, અનંત સુખનું કારણ હોવાથી મોક્ષ જ ઉપાદેય છે, પરમાનંદની પ્રાપ્તિરૂપ પરમાત્મલાભ જ આદરણીય છે, તેને જેણે આદરણીય માનીને દ્રવ્યમાં એકાગ્રતા કરી છે તેણે જ મોક્ષદશાને ઉપાદેય તરીકે સ્વીકારી કહેવાય છે. મોક્ષ અનંતસુખરૂપ છે માટે મોક્ષ જ ઉપાદેય છે એમ જેણે માન્યું છે તેની ભગવાન આત્મામાં લીનતા થઈ છે, ત્યારે જ તેણે મોક્ષદશાને ઉપાદેય માની અને જાણી કહેવાય. જે કોઈ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપમાં જ એકાગ્ર થઈને પડ્યા છે તેને તો દુઃખ જ ઉપાદેય મનાયું છે. તે સંસાર અને સંસારીભાવને જ ઉપાદેય કરીને અનુભવે છે, આત્માનંદને ઉપાદેય કરીને અનુભવતો નથી.

શ્રોતા :—દુઃખ કોઈને ગમે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ દુઃખ છે એમ એને ખબર નથી એટલે ગમે છે. ભ્રમણા અને વિકલ્પો ઉઠે છે તે દુઃખ છે. તેમાં તે એકાકાર થાય છે તેનો અર્થ એ કે તેણે દુઃખને ઉપાદેય માન્યું છે—દુઃખમાં એકાકાર થઈ રહ્યો છે. અનંત આનંદસ્વરૂપ મોક્ષ જ ઉપાદેય છે, વિભાવ ઉપાદેય નથી એમ જેને લાગે તેની દૃષ્ટિ પરમ આનંદમય આત્મા ઉપર હોય છે અને તેમાં જ તેનું ઢળવું થાય છે. ત્યારે જ તેણે પરમાનંદમય મોક્ષનો સ્વીકાર કર્યો ગણાય. એ સિવાય પુણ્ય-પાપના વિકલ્પ, જડકર્મ અને સંયોગને ઠીક માને છે—મારા છે એમ માને છે તે પોતાની વર્તમાન દશામાં ભ્રમણા અને વિકારને અનુભવતો હોવાથી દુઃખી જ છે, તેને અનાત્માનો લાભ છે અને પેલાને આત્માનો લાભ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પાગલને પૂછો કે તું પાગલ છો? તો 'ના' કહેશે કેમ કે એને ક્યાં ખબર છે કે હું પાગલ છું. તેમ અજ્ઞાનીને ખબર નથી કે હું દુઃખી છું. પુણ્ય-પાપના વિકલ્પો મને ઠીક છે, તેનું બંધન મને ઠીક છે અને તેનું ફળ પણ મને ઠીક છે એમ માનનાર દુઃખને જ અનુભવે છે અને તેને જ પોતાનું સ્વરૂપ માનીને સેવે છે.

એક 'પરમાત્મલાભ' શબ્દ મૂકીને આચાર્યદેવ કેટલું કહેવા માગે છે! પરમસ્વરૂપનો લાભ એટલે અતીન્દ્રિયાનંદનો લાભ તેને મોક્ષસ્વરૂપ કહેવામાં આવે છે. તેનાથી ઉલટું શુભાશુભભાવ કે જે આસ્રવતત્ત્વ છે, દુઃખરૂપ છે, આકુળતા છે, તેમાં જે એકાગ્ર થાય છે તે સુખને જ ઉપાદેય માને છે.

શ્રીમદ્ કહે છે કે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'.....અહીં તેને જ પરમાત્મસ્વરૂપનો લાભ કહ્યો છે.

પૈસાના લાભને અહીં લાભ કહ્યો નથી. પૈસાના લાભને લાભ માને છે તે દુઃખના દુઃખપતિ છે,—સુખપતિ નથી. પૂર્ણાનંદના લાભને પામે તે સુખપતિ છે, તે અનંતપતિ છે તેને ખરો લાભ થયો છે. પેલાને લાભ તો છે. પણ દુઃખનો લાભ છે—મીઠું ઝેર છે.

સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીના રાજ્યમાં રહ્યો હોય છતાં રાગમાં કે સંયોગમાં તેને સુખબુદ્ધિ નથી. તેનું ખેંચાણ તો અતીન્દ્રિયાનંદના નાથ પ્રત્યે છે. તેથી બાહ્યચીજોના લાભને તે લાભ માનતો નથી. **जो परमप्पयलाहु यः परमात्मलाभः** જે શક્તિમાં ભગવાન હતો તેને પર્યાયમાં પ્રગટ કરવો તે પરમાત્મલાભ છે એમ કહીને આચાર્યદેવે બહુ સરસ વાત કરી છે.

અહીં મોક્ષના સ્વરૂપનું કથન દસ દોહામાં પૂરું થયું. હવે મોક્ષના ફળની એક ગાથા કહીને પછી મોક્ષના માર્ગનું કથન કરશે.

૧૧મી ગાથામાં મોક્ષનું ફળ અનંતચતુષ્ટય છે એમ બતાવે છે.

**दंसणु णाणु अणंत-सुहु समउ ण तुट्टइ जासु।**
**सो पर सासउ मोक्ख-फलु बिज्जउ अत्थि ण तासु॥११॥**

અર્થ :—જે મોક્ષપર્યાયના ધારક શુદ્ધાત્માને કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય આ અનંત ચતુષ્ટયથી માંડીને અનંતગુણનો સમૂહ એક સમયમાત્ર પણ નાશ થતો નથી અર્થાત્ હંમેશા અનંતગુણને જ પ્રાપ્ત હોય છે તે શુદ્ધાત્માને નિશ્ચયથી હંમેશા રહેવાવાળું મોક્ષનું ફળ છે, આ સિવાય બીજું કોઈ મોક્ષફળ નથી અને તેનાથી અધિક બીજી કોઈ વસ્તુ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગ અને સંયોગનું ફળ કાયમ ટકતું નથી, આવે છે અને ચાલ્યું જાય છે. જ્યારે મોક્ષનું ફળ તો આવ્યું...તે કદી નાશ પામતું જ નથી, કાયમ ટકે છે. અતીન્દ્રિય જ્ઞાન—આનંદાદિ અનંતગુણનો પર્યાયમાં લાભ થવો તે મોક્ષ છે અને તેનું કાયમ ટકી રહેવું—શાશ્વત રહેવું તે મોક્ષનું ફળ છે. ઊંડા ઊંડા આત્માના ગોદામમાં ગુણો ભર્યાં હતા તેને ખોજીને બહાર લાવ્યાં તે હવે શાશ્વત ટકી રહેવાના છે.

'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો...'

ધૂળલક્ષ્મી તો ચાલી જશે પણ આ જ્ઞાનલક્ષ્મી પ્રગટે પછી કદી ચાલી જતી નથી. રોજના લાખ રૂપિયા પેદા કરતો હોય તોપણ એ ખૂટી જશે, આ જ્ઞાન નહિ ખૂટે.

ભાવાર્થ :—મોક્ષનું ફળ અનંત જ્ઞાનાદિ જાણીને સમસ્ત રાગાદિકનો ત્યાગ કરી તેના માટે જ નિરંતર શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ.

પુણ્ય-પાપ રાગાદિ વિકાર અને નાશવાન ભાવોથી રહિત અને અનંત જ્ઞાનાદિ સહિત શુદ્ધાત્માની હંમેશા ભાવના અર્થાત્ એકાગ્રતા કરવી જોઈએ. એકાગ્રતા કહો કે ધ્યાન કહો એક જ છે. નિર્મળ શુદ્ધાત્માને ધ્યેય બનાવીને તેનું ધ્યાન કરવું જોઈએ. દ્રવ્યસ્વભાવની ભાવનાથી મોક્ષ મળે છે અને મોક્ષનું ફળ શાશ્વત ટકી રહે છે.

મોક્ષનું સ્વરૂપ અને મોક્ષનું ફળ કહ્યું. હવે ક્યા રસ્તે ચાલીને મોક્ષનગરીમાં પહોંચાય છે એ માર્ગ બતાવે છે. ૧૯ દોહામાં નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું વ્યાખ્યાન આવશે.

**जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु।**
**ते पुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु॥१२॥**

અર્થ :—જીવોને મોક્ષનું કારણ વર એટલે ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. પછી તે ત્રણેય નિશ્ચયથી આત્માને જ જાણે છે એમ શ્રી વીતરાગદેવે કહ્યું છે એમ હે પ્રભાકરભટ્ટ! તું જાણ.

દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ ત્રણ ભેદો પાડવા તે વ્યવહાર છે અને તેને એક આત્મારૂપે જાણવા તે નિશ્ચય છે એમ આચાર્યદેવ કહેશે.

ભાવાર્થ :—ભેદરત્નત્રયરૂપ વ્યવહાર-મોક્ષમાર્ગ સાધક છે અને અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે. આ રીતે નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનો સાધ્ય-સાધકભાવ, સુવર્ણ અને સુવર્ણપાષાણની જેમ જાણવો. આવું જ કથન શ્રી દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે, તેનો અભિપ્રાય

www.vitragvani.com



એવો છે કે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આ ત્રણેય વ્યવહારનયથી મોક્ષના કારણ જાણવા અને નિશ્ચયથી તે ત્રણેયમયી એક આત્મા જ મોક્ષનું કારણ છે.

ભેદરત્નત્રય એટલે શું?—કે, દેવ-શાસ્ત્ર-ગુરુની તથા નવતત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિના પરિણામ તે ભેદરત્નત્રય છે, તે મોક્ષમાર્ગમાં નિમિત્ત છે, માટે તેને સાધક તરીકે ગણવામાં આવ્યા છે. આ વિકલ્પરૂપ છે તેને છોડીને દ્રવ્યમાં એકાગ્રતા કરવી તે અભેદરત્નત્રય છે, તે જ ખરો મોક્ષમાર્ગ છે, તે જ સાધવાયોગ્ય છે.

આ બાબતમાં બહુ ગોટા ચાલે છે. લોકો શુભ ઉપયોગને સાધક માને છે. ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનમાં શુભ ઉપયોગરૂપ વ્યવહાર હોય છે અને પછી નિશ્ચય પ્રગટ થાય છે એમ માને છે પણ ખરેખર નિશ્ચય અને વ્યવહાર બંને એક સમયમાં સાથે જ હોય છે. રાગનો ભાગ છે તે વ્યવહાર-સાધક છે અને શુદ્ધસ્વરૂપમાં એકાગ્રતા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તે સાધ્ય છે. જેમ સુવર્ણ છે તે નિશ્ચય છે અને સુવર્ણ-પાષાણ વ્યવહાર છે. અગ્નિનું નિમિત્ત પામીને સુવર્ણ અને પાષાણ જુદાં પડે છે તેમ આત્મા તીવ્ર રાગથી જુદો પડે અથવા પરથી જુદો પડવાનો વિકલ્પ ઊઠે છે તે શુભરાગ છે તે વ્યવહાર-સાધક છે અને તેનાથી ભિન્ન પડેલી જ્ઞાનની એકાગ્રતાની દશા તે સાધ્ય છે.

જો કે, અગ્નિનું તો માત્ર નિમિત્ત છે, સુવર્ણ પોતે જ ઉજ્જ્વળ પરિણતિને પામે છે અને પથ્થર જુદો પડી જાય છે તેમ, ભગવાન આત્મા પોતે જ અંતર એકાગ્રતાની શુદ્ધપરિણતિ દ્વારા શુદ્ધ થતો જાય છે પણ તે વખતે શુભવિકલ્પ એ પ્રકારનો હોય છે તેને નિમિત્ત તરીકે સાધક કહેવામાં આવે છે.

ખરેખર તો જે નિશ્ચયને સાધે છે તેને વ્યવહાર હોય છે માટે તેને સાધક કહેવામાં આવે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે તે છૂટીને નિશ્ચયરત્નત્રય થાય છે તેથી ભૂતનૈગમનયથી વ્યવહારને પહેલો પણ કહેવાય છે. જે ભાવ સાધ્યને સિદ્ધ કરે તે ભાવને વ્યવહારનો આરોપ અપાય છે. સાધ્યને ન સાધે તે ભાવ વ્યવહાર નથી.

હવે દ્રવ્યસંગ્રહમાં આ માટે શું કહે છે તે જોઈએ.

**‘‘सम्मदंसणणाणं चरणं मोक्खस कारणं जाणे।**
**ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा।।’’**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવા ત્રણ ભેદ પાડવા તે વિકલ્પ છે માટે વ્યવહારનયથી મોક્ષમાર્ગ જાણવો અને નિશ્ચયથી આત્માનું અભેદરૂપ પરિણમન તે નિશ્ચય-મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી આત્મા જ મોક્ષનું કારણ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુભરાગ તો માત્ર નિમિત્તરૂપ છે. સાધક સાધના કરતો હોય તેમાં શુભરાગ નિમિત્ત છે તેને જ મોક્ષનું ખરું કારણ માની લે તો તેમાં જ અટકી જાય છે. અરે! જગતને વીતરાગમાર્ગનું સાચું સ્વરૂપ સાંભળવા પણ મળતું નથી તે ક્યાંથી સાધી શકે!!...અરે! એ તો નરક અને નિગોદના દુઃખોમાં સડી રહ્યો છે તેમાંથી ઊંચો આવતાં આવતાં મોટો ચક્રવર્તી થયો હોય પણ તત્ત્વની આરાધના કરતો નથી તો તેને દુઃખનો લાભ છે. પર્યાયના મમત્વનું ફળ તેને મળે છે. હવે જો તેને અતીન્દ્રિય આનંદનો લાભ જોઈતો હોય તો તેણે નિજ શુદ્ધચિદાનંદ આત્માની દૃષ્ટિ ને એકતાગ્રતા કરવી તો તેની મુક્તિ થાય. બાકી બધી વાતોમાં કાંઈ ન મળે.

જ્યાં સુધી પૂર્ણ નિશ્ચય વીતરાગતા પ્રગટી નથી ત્યાં સુધી નિશ્ચય-મોક્ષમાર્ગ છે તે વ્યવહારથી સાધ્ય છે—સાધવાયોગ્ય છે પણ પૂર્ણની પ્રાપ્તિ માટે તો નિશ્ચયરત્નત્રય સાધક છે, સાધન છે અને તેને દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નવતત્ત્વની શ્રદ્ધા આદિનો વિકલ્પ છે તે વ્યવહાર-સાધન છે. વસ્તુસ્થિતિની આ મર્યાદા છે તેનાથી વિશેષ કોઈ માને તો વસ્તુસ્થિતિ તેની શ્રદ્ધામાં નહિ આવે. આ માનવું મોંઘું પડતું હોય તોપણ માનવું પડશે. કેમકે, નીલમણિ કાંઈ લીંબોળીની કિંમતમાં મળે નહિ. જેની જે કિંમત હોય તે ભર્યા વિના વસ્તુ કેવી રીતે મળે? આત્મદ્રવ્યનો આશ્રય લેવો તે આત્મપ્રાપ્તિ માટેની કિંમત છે. એ કિંમત ભરે તેને જરૂર આત્મપ્રાપ્તિ થાય.

જ્ઞાયક ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદની કાતળી છે તેને જેણે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા પકડ્યો છે તેણે સાચી કિંમત ભરી છે. બાકી માત્ર શુભવિકલ્પ કરનારે કાંઈ આત્મપ્રાપ્તિ માટેની કિંમત ભરી નથી.

શ્રોતા :—શુભભાવ કરનારને કિંમત ભરવાની ઈચ્છા તો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઈચ્છા હોય તે એકાગ્ર થયા વિના રહે નહિ, તેને ઈચ્છાની ઈચ્છા ન હોય પણ દ્રવ્યમાં એકાગ્રતા કરે, તેને આત્માની ભાવના કહેવાય.

શ્રોતા :—મોક્ષ લેવા તો એ નીકળ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—નીલમણિ કેવી હોય અને ક્યાં મળે તેની ખબર વગર એ લેવા નીકળી શકતો નથી. તેમ ચિદાનંદ નીલમણિ કેવો છે અને ક્યાં રહે છે, શું કરે છે, ક્યાં મળે તેના ભાન વગર તેં શું લેવા નીકળ્યો છે? એ તો રાગની કિંમત લઈને દુઃખ લેવા નીકળ્યો છે, પથરા લેવા નીકળ્યો છે.

અહો! વીતરાગમાર્ગ વીતરાગપર્યાયથી જ શરૂ થાય છે. શુભરાગથી ધર્મ થાય એમ ત્રણકાળમાં કદી બનતું નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અરે! નરક અને નિગોદમાંથી જીવો માંડ નીકળ્યા છે પણ ફરી નરક-નિગોદમાં લઈ જાય એવા ભાવમાં સલવાઈ ગયા છે. પુણ્ય-પાપ ભાવનો આદર એને સંસારમાં ઊંડો લઈ જવાનું કારણ છે. સંસારમાં ઊંડો એટલે નિગોદમાં જવાનું કારણ છે. નિગોદના પેટ બહુ મોટા છે એટલે જ કાલે કહ્યું હતું કે તત્ત્વનો વિરોધ કરવો રહેવા દેજે ભાઈ! તત્ત્વના વિરોધના ફળમાં નિગોદમાં જવું પડશે.

આ વીતરાગની પેઢી છે પ્રભુ! રાગથી લાભ મનાવવો એ તો વીતરાગની સામે દુશ્મનની પેઢી ખોલવા જેવું છે.

જેણે રાગનો અંશ પણ રહેવા દીધો નથી એવી વીતરાગપર્યાય જેણે પ્રગટ કરી છે એવા વીતરાગી પરમાત્માનો હુકમ છે કે, ભાઈ! વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા તરફ ઢળ! રાગ અને નિમિત્તની ઉપેક્ષા કર અને પૂર્ણસ્વભાવની અપેક્ષા કર પ્રભુ! એ વિના તને તારા પત્તા નહિ લાગે ભાઈ!

પોતાની ભૂમિકા અનુસાર અણુવ્રત, મહાવ્રતાદિના વિકલ્પ આવ્યા વગર રહેતાં નથી તેથી તે ભાવને અંદરની શુદ્ધિના નિમિત્ત કહેવાય પણ તેનાથી આત્માને લાભ કાંઈ નથી. પોતાના ખજાના ખોલવામાં જેટલો એકાગ્ર થાય એટલો જ તેને લાભ છે. આવી શ્રદ્ધા પણ ન કરે તો તેના વીર્યનું વલણ રાગમાં જ જાય. માટે પ્રથમ જ શ્રદ્ધા કરવી કે, આત્મામાં એકાગ્રતાથી જ લાભ છે, બીજે ક્યાંય લાભ નથી. આવી શ્રદ્ધા વિના તો તે બહારમાં જ લાભબુદ્ધિએ વલણ કર્યા કરશે.

જ્ઞાનમૂર્તિ પ્રભુ એકલા નિર્દોષ વીતરાગી સુખનો કંદ છે તેના તરફના વલણવાળી દશા જ મુક્તિનું નિશ્ચયરૂપ કારણ છે. વચ્ચે વ્યવહાર છે તે માત્ર જાણવાલાયક છે—વ્યવહારે સાધક છે. નિર્વિકલ્પ આનંદની મૂર્તિનો જેટલો ભાવ નિર્વિકલ્પ શાંતિની પર્યાયરૂપે પરિણમે તેટલો જ મોક્ષમાર્ગ છે.

વ્યવહારરત્નત્રયને સાધકપણાનો ઉપચાર આપીને હવે આગળ મુનિરાજ કહે છે કે, નિશ્ચયરત્નત્રયરૂપ પરિણત થયેલા નિજ શુદ્ધાત્મા જ મોક્ષનો માર્ગ છે. શુદ્ધાત્મા પોતાની નિર્વિકલ્પ દૃષ્ટિપણે પરિણમ્યો, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનપણે થયો અને સ્વરૂપમાં રમણતાની શાંતિ પ્રગટી એટલો જ મોક્ષનો માર્ગ છે એમ હવે કહે છે.

**पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि।**
**दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि।।१३।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોક્ષ એ સ્વદ્રવ્યની શુદ્ધ પરિણતિ છે. મોક્ષ એ પૂર્ણ શુદ્ધ દ્રવ્યની અતીન્દ્રિય આનંદમય દશા છે તેથી તેનું કારણ પણ શુદ્ધ જ હોવું જોઈએ. શુદ્ધ દ્રવ્યના આશ્રયે પ્રગટેલી અપૂર્ણ શુદ્ધ દશા એ પૂર્ણ શુદ્ધદશાનું કારણ છે.

'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' તે આ નિશ્ચય–મોક્ષમાર્ગ છે.

ગાથાર્થ :—જે પોતાથી પોતાને દેખે છે, જાણે છે, આચરણ કરે છે તે વિવેકી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણત થયેલો જીવ મોક્ષનું કારણ છે.

અહીં 'દેખવું' બંને અર્થમાં સમજવું. સમ્યગ્દર્શન પોતાના આત્માની શ્રદ્ધા કરે છે અને અચક્ષુદર્શન ઉપયોગ દ્વારા પોતાને દેખે છે અને પોતાથી પોતાને જાણે છે અને પોતામાં લીન થાય છે તે આત્મા મોક્ષનું કારણ છે. અભવિજીવને આવા દર્શન, જ્ઞાનાદિ હોતા નથી.

પોતાની નિર્મળ જ્ઞાનાનંદ–પર્યાયથી પોતાને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. જરા નિવૃત્તિ લઈને વિચાર કરે તો બધું ખ્યાલમાં આવે પણ વિચાર જ કરતો નથી. બહારની હોળી સળગે છે તેના વિચારમાંથી ઊંચો આવતો નથી. અંદરમાં પરમાનંદનો નાથ બેઠો છે પણ તેની તો ખબર નથી, તેનો વિચાર નથી, એને શું કરવું તેનો પણ વિચાર નથી.

અહીં અંતરથી સાંભળે તો વિચાર પણ આવે. સુખ અને દુઃખની વ્યાખ્યા કેવી કરી! વિકારના પરિણામનો લાભ તે દુઃખ છે અને નિર્વિકાર પૂર્ણ પરિણામનો લાભ તે સુખ છે અને આત્મામાં એકાગ્રતાના નિર્વિકાર પરિણામનો અપૂર્ણ લાભ તે અપૂર્ણ સુખ છે. હવે પોતે ક્યાં લાભમાં ઊભો છે તે પોતે જોઈ લેવું. પગ દુખતાં હોય, ચલાતું ન હોય તેને અહીં દુઃખ કહ્યું નથી અને નીરોગ શરીરમાં સુખ કહ્યું નથી તે પણ વિચારવું. 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' એ મૂઢ અજ્ઞાની જીવોની માન્યતા છે.

અહીં તો પૂર્ણાનંદના નાથનો જેને દર્શન-જ્ઞાનમાં લાભ થાય તે સુખી છે એમ આચાર્યદેવ કહે છે. બાકી, નીરોગી શરીર અને રૂપાળા કહ્યાગરાં, કમાઉ દીકરાવાળા બધાં દુઃખી....દુઃખી છે કેમકે, એ મારા છે એવી માન્યતા જ જીવની દુઃખરૂપ દશા છે. બહારથી બધું ત્યાગીને બેઠા છે પણ અંતરથી મિથ્યાત્વનો ત્યાગ થયો નથી તે પણ બધાં દુઃખી છે.

અહો! આત્મદેવના તળિયામાં તો અમાપ આનંદ અને શાંતિ છે. તેના તાગ લેવા જાય તેને આનંદ અને શાંતિ મળે છે. જેણે ભગવાન આત્માના તળિયાના તાગ લીધા છે તે જ જગતમાં સુખી છે, બાકી દુનિયાના તાગ લેનારા બધાં દુઃખી છે.

શરીર કે સ્ત્રી પુત્રાદિ સંયોગ સરખા રહે તોપણ શું અને ન રહે તોપણ શું? એ તો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધૂળ છે અને પર છે તે સરખી ન રહે તેમાં તારે શું છે! શરીરની નીરોગતાથી મને સુખ છે એવો ભાવ પોતે જ દુઃખ છે. આ આત્મા નીરોગી ચિદાનંદ છે તેની શ્રદ્ધા અને જ્ઞાન કરે તે સુખી છે બાકી કોઈ સુખી નથી.

ભાઈ! તારી ચૈતન્યની દૌલતને તું નજરમાં લેતો નથી અને જ્યાં દૌલત નથી ત્યાં દૌલત માનીને ડોલે છો એ તું મોટી મૂર્ખાઈ કરે છો. જે જ્ઞાન વડે આત્મા જણાય તે જ્ઞાનને જ જ્ઞાન કહેવાય છે અને તેમાં જ સુખ છે. જે શ્રદ્ધામાં આત્મા પ્રતીતમાં આવે તે, જેમાં આત્માનું દેખવું થાય તે જ દર્શન છે. પોતાથી પોતામાં આચરણ કરે તે ચારિત્ર છે. નિર્વિકલ્પ વીતરાગી પરિણતિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય લઈ લેવા.

જે પોતાથી પોતાને દેખે છે, પોતાથી પોતાને જાણે છે અને પોતાથી પોતામાં લીન થાય છે તે વિવેકી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણત થયેલો જીવ, મોક્ષનું કારણ છે. દર્શન, જ્ઞાન, ચારિત્રનું પૂર્ણ પરિણમન તે મોક્ષ છે અને તેનું અપૂર્ણ પરિણમન મોક્ષનું કારણ છે, બાકી બધી વાતો છે.

❁

અહા! મહાવિદેહમાં પ્રભુ સમવસરણમાં બિરાજે છે. સો સો ઈન્દ્રો, ચક્રવર્તી આદિ તથા જંગલમાંથી સેંકડો વાઘ ને કેસરી સિંહનાં ટોળાં વાણી સાંભળવા આવે છે. અહા! પરમાત્માની એ વાણી કેવી હશે! સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે—આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે તે કોણ? કે એ તું પોતે. પર્યાયમાં જે પ્રગટ પરમાત્મા થયા; એ પદ આવ્યું ક્યાંથી? પોતે શક્તિ-અપેક્ષાએ પરમાત્મસ્વરૂપ છે એમાંથી પરમાત્મપર્યાય આવી છે. અહા! જીવે પોતાને પામર તરીકે સ્વીકાર્યો છે. દયાનો પાળનાર તે હું; પણ અરે પ્રભુ! રાગની ક્રિયા કરનારો તે તું? જ્ઞાયકને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. "સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો"—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઈન્દ્રોની સમક્ષ આવ્યો છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૪)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નિશ્ચય-વ્યવહારનો સુમેળ

(સળંગ પ્રવચન નં–૮૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ છે. બીજા અધિકારની ૧૩મી ગાથા છે.

જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માને પોતાથી નિર્વિકલ્પરૂપ દેખે છે અથવા તત્ત્વાર્થશ્રદ્ધાનની અપેક્ષાએ ચંચળતા અને મલિનતા તથા શિથિલતાનો ત્યાગ કરીને શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચય કરે છે, વીતરાગ સ્વસંવેદનલક્ષણ જ્ઞાનથી જાણે છે અને બધાં રાગાદિ વિકલ્પોના ત્યાગથી નિજસ્વરૂપમાં સ્થિર થાય છે તે નિશ્ચયરત્નત્રયથી પરિણત થયેલ પુરુષ–જીવ જ મોક્ષનો માર્ગ છે. ટૂંકમાં, નિશ્ચયરત્નત્રરૂપે પરિણમેલો જીવ જ મોક્ષનો માર્ગ છે.

ગાથામાં, આત્માને પેચ્છઇ એટલે અવલોકવો તે સમ્યગ્દર્શન છે એમ કહ્યું, આ સાંભળીને શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે હે પ્રભો! તત્ત્વાર્થશ્રદ્ધાનરુચિરૂપ સમ્યગ્દર્શન તે મોક્ષનો માર્ગ છે તેમાં તો દોષ નથી પણ આપે તો કહ્યું કે, દેખવું તે દર્શન, જાણે તે જ્ઞાન અને આચરણ કરે તે ચારિત્ર છે, તો આ દેખવારૂપ દર્શન મોક્ષનો માર્ગ કેવી રીતે હોઈ શકે? 'દેખવું' તો અભવિને પણ હોય છે પણ તેને મોક્ષનો માર્ગ તો હોતો નથી. . ચક્ષુદાન, અચક્ષુદર્શન આદિથી અભવિને પણ 'દેખવું' તો થાય છે પણ તેને મોક્ષમાર્ગ થવો ભગવાને કહ્યો નથી. શાસ્ત્રમાં તો એ નિશ્ચયથી કહ્યું છે કે, અભવિને મોક્ષ થતો જ નથી, તેથી તેને મોક્ષનો માર્ગ પણ ન હોય. છતાં દેખવારૂપ દર્શન વડે મોક્ષમાર્ગ તેને માનીએ તો આગમથી વિરુદ્ધ માન્યતા થાય માટે આપ સમાધાન કરો.

જુઓ! આ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યગ્દર્શનની જ વાત છે. વ્યવહારસમ્યગ્દર્શનની વાત અહીં કરી નથી.

પ્રશ્ન સમજાયો? ગુરુએ 'દેખવું' તે 'દર્શન' કહ્યું, તેથી શિષ્યનો પ્રશ્ન છે કે, દેખવું તો અભવિને પણ છે અને મોક્ષમાર્ગ તો તેને હોતો નથી, તો આ ક્યાં પ્રકારના દર્શનને તમે મોક્ષમાર્ગ કહો છો? એમ પ્રશ્ન છે તેનું સમાધાન આમ છે કે, અભવ્યોને જે દેખવારૂપ દર્શન છે તે તો માત્ર બાહ્યપદાર્થોનું જ છે, અંતરંગ શુદ્ધાત્મતત્ત્વનું દર્શન અભવ્યોને હોતું નથી. તેને મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થતાં નથી અને શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યગ્દર્શન પણ તેને નથી અને ચારિત્રમોહના ઉદયથી વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્માનું સત્તાવલોકન પણ તેને નથી.

www.vitragvani.com



ચક્ષુ અને અચક્ષુદર્શન વડે અભવિને માત્ર બાહ્યપદાર્થોનું અવલોકન થાય છે પણ સ્વશુદ્ધાત્માનું અવલોકન તો તેનાથી થતું નથી. વળી શુદ્ધાત્મા જ—નિર્મળજ્ઞાયકભાવ જ–પરમાનંદ સ્વરૂપ શુદ્ધસ્વભાવ જ ઉપાદેય અને અંગીકાર કરવા લાયક છે. એવી રુચિરૂપ સમ્યગ્દર્શન અભવિને હોતું નથી. શુદ્ધાત્માની રુચિવંતને જ અંતરંગ દર્શન થાય છે. શુદ્ધાત્મા જ આદરવાલાયક છે એમ અભવિને શ્રદ્ધામાં બેસતું નથી. શરીર અને પુણ્ય–પાપના વિકલ્પ હેય છે, એક જ્ઞાયકભાવ જ ઉપાદેય છે એમ અભવિને બેસતું નથી તેથી તેને આત્મદર્શન હોતું જ નથી. ભવ્યજીવને જ નિશ્ચય સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી હોય છે.

અભવિને ચારિત્રમોહનો ઉદય પણ હોવાથી વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્માનું સત્તાવલોકન પણ ક્યારેય થતું નથી.

તાત્પર્ય એ છે કે, નિશ્ચયથી અભેદરત્નત્રય પરિણત થયેલો નિજ શુદ્ધાત્મા જ મોક્ષનો માર્ગ છે. ખરેખર, પોતાના અંતરશુદ્ધ સ્વભાવની રુચિ, સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન અને શુદ્ધાત્મસ્વરૂપમાં લીનતારૂપે થયેલો આત્મા પોતે જ મોક્ષનો માર્ગ છે. આ શૈલીની વાત આગળ ૩૪મી ગાથા આવે છે તેમાં પણ આ જ વાત છે.

દ્રવ્યસંગ્રહમાં પણ આવી જ સાક્ષીભૂત ગાથા કહી છે. તેનો અર્થ એ છે કે, રત્નત્રય આત્મા સિવાય અન્ય દ્રવ્યોમાં રહેતાં નથી તેથી મોક્ષનું કારણ આ ત્રણ રત્નમય નિજ આત્મા જ છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં પણ રત્નત્રય રહેતાં નથી.

શ્રોતા :—દેવ-શાસ્ત્ર-ગુરુમાં અમારાં રત્નત્રય રહેતાં નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દેવ-શાસ્ત્ર-ગુરુ પાસે તો તમારા રત્નત્રય નથી પણ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધામાં પણ રત્નત્રય નથી. કેમકે એ વિકલ્પ છે. વિકલ્પમાં કે રાગમાં રત્નત્રય વસતાં નથી.

શ્રોતા :—વ્યવહારરત્નત્રય નિશ્ચયનું સાધન છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ છોડીને અંતરમાં નિશ્ચયરત્નત્રય પ્રગટ કરે તો વ્યવહારને ઉપચારથી સાધન કહેવાય. હમણાં જ ૧૪મી ગાથામાં આ વાત આવશે.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તત્ત્વમાં જ બધી શક્તિઓ રહેલી છે તેની અંતરદૃષ્ટિ અને એકાગ્રતા દ્વારા રત્નત્રયપરિણતિએ પરિણમતો આત્મા જ મોક્ષનું કારણ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધામાં રત્નત્રય વર્તતા નથી–હોતાં નથી.

આ ૧૩મી ગાથા થઈ. હવે ૧૪મી ગાથામાં ભેદરત્નત્રયસ્વરૂપ વ્યવહાર છે તે પરંપરા મોક્ષનો માર્ગ છે એમ દર્શાવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जं बोल्लइ व्यवहारु-णउ दंसणु णाणु चरित्तु।
तं परियाणहि जीव तुहुँ जे परु होहि पवित्तु॥१४॥

હે જીવ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગના સાધક એવા વ્યવહારમોક્ષમાર્ગને જાણ! કે જેના જાણવાથી તું ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર થાય.

ભાવાર્થ :—હે જીવ! તું તત્ત્વોનું શ્રદ્ધાન, શાસ્ત્રોનું જ્ઞાન અને અશુભક્રિયાઓના ત્યાગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વ્યવહારમોક્ષમાર્ગને જાણ! જેને જાણવાથી તું પરંપરાએ પવિત્ર થઈશ.

જુઓ! વ્યવહારમોક્ષમાર્ગને 'જાણ' એમ કહે છે તેને આદરવાનું કહેતા નથી કેમ કે તે સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, પરંપરા કારણ છે. ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા કે જે રાગરહિત છે તે જ ખરો મોક્ષનો માર્ગ છે તેની સાથે સાધક તરીકે—નિમિત્ત તરીકે વ્યવહારમોક્ષમાર્ગ સાથે હોય છે. તે કેવો હોય છે તેનું વર્ણન કરે છે. ૧૩મી ગાથામાં નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો અને અહીં ૧૪મી ગાથામાં નિશ્ચયની સાથે રહેતાં વ્યવહારમોક્ષમાર્ગનું કથન છે. ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની પૂર્વે વ્યવહાર વિકલ્પ હોય છે અને સાથે પણ હોય છે તેથી નિમિત્ત તરીકે તેને સાધન કહ્યાં છે. મૂળ તો નિશ્ચયથી મોક્ષ થશે પણ વિકલ્પનો અભાવ કરીને નિશ્ચય થાય છે તેથી પરંપરાએ વ્યવહારથી મોક્ષ થશે એમ કહેવાય છે.

આ, નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. વીતરાગ સર્વજ્ઞદેવના કહેલાં છ દ્રવ્યો, સાત તત્ત્વ, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય આદિનું શ્રદ્ધાન, તેના સ્વરૂપનું જ્ઞાન, શુભક્રિયાનું આચરણ આ વ્યવહાર-મોક્ષમાર્ગ છે. જોયું! વ્યવહાર પણ આવો હોય. કારણ કે, જીવદ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે, એક સમયમાં સહજપણે પોતાને જાણતાં સર્વને જાણે. આવો સ્વભાવ હોવાથી પહેલાં વિકલ્પાત્મક જ્ઞાનમાં પણ તેને ભગવાન કહેલાં છ દ્રવ્યાદિનું જ્ઞાન હોવું જોઈએ. એકલો આત્મા—આત્મા કર્યા કરે છે એમ ન ચાલે. વિકલ્પાત્મક જ્ઞાનમાં એને છએ દ્રવ્યોનું જ્ઞાન હોવું જોઈએ. પછી તે વ્યવહારને પણ છોડીને એકલા નિશ્ચયને પામે તેને મોક્ષમાર્ગ કહે છે.

જેને આવી વ્યવહાર શ્રદ્ધા પણ નથી તે તો નિશ્ચયને કદી પામી ન શકે એટલું બતાવવા અહીં વ્યવહારને સાધક કહ્યો છે. જેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છે, એક જ આત્મા છે, જગતમાં બીજું કાંઈ નથી એવું માને છે તે માન્યતાને વ્યવહાર કહેવાતો નથી. વીતરાગ ભગવાને કહેલાં છ દ્રવ્ય, સાત તત્ત્વાદિની શ્રદ્ધા અને જ્ઞાન જ નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહાર સાધન થઈ શકે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જીવનો જ્ઞાનનો પર્યાય જ એવો છે કે છ દ્રવ્યને જાણવાની તાકાતવાળો છે. પરલક્ષી જ્ઞાનની પર્યાયમાં પણ એટલી તાકાત છે પણ તે વિકલ્પવાળું જ્ઞાન છે. તેમાંથી એક આત્માને તારવીને નિર્વિકલ્પ કરવો તેનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થઈ શકે ત્યાં સુધી એને છ દ્રવ્યની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને રાગની મંદતાનો જ વિકલ્પ હોય. અશુભરાગનો પુરુષાર્થ છૂટીને, શુભરાગનો પુરુષાર્થ છે. કુદેવ-કુગુરુની શ્રદ્ધા છૂટીને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે. બીજાઓએ અનંત તત્ત્વો ઊંધા કહ્યાં છે તેની શ્રદ્ધા-જ્ઞાનનો રાગ છૂટી ગયો છે પણ સાચા તત્ત્વની શ્રદ્ધા-જ્ઞાનનો રાગ છે.

વસ્તુ જ એવી મહાન ઉત્કૃષ્ટ છે કે તેની પરલક્ષવાળી પર્યાય પણ છ દ્રવ્યને જાણવાની તાકાત ધરાવે છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રવંતની ભૂમિકામાં આવા જ વિકલ્પો નિમિત્તરૂપે હોય, બીજી જાતના વિકલ્પો ન હોય, એ બતાવવા તેને 'સાધક' તરીકેનો આરોપ કરવામાં આવ્યો છે.

કાલે દાખલો આપ્યો હતો કે, સુવર્ણ પોતાની મેળે જ પથ્થરથી જુદું પડે છે પણ તેમાં નિમિત્ત તરીકે અગ્નિ છે તેથી અગ્નિ વડે સોનું પથ્થરથી જુદું પડી ગયું એમ કહીને નિમિત્તનું જ્ઞાન કરાવાય છે. નિશ્ચયથી તો સોનું પોતે જ છૂટું પડતું પડતું સોળવલું શુદ્ધ થાય છે પણ તેમાં નિમિત્ત તરીકે અગ્નિ જ હોય, બીજું કાંઈ ન હોય. તેમ નિશ્ચય રત્નત્રય સાથે દેવ-ગુરુની શ્રદ્ધા, સાત તત્ત્વ, છ દ્રવ્યની શ્રદ્ધા, શાસ્ત્રજ્ઞાન, મંદરાગરૂપ વિકલ્પ જ નિમિત્તરૂપ હોય, બીજાં વિકલ્પ ન હોય એમ કહીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

શુદ્ધાત્માને શ્રદ્ધામાં તોળનાર નિશ્ચયની સાથે છ દ્રવ્યને તોળે એવો વિકલ્પ જ હોય—બીજો ન હોય. નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં તો મહાન મહાન એવા સ્વદ્રવ્યને તોળ્યો છે તેની ભૂમિકામાં વ્યવહાર વિકલ્પ પણ છ દ્રવ્યના શ્રદ્ધા, જ્ઞાન અને કષાયની મંદતા કરે એવા હોય છે માટે તે વિકલ્પને સાધક ગણવામાં આવ્યા છે પણ નિશ્ચયથી તો તે કાળે પોતાના સ્વરૂપનું સાધન જ નિશ્ચયનું સાધક થાય છે. સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જ સાધક છે તેની સાથે વિપરીત શ્રદ્ધા-જ્ઞાન તેની ભૂમિકામાં હોય જ નહિ. જેવું સિદ્ધનું સ્વરૂપ છે એવું જ સંસારીનું સ્વરૂપ છે. તે જે રીતે છે તે જ રીતે તેની વિકલ્પાત્મક શ્રદ્ધામાં વર્તે છે. સિદ્ધ થયા પછી પણ જીવ અવતાર લે છે એવી વિપરીત શ્રદ્ધા તેને ન હોય.

નિશ્ચયની સાથેનો આવો વ્યવહાર બતાવીને ભગવાને બીજાં ઊંધા ભાવોનો નિષેધ કર્યો છે પણ વ્યવહારને શુદ્ધ કહ્યો નથી. વ્યવહાર પણ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયની સાથે વ્યવહાર છે તેને સાધક કેમ કહ્યો તેની આ વ્યાખ્યા ચાલે છે. બાકી શુદ્ધિ તો સ્વદ્રવ્યના આશ્રયે જ છે. વ્યવહારના આશ્રયે શુદ્ધિ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આખો ચૈતન્યપદાર્થ જે દૃષ્ટિમાં આવ્યો કે જેમાં ગુણોનું અપારપણું છે—શક્તિઓનો પાર નથી એવા આખા પદાર્થને નિર્વિકલ્પ દૃષ્ટિમાં લીધો, સ્વસંવેદનથી જાણ્યો, સ્થિરતાએ રમ્યો એ જ ખરેખર એક મોક્ષમાર્ગ છે તે નિશ્ચય છે. છ દ્રવ્યાદિની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને તો વ્યવહાર તરીકે સાધક કહ્યાં છે, નિશ્ચયથી તે સાધક નથી.

જ્ઞાનીને જોર તો સ્વભાવ તરફનું જ છે. વ્યવહાર વિકલ્પનું જોર નથી. પણ વિકલ્પ આ નિશ્ચયને અનુરૂપ જ હોય. બધાં આત્મા એક જ છે અને બધાં ધર્મ એક જ છે એવા વિપરીત વિકલ્પો તેને ન હોય. છ દ્રવ્યનું જ્ઞાન કરે છે તેમાં અનંતા સિદ્ધો છે, અનંતા નિગોદના જીવો છે, ચાર ગતિ છે એ પ્રકારનું બધું સામાન્ય જ્ઞાન આવી જાય છે. વિશેષ ખ્યાલ ન હોય પણ સત્યથી વિરુદ્ધ તેનું જ્ઞાન ન હોય—એવી મર્યાદા છે.

શ્રોતા :—વ્યવહારને નિશ્ચયનો સહાયક ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્યવહારથી તેને નિશ્ચયનો સહાયક કહેવાય પણ ખરેખર સહાયક નથી. વ્યવહારનું કથન જ એવું હોય છે જેમ કે, 'સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્‌ગલને ધર્માસ્તિકાય ગતિમાં સહાયક છે' પણ તેનો અર્થ શું? શું તે જીવ-પુદ્‌ગલને ગતિનો સ્વકાળ ન હતો? તે સ્વયં ગતિ કરતાં ન હતાં? શું ધર્માસ્તિકાયની સહાયથી ગતિ કરવા લાગ્યા?—ના. જીવ–પુદ્‌ગલ સ્વયં જ ગતિ કરે છે. એ જ રીતે દ્રવ્યના દરેક પરિણમનમાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ સમજવા. વસ્તુસ્થિતિ જ આવી છે તેમાં ખેંચી-તાણીને કાંઈ ફેરફાર ન કરી શકાય.

સર્વજ્ઞને સિદ્ધ (સાબિત) કરવા જાય તો આ રીતે જ વસ્તુસ્થિતિ ઊભી થાય છે–બીજી રીતે થતી જ નથી. સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય તેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે અને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તેને નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા થાય છે તેની સાથે જેટલો રાગ રહી જાય છે તેને તેનું જ્ઞાન માત્ર જાણે છે. ધર્મીનું જ્ઞાન નિશ્ચયને નિશ્ચય જાણે છે, વ્યવહારને વ્યવહાર જાણે છે અને બાહ્ય નિમિત્તને નિમિત્ત તરીકે જાણે છે અને સર્વજ્ઞ ભગવાન પણ તેને એમ જ જાણે છે. આ જ રીતનો મેળ છે. બીજી રીતે મેળ હોતો જ નથી. જેટલો નિશ્ચય જ્ઞાનીને પ્રગટ થયો છે અને જેટલો રાગ બાકી રહ્યો છે અને જેટલાં કર્મોનો અભાવ થયો છે તેને ભગવાન એ રીતે જ જાણે છે અને તે જીવ પોતે પણ જેમ છે તેમ જ્ઞાન કરે છે. જેવું આને બેઠું છે એવું જ કેવળી જાણે છે. જો આ વાત બેસે તો બધી ઘડ બેસી જાય.

સર્વજ્ઞે ષટ્‌દ્રવ્યોનું જેવું સ્વરૂપ જાણ્યું છે એવું જ વસ્તુનું સ્વરૂપ છે એમ ધર્મી જાણે છે એવો તેના જ્ઞાનનો ઉઘાડ હોય છે અને સાથે વિકલ્પ પણ એવો જ હોય છે. તે પરાશ્રિત વિકલ્પને વ્યવહારમોક્ષમાર્ગ કહેવાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ખરેખર જે મોક્ષમાર્ગ નથી તેને મોક્ષમાર્ગ કહેવો તેનું નામ વ્યવહાર છે. ખરેખર જે મોક્ષમાર્ગ છે તેને મોક્ષમાર્ગ કહેવો તે નિશ્ચય છે. સર્વજ્ઞથી નક્કી કરે કે પોતાથી નક્કી કરે પણ મોક્ષમાર્ગનું સ્વરૂપ આ રીતે જ ઊભું થશે. સ્વાશ્રય થયો તે નિશ્ચય છે ત્યારે પરાશ્રિતભાવ છે તે વ્યવહાર છે. ભગવાન એક સમયમાં સ્વભાવ, નિયત, પુરુષાર્થ, ક્રમબદ્ધ અને નિમિત્તને જેમ છે તે તેમ જાણે છે એમ જ પોતાના જ્ઞાનથી નિર્ણય કરનારને પાંચેય સમવાય નક્કી થાય છે.

નિશ્ચય હોય ત્યાં વ્યવહારની ભૂમિકા હોય છે પણ વ્યવહાર હોય ત્યાં નિશ્ચય હોય—એમ નથી. નિશ્ચયપૂર્વકનો વ્યવહાર હોય તેને જ સાચો વ્યવહાર કહેવાય છે. વસ્તુ આમ છે. લખાણ ભલે ગમે તે આવે પણ વસ્તુસ્થિતિ આમ છે.

નિજ શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું આચરણ આ નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સાધ્ય છે અને વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે. નિશ્ચયમોક્ષમાર્ગ મૂળ વસ્તુ છે. છ દ્રવ્યની શ્રદ્ધા, છ દ્રવ્યનું જ્ઞાન અને તે સંબંધી રાગની મંદતા એ વ્યવહારમોક્ષમાર્ગ છે તે સાધક છે.

આ સાંભળી શિષ્યે પ્રશ્ન કર્યો કે, હે પ્રભો! નિશ્ચયમોક્ષમાર્ગ જે નિશ્ચયરત્નત્રય તે તો નિર્વિકલ્પ છે અને વ્યવહારરત્નત્રય તો વિકલ્પસહિત છે તો આ વિકલ્પદશા નિર્વિકલ્પપણાનું સાધન કેવી રીતે થઈ શકે? માટે તેને સાધક ન કહો. સાધક અને સાધ્ય શબ્દ ઉપરથી શિષ્યને પ્રશ્ન ઉઠ્યો છે કે વ્યવહારને તમે સાધક એટલે મદદગાર, સહાયક કહો છો પણ તે તો રાગવાળી દશા છે. તેનાથી વીતરાગદશાની સાધના શી રીતે થઈ શકે? આમ શિષ્યના નામે ટીકાકારે સ્વયં પ્રશ્ન ઉઠાવ્યો છે. સાધ્યદશા પ્રગટ થાય ત્યારે રાગવાળી દશા તો હોતી નથી તો તેને સાધન કેમ કહેવાય?

ગુરુ સમાધાન કરે છે કે, ભૂતનૈગમનયથી વ્યવહારને પરમાર્થનું પરંપરા સાધન કહેવાય છે. વિકલ્પને તોડીને નિર્વિકલ્પ થવાય છે તેથી વિકલ્પનું તૂટવું તે નિર્વિકલ્પતાનું કારણ કહેવાય છે. છ દ્રવ્યાદિ સંબંધી વિકલ્પોનું લક્ષ છોડીને નિર્વિકલ્પ થાય છે. વિકલ્પના સહારે નિર્વિકલ્પ થવાતું નથી. વિકલ્પ પહેલાં હતાં અને એ છૂટીને નિર્વિકલ્પદશા થઈ તેથી ભૂતનૈગમનયે વિકલ્પને—વ્યવહારને સાધન કહ્યું છે. જેટલો જેટલો રાગ છે તેને તોડતો આગળ વધતો જાય છે. વિકલ્પનો તો અભાવ કરતો જાય છે માટે, વિકલ્પ ભૂતનૈગમનયે સાધન કહેવાય. બાકી, તેનો તો અભાવ થાય છે તે સાધન કેમ બની શકે! વર્તમાનમાં રાગ છે તે વીતરાગતાને મદદ કરે છે—એમ નથી. નિર્વિકલ્પ થાય ત્યારે દૃષ્ટિમાં તો રાગ છે જ નહિ પણ પૂર્વમાં રાગ હતો તેનો અભાવ કરીને નિર્વિકલ્પ થયો માટે રાગને સાધક કહેવામાં આવ્યો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે. જે રાગ છે તેને પણ ઘટાડતો ઘટાડતો સ્થિર થતો જશે.

મારગ તો બાપા વીતરાગ છે ભાઈ! માર્ગ એક જ છે. રાગને તો માત્ર આરોપ કરીને સાધન કહ્યો છે પણ તેનો તો અભાવ થતો જાય છે. આમ, નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે અને વ્યવહાર પરંપરાએ મોક્ષમાર્ગ છે અથવા સવિકલ્પ નિર્વિકલ્પના ભેદથી નિશ્ચયમોક્ષમાર્ગ પણ બે પ્રકારનો છે. 'હું અનંત જ્ઞાનરૂપ છું, શુદ્ધ છું, એક છું, એમ 'સોહમ્'નું ચિંતવન છે તે સવિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ છે તેને સાધક કહે છે અને જ્યાં કાંઈ ચિંતવન નથી, બોલવાનું નથી, ચેષ્ટા નથી તે નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે.

પોતાના સ્વરૂપ-સંબંધમાં વિકલ્પ ઉઠે છે કે, હું અનંત અપાર જ્ઞાન-દર્શનસ્વભાવ છું, શુદ્ધ છું, એક છું એ બધો વિકલ્પ ઉઠે છે તે આસ્રવ જ છે પણ અપેક્ષાથી તેને સવિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ કહેવાય છે. કેમ કે, સ્વની ભૂમિકામાં પેસતાં આવાં વિકલ્પો પ્રથમ આવે જ છે. અનંત જ્ઞાનરૂપ હું, અનંત આનંદરૂપ હું, અનંત સુખરૂપ હું....એવો જે સ્વાશ્રિત વિકલ્પ ઉઠે છે તે નિર્વિકલ્પતાનો સાધક છે. આવા વિકલ્પમાંથી ખસીને નિર્વિકલ્પ થઈ જાય છે—સ્વમાં ઠરી જાય છે ત્યારે તે વિકલ્પને સાધક કહેવાય છે. સ્વનો વિકલ્પ છે માટે તેને નિશ્ચય કહ્યો પણ વિકલ્પ હોવાથી તે વ્યવહાર જ છે—રાગ છે. શુદ્ધિ તો નિર્વિકલ્પતામાં જ પ્રગટ થાય છે પણ અંતર ઘોલનમાં જતાં પહેલાં આવી એક દશા ઊભી થાય છે કે જેમાં પરનું માહાત્મ્ય તૂટતું જાય છે અને સ્વનું માહાત્મ્ય આવતું જાય છે. અહા! અનંત જ્ઞાન! અનંત આનંદ! મહાન...મહાન...એમ થાય છે. છ દ્રવ્યનો વિકલ્પ હતો તે પર સંબંધી હતો અને આ પોતા સંબંધી છે માટે તેને નિશ્ચય કહ્યો પણ વિકલ્પ હોવાથી તે પણ વ્યવહાર છે. સ્વસંબંધી વિકલ્પને પણ તોડીને અંદર જવું છે માટે તેને સાધક કહ્યો છે. મહાન ભગવાનની અંદર જવું છે એવા ભાવે વિકલ્પ ઉઠ્યો છે તેથી વિકલ્પ તૂટી જશે અને નિર્વિકલ્પતા પ્રગટ થશે માટે તે વિકલ્પને સાધક કહ્યો પણ વિકલ્પ પોતે તો આસ્રવ છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર કે છ દ્રવ્ય સંબંધી વિકલ્પ પણ છોડીને એકમાત્ર નિજ ચૈતન્યદેવના માહાત્મ્યમાં તેના સંબંધી આવી જાય છે કે અહા! વસ્તુ આવી! આવો જે વિકલ્પ ઉઠે છે તેને નિશ્ચયમોક્ષમાર્ગની પહેલી ભૂમિકામાં સાધક કહેવામાં આવ્યો છે. તે વિકલ્પમાંથી ખસીને સ્વરૂપમાં ઠરે છે એવી જે નિર્વિકલ્પ સમાધિ તે સાધ્ય છે. વિકલ્પને કારણે નિર્વિકલ્પતા થઈ નથી, વિકલ્પમાંથી ખસ્યો ત્યારે નિર્વિકલ્પ થયો છે આવો ભાવાર્થ છે.

શ્રી તત્ત્વસારમાં પણ સવિકલ્પ...નિર્વિકલ્પ મોક્ષમાર્ગના કથનમાં આવી ગાથા છે ''**जं पुण सगयं**.....'' ઈત્યાદિ તેનો સારાંશ એ છે કે, જે આત્મતત્ત્વ છે તે સવિકલ્પ નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનું છે. જે વિકલ્પ સહિત છે તે તો આસ્રવ સહિત છે અને જે નિર્વિકલ્પ

www.vitragvani.com



છે તે આસ્રવ રહિત છે. અંતરના કાંઠે આવીને 'આ હું આ હું—એવો મહિમાભર્યો વિકલ્પ ઉઠ્યો છે તે સ્વ સંબંધી હોવાથી તેને નિશ્ચય કહેવામાં આવ્યો છે પણ વિકલ્પ હોવાથી આસ્રવ જ છે, પુણ્ય બંધનું કારણ છે. તેનાથી છૂટીને નિર્વિકલ્પ થાય છે ત્યારે નિરાસ્રવ થાય છે. આસ્રવ છે તે સંવર—નિર્જરાનું કારણ થતું નથી.

ભગવાન આત્મા પોતાની વીતરાગી પર્યાયે પરિણમે છે તે એક જ મોક્ષનો માર્ગ છે. તેમાં છ દ્રવ્યાદિ સંબંધી વિકલ્પને વ્યવહારે નિમિત્ત કહ્યાં અને સ્વાત્માસંબંધી વિકલ્પને નિશ્ચય નિમિત્ત કહીને બંનેને સાર્થક કહ્યાં પણ બંને આસ્રવરૂપ છે.

આ રીતે નિશ્ચય—વ્યવહારનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. બરાબર જાણે તો જ વસ્તુની યથાર્થપણે સિદ્ધિ થાય.

❀

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦)*

# નિશ્ચય-વ્યવહાર-સમ્યક્ત્વનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં.–૮૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશના બીજા ભાગની ૧૫મી ગાથા છે. ત્રણ ગાથામાં નિશ્ચય-વ્યવહાર-મોક્ષમાર્ગનું કથન કર્યું હતું. હવે આગળ ચૌદ ગાથા સુધી વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રથમ અંગ વ્યવહારસમ્યક્ત્વની મુખ્યતાથી કથન કરે છે.

**दव्वइँ जाणइ जहठियइँ तह जगि मण्णइ जो जि।**
**अप्पहँ केरउ भावऽउ अविचलु दंसणु सो जि॥१५॥**

અર્થ :—છ દ્રવ્યનું સ્વરૂપ જેવું છે તેવું જાણે અને તેની નિર્દોષ શ્રદ્ધા કરે તે વ્યવહાર-સમકિતનું કારણ છે અને આત્માનું સ્વરૂપ જેવું છે તેવા શ્રદ્ધા, જ્ઞાન કરવા તે નિશ્ચયસમકિતનું કારણ છે. આત્માની ચલમલિન-અવગાઢ દોષ રહિત શ્રદ્ધા તે જ આત્મદર્શન છે.

ભાવાર્થ :—આ જગત છ દ્રવ્યમયી છે. માટે આ છ દ્રવ્યોને સારી રીતે જાણીને તેનું શ્રદ્ધાન કરવું. તે એવું શ્રદ્ધાન કે જેમાં બિલકુલ સંદેહ નથી—તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન આત્માનો નિજ સ્વભાવ છે.

જગતમાં છ દ્રવ્યો અનાદિથી છે. તેને કોઈએ બનાવ્યા નથી. આ છ દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોને જેમ છે તેમ જાણીને તેની શ્રદ્ધા કરવી તે વ્યવહારશ્રદ્ધાનો વિષય છે. જાણ્યા વગરનું શ્રદ્ધાન સાચું હોતું નથી. જેને આત્માની શ્રદ્ધારૂપ નિશ્ચયશ્રદ્ધા પ્રગટ થઈ છે તેને છ દ્રવ્યના શ્રદ્ધાનરૂપ વ્યવહાર શ્રદ્ધા હોય જ છે. નિશ્ચયશ્રદ્ધા હોય અને વ્યવહારશ્રદ્ધા ન હોય એમ કદી ન હોઈ શકે. કોઈ એમ કહે કે અમને તો નિશ્ચયશ્રદ્ધા છે પણ વ્યવહારશ્રદ્ધા નથી તો એમ ન હોય એ માટે આ વ્યવહારશ્રદ્ધાની વાત કરી છે.

સમ્યગ્દર્શન આત્માનો નિજસ્વભાવ છે. વ્યવહારના વિકલ્પ કાળે પણ નિશ્ચય-સમ્યગ્દર્શનનો વિષય તો નિજસ્વભાવ જ છે.

હવે નિશ્ચયસમ્યગ્જ્ઞાન શું છે તેનો વિસ્તાર તો આગળ ૨૯મી ગાથાથી લેશે પણ અહીં 'જાણ' શબ્દ આવ્યો છે એટલે થોડી વાત કરે છે. વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન થાય છે તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે અને તેનું પરંપરાકારણ શાસ્ત્રોનું જ્ઞાન છે એમ યથાર્થ રીતે જાણે અને માને કે બધાં દ્રવ્યોમાં નિજ આત્મદ્રવ્ય જ ધ્યાવવાયોગ્ય છે.

www.vitragvani.com



રાગ વિનાનું આત્માનું જ્ઞાન તે નિશ્ચયજ્ઞાન છે. પરમાગમના જ્ઞાનમાં સાથે વિકલ્પ છે તેથી તેને નિશ્ચયનું પરંપરાકારણ કહ્યું. નિશ્ચયજ્ઞાનમાં વિકલ્પ નથી અને તે મોક્ષનું સાક્ષાત્ એટલે કે સીધું કારણ છે. પરમાગમોના જ્ઞાન વડે છ દ્રવ્યનું સ્વરૂપ સમજીને તે બધાંમાં સારભૂત તો નિજ આત્મદ્રવ્ય જ છે એમ જ્ઞાની તારવી લે છે. નિર્વિકલ્પ આનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા જ દૃષ્ટિ કરીને ધ્યાન કરવા લાયક છે એવી રુચિ થવી તે નિશ્ચયસમ્યક્ત્વ છે. આવું નિશ્ચયદર્શન કરનારને છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ આવ્યા વગર રહેતો નથી.

નિશ્ચય પ્રગટ થયો તેને સાથે વ્યવહાર હોય જ છે એ વ્યવહારની મુખ્યતાથી અહીં કથન છે. પણ નિશ્ચય તો સાથે છે જ. વ્યવહારની મુખ્યતાથી કથન છે તેથી નિશ્ચય ગૌણ છે એમ નથી. નિશ્ચય જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. વ્યવહાર તો પરંપરાકારણ છે.

વીતરાગ અરિહંતદેવ તે સાચા દેવ છે, નિર્ગ્રંથગુરુ તે જ સાચા ગુરુ છે અને અહિંસા પરમ ધર્મ છે એમ દેવ-ધર્મની બરાબર શ્રદ્ધા કરવા તે વ્યવહાર છે. આ વ્યવહાર-સમકિતમાં ૨૫ પ્રકારના દોષોનો ત્યાગ હોય છે તે દોષો ક્યા છે તે અહીં બતાવે છે. નિશ્ચયમાં તો માત્ર નિજ આત્માની શ્રદ્ધા છે પણ વ્યવહારમાં છ દ્રવ્યની શ્રદ્ધા, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા અને ૨૫ દોષોનો ત્યાગ હોય છે.

જેને આત્માનું હિત કરવું છે તેણે આ બધું જાણવું પડશે. વેપારમાં કેટલો ઊંડો ઉતરીને જાણપણું કરે છે! તેમ જેને મોક્ષમાર્ગનું ચક્ર ચલાવવું છે તેણે નિશ્ચય-વ્યવહાર બંનેનું જાણપણું કરવું પડશે અને તેની શ્રદ્ધા પણ કરવી પડશે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ તેની સાથે જ રહેશે. વ્યવહારશ્રદ્ધામાં ક્યાં ૨૫ દોષોનો ત્યાગ છે તે બતાવીને યશતિલકની ગાથા આ પ્રમાણે છે.

**मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट्।**
**अष्टौ शङ्कादयश्चेति दृगदोषाः पञ्चविंशतिः॥'**

ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન, આઠ શંકા આમ ૨૫ દોષો છે તેનો સમકિતમાં ત્યાગ હોય છે.

(૧) દેવમૂઢતા :—દેવ કોણ છે અને કુદેવ કોણ છે તેનો વિવેક ન હોવો તે દેવમૂઢતા છે. એવી મૂઢતા સમકિતીને ન હોય. કોઈ એમ માને કે આપણે ધર્મશાળા બંધાવી તે ત્યાગધર્મ છે અને ત્યાગધર્મ તે મોક્ષનું કારણ છે માટે આપણો મોક્ષ નક્કી છે. ભાઈ! આ ત્યાગ તે ત્યાગ નથી. વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી જ્ઞાનપૂર્વક વીતરાગી પરિણતિ થવી તે ત્યાગ છે, તેનાથી મોક્ષ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(૨) ગુરુમૂઢતા :—ગુરુ કોણ અને કુગુરુ કોણ તેનો વિવેક ન હોય તે ગુરુમૂઢતા છે. સમકિતીને દેવની જેમ ગુરુનો પણ વિવેક હોય છે.

(૩) ધર્મમૂઢતા :—ધર્મ-કુધર્મનો વિચાર ન હોય તે ધર્મમૂઢતા છે.

આ ત્રણેય દોષોને છોડીને જ વ્યવહારશ્રદ્ધા ચોખ્ખી થાય છે.

હવે આઠ મદમાં (૧) જાતિમદ :—સમકિતી જાતિને પોતાની માનતા જ નથી તેથી તેનો મદ સમકિતીને થતો નથી. આત્મા તો નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છે તેને માતા જ ન હોય તો જાતિ ક્યાંથી હોય!

(૨) કુળમદ :—અમારા બાપ-દાદા રાજા હતાં, બહુ પ્રખ્યાત હતાં એવો કુળમદ ધર્મીને હોતો નથી. બાહ્યનું અભિમાન આવે ત્યાં સમકિત રહેતું નથી. રાગથી ભિન્ન—અધિક આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો તેને આવા મદ હોય જ નહીં.

(૩) ધનમદ :—અમે પૈસાવાળા છીએ એમ માનનારા તો અજીવના સ્વામી થતાં હોવાથી જડ છે. ધર્મીને વિકલ્પમાં પણ આવો મદ ન હોય.

(૪) રૂપમદ :—શરીરનું રૂપ, લાવણ્ય તો જડમાં છે. તેથી આત્માને શું! આત્માનું સુખ જેણે દૃષ્ટિમાં લીધું તેને આવા રૂપના મદ ન હોય.

(૫) તપમદ :—શરીર છીક હોય તો બે-ચાર-પાંચ ઉપવાસ કરી નાંખે—તેમાં અભિમાન શું!

(૬) બળમદ :—શરીરનું બળ તો શરીરમાં છે આત્માના બળવાળાને શરીરના બળના મદ શાં હોય!

(૭) વિદ્યામદ :—શાસ્ત્રભણતરનો મદ પણ ધર્મીને ન હોય. જ્યાં અનંત સર્વજ્ઞપદને પ્રતીતમાં લીધું છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી તો જેની એક પર્યાયની તાકાત છે એવી અનંતી તાકાતના ધરનારને દૃષ્ટિમાં લીધો છે તેને સામાન્ય વિદ્યા આદિના અભિમાન કેમ હોય!

(૮) રાજમદ :—આત્માને વળી આ પદ કેવા! આત્મા તો સિદ્ધની જાતનો છે તેને રાજા આદિ પદવીનો મદ ન હોય. આમ આ આઠ પ્રકારના મદ ધર્મીને ન હોય.

છ પ્રકારના અનાયતનનો ધર્મીને ત્યાગ હોય છે. કુદેવ, કુગુરુ અને કુધર્મ તથા તેના સેવકોની પ્રસંશા ધર્મી કરતાં નથી. વ્યવહારસમકિતમાં પણ કુદેવાદિની શ્રદ્ધાનો ભાવ કે તેની પ્રસંશાનો ભાવ કે તેના આરાધકોની પ્રસંશાનો ભાવ ધર્મીને આવતો ન નથી. લૌકિક ધર્મની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રુચિવાળાને સમકિતી એમ ન કહે કે 'તમને ધર્મની ભાવના સારી છે, તમે ધર્મી છો.....' કોઈ મોટા મોટા દાન કરતું હોય તો તેના દાનની પ્રસંશા કરે પણ તમે ધર્મ માટે સારી ભાવના કરી એમ ન કહે. આમ, કુદેવ, કુગુરુ, કુધર્મ અને કુદેવના આરાધક, કુગુરુના આરાધક, કુધર્મના આરાધક આ છ એ ધર્મના અનાયતન એટલે અસ્થાન છે, તેની પ્રસંશા ધર્મી કદી કરતાં નથી. આમાં બહુ જવાબદારી છે, ધર્મીને માનવાયોગ્ય એ કોઈ સ્થાન નથી.

નિઃશંકિતાદિ આઠ અંગોથી વિપરીત શંકાદિ આઠ દોષો ધર્મીને હોતા નથી. (૧) વીતરાગના નિશ્ચય કે વ્યવહારમાર્ગમાં ધર્મીને શંકા ન હોય (૨) ધર્મીને પુણ્ય કે તેના ફલ આદિની કાંક્ષા એટલે કે ભાવના ન હોય. (૩) મુનિરાજના મલિન અંગ આદિની તેમને દુર્ગંછા ન હોય. (૪) અન્યમતીમાં તો મોટા મોટા રાજાઓ છે, રથયાત્રાઓ મોટી નીકળે છે માટે એ સાચા તો નહિ હોય! એવી મૂઢતા ધર્મીને ન થાય એ બધા પુણ્યના ચાળાં છે. ક્ષણમાં નષ્ટ થઈ જવાના છે. ધર્મીને કદાચિત્ પુણ્ય ન હોય તો એવી અનુકૂળતા આદિ ન હોય. તેથી શું! ધર્મી જરાય મુંજાતા નથી. (૫) ધર્મી પરદોષકથન ન કરે, તેને તો પોતાના દોષ દેખાય છે અને તેને ટાળવા છે. પરના દોષ જણાય છે પણ તેને મુખ્ય કરતાં નથી. (૬) ધર્મી પોતાની કે અન્યની પરિણતિને ડગવા ન દે. ડગતી પરિણતિને સ્થિર કરે. (૭) ધર્મીને સાધર્મી પ્રત્યે સ્નેહ ન હોય—એવો દોષ ન હોય. બધાં સાધર્મી પ્રત્યે તેને પ્રેમ હોય, વાત્સલ્ય હોય. સાધર્મી પ્રત્યે દ્વેષ, ઈર્ષ્યા કે તેના ગુણ સહન ન કરી શકે—એવું ન હોય. (૮) જિનપ્રભાવના ન કરવી એવો દોષરૂપ ભાવ ધર્મીને ન હોય, પ્રભાવના કરવાનો ભાવ હોય. આમ, આ શંકાદિ આઠેય દોષનો ધર્મીને ત્યાગ હોય.

આ રીતે આ પચીસ દોષોને છોડીને, તત્ત્વોની શ્રદ્ધા કરે તેને વ્યવહાર-સમ્યગ્દર્શન કહેવાય છે.

જુઓ! કુદેવાદિની પ્રસંશા ધર્મના નામે ન કરવી એમ આવ્યું પણ, તેનો તિરસ્કાર કરવાનું કહ્યું નથી. એ બરાબર સમજવું.

જ્યાં અસ્થિર બુદ્ધિ નથી, પરિણામોની મલિનતા નથી અને શિથિલતા નથી તે સમ્યક્ત્વ છે. વ્યવહાર-સમકિતના કાળમાં જ આવું નિશ્ચય-સમકિત હોય છે. આ સમ્યગ્દર્શન જ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિરત્ન છે. આમ જાણીને ભોગોની વાંછારૂપ જે વિકલ્પ તેને છોડીને સમ્યક્ત્વ ગ્રહણ કરવું જોઈએ.

જેના હાથમાં ચિંતામણિ છે, ધનમાં કામધેનુ છે અને જેના ઘરમાં કલ્પવૃક્ષ છે તેને હવે બીજી કઈ પ્રાર્થનાની જરૂર છે! તેને કોઈ આવશ્યકતા જ એવી રહી નથી કે જેની માંગણી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરવી પડે. આત્માની નિશ્ચય પ્રતીત અને અનુભવ છે, નિશ્ચય જ્ઞાન અને સ્થિરતા છે અને સાથે વ્યવહાર-સમ્યક્ત્વ છે તેને બીજી કઈ ચીજની જરૂર છે કે પ્રાર્થના કરે!

(જડ) કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ તો કહેવામાત્ર છે. 'સમ્યક્ત્વ' જ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ છે. નિશ્ચય-સમકિત જ ખરું કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ છે, વ્યવહારથી વ્યવહાર-સમકિતને પણ કલ્પવૃક્ષ આદિની ઉપમા આપી શકાય છે.

આ ગાથામાં મુખ્યપણે વ્યવહાર-સમકિતની વાત કરી સાથે ગૌણપણે નિશ્ચય-સમકિત પણ લીધું. હવે, આ વ્યવહાર-સમ્યક્ત્વના કારણ જે છ દ્રવ્ય કે જેને ભગવાને પોતાના જ્ઞાનમાં જોયા છે તેની શ્રદ્ધા તે વ્યવહાર-સમકિત છે એવા છ દ્રવ્યો ત્રણલોકમાં ભરેલાં છે તેને યથાર્થ જાણવાનો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથા સૂત્ર કહે છે.

**दव्वइँ जाणहि ताइँ छह तिहुयणु भरियउ जेहिं।**
**आइ-विणास—विवज्ज़ियहिं णाणिहि पभणियएहिं॥१६॥**

અર્થ :—હે પ્રભાકર ભટ્ટ! તું તે છ દ્રવ્યોને જાણ! જે દ્રવ્યોથી આ ત્રણલોક ભરેલાં છે તે છ દ્રવ્યો જ્ઞાનીઓએ આદિ અને અંતથી રહિત દ્રવ્યાર્થિકનયથી કહ્યાં છે.

જગતમાં એક જ દ્રવ્ય નથી પણ જગત છ દ્રવ્યોથી ભરેલું છે એ સિદ્ધ કરવા આ વ્યવહાર-સમકિતની ગાથા કહી છે. ભગવાને આ છ દ્રવ્યોને અનાદિ અનંત કહ્યાં છે. એ છ દ્રવ્યોમાં જીવદ્રવ્ય આખા લોકમાં છે, પુદ્ગલ પણ આખા લોકમાં છે, ધર્મ, અધર્મ અને કાળ પણ આખા લોકમાં છે અને આકાશ દ્રવ્ય લોક—અલોક પ્રમાણે વ્યાપ્ત છે.

શ્રોતા :—છ દ્રવ્યની વાત તો થઈ ગઈ હવે વિશેષ શું કામ કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિશ્ચયની સાથે આવો વ્યવહાર હોય જ છે; નિશ્ચયમાં તો આત્માની શ્રદ્ધા થઈ પણ વ્યવહારશ્રદ્ધામાં ભગવાને કહેલાં છ દ્રવ્યોની શ્રદ્ધા બરાબર હોય છે. પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી વિકલ્પમાં છ દ્રવ્યોની શ્રદ્ધા આવે જ છે. છ દ્રવ્યો આખા લોકમાં ઠસોઠસ ભરેલા છે તેના જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા ધર્મીને આવે જ છે. છ દ્રવ્યોનો કોઈ કરતા નથી. ઈશ્વર જગતની રચના કરે છે એ માન્યતા ખોટી છે. છએ દ્રવ્યો અનાદિ—અનંત છે તેની પર્યાયનો કર્તા પણ તે દ્રવ્ય છે, ઈશ્વર કર્તા નથી તેમ જ ઈશ્વર તેનો રક્ષક પણ નથી. ઈશ્વરને રક્ષક માનવો તે ભ્રમ—અજ્ઞાન છે. દ્રવ્યનો કોઈ નાશ કરી શકતું જ નથી. છએ દ્રવ્યો અનાદિનિધન છે.

જોકે, આ છ દ્રવ્ય વ્યવહાર—સમ્યક્ત્વના કારણ છે પણ, શુદ્ધ નિશ્ચયનયથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વનું કારણ નિત્ય આનંદ એક સ્વભાવ નિજ શુદ્ધાત્મા જ છે.

જુઓ! અહીં નિશ્ચયનું કારણ વ્યવહાર ન કહ્યું પણ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ-સમ્યક્ત્વનું કારણ નિજ શુદ્ધાત્મા છે એમ કહી દીધું. નિશ્ચય-સમકિતનું કારણ ભગવાન આત્મા જ છે. આત્માના મોક્ષનું કારણ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને તેનું કારણ તું પોતે અખંડ દ્રવ્ય છો. તું પોતે અખંડાનંદ ભગવાન પૂર્ણસ્વરૂપ....પૂર્ણસ્વરૂપ બિરાજમાન છો. તેની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન તારી પૂર્ણશુદ્ધિરૂપ મોક્ષનું કારણ છે. આમાં કારણ બધું અંદરમાં જ છે તેથી બહારની પ્રતિકૂળતા તેમાં નડતી નથી અને અનુકૂળતા મદદ કરતી નથી. સંયોગની વધ-ઘટ આત્માને શું કરે! માટે અનુકૂળતામાં હું વધી ગયો એમ ધર્મી માનતા નથી અને પ્રતિકૂળતામાં મને દુઃખ છે એમ માનતા નથી.

નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય કહો કે કારણ કહો—એક આત્મા જ છે અને વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય અથવા કારણ છ દ્રવ્ય છે, ભગવાને કહેલાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરવી તે વ્યવહાર-સમકિતનું કારણ છે.

શ્રોતા :—આ ક્યા ભવે થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ ભવમાં જ થાય એવું છે એમ કહે છે. પોતે દરકાર ન કરે તો ન થાય પણ દરકાર કરે તો કેમ ન થાય! હીરાની ખાણ નીકળી હોય તો આ ભવમાં જ હીરા કાઢવા માંગો કે નહિ! ત્યાં વાયદો કરતો હશે! તેમ આ આત્મા અનંતગુણની ખાણ છે તેમાંથી ખજાનો કાઢવામાં વાયદા ન હોય.

હમણાં કોઈ જગ્યાએ ૫૦ કરોડ સોનામહોર જમીનમાંથી દાટેલી નીકળી છે. રાજાએ પોતાના પુત્ર માટે દાટી હશે પણ તે ક્યાંક ચાલ્યો ગયો તેથી જમીનમાંથી અત્યારે નીકળે છે. તેમ અહીં કહે છે કે આત્મા અહીં દાટ્યો છે પ્રથમ તેને વિકલ્પમાં લઈને પછી અંદરમાં જો તો અંદરમાં આત્મનિધાન ભર્યાં છે. ભગવાન સર્વજ્ઞદેવે કહ્યું છે કે તારો આત્મભંડાર અંદર દાટેલો પડ્યો છે, તું દૃષ્ટિ કર તો તત્ત્વ પડેલું જ છે. પાંચ-પચીસ કરોડ ભેગા કરવાની મજૂરી કરે છો પણ એમાં તારા હાથમાં મમતા સિવાય બીજું શું આવે છે! અરે! ધન હોવા છતાં વાપરી શક્યાં નહિ, ખાઈ શક્યાં નહિ અને જ્યાં ટાણાં આવ્યા ત્યાં મરણ આવ્યા. ડૉકટરોએ પણ હાથ ખંખેરી નાખ્યાં ત્યાં પૈસા શું કરે! હવે કોઈ ઉપાય નથી.....એમ પસ્તાવું પડે તે પહેલાં ચૈતન્યનિધાન દાટેલું છે તેને કાઢી લે!

અહા! શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધાત્માની અનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વનું કારણ એવો આત્મા કેવો છે?—નિત્ય આનંદ....નિત્ય આનંદ એક સ્વભાવી છે. નિશ્ચય સમ્યગ્દર્શન એટલે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શુદ્ધ પ્રતીતિનું કારણ તો તારું દ્રવ્ય છે. કારણ કહો કે વિષય કહો કે ધ્યેય કહો એક નિજ શુદ્ધાત્મા જ છે અને વ્યવહાર-સમકિતનું કારણ અથવા વિષય છ દ્રવ્ય છે, બંનેની દિશા જુદી છે. નિશ્ચય અને વ્યવહાર બે નય જુદા છે તેમ તેમાં વિષય પણ જુદાં છે. નિશ્ચય અને વ્યવહાર બંને સમકિતનું કારણ આત્મા હોય તો બે નય જુદા ન પડે. નિશ્ચયનયમાં પોતાનો આશ્રય છે માટે નિર્વિકલ્પ છે અને વ્યવહારનયનો આશ્રય પર છે તેથી તેમાં વિકલ્પ છે. એક વીતરાગ પર્યાય છે અને એક રાગ પર્યાય છે.

પંચાસ્તિકાયમાં કહ્યું છે કે વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય આત્મા નથી, આત્માથી પર છે. એમ કેમ? કે એ ભૂમિકામાં રાગ છે તેથી વ્યવહાર-સમ્યક્ત્વાદિનો શુભ રાગ હોય છે. નિશ્ચયનો વિષય તો સ્વ જ છે. નિશ્ચય અને વ્યવહાર બંને સાથે હોય છે પણ તેની વ્યાખ્યા, તેના કારણો, તેનું સ્વરૂપ વગેરે જુદું છે તે બધી વાત એમાં આવી ગઈ છે. નિશ્ચયનો વિષય નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ છે અને વ્યવહાર તો પરના લક્ષે થયેલો ભાવ છે, તેનો વિષય પર છે, આત્મા તેનું કારણ નથી.

આમ, અહીં પરમાત્મપ્રકાશમાં બે ગાથામાં નિશ્ચય સહિતના વ્યવહારનું વર્ણન વ્યવહારની મુખ્યતાથી કર્યું છે પણ નિશ્ચય તો અંદર હોય જ છે, તેથી ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું છે કે વ્યવહાર-સમકિતમાં નિશ્ચય-સમકિત નિરંતર ગમનરૂપ હોય છે. ટોડરમલજીએ તો બધો નીચોડ લાવી દીધો છે પણ લોકોને માનવું કઠણ પડે છે.

હવે ૧૭મી ગાથામાં યોગીન્દ્રદેવ છ દ્રવ્યોના નામ કહે છે કે જે વ્યવહાર-સમકિતના વિષય છે. વ્યવહાર અભૂતાર્થ હોવા છતાં છે ને! માટે તેનોઓ વિષય પણ છે. તે છ દ્રવ્યોના નામ ગાથા દ્વારા કહે છે.

**जीउ सचेयणु दव्वु मुणि पंच अचेयण अण्ण।**
**पोग्गलु धम्माहम्मु णहु कालें सहिया भिण्ण॥१७॥**

અર્થ :—હે શિષ્ય, તું જીવ ચેતન દ્રવ્ય છે એમ જાણ અને બાકી પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ સહિત જે પાંચ દ્રવ્ય છે તે અચેતન છે અને જીવથી ભિન્ન છે તથા એ બધાં પોતપોતાના લક્ષણોથી પરસ્પર ભિન્ન છે. કાળ સિવાયના પાંચ દ્રવ્ય અસ્તિકાય છે.

જડ અને ચૈતન્ય પોતપોતાના લક્ષણથી માંહોમાંહે તદ્દન જુદાં છે, એક નથી. જો જગતમાં એક જ આત્મા હોય તો તેનું બગડવું કે સુધરવું કાંઈ ન બની શકે. તેથી કહે છે કે જે એક આત્મા જ માને છે તેને આવો કાંઈ વિવેક હોતો નથી. જગતમાં અનંત આત્માઓ,

www.vitragvani.com



અનંત પુદ્‌ગલો આદિ અનંત દ્રવ્યો પોતપોતાના લક્ષણે બિરાજમાન છે, તે બધાંથી મારું આત્મદ્રવ્ય ભિન્ન છે એમ તું નિશ્ચયથી નક્કી કર! તેની નિર્વિકલ્પ અનુભૂતિ કર!

છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય બહુપ્રદેશી હોવાથી અસ્તિકાય છે અને કાળદ્રવ્ય અસ્તિકાય નથી, કેમ કે તે એકપ્રદેશી છે.

ભાવાર્થ :—સમ્યક્ત્વ બે પ્રકારના છે : એક સરાગસમ્યક્ત્વ અને બીજું વીતરાગ–સમ્યક્ત્વ. તેમાંથી સરાગસમ્યક્ત્વનું લક્ષણ કહે છે. પ્રશમ–શાંતિપણું, સંવેગ, અનુકંપા અને આસ્તિકય આ ચાર સરાગ સમ્યક્ત્વના લક્ષણ છે. પ્રશમ એટલે શાંતિ અથવા કષાયની મંદતા, સંવેગ એટલે જિનધર્મની રુચિ તથા જગતથી અરુચિ અર્થાત્ નિર્વેગ. અનુકંપા એટલે પરજીવોને દુઃખી જોઈને દયા આવવી અને આસ્તિકય એટલે દેવ-ગુરુ-ધર્મની તથા છ દ્રવ્યની શ્રદ્ધા. આ ચારેય લક્ષણોનું હોવું તે વ્યવહારસમ્યક્ત્વરૂપ સરાગસમ્યક્ત્વ છે—રાગ સહિતની શ્રદ્ધા છે અને વીતરાગ સમ્યક્ત્વ કે જે નિશ્ચય સમ્યક્ત્વ તે નિજ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રથી તન્મયી છે—એકમેક છે.

આ કથન સાંભળી પ્રભાકર ભટ્ટે પ્રશ્ન કર્યો. હે પ્રભુ! નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વનું કથન તો તમે અનેકવાર કર્યું છે તો અહીં હવે વીતરાગચારિત્રથી તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ છે એવું વ્યાખ્યાન કર્યું તેમાં તો પૂર્વાપર વિરોધ આવે છે.

પ્રશ્ન સમજાયો! વીતરાગચારિત્રથી તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું તેમાંથી પ્રશ્ન ઉઠાવ્યો છે કે પહેલાં તો આપ એમ કહેતાં કે શુદ્ધાત્માની રુચિ તે નિશ્ચયસમ્યક્ત્વ છે તેમાં તો વીતરાગચારિત્રથી તન્મયી કહ્યું ન હતું અને હવે જે વીતરાગ ચારિત્રથી તન્મયી છે તેને જ નિશ્ચયસમ્યક્ત્વ કહો છો તો આ તો આપે વાત ફેરવી નાંખી?

અહીં નિશ્ચયસમ્યક્ત્વને વિશેષ બતાવ્યું છે. ગૃહસ્થમાં અને મુનિપણામાં શું ફેર હોય છે તે અહીં બતાવવું છે. નિશ્ચય-સમકિત તો બંનેને છે પણ મુનિપણામાં વીતરાગતા વિશેષ છે.

શિષ્યનો પ્રશ્ન હજુ ચાલુ છે કે શુદ્ધાત્માની રુચિરૂપ નિશ્ચય-સમ્યક્ત્વ તો ગૃહસ્થ અવસ્થામાં તીર્થંકર પરમદેવ ભરત ચક્રવર્તી અને રામ પાંડવાદિ મોટા મોટા પુરુષોને હોય છે પણ તેમને વીતરાગચારિત્ર હોતું નથી. આ જ પરસ્પર વિરોધ છે. જો તેમને વીતરાગચારિત્ર માનવામાં આવે તો ગૃહસ્થપણું કેમ કહી શકાય! તેમને ગૃહસ્થાશ્રમમાં સમકિત તો હતું પણ વીતરાગચારિત્ર તો ન હતું.

પ્રશ્નમાં માલ છે, નકામો પ્રશ્ન નથી. તેને શ્રીગુરુ ઉત્તર આપે છે કે તે મહાન પુરુષોને 'શુદ્ધાત્મા ઉપાદેય છે' એવી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો છે પરંતુ ચારિત્રમોહના ઉદયથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્થિરતા નથી, અસ્થિરતા છે. જ્યાં સુધી તેમને મહાવ્રતનો ઉદય નથી ત્યાં સુધી તે અસંયમી કહેવાય છે. શુદ્ધાત્માની અખંડ ભાવનાથી અર્થાત્ એકાગ્રતાથી રહિત એવા તે ભરત, સગર, રામ, પાંડવ આદિ નિર્દોષ પરમાત્મા અરહંત સિદ્ધોના ગુણસ્તવન, વસ્તુસ્તવનરૂપ સ્તોત્રાદિક કરે છે અને તેમના ચારિત્ર પુરાણાદિક સાંભળે છે તથા તેમની આજ્ઞાના આરાધક જે મહાનપુરુષ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેમને ભક્તિપૂર્વક આહારદાનાદિક કરે છે, પૂજા કરે છે. વિષય-કષાયરૂપ ખોટા ધ્યાનને રોકવા માટે તથા સંસારની સ્થિતિનો નાશ કરવા માટે એવી શુભક્રિયા કરે છે. સંસારનો નાશ તો ન થાય પણ સ્થિતિ ઘટતી જાય છે. આવા શુભરાગના સંબંધ સહિત તેઓ સમ્યગ્દૃષ્ટિ છે અને તેમને નિશ્ચય સમકિત પણ કહી શકાય છે કેમ કે, વીતરાગચારિત્રથી તન્મયી નિશ્ચયસમ્યક્ત્વનું તેમાં પરંપરા સાધકપણું છે.

નિશ્ચય-સમકિતવાળો જીવ શુભરાગની આવી ક્રિયાઓ કરે છે તે તેને વીતરાગ ચારિત્રથી તન્મય એવા નિશ્ચયસમ્યક્ત્વનું કારણ થાય છે. વાસ્તવમાં વિચારવામાં આવે તો ગૃહસ્થ-અવસ્થામાં સરાગ સમ્યક્ત્વ જ હોય છે. ચારિત્રની અપેક્ષાએ તેને સરાગ કહેવાય છે પણ સમ્યક્ત્વ તો નિશ્ચય જ છે. ગૃહસ્થાશ્રમમાં વીતરાગચારિત્ર હોતું નથી તે અપેક્ષાએ તેના સમ્યક્ત્વને સરાગસમ્યક્ત્વ છે તે વ્યવહાર જ છે એમ કહ્યું પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએ તો તે નિશ્ચય સમ્યગ્દર્શન જ છે.

અહીં, વ્યવહાર-સમ્યક્ત્વની મુખ્યતાથી બધું કથન છે, તેમાં સરાગતાની જ પ્રધાનતા છે. તેથી ગૃહસ્થાશ્રમમાં વીતરાગચારિત્રવાળું નિશ્ચયસમ્યક્ત્વ નથી એમ કહ્યું પણ સરાગચારિત્રવાળું નિશ્ચયસમ્યક્ત્વ છે એમ જાણવું. કેમ કે સમકિત તો નિશ્ચય જ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સર્વને જાણનારો તું સર્વથી ઉત્કૃષ્ટ છો

(સળંગ પ્રવચન નં–૮૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની ૧૭મી ગાથા થઈ. હવે ચાર દોહા દ્વારા યોગીન્દ્રદેવ છ દ્રવ્યોના દરેકના ક્રમથી લક્ષણ કહે છે.

मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ।
णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ॥१८॥

અર્થ :—શ્રી યોગીન્દ્રદેવ પ્રભાકરભટ્ટને કહે છે કે હે યોગી! નિશ્ચયથી તું આત્માને આવો જાણ! કેવો છે આત્મા? મૂર્તિથી રહિત છે, જ્ઞાનમયી છે, પરમાનંદ સ્વભાવવાળો છે, નિત્ય છે, નિરંજન છે. આવો જીવપદાર્થ છે.

ભાવાર્થ :—આ આત્મા, અમૂર્તિક શુદ્ધાત્માથી ભિન્ન એવી જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિ તેનાથી રહિત છે માટે અમૂર્તિક છે. શરીર, કર્મ, આદિ વર્ણ, ગંધવાળા મૂર્તિક પદાર્થો છે જ્યારે આત્મા તો તેનાથી રહિત અમૂર્તિક પદાર્થ છે.

આ આત્મા લોક અને અલોકનો પ્રકાશ કરવાવાળા કેવળજ્ઞાનથી પૂર્ણ છે માટે આત્મા જ્ઞાનમયી જ સ્વયં છે. પોતે અરૂપી છે છતાં તેનો સ્વભાવ એવો છે કે રૂપી અને અરૂપી, લોક અને અલોકના બધાં પદાર્થોને પ્રકાશે–જાણે એવો તેનો સ્વભાવ છે. ભગવાન આત્મા કેવળજ્ઞાનથી પૂર્ણ છે, પરથી તદ્દન જુદો છે છતાં પોતાના જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ ભરચક છે.

આત્મા માત્ર જ્ઞાન જ નહિ પણ આનંદથી પર પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. ત્રણેકાળ આત્મા જ્ઞાનાનંદથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. શરીર, મન, વાણીની વચ્ચે રહ્યો હોવા છતાં તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિથી આત્મા રહિત જ છે—તદ્દન જુદો છે. અરૂપી છે તો તેનામાં કાંઈ છે કે નહિ?–હા, આત્મામાં ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે એવું જ્ઞાન ભરેલું છે. આત્મા લોકાલોકનો રચનાર નથી. લોકાલોકનો રક્ષક નથી. લોકાલોકને ફેરવનાર નથી તેમ જ લોકાલોકનો નાશ કરનારો નથી. આત્મા તો જ્ઞાનસ્વભાવી હોવાથી લોકાલોકનો માત્ર જાણનાર છે, રક્ષક કે ભક્ષક નથી.

આત્માને પર સાથે માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે એટલે કે આત્મા જાણનાર–જ્ઞાયક છે અને પરપદાર્થ જણાવાયોગ્ય–જ્ઞેય છે બાકી પર સાથે આત્માને કાંઈ સંબંધ નથી. વેપાર કરવાનો, પૈસા રાખવાનો કે પૈસા દેવાનો—એવો કોઈ આત્માનો સ્વભાવ જ નથી કેમ કે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અરે! એને ખબર નથી કે હું કોણ છું? હું શું કરું છું? પરમાં શું થાય છે? મારે અને તેને શું સંબંધ છે?

જેમ કેવળીભગવાન એક સમયમાં સર્વને જાણે છે તેમ તારો પણ માત્ર જાણવાનો જ સ્વભાવ છે. ત્રણલોકના નાથ ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમદેવના શ્રીમુખેથી નીકળેલ વાણીમાં એમ આવ્યું છે કે ભાઈ! તું જાણનાર છો, લોકાલોકના બધાં જ પદાર્થો તારા જ્ઞાનમાં જણાય અને તું જાણ એવો જ તારે અને જગતને સંબંધ છે. લોકાલોકમાં શું બાકી રહે! આ શરીર, વાણી, રોટલા, દાળ, ભાત, મકાન આદિ બધું જ તેમાં આવી જાય, તે જણાય અને તું જાણ એવો જ સંબંધ છે. પરપદાર્થ કર્તા અને તારામાં કાર્ય થાય અથવા તું કર્તા અને પરપદાર્થનું કાર્ય થાય એવો કર્તા-કર્મ સંબંધ પરદ્રવ્ય સાથે તારે કદી નથી.

પહેલાં અમે પરદ્રવ્યના કામ કરી શકતા હતા પણ હવે નથી કરી શકતા એ પણ મૂઢની માન્યતા છે. આત્માએ ત્રણકાળમાં પરદ્રવ્યના કામ કર્યા જ નથી, આત્મા તો માત્ર જાણનાર જ રહ્યો છે. શરીર સારું હતું ત્યારે કેટલાં કામ કરતાં, વિલાયત જતાં, પૈસા કમાતાં એ બધી વાત ખોટી છે એમ ભગવાન કહે છે.

તીર્થંકર પરમદેવ સર્વજ્ઞપરમાત્મા કેવળજ્ઞાનમાં આમ જાણે છે તેનો જ આ પોકાર છે કે આત્મા માત્ર જાણનાર છે, કરનાર નથી. પરદ્રવ્યનો હું કર્તા કે પરદ્રવ્ય મારું કર્તા એ વાત જ નથી. પચાસ લાખ રૂપિયા હોય કે કરોડ રૂપિયા હોય તે શું કરે! શરીર અટકી ગયું છે તેને એ રૂપિયા ચલાવી દે છે? તો શું આત્મા તેને ચલાવી દે? શરીર તારાથી ભિન્ન વસ્તુ છે તેને તું શું કરે અને પૈસા પણ શું કરે! આત્માને તો તેની સાથે માત્ર જાણવાનો જ સંબંધ છે તેના બદલે તું શરીર, ધનાદિને 'મારા' માને છે એ તારી મૂઢતા છે.

કેવળજ્ઞાન બધાં પદાર્થોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. **क्रमकरण व्यवधानरहितेन** એટલે આગળ પાછળ જાણતું નથી, એક સાથે સર્વને જાણે છે. જગતમાં અનંત આત્માઓ, અનંત પુદ્ગલ, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ અને અસંખ્ય કાલાણું છે તે સર્વને કેવળજ્ઞાન એક સાથે જાણે છે. બસ! તેમાં કાંઈ ફેરફાર કરતો નથી કે તેમાંથી કોઈ પદાર્થને આત્મા ભોગવતો નથી, હું ભોક્તા અને પરપદાર્થ મારા ભોગ્ય એવું તો મૂઢ જીવ માને છે, આત્માનું સ્વરૂપ એવું નથી. આ દાળ, ભાત, સ્ત્રી, પુત્ર, ધનાદિ મારે ભોગવવા લાયક છે, હું ભોગવું છું એવી તારી માન્યતા જૂઠી છે. મૂઢ છો કે એવું માને છે? તમને લોકો ભલે કરોડપતિ કહે પણ અહીં તો ભગવાન કહે છે કે તમે જ્ઞાનના પતિ છો, પૈસાના પતિ નથી. શરીરના રજકણ પણ માત્ર જણાવાયોગ્ય છે તેના બદલે શરીરને પોતાનું માને છે તે આત્માની હિંસા કરી રહ્યો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રોતા :—મૂર્ખાઈ કરે છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—મૂર્ખાઈ કરે છે એટલું જ નહિ, મહાપાપ બાંધે છે. એની મૂઢતા એને પાપના મોટા ચીકણા લોચાં (કર્મ) બંધાવે છે. એ ચીકણાં કર્મ તેને બીજું કોઈ ઉખેડી નહિ દે, પોતે જ સમજણ કરે કે હું તો 'જ્ઞાન' છું, જગત તો જણાવાયોગ્ય પદાર્થ છે, મારે અને જગતને બીજો કાંઈ સંબંધ નથી એવી સમજણ વડે પોતે છૂટી શકે છે. માટે દરેકે 'હું જ્ઞાન છું' એટલું ધ્યાન રાખવું.

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ છે. આત્માના સ્વરૂપની સર્વ સાધારણ વાત કરે છે તેમાં પણ મુનિરાજે આ વાત નાખી છે કે આત્મા પરમ જ્ઞાનસ્વરૂપ છે. આત્માના નેત્ર જ જ્ઞાન છે, અનંત ચીજો જ્ઞાનમાં માત્ર જાણવાલાયક છે તેનાથી અધિક કાંઈ પણ બીજી ખતવણી કરે છે તે અસત્—મિથ્યાબુદ્ધિથી કરે છે.

'મારે તો દસ ભાઈઓ છે, મોટા મોટા ખેતર છે, સગા—વ્હાલાનો પાર નથી'—એ બધી વાત જૂઠી છે કેમકે વસ્તુનું સત્ જ જગતથી નિરાળુ, માત્ર જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાન પણ કેવું! કે વસ્તુમાં અત્યારે આમ છે માટે એમ જાણે છે પછી બીજું પરિણમન થશે ત્યારે તેમ જાણશે—એમ નથી. બધું એક સાથે જાણે, આગળ-પાછળ નહીં, એવું જ જ્ઞાનનું સ્વરૂપ છે. આત્મા વસ્તુમાં કાંઈ આગળ-પાછળ કરતો નથી અને વસ્તુમાં આગળ-પાછળ કાંઈ થતું પણ નથી. બધું વ્યવસ્થિત છે. કોઈ વસ્તુની કોઈ અવસ્થાને આત્મા ફેરવી શકતો નથી. જેમ છે તેમ માત્ર જાણી શકે છે.

આ જ્ઞાનસૂર્ય—ચૈતન્યપ્રભુનું જ નામ 'જીવ' છે. વળી તે કેવો છે?—કે વીતરાગભાવ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ છે માટે જ્ઞાન અને આનંદરૂપે પરિણમવું એવું જ તેનું સ્વરૂપ છે. પણ એ પોતે નજર ન કરે તો ક્યાંથી દેખાય! શાસ્ત્રમાં એક દાખલો આપ્યો છે કે એક માણસ બહુ કહેતો હતો કે મને આત્મા બતાવો—આત્મા બતાવો. મને જ્ઞાનજળ પીવરાવો. ત્યારે તેને એક માણસે કહ્યું કે પેલાં સમુદ્રમાં માછલું છે તેની પાસે જા, એ તને બતાવશે. આ તો ગયો માછલા પાસે, તમે કોઈ મોટા જ્ઞાની લાગો છો, મને તમારી પાસે મોકલ્યો છે, મને આત્મા બતાવો ને! મારું જ્ઞાન ક્યાં છે? ત્યારે પેલું માછલું કહે તમે પણ કોઈ મોટા પુરુષ લાગો છો, હું ઘણા કાળનો તરસ્યો છું, મને પાણી લાવી દ્યો ને! અરે! આ પાણી ભર્યું છે તે તેને દેખાતું નથી? સમુદ્રમાં તું રહેલો છો!—ત્યારે માછલું કહે છે તમે જે શિખામણ મને આપો છો તે જ તમે લ્યો ને! જ્ઞાનસમુદ્ર તો તમે પોતે જ છો અને મારી પાસે જ્ઞાન લેવા આવ્યા છે? તમે તો જ્ઞાનસ્વરૂપ છો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવું એક ભજન પણ આવે છે :

પાનીમેં મીન પ્યાસી, મને સુન સુન આવત હાંસી રે.....પાનીમેં મીન પ્યાસી. માછલી પોતે પાણીમાં પડી છે અને વાદળ સામે મુખ ધરીને બેઠી કે ક્યારે પાણી વરસે! તેમ, પોતે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ જ છે તેને જોતો જ નથી અને આમ–બહાર ઈન્દ્રિયને અને મનને બધાંને જોયા કરે છે. જ્ઞાનનો દરિયો તો પોતાની અંદર ભરેલો છે તેને જોતો નથી. કેમ નથી જોતો? કે પર સામે જોયા કરે છે માટે પોતાને જોતો નથી. હું કોણ છું તેનો પોતાની સન્મુખ થઈને કદી વિચાર જ કર્યો નથી. મૂઢપણે ઈન્દ્રિયોના લક્ષપૂર્વક આ કર્યું, આ લીધું, આ મૂક્યું, આ જાણ્યું એમ કર્યા કરે છે પણ જાણનારો કોણ છે તેને જાણવાનો પ્રયત્ન અનંતકાળમાં એક સમય પણ કર્યો નથી.

**समरसीभावपरिणत स्वरूपत्वात्**—પર્યાયમાં પરમાનંદમય સમરસીભાવપણે પરિણમે એવો જ આત્મવસ્તુનો અભાવ છે. રાગરૂપે થવું કે વિકારરૂપે થવું કે પરનું કર્તા–ભોક્તા થવું એવું એના સ્વરૂપમાં જ નથી. વીતરાગી આનંદપણે પરિણમે એવું જ આત્માનું સ્વરૂપ છે. અને વીતરાગ લોકાલોકને જાણવું અને વીતરાગ આનંદમાં રહેવું એવો જ તેનો સ્વભાવ છે. એક સમયની પર્યાય જેવડો કે રાગ-દ્વેષવાળો આત્માને માનવો અને શરીરને પોતાનું માનવું એ બધું ભ્રમ છે— અજ્ઞાન છે.

ટૂંકમાં, ભગવાન આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો, જ્ઞાનમય અને પરમાનંદ સ્વભાવી છે એટલી જ વાત છે. આવા આત્માને અંતરમાં જાણીને, જોઈને, વીતરાગભાવે પરિણમવું એ તારો સ્વભાવ છે. આવા આત્માને જાણે અને અનુભવે ત્યારે તેણે આત્માને માન્યો કહેવાય. છ દ્રવ્યની સિદ્ધિમાં પહેલો જ આત્મા છે તેને આ રીતે માને તે જ આત્માનો આસ્તિક થયો કહેવાય છે. પરના કાર્ય કરે, કરાવે, લેવડ–દેવડ કરે એવું આત્માનું સ્વરૂપ માને છે તેણે આત્માને ઓળખ્યો જ નથી.

આત્માને શરીરવાળો માને, રાગવાળો માને, પૈસાવાળો માને, પરના કામ કરવાવાળો માને, પરથી લાભ માને તેણે આત્માને માન્યો જ નથી. લીંબોળીને નીલમણિ માની લેવા જેવી વાત છે. અલ્પજ્ઞપર્યાયપણે પરિણમવાવાળો કે દુઃખરૂપે થવાવાળો માને છે તેણે આત્માને માન્યો નથી. અનંત પદાર્થો છે તે આત્માને માટે માત્ર જ્ઞેય તરીકે જાણવા લાયક છે, તેનું રક્ષણ કરવું કે ભક્ષણ કરવું કે કાંઈપણ કરવું તારે આધીન નથી.

આ કુટુંબનું, ગામનું કે દેશનું રક્ષણ કરવું એવો તો આત્માને કુટુંબ આદિ સાથે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સંબંધ છે કે નહિ? ના. બિલકુલ નહિ. આત્મા બીજાને મદદ કરે કે આત્માના આનંદમાં બીજા પદાર્થો આત્માને મદદ કરે એવો તેનો સ્વભાવ જ નથી. અરે! આત્મામાં ઊઠતાં દયા-દાનાદિ પરિણામની મદદથી વીતરાગ પરિણતિ થાય એવો પણ જીવનો સ્વભાવ જ નથી. અહા! કેટલી ટૂંકી, પણ મૂળ વાત મૂકી દીધી છે. પરદ્રવ્યોથી તો આત્માનું કામ ન થાય કેમ કે એ તો જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે તેથી જ્ઞેયથી જ્ઞાનનું કાર્ય ન થાય પણ, અંતરમાં ઊઠતાં વ્યવહારત્નત્રયના પરિણામથી જ્ઞાન અને આનંદ પ્રગટ થાય એવો પણ તેનો સ્વભાવ નથી. પોતાથી જ પોતે જ્ઞાનાનંદ વીતરાગ પરિણતિએ પરિણમે એવો તેનો સ્વભાવ છે.

આહાહા! એકલા અમૃત ઘૂંટ્યાં છે. એક ગાથાના એક ભાવમાં આખો અમૃતનો સમુદ્ર ઉછાળ્યો છે. ભગવાન! તું તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ છો ને! તારું પરિણમન તો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગી આનંદપણે જ હોય ને! માટે, તું તારા આત્માને આવા સ્વરૂપે જાણ! આ સિવાય બીજી રીતે જાણે છો તો તે આત્માને માન્યો જ નથી.

આ બધું, સમજનારને સમજવા માટે કહેવાય છે. એક જ ગાથા સમજે તો બધો ફેંસલો થઈ જાય એવી—એવી ગાથા છે. ભગવાન! તું પરમાત્મા થવાના નૂરથી ભરેલો તેજમય તત્ત્વ છો ભાઈ! પરમસ્વરૂપ પ્રભુ સર્વને જાણવાની સાથે વીતરાગ આનંદપણે પરિણમે એવો જ જીવદ્રવ્યનો સ્વભાવ છે. આવા સ્વભાવને માન્યો તેણે જ જીવદ્રવ્યને માન્યું છે. બીજી રીતે માને છે તેણે જીવદ્રવ્યને માન્યું જ નથી. માટે હે યોગી! શુદ્ધનિશ્ચયથી તું તારા આત્માને અમૂર્તિક, જ્ઞાન અને આનંદમય પરિણમનસ્વભાવી જાણ!

અહા! વીતરાગની કથનપદ્ધતિ તો જુઓ! ચારેબાજુથી કોઈપણ રીતે વાત ઉપાડે તોપણ પૂર્વાપર વિરોધ રહિત એક જ વસ્તુ સિદ્ધ થાય છે.

વસ્તુ તરીકે જુઓ તો—શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી, ટાંક્યા વિના ઘડાયેલા ઘાટ જેવો સુઘટઘાટ જ્ઞાયકસ્વભાવ નિત્ય છે. અસંખ્યપ્રદેશી ભગવાન અનંતગુણનો એકરૂપ અઘડિત ઘાટ છે—એવો જ્ઞાયક એક સ્વભાવ નિત્ય છે તથા મિથ્યાત્વ અને રાગાદિરૂપ અંજનથી રહિત નિરંજન છે. આત્માનું નાસ્તિથી પણ કથન કર્યું કે આત્મા ભ્રમણાથી અને રાગરૂપ અંજનથી રહિત છે. અન્યમતીએ તો આત્માનું સ્વરૂપ આવું જાણ્યું નથી પણ જૈનના વાડામાં પણ કોઈ આવા આત્મસ્વરૂપને જાણતું નથી. જૈન નામ ધરવાથી જૈન થઈ જવાતું નથી, કરિયાતાની કોથળી ઉપર સાકર લખવાથી કાંઈ કરિયાતું ગળ્યું થઈ જાય! ઉપર કહ્યું તેવું આત્મસ્વરૂપ છે તેને જાણે તે જૈન થાય છે.

આ સત્ય સમજે તે ભાગ્યશાળી છે. બાકી જૈનકુળમાં જન્મ લેવામાત્રથી ભાગ્યશાળી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી. સાચું સાંભળવાનું મળે એ અપેક્ષાએ વ્યવહારથી તેને ભાગ્યશાળી કહેવાય પણ ખરેખર તો આત્માને ઓળખે તે ભાગ્યશાળી છે.

ભ્રમણા અને રાગ–દ્વેષ તો આત્માની વિકારી પર્યાય છે, સ્વભાવ નથી માટે અચેતન છે. માટે હે આત્મા! તું તારો સ્વભાવ આવા જ્ઞાન આનંદમય છે એમ સારી રીતે જાણ! અને ભ્રમણાને ભાંગી નાંખ. જરાક આબરું હોય તો અને એમ થઈ જાય કે અમે સુખી છીએ. પાંચ-પચીસ કરોડ રૂપિયા થાય તો કહે અમે તો બાદશાહ છીએ.....અરે કેટલી મૂઢતા! પાગલપણાના કાંઈ પ્રમાણ છે! પૂરેપૂરા પદાર્થને જાણનારો છે તેને બદલે થોડી વસ્તુને જાણીને તેને મારી માનીને તેમાં જ રોકાય છે.

આ તો ત્રણલોકના નાથ તારાં દ્રવ્યસ્વરૂપને બતાવે છે ભાઈ! તું તો પૂર્ણ જ્ઞાનાનંદનો નાથ છો. તેને બીજી રીતે માન તો કાંઈ તે આત્માને માન્યો કહેવાય! બધાં પદાર્થોમાં જે સર્વથી ઉત્કૃષ્ટ છે એવા આત્માને તું ભલીભાંતિ–સારી રીતે જાણ! સર્વને જાણનારો તું સર્વથી ઉત્કૃષ્ટ છો.

આવા ગુણોથી મંડિત શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, બાકી સર્વ ત્યાગવાયોગ્ય છે. ગુણમય આત્મા જ આદરણીય છે એટલે કે શ્રદ્ધામાં અંગીકાર કરવા લાયક છે, બાકી કાંઈ અંગીકાર કરવા લાયક નથી, માત્ર જ્ઞેય તરીકે જાણવા લાયક છે પણ શુદ્ધાત્મા સિવાય કોઈ પદાર્થ ઉપાદેય નથી. પુણ્ય–પાપ અમારા છે, શરીરની ક્રિયા અમારી છે, પૈસા અમારા છે એમ કોઈને પોતાના માનવા લાયક નથી.

શ્રોતા :—ભગવાન તો અમારા ખરાં ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાન પણ અમારા નહિ. ભગવાન આ આત્માના જ્ઞાનમાં જ્ઞેય તરીકે વસે છે. (સૌને) સર્વોત્કૃષ્ટ તો, એક નિજ આત્મા છે તે જ ઉપાદેય છે. જ્ઞાન અને આનંદરૂપે પરિણમે તો જ તેને જીવદ્રવ્યની પ્રતીત કહેવાય, રાગરૂપે પરિણમે છે તેને જીવના પૂરાં સ્વરૂપની પ્રતીત નથી. એક આત્માને યથાર્થપણે જાણે તેણે સર્વને જાણ્યાં–ત્રણકાળ ત્રણલોકને જાણી લીધા.

લ્યો, આ એક જીવદ્રવ્યની વાત કરી. હવે ૧૯મી ગાથામાં પુદ્‌ગલ અને ધર્મ, અધર્મ-દ્રવ્યની વાત કરે છે.

**पुग्गलु छव्विहु मुत्तु वढ इयर अमुत्तु वियाणि।**
**धम्माधम्मु वि गयठियहँ कारणु पभणहिँ णाणि॥१९॥**



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હે વત્સ! પુદ્‌ગલદ્રવ્ય છ પ્રકારના છે અને મૂર્તિક છે તથા અન્ય સર્વ દ્રવ્ય અમૂર્ત છે એમ જાણ!

ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્યો જણાયા છે તેમાં એક પુદ્‌ગલ જ મૂર્તિક છે. દરેક પુદ્‌ગલ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ રહેલાં છે, બાકી કોઈ દ્રવ્યોમાં રંગ, ગંધાદિ નથી. આમ તું જાણ. તારો જાણવાનો સ્વભાવ છે તો જેમ છે તેમ દ્રવ્યોને તું જાણ!

ધર્મ અને અધર્મ આ બે દ્રવ્યોને કેવળી અને શ્રુતકેવળીઓએ ગતિ અને સ્થિતિમાં સહાયક છે એમ કહ્યું છે. જીવ અને પુદ્‌ગલદ્રવ્ય ગતિપણે પરિણમે છે તે કાળે ધર્મદ્રવ્ય સહકારી તરીકે નિમિત્ત છે અને ગતિપૂર્વક સ્થિર થાય છે ત્યારે તેને અધર્મદ્રવ્ય સહકારી તરીકે નિમિત્ત છે. વીતરાગ સ્વસંવેદનવંત જ્ઞાનીઓ—સંતો આમ કહે છે. આ બધાં દ્રવ્યો સ્વયં પોતાના સ્વરૂપે પરિણમેલાં છે, તારે તો માત્ર જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. તારે તેને બનાવવાના નથી. એ દ્રવ્યો પોતાની મેળે જુદાં જુદાં રૂપે પરિણમે છે.

ભાવાર્થ :—પુદ્‌ગલદ્રવ્યના છ ભેદ છે તે આ પ્રકારે છે. બાદર બાદર ૧, બાદર ૨, બાદરસૂક્ષ્મ ૩, સૂક્ષ્મબાદર ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મ સૂક્ષ્મ ૬, પત્થર, લાંકડાં, તૃણ આદિ પુદ્‌ગલ બાદર બાદર પ્રકારના છે. દા. ત. લાડવો—તેને બનાવનાર કે તોડીને ખાનાર તું નથી. તું તો લાડવો બન્યો છે અને તૂટે છે તે સર્વને માત્ર જાણનાર છો. તારાથી તે પરિણમ્યા નથી, બીજા કોઈથી પણ પરિણમતા નથી. પુદ્‌ગલ સ્વયં એ રૂપે પરિણમે છે. તું તો જાણનાર છો. તું લાકડાંના ટૂકડા કર એવો તારો સ્વભાવ નથી અને તારાથી ટૂકડા થાય એવો તેનો સ્વભાવ નથી. બાદર બાદર પ્રકારના પુદ્‌ગલોનો સ્વભાવ જ એવો છે કે સ્વયં ટૂકડા થાય છે પણ જોડાતાં નથી, જ્ઞાન તો તેને જાણે પણ બનાવે નહિ, તોડે નહિ કે સાંધે નહિ.

૨. બાદર :—જે તૂટીને મળી જાય છે એવા સ્વભાવવાળા પાણી, ઘી, તેલ આદિ પુદ્‌ગલને બાદર કહેવાય છે. પાણી જુદું પડે વળી મળી જાય, તેને તું મેળવી ન શકે. મેં દૂધમાં મેળવણ નાંખીને મેળવી દીધું એવું માનવું રહેવા દેજે. જેમ, પારો છૂટો પડીને વળી કેવો મળી જાય છે! એ તેનો સ્વભાવ છે, એ બધી પુદ્‌ગલની પર્યાયો છે, તે તારા માટે માત્ર જાણવા લાયક છે. તને એમ થાય કે હું તેમાં ફેરફાર કરી દઉં એ વાતમાં માલ નથી.

આ બે પ્રકાર કહ્યાં, બીજા પછી કહેવાશે.

❀

# સર્વજ્ઞના પેટ બહુ ઊંડા છે

(સળંગ પ્રવચન નં-૮૬)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૯મી ગાથામાં પુદ્‌ગલની વ્યાખ્યા ચાલે છે તેમાં શું કહે છે તે જુઓ!

૧૮મી ગાથામાં જ્ઞાનસ્વરૂપ આત્મદ્રવ્યની વાત આવી ગઈ છે કે આત્મા માત્ર જાણનાર છે. પરવસ્તુને આત્મા જાણે અને પરવસ્તુ જણાય એટલો જ જીવદ્રવ્યને પરની સાથે સંબંધ છે; આવા આ જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિવાય જીવને પરની સાથે કાંઈ સંબંધ નથી.

હવે અહીં પુદ્‌ગલદ્રવ્યના ભગવાને છ પ્રકાર જોયા છે તેનું કથન કરે છે.

(૧) પત્થર, લાકડાં, તૃણ આદિ પદાર્થો 'બાદર બાદર' પ્રકારના પુદ્‌ગલ કહેવાય છે. પત્થર એ પુદ્‌ગલની સ્વતંત્ર દશા છે. તેનું કામ આત્મા કરી શકતો નથી અને આત્માને પત્થર કામમાં આવતાં નથી. તમારે લોઢાંના સંચા છે ને! તેનું કામ તમે કરી શકતા નથી એમ ભગવાન કહે છે. લોઢું તમને કામમાં આવતું નથી. રૂપિયા પણ આ પ્રકારમાં જ આવી જાય. રૂપિયા કમાવાનું કામ આત્મા કરી શકતો નથી. રૂપિયા આત્માને કામમાં આવી શકતા નથી.

શ્રોતા :—પૈસા કામમાં ન આવે તોપણ મમતા તો થાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસા મમતા કરાવવાનું કારણ નથી એમ પણ આગળ આવશે. જીવ પોતે મમતા કરે છે, પૈસા તેને મમતા કરાવતાં નથી, પૈસામાં તો જીવના જ્ઞાનમાં પ્રમેય થવાનો ગુણ છે પણ મમતા કરાવવાનો ગુણ નથી.

લાકડાં પણ બાદર બાદર જાતના પુદ્‌ગલ છે. લાકડાંની અવસ્થા આત્માને કામમાં આવતી નથી અને આત્મા તેને કામમાં આવતો નથી. એ જ રીતે તૃણ આદિ કોઈ પુદ્‌ગલ આત્માને કામમાં આવતાં નથી. પુદ્‌ગલ સાથે જીવનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે તે સિવાય કાંઈપણ સંબંધ માને છે તેની દૃષ્ટિ મિથ્યા છે—પાપ દૃષ્ટિ છે.

બાદર બાદર અવસ્થા પુદ્‌ગલથી પોતાથી થયેલી વર્તમાન અવસ્થા છે તેને બીજું કોઈ દ્રવ્ય કરતું નથી. આત્મા તેની વ્યવસ્થા કરી શકે તેમ નથી. તેમ એ પુદ્‌ગલો પણ આત્માને જરાય કામમાં આવતાં નથી. આત્માના કાર્યમાં કોઈ પુદ્‌ગલો કારણ જ નથી.

આ તો પરમાત્માનું પ્રકાશ કરનાર શાસ્ત્ર છે ને! બધી ચીજો આત્માના જ્ઞાનમાં જણાય

www.vitragvani.com



છે. બસ! કોઈ ચીજો આત્માને કામમાં આવે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. અજ્ઞાનીને પરવસ્તુ મારા કામમાં આવે છે એવું લાગે છે તે તેની મિથ્યાશ્રદ્ધાથી ઊભી થયેલી માન્યતા છે.

(૨) પાણી, ઘી, તેલ આદિ 'બાદર' જાતની પુદ્‌ગલની અવસ્થા છે તે છૂટું પડ્યાંની સાથે ભેગું થઈ જાય એવો પાણીનો સ્વભાવ છે, એવી કોઈ પણ પ્રવાહી ચીજ બાદર છે તે આત્માને કામમાં આવતી નથી.

તો તેનું કામ શું?—કે, પરમાણુના સ્કંધની એવી પ્રવાહી અવસ્થા થઈ તે તેનું કાર્ય છે. તે આત્માને કામ આવતી નથી અને આત્મા તેનું કામ કરતો નથી. આમ ન માને ત્યાં સુધી તે અજીવને જીવ માને છે અને જીવને અજીવ માને છે, તેને જૈનદર્શનની ખબર નથી, તત્ત્વની શ્રદ્ધા નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

બાપુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ભગવાન! ત્રિલોકનાથ તીર્થંકર પરમદેવે તને જ્ઞાનસ્વરૂપ જોયો છે. તું તો જ્ઞાનસૂર્ય છો. જગતના પદાર્થોને તું તારા જ્ઞાનમાં જાણનારો છો પણ કોઈનું કાંઈ કામ કરી દે એવું તારું સ્વરૂપ નથી. જે વસ્તુ તારી નથી તે તારું કામ શી રીતે કરે! પુદ્‌ગલો સ્વયં પોતાના કાર્યરૂપે પરિણમે છે, તે મારે કામના નથી એમ જાણ ત્યારે તે પુદ્‌ગલને પુદ્‌ગલરૂપે જાણ્યા કહેવાય. આત્માને પૈસાવાળો માને છે તેણે જીવ કે પુદ્‌ગલ કોઈને જાણ્યા નથી, ઓળખ્યા નથી. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન આમ ફરમાવે છે કે તું તો જ્ઞાનસ્વભાવનો ધણી છો તારા સિવાય આ પુદ્‌ગલો છે તેનો તું સ્વામી નથી, તેનો તું કર્તા નથી, તે તારા કામમાં આવતાં નથી. છતાં તું તેનો સ્વામી થઈને ફરે છો તેથી મિથ્યા દૃષ્ટિથી તું દુઃખી થઈ રહ્યો છો.

તમે ભલે કરોડપતિ કે અબજોપતિ કહેવાતાં હો પણ એ પૈસા તમારા કે તમારા વડિલના નથી. જ્યાં શરીર જ તમારું નથી તો પૈસા તમારા ક્યાંથી હોય! એ તો પુદ્‌ગલની બાદર બાદર અવસ્થા છે તેનો ધણી જીવ નથી છતાં હું શરીરના કામ કરું છું અને શરીર મને કામ આવે છે એવી તારી બુદ્ધિ છે તે મૂઢબુદ્ધિ છે.

પુદ્‌ગલની પર્યાય બદલાય, પુદ્‌ગલ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય એ બધું પુદ્‌ગલનું કાર્ય કરે છે, હું કરતો નથી અને મારું કામ પુદ્‌ગલ કરી દેતું નથી એમ જીવથી જુદાં પુદ્‌ગલને જુદું જાણ ત્યારે જ તેં જીવ અને પુદ્‌ગલને જાણ્યા કહેવાય. જુદાં દ્રવ્યનું કામ આ દ્રવ્ય કરી દે એમ માને તો એ દ્રવ્યને જુદું જાણ્યું જ ન કહેવાય.

ભગવાનનો આવો નિરાળો માર્ગ જેને સાંભળવા પણ મળતો નથી તે સમજે ક્યાંથી! બહારના કડાકૂટામાં જ જિંદગી ચાલી જાય.....

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેલ, ઘી આદિ બધાં પ્રવાહી પદાર્થનો સ્વભાવ એવો છે કે જુદું પડે અને તુરત ભેગું થઈ જાય છે. એ બાદર પુદ્ગલની અવસ્થા પુદ્ગલથી પોતાથી થાય છે તેને આત્મા કરી શકતો નથી. જુદી ચીજને આત્મા કરી શકે નહિ અને આત્માને જુદી ચીજ કરી શકે નહિ. આ જ વાત અહીં સિદ્ધ કરવી છે.

(૩) છાયા, આતપ, ચાંદની....એ બાદરસૂક્ષ્મ પ્રકારના સ્કંધ છે કે જે જોવામાં તો બાદર છે અને ગ્રહણ કરવામાં સૂક્ષ્મ છે. તડકો, છાયો આદિ જોઈ તો શકાય છે પણ પકડી શકાતાં નથી. એ પુદ્ગલનો એવો પર્યાય પુદ્ગલથી થયેલો છે તે જીવના કામમાં આવતો નથી. અરૂપી આત્માને જડ પ્રકાશ શું કામમાં આવે!

૯૧ની સાલમાં જામનગર ગયા હતાં ત્યારે કોઈ ૬ લાખનો મણિ જોવા લઈ ગયા હતા જેના કિરણથી રોગ મટી જાય છે. ધૂળેય રોગ ન મટે. એક દ્રવ્યની પર્યાય બીજાં દ્રવ્યની પર્યાયને કામમાં આવતી નથી. આમ ન માને તેણે બે દ્રવ્યોને એક માન્યા છે, જુદાં માન્યા નથી. તે જીવ મૂઢ છે. જીવને અજીવ માને તો મિથ્યાત્વ અને અજીવને જીવ માને તો મિથ્યાત્વ—એવો ગડિયો બોલી જવાથી મિથ્યાત્વ મટી જતું નથી.

(૪) આંખ સિવાયના ચાર ઈન્દ્રિયના વિષય જે રસ, ગંધ, શબ્દ આદિ છે તે સૂક્ષ્મ બાદર પ્રકારના સ્કંધની અવસ્થા છે કે જે જોઈ શકાતાં નથી પણ ગ્રહણ થઈ શકે છે. રૂપ આંખેથી જોઈ શકાય છે પણ રસ, ગંધ, શબ્દ આંખેથી જોઈ શકાતા નથી. રસ જીભનો વિષય છે, ગંધ નાકનો વિષય છે. શબ્દ કાનનો વિષય છે પણ તે કોઈ વિષયો આંખેથી દેખાવા યોગ્ય નથી. માટે તેને સૂક્ષ્મ કહ્યાં અને ગ્રહણ થઈ શકે છે માટે બાદર કહ્યાં પણ તે બાદર સૂક્ષ્મ અવસ્થાઓ આત્માને કાંઈ કામની નથી. આત્માને તો પોતાના ગુણોની સવળી કે અવળી અવસ્થા કામમાં આવે છે. પરના લક્ષે થતી પોતાની અવળી અવસ્થા પોતાનું બૂરું કરે અને સ્વના લક્ષે થતી સવળી અવસ્થા પોતાનું ભલું કરે. બાકી બીજા દ્રવ્યની કોઈપણ અવસ્થા જીવને કામમાં આવતી નથી.

(૫) કર્મવર્ગણા છે તે સૂક્ષ્મ સ્કંધ છે, જે અનંત પુદ્ગલની મળેલી વર્ગણા હોય છે પણ દૃષ્ટિમાં આવતી નથી માટે તે સૂક્ષ્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુ અને અંતરાય એ આઠ પ્રકારની કર્મવર્ગણા હોય છે પણ તે જીવને કાંઈ કામમાં આવતી નથી અને જીવ તેને કાંઈ કરી શકતો નથી.

ભગવાન આત્મા પુદ્ગલથી જુદો છે એમ કહેવું અને વળી પુદ્ગલની અવસ્થાને આત્મા કરે છે એમ કહેવું એ બે વાતમાં વિરોધ છે. જીવ પુદ્ગલને કામમાં આવે અને પુદ્ગલ જીવને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કામમાં આવે એ વાત અશક્ય છે. લોકોને હંબક લાગે તેવી વાત છે પણ આ વસ્તુસ્થિતિ છે અને તે ભગવાનના જ્ઞાનમાં આવેલી છે. બે દ્રવ્ય તદ્દન ભિન્ન વસ્તુ છે.

જીવ શુભાશુભભાવ કરે ત્યારે વેદનીયકર્મ બંધાય છે તે કર્મની સ્વયં થતી અવસ્થા છે, જીવ તેને બાંધતો નથી. શાતા કે અશાતારૂપે વેદનીય કર્મ પોતાથી પરિણમે છે. એ જ રીતે વેદનીયનો ઉદય આવે તે આત્માને શાતા કે અશાતા કરે એમ નથી. શાતાવેદનીયના નિમિત્તે શરીરની નીરોગી અવસ્થા થાય તે જીવને હિતરૂપ છે એમ નથી અને એ કર્મવર્ગણાથી શરીરની અવસ્થા નીરોગ થાય છે એમ પણ નથી. કર્મ તો સૂક્ષ્મ સ્કંધ છે અને શરીર તો તેનાથી ભિન્ન બાદર બાદર સ્કંધ છે. બંનેની જાત જુદી છે. દવાના પરમાણુ પણ રોગને મટાડી શકતા નથી.

સાંભળવા આવે તો તો સમજવાનો અવકાશ રહે પણ જેણે સાંભળવાનું જ બંધ કર્યું તેને સમજવાનું રહેતું નથી. અનંતકાળ ગયો તેમ આ મોંઘો મનુષ્યભવનો કાળ પણ ચાલ્યો જાય છે. બે દ્રવ્યોની ભિન્નતા નક્કી કર્યાં વિના જીવની મુક્તિનો રસ્તો એના હાથમાં આવે તેમ નથી. જડ અને ચેતન ભિન્ન છે તેના ભાન વિના ધર્મ થઈ શકતો નથી. ધર્મ કરવો છે....ધર્મ કરવો છે....પણ સત્ય વસ્તુના જ્ઞાન વિના ધર્મ ક્યાંથી આવે!

અંદરમાં સૂક્ષ્મ એવું મોહકર્મ પડ્યું છે તે તારાથી થયું નથી અને એ મોહકર્મ તારી પર્યાયને કરી શકતું નથી. વિકારી ભાવ તું સ્વતંત્રપણે કરે છો મોહકર્મ તને વિકારીભાવ કરાવતું નથી.

એ જ રીતે આયુકર્મ બંધાય છે. તે પણ પુદ્‌ગલની અવસ્થા છે માટે પુદ્‌ગલથી થાય છે તેને જીવે કરી નથી અને આયુકર્મ જીવને કામમાં આવતું નથી. આયુષ્ય હોય ત્યાં સુધી આ શરીરમાં રહેવાય, આયુ પૂરું થાય એટલે બીજી ગતિમાં જવું પડે એ બધું કહેવાય છે તે નિમિત્તનું કથન છે. જીવ પોતે પોતાની યોગ્યતાથી આ શરીરમાં રહે છે અને પોતાની યોગ્યતા પલટતાં આ શરીર છોડીને ચાલ્યો જાય છે. આયુકર્મ તો પુદ્‌ગલ છે તેની અવસ્થાને જીવ કરી શકતો નથી અને જીવની અવસ્થા તે કરી શકતું નથી.

હવે લઈએ નામકર્મની વાત : તેની ૯૩ પ્રકૃતિ છે તે બધી સૂક્ષ્મસ્કંધની અવસ્થા છે તે જીવને કામમાં આવતી નથી. એક જશકીર્તિ નામની પ્રકૃતિ છે તેના કારણે બીજાઓ આ જીવનો જસ ગાય છે એમ નથી, એ જસથી જીવની આબરું થાય છે એમ નથી. જીવને તો આ બધું માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. કોઈ કર્મ જીવના કામમાં આવતાં નથી. જસ મળે એવી પ્રકૃતિ બાંધવી તે જીવનું કામ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ બધી સ્થિતિનું લંબાણ કરીએ તો ઘણું છે પણ અહીં તો સામાન્યપણે તેના મૂળ સિદ્ધાંતો કહી દીધા છે. 'ચાર પૈસાની શેર વસ્તુ હોય તો મણના અઢી રૂપિયા થાય' એ સિદ્ધાંત પ્રમાણે બધાં વજનની કિંમત જાણી લેવાય, તેમ આ છ પ્રકારના પુદ્‌ગલો જીવના કામમાં ન આવે અને જીવ તેને કામમાં ન આવે એ મુખ્ય સિદ્ધાંત અનુસાર બધું સમજી લેવાનું.

'માળા' ફેરવે છે ને! એ માળાના મણકા ફેરવવાનું કામ જીવનું નથી અને મણકા જીવને શુભભાવ કરાવી દેતા નથી એમ કહે છે. આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલું વીતરાગી વિજ્ઞાન છે તેની કથનપદ્ધતિ પણ કોઈ જુદી જ છે. જગતના વિજ્ઞાન તો બધાં આંધળા અને ખોટા છે. અનંતજ્ઞાન જેને ખીલ્યાં છે એવા સર્વજ્ઞ ભગવાન જગતના જીવોને એવું જ્ઞાન ખીલવાનો રસ્તો બતાવે છે બાપુ! તું જાણનાર છો. જગતની ચીજને કામમાં આવે એવું તારું સ્વરૂપ નથી અને તને કામમાં આવે એવી જગતની ચીજ નથી.

શ્રોતા :—આ વાત અમલમાં મૂકવી બહુ અઘરી છે, કાંઈ છૂટે તેમ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુસ્વરૂપ આમ છે એમ જાણવું એ જ તેનો પ્રથમ અમલ છે. છોડવા-મૂકવાનું કાંઈ નથી. જે પર છે તે પોતાના થયા જ નથી તેને છોડવાના ક્યાં રહ્યાં? પરને પર જાણવા, મારા ન માનવા તે જ કરવાનું છે. પદાર્થો તારાથી દૂર ખસવા કે ન ખસવા એ તો પદાર્થનું કાર્ય છે, તારું કામ નથી. છ પ્રકારના પુદ્‌ગલોનું પરિણમન તેના પોતાથી થાય છે, મારાથી થતું નથી, મને કામમાં આવતું નથી, હું તેનું કામ કરતો નથી એવો નિર્ણય કરવો તેને જ અમલમાં મૂક્યું કહેવાય.

અહા! પુદ્‌ગલની જાત જ જુદી છે. નામકર્મની તીર્થંકરપ્રકૃત્તિ બંધાણી હોય તે પણ તે જીવથી બંધાણી નથી અને તે પ્રકૃત્તિનો ઉદય આત્માને કામ આવતો નથી. જો જુદી વસ્તુ પેલી વસ્તુને કામમાં આવે અને પેલી વસ્તુ આને કામમાં આવે તો તો બંને એક થઈ જાય, જે અશક્ય છે, માટે ભાઈ! જડના સ્વામીપણાની બુદ્ધિ ઉઠાવી લે! જડ મને કાંઈ કામ આવશે એ બુદ્ધિ ઉઠાવી લે!

જીવ તો પુદ્‌ગલનું કામ ન કરે પણ પુદ્‌ગલ પણ બીજા પુદ્‌ગલનું કામ ન કરે. પૈસાથી શાક ન આવે કેમ કે, પૈસા અને શાક બંને બાદર બાદર પ્રકારના સ્કંધ હોવા છતાં ભિન્ન-ભિન્ન છે. ભિન્ન દ્રવ્ય બીજા દ્રવ્યનું કામ કરે તો અનંત દ્રવ્ય ભિન્ન શી રીતે રહે! અનંતા સ્વતંત્ર દ્રવ્યોને એક કરી નાંખનારું તારું જ્ઞાન ખોટું છે. દ્રવ્યો કદી એક થતાં નથી. (એક-બીજાનું કામ કરતાં નથી)

આ વિધિથી આ વ્યાખ્યાન પહેલીવાર જ આવ્યું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુદ્‌ગલો અનેક છે અને અનેકપણે જ રહ્યાં છે તેમ પુદ્‌ગલથી જુદો ભગવાન આત્મા પણ સ્વતંત્ર દ્રવ્ય છે. દરેકના કાર્ય પણ અલગ-અલગ છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કામ કરી આપતું નથી.

નામકર્મની જેમ, ઊંચ અને નીચ ગોત્ર પણ સૂક્ષ્મકર્મ પરમાણુ છે તે આત્માને કામમાં આવતાં નથી. ઊંચું ગોત્ર હોય તો આત્માના પરિણામ સારાં થાય અને નીચું ગોત્ર હોય તો પરિણામ સારાં ન થાય એમ નથી. તારા પરિણામ કરવા માટે તું સ્વતંત્ર છો.

આહાહા! સર્વજ્ઞના પેટ બહુ ઊંડા છે, કેવળીના કેણ બહુ ઊંડા છે.

શ્રોતા :—આત્માને અન્ય કોઈ દ્રવ્ય કામમાં નથી આવતાં તો આત્માને કામમાં આવે તેવું શું રહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્માને પોતાના ગુણો કામમાં આવે છે. અનંતગુણના પિંડ ભગવાન આત્માનું લક્ષ કરે તો અનંતગુણનું નિર્મળ કાર્ય આત્મામાં આવે અને સ્વનું લક્ષ ન કરે, પરનું લક્ષ કરે તો પોતાની પર્યાયમાં વિકારનું કાર્ય આવે. બસ, પરથી તો કાંઈ થાય જ નહિ, પરનું લક્ષ કરે, પરને મારા માને તો મિથ્યાત્વનું કાર્ય પોતાની પર્યાયમાં આવે. પોતાનું સવળું કે અવળું કામ પોતે જ કરે છે.

બાપુ! તારી ભિન્નતાની જાતને તો જો! તારાથી ભિન્ન એવા બધાં દ્રવ્યો પોતપોતાના કારણે કેવા પરિણમે છે! એ બધાં તારા જ્ઞાનના જ્ઞેય છે—જાણવાલાયક છે—જ્ઞાનના એ કાર્ય નથી અને એ કાર્ય જ્ઞાનના કામમાં આવે તેવા નથી, માત્ર જ્ઞેય છે.

શ્રોતા :—આ લખવા આદિનું કાર્ય જીવના વિકલ્પથી થાય છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ શબ્દો વિકલ્પથી લખાતાં નથી. વિકલ્પની ક્રિયા જીવમાં થઈ તેનાથી જડના કાર્ય થતાં નથી. શબ્દો તે પરમાણુની યોગ્યતાથી લખાય છે.

સર્વજ્ઞની કથનપદ્ધતિ તો જુઓ! છ પ્રકારના પુદ્‌ગલમાં બધું સમાવી દીધું.

સૂક્ષ્મ એવું અંતરાયકર્મ પણ આત્માને નડતું નથી અને આત્મા તેને કરતો નથી. એ સૂક્ષ્મ પુદ્‌ગલના સ્કંધની પર્યાય પુદ્‌ગલથી થાય છે.

(૬) હવે રહ્યો છઠ્ઠો બોલ. જેનો બીજો ભાગ થઈ શકતો નથી એવા પરમાણુને સૂક્ષ્મ સૂક્ષ્મ પ્રકારના પુદ્‌ગલ કહેવાય છે.

આ છએ પ્રકારના પુદ્‌ગલ, આત્માનું કામ કરી શકતાં નથી અને આત્મા પુદ્‌ગલનું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કામ કરી શકતો નથી. પરમાણુ જીવનું કામ કરી શકતાં નથી તેમ સ્કંધ પણ જીવનું કામ કરી શકતાં નથી અને જીવ પણ શરીરાદિ સ્કંધોનું કામ કરી શકતો નથી.

એક પરમાણુથી માંડીને અનંત પરમાણુનો પિંડ એવો સ્કંધ પણ આ છ પ્રકારમાં આવી જાય છે. છથી જુદો સાતમો કોઈ પ્રકાર નથી. આ છએ પ્રકારોથી તું તારા સ્વરૂપને જુદું જાણ! એટલે જુદાં દ્રવ્યને જુદાં જાણ પણ તેના કાર્યને તારું કાર્ય ન માન! જુદાં દ્રવ્યના કાર્યને હું કરું અને મારા કાર્ય જુદું દ્રવ્ય કરે એ બનવું અશક્ય છે. છએ પ્રકારના પુદ્‌ગલદ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણને ધારણ કરતાં હોવાથી મૂર્તિક છે.

આ મૂર્તિક એવાં પુદ્‌ગલદ્રવ્યથી જુદાં ધર્મ અને અધર્મ નામના બે દ્રવ્ય છે. જેમાંથી ધર્મદ્રવ્ય છે તે જીવ અને પુદ્‌ગલ ગતિ કરતાં હોય તેમાં નિમિત્ત છે. જેમ માછલીને ગતિ કરવામાં પાણી નિમિત્ત છે તેમ, ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિમાં ધર્મદ્રવ્યનું નિમિત્ત છે અને ગતિપૂર્વક સ્થિતિ થવામાં અધર્મદ્રવ્યનું નિમિત્ત છે, જેમ ઉડતાં પંખીને ઝાડનો છાયો સ્થિતિ કરવામાં નિમિત્ત છે તેમ. જીવ-પુદ્‌ગલને ગતિ અને સ્થિતિમાં નિમિત્ત થાય એવાં આ બે દ્રવ્યો જગતમાં છે એમ વીતરાગભગવાને જોયું છે અને વાણીમાં કહ્યું છે.

અહીં એક વાત એ જોવાની છે કે જીવને મોક્ષગમનમાં સહાયક વજ્રવૃષભનારાચ-સંહનનરૂપ પુદ્‌ગલદ્રવ્ય છે, તેના વિના જીવની મુક્તિ થતી નથી તોપણ ગતિમાં સહાયી તો ધર્મદ્રવ્ય છે. ધર્મદ્રવ્યના નિમિત્ત વિના જીવનું સિદ્ધલોકમાં જવાનું બનતું નથી અને સિદ્ધલોકમાં સ્થિતિનું નિમિત્ત અધર્મદ્રવ્ય છે અને આત્માને અવકાશ આપવામાં આકાશદ્રવ્ય સહાયી છે. આ બધાં નિમિત્તોનું જ્ઞાન કરાવ્યું છે બાકી, વજ્રવૃષભનારાચસંહનનથી જીવની મુક્તિ થતી નથી અને મોક્ષમાં ગમન કે સ્થિતિ ધર્મ-અધર્મ દ્રવ્યથી થતી નથી. આકાશદ્રવ્યની વાત તો આગળ ૨૦મી ગાથામાં આવશે.

સિદ્ધાલયમાં અનંતા સિદ્ધો પોતાના સ્વભાવમાં જ રહેલાં છે, પરદ્રવ્યનું તેમને કાંઈ પ્રયોજન નથી. ધર્મ, અધર્મ, આકાશદ્રવ્ય ત્યાં છે ખરાં પણ ભગવાન તેના આધારે રહ્યાં નથી. અનંત સિદ્ધોના પ્રદેશ એક જ જગ્યાએ રહેલાં હોવા છતાં દરેક સિદ્ધના વિશુદ્ધ જ્ઞાન, દર્શનાદિ ભાવ પોતાના સ્વતંત્ર છે. જ્યાં ભગવાન વસે છે ત્યાં જ ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્‌ગલદ્રવ્ય પણ રહેલાં છે પણ તે દરેક દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે. પુરુષાકાર લોકમાં પુદ્‌ગલો ઠાંસી ઠાંસીને ભરેલાં હોય તેમ રહેલાં છે એટલે સિદ્ધાલયમાં પણ પુદ્‌ગલો તો છે પણ સિદ્ધ તેનાથી ભિન્નપણે જ રહેલાં છે. અનંતા સિદ્ધો પણ એક ક્ષેત્રે રહ્યાં હોવા છતાં કોઈના પ્રદેશ કોઈમાં ભળેલાં નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**तथात्र संसारे चेतनाकारणानि हेयानीति भावार्थः।** સિદ્ધાલયની જેમ સંસારમાં પણ ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલાદિ દ્રવ્યો જીવની સાથે એક ક્ષેત્રે રહેલાં હોવા છતાં જીવને તેની સાથે કાંઈ સંબંધ નથી. સંસારીજીવોને ગતિ-સ્થિતિ આદિમાં ધર્માદિ દ્રવ્યો નિમિત્ત છે તેથી સહાયી કહેવાય છે પણ ખરેખર કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કામમાં આવતું નથી. માટે, કોઈ દ્રવ્ય જીવના કાર્યના ઉપાદાનકારણ નથી એમ ભાવાર્થ છે. જેમ સિદ્ધાલયમાં બધાં દ્રવ્યો હોવા છતાં સિદ્ધને કોઈ દ્રવ્યનું પ્રયોજન નથી, સિદ્ધના જ્ઞાનમાં માત્ર તે જ્ઞેય છે તેમ નીચે સંસારીજીવોને પણ તે કોઈ દ્રવ્યોનું પ્રયોજન નથી. ગતિ-સ્થિતિ આદિમાં તે દ્રવ્યોને નિમિત્ત તરીકે સમજાવ્યા છે પણ ખરેખર કોઈ કારણ નથી. ખરેખર ઉપાદાનકારણ તો તારું તારામાં છે.

જગતમાં પદાર્થો છે તે જીવને માત્ર જ્ઞાનમાં જ્ઞેય છે, કોઈ દ્રવ્ય જીવના કાર્યમાં કારણભૂત નથી. એટલું જ નહિ, એ જ્ઞેય છે માટે જીવને જ્ઞાન થાય છે એમ પણ નથી.

વીતરાગના તત્ત્વમાં દરેક વાત પૂર્વાપરવિરોધરહિત સિદ્ધ થાય છે. એ સિવાયના ઈશ્વરકર્તા માનનારના કે એક આત્મા માનનારના કે કોઈ પણ અજ્ઞાનીના કહેલાં તત્ત્વમાં પૂર્વાપરવિરોધરહિત સિદ્ધિ નથી. અહીં તો અનંત દ્રવ્ય છે, દરેકના કાર્ય અલગ છે, કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કામ કરી શકતું નથી. અનંત દ્રવ્યના અનંત કાર્ય છે તેમાં અન્યનું નિમિત્ત ભલે કહ્યું પણ ઉપાદાન તો પોતાનું જ છે. જીવના કાર્યમાં નિમિત્તકારણ છે તે જ્ઞેય છે પણ ખરેખર કારણ તે નહીં હોવાથી હેય છે. જીવ જ્ઞાનનું કાર્ય તો પોતાથી કરે છે તેમાં જ્ઞેય તો માત્ર નિમિત્ત છે. તેને બદલે જીવના કાર્યનું તેને કારણ માને છે તેના ઘરમાં મિથ્યાત્વનો લાભ થાય છે.

અહીં તો જીવનું મિથ્યાદૃષ્ટિપણું ટાળવા માટેની વાત છે. આ મિથ્યાત્વ ટળ્યા વિના કદી અંશે પણ ધર્મ થવાનો નથી. મિથ્યાત્વ ટળે, સમ્યક્‌ભાન થાય ત્યારે ચારિત્ર આવે છે. મિથ્યાત્વ ટળ્યા વિના ચારિત્ર આવી જતું નથી. માટે, પ્રથમ મિથ્યાત્વ ટળે અને સ્વરૂપનું ભાન થાય તે માટે એમ નક્કી કર કે, હું જાણનાર છું અને બાકી બધું જણાવાયોગ્ય જ્ઞેય છે. ભલે અનંતાનંત દ્રવ્યો હોય તેને હું એક સમયમાં જાણનાર છું પણ કોઈનું કામ કરનાર નથી અને કોઈ પાસેથી કામ લેનાર નથી. એક સમયમાં અનંતને જાણી લે એવી તારી જ્ઞાનની તાકાત છે. તું જ્ઞાનનો ધણી-જ્ઞાનમૂર્તિ છો એ સિવાય કોઈ ચીજ મારી નથી એમ પ્રથમ તું જ્ઞાનમાં નક્કી કર! આવો નિર્ણય કરવો તે સ્વરૂપદૃષ્ટિ અને સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે આ બધી વાત કરી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# વ્યવહાર-શ્રદ્ધા પણ કેવી હોવી જોઈએ!

(સળંગ પ્રવચન નં. ૮૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૯ ગાથા થઈ છે. અહીં વ્યવહાર—સમ્યગ્દર્શનના વિષયભૂત છ દ્રવ્યનાં સ્વરૂપનું વર્ણન ચાલે છે.

નિશ્ચય-સમ્યગ્દર્શનનો વિષય સ્વદ્રવ્ય છે. નિજ શુદ્ધ જ્ઞાન-આનંદઘન આત્માની પ્રતીતિ થવી તે નિશ્ચય નામ સત્યાર્થ સમ્યગ્દર્શન છે, તે વીતરાગી પરિણતિ છે. પણ, તેની સાથે જે છ દ્રવ્યાદિની શ્રદ્ધાનો રાગ આવે છે તે વ્યવહાર-સમ્યક્ત્વ છે. તે કાંઈ ધર્મીને ઉપાદેય નથી, હેય છે પણ એવો રાગ આવ્યા વગર રહેતો નથી.

આમ, નિશ્ચય-સમ્યક્ત્વનું કારણ સ્વદ્રવ્ય છે અને વ્યવહાર-સમ્યક્ત્વનું કારણ છ દ્રવ્ય છે (કારણ કહો કે વિષય કહો બંને એક જ છે). તેથી તેનું સ્વરૂપ બરાબર જાણીને તેની શ્રદ્ધા કરવી જોઈએ.

પુદ્ગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની વાત આગળ આવી ગઈ છે. જીવના કાર્યમાં આ દ્રવ્યો કાંઈ કારણ નથી તેથી અકારણ છે પણ નિમિત્તરૂપે જ્ઞેયમાં તેની હાજરી છે તેને ધર્મી હેય તરીકે જાણે છે. આઠ કર્મ છે તે પુદ્ગલદ્રવ્યમાં આવી જાય છે. ભગવાન આત્મા સ્વદ્રવ્યના અવલંબનથી પોતાની નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધારૂપે પરિણમે ત્યારે કર્મની સત્તા આદિ છ દ્રવ્યની શ્રદ્ધાનો વિકલ્પ પણ સાથે હોય છે પણ તે રાગ છે અને તેનું અવલંબન પરદ્રવ્ય હોવાથી તે હેય છે. પણ તે જ્ઞેય હોવાથી જાણવાલાયક તો છે. આમ, આ દ્રવ્યો નિમિત્તરૂપ, જ્ઞેય અને હેય તરીકે જાણવાયોગ્ય છે.

શ્રોતા :—છ એ દ્રવ્યો હેય ભલે હો પણ રાખવા જેવા તો ખરાં ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે હેય હોય તે રાખવાયોગ્ય કેમ હોય! માત્ર જાણવાયોગ્ય છે. રાગ તો આવશે પણ તેમાં પરદ્રવ્યનું અવલંબન આવે છે માટે પરાધીન છે અને તે રાગ નાશવાન છે માટે અંતરસ્વભાવની દૃષ્ટિએ તે ઉપાદેય નથી. ૧૯મી ગાથામાં છેલ્લે કહ્યું ને! **अकारणानि हेयानी**....ભગવાને કહેલાં છ દ્રવ્યનું સ્વરૂપ જેમ છે તેમ બરાબર જાણવું અને તેની શ્રદ્ધા કરવી. પણ તે છ દ્રવ્ય અને તેની શ્રદ્ધાનો રાગ હેય છે એમ સમજવું. છ દ્રવ્યની પ્રતીત ન હોય તેને નિશ્ચયસમ્યગ્દર્શનની પ્રતીતિ હોતી નથી. વિકલ્પ સહિતની જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્યની પ્રતીત આવ્યા વગર રહેતી જ નથી. જેને છ દ્રવ્યની શ્રદ્ધાના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઠેકાણાં નથી તેને વિકલ્પ રહિત નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા થઈ શકતી જ નથી.

હવે ૨૦મી ગાથામાં આકાશદ્રવ્યનું સ્વરૂપ કહે છે.

दव्वई सयलई वरि ठियई णियमें जासु वसंति।
तं णहु दव्वु वियाणि तुहुं जिणवर एउ भणंति॥२०॥

અર્થ :—જેની અંદર બધાં દ્રવ્યો સ્થિત થઈને રહે છે તે આકાશ આધાર છે અને અન્ય બધાં દ્રવ્ય આધેય છે તેને આકાશદ્રવ્ય જાણો—એમ જિનેન્દ્રદેવ કહે છે.

આકાશના પેટમાં એટલે ઉદરમાં બધાં દ્રવ્યો રહેલાં છે. આકાશ એટલે ખાલી જગ્યા જે અરૂપી છે. આકાશદ્રવ્ય દેખાતું નથી પણ નિશ્ચયથી તે એક દ્રવ્ય છે. અનાદિથી આકાશ એક વસ્તુ છે અને તેમાં બધાં દ્રવ્યો વસેલાં છે. નિશ્ચયથી એટલે ખરેખર આકાશ એક વસ્તુ અનાદિથી છે, નવી નથી. ઉપર આકાશ દેખાય છે તે આકાશદ્રવ્ય નથી. ખાલી ભાગ ક્યાં નથી? દશેય દિશામાં ચાલ્યા જાઓ....ચાલ્યા જાઓ....આકાશનો ક્યાંય અંત નથી. ખાલી.... ખાલી....ખાલી....ભાગ કે જેનો ક્યાંય છેડો નથી તે આકાશ છે અને તેની અંદર પાંચેય દ્રવ્યો રહેલાં છે. નિશ્ચયથી આકાશ છે અને અન્ય દ્રવ્યો તેમાં રહેલાં છે.

વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ આમ ફરમાવે છે એમ શ્રી યોગીન્દ્રદેવ ગાથા દ્વારા કહે છે. આકાશના જેટલાં ભાગમાં પાંચ દ્રવ્યો રહેલાં છે તે લોકાકાશ છે, તેના આધારે પાંચેય દ્રવ્યો રહેલાં હોવાથી આધેય છે અને આકાશ આધાર છે. લોકાકાશ સિવાયનો આકાશનો ભાગ ખાલી છે.

ભાવાર્થ :—આકાશમાં જીવાદિ બધાં દ્રવ્યો પરસ્પર એકક્ષેત્રાવગાહે રહેલાં છે તોપણ જીવથી તદ્દન જુદાં છે. માટે આકાશ છે એમ શ્રદ્ધા તો કરવી પણ તેનો રાગ ત્યાગવાયોગ્ય છે અને અનંત સુખસ્વરૂપ આત્મા સાક્ષાત્ આરાધવાયોગ્ય છે.

જેને છોડવું છે તેને જાણવું શા માટે એમ પ્રશ્ન થાય પણ જાણ્યા વિના છોડશો કોને? માટે, આકાશાદિ દ્રવ્યોને જેમ છે તેમ જાણીને તેનો વિકલ્પ છોડવા યોગ્ય છે અને ભગવાન આત્મા જે એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે તેની દૃષ્ટિ કરવા લાયક છે. આત્માની દૃષ્ટિ કરવી એ જ તેનો આદર છે.

જે ચીજની શ્રદ્ધાનો વિકલ્પ ઊઠ્યો છે તેને આદરણીય માન્યો તેણે તે ચીજને જ આદરણીય માની છે. આકાશની શ્રદ્ધાનો વિકલ્પ ઊઠે પણ તે વિકલ્પનો આદર ન હોય, આદર તો એક સ્વદ્રવ્યનો જ હોય. વિકલ્પ ઊઠે એ જુદી વાત છે અને તે વિકલ્પને ઉપાદેય માનવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે જુદી વાત છે. ધર્મીને વિકલ્પ ઊઠે પણ તેનો આદર ન હોય, તેમાં ઉપાદેયબુદ્ધિ ન હોય. વિકલ્પને ઉપાદેય માને છે તેણે તો પરદ્રવ્યને ઉપાદેય માન્યું છે, સ્વદ્રવ્યને ઉપાદેય માન્યું નથી. અહીં તો ખરાખરીના ખેલ છે, વીતરાગનો માર્ગ સમજવો એ કોઈ સાધારણ માણસનું કામ નથી. એ ભલે માની લે કે હું સમજ્યો છું પણ સમજવાના ખેલ આકરાં છે.

જિનેન્દ્રદેવ કહે છે કે આકાશ સર્વવ્યાપક એક દ્રવ્ય છે જે અપાર....અપાર....અપાર છે. તેને જ્ઞાનમાં શ્રદ્ધજે કે 'આકાશ છે' પણ તેની શ્રદ્ધાના વિકલ્પને છોડી દેજે. અનંત ગુણનિધિ આનંદમૂર્તિ નિજ ભગવાનની કિંમત કરીને તેની શ્રદ્ધા કરવાયોગ્ય છે. અન્ય દ્રવ્યનું જ્ઞાન હોય પણ તેની કિંમત ન હોય—આદર ન હોય. જ્ઞાન કરનારી તો પોતાની પર્યાય છે પણ તે પરદ્રવ્યાલંબી છે, નાશવાન છે અને રાગ સહિત છે માટે તે આદરણીય નથી.

ભગવાન આત્મા અનંત સુખસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. સ્ત્રી, પુત્ર, પૈસા આદિમાં સુખ માન્યું છે એ કાંઈ સુખ નથી. એ તો રાગ છે, દુઃખ છે, અજ્ઞાનથી ઊભી કરેલી મિથ્યાભ્રાંતિ છે. આત્મામાં તો અતીન્દ્રિય આનંદનો અપાર રસ ભર્યો છે. લીંડીપીપરમાં જેમ ૬૪ પહોરી તીખાશનો રસ પડેલો છે તો તેને ઘૂંટવાથી રસ પ્રગટ થાય છે તે રસ કેવો છે! કે પૂરો લીલો રંગ અને પૂરી તીખાશમય છે, તેમ આત્મામાં પૂરો અતીન્દ્રિય આનંદ અને પૂરું સર્વજ્ઞપદ અંદરમાં રહેલું છે તે તેની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની આરાધનાથી પૂર્ણપણે પ્રગટ થાય છે. આમ, આત્મા અનંત સુખસ્વરૂપ છે માટે આદરવા લાયક છે અને તેમાં ઠરવા લાયક છે. કેમ? **साक्षादुपादेयभूतादनन्तसुखस्वरूपात्परमात्मनः ।** ભગવાન આત્મા કેમ ઉપાદેય છે? કેમ તેની કિંમત કરીને મહિમા કરવા લાયક છે?—કે, અનંત સુખસ્વરૂપ છે માટે તેની કિંમત કરીને તેમાં જ ઠરવા લાયક છે.

જેવો સિદ્ધને અતીન્દ્રિય આનંદ પ્રગટ છે તેવો જ આત્માની અંદર એકરૂપ અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે, માટે તેમાં એકાગ્ર થઈને તે આનંદનો જ અનુભવ કરવા જેવો છે.

ભાઈ! તેં અત્યાર સુધી શું કર્યું! શરીર અને તેના સગા-સંબંધીની સેવા કરીને મમતા જ પોષી. કદી અંદરના નિધાનની સંભાળ ન લીધી. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે તું અતીન્દ્રિય અનંત આનંદરસનો પીંડલો છો. એ તો કદી સાંભળ્યું જ નથી અને સાંભળ્યું હોય તો વિચાર કરીને, તુલના કરી નથી કે હું શું માનું છું અને ખરેખર વસ્તુસ્વરૂપ શું છે! ભગવાન શું કહી રહ્યાં છે તેનો વિચાર જ નથી. કોઈને પૈસા ન હતાં અને ખૂબ મળ્યાં હોય કે કોઈને ઘણાં પૈસા હોય અને ચાલ્યા જાય તેની બહુ આશ્ચર્ય લાવીને વાતો કર્યા કરે....પણ એ તો બધાં પુદ્‌ગલના ખેલ છે તેના સંબંધી વિકલ્પજાળમાં તારો અનંતકાળ તું ગુમાવી બેઠો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અરે! અનંતકાળે આવો મનુષ્યદેહ મહાભાગ્યે મળ્યો છે તેમાં પણ સ્વરૂપની કિંમત નહિ કર અને પરની કિંમતમાં જ રોકાઈશ તો તારું રખડવું મટશે નહિ. 'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભદેહ માનવનો મળ્યો....' આજ સુધી હીરા-માણેક-મોતી પરખ્યા, મકાન પરખ્યા, કપડાં પરખ્યા પણ એક આત્માને પરખ્યો નથી. લાખ-બેલાખના મકાનની પરીક્ષા કરી પણ ભગવાન કોણ છે તેની પરીક્ષા કદી કરી નથી.

અહા! દૃષ્ટિ કરીને કરવા ઠરવા લાયક તો એક અનંત સુખસ્વરૂપ નિજ આત્મા જ છે. અન્ય દ્રવ્યને જાણવાનો વિકલ્પ તો આવે, આવ્યા વગર રહેતો જ નથી પણ તેમાં ઠરવાનું નથી. નિજ દ્રવ્યના અવલંબન સહિત પરદ્રવ્યના અનલંબનવાળી શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનો રાગ આવે છે પણ તે પરાધીન અને નાશવાન છે માટે ઉપાદેય નથી.

નિશ્ચય-મોક્ષમાર્ગ સ્વાશ્રિત છે અને વ્યવહાર-મોક્ષમાર્ગ પરાશ્રિત છે, આત્માની સમાધિથી વિરુદ્ધ છે, તેમાં શાંતિ નથી. જ્યારે નિશ્ચય-મોક્ષમાર્ગમાં તો સમાધિ અને શાંતિ છે. વ્યવહાર-મોક્ષમાર્ગ વ્યવહારે પવિત્ર હોવા છતાં નિશ્ચયથી અપવિત્ર છે. ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રરૂપ નિશ્ચયનો મોક્ષમાર્ગ તો પરમાર્થે પવિત્ર છે.

નિશ્ચય-મોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે જ્યારે વ્યવહાર-મોક્ષમાર્ગને તો નિશ્ચયનું કારણ ગણીને પરંપરા મોક્ષનું કારણ કહ્યો છે પણ ખરેખર તે પરાધીન, અશાંતિરૂપ હોવાથી મોક્ષનું કારણ નથી. સ્વભાવની શાંતિની અપેક્ષાએ વ્યવહારને પાપ પણ કહેવામાં આવે છે.

અરે! એણે પોતાની કિંમત ક્યારેય ન કરી. શાસ્ત્ર ભણી-ભણીને પણ 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર'ની કહેવત પ્રમાણે ઝેર જ કાઢ્યું. સમુદ્રમંથન કરીને માખણને બદલે ઝેર કાઢ્યું.

ભગવાન આત્માની કિંમત તો એટલી છે કે ભગવાન પણ વાણીમાં કહી શક્યાં નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યાં નહિ તે પણ શ્રી ભગવાન જો....' ભગવાનના જ્ઞાનમાં તો બધું આવી ગયું પણ વાણી તો જડ છે, આત્માથી વિરુદ્ધ જાત છે તેના વડે ચૈતન્ય, અરૂપી આત્માની મહિમા કેવી રીતે કહી શકાય! આવા અતીન્દ્રિય સુખસાગર ભગવાન આત્માને ઓળખીને તેની શ્રદ્ધા કરવા લાયક છે અને તે જ અંતરમાં આદરવા લાયક છે. બાકી કાંઈ આદરવા લાયક નથી.

એ....બહાર તડકામાં ન બેસો, અંદર જગ્યા થઈ જશે, અંદર આવતાં રહો....આ માર્ગનું પીરસણું બધાં માટે છે. લે રે લે.....આ મારગ.....આ મારગ તેં કદી જાણ્યો નથી. અનંત સુખસ્વરૂપ આત્મા જ ઉપાદેય છે. બાકી બધું હેય છે. છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ પણ હેય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પાંચ દ્રવ્યની વાત આવી ગઈ. હવે આગળ કાળદ્રવ્યની વ્યાખ્યા કરે છે. કેટલાક સંપ્રદાય કાળદ્રવ્યને માનતાં જ નથી પણ કાળ એક દ્રવ્ય છે, તેનું સ્વરૂપ જેમ છે તેમ જાણીને, તેનો વિકલ્પ છોડવા લાયક છે.

**कालु मुणिज्जहि दव्वु तुहुँ वट्टण-लक्खणु एउ।**
**रयणहँ रासि विभिण्ण जिम तसु अणुयहँ तह भेउ॥२१॥**

અર્થ :—હે ભવ્ય! તું આ પ્રત્યક્ષરૂપ વર્તનાલક્ષણવાળા દ્રવ્યને કાળદ્રવ્ય જાણ! અર્થાત્ પોતાથી સ્વયં પરિણમતા દ્રવ્યોને, કુંભારના ચાકની નીચેની ખીલીની જેમ જે બહિરંગ સહકારી કારણ છે તે કાળદ્રવ્ય છે. કાળદ્રવ્ય અસંખ્ય છે તથા એક પ્રદેશી છે. જેમ રત્નની રાશિમાં રત્નો પરસ્પર મળતાં નથી, જુદાં જુદાં છે તેમ, કાળના અણુઓ જુદાં જુદાં રહે છે, પરસ્પર મળતાં નથી.

ચૌદ રાજલોકમાં અનંતા જીવદ્રવ્ય છે, અનંતા પરમાણુઓ છે, તેમ કાળદ્રવ્ય અસંખ્ય છે. તે કાળના એક એક અણુ લોકાકાશના એક એક પ્રદેશ ઉપર સ્થિત છે. 'વર્તના' એ કાળદ્રવ્યનું લક્ષણ છે એટલે કે દરેક દ્રવ્યો પરિણમે છે તેમાં કાળદ્રવ્યનું નિમિત્ત છે. જેમ કુંભારનું ચક્ર સ્વયં ચાલે છે પણ તેમાં વચ્ચેની ખીલીનું નિમિત્ત હોય છે તેમ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ આ બધાં દ્રવ્યો સમયે સમયે સ્વયં—પોતાથી પરિણમન કરે છે તેમાં કાળદ્રવ્યનું નિમિત્ત હોય છે.

સર્વ દ્રવ્યોનું પરિણમન—અવસ્થાંતર—રૂપાંતર પોતાથી જ થાય છે પણ તે જ સમયે સાથે સહકારીકારણ તરીકે કાળદ્રવ્ય હોય છે. કાળદ્રવ્ય અરૂપી છે. સંખ્યાએ અસંખ્ય છે તે દરેકને કાળણુ કહેવાય છે. તે કદી એક-બીજામાં મળી જતાં નથી, અલગ અલગ રહે છે. કેટલાંક લોકો કાળને માનતાં જ નથી પણ આ તો ભગવાને કહેલું વસ્તુનું સ્વરૂપ છે. માટે, છ દ્રવ્યની વ્યવહારશ્રદ્ધામાં કાળદ્રવ્યનું સ્વરૂપ પણ જાણવા યોગ્ય છે. કાળદ્રવ્યને ન માને તેની વ્યવહારશ્રદ્ધામાં ખોટ છે તેથી તેને આત્માની નિશ્ચયશ્રદ્ધા પણ થઈ શકે નહિ.

હવે શિષ્ય પ્રશ્ન પૂછે છે કે 'સમય' અર્થાત્ 'કાળ' પોતે જ નિશ્ચયકાળ છે! અન્ય નિશ્ચયકાળ નામનું કોઈ દ્રવ્ય તો અમને જણાતું નથી. તેનું શ્રીગુરુ સમાધાન કરે છે કે 'સમય' એ તો કાળદ્રવ્યની પર્યાય છે કેમ કે તે તો નાશ પામે છે. દ્રવ્ય તો ત્રિકાળી છે. જેમ સોનું એ દ્રવ્ય છે અને કડા, કુંડળ આદિ તેની પર્યાય છે તેમ કાળદ્રવ્યનું છે અને એક સમય, બે સમય....આદિ તેની પર્યાય છે.

પર્યાય કદી પર્યાયવાન એટલે દ્રવ્ય વિના હોતી નથી. પર્યાય તો એક સમયે થઈને બીજા

www.vitragvani.com



સમયે નાશ થાય છે અને દ્રવ્ય તો સદાય રહે છે. પંચાસ્તિકાયમાં પણ આવું જ કહ્યું છે, '**समओ उप्पण्णपद्धंसी**' અર્થાત્ સમય ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે તેથી જણાય છે કે સમય પર્યાય દ્રવ્ય વિના ન હોઈ શકે. એક સમય, બે સમય, એક સેકંડ, મિનિટ, કલાક એ બધાં સમયો પર્યાય છે. તે ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે. પર્યાય કદી દ્રવ્ય વિના ન હોય. અવસ્થા અવસ્થાવાન વિના ન હોય. માટે, એક સમયની દશા દશાવાન પદાર્થ વિના હોઈ ન શકે.

હવે એ વિચાર કરીએ કે 'સમય' ક્યા દ્રવ્યની પર્યાય છે? જો એ પુદ્ગલની પર્યાય હોય તો પુદ્ગલ જેમ મૂર્ત છે તેમ સમય પર્યાય પણ મૂર્ત હોવી જોઈએ. પરંતુ, સમય તો અમૂર્તિક છે, તેને રૂપ નથી. માટે તે પુદ્ગલની પર્યાય તો નથી.

સમયનું માપ શું છે?—કે, એક પુદ્ગલ પરમાણુ આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી જાય એટલા કાળને એક સમય પર્યાય કહેવાય છે. આમ, સમયનું માપ પુદ્ગલ-પરમાણુથી થાય છે પણ સમય પોતે પુદ્ગલની પર્યાય નથી. સમય તો 'કાળ' નામના દ્રવ્યની જ પર્યાય છે.

નેત્રના પલકારામાં 'નિમેષ' થાય છે. હાથાદિકના વ્યાપારથી 'ઘટિકા' થાય છે અને સૂર્યબિંબના ઉદયથી 'દિવસ' થાય છે. આ બધી કાળદ્રવ્યની પર્યાય છે તે પુદ્ગલદ્રવ્યના નિમિત્તથી થાય છે પણ પર્યાયોનું મૂળકારણ પુદ્ગલદ્રવ્ય નથી. મૂળકારણ તો કાળદ્રવ્ય જ છે.

જેમ મૂર્તિક એવી માટીના ઢગલામાંથી બનતો ઘડો પણ મૂર્તિક હોય છે તેમ 'સમય' જો મૂર્તિક પુદ્ગલમાંથી બનતો હોય તો મૂર્તિક હોવો જોઈએ પણ સમય મૂર્તિક નથી, અમૂર્તિક છે માટે 'સમય' અમૂર્ત એવા કાળદ્રવ્યનો જ પર્યાય છે. જ્યાં જ્યાં પર્યાય અર્થાત્ અવસ્થા હોય ત્યાં ત્યાં દ્રવ્ય હોય છે. દ્રવ્ય વિના અવસ્થા હોતી નથી.

આ તો જૈનદર્શન છે ભાઈ! લોજિકથી વસ્તુને સિદ્ધ કરે છે. આ આંગળી જેટલા ક્ષેત્રમાં છે તેટલા જ ક્ષેત્રમાં તે પુદ્ગલદ્રવ્યના પરમાણુઓ છે. તેમ જ્યાં સમય છે ત્યાં તેનો કાળાણુ દ્રવ્ય છે તેની જ એ અવસ્થા છે. એક સમયની અવસ્થા છે તે તો નાશવાન છે અને કાળાણુ દ્રવ્ય તો અવિનશ્વર છે. દ્રવ્યમાં જ હંમેશા અવિનાશીપણું હોય છે, પર્યાયમાં હોતું નથી માટે, સમય, નિમેષ, કલાક, આદિને કાળદ્રવ્યની જ પર્યાય જાણવી જોઈએ. પુદ્ગલ-દ્રવ્યની પર્યાય નહિ. પુદ્ગલપર્યાય તો મૂર્તિક હોય છે.

હવે છેલ્લે સારાંશ એ કહે છે કે સર્વથા ઉપાદેય શુદ્ધ શુદ્ધ કેવળસ્વભાવ જે જીવ, તેનાથી કાળદ્રવ્ય ભિન્ન છે માટે હેય છે. તેથી કાળદ્રવ્યને જાણીને, શ્રદ્ધીને તેનો વિકલ્પ છોડવા જેવો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જેમ જમીને હાથ ધુઓ છો ને! જમ્યા વિના ધોતા નથી તેમ કાળદ્રવ્યને જાણીને તેનો વિકલ્પ છોડવા જેવો છે, જાણ્યા વિના નહિ. કેમ કે કાળ આદિ છ એ દ્રવ્ય વ્યવહારસમકિતનો વિષય હોવાથી જાણવા લાયક તો છે પણ આદરવા લાયક નથી.

સર્વથા આદરવા લાયક તો જે શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવી જીવદ્રવ્ય છે તે જ ઉપાદેય છે. આત્મા શુદ્ધ નામ પવિત્ર છે, બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ છે અને કેવળ નામ એક અખંડ દ્રવ્ય છે, તેનાથી કાળદ્રવ્ય જુદો છે માટે હેય છે, આદરવાલાયક નથી. આ સારાંશ છે.

આત્મા જ્ઞાનાનંદ છે એમ જાણ્યો અને આદરવો તથા રાગ હેય છે એમ જાણીને તેને છોડવો. તેમ કાળાદિ દ્રવ્યોને જાણવા, માનવા પણ તેનો વિકલ્પ છોડી દેવો.

હવે ૨૨મી ગાથામાં દ્રવ્યોની સંખ્યા કહે છે કે જીવ, પુદ્ગલ અને કાળ આ ત્રણ દ્રવ્ય અનેક છે અને ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્ય એક એક છે. વ્યવહારશ્રદ્ધામાં દ્રવ્યોની સંખ્યા પણ જાણવી જોઈએ.

**जीउ वि पुग्गलु कालु जिय ए मेल्लेविणु दव्व।**
**इयर अखंड वियाणि तुहुँ अप्प-पएसहिँ सव्व।।२२।।**

અર્થ :—હે જીવ! તું જીવ પુદ્ગલ અને કાળદ્રવ્યને છોડીને (આ ત્રણ દ્રવ્ય સિવાયના) ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યને પોતાના પ્રદેશોથી અખંડિત એક એક દ્રવ્ય જાણ!

જીવદ્રવ્યની સંખ્યા અનંત છે. પુદ્ગલ દ્રવ્યની સંખ્યા તેનાથી પણ અનંત છે અને કાળદ્રવ્ય અસંખ્ય છે. સર્વજ્ઞભગવાને જ્ઞાનમાં આ બધું જેમ છે તેમ જોયું છે અને જેમ છે તેમ કહ્યું છે. બટાટાની એક રાય જેવડી કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક એક શરીરમાં અનંત જીવ છે, તે અનંત એટલે કેટલા?—કે અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા છે તેનાથી અનંતગુણા જીવ એક શરીરમાં છે. આ બધું જીવે શ્રદ્ધામાં લેવું જોશે. કેમ કે વ્યવહારસમકિતના વિષયમાં આ બધું આવી જાય છે. બટાટામાં જ આટલા જીવ છે એમ નહિ, ડુંગળી, શકરકંદ આદિ બધાં અનંતકાયમાં એક-એક ઔદારિક શરીરમાં અનંતા જીવ રહેલાં છે. સિદ્ધભગવાન છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ થાય છે. અનંતકાળથી અનંત જીવો સિદ્ધ થઈ રહ્યાં છે તેનાથી અનંતગુણા જીવો આ નિગોદ-શરીરમાં છે. આમ, જીવોની સંખ્યા અનંત છે તે તેણે શ્રદ્ધામાં લેવી જોઈએ, પછી તેનો વિકલ્પ છોડી દેવો જોઈએ.

જીવની સંખ્યા કરતાં પુદ્ગલની સંખ્યા અનંતગણી છે અને કાળદ્રવ્યની સંખ્યા અસંખ્ય છે. ચૌદ બ્રહ્માંડમાં એક એક આકાશના પ્રદેશ ઉપર એક એક કાળાણુદ્રવ્ય રહેલાં છે. આમ,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જીવ પુદ્‌ગલ અને કાળ દ્રવ્ય ઘણાં છે માટે, ઘણાં માનવાં અને તે ત્રણ સિવાયના ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્ય અખંડ એક-એક દ્રવ્ય છે તેને એક-એક જાણવાં. ધર્મ, અધર્મ અને આકાશ પોત-પોતાના પ્રદેશોથી અખંડ છે. જૈનશાળામાં આ છ દ્રવ્ય અને તેનું સ્વરૂપ, તેની સંખ્યા, તેના પ્રદેશ, તેના લક્ષણ, તેનું કાર્ય વગેરે બધું શીખવું અને સમજવું જોઈએ. બીજા માત્ર પાઠો ગોખી જવાનો કાંઈ અર્થ નથી.

ભાવાર્થ :–જીવદ્રવ્યની જુદી જુદી ગણના કરો તો અનંત જીવદ્રવ્ય છે, બધાં થઈને એક જીવદ્રવ્ય નથી, અનંત જીવો છે.

જુઓ ને! તળાવમાં પાણી ઉપર લીલફૂગના ગોદડાં જામી જાય છે ને! તેમાં એક જીવ નથી, અનંતજીવ છે. જે લીલો ભાગ દેખાય છે તે તો શરીર છે પણ તેની અંદર જીવ હોય છે. કેટલાં?–કે એક, બે નહિ પણ અનંતજીવ હોય છે. પૂર્વે અનંતવાર તું તેમાં જઈ આવ્યો....ત્યાંથી નીકળીને આ મનુષ્યપણામાં માંડ આવ્યો છે એને ક્યાં ભાન છે કે હું ક્યાં હતો અને ક્યાં આવ્યો છું! અહીં કોઈએ જેલમાં પૂર્યો હોય તો કેટલો દુઃખી થાય છે અને જેલમાંથી નીકળે તો કેટલો ખુશી થાય છે! તેમ આ નિગોદની જેલમાંથી નીકળીને અહીં આવ્યો છો ભાઈ!

શ્રોતા :—પણ કાંઈ યાદ નથી આવતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :—યાદ તો આ ભવના પણ નાનપણના છ મહિનાની વાત કાંઈ યાદ આવે છે? તો શું ન હતું? યાદ ન આવે માટે ન હતું એમ કેમ મનાય? એણે પોતાની દરકાર જ કદી કરી નથી, રખડવાની દરકાર કરી છે. જન્મીને છ-બાર મહિના રોયા હશો, દૂધ પીધાં હશે—એ કાંઈ યાદ નથી આવતું માટે નથી? એમ, અનંતકાળ નિગોદમાં વીતાવ્યો તે ભૂલી ગયો માટે ખોટું છે? એમ નથી ભાઈ! આ તો સર્વજ્ઞભગવાન તને તારો ભૂતકાળ બતાવે છે. નાનપણ વીત્યા વગર ૪૦-૫૦ વર્ષના કોઈ થઈ જતાં નથી એ તો ન્યાયની વાત છે તેમ, જીવ અનંતકાળથી છે તો પૂર્વે નરક-નિગોદમાં કાળ વીતાવ્યો છે એ ન્યાયથી પણ બેસે તેવી વસ્તુસ્થિતિ છે. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની કોર્ટ છે.

ભગવાન કહે છે—જીવો અનંત છે, પુદ્‌ગલદ્રવ્ય જીવથી અનંતગુણા છે, કાળાણુ અસંખ્ય છે તે જીવ કે અજીવની પર્યાય નથી પણ કાળ નામનું દ્રવ્ય છે. આમ, જાણ! ધર્મદ્રવ્ય એક છે અને આખાં લોકમાં વ્યાપ્ત છે. અધર્મ દ્રવ્ય પણ લોકવ્યાપી એક દ્રવ્ય છે. ધર્મ અને અધર્મ બંને દ્રવ્ય અસંખ્યપ્રદેશી છે. આકાશદ્રવ્ય અલોક અપેક્ષાએ અનંતપ્રદેશી છે, કારણ કે આકાશ અરૂપી, અમાપક્ષેત્રી દ્રવ્ય છે. ખાલી જગ્યાનો ક્યાંય અંત નથી એ ખાલી ભાગ જ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આકાશદ્રવ્ય છે, તેની અસ્તિ દરેક જગ્યાએ છે, તેની નાસ્તિ ક્યાંય નથી. એમ તારા જ્ઞાનમાં સ્વીકાર કરજે કારણ કે આ બધો વ્યવહાર-સમ્યગ્દર્શનનો વિષય છે. લોક અપેક્ષાએ આકાશદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે.

દરેક દ્રવ્યને પોતપોતાના પ્રદેશ છે. કોઈ દ્રવ્યના પ્રદેશ બીજા ક્ષેત્રથી અસ્તિ નથી, દરેકને પોતાનું ક્ષેત્ર છે. કોઈ દ્રવ્યના પ્રદેશ બીજા દ્રવ્યમાં ભળી જતાં નથી. જીવના પ્રદેશ શરીરમાં ભળતાં નથી અને શરીરના પરમાણુના પ્રદેશ જીવમાં ભળી જતાં નથી. ધર્મદ્રવ્યના પ્રદેશ અધર્મમાં ભળી જતાં નથી કે અધર્મના પ્રદેશ ધર્મમાં ભળી જતાં નથી, દરેકનું ક્ષેત્ર ભિન્ન-ભિન્ન છે.

આ પ્રકારે છ દ્રવ્ય છે તેમાં જીવ જ ઉપાદેય છે તેમાં જોકે શુદ્ધ નિશ્ચયથી શક્તિની અપેક્ષાએ બધાં જીવ ઉપાદેય છે તોપણ, વ્યક્તિ અપેક્ષાએ પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. જીવની શક્તિ અપેક્ષાએ તો બધાં આત્મા જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણની મૂર્તિ છે. તેથી બધાં આદરવા લાયક છે. અનંતા આત્માઓ પરમાત્મસ્વરૂપ છે. આખો લોક ભગવાન આત્માથી ભરેલો છે તેમાંથી પ્રગટ નિર્મળતા તો પાંચ પરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને જ છે માટે, પંચપરમેષ્ઠી આદરણીય—ઉપાદેય છે.

શક્તિએ તો બધાં આત્મા પરમાનંદની મૂર્તિ છે પણ તેની એક સમયની દશામાં વિકાર, ભ્રમણા, અજ્ઞાન આદિ છે. વસ્તુદૃષ્ટિએ તો શુદ્ધ જ છે. લીંડીપીપરના દરેક દાણામાં ૬૪ પહોરી તીખાશ ભરેલી છે તેમ દરેક આત્મવસ્તુમાં પૂરેપૂરી શક્તિ ભરેલી છે. તેને પંચપરમેષ્ઠીએ પોતાની પર્યાયમાં પ્રગટ કરી છે. તેમાં અરિહંત અને સિદ્ધે તો પૂરી શક્તિ પર્યાયમાં પ્રગટ કરી છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુએ અપૂર્ણ શક્તિ પર્યાયમાં પ્રગટ કરી છે તેથી પાંચ પરમેષ્ઠીમાંથી અરિહંત અને સિદ્ધ પૂર્ણ પવિત્રદશાને પ્રાપ્ત હોવાથી ઉપાદેય છે. તેમાં પણ સિદ્ધને સર્વપ્રકારે પૂર્ણદશા પ્રાપ્ત હોવાથી સિદ્ધભગવંતો જ ઉપાદેય છે.

આ રીતે, વિકલ્પમાં તો સિદ્ધ ભગવાન સર્વથી ઉપાદેય છે પરંતુ નિશ્ચયનયથી મિથ્યાત્વ, રાગાદિ વિભાવ પરિણામના અભાવમાં વિશુદ્ધાત્મા જ ઉપાદેય છે એમ જાણવું. દરેક જીવને પોતાનું વિશુદ્ધ નિર્મળાનંદસ્વરૂપ જ ઉપાદેય છે. નિર્વિકલ્પ અનુભૂતિકાળે નિજ શુદ્ધાત્મા જ આદરણીય છે. વિકલ્પના કાળમાં પૂર્ણ પવિત્ર એવા અરિહંત, સિદ્ધ આદિ આદરણીય છે.

હું રાગી કે અલ્પજ્ઞ છું, મારું સુખ પરમાં છે એવી બધી ભ્રમણા છોડી, અંતર-અનુભવમાં વિશુદ્ધાત્મા જ ઉપાદેય-આદરણીય છે એ આ ગાથાનો ભાવાર્થ છે.

છ દ્રવ્યનું સ્વરૂપ, તેની સંખ્યા, તેના પ્રદેશ આદિ જેમ છે તેમ જાણી, અનંત જીવોની

www.vitragvani.com



શક્તિ વિશુદ્ધ છે તેને બરાબર માનવી. તેમાંથી જે પર્યાયમાં પવિત્રતાને પ્રાપ્ત થયાં છે તેવા પંચપરમેષ્ઠીને પૂજ્ય માનવા. તેમાંથી અરિહંત અને સિદ્ધને પૂર્ણદશા પ્રાપ્ત હોવાથી ઉપાદેય માનવા. તેમાંથી સિદ્ધને વિશેષ આદરણીય માનવાં. તેનાથી પણ શુદ્ધ આત્માને આદરણીય માનવો કારણ કે સિદ્ધના લક્ષે તો રાગ થાય છે—વિકલ્પ ઉઠે છે તે તો હેય છે માટે પરમાર્થે તો, ભ્રમણા અને વિકલ્પની જાળ છોડી, વિભાવથી છૂટાં પડેલા નિજ આત્માને અનુભવવો—તેનું નામ ધર્મ છે, તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન—જ્ઞાનમાં આત્મા જ આદરણીય છે તેનું નામ ધર્મ કહેવાય છે.

❁

❁ ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૩૩. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૩૩)*

❁ જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું. પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં ફરી ફરીને મતિ-શ્રુતને જોડવાં. તેથી ભ્રાંતિનો નાશ થશે, ભ્રાંતિગત અજ્ઞાનદશાનો નાશ થશે, મિથ્યાત્વનો નાશ થશે કે જે દુઃખનું મૂળ છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૩૭)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# જિનોક્ત વ્યવહાર-સમ્યક્ત્વનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં-૮૮)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની ૨૨ ગાથા પૂરી થઈ છે. હવે ૨૩મી ગાથામાં જીવ અને પુદ્‌ગલ એ બે હલન-ચલનાદિ ક્રિયાયુક્ત છે અને ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર નિઃક્રિય છે એમ નિરૂપણ કરે છે.

આ આત્મા વસ્તુ તરીકે શુદ્ધ જ્ઞાન-આનંદકંદ છે. તે જ નિશ્ચયસમ્યગ્દર્શનમાં કારણ છે. સમ્યગ્દર્શન જ મૂળ ધર્મ છે તેનું કારણ આ શુદ્ધ આત્મદ્રવ્ય પોતે જ છે. નિશ્ચયધર્મની સાથે વ્યવહારધર્મ પણ પ્રગટ થાય છે, તેનો વિષય છએ દ્રવ્યો છે, તેમાં જીવ અને પુદ્‌ગલ ક્રિયાવાળા છે અને અન્ય ચાર દ્રવ્યો નિઃક્રિય છે. તેથી જીવમાં જે હલન-ચલનાદિ ક્રિયા થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે એ તેને વ્યવહારસમકિતના વિષયમાં સમજવું જોઈએ અને આ ક્રિયામાં જીવને, ધર્મદ્રવ્ય અને પુદ્‌ગલની ક્રિયાનું નિમિત્ત હોય છે તે પણ તેણે માનવું જોઈએ.

**दव्व चयारि वि इयर जिय गमणागमण—विहीण।**
**जीउ वि पुग्गलु परिहरिवि पभणहिं जाण-पवीण॥२३॥**

અર્થ :—હે હંસ! જીવ અને પુદ્‌ગલ આ બે સિવાય ચારેય દ્રવ્ય હલન-ચલનાદિ ક્રિયા રહિત છે, જીવ-પુદ્‌ગલ ક્રિયાવંત છે, ગમનાગમન કરે છે એમ, જ્ઞાનીઓમાં ચતુર રત્નત્રયના ધારક શ્રુતકેવળી કહે છે.

અહીં જીવને ‘હંસ’ કહીને સંબોધ્યો છે. હે હંસ! આત્મા અખંડ જ્ઞાયક છે તેની પ્રતીત તો તું કરજે જ પણ બીજા દ્રવ્યોનું સ્વરૂપ પણ જેમ છે તેમ તું જાણજે.

જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યોમાં ગમન કરવાની લાયકાત છે માટે તારું ગમન થાય છે તે તારી પોતાની લાયકાતથી થાય છે કોઈ અન્ય દ્રવ્ય તને ચલાવતું નથી. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્ય તો જે જગ્યાએ છે ત્યાં સ્થિર છે ત્યાંથી હલન-ચલન કરીને બીજે જતાં નથી પણ જીવ અને પુદ્‌ગલ એક જગ્યાએ સ્થિર નથી. જીવ અને પુદ્‌ગલ ગમન કરે છે વળી સ્થિર થાય છે, એ બધો તે દ્રવ્યનો પોતાનો ધર્મ છે—પોતાની લાયકાત છે.

હે હંસ! તું ગતિ કરે છે એ તારી પર્યાયની લાયકાતથી કરે છે માટે એ પર્યાયનો

www.vitragvani.com



ધર્મ છે અને બીજા જીવ-પુદ્‌ગલાદિ ગમન કરે છે તે તેના ધર્મથી (સ્વભાવથી) ગમન કરે છે. આ જાણવું એ તારી વ્યવહારશ્રદ્ધાનો વિષય છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં શરીરાદિ નોકર્મ નિમિત્ત છે, ધર્મદ્રવ્ય પણ નિમિત્ત છે પણ ઉપાદાન પોતાનું છે.

વ્યવહારસમકિતનું સ્વરૂપ જેવું અહીં છે તેવું બીજા ધર્મમાં ક્યાંય નથી. વીતરાગે કહેલું વસ્તુનું સ્વરૂપ આ રીતે જ છે એમ બરાબર શ્રદ્ધા કરવી. નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય ભગવાને કહેલો 'શુદ્ધ આત્મા' છે અને વ્યવહારસમ્યગ્દર્શનનો વિષય ભગવાને કહેલા છ દ્રવ્યો છે. જીવ અને પુદ્‌ગલ ગતિક્રિયા સહિત છે, બીજા ચાર દ્રવ્ય ગતિક્રિયા રહિત છે એમ જાણવું અને માનવું તે વ્યવહારસમકિતનું કારણ છે.

અજ્ઞાનીજીવે 'સમજણ'ના ઘર કદી જોયા નથી. તેને તો આ કરવું...તે કરવું.....તેની જ પડી છે, સમજણની દરકાર નથી, પણ વસ્તુને સમજ્યા વિના વસ્તુનું શ્રદ્ધાન થઈ શકતું નથી. જીવ ગતિ કરે છે તે પોતાની લાયકાતથી કરે છે અને પૈસા, શરીરાદિની ગતિ પુદ્‌ગલની લાયકાતથી થાય છે એમ જાણવું તે વ્યવહારશ્રદ્ધાનો વિષય છે અને નિશ્ચય નામ સત્ય સમ્યગ્દર્શનનો વિષય સત્ય આત્મા પોતે છે.

સત્ય સમ્યગ્દર્શનનો વિષય સત્ય પરમબ્રહ્મ શુદ્ધાત્મા પોતે છે. માટે તે સમ્યગ્દર્શનનું કારણ છે. આ સમ્યગ્દર્શનની સાથે જે શુભરાગ છે તેમાં, જીવાદિ છએ દ્રવ્યનું સ્વરૂપ સમજવાનો ભાવ રહે છે તેથી તેનું જ્ઞાન જીવાદિની ક્રિયા, ધર્માદિ દ્રવ્યોની અક્રિયા આદિ ભગવાને કહ્યાં છે તે પ્રમાણે જાણે છે એ તેની વ્યવહારશ્રદ્ધાનું કારણ છે. સત્ય પ્રભુ આત્મા નિશ્ચયસમ્યક્ત્વનું કારણ છે અને તેની સ્વતંત્ર સક્રિયદશા તે વ્યવહાર-સમ્યક્ત્વનું કારણ છે.

એ જ રીતે, જીવ ગતિ કરે ત્યારે શરીર અને કર્મ તેની ગતિમાં નિમિત્ત છે. ધર્મદ્રવ્ય પણ જીવની ગતિમાં નિમિત્ત છે અને ગતિપૂર્વક સ્થિતિમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે. આ બધું જીવને વ્યવહારસમકિતનાં વિષયમાં કારણભૂત છે. આ તો પરમાત્મપ્રકાશ છે ને! નિશ્ચય સમ્યક્ત્વનો વિષય આખો આત્મા તો બતાવ્યો, સાથે વ્યવહાર સમ્યક્ત્વના વિષયભૂત જીવની સ્વતંત્ર ગતિ, સ્થિતિ, ક્રિયા રાગ આદિ પણ બતાવે છે.

જ્યાં સુધી કેવળજ્ઞાન અને પૂર્ણ સ્થિરતા નથી ત્યાં સુધી જીવને ગતિ, સ્થિતિ, રાગ આદિ હોય છે તેને સમકિતીનું જ્ઞાન બરાબર જાણે છે કારણ કે તેને વ્યવહારશ્રદ્ધામાં તે નિમિત્ત છે. નિશ્ચયસમકિત હોય તો સાથે રહેલાં આ જ્ઞાનને વ્યવહાર-ઉપચાર કહેવાય. નિશ્ચય વગર તેને ઉપચાર પણ લાગુ પડતો નથી. એક અખંડ દ્રવ્ય નિશ્ચય સમકિતનો વિષય થાય છે અને જે બાકી રહી જાય છે તે સર્વ ભાવો વ્યવહારસમકિતના વિષય થાય છે. જીવની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગતિ, સ્થિતિ, રાગાદિભાવ, અન્ય જીવો, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ બધાં વ્યવહારના વિષય છે.

આ નિશ્ચય-વ્યવહાર સમકિતનો વિષય કોણ બતાવે છે? કે જ્ઞાનીઓમાં ચતુર રત્નત્રયના ધારક શ્રુતકેવળીઓ કહે છે. અર્થમાં 'કેવળી' પણ લીધા છે તે ન લેવાય કેમ કે આગળ અર્થમાં ભેદાભેદરત્નત્રયના આરાધકજીવો આમ કહે છે એમ મૂળ સંસ્કૃતટીકામાં કહ્યું છે. કેવળીને ભેદરત્નત્રયની આરાધના હોતી નથી. ભેદાભેદરત્નત્રયના આરાધક સંતો આમ કહે છે એમ સમજવું.

શાસ્ત્રમાં સમજાવવાની રીત પણ કેવી અલૌકિક છે!

ભાવાર્થ :—જીવોને સંસાર અવસ્થામાં એક ગતિમાંથી બીજી ગતિમાં જવામાં કર્મ-નોકર્મ જાતિના પુદ્‌ગલ સહાયી છે. ગતિમાં ગમનની યોગ્યતા તો જીવની પોતાની છે તેમાં આઠ કર્મ અને તૈજસ શરીર આદિ નિમિત્ત છે. સિદ્ધોને પોતાના ઉપાદાનથી જ નિઃક્રિયપણું છે, ગમનાગમન નથી અને સિદ્ધોને કર્મ-નોકર્મના નિમિત્તનો પણ અભાવ છે.

પુદ્‌ગલના સ્કંધોને ગમનનું બહિરંગ નિમિત્ત કાલાણુરૂપ કાળદ્રવ્ય છે. શરીર, કર્મ, વાણી એ બધા સ્કંધ છે તે ગમન કરે છે પોતાના ઉપાદાનથી પણ તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે એમ જાણવું. પુદ્‌ગલ દ્રવ્ય રૂપી છે પણ તેની પર્યાયમાં જે ગતિનું પરિણમન થાય છે તેમાં કાળદ્રવ્ય પણ નિમિત્ત છે.

વ્યવહાર સમકિતમાં આ શ્રદ્ધવું જોઈએ કે જીવ અને પુદ્‌ગલ સ્વયં નિજ ઉપાદાનથી ગતિ કરે છે અને તેમાં કાળાદિદ્રવ્ય નિમિત્તરૂપ છે. જો જીવના ગતિ આદિ પરિણામ પરથી થાય છે એમ માને છે તો તેને તો વ્યવહારશ્રદ્ધાના વિષયની પણ ખબર નથી. અહીં બધો વ્યવહારશ્રદ્ધાનો વિષય ખોલ્યો છે. દરેક દ્રવ્યને પોતાના પરિણમનમાં ઉપાદાનકારણ તો દ્રવ્ય પોતે જ છે, નિમિત્તકારણ બીજું દ્રવ્ય છે.

આ તો વીતરાગ મારગ છે તેમાં ઘણાં પ્રકારના વિષય આવે. માટે, ધ્યાન રાખવું. કાળદ્રવ્યની શ્રદ્ધા કરવી. તેમાં કાળદ્રવ્યનું પરિણમન પોતાના ઉપાદાનથી થાય છે પણ તેના એક સમયના પરિણમનમાં નિમિત્ત કારણ પુદ્‌ગલ પરમાણુનું મંદગતિએ થતું ગમન છે એમ જાણવું.

આજે બીજી જ ઢબથી વાત આવી છે. ઉપાદાનનું કાર્ય નિમિત્તથી થાય અને નિમિત્તનું કાર્ય ઉપાદાનથી થાય એમ માને છે તેને તો વ્યવહારસમકિતના વિષયની પણ ખબર નથી ને નિશ્ચય સમકિતનો વિષય અખંડ દ્રવ્ય છે તેની પણ ખબર નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમયરૂપ વ્યવહારકાળનું ઉપાદાનકારણ નિશ્ચયકાળદ્રવ્ય છે અને પુદ્‌ગલ પરમાણુની મંદગતિ એ તેનું નિમિત્તકારણ છે, મૂળકારણ નથી. પુદ્‌ગલ પરમાણુ તીવ્રગતિએ ચાલે છે તો એક સમયમાં ચૌદરાજુનું ગમન કરી લે અને મંદગતિએ ચાલે તો એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી જ જાય. એ તેના ઉપાદાન પ્રમાણે ગતિ કરે છે. પરમાણુની ગતિ એ પરમાણુનો પોતાનો ધર્મ છે. આ બધું જીવે પોતાની વ્યવહારશ્રદ્ધામાં લેવું જોઈએ.

જેમ ઘડાની ઉત્પત્તિમાં મૂળકારણ તો માટીનો પિંડ છે અને બહિરંગકારણ કુંભાર છે. કુંભાર મૂળકારણ નથી, મૂળકારણ માટી જ છે એમ નક્કી કરવું જોઈએ. તેમ કાળદ્રવ્યના પરિણમનમાં મૂળકારણ કાળદ્રવ્ય પોતે જ છે. પરમાણુની મંદગતિ નિમિત્તમાત્ર છે. જો કે, પરમાણુની ગતિમાં ધર્મદ્રવ્ય કારણ છે તોપણ, કાળાણુરૂપ નિશ્ચયકાળ પરમાણુની મંદગતિનું સહાયી જાણવું. ઉપાદાન એક છે—પરમાણુ પોતે. પણ નિમિત્ત બે છે. આવું વીતરાગદેવ-ગુરુ સિવાય કોણ બતાવે! ક્યાંય આ વાત નથી માટે આ છએ દ્રવ્યોની વ્યવહારશ્રદ્ધા બરાબર કરવી.

કોઈને એમ થાય કે આ બધું જાણીને શું કરવું! શ્રદ્ધા તો એકની કરવાની છે માટે એકને જ જાણવો એમ ન હોય. બધું જાણીને તેનું લક્ષ છોડી દેવાનું છે. જાણ્યા વિના છોડી દેવાનું નથી. જમીને હાથ ધોવાય, જમ્યા વગર હાથ ધોઈને બેસી જાય છે? તેમ, આ છ દ્રવ્યો, તેનું પરિણમન, તેના ઉપાદાનકારણ, નિમિત્તકારણ એ બધું જાણીને પછી તેની દૃષ્ટિ છોડી દેવાની છે.

પરમાણુના નિમિત્તે કાળનો સમયપર્યાય પ્રગટ થાય છે અને કાળના સહાયથી પરમાણુ મંદગતિ કરે છે. આમાં કોઈને પ્રશ્ન થાય કે ગતિમાં નિમિત્ત તો ધર્મદ્રવ્ય છે, કાળદ્રવ્યને કેમ નિમિત્ત કહ્યું? તેનો ઉત્તર એ છે કે કોઈપણ કાર્યમાં ઉપાદાન તો એક હોય છે પણ સહકારી—નિમિત્તકારણ ઘણાં હોય છે. નિજદ્રવ્ય જ પોતાના ગુણ-પર્યાયોનું ઉપાદાનકારણ છે અને નિમિત્તકારણ ઘણાં હોય છે તેમાં કાંઈ દોષ નથી. નિમિત્તો ઘણાં હોય તો કામ થાય છે એમ નથી, કામ તો ઉપાદાનથી જ થાય છે. ઘડો માટીના ઉપાદાનથી જ થાય છે. રોટલી ઘઉંના પરમાણુના ઉપાદાનથી થાય છે પણ તેમાં નિમિત્ત સ્ત્રી, પાટલી, વેલણ, તાવડી, અગ્નિ આદિ ઘણાં હોય છે. તેને નિમિત્ત તરીકે જાણવા જોઈએ પણ તેનાથી રોટલી પાકે છે એમ માનવું નહિ. ઉપાદાન તો પોતાનું જ છે એમ શ્રદ્ધા કરવી જોઈએ.

અહા! વસ્તુની પર્યાયની સ્વતંત્રતા જાહેર કરવી અને તે તે કાળે જેટલાં સ્વતંત્ર નિમિત્તો છે તેને પણ જાહેર કરવા એ વીતરાગની શૈલી છે. નિશ્ચય જ્ઞાન-સ્વસંવેદનજ્ઞાનનું કારણ ભગવાન આત્મા છે અને વ્યવહારજ્ઞાનનું કારણ છએ દ્રવ્ય અને તેની વિશેષતાઓ છે. આવો વ્યવહાર કોઈએ સાંભળ્યો પણ હોતો નથી. નિજ પૂર્ણ અખંડ અભેદ દ્રવ્ય જ્યાં દૃષ્ટિનો વિષય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બન્યો ત્યાં તેની પર્યાયમાં તો ઘણું બાકી રહી જાય છે. ગુણભેદ, પર્યાયભેદ, રાગ, વિકલ્પ, ક્રિયા, પોતાથી અન્ય દ્રવ્યો, તેની ક્રિયા એ બધું જાણવાનું બાકી રહી જાય છે તે બધો વ્યવહારશ્રદ્ધાનો વિષય બને છે.

નિજદ્રવ્ય જ નિજગુણ-પર્યાયોનું મૂળકારણ છે એ સિદ્ધાંત દરેક દ્રવ્યને લાગુ પડે છે. એક એક પરમાણુ—રજકણના ગુણપર્યાયનું કારણ તે રજકણ જ છે. તેને નિમિત્તકારણ ધર્માસ્તિ, કાળાદિ ઘણાં હોય પણ ઉપાદાન એક છે. આ સમજાય છે? દાખલો આપીને કહો જોઈએ! દા. ત. 'પૈસા'. તેનું ઉપાદાનકારણ પૈસાના પરમાણુ છે અને તેની ગતિમાં નિમિત્તકારણ ધર્મ, કાળ, હાથ આદિ ઘણાં દ્રવ્યો હોઈ શકે છે.

આ વાત જીવને પોતાની મેળે ખ્યાલમાં આવી નથી અને સાંભળવા મળી નથી તેનો અર્થ એ કે એ જાતની સમજવાની યોગ્યતા નથી.

દરેક વસ્તુના પરિણમનમાં ઉપાદાનકારણ તે વસ્તુ પોતે જ છે અને નિમિત્ત ઘણાં હોય છે. વસ્તુના ગુણનું સ્વાભાવિક પરિણમન હો કે વિભાવિક—પરિણમન હો તે દરેક પરિણમનનું મૂળકારણ એ દ્રવ્ય-વસ્તુ પોતે છે. નિમિત્તકારણ જુદાં જુદાં હોય છે.

જીવ અને પુદ્‌ગલને ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે તેથી માછલીને પણ ગતિમાં ધર્મદ્રવ્યનું નિમિત્ત તો છે અને પાણી પણ નિમિત્ત છે. ધર્મદ્રવ્ય તો અનંત જીવો અનંત પુદ્‌ગલો-બધાંને ગતિમાં નિમિત્ત છે. જ્યારે પાણી તો માછલીને જ ગતિમાં નિમિત્ત છે. આમ, ધર્મદ્રવ્ય તો બધાંનું સામાન્ય નિમિત્ત છે અને પાણી વિશેષ નિમિત્ત થયું. ગતિ તો ઉપાદાનથી જ છે, પાણી છે માટે માછલી ગતિ કરે છે—એમ નથી. જેમ રેલગાડીને ગતિમાં સામાન્ય નિમિત્ત ધર્મદ્રવ્ય છે અને વિશેષ નિમિત્ત પાટા છે, ઉપાદાન ગાડીના પરમાણુનું પોતાનું છે.

આ જ પ્રમાણે અધર્મદ્રવ્યને નિમિત્ત તરીકે ઓળખવું હોય તો, સ્થિર થયેલાં બધાં જ જીવ અને પુદ્‌ગલને અધર્મદ્રવ્ય સામાન્ય નિમિત્ત છે—દરેકને અધર્મનું નિમિત્ત છે અને વિશેષ નિમિત્ત આ પુસ્તકને ઠવણીનું છે. તાવડીને ચૂલાનું નિમિત્ત છે. પણ ઉપાદાન સૌને પોતાનું છે.

આમ, નિમિત્ત-ઉપાદાન આદિનું સ્વરૂપ જેમ છે તેમ શ્રદ્ધામાં લે ત્યારે તેનો વ્યવહાર-સમકિતનો વિષય સાચો થયો કહેવાય. વ્યવહારમાં જેને ભૂલ હોય તેને નિશ્ચયમાં પણ ભૂલ હોય. વસ્તુના જ્ઞાનની સાથે તેની પર્યાય, રાગ, અન્ય દ્રવ્યની સ્થિતિ શું છે એ પણ જ્ઞાનમાં લેવું જોઈએ.

ઘટની ઉત્પત્તિમાં બહિરંગ નિમિત્ત કુંભાર છે તો પણ દંડ, ચક્ર....આદિ પણ અવશ્ય નિમિત્ત કારણ છે, ઘડાની ઉત્પત્તિના કાળે આ બધાં નિમિત્તકારણો અવશ્ય હોય છે. તેમ જ,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જીવને ગતિમાં ધર્મદ્રવ્ય સહાયી હોવા ઉપરાંત કર્મ અને નોકર્મપુદ્‌ગલ સહકારીકારણ છે. એ જ રીતે, પુદ્‌ગલને કાળદ્રવ્ય ગતિનું સહાકારીકારણ જાણવું.

ઉપાદાન એક છે અને નિમિત્ત ઘણાં હોય છે પણ એ ઘણાં હોવાથી ઘણું કાર્ય થાય અને ઓછા હોય તો ઓછું કાર્ય થાય—એમ નથી. કાર્ય તો ઉપાદાન એકલું સ્વતંત્રપણે જ કરે છે ત્યારે નિમિત્ત સાથે જ હોય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ધર્મદ્રવ્યને તો ગતિસહાયી દરેક જગ્યાએ (શાસ્ત્રમાં) કહ્યું છે અને કાળદ્રવ્ય વર્તનાનું સહાયી કહ્યું છે. કાળને ગતિસહાયી કઈ જગ્યાએ કહ્યો છે? તેનું સમાધાન—શ્રી પંચાસ્તિકાયમાં કુંદકુંદઆચાર્યે ક્રિયાવંત અને અક્રિયાવંતના વ્યાખ્યાનમાં કહ્યું છે. ''जीवा पुग्गल......'' ઈત્યાદિ. તેનો અર્થ :—જીવ અને પુદ્‌ગલ એ બંને ક્રિયાવંત છે અને બાકીના ચાર દ્રવ્ય અક્રિયાવાળા છે એટલે કે હલન-ચલનની ક્રિયાથી રહિત છે. જીવને બીજી ગતિમાં ગમનનું કારણ કર્મ છે. દા. ત. શ્રેણીકરાજા નરકમાં ગયાં તેમાં ઉપાદાન તો પોતાનું છે અને ગતિમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે તેમ છતાં કર્મ અને નોકર્મ પણ તેને એક ગતિમાંથી બીજી ગતિમાં જવામાં નિમિત્તકારણ કહેવાય છે. કર્મ અને નોકર્મ એને ગતિમાં લઈ જાય છે—એમ નથી. જીવની સાથે કર્મ અને નોકર્મ પુદ્‌ગલ છે તેને ગતિમાં સહાયી કાળદ્રવ્ય છે. આમ, જીવને ગતિનું કારણ પુદ્‌ગલ અને પુદ્‌ગલને ગતિનું કારણ કાળદ્રવ્ય છે.

જેમ, ધર્મદ્રવ્ય હાજર હોવા છતાં માછલીને ગમનમાં સહાયી પાણી છે તેમ, ધર્મદ્રવ્ય ગમનમાં નિમિત્ત હોવા છતાં પુદ્‌ગલને દ્રવ્યકાળ ગમનનું સહકારીકારણ છે. શરીર, વાણી, મનનું હલન-ચલન થાય તેમાં ધર્મદ્રવ્ય તો નિમિત્ત છે જ પણ કાળદ્રવ્ય પણ તેમાં નિમિત્ત છે.

આ બધું વ્યવહારે જાણીને શ્રદ્ધવા લાયક છે પણ આદરવાલાયક શું છે?—તે સરવાળામાં કહે છે. નિશ્ચયનયથી ગમનાદિ ક્રિયાથી રહિત નિષ્ક્રિય સિદ્ધભગવાન સમાન નિઃક્રિય નિર્દ્વંદ્વ નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે. આ શાસ્ત્રનું તાત્પર્ય થયું. ગમન આદિ ક્રિયા વ્યવહારના વિષયમાં જાય છે. સિદ્ધ સમાન નિષ્ક્રિય નિજ શુદ્ધાત્મા નિશ્ચયનયનો વિષય છે. જેમાં બે પ્રકાર નથી એ જ ઉપાદેય છે. જેમાં કોઈ ઉપાધિ નથી, કોઈ ભેદ નથી એવો દ્વંદ્વ રહિત શુદ્ધાત્મા જ શ્રદ્ધામાં લેવા જેવો છે. વ્યવહારકારણો જે કહ્યાં તે જાણવાયોગ્ય છે પણ આદરવા યોગ્ય શુદ્ધાત્મા છે. તે જ નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ છે.

નિશ્ચય જાણીને આદરવાયોગ્ય છે અને વ્યવહાર જાણીને છોડવાયોગ્ય છે. પર્યાયના ભેદો કે ગુણ-ગુણીના ભેદો જાણવાયોગ્ય ભલે હો પણ આદરવા માટે તો નિર્દ્વંદ્વ નિજ શુદ્ધાત્મા એક જ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રોતા :—પહેલાં જાણવું કે પહેલાં આદરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જાણ્યા વિના આદર કોનો કરશે! પહેલાં જ્ઞાન કરે તો શુદ્ધાત્માનો આદર થઈ શકશે અને વ્યવહારને છોડી શકશે. નિશ્ચયનો વિષય એક અખંડ છે એમ જાણીને, તેનો તો આદર કરે છે અને વ્યવહારનો વિષય ભેદરૂપ છે, રાગરૂપ છે એમ જાણીને તેને હેય કરે છે. વ્યવહાર સમકિત અને તેનો વિષય એ કોઈ આદરવા લાયક નથી, માત્ર જાણવાલાયક છે.

વીતરાગે કહેલું અનેકાંતસ્વરૂપ કોઈ અલૌકિક છે. નિશ્ચય-વ્યવહાર બંને છે, નિશ્ચયને કાઢી નાખશે તો વ્યવહાર નહિ રહે અને વ્યવહારને કાઢી નાખશે તો નિશ્ચય નહિ રહે. 'બંને છે' પણ બંને આદરણીય નથી. અખંડાનંદ પ્રભુ નિશ્ચયનો વિષય છે. તેને ન માને તેણે વસ્તુને જ ન માની અને વ્યવહારને ન માને તેણે તીર્થને જ ન માન્યું. તીર્થ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ, ગુણસ્થાનની શ્રેણી એ તીર્થ છે, તે સિદ્ધ જ નહિ થાય.

.....આ રીતે બીજા ગ્રંથોમાં પણ નિશ્ચયનયથી હલન-ચલન આદિ ક્રિયા રહિત જીવનું લક્ષણ કહ્યું છે. "**यावत्क्रिया....**" ઇત્યાદિ. તેનો અર્થ એ છે કે જ્યાં સુધી જીવને હલન-ચલનાદિ ક્રિયા છે, એક ગતિથી બીજી ગતિમાં ગમન છે ત્યાં સુધી બીજા દ્રવ્ય સાથે સંબંધ છે, જ્યારે બીજાનો સંબંધ મટ્યો, અદ્વૈત થયો ત્યારે નિકલ અર્થાત્ શરીરથી રહિત નિઃક્રિય છે. તેને હલન-ચલનાદિ ક્રિયા ક્યાંથી હોય! અર્થાત્ સંસારીજીવને કર્મના સંબંધથી ગમન છે, સિદ્ધભગવાન કર્મરહિત નિઃક્રિય છે, તેમને ગમનાગમન ક્રિયા હોતી નથી.

જે પોતાના ઉપાદાનથી સ્થિર થઈ ગયા એવા નિકલપરમાત્મા સિદ્ધને ગમન કે ગમનના નિમિત્તનો પ્રશ્ન જ નથી. જીવ કર્મસહિત હતો ત્યાં સુધી એક ગતિથી બીજી ગતિમાં ગમન કરતો હતો ત્યારે પણ કર્મ હતા માટે ગમન કરતો હતો—એમ નથી. સિદ્ધને કર્મ નથી માટે ગમન કરતાં નથી—એમ નથી. ગમનનું ઉપાદાન નથી તેને કોઈ નિમિત્ત પણ નથી અને ગમનનું ઉપાદાન છે તેને નિમિત્ત પણ અન્યદ્રવ્ય હોય છે.

બહુ સરસ વાત છે.

સંસારીજીવને રાગ-દ્વેષ, અજ્ઞાન અને અસ્થિરતા છે ત્યાં સુધી તેને કર્મ સાથે સંબંધ છે. સિદ્ધભગવાન અજ્ઞાન અને અસ્થિરતાના રાગ-દ્વેષાદિથી રહિત છે તેથી કર્મના સંબંધથી પણ રહિત છે. ભગવાન પોતે પોતાના સ્વભાવમાં સ્થિર થઈ ગયા તેથી સ્વતઃ નિઃક્રિય થઈ ગયા તેથી ગતિમાં ગમન રહ્યું નથી. આમ, સિદ્ધને ગમનાગમન ક્રિયા હોઈ શકતી જ નથી.

આ ગાથામાં બહુ સ્પષ્ટ વાત આવી છે. વસ્તુની પર્યાયમાં જે કોઈ ભાવ છે તે પોતાના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વતંત્ર ઉપાદાનથી જ છે, પરથી નથી એમ એણે શ્રદ્ધવું જોઈએ અને પરદ્રવ્ય નિમિત્ત છે–એમ પણ માનવું જોઈએ. નિમિત્ત છે તેને પણ જાણવું જોઈએ.

હવે છ દ્રવ્યોમાં એક કાળદ્રવ્ય અસ્તિ છે પણ તેને કાય નથી, બાકીના પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. તેમાં કોને કેટલાં પ્રદેશ છે તે હવે ૨૪મી ગાથામાં કહે છે. કોઈ એમ માને કે છ દ્રવ્યનું આપણે શું કામ છે! આત્માને એકને જાણી લેવો. પણ એમ ન હોય. છ દ્રવ્યને જાણીને તેમાંથી એક આત્માને તારવવાનો છે. તેમાં પણ રાગ-દ્વેષાદિ ભાવ છે તે નક્કી કરીને એકલા આત્માને તારવવાનો છે.

છએ દ્રવ્યમાં કોનું કેટલું ક્ષેત્ર છે એ પણ જાણવું જોઈએ.

धम्माधम्मु वि एक्कु जिउ ए जि असंख्य-पदेश।
गयणु अणंत-पएसु मुणि बहु-विह पुग्गल-देस॥२४॥

અર્થ :—ધર્મ, અધર્મ અને એક-એક જીવને અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે અને પુદ્‌ગલને ઘણાં પ્રકારે પ્રદેશ હોય છે. પરમાણુ તો એકપ્રદેશી છે અને સ્કંધ સંખ્યાતપ્રદેશ, અસંખ્યાતપ્રદેશ અને અનંતપ્રદેશ પણ હોય છે.

જુઓ! દ્રવ્યના ક્ષેત્રની વાત મુનિરાજ કરે છે. કોઈ, આત્માને અખંડ એક દ્રવ્ય માને, બીજી કોઈ વસ્તુ જ નથી–એમ માને તો એ ખોટું છે. વ્યવહારસમકિતના વિષયમાં વસ્તુ જેમ છે તેમ જ્ઞાનમાં આવવી જોઈએ. ધર્મ, અધર્મ અને દરેક જીવોને અસંખ્યપ્રદેશ છે એમ જાણવું.

શ્રોતા :—આ જાણીએ તો ધર્મ કહેવાય કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ બધો વિકલ્પ છે તેને વ્યવહારધર્મ કહેવાય. વ્યવહારધર્મ એટલે પુણ્ય. નિશ્ચયધર્મ હોય તેના આવા વિકલ્પને વ્યવહારમાર્ગ કહેવાય.

શ્રોતા :—ઘર-બાર, ધંધા-પાણી છોડીને આવ્યા છતાં ધર્મ નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘર-બાર અને ધંધા તમારા ક્યાં હતા? કોણ કહે છે કે જીવ ધંધો કરે છે? જીવ તો રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે છે તે છોડીને આવે તો ધર્મ થાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# અસંખ્યપ્રદેશી લોકમાં અનંત દ્રવ્યોનો નિવાસ

(સળંગ પ્રવચન નં.–૮૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારમાં વ્યવહાર-સમકિતનો વિષય ચાલે છે.

અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા નિશ્ચયસ્વરૂપે તો પરદ્રવ્યનો કર્તા નથી અને રાગનો પણ કર્તા નથી. આ આત્મા સિવાયના અનંત આત્માઓ અને અનંતાનંત પુદ્ગલદ્રવ્યો એ સૌ પોત-પોતાની અવસ્થાને કરે છે. આ આત્મા તેના કાર્યને કરતો નથી. પરંતુ જે તીવ્ર બહિરબુદ્ધિ જીવ છે તે એમ માને છે કે હું પરપદાર્થના કાર્ય કરું છું અને જે મંદ બહિરબુદ્ધિ જીવ છે તે રાગ-દ્વેષનો કર્તા પોતાને માને છે. જે, જીવના અસ્તિત્વમાં જ છે અને જીવે જ કરેલાં છે એવા વિકારની કર્તાબુદ્ધિ છે તે પણ મિથ્યાત્વના લક્ષણમાં જાય છે. અંતરઆત્મબુદ્ધિ જીવ પરદ્રવ્યનો કે રાગાદિ વિકારીભાવનો કર્તા થતો નથી, તે તો પોતાના નિર્મળ જ્ઞાન, આનંદ આદિનો જ કર્તા થાય છે.

ખરેખર પરપદાર્થનું અસ્તિત્વ આત્માના અસ્તિત્વમાં નથી તેથી પરપદાર્થના કાર્યને તો અજ્ઞાની જીવ પણ કરી શકતો નથી છતાં પરના કાર્યને પોતાનું કાર્ય માનવું તે તીવ્ર મિથ્યાત્વ છે. એક સમયમાત્ર પણ પરદ્રવ્યની અસ્તિ આ જીવની અસ્તિમાં આવતી નથી. છતાં પરને અને પોતાને એક માને છે તે તો તીવ્ર મિથ્યાત્વ જ છે.

હવે, વિકારનું હોવાપણું તો જીવની એક સમયની અવસ્થામાં છે પણ તેને જીવનું સ્વરૂપ માની લેવું તે પણ મિથ્યાત્વ ભાવ છે. જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુના સ્વભાવમાં પરનો અભાવ છે તેમ વિકારનો પણ અભાવ છે.

અહીં જે પરનું હોવાપણું સિદ્ધ કરે છે તે ફક્ત વ્યવહાર-સમ્યગ્દર્શનના વિષય તરીકે જાણવા અને માનવા માટે છે. બાકી નિશ્ચય-સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધસ્વરૂપ આત્મામાં પરનું કે વિકારનું હોવાપણું જ નથી તેમ તેનું કર્તાપણું પણ નથી પણ, અભેદસ્વરૂપની દૃષ્ટિ થવા છતાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટ થતી નથી ત્યાં સુધી જ્ઞાનીજીવ છ દ્રવ્ય, તેના ગુણ, પર્યાય આદિનું સ્વરૂપ જેમ છે તેમ જાણે છે અને શ્રદ્ધા કરે છે. તેનું નામ વ્યવહાર-સમકિત અથવા શુભરાગ છે.

આ ૨૪મી ગાથામાં દરેક દ્રવ્યના કેટલા પ્રદેશ છે તે બતાવે છે. ભાવાર્થ :—જગતમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મદ્રવ્ય તો એક જ છે તે અસંખ્યાતપ્રદેશી છે. અધર્મદ્રવ્ય પણ એક જ છે અને તે પણ અસંખ્યાતપ્રદેશી છે. જીવ અનંત છે અને તે એક એક જીવ અસંખ્યપ્રદેશી છે. આકાશદ્રવ્ય એક જ છે અને તે અનંતપ્રદેશી છે. પુદ્‌ગલ એક પ્રદેશથી લઈને અનંતપ્રદેશ સુધી હોય છે. પુદ્‌ગલ તેના ગલન-મિલન સ્વભાવના કારણે પોતાથી જ સ્કંધરૂપે થાય છે અને છૂટો પડે છે. પરમાણુ તો એકપ્રદેશી છે પણ તેમાં જેમ જેમ બીજા પરમાણુ મળતાં જાય તેમ તેમ પ્રદેશો વધતાં વધતાં મહાસ્કંધ અનંતપ્રદેશી થાય છે. આ દરેક દ્રવ્યનું પરિણમન તેના સ્વયંના કારણે થાય છે એમ ધર્મીએ વ્યવહારસમકિતના વિષયમાં જાણવું જોઈએ. આ દ્રવ્યોનું પરિણમન મારાથી થાય છે એમ જાણવાનું નથી. અનંતા રજકણો ભેગા થઈને પિંડરૂપ થાય છે એ પુદ્‌ગલનું પોતાનું કાર્ય છે અને એ પિંડમાંથી પરમાણુ છૂટાં પડે છે તે પણ તેનું જ કાર્ય છે. આત્મા તેના કાર્યને કરે છે એવું તો વ્યવહારશ્રદ્ધાના વિષયમાં પણ આવતું નથી.

પુદ્‌ગલ સિવાયના દ્રવ્યોમાં વિસ્તારરૂપ પ્રદેશ છે અને પુદ્‌ગલમાં સ્કંધરૂપ પ્રદેશ છે. પુદ્‌ગલના કથનમાં પ્રદેશ શબ્દથી પરમાણુ સમજવા, ક્ષેત્રના પ્રદેશ ન સમજવા. પુદ્‌ગલદ્રવ્ય લોકાકાશમાં જ છે અને લોકાકાશના પ્રદેશ તો અસંખ્ય જ છે જ્યારે સ્કંધમાં અનંતપ્રદેશ થાય છે તે અનંત પરમાણુના પ્રદેશ સમજવા, લોકના અનંતપ્રદેશ નહિ.

જેમ જેમ પરમાણુ બે-પાંચ-પચીસ—અનંત એમ વધતાં જાય છે તેમ તેમ પ્રદેશ વધતાં જાય છે. તે પરમાણુના કારણે વધે છે, આત્માના કારણે નહિ એમ જાણવું. પુદ્‌ગલના કાર્ય મારાથી થાય છે એવું તો વ્યવહાર-સમકિતમાં પણ માનવાનું નથી. પુદ્‌ગલાદિ છએ દ્રવ્યનું કાર્ય તે તે દ્રવ્યથી થાય છે, મારાથી નહિ એમ માનવું તે વ્યવહારશ્રદ્ધાનું કાર્ય છે.

હવે આમાં આદરવાયોગ્ય શું છે તે સારાંશરૂપે ટીકાકાર સમજાવે છે.

સૂત્રમાં શુદ્ધનિશ્ચયથી દ્રવ્યકર્મના અભાવથી આ જીવ અમૂર્તિક છે અને મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ-સંકલ્પ-વિકલ્પના અભાવથી શુદ્ધ છે, લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશવાળો છે એવો જે નિજ શુદ્ધાત્મા તે જ વીતરાગનિર્વિકલ્પ સમાધિદશામાં સાક્ષાત્ ઉપાદેય છે એમ જાણવું.

શુદ્ધ વસ્તુસ્વભાવથી જોઈએ તો જડકર્મોનો આત્મામાં અભાવ છે. પુદ્‌ગલ-જડ એવા આઠ પ્રકારના કર્મોનું અસ્તિત્વ જડમાં છે, જીવમાં તેનું અસ્તિત્વ નથી માટે આત્મા અત્યારે પણ અમૂર્તિક છે. આમ, દ્રવ્યકર્મોનો તો આત્મામાં અભાવ છે પણ ખરેખર તો પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ આદિ પણ આત્મસ્વભાવના હોવાપણામાં નથી, એ તો અજ્ઞાનીએ અજ્ઞાનથી પોતાની એક સમયની પર્યાયમાં ઊભા કરેલા ભાવ છે, તે વખતે પણ આત્મા પોતાના સ્વભાવથી શુદ્ધ છે. આવા આત્માને અંતરશ્રદ્ધામાં લેવો અને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બીજાં પુદ્‌ગલ તો આત્મામાં નથી પણ કર્મરૂપે એકક્ષેત્રાવગાહે આવેલાં કર્મપુદ્‌ગલોનો પણ આત્મામાં અભાવ છે. વળી, પુણ્ય-પાપ મારા છે, શરીર મારું છે, એવી ભ્રાંતિ પણ જીવદ્રવ્યના અસ્તિત્વમાં નથી. કારણ કે પરનું લક્ષ કરવાથી જ એ ભ્રાંતિ ઊભી થાય છે. અંતરલક્ષમાં એવા ભાવ ઊભા જ થતાં નથી. માટે આત્માના કારણે એ ભાવ આવતાં નહિ હોવાથી તે આત્માનું કાર્ય નથી.

કર્મનું બંધાવું, કર્મનું સત્તામાં રહેવું, ઉદયમાં આવવું, સંક્રમણ થવું એ બધાં કર્મનાં કાર્ય કર્મના કારણે છે, કર્મમાં છે. તેમાં આત્માના અસ્તિત્વનો અભાવ છે. માટે આત્માને અમૂર્તિક કહ્યો છે અને પુણ્ય-પાપનું હોવાપણું આત્મામાં નહિ હોવાથી આત્માને શુદ્ધ કહ્યો છે.

અમૂર્તિક શુદ્ધ આત્માનો સ્વભાવ તો ચૈતન્ય આનંદકંદ છે. તેને પરના કાર્યનું કરવાપણું તો નથી પણ વિકારનું કરવાપણું પણ જીવના અસ્તિત્વમાં નથી. વસ્તુના હોવાપણામાં જે હોય તેને તો વસ્તુ કરે પણ વસ્તુના હોવાપણામાં નથી એવા પરપદાર્થોના કાર્યને એ શી રીતે કરે! એને એમ લાગે કે હું પરના કાર્ય કરું છું પણ કરી શકતો નથી. આત્મા દાતણ શી રીતે કરે! પાણી કેવી રીતે ભરે! જેનું અસ્તિત્વ જીવમાં નથી તેને જીવ કરે શી રીતે?

જીવની પર્યાયમાં વિકાર છે. આ પર્યાય ઉપર તેની જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી તે વિકારનો કર્તા થાય છે પણ શુદ્ધ જ્ઞાયકના હોવાપણામાં તો વિકલ્પનું અસ્તિત્વ જ નથી તેથી તે તેનો કર્તા પણ નથી. ભાઈ! તારે તો તારા ચૈતન્યના હોવાપણામાં જે હોય તેને જ કરવાનું રહે છે. સ્ત્રી, પુત્ર, પરિવાર, ધનાદિ તો તારા હોવાપણામાં બિલકુલ નથી. તેને તું મારા કરીને કેમ માને છો? તું માન્યતામાં પરને મારા માનીશ તોપણ એ તારા થઈ શકવાના નથી. માત્ર માન્યતામાં તું એને મારાં માની શકીશ પણ તારા ત્રિકાળી સ્વભાવમાં તો કોઈ આવી શકે તેમ નથી. વસ્તુના ત્રિકાળી સ્વભાવમાં કોઈ અન્યનું હોવાપણું પેસી શકતું નથી.

જ્યાં સુધી જીવની પર્યાયમાં વિકારનું અસ્તિત્વ છે તેનાં ઉપર જ તેની દૃષ્ટિ છે ત્યાં સુધી તે વિકારનો કર્તા થાય છે અને વિકારને પોતાના માને છે છતાં ત્રિકાળી સ્વભાવમાં તો વિકાર આવી શકતો જ નથી. વસ્તુ તો એકલી શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપે જ ત્રિકાળ રહેલી છે એવી દૃષ્ટિથી જોતાં વિકારની હયાતી જ નથી માટે આત્મા વિકાર વિનાનો શુદ્ધ છે. સમજાણું કાંઈ! આમાં, તમારા સંચા વગેરે તો ક્યાંય દૂર રહી ગયા. તેનું અસ્તિત્વ તેનામાં છે એટલું માનવું, બાકી તેનું સ્વામી કે કર્તા ન થવું.

આમ (૧) કર્મના અભાવરૂપ અમૂર્તિક (૨) વિકારના અભાવરૂપ શુદ્ધ અને (૩) લોકાકાશ જેટલા અસંખ્યાત પ્રદેશવાળો નિજ આત્મા જ ઉપાદેય છે. પરની, કર્મની અને વિકલ્પની દૃષ્ટિ ગઈ અને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ થઈ તે કાળે આવો આત્મા ઉપાદેય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીતરાગ નિર્વિકલ્પ સમાધિની પરિણતિકાળે જ આત્મામાં એકાગ્રતા થઈ શકે છે. જ્યાં સુધી પરદ્રવ્ય અને વિકાર ઉપર દૃષ્ટિ હોય ત્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ અને તેમાં એકાગ્રતા થઈ શકતી નથી.

અહો! કેટલી સ્પષ્ટ વાત છે પણ એણે કોઈ દી દરકાર કરી નથી. પરદ્રવ્ય છે, વિકાર છે તેની અસ્તિનો સ્વીકાર કરવો પણ પોતાના દ્રવ્યસ્વભાવમાં તેનો અભાવ છે એમ માનવું.

હવે ૨૫મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે, જોકે લોકમાં વ્યવહારનયથી બધાં દ્રવ્યો એકક્ષેત્રાવગાહે રહેલાં છે તોપણ નિશ્ચયનયથી કોઈ દ્રવ્ય કોઈ અન્યદ્રવ્યમાં ભળી જતું નથી અને કોઈ પોતાના સ્વરૂપને છોડતું નથી. આમ, અસ્તિ-નાસ્તિ કરી છે.

**लोयागासु धरेवि जिय कहियइँ दव्वइँ जाइँ।**
**एक्कहिँ मिलियई इत्थु जगि सगुणहिँ णिवसहिँ ताई॥२५॥**

અર્થ :—હે જીવ! આ સંસારમાં જે દ્રવ્ય કહેવામાં આવ્યા છે તે બધાં લોકાકાશમાં સ્થિત છે, લોકાકાશ આધાર છે અને આ બધાં દ્રવ્યો આધેય છે. આ દ્રવ્યો એક ક્ષેત્રમાં રહે છે, એક ક્ષેત્રાવગાહી છે તોપણ નિશ્ચયનયથી દરેક દ્રવ્ય પોત પોતાના ગુણોમાં જ નિવાસ કરી રહ્યાં છે, પરદ્રવ્યમાં ભળતાં નથી.

અનાદિથી છએ દ્રવ્યો જગતમાં છે. કોઈ નવા તો થયાં નથી. લોકાકાશમાં સર્વ દ્રવ્યો રહેલાં છે તેથી લોકાકાશને આધાર કહેવાય છે અને દ્રવ્યોને આધેય કહેવાય છે પણ તે અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. ખરેખર દ્રવ્ય પોતાના ગુણોમાં રહે છે. વસ્તુને તેના પારિણામિકભાવથી જુઓ તો કોઈ વસ્તુએ પોતાના સ્વભાવને છોડ્યો નથી અને અન્ય દ્રવ્યમાં મળી ગઈ નથી. અરે! પુદ્ગલના રજકણે રજકણ ભિન્ન ભિન્ન છે. કોઈ એક-બીજામાં ભળતું નથી અને પોતાના સ્વભાવને છોડતું નથી. ત્રણકાળ ત્રણલોકમાં વસ્તુનો આવો સ્વભાવ જ છે.

આ શરીરને આત્મા કાંઈ આપે કે આત્મા શરીરમાંથી કાંઈ લઈ લે એમ કદી બનતું નથી કેમ કે વસ્તુની એવી મર્યાદા છે.

શ્રોતા :—આત્મા શરીરનો ઉપયોગ તો કરે છે ને!

પૂજ્ય ગુરુદેવ :—શેનો ઉપયોગ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી પરસ્પર દ્રવ્યો ઉપકાર કરે છે એમ આગળ કહેશે પણ એ માત્ર ઉપચાર છે, ખરેખર કોઈ કોઈને ઉપકાર કરતું નથી.

ભાવાર્થ :—ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જોઈએ તો, દ્રવ્યો આધાર-આધેય-

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભાવથી એકક્ષેત્રે સ્થિત છે તોપણ શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી પર-દ્રવ્યના મળવારૂપ સંકરદોષથી રહિત છે અને પોતપોતાના સામાન્ય તથા વિશેષગુણને દ્રવ્યો છોડતાં નથી.

હવે આમાં વિચાર કરો કે આત્મા પોતામાંથી કાઢીને બાયડી-છોકરાંને શું આપતો હશે? તું તારા ગુણ-પર્યાયને છોડીને તેનામાં ગયો નથી અને તે પોતાના ગુણ-પર્યાયને છોડીને તારામાં આવ્યા નથી તો તે કોને દીધું અને શું લીધું? માત્ર ભ્રમણા ઊભી કરે છે અને સાચું માની લીધું છે. જેમ, લીમડો કડવો છે તેથી લીમડો ખાનારને જ્ઞાનમાં લીમડો કડવો જ જણાય પણ જેને સર્પ કરડ્યો હોય તેને લીમડો મીઠો લાગે છે તેમ, શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ એ બધાં પર અને દુઃખના નિમિત્ત છે છતાં મિથ્યાત્વના ઝેરને લઈને મિથ્યાદૃષ્ટિને તે સુખના કારણ અને પોતાના લાગે છે.

ખરેખર તું તારી પર્યાયને છોડીને પરમાં જતો નથી કે પર તારી પર્યાયમાં આવતાં નથી તો તું તેને કેવી રીતે ભોગવી શકે? દાળ-ભાત-શાક-લાડું કે હાડકાં-માંસનો સ્પર્શ થતાં તારામાં શું આવી જાય છે કે તને મીઠા લાગે છે? તારા અસ્તિત્વમાં તેનું અસ્તિત્વ આવતું નથી અને તું તેના અસ્તિત્વમાં જતો નથી છતાં જાણે તેની મીઠાશ મારામાં આવે છે એમ તું ભ્રમણા ઊભી કરે છે.

કોઈપણ દ્રવ્ય પોતાના અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણો અને વિશેષ ગુણોને છોડતાં નથી. જીવમાં ચેતના, આનંદ આદિ ગુણો વિશેષ છે અને પુદ્‌ગલમાં સ્પર્શ, રસાદિ વિશેષ ગુણો છે તેને છોડીને દ્રવ્ય ક્યાંય જતું નથી. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્યો તો શુદ્ધ જ છે તે તો પોતાના ગુણોને છોડતાં જ નથી પણ જેના નિમિત્તે જીવ વિકાર કરે છે એવા પુદ્‌ગલદ્રવ્યના કાર્મણવર્ગણાના સ્કંધો કે જે જીવની સાથે બંધાયેલા છે તે પણ પોતાના ગુણોને છોડીને જીવમાં ચાલ્યા જતાં નથી અને જીવ પણ પોતાના ગુણને છોડીને કર્મમાં જતો નથી છતાં અજ્ઞાનથી જીવ એમ માને છે કે પરને કારણે મને મજા આવે છે, પરથી મને જ્ઞાન થાય છે પણ અરે ભાઈ! તારી મજા પરમાં ક્યાંથી આવી ગઈ?

દ્રવ્યોના પ્રદેશોની સંખ્યા અને દ્રવ્યો એક-બીજામાં મળતાં નથી. આ કથન સાંભળીને પ્રભાકરભટ્ટ શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવન્! પરમાગમમાં લોકાકાશ તો અસંખ્યાતપ્રદેશી કહ્યો છે તો આ અસંખ્યાતપ્રદેશી લોકમાં અનંત જીવ કેવી રીતે સમાઈ શકે છે? કેમ કે એક એક જીવને અસંખ્યાત પ્રદેશ છે અને એક એક જીવમાં અનંતાનંત પુદ્‌ગલ પરમાણુ કર્મ-નોકર્મરૂપમાં લાગેલાં છે અને તે સિવાય અનંતગુણા અન્ય પુદ્‌ગલ રહે છે તો આ દ્રવ્યો અસંખ્યાતપ્રદેશી લોકમાં કેવી રીતે સમાઈ ગયા? ક્ષેત્ર તો નાનું છે અને રહેનારા દ્રવ્યો અનંત

www.vitragvani.com



છે. વળી પરસ્પર અડતાં નથી તો કેવી રીતે સમાય છે?

શ્રીગુરુ આ પ્રશ્નનો ઉત્તર આપે છે...

આકાશદ્રવ્યમાં અવકાશદાન એટલે જગ્યા દેવાની શક્તિ છે તે કારણે બધાં દ્રવ્યો તેમાં સમાઈ જાય છે. જેમ, એક ગૂઢ નાગરસગુટિકામાં સો, હજાર, લાખ, સુવર્ણ સંખ્યા આવી જાય છે—હજાર ધાતુ નાંખીને બનાવેલા પિંડમાંથી નાની નાની ગોળીઓ બનાવી હોય તો તે દરેકમાં હજાર ધાતુ આવી જાય છે ને! અથવા બીજું દૃષ્ટાંત લ્યો તો, એક દીવાના પ્રકાશમાં ઘણાં દીવાનો પ્રકાશ સમાઈ જાય છે—એક ઓરડામાં એક બલ્બનો પ્રકાશ હોય ત્યાં બીજા ગમે તેટલાં બલ્બ જલાવો તેનો પ્રકાશ ઓરડામાં સમાય જાય છે અથવા રાખ ભરેલા એક ઘડામાં પાણીનો આખો ઘડો સમાઈ જાય છે-રાખમાં પાણી શોષાઈ જાય છે અથવા ઉંટડીના દૂધના ઘડામાં મધનો ઘડો સમાઈ જાય છે એવો એ દૂધનો મધને અવકાશ દેવાનો સ્વભાવ છે અથવા એક ભૂમિઘરમાં ઢોલ, ઘંટા આદિ ઘણાં વાજિંત્રોનો અવાજ સારી રીતે સમાઈ જાય છે. આમ, એક લોકાકાશમાં વિશિષ્ટ અવગાહનશક્તિના યોગથી અનંત જીવ અને અનંતાનંત પુદ્‌ગલ અવકાશ પામે છે—સમાય જાય છે તેમાં વિરોધ નથી.

જુઓ! આ વ્યવહાર-સમકિતનો વિષય છે તેની શ્રદ્ધા કર્તવ્ય છે. આટલી પણ શ્રદ્ધાના જેને ઠેકાણા નથી તેને નિશ્ચય-સમકિત હોઈ શકે જ નહિ.

જીવોમાં પણ પરસ્પર અવગાહન આપવાની શક્તિ છે એવું કથન પરમાગમમાં કહ્યું છે ''**एगणिगोद**'' ઈત્યાદિ. તેનો અર્થ એ છે કે એક નિગોદિયાજીવના શરીરમાં સિદ્ધોની સંખ્યા કરતાં અનંતગુણા જીવ રહેલાં છે અને નિગોદિયાનું શરીર તો અંગુલના અસંખ્યાતમાં ભાગ જેવડું છે. તોપણ આવા સૂક્ષ્મ શરીરમાં અનંતજીવ સમાઈ જાય છે તો લોકાકાશમાં સમાય તેમાં ક્યાં આશ્ચર્ય છે? અસંખ્યાતપ્રદેશી ક્ષેત્રમાં અનંતા જીવો સમાય એ વાત અજ્ઞાનીને બેસતી નથી. પણ ભાઈ! એ સાથે તો રહ્યા છે પણ કોઈ કોઈમાં ભળ્યાં નથી. બધાં પોતપોતાના અનંતગુણોમાં રહેલાં છે એ નક્કી કરવું પડશે.

અનંતાનંત પુદ્‌ગલ લોકાકાશમાં સમાઈને રહે છે તેની '**ओगाढ**' ઈત્યાદિ ગાથા છે તેનો ભાવાર્થ એ છે કે આ લોક સર્વ ક્ષેત્રે સર્વ પ્રકારના પુદ્‌ગલ કાયોથી અવગાઢ ગાઢ ભરેલો છે. પુદ્‌ગલકાય અનંત છે વળી અનંત ભેદોવાળી છે, કોઈ સૂક્ષ્મ છે તો કોઈ બાદર છે. તે દરેકનું પરિણમન સ્વતંત્રપણે થયા કરે છે.

તાત્પર્ય એ છે કે બધાં દ્રવ્ય એક ક્ષેત્રાવગાહ રહે છે તોપણ શુદ્ધ નિશ્ચયથી જીવો કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ પોતાના સ્વરૂપને છોડતાં નથી, પુદ્‌ગલદ્રવ્ય પોતાના વર્ણાદિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વરૂપને છોડતાં નથી અને ધર્માદિ ચાર દ્રવ્ય પણ પોતપોતાના સ્વરૂપને છોડતાં નથી.

અરે! નિગોદના સૂક્ષ્મ શરીરમાં રહેલાં અનંતા જીવોના શ્વાસ, આયુ, આહાર બધાનાં એક હોવા છતાં તે કોઈ જીવ પોતાના જ્ઞાનાદિ ગુણોને છોડતાં નથી. ગુણો સૌના અલગ-અલગ છે. વળી કર્મ પણ સૌના અલગ છે અને તે કર્મપરમાણુ પોતાના સામાન્ય અને વિશેષ ગુણોને છોડીને અન્ય પરમાણુમાં ભળતા નથી. બધાં પરમાણુ પૃથક્-પૃથક્ રહે છે. જો તે પૃથક્ ન રહે તો અનંત ન રહે, એક થઈ જાય. પણ અનંત પરમાણુ છે તે પોતાની પૃથક્ સત્તાને સિદ્ધ કરે છે.

દરેક આત્મા પોતપોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા આદિ અનંતગુણોમાં બિરાજે છે. એક આત્મા બીજા આત્માને કામમાં આવતો નથી. કેમ કે કોઈ આત્મા પોતાના ગુણને છોડીને અન્યમાં જતો જ નથી. આવી વાત ચાલે છે આમાં તમારે વૃદ્ધાવસ્થામાં દીકરા-વહુ સેવા કરવામાં કામ લાગશે કે નહિ તે વિચારી લેવું.

લોકો તો એમ કહે કે સંઘર્યો સાપ પણ કામ લાગે. તેની માટે કથા છે તે પણ નાનપણમાં સાંભળેલી કે એક રાણી સવા લાખનો હાર બાજુમાં મૂકીને નહાવા બેઠી હતી ત્યાં સમળી નીકળી તે ચાંચમાં પકડીને હાર ઉપાડી ગઈ. ત્યાં આગળ જતાં કોઈ માણસે નળિયા ઉપર મરેલો સર્પ નાંખી રાખ્યો હતો તેને જોયો એટલે સમળીએ હાર ત્યાં મૂકી દીધો અને સર્પ ઉપાડીને ઉડી ગઈ એટલે મરેલો સર્પ સાચવી રાખ્યો હતો તો એ માણસને હાર મળી ગયો ને! એમ લોભિયા માણસો ગપ્પા મારે...અરે, કદાચ હાર મળ્યો હોય તોપણ તે હારના રજકણથી આત્માને શું લાભ થાય! હારના રજકણ પોતાના ગુણને છોડીને જીવમાં તો આવવાના નથી માટે કોણ કોને લાભ આપે અને કોણ લાભ લે...!!

આવું સાંભળશે તો કોઈ કોઈના નહિ રહે!! ભાઈ! એ જ તો નક્કી કરવાનું છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું નથી. એ નહિ સમજાય ત્યાં સુધી વ્યવહાર-સમકિતનો વિષય પણ સાચો નહિ થાય. દરેક દ્રવ્ય પોતાના ગુણોને છોડીને કોઈના ક્ષેત્રમાં જઈને કોઈને કામમાં આવતા નથી. આવા સ્વતંત્ર અનંત દ્રવ્યો એક ક્ષેત્રે રહેલાં છે એ પ્રમાણે માનવું તે વ્યવહાર-સમકિત છે. જેની એક સમયની પર્યાયમાં આટલું બધું જાણવાની તાકાત છે તે જીવ પોતાના અખંડાનંદ એકરૂપ ગુણના પિંડની પ્રતીત અને અનુભવ કરે છે તેનું નામ નિશ્ચય-સમકિત છે.

હવે, આ છએ દ્રવ્યો એક ક્ષેત્રે હોવા છતાં સ્વતંત્ર છે એ વાત કર્યા પછી વ્યવહારનયથી જીવને તે પાંચેય દ્રવ્યો ઉપકાર કરે છે એમ કહે છે અને વળી તે જ જીવને નિશ્ચયથી તે દ્રવ્યો દુઃખના કારણ છે એમ ૨૬મી ગાથામાં કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



एयइँ दव्वइं देहियहँ णिय-णिय कज्जु जणंति।
चउ-गइ-दुक्ख सहंत जिय ते संसारु भमंति॥२६॥

અર્થ :—આ દ્રવ્યો જીવોને જુદાં જુદાં કાર્યમાં નિમિત્ત થાય છે તેથી નરકાદિ ચારેય ગતિઓના દુઃખોને સહન કરતો થકો જીવ સંસારમાં ભટકે છે.

ભાવાર્થ :—જે જીવને ઉપકાર કરે છે એવા આ દ્રવ્યોના કાર્યને બતાવે છે.

(૧) પુદ્‌ગલદ્રવ્ય :—તે, આત્મજ્ઞાનથી વિપરીત, વિભાવ પરિણામોમાં લીન થયેલા અજ્ઞાનીજીવોને, વ્યવહારનયથી શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ આ ચારેયની ઉત્પત્તિ કરે છે. અર્થાત્ મિથ્યાત્વ, અવ્રત, કષાય, રાગ-દ્વેષાદિ વિભાવ પરિણામના યોગથી જીવને પુદ્‌ગલ સાથે સંબંધ છે અને પુદ્‌ગલના સંબંધથી શરીર, મન, વચન અને શ્વાસોચ્છ્‌વાસની રચના થાય છે.

(૨) ધર્મદ્રવ્ય :—ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી તે જીવને ગતિમા સહાયી છે.

(૩) અધર્મદ્રવ્ય :—ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી તે જીવને ગતિપૂર્વક સ્થિતિમાં સહાયી છે.

(૪) આકાશદ્રવ્ય :—વ્યવહારનયથી તે જીવને અવકાશદાન આપે છે.

(૫) કાળદ્રવ્ય :—જીવને શુભાશુભપરિણામમાં સહાયી છે.

આમ, આ પાંચેય દ્રવ્ય જીવને સહકારી છે. તેની સહાય પામીને જીવ નિશ્ચય-વ્યવહારરત્નત્રયની ભાવનાથી રહિત—ભ્રષ્ટ થયેલો ચારેય ગતિઓના દુઃખને ભોગવતો સંસારમાં ભટકે છે. આ તાત્પર્ય થયું.

ભગવાન આત્મા સ્વભાવથી તો શુદ્ધ નિશ્ચય રત્નત્રય—શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું પોતે પોતાને દાન આપે એવો છે અને પોતે દાન લે એવા સ્વભાવવાળો છે તેનાથી ઉલટું, અજ્ઞાનદશામાં અજ્ઞાનીને શું થાય છે તે બતાવે છે. વિભાવપરિણામમાં લીન એવો તે, આત્માના જ્ઞાનાનંદનું દાન કરવાનું અને લેવાનું ચૂકીને વિભાવપરિણામમાં લીન થયો છે. જો આત્મા પોતાના અસ્તિત્વમાં દૃષ્ટિ કરે તો ખ્યાલ આવે કે, મારામાં તો મારા ગુણો જ રહેલાં છે, તેમાં વિકાર અને પરપદાર્થનો તો અભાવ છે. હું તો જાણવાનું કામ કરું એવો છું. જાણવાનું કામ થાય ત્યાં આનંદ સાથે જ આવે એવું મારું સ્વરૂપ છે. રાગના કામમાં આકુળતાનું કામ સાથે જ આવે છે, પરના કામ હું કરું છું એવા માન્યતારૂપ મિથ્યાત્વની સાથે દુઃખ પણ ઊભું થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાન આત્મા તો આગળ કહ્યો તેવો અમૂર્ત અને શુદ્ધ છે. તેમાં દૃષ્ટિ કરે તો જ્ઞાન, આનંદ, શાંતિ, સુખનું દાન પોતાને મળે—સ્વરૂપની પર્યાયનું દાન થાય, વિકાર અને પરનું તેમાં અસ્તિત્વ નથી તેથી તે અંતરમાંથી ન આવે પણ આવા સ્વરૂપના અજ્ઞાનના કારણે શરીરાદિ પુદ્ગલદ્રવ્યોમાં અને વિભાવપરિણામમાં લીન થયેલો તે પોતાને દુઃખનું દાન આપે છે.

જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ નથી અને પુણ્ય-પાપના પરિણામ તે જ હું છું એમ માનીને વિભાવમાં લીન થયો છે તેથી તેને શરીર, મન, વચન આદિનો સંબંધ મળ્યા કરે છે. જ્ઞાનીને તો સ્વભાવમાં લીનતાથી શાંતિ અને આનંદની ઉત્પત્તિ થાય છે ત્યારે અજ્ઞાનીને વિભાવમાં લીનતાથી દુઃખ ઉત્પન્ન થાય છે અને તેના ફળમાં શરીરાદિ નોકર્મની ઉત્પત્તિ થયા કરે છે.

જ્ઞાનીને આત્માના આનંદના દાનમાં કોઈ નિમિત્તોની અપેક્ષા નથી, સર્વ નિમિત્તોનો અભાવ છે. અજ્ઞાની પોતાને વિભાવનું દાન આપે છે. તેમાં આ પુદ્ગલાદિ દ્રવ્યોના નિમિત્તનો સદ્ભાવ છે. સુખનું કારણ તો આત્મા પોતે જ છે, તેમાં કોઈ અન્યનું નિમિત્ત નથી. પણ દુઃખ પોતાનો સ્વભાવ નહિ હોવાથી તેમાં અન્ય નિમિત્તનો સદ્ભાવ હોય છે.

વિભાવમાં લીન થયા છે તે દુઃખમાં લીન થયા છે તેને વ્યવહારનયથી શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસની ઉત્પત્તિ થાય છે. તે વિભાવ ક્યાં ક્યાં છે?—કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, રાગ-દ્વેષ આદિ અનેક પ્રકારના વિભાવ છે તેના યોગથી જીવને પુદ્ગલનો સંયોગ થાય છે અને પુદ્ગલના સંયોગથી જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન થાય છે અને નવા નવા શરીર, મન, વચન, શ્વાસોચ્છ્વાસ આદિની ઉત્પત્તિ થાય છે. ગતિમાં ગમન થવામાં જીવને ધર્મદ્રવ્ય સહાયી છે અને ત્યાં જઈને દુઃખમાં લીન થવામાં અધર્મદ્રવ્ય સહાયી થાય છે. જીવને ચારેય ગતિમાં અવકાશદાન દેનાર આકાશદ્રવ્ય છે અને વિભાવના પરિણમનમાં કાળદ્રવ્યનું નિમિત્ત છે.

આમ, વિભાવમાં લીન જીવ દુઃખને સહતો થકો ચાર ગતિમાં ભટકે છે. તેમાં તેને પાંચેય દ્રવ્ય ઉપકાર કરે છે—નિમિત્ત થાય છે. જો પોતે સ્વભાવમાં દૃષ્ટિ કરીને તેમાં લીન થાય તો તેમાં કોઈ નિમિત્તની સહાયની જરૂર નથી. સ્વભાવ સ્વયં સુખસ્વરૂપ છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# ભાઈ! તારી દૃષ્ટિની દિશા ઉપર બધો આધાર છે

(સળંગ પ્રવચન નં.-૯૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૨૬મી ગાથાનો છેલ્લો ભાગ છે તે જુઓ.

આ આત્મા પોતાના અંતર્મુખ સ્વભાવના જ્ઞાન વિના અનાદિ કાળથી વિભાવમાં લીન થઈ રહ્યો છે તેથી વર્તમાનમાં પુદ્ગલનો સંગ કરી રહ્યો છે અને તેના ફળમાં નવા પુદ્ગલકર્મને બાંધી રહ્યો છે. જો જીવ વર્તમાનમાં પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે તો તેને પુદ્ગલનો સંગ વર્તમાનમાં પણ થતો નથી અને નવા કર્મ બંધાતા નથી.

જે આત્મજ્ઞાન રહિત વિભાવમાં લીન છે—શુભાશુભ રાગમાં લીન છે તેને જે કર્મ બંધાય છે તેના ફળમાં ફરી શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્વાસની ઉત્પત્તિ થાય છે. આ ચારેય જીવને દુઃખમાં કારણ થાય છે તેથી અહીં કહ્યું છે કે પુદ્ગલદ્રવ્ય જીવને દુઃખમાં નિમિત્ત-ઉપકારી થાય છે. આત્મા તો જ્ઞાન-આનંદની મૂર્તિ છે પણ તેમાં જે આત્મા લીન નથી અને રાગમાં લીન છે તેવા અજ્ઞાનીને શરીરાદિનો સંયોગ થયા કરે છે તેમાં પુદ્ગલદ્રવ્ય કારણ હોવાથી પુદ્ગલનો ઉપકાર નિમિત્ત ગણીને કહેવામાં આવે છે.

શરીર, મન, વચન આદિ પુદ્ગલ આ જીવને દુઃખમાં જ નિમિત્ત થાય છે. ગતિ થાય છે તેમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે અને ગતિપૂર્વક સ્થિતિમાં અધર્મદ્રવ્યનું નિમિત્ત બને છે, તે બધામાં જીવ દુઃખી થતો હોવાથી તે દ્રવ્યો દુઃખના નિમિત્ત છે. જીવને ચારેય ગતિના દુઃખમાં રહેવાની જગ્યા આ આકાશ આપે છે અને શુભાશુભ વિભાવરૂપે પરિણમન કરવામાં કાળદ્રવ્યનું નિમિત્ત છે. આમ જીવને સ્વસ્વભાવનું ભાન નહિ હોવાથી છએ દ્રવ્યો તેના દુઃખમાં નિમિત્ત બને છે. જ્ઞાનીને સ્વસ્વભાવનું ભાન હોવાથી તેને દુઃખ થતું નથી તેથી છએ દ્રવ્યો તેને દુઃખ ઉપજાવતાં નથી

જ્ઞાની વિભાવમાં લીન નહિ થતાં, સ્વભાવમાં લીન થાય છે તેથી કોઈ પુદ્ગલનો સંગ કરતા નથી તેથી નવા પુદ્ગલકર્મનો બંધ પણ જ્ઞાનીને થતો નથી તેથી પુદ્ગલદ્રવ્ય દુઃખનું કારણ થતું નથી. એ જ રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ જ્ઞાનીને દુઃખના નિમિત્ત થતાં નથી.

www.vitragvani.com



પરમાત્મપ્રકાશ છે ને! તેમાં પાઠ જ એવો છે કે एयई दव्वई देहियहँ...चउ गइ दुःख सहंत जिय तैं संसारु भमंति। ભગવાન આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરી આત્મજ્ઞાન પામ્યો તેને તો વર્તમાનમાં સ્વભાવનો સંબંધ છે, તેને પુદ્‌ગલનો સંબંધ નથી તેથી દુઃખ પણ નથી. તેને તો પુદ્‌ગલાદિ બધાં દ્રવ્યો જ્ઞાનમાં નિમિત્ત થાય છે, દુઃખમાં નિમિત્ત થતાં નથી.

આજે બીજી ઢબે વાત આવે છે, કાલે આ વાત આવી ન હતી. આત્મા સત્‌+ચિત્‌+આનંદની મૂર્તિ છે તેમાં જેની દૃષ્ટિ, જ્ઞાનની લીનતા થઈ છે તેને તો શાંતિની જ ઉત્પત્તિ છે. થોડું દુઃખ રહ્યું છે તે તો તેના જ્ઞાનનું જ્ઞેય થાય છે. અમુક કર્મ બંધાય છે તેના ફળમાં જે શરીરાદિનો સંયોગ થાય છે તે પણ તેના જ્ઞાનમાં જ્ઞેય થાય છે અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ પણ તેના જ્ઞાનના જ્ઞેયમાત્ર બને છે. દુઃખના નિમિત્ત બનતાં નથી.

શ્રોતા :—આવા આત્મસ્વરૂપમાં પ્રેમ કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એને સ્વરૂપની ખબર નથી કે મારું સ્વરૂપ કેવું મહિમાવંત છે, તેથી પોતાના આત્મસ્વરૂપનો પ્રેમ થતો નથી. અરે! વર્તમાન જ્ઞાન તો રાગમિશ્રિત છે તેમાં પણ એટલી તાકાત છે કે હદ વિનાના ક્ષેત્રનું જ્ઞાન કરી લે છે, હદ વિનાના કાળનું જ્ઞાન કરી લે છે. રાગવાળો ઉપયોગ ભલે અસંખ્ય સમયનો છે પણ તેમાં અનંત અમાપ આકાશ, કાળ આદિનું જ્ઞાન અને તેની આસ્થા થાય છે ને! હું અનાદિ છું અને અનંતકાળ રહેવાનો છું એવું પણ એના જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે એ રીતે જ્ઞાનમાં અનંતકાળ સમાય જાય છે, અમાપ ક્ષેત્ર સમાય જાય છે.

દ્રવ્યો અનંત છે, તેમાં એક એક દ્રવ્યમાં અનંત ગુણો છે, સમય સમયની અનંત પર્યાય છે એવું અસંખ્ય સમયના ઉપયોગમાં–જ્ઞાનના વ્યાપારમાં પોતે ખ્યાલમાં લઈ શકે છે. રાગમિશ્રિત ઉપયોગમાં આવું જાણવાની તાકાત છે તો રાગરહિત, એક સમયમાં પૂર્ણદશાએ પરિણમેલા જ્ઞાન-ઉપયોગમાં ત્રણકાળ, ત્રણલોક જણાય તેમાં કાંઈ અશક્ય નથી.

આ આત્માનું માહાત્મ્ય નથી આવતું એમ કહ્યું એટલે આ વાત ચાલે છે! રાગમાં અટકેલાં જ્ઞાનમાં પણ નિઃશંકપણે અનંતકાળ, અનંતક્ષેત્ર આદિનો ખ્યાલ આવી શકે છે—આવી તો અટકેલાં અધૂરાં જ્ઞાનની તાકાત છે તો તે જ્ઞાનની પૂર્ણ તાકાતમાં શું ખામી હોય! તેની મહિમા કેમ ન આવે! પ્રગટેલું પૂર્ણ જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને તો જાણે પણ એથી અનંતગુણા લોક આવી જાય તો તેને પણ જાણવા એ સમર્થ છે. આવી અનંત સર્વજ્ઞપર્યાયને ધરનાર એક જ્ઞાનગુણ અને એવા અનંતગુણને ધરનાર જ્ઞાયક આત્માની તેને જ્યાં સુધી મહિમા ન સમજાય ત્યાં સુધી તેને શુભાશુભ રાગની અને પરની મહિમા છૂટે નહિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહા! આત્મા એટલે શું! મહા પદાર્થ!! મોટો પ્રભુ છે. એક ગુણની વાત કરી એવા તો અનંતગુણનો એ સ્વામી છે. તેની મહિમા આવે તેને આત્મજ્ઞાન થાય, તેમાં લીનતા થાય અને વિભાવની લીનતા છૂટે, તેને પુદ્‌ગલનો સંબંધ ન થાય અને ધર્માસ્તિ આદિ ચારેય દ્રવ્યો પણ તેને દુ:ખમાં નિમિત્ત ન થાય, માત્ર જ્ઞાનના જ્ઞેય બને. પુદ્‌ગલ પણ તેને જ્ઞાનનું જ્ઞેય બની જાય—જ્ઞાનમાં નિમિત્ત થાય.

શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદ હું નિર્વિકલ્પ પ્રભુ છું એવું આત્મજ્ઞાન થયું તેને અનંતા પુદ્‌ગલો જ્ઞેયમાત્ર રહી ગયા. પોતાને જાણતાં પુદ્‌ગલો પણ જણાય માટે પુદ્‌ગલો જ્ઞાનના નિમિત્ત રહ્યાં, દુ:ખના નિમિત્ત ન થયાં. કર્મ પણ જ્ઞાનમાં જ્ઞેય અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ પણ જ્ઞાનનાં નિમિત્ત રહ્યાં. આહાહા...! બલિહારી હે પ્રભુ! તારા જ્ઞાનની!

આત્માના લક્ષે દુ:ખ થાય જ નહિ પણ અજ્ઞાની પરનું લક્ષ કરે છે અને વિભાવમાં લીન થાય છે તેથી તેને પુદ્‌ગલાદિ પાંચેય દ્રવ્યો દુ:ખમાં ઉપકારી થાય છે અર્થાત્ દુ:ખના નિમિત્ત બને છે. નવાં નવાં શરીર, કર્મ આદિનો સંયોગ બન્યા કરે છે અને તે દુ:ખમાં નિમિત્ત થાય છે. ભગવાન આત્માનો સંગ કરે તો જ્ઞાન, દર્શન અને શાંતિની ઉત્પત્તિ થાય પણ શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્‌વાસની ઉત્પત્તિ ન થાય.

પુદ્‌ગલાદિ પાંચેય દ્રવ્યોની સહાય પામીને આ જીવ નિશ્ચયવ્યવહારરત્નત્રયની ભાવનાથી રહિત, ભ્રષ્ટ થયો થકો ચાર ગતિના દુ:ખોને સહન કરતો, સંસારમાં ભટકે છે.

પરના સંબંધમાં અટકેલો અને પોતાના સંબંધથી ભ્રષ્ટ થયેલો અજ્ઞાની જીવ નિશ્ચય અને વ્યવહારરત્નત્રયની ભાવનાથી પણ રહિત થયો થકો ચાર ગતિઓમાં ભટકી રહ્યો છે. પાંચેય દ્રવ્યો જીવને ઉપકાર કરે છે એમ તત્ત્વાર્થસૂત્રમાં આવે છે તેનો આ ખુલાસો છે કે એ ઉપકાર તો જીવને દુ:ખમાં નિમિત્ત થાય એવો છે. જો ભગવાન આત્મા પોતે પોતાને ઉપકાર કરે તો સ્વસ્વભાવમાં સંબંધ જોડે તો, સમ્યક્ શ્રદ્ધામાં આત્માનો સ્વીકાર આવે, સમ્યક્ જ્ઞાનમાં આત્મા લક્ષમાં આવે અને બધાં પરદ્રવ્યો સાથેનો સંબંધ છૂટી જાય. હવે કોઈ દ્રવ્યો તેને દુ:ખમાં નિમિત્ત નહિ થાય. માત્ર જ્ઞાનના જ્ઞેય તરીકે રહી જશે.

આત્માના જ્ઞાન વિના જીવની લીનતા ક્ષણિક વિકૃતભાવ—ઉપાધિભાવમાં રહી છે તેથી પુદ્‌ગલ તેને ચારગતિમાં દુ:ખમાં નિમિત્ત થાય છે. દુ:ખનું ઉપાદાનકારણ તો તેની રાગમાં લીનતા છે તે કારણ છે. તેનાથી શરીર, વાણી, મન આદિ દુ:ખના નિમિત્તો મળે છે તેનાથી કાંઈ આત્માની શાંતિ ઉપજતી નથી. જેને ભગવાન ચૈતન્યપ્રકાશ દૃષ્ટિમાં નથી આવ્યો તેને બીજા દ્રવ્યો પણ દુ:ખના કારણ છે અને જેની દૃષ્ટિ અને જ્ઞાનમાં ભગવાન આત્મા આવી ગયો તેને કોઈ દ્રવ્યો દુ:ખ ઉપજાવતાં નથી, માત્ર જ્ઞાનમાં જ્ઞેય થાય છે. આ તાત્પર્ય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૨૬ ગાથા થઈ. હવે ૨૭મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે પરદ્રવ્યોનો સંબંધ નિશ્ચયથી દુઃખનું કારણ છે એમ જાણીને હે જીવ! શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત થા.

दुक्खहँ कारणु मुणिवि जिय दव्वहँ एहु सहाउ।
होयवि मोक्खहँ मग्गि लहु गम्मिज्जइ पर-लोउ।।२७।।

અર્થ :—હે જીવ! પરદ્રવ્યોના આ સ્વભાવ દુઃખના કારણ જાણીને મોક્ષના માર્ગમાં શીઘ્ર લાગીને ઉત્કૃષ્ટ લોકરૂપ મોક્ષમાં જવું જોઈએ. (પરદ્રવ્યનો સંબંધ દુઃખનું કારણ છે માટે તેનો સ્વભાવ દુઃખનું કારણ કહ્યો છે.)

ભગવાન આત્માનો સંબંધ આનંદનું કારણ છે અને પરદ્રવ્યનો સંબંધ દુઃખનું કારણ છે. પરદ્રવ્યના સ્વભાવો આ જીવને દુઃખમાં નિમિત્ત થાય છે, સુખમાં નિમિત્ત થતાં નથી માટે તેનો સંબંધ છોડવાનું કહે છે. હવે સંબંધ કર ભગવાન આત્માનો! પરનો સંબંધ એ તો બંધનો માર્ગ છે અને સ્વનો સંબંધ એ જ મુક્તિનો માર્ગ છે.

ભાઈ! વિકારમાં લીન થઈને પરનો સંબંધ તેં જ ઊભો કર્યો છે તેથી ચાર ગતિના દુઃખ પામ્યો છો. હવે, તું જ તે સંબંધ છોડ અને સ્વનો સંબંધ કર તો સુખી થઈશ. પોતાના શુદ્ધ સ્વભાવનો સંબંધ એ જ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે અને પરનો સંબંધ એ જ મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષ છે.

ભાવાર્થ :—પહેલાં કહેવાઈ ગયેલાં પુદ્‌ગલાદિ દ્રવ્યોની સહાયથી ઉત્પન્ન શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિ બધાં દુઃખના કારણ છે, કેમ? કેમ કે સદા વીતરાગ આનંદ-રૂપ સ્વભાવથી ઉત્પન્ન જે અતીન્દ્રિય સુખ, તેનાથી તેઓ વિપરીત આકુળતાના ઉપજાવવાવાળા છે એમ જાણીને હે જીવ! તું ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષના માર્ગમાં લાગીને પરમાત્માનો અનુભવ કર અને પરમસમરસીભાવથી પરિણમનરૂપ મોક્ષમાં ગતિ કર.

અજ્ઞાનીને ખબર નથી કે હું શું કરું છું, શું મારે કરવું જોઈએ. અજ્ઞાની વિકારની ઉત્પત્તિ કરી કરીને તેમાં લીનતા કર્યા કરે છે. આખા ચિદાનંદ સ્વભાવનો અનાદર કરી, વિકલ્પની ઉત્પત્તિમાં લાભ માની વિકલ્પ કર્યા કરે છે. સ્વભાવનો અનાદર અને વિકલ્પનો આદર એ જ મિથ્યાત્વ છે, તે જ ખરું દુઃખનું કારણ છે કારણ કે મિથ્યાત્વને કારણે જ તેને પરદ્રવ્ય દુઃખમાં નિમિત્ત થાય છે. માટે, પ્રથમ તો હું શું ભૂલ કરી રહ્યો છું—ઊંધો રસ્તો શું લીધો છે એ એણે ખ્યાલમાં લેવું જોઈએ.

‘પરને પોતાનું માનવું અને સ્વને ભૂલી જવું’ એ આ જીવની ભૂલ છે. વિકલ્પ ઉઠે છે તે મારો સ્વભાવ નથી પણ વિભાવ છે અને પરદ્રવ્ય તો તદ્દન ભિન્ન ચીજ છે એમ નહિ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જાણતાં, પરને અને વિભાવને પોતાના માનીને જીવ વિભાવમાં જ લીન થઈ રહ્યો છે. આ ભૂલને ભૂલ જાણીને તેને ટાળવા માટે ચિદાનંદ સ્વભાવનો સંબંધ કર!

આવો સંબંધ કેમ થાય? કે પરના સંબંધોને છોડીને જ્ઞાયકચૈતન્યમૂર્તિ ભગવાન તરફ નજર નાંખતાં સમ્યગ્દર્શન થાય તેનાથી આત્મામાં સંબંધ થાય—લીનતા થાય. આત્મામાં સંબંધ થવો તે જ મોક્ષમાર્ગ છે અને તેના ફળમાં મોક્ષ થાય છે.

આત્મા રાગ વિનાનો સદા આનંદરૂપ છે. આ સ્વભાવમાંથી તો અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થવા યોગ્ય છે, તેનાથી વિપરીત વિભાવ થાય છે તે જીવને દુઃખ ઉપજાવવાવાળો છે. એ વિભાવમાં નિમિત્ત 'પરદ્રવ્યો' છે માટે તેને દુઃખના કારણ કહ્યાં છે. આત્મા કદી દુઃખનું કારણ ન થાય. આત્મા—વસ્તુ તો વીતરાગી પરમાનંદની મૂર્તિ છે, તેમાંથી આનંદ લેવાને બદલે કોડી કોડીનો ભિખારી થઈને રઝળે છે, આકુળતાના ઉપજાવનારા વિભાવમાં લીન થઈ રહ્યો છે, તેને આચાર્યદેવ કરુણા કરીને કહે છે કે ભગવાન આત્માનો સંબંધ કર! તને આનંદ ઉપજશે અને દુઃખ ટળી જશે.

ભાઈ! તારી દૃષ્ટિની દિશા ઉપર બધો આધાર છે. પર તરફ દૃષ્ટિ છે તો પર તને દુઃખના કારણ થશે અને સ્વમાં દૃષ્ટિ કરીશ તો સ્વભાવ સુખનું કારણ થશે અને પરદ્રવ્યો માત્ર જ્ઞેય તરીકે રહી જશે. ત્રણે કાળ આ એક જ વાત છે. શુદ્ધ સ્વભાવની પ્રતીતિમાં આનંદનું આવવું, તેના જ્ઞાનમાં આનંદનું આવવું અને તેમાં સ્થિરતામાં આનંદનું આવવું...આ અભેદરત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત થઈને મોક્ષ તરફ ગમન કર, સાથે ભેદરત્નત્રયમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, છ દ્રવ્યનું જ્ઞાન વગેરે પ્રમાણજ્ઞાનમાં બધું સાથે જાણવામાં આવશે.

પરમ વીતરાગ સ્વભાવ—તે આત્મા અને તેના સંબંધે ઉત્પન્ન થયેલી જ્ઞાન અને આનંદની પર્યાય અને તેનાથી પ્રગટ થયેલો પૂર્ણ સમરસી વીતરાગીભાવ તે મોક્ષ છે. અનાદિથી તું પરના સંબંધથી દુઃખી થયો છો અને તું જ સ્વમાં સંબંધ કરીશ તો પૂર્ણ આનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ તને થશે. તારી વસ્તુમાં આકુળતા-ઉકળાટ-દુઃખ કાંઈ નથી પણ પરના સંબંધે તેં ઉકળાટ ઊભો કર્યો છે.

ભગવાન આત્મામાં દુઃખ થાય એવો કોઈ ગુણ નથી. વર્તમાનદશામાં પરના સંબંધે અજ્ઞાન અને દુઃખની ઉત્પત્તિ પોતે કરે છે. પરમાનંદથી ભરેલો પ્રભુનો આદર ન કર અને પુદ્‌ગલના સંગમાં પ્રેમ કર એટલે મિથ્યાત્વભાવ અને આકુળતા જ ઉત્પન્ન થાય. તેના ફળમાં શરીર, વાણી, મન આદિની ઉત્પત્તિ થાય. તે તારા ઉપર પુદ્‌ગલનો ઉપકાર થયો. એક ગતિમાંથી બીજી ગતિમાં જવામાં ધર્માસ્તિકાય ઉપકાર કરે, ગતિમાં જ્યાં સુધી રહ્યો તેમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અધર્માસ્તિકાયનો ઉપકાર થયો, દુઃખી થઈને રહેવામાં આકાશે તને મદદ કરી અને કાળદ્રવ્યે તને શુભાશુભરૂપે પરિણમવામાં મદદ કરી—નિમિત્ત થયા.

ભગવાન! હવે તું તારા સ્વભાવના સંબંધમાં આવી જાને! સ્વભાવના સંબંધે પૂર્ણ આનંદનું પરિણમન આવશે...આવશે અને આવશે જ. જો પુદ્‌ગલના સંબંધમાં લીન થઈને રહ્યો તો દુઃખના ઉત્કૃષ્ટસ્થાનરૂપ નિગોદમાં જઈને રહીશ. નારકીના દુઃખ તો સંયોગથી મપાય છે તેના કરતાં નિગોદમાં તો ઘણી હીણી દશા અને અપાર દુઃખ છે. તેમાં અનંતકાળ વીતાવવો પડશે અને જો અત્યારે સ્વભાવનો સંબંધ કરીશ તો તેના ફળમાં ઉત્કૃષ્ટ સ્થાન પરમ સમરસી આનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે.

આ ૨૭ ગાથા થઈ, તેમાં વ્યવહારનયથી મેં આ જીવાદિ દ્રવ્યોના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન કહ્યું છે, હવે હે પ્રભાકરભટ્ટ! તું સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રનું કથન સાંભળ—એમ યોગીન્દ્રદેવ કહે છે.

**णियमें कहियउ एहु मई ववहारेण वि दिट्ठि।**
**एवहिं णाणु चरित्तु सुणि जें पावहि परमेट्ठि॥२८॥**

અર્થ :—હે પ્રભાકરભટ્ટ! મેં વ્યવહારનયથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ તને સારી રીતે કહ્યું, હવે તું જ્ઞાન અને ચારિત્રનું સ્વરૂપ સાંભળ કે જેને ધારણ કરવાથી તું સિદ્ધપરમેષ્ઠીપદને પામીશ.

શ્રોતા :—વાહ પ્રભુ વાહ!

ભાવાર્થ :—વ્યવહારસમકિતના કારણભૂત છ દ્રવ્યોનું સાંગોપાંગ વ્યાખ્યાન કરીએ છીએ. બીજા શાસ્ત્રમાંથી શ્લોક લીધો છે—'**परिणाम...**' ઈત્યાદિ. તેનો અર્થ એ છે કે છ દ્રવ્યોમાં વિભાવ પરિણામે પરિણમવાવાળા જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્ય જ છે તેમાંથી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળને વિભાવવ્યંજન પર્યાય નહિ હોવાથી તેને વિભાવ પરિણમન નથી. પરિણમન તો છએ દ્રવ્યમાં છે પણ જીવ અને પુદ્‌ગલ બે ને જ પરિણામી કહ્યાં છે કેમ કે તે બેમાં જ વિભાવપરિણમન છે.

શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યપ્રાણ તેનાથી જીવ જીવે છે, જીવતો હતો અને જીવશે. અનાદિકાળથી જીવ છે અને અનંતકાળ રહેશે તે પોતાના ચૈતન્ય-પ્રાણથી જ જીવશે. વસ્તુ શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા પ્રાણસ્વરૂપ જ સદાય છે.

વ્યવહારથી ઈન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસરૂપ દ્રવ્યપ્રાણોથી જીવે છે, જીવશે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અને જીવતો હતો. માટે, વ્યવહારથી આ ચાર પ્રાણથી જીવે તેને જીવ કહેવાય અને નિશ્ચયથી ચૈતન્યપ્રાણથી જીવે છે તેને જીવ કહેવાય છે. અન્ય પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોમાં આ પ્રાણ નહિ હોવાથી તેને અજીવ કહેવાય છે. પાંચ અજીવદ્રવ્યોમાંથી સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિસહિત એક પુદ્‌ગલદ્રવ્ય જ છે અન્ય દ્રવ્યો અમૂર્તિક છે.

નિશ્ચયથી તો અખંડ આનંદકંદ આત્મા સમ્યગ્દર્શનનું કારણ છે અને લોકમાં રહેલાં છએ દ્રવ્યો કેવા છે, કેવી રીતે છે તે જાણીને શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શનનો વિષય છે. વિષય છે પણ વ્યવહારથી. તેથી જ તો યોગીન્દ્રદેવ અહીં છ દ્રવ્યોનું સાંગોપાંગ વર્ણન કરે છે તે જાણીને માનવું પડશે. સર્વજ્ઞ વીતરાગ સિવાય અન્યમતિ જે કહે છે તે માર્ગ સાચો નથી એ નક્કી કરવું પડશે. ભગવાને છ દ્રવ્યોનું સ્વરૂપ જેવું જોયું છે તેવું કહ્યું છે તે જ યથાર્થ છે. અન્યમતિનો નિશ્ચય કે વ્યવહાર કોઈ માર્ગ સાચો નથી.

સંસારદશામાં જીવે શરીર ધારણ કરી રાખ્યું છે તેથી અનુપચરિત અસદ્‌ભૂત-વ્યવહારનયથી જીવને મૂર્તિક કહેવાય છે. પરંતુ શુદ્ધનિશ્ચયનયથી તો જીવ અમૂર્તિક જ છે. શરીર ધારણ કરી રાખ્યું છે એટલે શરીર નિમિત્તપણે સંબંધમાં છે બાકી જીવ તો તેનાથી જુદો છે. આગળ આવી ગયું હતું કે આત્મા કર્મરહિત અમૂર્તિક છે અને વિકાર રહિત શુદ્ધ છે. આવા આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવા તે ધર્મ અને મોક્ષનો માર્ગ છે.

લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી જીવથી લઈને પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. તે સપ્રદેશી છે અને કાળદ્રવ્યને બહુપ્રદેશ સ્વભાવકાયપણું ન હોવાથી અપ્રદેશી છે. ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણ દ્રવ્ય એક એક છે અને જીવ, પુદ્‌ગલ તથા કાળ અનેક છે તેમાં જીવ અનંત છે, પુદ્‌ગલ અનંતાનંત છે અને કાળ અસંખ્ય છે. બધાં દ્રવ્યોને અવકાશ દેવામાં સમર્થ એક આકાશદ્રવ્ય જ છે માટે આકાશ 'ક્ષેત્ર' કહેવાય છે. બાકીના પાંચ દ્રવ્ય અક્ષેત્રી છે. એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમન કરવું તે ક્રિયાવતી શક્તિ કહેવાય છે. આ ક્રિયા જીવ અને પુદ્‌ગલ બંનેમાં છે, બાકીના ચાર દ્રવ્ય નિષ્ક્રિય છે, ગમન કરતાં નથી, અનાદિથી જ્યાં છે ત્યાં પડ્યાં છે. જીવમાં પણ બધાં જીવ સક્રિય નથી. સંસારીજીવ હલન-ચલનવાળા છે માટે ક્રિયાવંત છે અને સિદ્ધપરમેષ્ઠી નિઃક્રિય છે, તેમને હલન-ચલનની ક્રિયા નથી, પરમાનંદમાં એકાગ્ર છે.

અહો! છ દ્રવ્યનું આવું સ્વરૂપ છે તે તેણે વ્યવહારસમકિતમાં માનવું જોઈએ.

દ્રવ્યાર્થિકનયથી વિચારીએ તો છએ દ્રવ્ય નિત્ય છે, તેની અર્થપર્યાય જે ષટ્‌ગુણી-વૃદ્ધિહાનિરૂપ સ્વભાવપર્યાય છે તેની અપેક્ષાએ બધાં દ્રવ્ય અનિત્ય છે. વિભાવવ્યંજનપર્યાય જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યમાં જ છે તેની અપેક્ષાએ બે દ્રવ્ય જ અનિત્ય છે. વિકારીપર્યાયની અપેક્ષાએ જીવ અને પુદ્‌ગલને પરિણામી કહ્યાં હતાં તેમ જ અનિત્ય કહ્યાં. બીજા ચાર દ્રવ્યોમાં

www.vitragvani.com



વિકારી પર્યાય નહિ હોવાથી નિત્ય જ છે. ષટ્ગુણીહાનિવૃદ્ધિની પર્યાય અપેક્ષાએ તો અનિત્ય છે પણ વિભાવવ્યંજનપર્યાય નહિ હોવાથી ચારેય દ્રવ્યોને નિત્ય કહ્યાં.

આમાં કેટલું યાદ રાખવું? દુકાનમાં માલ શું ભાવનો આવ્યો, બજારમાં શું ભાવ ચાલે છે અને નવો માલ ક્યાં ભાવે વેચવાનો છે વગેરે બધું યાદ રહે છે કે નહિ? એક એક વસ્તુની ત્રિપુટી યાદ રહે છે તો વીતરાગમાર્ગમાં ભગવાને કહેલાં છ દ્રવ્યનું સ્વરૂપ કેમ યાદ ન રહે! જો એ પણ યાદ નહિ રહે તો આડો-અવળો એકાંતમાં ચડી જશે તો નિશ્ચય પણ હાથમાં નહિ આવે અને વ્યવહાર પણ નહિ આવે.

આ પ્રમાણે, ચાર દ્રવ્ય નિત્ય છે, બે દ્રવ્ય અનિત્ય છે અને દ્રવ્યથી તો બધાં દ્રવ્ય નિત્ય છે, કોઈપણ દ્રવ્ય વિનશ્વર નથી. જીવને પાંચેય દ્રવ્ય કારણ છે પણ જીવ કોઈને કારણ નથી. પુદ્ગલદ્રવ્ય જીવને શરીરાદિનું કારણ છે, ધર્મદ્રવ્ય ગતિનું કારણ છે, અધર્મદ્રવ્ય સ્થિતિનું, આકાશદ્રવ્ય અવકાશનું અને કાળદ્રવ્ય પરિણમનનું કારણ છે. આમ, પાંચેય દ્રવ્ય જીવના કાર્યમાં કારણ છે પણ જીવ તો માત્ર જાણનાર છે, કોઈ દ્રવ્યના કાર્યમાં જીવનું કારણ નથી.

જોકે જીવદ્રવ્ય અન્ય જીવને ગુરુ-શિષ્યાદિરૂપ પરસ્પર ઉપકાર કરે છે પણ પુદ્ગલાદિ દ્રવ્યો માટે તો જીવ અકારણ છે. શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોઈએ તો ભગવાન આત્મા બંધનો કે મોક્ષનો કર્તા નથી. આત્મા તો પરમ પારિણામિક અનાદિ અનંત નિત્ય ધ્રુવ એક ભાવ છે તે કોઈ પર્યાયનો કર્તા નથી. તોપણ અશુદ્ધનિશ્ચયનયથી શુભ-અશુભ ઉપયોગોથી પરિણત થયેલો જીવ પુણ્ય-પાપના બંધનો કર્તા થાય છે. શુભાશુભભાવને કરે છે અને તેમાં અટકે એટલાં બંધને પણ જીવ કરે છે. આમ, અજ્ઞાની અશુદ્ધનિશ્ચયનયથી પુણ્ય-પાપ બંધનો કર્તા થાય છે તેમ જ તેના ફળને પણ ભોગવે છે. પોતાના વિકારી પરિણામને કરે અને વિકારી પરિણામને ભોગવે છે બાકી, પરદ્રવ્યને કોઈ જીવ ભોગવતો નથી. આ કરવા-ભોગવવાના ભાવરૂપ પર્યાય છે માટે પર્યાય હોવાથી તેને અશુદ્ધ નિશ્ચયનયનો વિષય કહ્યો છે. ત્રિકાળ ભાવની અપેક્ષાએ તો વસ્તુમાં પર્યાય જ નથી.

જેમ અશુદ્ધનિશ્ચયનયથી આસ્રવ, બંધરૂપ ભાવને જીવ કરે છે તેમ, વિશુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ શુદ્ધોપયોગથી પરિણત થયેલો જીવ મોક્ષનો પણ કર્તા થાય છે અને અનંતસુખનો ભોક્તા થાય છે. માટે જીવને કર્તા અને ભોક્તા પણ કહેવાય છે.

પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોનું ઉપકારકપણું ભુલાવી, પંચમગતિરૂપ પરલોકગમનમાં ઉપકારક શ્રી સદ્ગુરુદેવનો જય હો.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમ્યક્ત્વના કારણરૂપ છ દ્રવ્યોનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં.–૯૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. ૨૮મી ગાથા ચાલે છે.

ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવે આ જગતમાં છ દ્રવ્ય જોયા છે. અનંતકાળથી અનંતા તીર્થંકરો થતાં આવે છે. અત્યારે પણ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરો બિરાજે છે. આ બધાં ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્યો જોયાં છે અને તેમની વાણીમાં એ છ દ્રવ્યના સ્વરૂપનું વર્ણન આવ્યું છે તે વર્ણન અહીં યોગીન્દ્રદેવે કર્યું છે.

શુભ અશુભ અને શુદ્ધ પરિણામ જીવ કરે છે. દયા, દાનાદિ કષાયની મંદતાના ભાવ તે શુભભાવ છે તેને જીવ કરે છે, કર્મ કરાવતું નથી. હિંસા, જૂઠું, ચોરી, વાસના, પરિગ્રહાદિના ભાવ અશુભ છે તેને પણ જીવ કરે છે, કર્મ કરાવતાં નથી. શુભ-અશુભથી જુદાં, વીતરાગ-આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને શુદ્ધોપયોગરૂપ ચારિત્રના પરિણામ તે શુદ્ધભાવ છે તેને પણ જીવ કરે છે. આ જીવનો ‘ધર્મ’ છે, શુભ-અશુભભાવ તે ‘ધર્મ’ નથી પણ જીવ બે પ્રકારે તેનો કર્તા થાય છે. એક, અજ્ઞાનપણે જીવ તે ભાવને પોતાનું કર્તવ્ય માનીને કરે છે અને જ્ઞાન-ધર્મદશા પ્રગટ થયા પછી પણ શુભાશુભભાવ થાય છે તેથી પરિણમનની અપેક્ષાએ જ્ઞાની તે ભાવોના કર્તા છે.

પરપદાર્થને તો જીવ કરી શકતો જ નથી કેમ કે પરપદાર્થ પણ સ્વતંત્ર વસ્તુ છે તેના પરિણમનનું કર્તા તે દ્રવ્ય છે એમ ભગવાને જોયું છે માટે, આ પૈસા, છોકરા, મકાન આદિનું કામ જીવ કરે એમ ત્રણકાળમાં કદી બની શકતું નથી. છતાં જે એમ માને છે કે હું પરદ્રવ્યના કામ કરું છું તેને મિથ્યાત્વ અને અજ્ઞાનનું મોટું પાપ લાગે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરવા અસમર્થ છે. અજ્ઞાની શુભ અને અશુભભાવને કર્તૃત્વબુદ્ધિએ કરે છે અને જ્ઞાનીને પરની કર્તૃત્વબુદ્ધિ તો નથી, અને શુભાશુભભાવ થાય છે તેની પણ કર્તૃત્વબુદ્ધિ નથી પણ પરિણમન પોતાનું છે એ અપેક્ષાએ કર્તા છે. બાકી, શુદ્ધપરિણામને તો આત્મા સ્વયં કરે છે. તેમાં તેને કર્મની અપેક્ષા નથી. કર્મ ખસે તો મને ધર્મ થાય એવી પણ તેને રાહ જોવી પડતી નથી.

જુઓ! આ શરીરની હલન-ચલનનની ક્રિયાનો કર્તા આત્મા નથી. પુદ્ગલ સ્વયં તેને ચલાવે છે. પુદ્ગલ આદિ પાંચેય દ્રવ્ય પોતપોતાના પરિણમનના કર્તા છે, આત્મા તેનો કર્તા નથી. આ વાણી બોલાય છે તેનો કર્તા પુદ્ગલ છે પણ શુભ, અશુભ અને શુદ્ધ પરિણામનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કર્તા જીવ જ છે. શરીરમાં રોગ છે માટે જીવને કંટાળાના પરિણામ થાય છે—એમ નથી. કંટાળો પોતે ઊભો કરે છે, તો થાય છે. નીરોગતા વખતે સારાં પરિણામ થાય તેને નીરોગતા કરાવતી નથી. જીવ પોતે જ સારાં કે ખરાબ પરિણામને કરે છે.

આ તો હજુ વ્યવહાર-સમકિતના વિષયની વાત ચાલે છે. નિશ્ચય-સમકિત તો અખંડાનંદ આત્માની શ્રદ્ધા અને અનુભવરૂપ છે પણ તેની સાથે વ્યવહારશ્રદ્ધાના પરિણામમાં તેને છ દ્રવ્ય અને તેનું પરિણમન જે રીતે છે તે રીતે તેની શ્રદ્ધામાં બેસવું જોઈએ. તેજસ, કાર્મણ, ઔદારિકાદિ શરીર, પૈસા, દાળ, ભાત, શાક, મકાન આદિ જડ પદાર્થો પોતાની અવસ્થાને બદલવારૂપે પરિણામને કરે છે. પુદ્‌ગલ જીવના પરિણામને કરતું નથી અને જીવ પુદ્‌ગલના પરિણામને કરતો નથી. કેમ કે જુદું દ્રવ્ય તેનાથી જુદાં દ્રવ્યના પરિણામને કરી શકતું ન નથી. માટે, પુદ્‌ગલને શુભાશુભ પરિણામનું કર્તાપણું નથી અને જીવને પુદ્‌ગલની અવસ્થાનું કરવાપણું નથી. જીવ અને પુદ્‌ગલ પોત-પોતાના પરિણામને કરે છે.

જીવના દયા, દાનાદિ શુભભાવનો કર્તા કર્મ નથી, વાણી નથી, શરીર નથી, ધનથી, રોગ-નીરોગ અવસ્થા પણ જીવના પરિણામને કરતી નથી. શરીરમાં રોગ થયો માટે, મને આકુળતાના પાપ પરિણામ થયા અને નીરોગતા થાય તો મારા પરિણામ સારાં થાય એમ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. પ્રતિકૂળતા જીવને પાપ કરાવતી નથી અને અનુકૂળતા પણ પાપ કે પુણ્ય કરાવતી નથી. મારે બહુ અનુકૂળતા છે માટે મને તેને ભોગવવાના પાપભાવ થાય છે એ વાત બિલકુલ જૂઠ છે. આ લાડવો મને ઠીક છે એવા પરિણામનો કર્તા જીવ છે, લાડવો નહિ, લાડવામાં મીઠાશ વેદે છે એ જીવના પાપભાવ છે, પુણ્યભાવ નથી. લાડવો તો એક દૃષ્ટાંતરૂપ છે. લાડવાની જેમ જે કોઈ પદાર્થમાં આ જીવ ઠીકપણું માને છે તે ભાવનો કર્તા જીવ પોતે છે. પેલો પદાર્થ તે ભાવનો કર્તા નથી.

અહીં તો તેનાથી પણ સૂક્ષ્મતામાં લઈ જવું છે. આત્મામાં જે સંવર, નિર્જરા અને મોક્ષના પરિણામ થાય તેનો કર્તા કર્મ નથી. ભગવાન આત્મા જેમ પોતાના સ્વભાવને ભૂલીને શુભાશુભ પરિણામ કરે, તેનો કર્તા આત્મા પોતે છે તેમ સ્વભાવને ભૂલ્યા વિના પણ જે શુભાશુભભાવરૂપે જીવ પરિણમે છે તે ભાવનું કર્તૃત્વ તે જીવનું પોતાનું છે, કર્મનું તે કાર્ય નથી. શાસ્ત્રમાં આવે છે કે, 'જ્ઞાની થયો તે શુભાશુભભાવનો કર્તા નથી માટે એ તો કર્મનું કાર્ય છે.' એ કથન માત્ર નિમિત્તથી છે. ધર્મીને પણ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનની સાથે જેટલું શુભાશુભભાવોનું પરિણમન થાય છે તે ધર્મીનું પોતાનું પરિણમન છે એ અપેક્ષાએ ધર્મી તેના કર્તા છે અને સંવર, નિર્જરા, મોક્ષના શુદ્ધ પરિણમનનો કર્તા પણ જીવ પોતે જ છે. કેવળજ્ઞાનાવરણીકર્મ જીવને કેવળજ્ઞાન કરાવી દેતું નથી.

www.vitragvani.com



**पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव ।** પુણ્ય-પાપાદિ જીવભાવનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય નથી. તેમ જ, સંવર નિર્જરા આદિ શુદ્ધપરિણામનો કર્તા પણ પુદ્‌ગલદ્રવ્ય નથી અર્થાત્ કર્મ તેનો અકર્તા છે. જીવ ક્ષયોપશમ જ્ઞાનને કરે કે ક્ષયોપશમ સમ્યક્ત્વને કરે કે ચારિત્રને કરે કે ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્રને કરે, તે સર્વ ભાવનો કર્તા જીવ પોતે છે. કર્મ તેનો કર્તા નથી. જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કારણ અને કેવળજ્ઞાન તેનું કાર્ય—એમ નથી.

વ્યવહાર-સમ્યગ્દર્શનના વિષયમાં આવી શ્રદ્ધા તો એને હોવી જોઈએ, એનાં ઠેકાણાં ન હોય તેને નિશ્ચયસમ્યગ્દર્શન તો હોય જ નહિ. નિશ્ચય-સમ્યગ્દર્શન હોય તેને આવી વ્યવહારશ્રદ્ધા હોવી જોઈએ. વસ્તુ જેવી છે તેવું તેનું જ્ઞાન તો હોવું જ જોઈએ. તેના બદલે કોઈ એમ માને છે કે 'પરદ્રવ્યનો કર્તા જીવને ન માને તે દિગંબર જૈન નથી.' ગજબ કર્યો ને! પરદ્રવ્ય મારા પરિણામને કરે અને હું પરદ્રવ્યના પરિણામને કરું—એમ માનનાર મૂઢ-મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ વળી એમ બચાવ કરે કે શું કરીએ! અમે એવા સંયોગમાં ઊભા છીએ કે કાળાબજાર કર્યા વિના ચાલે જ નહિ. સંયોગ જ એવા છે કે અમુક જાતના પરિણામ કરવા જ પડે. તો શું એ વાત સાચી છે? ભગવાન તો ના પાડે છે કે સંયોગ જીવને પરિણામ કરાવતાં નથી. શરીરમાં રોગ આવે એટલે તે જીવના પરિણામ બગડે—એમ બિલકુલ નથી. નિમિત્ત અકિંચિત્કર છે. જો નિમિત્ત જ કાર્યને કરતું હોય તો તેને નિમિત્ત નહિ પણ કર્તા કહેવાય. કર્તા તો સ્વયં ઉપાદાન છે, નિમિત્ત કાર્યને કરતું નથી.

શરીરમાં રોગ, પ્રતિકૂળતા, નિર્ધનપણું, સ્ત્રીનું મરવું, છોકરાનું જવું, દીકરીનું વિધવા થવું...આવા બધાં પ્રસંગો એકસાથે બને માટે પાપના પરિણામ થાય ને? ના, પાપના પરિણામ તું કરે તો થાય છે, સંયોગથી થતાં નથી.

પ્રશ્ન :—કેમ ભાઈ! બહારના સંયોગના કારણે જ સલવાઈ જાઓ છો ને?—
શ્રોતા :—ના સાહેબ.

દીકરો કામ સંભાળી લે તો પિતાને નિવૃત્તિ મળે—એમ નથી. ભાઈ! કોઈના કારણે કોઈ રોકાતું નથી. પોતાને સંસારનો રસ છે તેથી રોકાય છે. સંયોગો તો માત્ર નિમિત્ત છે, પરિણામ તો જીવ સ્વયં કરે છે. અહા! આવો તત્ત્વનો સ્વભાવ છે તેને વ્યવહારશ્રદ્ધામાં પણ ન લે તે જીવ 'હું અભેદ છું' એવી રુચિ કેવી રીતે કરે? દ્રવ્યોની સ્વતંત્રતાની શ્રદ્ધા અને રુચિ ન થાય તેને એકલો અવ્યક્ત ભગવાન અને તેની સર્વજ્ઞતા અને પર્યાયની અલ્પજ્ઞતાની શ્રદ્ધા શી રીતે થાય?

જુઓ! શું કહે છે! પાંચેય દ્રવ્યોને પોતપોતાના પરિણામનું કર્તાપણું છે, જીવના પુણ્ય-પાપાદિનું કર્તાપણું જીવને છે. કાળદ્રવ્ય જીવની વર્તનામાં માત્ર નિમિત્ત છે, કર્તા નથી. પુદ્‌ગલ પણ આત્માના પરિણામનો કર્તા નથી અને કાળ પણ જીવ કે પુદ્‌ગલના પરિણામનો કર્તા નથી. આવા ભગવાનના કહેલાં 'તત્ત્વો' સ્પષ્ટ છે તેને પણ માનવાની જેને દરકાર નથી તેને આત્મા શું ચીજ છે તે શી રીતે સમજાય! આ બધું આગળ આવશે.

'સર્વગત્‌પણું' લોકાલોક-વ્યાપકતાની અપેક્ષાએ આકાશમાં જ છે. આખા લોક અને અલોકમાં આકાશ વ્યાપ્ત છે માટે તેને સર્વગત્‌પણું લાગુ પડે છે. ધ્યાન રાખજો—આમાં પણ ન્યાય આવશે. અત્યારે ક્ષેત્ર અપેક્ષાએ વાત ચાલે છે. ધર્મ અને અધર્મદ્રવ્ય લોકાકાશવ્યાપી છે, અલોકમાં નથી. જીવદ્રવ્ય ક્ષેત્ર અપેક્ષાએ 'સર્વગત્' ક્યારે કહેવાય કે—જ્યારે કોઈ જીવ કેવળસમુદ્‌ઘાત કરે છે ત્યારે આખા લોકમાં વ્યાપી જાય છે. બાકી સર્વ જીવ ક્ષેત્ર અપેક્ષાએ લોકવ્યાપી નથી. પુદ્‌ગલદ્રવ્ય લોકપ્રમાણ મહાસ્કંધની અપેક્ષાએ સર્વગત્ છે, અન્ય નાના નાના સ્કંધો કે પરમાણુની અપેક્ષાએ સર્વગત્ નથી. કાળદ્રવ્ય એક કાલાણુની અપેક્ષાએ એકપ્રદેશગત્ જ છે, સર્વગત્ નથી પણ અનેક કાલાણુની અપેક્ષાએ લોકાકાશના સર્વ પ્રદેશોમાં કાલાણુ છે માટે બધાં કાલાણુની અપેક્ષાએ સર્વગત્ કહી શકાય છે. આ નયવિવક્ષાથી સર્વગત્‌પણાનું વ્યાખ્યાન થયું, અને મુખ્યવૃત્તિથી વિચારવામાં આવે તો 'સર્વગત્‌પણું' આકાશમાં જ છે અથવા જ્ઞાનની અપેક્ષાએ જીવમાં પણ સર્વગત્‌પણું છે. જીવનું કેવળજ્ઞાન લોકાલોક-વ્યાપક છે માટે 'સર્વગત્' કહ્યું છે.

જુઓ! આ ભાવથી સર્વગત્‌પણાની વાત આવી. આત્મામાં કેવળજ્ઞાન થાય ત્યારે આત્મા આખા લોકાલોકને જાણે છે. કેવળજ્ઞાન તો પોતાના આત્મામાં—અહીં થાય, સર્વજ્ઞ પરમેશ્વરપદ—અરિહંતપદ તો આત્મામાં થાય પણ તેના જ્ઞાનમાં આખું લોકાલોક જણાય છે માટે તેને ભાવથી સર્વગત્ કહેવામાં આવે છે. પોતાનો ભાવ ક્ષેત્રપ્રમાણ થઈ ગયો. આ તો કેવળજ્ઞાનની અપેક્ષાએ વાત આવી પણ પ્રવચનસારમાં ૪૭ નયમાં સાધકને સર્વગત્‌નય અને એક જ્ઞેયજ્ઞાયકઅદ્વૈતનય કહી છે. ત્યાં સાધકને જ્યાં એમ ભાન થયું કે 'હું એક શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પવિત્ર વસ્તુ છું' તેના જ્ઞાનમાં આખા લોકાલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવામાં આવી જાય છે. જેમ, કેવળજ્ઞાન સર્વગત્‌પણે સર્વને જાણે છે તેમ સાધકનું શ્રુતજ્ઞાન પણ સર્વને જાણે છે, માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ ભેદ છે. સમ્યગ્દૃષ્ટિ સાધક પોતાની પર્યાયને આમ, સર્વગત્‌પણે જાણે છે. આ તો જરા આજે મગજમાં આ સર્વગત્ અને જ્ઞેયજ્ઞાયકઅદ્વૈતનો સૂક્ષ્મ વિચાર ચાલતો હતો કે પ્રવચનસારમાં આગળ અને અહીં પણ પાઠમાં કેવળજ્ઞાનમાં સર્વગત્‌પણું સિદ્ધ કર્યું છે તે તો બરાબર છે પણ ૪૭ નયમાં તો સાધકદશામાં 'સર્વગત્‌નય' કહી છે, તે નય શું જાણે છે?—

www.vitragvani.com



કે લોકલોકમાં જેમ છે તેમ આ નય જાણે છે. જાણે લોકલોકમાં આ જ્ઞાન વ્યાપી ગયું હોય! એવી રીતે જાણે છે. આડું-અવળુ કાંઈ જણાતું નથી. લોકાલોક જે પ્રમાણે વર્તે છે તે પ્રમાણે આ શ્રુતજ્ઞાનપર્યાય જાણે છે. કેવળજ્ઞાની તો એક સમયમાં સર્વને પ્રત્યક્ષ જાણે છે પણ સાધકદશામાં જ્ઞાની પણ લોકાલોકને જેમ છે તેમ વ્યવસ્થિત જાણે છે એટલી શ્રુતજ્ઞાનની તાકાત છે એ અપેક્ષાએ આત્માને સર્વગત્‌નયે 'સર્વગત્‌' છે એમ જાણવું જોઈએ.

જેમ કેવળજ્ઞાની ભગવાન દરેક દ્રવ્યની જે પર્યાય જે ક્ષેત્રે જે કાળે જે નિમિત્તોની હાજરીમાં જેમ થવાની હોય તેમ વ્યવસ્થિત જાણે છે તેમ, વર્તમાન શ્રુતજ્ઞાનની દશામાં સ્વના જ્ઞાન સહિત જ્ઞાની, પરમાં પણ જેમ પરિણમન થાય છે તેમ જાણે છે તેમાં કાંઈ ફેરફારવાળું જાણતાં નથી. જેમ ભગવાન ત્રણ કાળ ત્રણ લોકને જેમ છે તેમ, જ્યાં છે ત્યાં, જે સમયે જેમ છે તેમ, જાણે છે તેમાં કાંઈ આઘું–પાછું નથી, તેમ શ્રુતજ્ઞાનની પર્યાયમાં સાધક પણ પોતાના સમ્યક્‌પણે પરિણમેલા જ્ઞાનમાં પોતાના જ્ઞાન-આનંદ સહિત લોકાલોકને સર્વ દ્રવ્યના ગુણ-પર્યાય સહિત જેમ છે તેમ, જાણે જ્ઞાનમાં પેસી ગયા હોય તેમ, જાણે છે. આ રીતે શ્રુતજ્ઞાની, શ્રુતજ્ઞાનની પર્યાયને સર્વગત્‌પણે જાણે છે. આ બહુ મોટી અલૌકિક વાત છે.

સર્વગત્‌નય :—આત્મદ્રવ્ય સર્વગત્‌નયે ખુલ્લી રાખેલી આંખની માફક સર્વવર્તી છે. ખુલ્લી આંખ જાણે બધામાં વ્યાપી ગઈ હોય એમ બધાને જાણે છે તેમ જ્ઞાનનો પર્યાય સર્વને જાણે છે. માટે સર્વવર્તી છે, સર્વમાં રહેનારો છે.

શ્રોતા :—આશ્ચર્ય પમાડે એવી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુ જ એવી મહિમાવંત છે. તેનું સ્વરૂપ અદ્‌ભુત ચૈતન્ય-ચમત્કારમય છે.

જ્ઞાનજ્ઞેયઅદ્વૈતનય :—જેટલાં જ્ઞેયો છે તે જાણે જ્ઞાનમાં આવી ગયા હોય તેમ જણાય છે. મોટા ઈંધનસમૂહે પરિણત અગ્નિની માફક જ્ઞાન સર્વ જ્ઞેયોરૂપે પરિણમી ગયેલું જણાય છે. શ્રુતજ્ઞાન સર્વને જાણે છે અને તેનો એક નય આ રીતે વસ્તુને નયથી જાણે છે.

અહા! દિગંબર સંતોની કથનશૈલી પણ અલૌકિક છે. જેમ અગ્નિ જ બધાં લાકડામાં પરિણમી ગઈ છે તેમ શ્રુતજ્ઞાન-પર્યાયમાં જ્ઞેયો એકમેક થઈ ગયા હોય એ રીતે જણાય છે. આ ચોથા ગુણસ્થાનથી માંડીને બધા જ્ઞાનીની દશાની વાત છે. રાગથી માંડીને સર્વ ક્રિયાના એ જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયા છે.

અહીં મૂળ પાઠમાં તો જ્ઞાનની અપેક્ષાએ જીવના સર્વગત્‌પણાનું કથન હતું પણ આપણે સાધકપર્યાયમાં પણ સર્વગત્‌પણું ઉતાર્યું. સાધકનું જ્ઞાન સ્વને તો અભેદપણે જાણે છે અને

ભેદવાળા અનંત પરદ્રવ્યોને તેમાં જાણે જ્ઞાન વ્યાપી ગયું હોય તેમ જાણે છે. અથવા તો સર્વ પદાર્થની પર્યાયો જાણે જ્ઞાનમાં આવી ગઈ હોય એવી રીતે જાણે છે. જ્ઞાનના પર્યાયનો ધર્મ જ એવો છે કે તે જાણે જ્ઞેયોરૂપે પરિણમી ગયું હોય એમ જણાય છે. સર્વજ્ઞના જ્ઞાનમાં તો બધી પર્યાયો ક્રમસર જેમ છે તેમ એટલી સ્પષ્ટ જણાય છે કે જાણે જ્ઞાનમાં બધી પર્યાયો આવી ગઈ હોય એમ જણાય છે પણ સાધકના જ્ઞાનમાં પણ બધું જેમ છે તેમ જણાય છે.

અહા! આવો મહાન આત્મા છે પણ એને શ્રદ્ધામાં આવતો નથી. જ્ઞાનની પર્યાય જ્ઞેયોમાં વર્તે અને જ્ઞેયો જ્ઞાનની પર્યાયમાં વર્તે છે. આ તો એક પર્યાયની આવી તાકાત છે એવી અનંતી પર્યાયોનો પિંડ—જ્ઞાનગુણ અને એવા અનંત ગુણોનો પિંડ એક ચૈતન્યદ્રવ્ય છે. અહીં તો માત્ર એક સમયની એક સાધક પર્યાયના સર્વગત્‌પણાનું કથન કર્યું છે. આવી સાધકદશાની અસંખ્ય પર્યાય અને કેવળજ્ઞાનની અનંત પર્યાયરૂપે પરિણમવાનું સામર્થ્ય વસ્તુના એક ગુણમાં રહેલું છે. સાધકદશા અસંખ્ય સમય સુધી જ રહે છે પછી તો કેવળજ્ઞાન થઈ જાય છે તેમાં તો પ્રત્યક્ષ બધું જણાય છે. આવી બધી પર્યાયોનો પિંડ જે દ્રવ્ય છે તેને ધર્મીએ શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો છે અને પર એવા અનંત દ્રવ્યોને તેના ગુણ-પર્યાય સહિત જ્ઞાનમાં જાણે છે. આવું તેનું જ્ઞાન છે. અહા! શું એ સ્વભાવ! શું એ જ્ઞેયો અને તેને જ્ઞાનમાં પકડવાની યોગ્યતા!! શું એની યથાસ્થિતતા!—યથાર્થવાદિતા! સંતોના એક એક કથનો યથાર્થતાને સિદ્ધ કરે છે.

ભાઈ! તું પ્રભુ છો! એક સમયમાં સ્વના જ્ઞાન સહિત લોકાલોક જણાય એવા અનંત પર્યાયની તું ખાણ છો. લોકાલોકમાં ક્રમસર અનંત પર્યાયો થાય તેને જાણે એવી તારી જ્ઞાનની એક સમયની પર્યાય અને એવી અનંતી પર્યાયરૂપે પરિણમવાની તાકાત ધરાવતો તારો ગુણ છે. આમાં તું કોને આઘું-પાછું કરવા માગીશ કે કોને કરીશ? પર્યાય આગળ-પાછળ થાય એમ જ નથી તેનો તું જાણનાર છો. ભગવાને કહેલાં દ્રવ્ય, ગુણ, પર્યાયની મહત્તા છે, કાંઈ વાતો નથી. જાણનાર-દેખનાર આત્મા તે સર્વને જેમ છે તે રીતે જાણે છે. જેમ સર્વજ્ઞ જાણનાર-દેખનાર છે તેમ ધર્મી પણ માત્ર જાણનાર-દેખનાર છે, કરનાર નથી, ફેરવનાર નથી. જાણતાં, જાણતાં, ઠરતાં જ્યાં કેવળજ્ઞાન થયું ત્યાં પૂર્ણ રીતે પ્રત્યક્ષપણે સર્વને જાણે છે પણ કરવા કે ફેરવવાની વાત નથી. એક જીવદ્રવ્યમાં જ આવી જ્ઞાનથી વ્યાપકપણાની તાકાત છે, પાંચ દ્રવ્યોમાં એવી કોઈ તાકાત નથી. જ્ઞાનમાં એ પાંચેય દ્રવ્યો આવી જાય પણ એ દ્રવ્યોમાં જ્ઞાન વ્યાપતું નથી.

આ છએ દ્રવ્યો જો કે વ્યવહારનયથી એકક્ષેત્રાવગાહી રહે છે તોપણ નિશ્ચયનયથી પોતપોતાના સ્વભાવને છોડતાં નથી, બીજાં દ્રવ્યમાં તેનો પ્રવેશ નથી, બધાં દ્રવ્યો નિજ-નિજ

www.vitragvani.com



સ્વરૂપમાં છે, પરરૂપ નથી અને કોઈ દ્રવ્ય બીજાં દ્રવ્યના સ્વભાવને ગ્રહતા નથી. આત્મામાં એક રજકણ પ્રવેશતું નથી કે રજકણમાં આત્મા પ્રવેશતો નથી. અનંતા દ્રવ્યો પોતપોતાનાં દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે, પરમાં નથી એમ અસ્તિ-નાસ્તિ બતાવી છે.

આવું જ કથન પંચાસ્તિકાયમાં પણ છે. તેનો અર્થ એ છે કે જોકે છયે દ્રવ્યો પરસ્પરમાં પ્રવેશ કરતાં દેખાય છે પણ કોઈ કોઈમાં પ્રવેશ કરતાં નથી. લોકાલોક જ્ઞાનમાં આવી ગયા હોય એમ દેખાય છે પણ જ્ઞાનમાં લોકાલોક આવતાં નથી અને જ્ઞાન લોકાલોકમાં જતું નથી. જોકે એક દ્રવ્ય બીજાં દ્રવ્યને અવકાશ આપે છે પણ સૌ પોતાના અવકાશમાં જ છે, પરના ક્ષેત્રમાં કોઈ દ્રવ્ય પ્રવેશતું નથી. સાધારણપણે સર્વને અવકાશ દેવાનો ગુણ તો આકાશમાં છે પણ દરેક દ્રવ્ય પણ અન્ય દ્રવ્યને અવકાશ આપે એવો તેનામાં ગુણ છે.

જોકે આ દ્રવ્યો હંમેશા મળેલાં રહે છે તોપણ પોતાના સ્વભાવને છોડતાં નથી. કર્મનો એક એક રજકણ તેના સ્વભાવને છોડતો નથી અને આત્માનો એક એક પર્યાય પોતાના ધર્મને છોડતો નથી.

અહીં તાત્પર્ય એ છે કે વ્યવહાર સમ્યક્ત્વના કારણભૂત આ છ દ્રવ્યોમાંથી વીતરાગ ચિદાનંદ અનંતગુણરૂપ જે શુદ્ધાત્મા છે તે જ ધ્યાવવા યોગ્ય છે. છ દ્રવ્ય વ્યવહાર-સમકિતના નિમિત્ત છે પણ તેમાંથી ધ્યાવવા યોગ્ય તો એક વીતરાગ ચિદાનંદતત્ત્વ જ છે. રાગથી રહિત અને અનંતગુણયુક્ત ચિદાનંદ શુદ્ધાત્માને શુભ અશુભ, મન, વચન, કાયાના વ્યાપારથી રહિત થઈને ધ્યાવવો એ સાર છે. છએ દ્રવ્યનું જાણવું ભલે હો પણ ઉપાદેય તરીકે તો એક શુદ્ધ આત્મા જ છે. રાગવાળો આનંદ છે તે તો દુઃખરૂપ આનંદ છે, આત્મામાં તો વીતરાગી આનંદ છે તે જ આદરણીય છે. માટે, બધું જાણીને મૂળ આ તત્ત્વને જાણવાનું પ્રયોજન છે એને જાણ્યા વિનાનું બીજું જાણવું વ્યવહાર-સમકિતનું કારણ નથી. નિશ્ચય પ્રગટ કરે તેને છએ દ્રવ્યોનું જ્ઞાન વ્યવહાર સમકિતનું કારણ કહેવાય છે.

જે અતીન્દ્રિય આનંદનો કૂપ છે એવો ભગવાન આત્મા ધ્યાવવા યોગ્ય છે. ભગવાન આત્માની દૃષ્ટિ અને ધ્યાન જ મોક્ષનો ખરો માર્ગ છે. બાકી બધું માત્ર જાણવાલાયક છે. માટે તેના વિકલ્પથી તું નવરો થા. વ્યવહાર-સમકિત તો રાગ છે—શુભોપયોગ છે તેને પણ છોડી વીતરાગ આત્માને ધ્યાવ! જેનું જ્ઞાન યથાર્થ થયું છે તેને રાગનું લક્ષ છોડવાનું કહ્યું છે. જેનું જ્ઞાન જ યથાર્થ થયું નથી તેને શું કહે! એક સમયની ક્ષયોપશમજ્ઞાનની પર્યાયમાં પણ બધાંને જાણવાની તાકાત છે કે જે જ્ઞાન પરલક્ષી છે અને રાગવાળું છે છતાં જેમ છે તેમ વસ્તુને જાણી લે છે એવા જ્ઞાનનું પણ લક્ષ છોડીને એક વીતરાગ જ્ઞાનાનંદસ્વભાવનું લક્ષ કર! તેનું ધ્યાન કર એમ અહીં તાત્પર્ય કહ્યું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આમ, ૨૮ ગાથા પૂરી થઈ. ૧૯ દોહાના સ્થલમાં નિશ્ચય-વ્યવહાર-મોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી ત્રણ દોહા કહ્યાં. આવા ચૌદ દોહા સુધી વ્યવહાર-સમ્યક્ત્વનું વ્યાખ્યાન કર્યું જેમાં છ દ્રવ્યોનું શ્રદ્ધાન મુખ્ય છે.

હવે આગળ સંશય, વિમોહ અને વિભ્રમ રહિત જે સમ્યગ્જ્ઞાન છે તેનું સ્વરૂપ પ્રગટ કરે છે. સ્વ અને પરનું જ્ઞાન સાથે કરવું તે પણ વ્યવહારજ્ઞાન છે. એકલું સ્વનું જ્ઞાન કરવું તે નિશ્ચયજ્ઞાન છે.

**जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।**
**अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि॥२९॥**

આગળ ૧૫મી ગાથામાં પણ अप्पहं केरउ भावडउ શબ્દ આવ્યો હતો તે શ્રદ્ધા માટે હતો, અહીં જ્ઞાન માટે એ જ શબ્દ છે. વાહ! પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે કાંઈ વાત કરી છે! ગજબ છે! સમયસારની જેમ આ પણ અધ્યાત્મનું એક અલૌકિક શાસ્ત્ર છે. ઘણી જગ્યાએ સમયસાર, પ્રવચનસાર, નિયમસારની સાથે પરમાત્મપ્રકાશનું નામ પણ અધ્યાત્મગ્રંથોમાં આવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# વ્યવહારું સાચું જ્ઞાન ક્યારે અને કોને?

(સળંગ પ્રવચન નં.–૯૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની ૨૯મી ગાથા છે. તેમાં સંશય, વિમોહ, વિભ્રમ રહિત જે સમ્યગ્જ્ઞાન છે તેનું સ્વરૂપ પ્રગટ કરે છે.

**जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।**
**अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि॥२९॥**

અર્થ :—હે જીવ! આ બધાં દ્રવ્યો અનાદિથી છે. તેનું જેવું સ્વરૂપ છે તેવું સંશયાદિથી રહિત જાણવું તે આત્માનું નિજસ્વરૂપ સમ્યગ્જ્ઞાન છે એમ તું માન!

જગતમાં અનંત જીવો, અનંત પુદ્‌ગલ આદિ દ્રવ્યો અનાદિથી રહેલાં છે તેનું સ્વરૂપ જેમ છે તેમ યથાર્થ જાણ તો સ્વ અને પરના ભેદનું સાચું જ્ઞાન વ્યવહારે થાય. સંશય રહિત એટલે મૂઢતા રહિત ભ્રમણા રહિત થઈને જેમ છે તેમ વસ્તુસ્વરૂપને તું જાણ.

તું જીવ છો અને શરીર અજીવ છે તેમ બીજા જીવો છે અને તેના શરીર અજીવ છે, બીજા પણ અનેક પુદ્‌ગલ સ્કંધો આદિ છે તેને જેમ છે તેમ જાણ તો તારું રાગ સહિતનું જ્ઞાન વ્યવહારે સાચું થાય. વ્યવહાર એટલે આ લૌકિક વ્યવહારની વાત નથી. આ તો સર્વજ્ઞ પરમદેવે આત્માને કેવા સ્વરૂપે જોયો છે, રજકણે-રજકણનું સ્વરૂપ કેવું છે તેનું પોતે પોતાથી જ્ઞાન કરે ત્યારે તેનું શુભભાવ સહિતનું વ્યવહારજ્ઞાન સાચું કહેવાય.

આ આત્મા સત્‌ ચિદાનંદસ્વરૂપ છે—શાશ્વત સત્‌ મહાપ્રભુ છે તેનું અંતરમાં સમ્યગ્જ્ઞાન થવું તેનું નામ આત્માની શાંતિ અને આત્માનો ધર્મ કહેવામાં આવે છે. આત્મા વીતરાગ નિર્વિકલ્પ આનંદમય વસ્તુ છે તેનો રાગ રહિત વીતરાગી દૃષ્ટિ અને જ્ઞાન વડે અનુભવ કરે ત્યારે તેણે 'આત્મજ્ઞાન' પ્રગટ કર્યું કહેવાય. તેને જ આત્માની ખરી કિંમત થઈ કહેવાય. આત્માની કિંમત આવતાં આત્મા પાસે બીજા બધાં પદાર્થોની કિંમત તેને ઉડી ગઈ.

આત્મા ત્રિકાળ નિત્ય રહેનાર છે. તેમાં જ્ઞાન અને આનંદ રહેલાં છે તેનું જ્ઞાન કરે ત્યારે તેણે આત્માને ઓળખ્યો—આત્માની કિંમત કરી—આત્માને અનુભવ્યો કહેવાય. ત્યારે તે સમ્યગ્જ્ઞાની થયો. ત્યારે તેને આત્માની સાચી શાંતિનો અનુભવ અને સમ્યગ્દર્શન થયું. આવું સમ્યક્‌ એટલે સત્યદર્શન થવા પહેલાં વિચારની ભૂમિકામાં સ્વ શું, પર શું એનો વિચાર ચાલે

છે તેને વ્યવહારે સાચું જ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન તો આત્માનું આનંદ સહિતનું જ્ઞાન થવું તે છે.

આનંદમૂર્તિ આત્માનો સ્વભાવ અવિકારી છે, તેની દશામાં ભ્રમણા અને વિકાર હોવા છતાં વસ્તુસ્વરૂપમાં વિકાર નથી એવા અવિકારસ્વરૂપનું અંતરમાં જ્ઞાન થવું તેનું નામ ખરો ધર્મ છે. આવું જ્ઞાન કરનારને જ આત્માની ખરી કિંમત આવે છે અને શુભાશુભભાવ અને તેના ફળની કિંમત અંતરમાંથી ઉડી જાય છે પણ આવું સમ્યગ્જ્ઞાન થયા પહેલાં વિકલ્પવાળી અવસ્થામાં એ જીવતત્ત્વનું સ્વરૂપ કેવું જાણે છે તેની વાત અહીં કરે છે.

ભાવાર્થ :—જે દ્રવ્ય છે તે સત્તા લક્ષણ છે, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યરૂપ છે અને ગુણ-પર્યાયને ધારણ કરે છે. ગુણ-પર્યાય વિના કોઈ દ્રવ્ય હોતું નથી અથવા બધાં જ દ્રવ્ય સપ્તભંગી સ્વરૂપ છે. આવું દ્રવ્યનું સ્વરૂપ જે નિઃસંદેહ જાણે, સ્વ અને પરને ઓળખે એવા જે આત્માના ભાવ (પરિણામ) તે સમ્યગ્જ્ઞાન છે.

અનાદિથી 'દ્રવ્યો રહેલાં છે' એ શબ્દમાંથી અહીં 'સત્તા', 'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય' અને 'ગુણ-પર્યાય' આ ત્રણ શબ્દ નીકળ્યાં છે. સત્તા એટલે દ્રવ્યોનું સ્વરૂપ 'હોવાવાળું' છે. પદાર્થની સત્તા છે તેનું જ્ઞાન પ્રથમ હોવું જોઈએ. એ સત્તા કેવી છે?—કે ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે તેથી દરેક વસ્તુ વર્તમાન અવસ્થાથી નવી ઊપજે છે, જૂની અવસ્થાથી વ્યય પામે છે અને પોતાના સત્‌પણે કાયમ રહે છે. એવો જ દ્રવ્યનો સ્વભાવ છે, કોઈના કારણે દ્રવ્યનું હોવાપણું નથી.

આ શરીર ઘણાં રજકણનું એક દળ છે, તેના એક એક રજકણ એક એક પુદ્‌ગલદ્રવ્ય છે તે દરેકમાં પોતાના ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય રહેલાં છે. એક સેકંડના અસંખ્યમાં ભાગ—એક સમયમાં આવા ત્રણ અંશ દરેકમાં છે. નવી અવસ્થાનું થવું—પૂર્વ અવસ્થાનું વ્યય થવું અને વસ્તુપણે ટકી રહેવું. એ સ્વભાવનું દૃષ્ટાંત લઈએ તો આ શરીરમાં દાળ-ભાત આદિ ખોરાક જ લોહીરૂપે પરિણમ્યા છે તેથી દાળ-ભાતની અવસ્થાનું વ્યય થવું, લોહી-અવસ્થાનું ઉત્પન્ન થવું અને પરમાણુનું ટકી રહેવું એ તેનું ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપપણું દરેક સમયે વર્તી રહ્યું છે. તેને બીજો પદાર્થ ઉપજાવતો નથી માટે શરીરને ટકાવવું એ આત્માનું કામ નથી. તેમાં આત્માનો અધિકાર જ નથી. દરેક વસ્તુ વર્તમાન પોતાના કારણે નવી અવસ્થાના કાર્યરૂપે પરિણમે છે—પરને કારણે તે પરિણમતી નથી.

શરીરને ચલાવવું એ આત્માના અધિકારની વાત નથી કારણ કે એ શરીરના રજકણોનો સ્વયં થતો ઉત્પાદ્ છે, તે ઉત્પાદનો કર્તા રજકણ છે, આત્મા નથી. એ જ રીતે આત્માની જે જાણવા—દેખવાની અવસ્થા થાય છે તે શરીર કે શબ્દો કે કોઈપણ પર પદાર્થોથી થતી નથી. આત્માથી આત્માની દરેક અવસ્થા ઉપજે છે. આ બંને વાત ખ્યાલમાં આવે તેમ છે. આ હું

જાણનારો જુદો છું અને શરીર મારાથી જુદું છે. આત્માના જાણનાર છે અને શરીર જણાવાયોગ્ય જુદી વસ્તુ છે. લોકો પણ એમ બોલે છે કે આ ચૈતન્ય ચાલ્યો ગયો....શરીર તેની સાથે જાય છે? શરીર કયાં જીવનું છે કે જીવની સાથે પરભવમાં જાય!

અહીં તો ભગવાન એમ કહે છે કે જગતમાં જેટલાં તત્ત્વો છે તે ભિન્ન—ભિન્નપણે છે એમ તારે કબૂલ કરવું જોઈએ. તે દરેક તત્ત્વની સમયે સમયે જે અવસ્થા થાય છે તે તેનાથી થાય છે, બીજા તત્ત્વથી થતી નથી એમ કબૂલ કર ત્યારે તારું જ્ઞાન વ્યવહારે સાચું થયું ગણાય.

જીવ, પુદ્ગલાદિ દરેક વસ્તુ પોતે વર્તમાન અવસ્થાથી થાય છે. બીજાની અવસ્થાથી પેલાની અવસ્થા થતી નથી. એવી જ વસ્તુની વ્યવસ્થા છે. આત્માની ઈચ્છાની અવસ્થાથી શરીરની અવસ્થા થતી નથી અને શરીરની અવસ્થાથી આત્માની અવસ્થા પલટાતી નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે દરેક વસ્તુને આવા પોતાના ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપે જોઈ છે અને એમ જ કહી છે તેને તું એમ જ જાણ! એમ યોગીન્દ્રદેવ કહે છે.

જડકર્મ પણ પૂર્વની વર્ગણાથી વ્યય પામી, નવી અવસ્થાપણે ઉપજે છે તે રજકણનું કાર્ય છે, આત્માના કારણે તેનું કાર્ય થતું નથી. આત્માના કારણે કર્મ નથી અને કર્મના કારણે આત્મા નથી.

એક સમયમાં એટલે સેકંડના અસંખ્યમાં ભાગ જેટલાં સૂક્ષ્મકાળમાં દરેક પદાર્થ પોતાથી નવાં કાર્યરૂપે ઉપજે છે, જૂની અવસ્થાના કાર્યરૂપથી વ્યય પામે છે અને પોતારૂપે ટકી રહે છે—આવું જ દરેક પદાર્થનું સ્વરૂપ છે તેને એમ જ જાણવું જોઈએ. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણે ત્યારે જીવનું વ્યવહારજ્ઞાન સાચું થયું કહેવાય. તે પણ હજુ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી, કારણ કે આ વિકલ્પાત્મક વ્યવહારજ્ઞાનની વાત છે.

'દરેક વસ્તુ ગુણ—પર્યાયને ધારણ કરે છે' તેમાં વસ્તુ એટલે દ્રવ્ય, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા. તેમાં ઉત્પાદ્-વ્યય તો પર્યાય છે અને ધ્રૌવ્ય ગુણ છે. દરેક વસ્તુ પોતાના લઈને ગુણ-પર્યાયને ધારણ કરે છે, બીજાના કારણે કોઈના ગુણ-પર્યાય હોતા નથી. આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણ અને તેની અવસ્થાથી રહેલો છે અને પરમાણુ પોતાના ગુણ-પર્યાયથી રહેલાં છે. કોઈના કારણે કોઈ અન્ય દ્રવ્ય કે તેના ગુણ-પર્યાય રહેલાં નથી. આત્માની ચતુરાઈને લીધે પૈસાની પર્યાય આવતી નથી કારણ કે પૈસા એ રજકણો છે, એ રજકણોનું આવવાનું કાર્ય રજકણથી થાય છે, જીવથી તેની અવસ્થા થતી નથી.

આત્માની અવસ્થામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થવું તે આત્માનું ખરું કાર્ય છે.

www.vitragvani.com



વ્યવહારજ્ઞાન પણ આત્માની અવસ્થા છે. વ્યવહારજ્ઞાન પણ જેનું સાચું નથી તેને નિશ્ચયજ્ઞાન પ્રગટ થતું નથી. માટે અહીં વ્યવહારજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે.

દરેક આત્મા અને દરેક રજકણો પોતાના ગુણો અને પર્યાયોને ધારણ કરે છે. આત્મા શરીરના ગુણો અને તેની અવસ્થાને ધારણ કરતો નથી અને શરીર આત્માના ગુણ-પર્યાયને ધારણ કરતું નથી. આવું વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ છે પણ અજ્ઞાનીને ખબર નથી તેથી તે માનતો નથી.

જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન થઈ રહ્યું છે એવા સર્વજ્ઞ પરમેશ્વર, અર્ધલોકના સ્વામી ઈન્દ્રોની સમક્ષ એમ ફરમાવે છે કે તમે શરીરને ધાર્યું નથી અને શરીરે તમને ધાર્યા નથી. તમારા કહેવાતાં વિમાનના રજકણો અને વિમાનમાં રહેતાં દેવોના સ્વામી તમે નથી, તમારાં કારણે તે ટકેલાં નથી અને તેના કારણે તમે ટકેલાં નથી. તમે તમારાં ગુણ–પર્યાયથી ટકેલાં છો. તમે પરદ્રવ્યને ટકાવતાં નથી અને પરદ્રવ્ય તમને ટકાવતાં નથી.

સ્વયં પ્રશ્ન :—સ્ત્રી, પુત્ર, નોકરાદિને તો તમે નભાવો છો ને!

શ્રોતા :—આપની પાસે કાંઈ બોલાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ શું કહેવાય છે! દરેક વસ્તુ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય અને ગુણ-પર્યાયને ધારણ કરેલી છે. ગુણ-પર્યાય વિનાની કોઈ વસ્તુ નથી. કોઈ પદાર્થ પોતાની કાયમી શક્તિ અને તેના વર્તમાન કાર્ય વિનાનો હોતો નથી.

જગતમાં કયો પદાર્થ તેના કાર્ય વિનાનો છે કે જેને બીજો પદાર્થ કરવા જાય? આ ઘડીયાલ આદિના તમે કરતાં નથી. તેના પરમાણુ જ તેનાં કાર્યને કરે છે. પરમાણુ તેના કાર્ય વિનાનો હોય જ નહિ. પરમાણુ તેના ગુણ-પર્યાય સહિત જ હોય છે તો તું તેમાં શું નાંખી શકે? આ ભાષા બોલાય છે તે શક્તિ તેના રજકણોની છે, હોઠથી ભાષા થતી નથી. હાથમાં છરી છે તેને ધરનારો હાથ નથી. છરીના પરમાણુએ તેની અવસ્થાને ધારી રાખી છે.

શ્રોતા :—એક પાડોશી બીજા પાડોશીને મદદમાં તો આવે કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કોઈ કોઈને મદદ કરી શકતું નથી. પાડોશી એક વસ્તુ છે અને બીજો પાડોશી પણ એક વસ્તુ છે, તે બંનેએ પોતપોતાના ગુણ-પર્યાયને ધારી રાખ્યાં છે, એકના ગુણ-પર્યાયને બીજો ધારતો નથી. દરેક જીવે પોતાના જ્ઞાન-દર્શનાદિ ગુણો અને તેની અવસ્થાને ધારી રાખી છે. બસ એ સિવાય શરીર, વાણી કે કર્મને પણ તેણે ધારી રાખ્યાં નથી.

શ્રોતા :—આખો દિવસ આ ફર્નિચર આદિના કામ કરવા અને આ કેમ માનવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ ફર્નિચર આદિ તો લાકડાંની અવસ્થા છે તેને તમે કરી શકતા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ નથી એ નક્કી કરો. લાકડાંના રજકણોની અવસ્થા તે રજકણોથી થઈ છે, બીજા હથિયારથી પણ તેની અવસ્થા થતી નથી તો તમારાથી કયાંથી થાય!

વીતરાગનો મારગ જગતને સમજવો કઠણ પડે પણ સમજાય તેવો છે. આત્મા જાણનાર છે, તેણે તેની જ્ઞાન-દર્શનાદિ અવસ્થાને ધારી રાખી છે, તે સિવાય શરીર કે કર્માદિની અવસ્થાને આત્માએ ધારી નથી. આત્માના હોવાપણામાં શરીર કે કર્મ નથી અને શરીર તથા કર્મના હોવાપણામાં આત્મા નથી. દરેકની હયાતી ભિન્ન ભિન્ન છે, તે ત્રિકાળ ભિન્નપણે જ ટકેલી છે. તેનું વિકલ્પાત્મક જ્ઞાનમાં જેમ છે તેમ જ્ઞાન કરવું તેનું નામ વ્યવહારસમ્યક્ત્વ છે. પછી તે વિકલ્પનું લક્ષ છોડી, અંતરમુખ દૃષ્ટિ કરવી—એકલાં ચિદાનંદ જ્ઞાયક આત્માને લક્ષમાં લેવો—તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, તે જ આત્માની શાંતિ પ્રગટ કરવાનો ઉપાય છે.

'પરમાં હું નથી' એ નક્કી થયું ત્યાં પરનો પ્રેમ છૂટ્યો, કેમ કે પર મારામાં નથી. માટે પર મને કાંઈ કામનાં નથી. હું જ મારા કામનો છું એમ રાગ સહિત જ્ઞાનમાં નક્કી થતાં પરનો પ્રેમ પહેલો છૂટે છે. હવે મારામાં રાગાદિ થાય છે તેમાં હું આખો નથી, એક સમયમાં શુભાશુભ વિકાર છે તેમાં મારું આખું તત્ત્વ આવી જતું નથી એમ કરીને, આખા તત્ત્વ ઉપર લક્ષ જતાં રાગ-દ્વેષમાં હું નથી અને મારામાં રાગ-દ્વેષ નથી એમ જ્ઞાયક ચૈતન્યની પ્રતીત અને ભાન થતાં તેને સમ્યગ્દર્શનરૂપ ધર્મની પ્રથમદશા પ્રગટ થાય છે.

અહા! દરેક વસ્તુ અર્થાત્ દરેક આત્મા અને દરેક રજકણ પોતાની ધ્રુવતા રાખીને પોતાની વર્તમાન અવસ્થાએ પરિણમી રહ્યો છે તેમાં બીજા દ્રવ્યનો પ્રવેશ જ નથી અને બીજા જીવ કે પુદ્‌ગલની અવસ્થામાં આ દ્રવ્યનો પ્રવેશ નથી માટે એક દ્રવ્યના કારણે બીજું દ્રવ્ય ટક્યું કે ઊપજ્યું કે નાશ પામ્યું એ શક્ય જ નથી. આટલી સ્પષ્ટ વસ્તુસ્થિતિ છે તે ખ્યાલમાં આવે તોપણ એનું વ્યવહારજ્ઞાન સાચું થાય. બીજા દ્રવ્યની પર્યાયને હું કરું એ શક્ય જ નથી તો કેમ થઈ શકે? આટલી વાત જ્ઞાનમાં આવે તો વ્યવહારજ્ઞાન અને શુભરાગ થાય અને આમ ન માને તેને તો ખોટું જ્ઞાન અને અશુભરાગથી પાપબંધ થાય.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે છે એમ જે જાણે છે તેનું જ્ઞાન ખોટું હોવાથી તેના ભાવથી પાપબંધ થાય છે કેમ કે હું પરથી ટક્યો છું અને મારાથી પર ટક્યાં છે એવી માન્યતા તે પાપભાવ છે.

શ્રોતા :—આ તો નવી જાતનું 'પાપ' લાગે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ જ ખરું પાપ છે. જગતના દરેક પદાર્થ પોતાના કારણે ટકી રહ્યાં છે, બદલી રહ્યાં છે એમ ન માને અને તેને બીજો પદાર્થ ટકાવે છે કે બદલે છે એમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



માનવું તે અસત્ય શ્રદ્ધાન છે અને અસત્ય જ્ઞાન છે, તેનાથી પાપબંધન જ થાય અને એ પાપબંધન જીવને દુઃખરૂપ થાય છે. તેનાથી વિપરીત, દરેક પદાર્થ સ્વયં ટકે છે અને બદલે છે તેને બીજું ટકાવી કે બદલાવી શકતું નથી એવું જ્ઞાન થવું તે પુણ્યબંધનું કારણ છે, હજુ ધર્મ નથી.

કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કર્તા-હર્તા નથી, દ્રવ્ય પોતે જ પોતાના પરિણામનો કર્તા—હર્તા છે. આ સિદ્ધાન્તના આધારે અહીં નવો ન્યાય એ નીકળ્યો કે આવું સ્વરૂપ છે તેને નહિ માનનારનું જ્ઞાન-શ્રદ્ધાન ખોટું હોવાથી તેના પરિણામમાં પાપ છે. તે એમ માને છે કે મારા કારણે શરીર ટકે છે, મારાથી ધન આવે છે અને ધનથી અને શરીરથી મારું જીવન ટકે છે. આમ અનેક પ્રકારે તે બે દ્રવ્યોની એકતા માને છે તે માન્યતા જૂઠી હોવાથી પાપબંધનું કારણ થાય છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે અનંત ચેતન અને અનંત અચેતન દ્રવ્યોને ભિન્ન-ભિન્ન જોયા છે અને એમ જ કહ્યાં છે. અનંત પદાર્થો ધ્રુવસ્વભાવે ટકેલાં છે અને પર્યાયપણે પલટે છે. તેને બીજા દ્રવ્યથી ટકતાં કે પરિણમતાં માનનારનું જ્ઞાન ખોટું હોવાથી તેના પરિણામ પાપમય છે. અને જેનાં જ્ઞાનમાં એ નક્કી થયું કે દરેક દ્રવ્ય પોતાથી ટકેલાં છે અને પોતાથી પરિણમે છે એવો તેનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવ છે એમ જાણનારનું જ્ઞાન પુણ્યભાવનું કારણ છે, પણ ધર્મ નથી, કારણ કે તેનું વ્યવહારું જ્ઞાન સાચું થયું પણ તેમાં 'સ્વ'નું જ્ઞાન આવ્યું નથી માટે તે ધર્મ નથી. 'સ્વ'ના અનુભવ વગર ધર્મ નથી. સ્વ અને પરનું ભેદવાળું જ્ઞાન પુણ્યરૂપ છે કેમ કે તે વિકલ્પ સહિત છે.

આત્મા પરથી તો ભિન્ન છે પણ, આત્મામાં ઊઠતાં શુભાશુભ વિકલ્પ પણ આત્માના ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપમાં નથી, એ કૃત્રિમ અસ્તિત્વ તરીકે પર્યાયમાં છે. એમ, તેને પોતાના સ્વરૂપથી ભિન્ન જાણીને, પરમાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મદૃષ્ટિ છે. આમ પુણ્ય, પાપ અને ધર્મ ત્રણેય જુદાં જુદાં સ્વરૂપે છે.

ભાઈ! તને ખબર નથી કે આ અનંતા તીર્થંકરો થઈ ગયા અને વર્તમાનમાં સીમંધરાદિ વીશ ભગવંતો બિરાજે છે તેમની કહેલી વાત છે કે જગતમાં અનંત દ્રવ્યો છે તે દરેક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. તે દરેકનું હોવાપણું તો પોતાથી છે પણ તેના વર્તમાન અંશમાં પલટો આવે છે તેનો કર્તા પણ તે દ્રવ્ય સ્વયં છે. બીજાની સત્તાને કારણે આ દ્રવ્યનું પરિણમન થતું નથી. આમ જ્યાં સુધી જ્ઞાનમાં આવતું નથી ત્યાં સુધી તેના પરિણામમાં પાપરાગ છે અને જેને ભગવાને કહેલું આ સ્વરૂપ જ્ઞાનમાં આવે છે તેને પુણ્યરાગ થાય છે કારણ કે તેનું જ્ઞાન સત્ય થયું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાન આત્મા અંદરમાં જ્ઞાન—આનંદની પાટ છે પણ તેની કોને ખબર છે! તેણે કદી નજર જ કરી નથી. જેમ બરફની પાટ હોય છે તેમ આત્મા દેહપ્રમાણે અતીન્દ્રિય આનંદની પાટ છે. તે અતીન્દ્રિય સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું જ નામ ધર્મ છે. સ્વ અને પર જેમ જુદાં છે તેમ જુદાં જાણવા તેનું નામ પુણ્ય છે અને સ્વ અને પરને જુદાં ન જાણવાં તેનું નામ પાપ છે. જગતના કામના લોહવાટમાં એને જગતના તત્ત્વો ભિન્ન-ભિન્ન છે તેની પણ ખબર નથી!

આ તારે સમજણની ક્રિયા કરવાની છે ભાઈ! દરેક વસ્તુ ભિન્ન ભિન્ન છે એમ જ્ઞાન કરીને પછી તેનો વિકલ્પ છોડી દઈને, નિર્વિકલ્પ આત્મા તરફ દૃષ્ટિ કરવી એ તારું કાર્ય છે. એ કાર્ય કર્યા પછી વારંવાર સ્વરૂપમાં ઠરવું, એ જીવની ચારિત્રની ક્રિયા છે. આમ, દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા કરવી એ તારું કામ છે પણ શું થાય! આવા વસ્તુસ્વરૂપના જ્ઞાન વિના જીવ અશરણ-અશરણ રહીને અનંતકાળથી રખડ્યો જ છે, તેને શરણ આપનાર કોઈ નથી. છ મહિનાના પરણેતરવાળો જુવાન દીકરો ચાલ્યો જતો હોય, કુટુંબ-કબીલા સામે જોઈ રહે છે પણ કોઈ એને શરણ આપી શકે છે? શરણ તો એક અંતરમાં છે. અંતરમાં નજર નાખતાં નિધાન છે એવી પ્રતીતિ અને ભાન થવું તેમાં શરણ છે, બાકી જેમ કાગડાં ને કૂતરાં મરે છે તેમ રાજા અને રંક બધાં મરીને ચાર ગતિમાં ચાલ્યાં જાય છે.

વીતરાગની શૈલી કોઈ અલૌકિક છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે 'અનંત પદાર્થ છે' તેનો અર્થ એ થયો કે દરેક પદાર્થ સ્વતંત્ર છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. દરેક પદાર્થ નવી અવસ્થાએ ઉપજવાવાળો, જૂની અવસ્થાએ વ્યય થવાવાળો અને ધ્રુવજાતિથી ટકવાવાળો છે. દરેક પદાર્થ ગુણ-પર્યાયવાળો છે. જીવને જીવના ગુણો છે અને જડને જડના ગુણો છે અને દરેક પદાર્થ પોતાની વર્તમાનદશાને ધારીને રહ્યો છે.

આ તો વીતરાગી વિજ્ઞાનના પાઠ છે તે ભણવાથી જીવનું કલ્યાણ છે. એમ.એ. અને એલ.એલ.બી.ના પાઠ ભણવાથી જીવનું કલ્યાણ નથી. સારી નોકરી પણ પુણ્ય હોય તો મળે છે, ભણવાથી નોકરી મળી જતી નથી. અહીં તો જુદી જ જાતની સ્કૂલ છે તેમાં એવા પાઠ ભણાવાય છે કે દરેક વસ્તુ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે, સ્વતંત્રપણે પરિણમે છે અને સ્વતંત્રપણે જીવે છે. જીવની સાથે આ રજકણોની સ્થિતિ છે તે રજકણ જ્યારે સ્વયં છૂટાં પડવા લાગશે ત્યારે તેને કોઈ રોકી નહિ શકે. દેવલોકમાં તો અહીંની જેમ શરીર પડ્યું ન રહે, આયુષ્ય પૂરું થતાં કપૂરની ગોટીની જેમ શરીરના પરમાણુ વિખાઈ જાય, બીજા દેવો જોતાં રહે કે આ સ્વામી ક્યાં ગયા? શરીરના પરમાણુ આયુષ્યથી પણ ટકતાં નથી, તેની પોતાની પર્યાયની લાયકાતથી ટકેલાં હોય છે તેમાં આયુકર્મ તો નિમિત્તમાત્ર છે. પરમાણુની જેમ જીવ પણ પોતાની લાયકાતથી એક ગતિમાં રહે છે અને પોતાની લાયકાત પ્રમાણે ચાલ્યો જાય છે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મફતનો પરનો ઓશિયાળો થાય છે. કોઈની અવસ્થા ત્રણકાળમાં કોઈ અન્યથી થતી નથી.

આ શરીરની અવસ્થા ઠીક છે માટે જીવને ઠીક છે—એમ નથી. જેમ સાકર અને ગોળની પર્યાય ગળપણમય છે તેનું જ્ઞાન જીવને થાય છે તે જીવથી થાય છે, સાકર કે ગોળથી જીવની જ્ઞાનની પર્યાય થતી નથી. તેમ શરીર ઠીક હોવાથી જીવને ઠીક લાગતું નથી પણ જીવ સ્વયં એવી પર્યાયે પરિણમે છે કે 'શરીર ઠીક છે માટે હું ઠીક છું' એવો રાગ પોતે ઊભો કરે છે. હવે આવી મિથ્યા માન્યતામાંથી છૂટીને સ્વ-પરની ભિન્નતા જાણવી એ હજી વિકલ્પાત્મક જ્ઞાન છે.

શ્રોતા :—આવી મોટી વાત ગળે ઉતારવી મુશ્કેલ પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ તો બહુ નાની વાત છે, ચારિત્રની વાત મોટી કહેવાય આ તો નાની વાત છે. ચક્રવર્તીના રાજકુમાર જુઓ ને! ભરત ચક્રવર્તીને એક અર્કકીર્તિ નામનો રાજકુમાર હતો. ભરત ચક્રવર્તી કહે રાજકુમાર રાજસભામાં આવીને એક ઘડી બેસશે તો તેને એક કરોડ સોનામહોર આપશું કેમ કે રાજકુમારથી દરબારની શોભા વધે છે. એવી રીતે અર્કકીર્તિને અનેક કરોડ સોનામહોર ભેગી થઈ અને વૈરાગ્ય આવ્યો તો એ બધું છોડીને ચાલી નીકળ્યો. અમે જ્યાં છીએ ત્યાં ધનાદિ નહિ અને ધનાદિ છે ત્યાં અમે નહિ...અમે તો અમારી શોભા માટે છીએ, રાજદરબારની શોભા વધારવા માટે અમે નથી. અમારી હયાતી વિકારી પરિણામમાં પણ નથી તો ધનમાં કે રાજ્યમાં અમારી હયાતી ક્યાંથી હોય! જ્ઞાની હતા માટે છૂટેલાં તો હતા જ પણ સંયોગથી છૂટા પડ્યા એટલે દુનિયાને દેખાણું કે આ તો સંયમના પંથે ચાલ્યા ગયા. રાગથી છૂટા પડીને અંતરમાં વીતરાગતાના પંથે ચડી ગયા.

લવ-કુશ જુઓ ને! જુવાન જોધ અવસ્થા છે, ચરમશરીરી છે. કાકાની અને પિતાની દશા જોઈને વૈરાગ્ય પામે છે. જેના એક ચક્રે રાવણને હણ્યો એવા લક્ષ્મણની આ દશા! ક્ષણમાં મૃત્યુ પામ્યાં. તેને પિતાજી ખંભે લઈને ફરે છે અરે આ દશા!! પિતાજી! અમે અમારા આત્માને સંભાળવા જઈએ છીએ અમને રજા આપો, કહીને ચાલી નીકળ્યાં. પાવાગઢથી મોક્ષ પામ્યા. પોતાની હયાતી અંતરસ્વભાવમાં માની હતી તેથી ક્ષણમાં બધું છોડીને ચાલ્યા ગયા. જેણે પરમાં પોતાની હયાતી માની રાખી છે તે છોડી શકતા નથી. મારી નબળાઈને કારણે રાગ હતો પણ પ્રભુ! મારી હયાતીમાં કાંઈ રાગ શોભે! રાગને પણ છોડી ચૈતન્ય આનંદકંદમાં દૃષ્ટિ સહિત અંતરમાં લીન થયા તેનું નામ ચારિત્ર છે.

રાજકુમારના શરીર તો મણિરતનના પૂતળાં જેવા હોય, છતાં એ તો માટી છે ને! એ માટીમાં અમે ક્યાં છીએ! અમે જ્યાં છીએ ત્યાં માટી અમને અડતી પણ નથી. આત્માનું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોવાપણું આત્મામાં છે અને જડનું હોવાપણું જડમાં છે. બંનેને કોઈ જાતનો મેળ નથી. છતાં બંનેની એકતા માની રાખી છે તે અજ્ઞાનીજીવની ભ્રમણા છે.

બહારમાં કોઈ લખપતિ કે કરોડપતિ નથી. અંતરમાં ચૈતન્યલક્ષ્મી પડી છે તેનું લક્ષ કરે તે લક્ષપતિ થાય છે.

દરેક વસ્તુ 'છે' એમ સિદ્ધ કર્યું. તેના ઉત્પાદ્-વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ અંશો સિદ્ધ કર્યા. સમયે સમયે દ્રવ્ય જૂની અવસ્થાથી વ્યય પામે છે, નવી અવસ્થાઓ ઊપજે છે અને વસ્તુપણે ટકી રહે છે. વળી વસ્તુએ ગુણ-પર્યાયને ધારી રાખ્યા છે. ગુણ એટલે વસ્તુની શક્તિ અને પર્યાય એટલે વસ્તુની વર્તમાન અવસ્થા. તેને વસ્તુએ ધારી રાખી છે. આ અસ્તિ સિદ્ધ કરી હવે કહે છે કે દરેક વસ્તુ પોતાથી છે પણ પરથી નથી એ વસ્તુના નાસ્તિધર્મનું કથન છે. એ રીતે વસ્તુમાં સપ્તભંગી ઊતરે છે.

અસ્તિ-નાસ્તિ તો કહી. હવે કહે છે કે વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પર-રજકણના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. એટલે શું? કે દરેક વસ્તુમાં ચારભાવ હોય છે. (૧) વસ્તુ-દ્રવ્ય (૨) વસ્તુનું ક્ષેત્ર એટલે પહોળાઈ (૩) વસ્તુની વર્તમાન અવસ્થા અને (૪) ભાવ એટલે વસ્તુની શક્તિઓ. આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આત્મા નથી.

હોંશિયારીને કારણે પૈસા આવતાં નથી અને પૈસાથી હોંશિયારી આવતી નથી. કારણ કે પૈસા જડ છે અને હોંશિયારી જીવની પર્યાય છે. તે બંનેનો એક–બીજામાં અભાવ છે. માટે, પૈસા હોંશિયારીથી આવે છે એ માન્યતા હોય તો તે જૂઠી છે. આ ટેપરેકોર્ડિંગમાં અવાજ ઊતરે છે તે અમારા કારણે નહિ. દરેક વસ્તુ પોતપોતાના કારણે છે, બીજાનાં કારણે નથી. આત્માના કારણે ભાષા થતી નથી.

એક આત્મા બીજા આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં નથી. બાપનો આત્મા અને દીકરાનો આત્મા જુદાં છે. માટે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પણ જુદાં છે. એ જ રીતે આત્મા અને શરીરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદાં છે. રજકણ દેખાય છે તેના ટુકડા કરતાં જાઓ તો જેના બે ભાગ ન થઈ શકે એવા નાનામાં નાના રજકણને પરમાણુ કહેવાય છે. તેને પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ છે, તે પરમાણુ જીવના આધારે રહેલો નથી. રજકણ પોતે દ્રવ્ય છે, તેની પહોળાઈ એકપ્રદેશી છે તે તેનું ક્ષેત્ર છે. તેનામાં રંગ, ગંધ, સ્પર્શાદિ છે તે તેના ભાવ છે અને તેમાં રૂપાંતર થાય છે તે તેની પર્યાય-વર્તના અર્થાત્ કાળ છે. આમ, એક રજકણ પણ બીજા રજકણના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં! આવું સત્ છે તેને સમજવાની દરકાર નહિ અને સાંભળવા પણ મળતું નથી. દયા કરો, ભક્તિ કરો એવું બધું સાંભળવા મળે છે પણ જે તારું નથી તેમાં કરવાનું માને એ તો અસત્યદૃષ્ટિ છે.

શ્રોતા :—શેઠીયાઓએ પરોપકાર તો કરવો જોઈએ ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—શેઠીયો જ કોઈ નથી. શેઠીયાનો આત્મા અને શરીર ધનાદિ જુદી વસ્તુ છે, જુદાં પડશે ત્યારે જુદાં થશે એમ નથી. અત્યારે જ જુદાં છે માટે પ્રથમ તો દરેક વસ્તુને ભિન્ન-ભિન્ન અસ્તિત્વવાળી જાણવી એ પહેલું વ્યવહારું જ્ઞાન છે તેને વ્યવહારે સમ્યક્ કહેવાય. અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વનું ભેદજ્ઞાન વિકલ્પાત્મકજ્ઞાનમાં કરવું તે વ્યવહારું શ્રદ્ધા છે. એકલા અખંડ ચૈતન્ય મહાસત્‌ની દૃષ્ટિ કરવી તે નિશ્ચયસમ્યક્ત્વ છે તેના વિના આ બધું વ્યવહારું જ્ઞાન અને શ્રદ્ધા છે પણ જેને એ વ્યવહારના પણ ઠેકાણાં નથી, તેમાં પણ વિપરીતતા છે તેને નિશ્ચયસમ્યક્ત્વ થઈ શકતું નથી.

દરેકે દરેક સત્ છે—ઉત્પાદ્-વ્યય-ધ્રુવયુક્ત છે એ એક સિદ્ધાંત સમજવામાં આવતાં જ પરમાં કરવાપણાની બુદ્ધિ ખલાસ થઈ જાય છે. કોઈના કારણે કોઈનું હોવાપણું નથી એમ જ્ઞાન કરે ત્યારે તેનું વ્યવહારું જ્ઞાન સાચું થયું પણ પરલક્ષી જ્ઞાન છે તેથી વિકલ્પમાં રોકાયેલું છે. નિઃસંદેહપણે દ્રવ્યના આવા સપ્તભંગીસ્વરૂપને જાણે અર્થાત્ સ્વ ને સ્વ અને પરને પર જાણે તો તે વ્યવહારે સમ્યગ્જ્ઞાન છે. એ સ્વ-પરમાંથી આત્માને તારવી લઈને તેને જ્ઞેય બનાવે—દૃષ્ટિમાં લે અને અનુભવ કરે તો તેને નિશ્ચય સમ્યગ્દર્શન—જ્ઞાન છે, તે જ આત્માને હિતનું કારણ છે, તે જ મોક્ષનું કારણ છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# મુક્તિનું કારણ સ્વદ્રવ્યનું ધ્યાન છે

(સળંગ પ્રવચન નં. ૯૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૨૯મી ગાથા ચાલે છે.

ભાવાર્થ :—જગતના પદાર્થોના સ્વરૂપને નિઃસંદેહપણે જાણવા તે વ્યવહારે સમ્યગ્જ્ઞાન છે. દ્રવ્યો કેવા છે?—કે દ્રવ્યો સત્તારૂપ છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, ગુણપર્યાયને ધારણ કરે છે અને બધાં દ્રવ્યો સપ્તભંગી સ્વરૂપ છે, આવા દ્રવ્યોના સ્વરૂપને જે નિઃસંદેહપણે જાણે, સ્વ અને પરને ઓળખે એવો જે આત્મભાવ તે સમ્યગ્જ્ઞાન છે.

(૧) સત્તા (૨) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને (૩) ગુણ-પર્યાયથી વસ્તુનું સ્વરૂપ આગળ કહેવાય ગયું છે. હવે સપ્તભંગીથી શું છે?—તે કહે છે. દરેક દ્રવ્ય પોતાની અવસ્થાથી ઉપજે છે અને બીજાની અવસ્થાથી ઉપજતાં નથી એમ અસ્તિ-નાસ્તિથી વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું, બરાબર જાણવું અને પોતાના આત્માને 'સ્વ' અને પોતાથી પર અન્ય દ્રવ્યને 'પર' જાણવા તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ તે હું અને રાગાદિ તથા શરીરાદિ તે પર છે એમ વિકલ્પવાળા જ્ઞાનમાં નક્કી કરવું તે પણ સમ્યગ્જ્ઞાન છે. તે વ્યવહાર પરિણામ છે અને નિશ્ચય સમ્યગ્જ્ઞાનના પરિણામ તો સાથે હોય જ છે.

આત્માનું સ્વસંવેદન તે નિશ્ચય છે પણ અહીં મુખ્યપણે વ્યવહારની વાત કરી છે. નિશ્ચય-વ્યવહાર બંને સાથે જ હોય છે.

મૂઢ અજ્ઞાનીને તો સ્વ કોણ અને પર કોણ તેનો વિવેક જ નથી. જેને સ્વ અને પરનો વિવેક જાગૃત થયો છે એવા જ્ઞાનીને વિકલ્પવાળા જ્ઞાનમાં કેવો તત્ત્વવિચાર ચાલે છે તે વાત અહીં બતાવી છે.

સારાંશ એ છે કે વ્યવહારનયથી વિકલ્પસહિત અવસ્થામાં તત્ત્વવિચારના સમયે સ્વ અને પરના જાણપણાને 'જ્ઞાન' કહ્યું છે અને નિશ્ચયનયથી વીતરાગ નિર્વિકલ્પ સમાધિસમયે પદાર્થોનું જાણપણું મુખ્ય નથી. કેવળ સ્વસંવેદનજ્ઞાન જ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. અહીં પ્રથમ વ્યવહારજ્ઞાનની વાત કરીને પછી નિશ્ચયની વાત કરી છે પણ બંને જ્ઞાન એકસાથે હોય છે. વિચારશ્રેણીમાં ક્રમ પડે છે પણ જ્ઞાનમાં ક્રમ નથી.

રાગસહિત વિચાર અવસ્થાના કાળે આ જ્ઞાનસ્વરૂપી આત્મા હું છું અને આ શરીર,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્મ આદિ પર છે એવું સ્વ-પરની ભિન્નતાનું બરાબર જ્ઞાન કરવું તે રાગમિશ્રિત હોવાથી વ્યવહારજ્ઞાન છે, પુણ્યબંધનું કારણ છે અને સાચું હોવાથી સમ્યગ્જ્ઞાન છે.

નિશ્ચયનયથી વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયે છ દ્રવ્યોનું જ્ઞાન કે સ્વ-પરનું ભેદજ્ઞાન મુખ્ય નથી, શુદ્ધસ્વરૂપના અનુભવ સમયે તે ગૌણ થઈ જાય છે. રાગરહિત સ્વસંવેદનજ્ઞાન જ નિશ્ચયજ્ઞાન છે, સાચું જ્ઞાન છે અને મોક્ષનો માર્ગ છે. તેમાં નિર્વિકલ્પ વેદનની મુખ્યતા છે અને સ્વ-પરનું જ્ઞાન ગૌણ છે. વિચારકાળમાં છ દ્રવ્ય અને સ્વ-પરના જ્ઞાનની મુખ્યતા છે પણ જ્ઞાનસૂર્ય ચિદાનંદસ્વરૂપની અંતર-એકાગ્રતાના કાળમાં તેની મુખ્યતા નથી અને વિચારકાળમાં સ્વ-પરનો વિચાર મુખ્ય છે. ખરેખર, સ્વસંવેદનજ્ઞાન જ સાચું જ્ઞાન છે અને સ્વ-પરનું તથા છદ્રવ્યનું જ્ઞાન વ્યવહારથી સાચું છે. જેને છ દ્રવ્યના સ્વરૂપના જ્ઞાનના જ ઠેકાણાં નથી અને અમે ધર્મ કરીએ છીએ એમ માને છે તેને તો ધર્મના સ્વરૂપની જ ખબર નથી.

ભાઈ! એકવાર સમજ તો ખરો કે અંતરમાં આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે તેનું સ્વસંવેદનજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. સ્વસંવેદનના કાળમાં છ દ્રવ્ય આદિનું જ્ઞાન ગૌણ હોય છે અને જ્યારે વિચારકાળમાં છ દ્રવ્યાદિનું જ્ઞાન મુખ્ય થાય છે ત્યારે સ્વસંવેદનજ્ઞાન લબ્ધપણે હોય છે. અંતરનું જ્ઞાન વિચારકાળે છૂટી જતું નથી પણ લબ્ધ રહે છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાન તો પરંપરાએ મોક્ષનું કારણ છે અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાનના વિચારને છોડીને અંતરમાં ઠરે ત્યારે મુક્તિ થાય છે માટે તેને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે. છ દ્રવ્યનું અને સ્વ-પરનું વાસ્તવિક જ્ઞાન નિશ્ચય મોક્ષમાર્ગનું નિમિત્ત ગણાય છે તેને વ્યવહાર કહો, ઉપચાર કહો, નિમિત્ત કહો કે ગૌણ કહો. તે મોક્ષમાર્ગમાં મુખ્ય નથી. આત્માનું સ્વસંવેદનજ્ઞાન—ચૈતન્યનો અનુભવ જ મોક્ષમાર્ગમાં મુખ્ય છે, યથાર્થ છે, નિશ્ચય છે, સાક્ષાત્ નિર્જરાનું અને મોક્ષનું કારણ છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાનમાં સાથે રાગ હોવાથી તે છૂટે ત્યારે અંતરમાં સ્થિર થઈ શકાય છે માટે વ્યવહારનયે વ્યવહારજ્ઞાનને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે. નિશ્ચયનયથી નિશ્ચયજ્ઞાન જ મોક્ષનું ખરું કારણ છે.

આ ૨૯ ગાથા થઈ. હવે ૩૦મી ગાથામાં ચારિત્રની વ્યાખ્યા કરે છે.

નિજ અને પરદ્રવ્યને જાણીને રાગાદિરૂપે જે પરદ્રવ્યમાં સંકલ્પ-વિકલ્પ છે તેના ત્યાગથી નિજસ્વરૂપમાં જે નિશ્ચલતા થાય છે તે જ્ઞાની જીવોને સમ્યક્ચારિત્ર છે એમ યોગીન્દ્રદેવ ગાથામાં કહે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जाणवि मण्णवि अप्पु परु जो पर-भाउ चएइ।
सो णिउ सुद्धउ भावडउ णणिहिं चरणु हवेइ॥३०॥

અર્થ :—સમ્યગ્જ્ઞાનથી સ્વ અને પરને જાણીને અને સમ્યગ્દર્શનથી સ્વ અને પરની શ્રદ્ધા કરીને જે પરભાવને છોડી દે છે તે આત્માનો શુદ્ધભાવ જ જ્ઞાનીપુરુષોનું ચારિત્ર છે. સાચા શ્રદ્ધા-જ્ઞાન કરીને જે સ્વરૂપમાં ઠરે છે તેને ખરું ચારિત્ર છે.

ભાવાર્થ :—આત્મા વીતરાગ સહજાનંદ અદ્વિતીય સ્વભાવી છે અને બીજા પાંચ દ્રવ્યો તેનાથી વિપરીત સ્વભાવવાળા છે, તે સર્વને પ્રથમ તો સમ્યગ્જ્ઞાન વડે જાણે છે. તેમાં પોતાનો આત્મા ઉપરાંત અનંત સિદ્ધો, અનંત નિગોદ, ત્રસ, પરમાણુ, સ્કંધ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ બધાં જ દ્રવ્યોનું જ્ઞાન આવી ગયું. આ વ્યવહારજ્ઞાન છે તોપણ સંશય, વિમોહ અને વિપર્યય રહિત છે. ભ્રમણાથી રહિત સમ્યગ્જ્ઞાનમાં છએ દ્રવ્યો જેમ છે તેમ જણાય છે.

સમ્યગ્જ્ઞાન વડે સર્વને જાણીને સ્વ અને પરની યથાર્થ શ્રદ્ધા એવી કરે કે જેમાં શંકાદિ કોઈ દોષ ન રહે એવી રીતે સારી રીતે જાણીને પ્રતીતિ કરે તેને પણ હજુ શુભ વિકલ્પરૂપ વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક માયા, મિથ્યાત્વ અને નિદાન આદિ શલ્યોથી માંડીને સમસ્ત ચિંતા સમૂહના ત્યાગથી નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તે પરમ આનંદ અતીન્દ્રિય સુખરસના આસ્વાદથી તૃપ્ત થયેલ જીવ જ અભેદનયથી નિશ્ચયચારિત્ર છે.

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે. જેવો સિદ્ધને પ્રગટ આનંદ છે તેવો જ આનંદ દરેક જીવમાં શક્તિરૂપે રહેલો છે. એવા અતીન્દ્રિય આનંદની પ્રથમ તો શ્રદ્ધા અને જ્ઞાન કરે છે પછી તેમાં ઠરે છે ત્યારે તે પરમ અતીન્દ્રિય આનંદથી તૃપ્ત તૃપ્ત થઈ જાય છે એવી દશાને ભગવાન ચારિત્ર કહે છે. આવું ચારિત્ર જ મુક્તિનું કારણ થાય છે.

આવા ચારિત્રવંતને નિઃશલ્યવ્રતી કહેવાય છે કેમ કે તેમને જૂઠું બોલવું, કાંઈ હોય અને બીજું કાંઈ કહેવું એવી માયા-કપટ આદિ ભાવ ન હોય, મિથ્યાત્વનું શલ્ય પણ ન હોય અને કોઈને દેખીને તેમના જેવા થવાનું નિદાન નામનું શલ્ય તે પણ તેમને ન હોય. કેમ ન હોય?— કેમ કે તેઓ આત્માના અતીન્દ્રિય આનંદના વેદનથી એવા તૃપ્ત તપ્ત હોય છે કે કોઈ પ્રકારના શલ્ય તેમને ઊભા જ થતાં નથી, એવી દશાનું નામ 'ચારિત્ર' છે, તેથી અભેદનયથી તે આત્મા જ ચારિત્ર છે.

'આત્મા' એટલે જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ. શરીર, વાણી, મન, કર્મ આદિ તો પરદ્રવ્ય છે અને અંદરમાં કામ, ક્રોધ, દયા, દાનાદિના વિકલ્પ ઉઠે છે તે વિકાર છે. તે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વિકાર વિનાનો આત્મા તો નિર્વિકાર આનંદની પૂતળી છે. તેનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો જેને થયું છે પણ જ્યાં સુધી વ્યવહાર સમ્યક્ દર્શનજ્ઞાનના વિકલ્પ છે ત્યાં સુધી નિશ્ચય ચારિત્ર નથી. હવે જ્યારે તે વિકલ્પને પણ છોડીને અતીન્દ્રિય આનંદની લહેજતમાં મોજ માણે છે—તૃપ્ત થાય છે ત્યારે તે પુરુષ પોતે જ ચારિત્ર છે એમ અહીં યોગીન્દ્રદેવ કહે છે. આત્માનું ચારિત્ર—એમ નહિ પણ આત્મા જ ચારિત્ર છે એમ અભેદનયથી કહેવામાં આવ્યું છે.

ભગવાન સર્વજ્ઞદેવ, તીર્થંકર ત્રિલોકીનાથ પરમાત્માએ આ જગતમાં છ દ્રવ્ય જોયા છે તેમ પ્રથમ તો, છએ દ્રવ્ય અને તેનું પરિણમન જેમ થાય છે તેમ બરાબર જાણે અને તેની શ્રદ્ધા કરે એટલે મારા આત્મદ્રવ્યથી આ બધાં દ્રવ્ય જુદાં છે તેમ ભેદજ્ઞાન થાય છે. અનંત સિદ્ધો હો કે અરિહંત હો કે તીર્થંકર હો તે પણ મારા દ્રવ્યથી જુદાં દ્રવ્યો છે એમ જાણે છે. આવા વિકલ્પવાળા જ્ઞાનને અને શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન અને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તે પુણ્યબંધનું કારણ છે. તે શુભ-ઉપયોગથી પણ છૂટીને અંતરમાં અતીન્દ્રિય આનંદકંદનું સ્વસંવેદનજ્ઞાન, નિર્વિકલ્પ પ્રતીતિ અને તેમાં જ રમણતાપૂર્વક આનંદમાં તૃપ્ત તૃપ્ત થવું તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આ ત્રણેયની એકતા તે જ મુક્તિનો માર્ગ છે, તે જ ખરું ચારિત્ર છે. ચોથા ગુણસ્થાનમાં તૃપ્તિ થોડી હોય, પાંચમે એનાથી વધારે હોય, છટ્ઠે તેનાથી પણ વધુ તૃપ્તિ...એમ કરતાં કરતાં સિદ્ધને અનંતગુણી તૃપ્તિ-પૂર્ણતૃપ્તિ હોય છે. ધર્મની શરૂઆત થાય ત્યારે અતીન્દ્રિય આનંદ થોડો હોય પણ જેમ જેમ શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ ઘણી શાંતિ અને ઘણો આનંદ થતો જાય છે તેની વાત અત્યારે ચાલે છે.

એક બાજુ એમ વાત આવે કે સમ્યગ્દૃષ્ટિ નરકમાં નારકી હોય તોપણ તેને અંતર સુખરસની ગટાગટી છે જેમ કે શ્રેણિકરાજાનો જીવ ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં પડ્યો છે પણ આનંદની મુખ્યતાથી જુઓ તો તેને આનંદની ગટાગટી છે એમ કહી શકાય અને એકબાજુ, અહીં કોઈ મુનિ હોય, સાચા ચારિત્રવંત હોય પણ જરા રાગ રહી જાય છે તેના ફળમાં મરીને સ્વર્ગમાં જાય છે ત્યારે ત્યાં કલેશ ભોગવે છે એમ કહેવાય છે તે રાગની મુખ્યતાથી કરેલું કથન છે માટે કઈ અપેક્ષાથી વાત થાય છે તે સમજી જવું જોઈએ.

નરકમાં નારકી છે પણ સમ્યગ્દર્શન હોવાથી સુખી છે અને દેવલોકમાં દેવ કે જેને વૈભવના પાર નથી, અહીંના કરોડપતિઓ અને રાજાઓ તો તેની પાસે ભિખારા લાગે એવી તો તેને સુખ સાહ્યબી હોય એવા દેવ કે ઈન્દ્ર પણ, સમ્યગ્દૃષ્ટિ હોય તો પણ જેટલું પરલક્ષ છે તેટલા રાગથી તે દુઃખી છે. જે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ છે, જેને પુણ્યમાં મીઠાશ વેદાય છે, પરસામગ્રીને પોતાની માને છે એ તો એકલી કષાય-અગ્નિમાં સળગી રહ્યા છે.

આમ, આમાં ત્રણ ભાગ પાડવાથી સમજાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(૧) ભગવાન આત્માની અતીન્દ્રિય મીઠાશના જ્ઞાન વિનાના અજ્ઞાનીને જે શુભાશુભ ભાવો વર્તે છે તેમાં જ મીઠાશ લાગે છે અને 'આ બધાં સંયોગો મારા અને હું તેનો' એવો મિથ્યાત્વભાવ વર્તે છે, એવા મિથ્યાદૃષ્ટિ ભલે રાજા હો કે દેવ હો...એકલી કષાય-અગ્નિમાં શેકાય છે—બળે છે. એ ભલે એમ માનતા હોય કે અમે સુખી છીએ પણ મૂઢપણે દુઃખી જ છે.

(૨) જેને આત્મભાન થયું છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, દયા-દાનના વિકલ્પ ઉઠે તે પણ મારો ભાવ નથી, મને લાભદાયક નથી અને શરીર, વાણી તો જડ છે—મારા નથી એવું સમ્યક્ ભાન થયું છે તે કદાચિત્ નરકમાં હોય તો ત્યાં પ્રતિકૂળતાનો પાર ન હોય છતાં તેને સ્વરૂપના આનંદનો સ્વાદ વર્તે છે તેની મુખ્યતાથી એમ કહેવાય કે તે સુખને વેદે છે. બાકી ત્રણ કષાય પડ્યાં છે એટલું દુઃખ તો તેને છે જ.

(૩) સમ્યગ્દૃષ્ટિ, મુનિ થઈને આત્મ-આનંદના વેદનમાં રહ્યાં હોય પણ રાગનો કણ રહી ગયો તેને કારણે પરમાત્મદશા પ્રાપ્ત થઈ નહિ અને દેવલોકમાં જવું પડ્યું તો ત્યાં પુણ્યના ફળની સામગ્રી વચ્ચે તે ત્રણ કષાયની અગ્નિમાં બળે છે એમ કહેવાય છે.

આ તો વીતરાગીજ્ઞાનના ગજ છે, દુનિયાના માપે તેનું માપ થાય તેમ નથી. ભગવાન આત્માથી જેટલો વિરુદ્ધભાવ છે તેટલું દુઃખ જ છે પણ આનંદથી બેખબરો થઈને ફરે છે. દુનિયા ભલે તેને ડાહ્યો કહેતી હોય પણ શાસ્ત્ર કહે છે કે અજ્ઞાનીને ઉન્માદ છે. શુભાશુભભાવ મારા અને હું રાગી-દ્વેષી-મોહી...એમ માનનારના ઉન્માદનું શું કહેવું?

સંયોગોથી જીવ સુખી, દુઃખી નથી પણ સંયોગના લક્ષે પોતે જેવા ભાવ કરે છે તેનું તેને વેદન થાય છે. કોઈ ચીજ આકુળતા કરાવતી નથી, આકુળતા સ્વયં ઊભી કરે છે. કોઈને લક્ષ્મી ઘણી હોય અને આકુળતા પણ ઘણી હોય, કોઈને લક્ષ્મી થોડી હોય પણ તેની આકુળતા ઘણી હોય...માટે, લક્ષ્મીથી આકુળતાનું માપ નથી.

અહીં તો ભગવાન કહે છે કે જેટલું સ્વનું દર્શન કરે, સ્વનું જ્ઞાન કરે એટલો મોક્ષમાર્ગ છે, તેની સાથે જેટલું વ્યવહારજ્ઞાન અને વ્યવહારશ્રદ્ધા છે એટલો શુભભાવ છે તેનાથી પરંપરા મોક્ષ થશે એટલે કે તેને છોડીને મોક્ષ થશે, કેમ કે તે સીધું મોક્ષનું કારણ નથી. બાકી જે મહાવ્રત કે અણુવ્રત આદિ છે તેના ફળમાં તો સ્વર્ગમાં ક્લેશ ભોગવશે.

અહો! સંતની દશા એને કહીએ કે જેને બાહ્યમાં તો નગ્નદશા છે અને અંતરમાં અતીન્દ્રિય આનંદ ઉછાળા મારતો હોય છે. ભગવાન આત્મા એકલા અતીન્દ્રિય આનંદનો દરિયો છે તેના વેદનમાં સંતો તૃપ્ત તૃપ્ત છે તેને ચારિત્રવંત કહેવાય છે અથવા અભેદનયે તે પોતે જ ચારિત્ર છે—તે પરમ આનંદ અતીન્દ્રિય સુખરસના આસ્વાદથી તૃપ્ત થયેલ પુરુષ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ અભેદનયથી નિશ્ચયચારિત્ર છે. આવું ચારિત્ર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ન હોય અને એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પણ આવું ચારિત્ર ન હોય. દર્શન-જ્ઞાન સહિતની રમણતાને જ પરમાત્મા 'ચારિત્ર' કહે છે. આવા ચારિત્રવંત જીવ જ સાક્ષાત્ મુક્તિના માર્ગે ચડેલાં છે.

ચારિત્રમાં ઘણાં દુઃખ સહન કરવા પડે એમ જે માને છે તે ચારિત્રને સમજ્યો જ નથી. ચારિત્રમાં દુઃખ જ નથી, એકલો આનંદ છે. ચારિત્ર દુઃખનું દાતા નથી. જેમાં દુઃખ છે તેને ચારિત્ર કહેતાં જ નથી. દુઃખ છે ત્યાં તો આર્ત્તધ્યાન છે. અતીન્દ્રિય આનંદમાં પડેલ પુરુષ પોતે ચારિત્ર છે.

આ ૩૦ ગાથા થઈ. હવે અભેદરત્નત્રયની મુખ્યતાથી આઠ દોહાસૂત્ર કહે છે. તેમાં પ્રથમ, રત્નત્રયના ભક્ત-ભવ્યજીવના લક્ષણ કહે છે.

**जो भत्तउ रयण-त्तयहँ तसु मुणि लक्खणु एउ।**
**अप्पा मिल्लिवि गुण-णिलउ तासु वि अण्णु ण झोउ॥३१॥**

અહીં રત્નત્રયના ઉત્કૃષ્ટ ભક્ત એવા ભાવલિંગી મુનિની વાત લીધી છે.

અર્થ :—હે પ્રભાકર ભટ્ટ! રત્નત્રયના ધારકના આ લક્ષણ છે કે ગુણોના સમૂહ આત્માને છોડીને તે આત્માથી અન્ય બાહ્યદ્રવ્યને ધ્યાવતાં નથી. નિશ્ચયનયથી એક આત્મા જ ધ્યાવવા યોગ્ય છે, અન્ય નહિ.

ભગવાન આત્મા અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત શાંતિ આદિ અનંત ગુણનો પિંડ છે તેને જ જે ધ્યાવે છે એવા રત્નત્રયના ધારક ધર્મીને આ ધ્યાન પાસે અન્ય કોઈ ધ્યાન હોતું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુનું ધ્યાન પણ વિકલ્પાત્મક છે તેથી એ ધ્યાન પણ તેને નથી.

ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદની શીતળ પાટ છે. તેની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતામાં પડ્યો છે તેને સ્વદ્રવ્યનો અર્થાત્ રત્નત્રયનો ભક્ત કહે છે. પરદ્રવ્ય દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધીનો રાગ છે તેનું તેને ધ્યેય હોતું નથી.

આ તો પરમાત્મપ્રકાશ છે ને એટલે પરમાત્મપદ તરત કોને પ્રાપ્ત થાય તેની વાત બતાવે છે કે જેને અંતરમાં અભેદરત્નત્રયની પ્રાપ્તિ છે તેને તરત પરમાત્મપદની પ્રાપ્તિ થાય. એકલો જ્ઞાનપ્રકાશ, આનંદકંદ અને શાંતરસની પૂતળી એવા એવા અનંતગુણરૂપ ભગવાન આત્માના ધ્યાન પાસે તેને બીજા કોઈ દ્રવ્યનું ધ્યાન હોતું નથી.

પરદ્રવ્યમાં દેવ-શાસ્ત્ર-ગુરુ, પ્રતિમા, દેવાલય કે સમ્મેદશિખર આદિનું ધ્યાન એ વિકલ્પ

www.vitragvani.com



છે—જેટલું પરલક્ષ છે તે રાગ છે. શુભનિમિત્ત તરફનો રાગ છે માટે શુભરાગ છે તે પુણ્યબંધનું કારણ છે. રત્નત્રયનો ભક્ત તે રાગમાં રોકાતો નથી. લૌકિકમાં કહ્યું છે કે 'જનની જણ તો ભક્ત, કાં દાંતા કા શૂર...' અહીં કહે છે કે ભક્ત થા તો રત્નત્રયનો ભક્ત થા કે જેના ફળમાં તુરત મુક્તિ થાય.

આત્મા તો 'ગુણનિલય' એટલે ગુણને રહેવાનું સ્થાન છે. જેમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે એવી એ ખાણ છે. માત્ર આનંદ જ નહિ, અતીન્દ્રિય શાંતિ (ચારિત્ર), અનંત અતીન્દ્રિય બળ, અતીન્દ્રિય દર્શન-જ્ઞાન આદિ અનંત અતીન્દ્રિય ગુણની ખાણ છે. જેટલાં જ્ઞાનાદિ ગુણો છે તે બધાનું સ્થાન 'આત્મા' છે માટે આત્મામાંથી જ ગુણો મળે તેમ છે. વળી તારા ગુણ તારા આત્મામાંથી જ મળે, બીજા આત્મામાંથી તારા ગુણ મળે તેમ નથી. માટે, સ્વદ્રવ્યને જ લક્ષમાં લઈને તેમાં ઠરે છે તે રત્નત્રયનો ભક્ત છે એમ હે શિષ્ય! તું જાણ.

અનંતકાળમાં આ વાત એણે કદી માની નથી. ધૂળના ઢગલાને જ ચૂંથતો રહ્યો છે, શુભાશુભરાગને વેદતો રહ્યો છે. અનંતવાર ત્યાગી થયો તોપણ શુભવિકલ્પમાં રચ્યો-પચ્યો રહ્યો, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો ઘણાં કર્યાં પણ એના વિનાની ચૈતન્ય શું ચીજ છે તેની શ્રદ્ધા એણે કદી કરી નથી.

મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેઈક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો...અનંતવાર મુંડાવ્યું, હજારો રાણી છોડીને બાવો—સાધુ થયો પણ શું લાભ થયો? રખડવાના રસ્તા વધાર્યાં. અખંડાનંદ ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ કરી નહીં, પુણ્ય-પાપના પરિણામનો પ્રેમ છૂટ્યો નહિ—જે ખરેખર છોડવાયોગ્ય છે તે તો છૂટ્યો નહિ અને જે છૂટા જ છે તેને મેં છોડ્યાં...એવાં અભિમાન કર્યાં...એમાં એના હાથમાં શું આવ્યું? બાપુ! વીતરાગના મારગ જુદી જાતના છે.

શ્રોતા :—પ્રયત્ન તો ઘણો કર્યો સાહેબ!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘણો નહિ પણ, ઊંધો પ્રયત્ન કર્યો. બાહ્યત્યાગ-ગ્રહણનો વિકલ્પ ઘણો કર્યો તે તો રાગ છે તેમાં એણે પ્રયત્ન શું કર્યો? અખંડાનંદ પ્રભુને દૃષ્ટિમાં લીધો નથી તેણે કાંઈ કર્યું નથી. ઊંધો પુરુષાર્થ કર્યો છે. હેતુ જ ઊંધો હતો. એ ભલે માને કે હું મોક્ષ માટે પ્રયત્ન કરું છું પણ હેતુ રાગનો જ છે તેની એને ખબર નથી.

આ તો અજર પ્યાલાની વાતો છે. ત્રિલોકનાથ પરમેશ્વર જે કહે છે એ જ મુનિઓ કહે છે કે રત્નત્રયના ભક્તના લક્ષણ એવા હોય કે તે સ્વગુણને છોડીને, પરગુણને ધ્યાવતો નથી. પોતાના અનંતાગુણના લક્ષને છોડીને પરદ્રવ્યમાં ભલે સિદ્ધ હો—તેને પણ એ ધ્યાવતો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી. સિદ્ધના ગુણનું લક્ષ આવી જાય છે પણ તેને વિકલ્પ કહેવાય છે-શુભરાગ છે-ધ્યાન નથી. સ્વગુણમાં ઠરી ન જાય ત્યાં સુધી રાગ તો આવે પણ તે કાંઈ નિશ્ચયરત્નત્રયનું સ્વરૂપ નથી.

મૂઠી વાળીને દોડ્યો જાય છે...જવું છે પૂર્વ તરફ અને જાય છે પશ્ચિમ તરફ...તેને પુરુષાર્થ કહેવાય? પણ અરે! એને સીધો-સાચો રસ્તો શું છે અને ઊંધો રસ્તો ક્યો છે તેની પણ ખબર નથી. આંધળી દોડમાં મૂઢપણે અનંતકાળ કાઢી નાંખ્યો.

ભાવાર્થ :—વ્યવહારનયથી વીતરાગ સર્વજ્ઞના કહેલાં શુદ્ધાત્મતત્ત્વ આદિ છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય આદિનું સ્વરૂપ જાણવા યોગ્ય છે તથા શ્રદ્ધવા યોગ્ય છે અને હિંસા આદિ પાંચ પાપ ત્યાગ કરવાયોગ્ય છે, વ્રત-શીલાદિ પાળવાયોગ્ય છે આ બધાં વ્યવહારરત્નત્રયના લક્ષણ છે.

નિશ્ચયરત્નત્રયની સાથે વિકલ્પરૂપે આવા વ્યવહારરત્નત્રયના પરિણામ હોય છે. શુદ્ધાત્મા સહિત છએ દ્રવ્યોનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવી જોઈએ. સાત તત્ત્વ, પાંચ અસ્તિકાયનું પણ શ્રદ્ધા અને જ્ઞાન કરવું જોઈએ. આ શુભભાવનું લક્ષણ છે, પરમાર્થે ધર્મનું લક્ષણ નથી. પરદ્રવ્ય આશ્રિત જેટલો વિકલ્પ હોય છે તેનો નિર્વિકલ્પમાં જતાં અભાવ થાય છે પણ કથનમાં એમ આવે કે આવો શુભરાગરૂપ વ્યવહાર હતો તેથી નિશ્ચય પ્રગટ થયો. વ્યવહારને નિશ્ચયનું નિમિત્ત કહેવાય.

અહીં તો વ્યવહાર કોને કહેવો તે બતાવ્યું છે કે વ્યવહાર એટલે 'ભેદ' ભેદરત્નત્રય વ્યવહારે આરાધવા યોગ્ય છે. અશુભવિકલ્પને ટાળવા માટે એવી ભૂમિકા હોય છે. સ્વદ્રવ્યના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા થાય તે નિશ્ચય રત્નત્રય છે અને સાથે ભગવાને કહેલાં દ્રવ્યો અને તત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પાંચ અણુવ્રત, મહાવ્રતરૂપ વ્યવહારરત્નત્રય પણ હોય છે. બંને એકસાથે હોય છે.

બાપુ! અલૌકિક મારગ છે, તે આ જીવે સાંભળ્યા નથી અને સાંભળ્યા હોય તો વિચારમાં લીધાં નથી. વિચારમાં લે તો જ સાંભળ્યા કહેવાય. શાસ્ત્ર સાંભળ્યા, ગોખી નાંખ્યા, ભણ્યો પણ વિચાર્યું નહિ તેથી કાંઈ લાભ ન થયો. અહીં તો તેનાથી પણ આગળ સ્વદ્રવ્યનો આશ્રય લેવાની અને પરદ્રવ્યનો આશ્રય છોડવાની વાત છે.

ભેદરત્નત્રયને વ્યવહાર કહો, ઉપચાર કહો, નિશ્ચયની અપેક્ષાએ ગૌણ કહો.... વ્યવહારના વિકલ્પને છોડીને નિર્વિકલ્પતા થાય છે. વ્યવહાર માટે અનેક પ્રકારની ભાષા આવે પણ નિશ્ચય અને વ્યવહારનું ફળ જુદું છે. વ્યવહારના ફળમાં નિશ્ચય બતાવવો એ પણ વ્યવહાર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નિશ્ચય તો આ છે—વીતરાગ સદા આનંદરૂપે જે નિજ શુદ્ધાત્મા આત્મિક સુખરૂપ સુધારસના આસ્વાદથી પરિણત થયો છે તેનું સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ અભેદરત્નત્રય છે તે જ સાચાં રત્નત્રય છે એમ જાણવું.

❀

❀ પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદને અનાદિ-સાંત કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છે. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા! ૨. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૨)*

# દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુ-સ્વરૂપ આત્માનું ધ્યાન જ મુક્તિનું કારણ છે

(સળંગ પ્રવચન નં.–૯૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજા અધિકારની ૩૧મી ગાથા ચાલે છે.

વીતરાગ સદા આનંદરૂપ જે નિજ શુદ્ધાત્મા આત્મિક સુખરૂપ સુધારસના આસ્વાદથી પરિણત થયો છે તેના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રય છે તેનો જે ભક્ત (આરાધક) તેના આ લક્ષણ છે.

જે રત્નથી મુક્તિ પ્રાપ્ત થાય એવા સાચાં રત્નત્રયની આ વાત છે. જે આત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદથી પરિણત થયેલો છે એવા આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં આચરણરૂપ અભેદ રત્નત્રય છે તેના જે ભક્ત છે એવા ભક્તના લક્ષણ શું હોય છે તે અહીં કહેવાય છે.

જોકે વ્યવહારનયથી સવિકલ્પ અવસ્થામાં ચિત્તને સ્થિર કરવા માટે ભક્ત પંચ-પરમેષ્ઠીનું સ્તવન કરે છે કે જે પંચપરમેષ્ઠીનું સ્તવન દેવેન્દ્ર ચક્રવર્તી આદિની વિભૂતિનું કારણ છે અને પરંપરા શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિનું કારણ છે; આત્માની મોક્ષરૂપ વિભૂતિનું કારણ તો અભેદરત્નત્રય છે. શુભરાગ આત્માની મોક્ષરૂપ લક્ષ્મીનું કારણ નથી પણ શુભવિકલ્પ છૂટીને સ્વરૂપમાં સ્થિતિ થાય છે તેથી વ્યવહારનયે આ વ્યવહારને મોક્ષનું પરંપરા કારણ કહેવાય છે.

દૃષ્ટિ અને જ્ઞાન તો શુદ્ધ ચૈતન્યના થયા હોય પણ જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી ધર્મીને વિકલ્પમાં આ પ્રકારનો—પંચપરમેષ્ઠીના ગુણસ્તવન, ધ્યાન આદિનો—રાગ આવે છે. તીર્થંકરાદિના સમવસરણનો—પુણ્યના ફળમાં પ્રાપ્ત વૈભવનો મહિમા નથી પણ તેમના આત્માના ગુણનો મહિમા આવે છે તેથી સ્તુતિ કરે છે. અરિહંતના, સિદ્ધના, આચાર્ય-ઉપાધ્યાય, સાધુના આત્મિકગુણોનું સ્તવન એ પણ વિકલ્પ છે–રાગ છે પણ સ્વરૂપસ્થિરતા ન થાય ત્યાં સુધી એવો રાગ આવે છે.

પંચપરમેષ્ઠીના દ્રવ્યનું સ્તવન, ગુણનું સ્તવન, વચનથી તેમની અનેક પ્રકારે સ્તુતિ અને મનથી તેમના નામના અક્ષર તથા તેમનું રૂપ આદિ ધ્યાવવા યોગ્ય છે. આગળ 'વસ્તુસ્તવન' પણ આવી ગયું છે. વસ્તુ એટલે પોતાનો આત્મા અને ભગવાનના આત્માના ગુણગાન કરવા

તે વસ્તુસ્તવન છે. આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત પ્રભુતાનો સ્વામી છે એમ વસ્તુના ગુણગાન અથવા પંચપરમેષ્ઠીની વસ્તુના ગુણગાન એ શુભવિકલ્પ છે તેના ફળમાં ઈન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિ પ્રાપ્ત થાય છે. આ, સમ્યગ્દષ્ટિના શુભરાગમાં આવા ફળની પ્રાપ્તિની વાત છે, મિથ્યાદષ્ટિની વાત નથી.

પ્રથમથી જ આત્મા વીતરાગ શુદ્ધ નિર્વિકલ્પ વસ્તુ છે એવી અંતરમાં પ્રતીત થઈ છે, આત્માનું સમ્યગ્જ્ઞાન છે પણ સ્વરૂપમાં સ્થિરતાની દશા નથી ત્યારે આવી પ્રથમ દશામાં ધર્મીને વ્યવહારરત્નત્રયરૂપ ગુણસ્તુતિ આદિના વિકલ્પ હોય છે. વચનથી પણ અનેક પ્રકારે ગુણોની સ્તુતિ કરે છે અને ભગવાનના નામનું, ઓમ્, સિદ્ધ આદિ અક્ષરનું ધ્યાન કરે છે. ભગવાનનું રૂપ અને સ્વરૂપ પણ પ્રથમ ભૂમિકામાં ધ્યાવવા યોગ્ય છે તોપણ પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિના સમયે કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ પરિણત જે નિજ શુદ્ધાત્મા છે તે જ આરાધવા યોગ્ય છે.

અભેદરત્નત્રયના ભક્તનું ખરું આ લક્ષણ છે કે તેને નિજ શુદ્ધાત્મા જ આરાધવા યોગ્ય છે, કેવળજ્ઞાન એટલે જ્ઞાનરૂપે પરિણમેલો (જ્ઞાનસ્વરૂપ) આનંદરૂપે પરિણમેલો (આનંદ-સ્વરૂપ) પોતાનો આત્મા જ તેને આરાધ્યદેવ છે. અન્ય કોઈ તેને આરાધ્ય નથી. રાગ વિનાનો કેવળ જ્ઞાનરૂપ અને આનંદરૂપ આત્મા જ આરાધવા યોગ્ય છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ અભેદરત્નત્રય છે.

જાણવા માટે નિશ્ચય અને વ્યવહાર બંને નય સમાન છે, આદરવા માટે એક નિશ્ચયનય જ છે, કેમ કે સ્વભાવભાવથી જ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. સંયોગીભાવથી તો સંયોગ મળે છે, સ્વભાવ મળતો નથી માટે ધ્યાન કરવાયોગ્ય એક નિજ શુદ્ધાત્મા જ છે અને વચ્ચે વિકલ્પ આવે તો પંચપરમેષ્ઠી ધ્યાવવા યોગ્ય છે, અન્ય કોઈ ધ્યાન કરવા યોગ્ય નથી. આઠમા ગુણસ્થાને શ્રેણી ચડે છે તેની આ વાત નથી. અહીં તો જે વિકલ્પમાં આવે છે અને ફરી સ્થિર થાય છે એવા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની વાત છે.

અભેદરત્નત્રયનું ફળ મુક્તિ છે અને ભેદરત્નત્રયનું ફળ દેવેન્દ્ર, ચક્રવર્તી આદિના પદની પ્રાપ્તિ છે. જેટલો રાગ બાકી રહ્યો છે તેના ફળમાં અનુકૂળ સંયોગો મળશે, તેના પ્રત્યે લક્ષ જશે, તેને ભોગવવામાં અશુભભાવ થશે, તેમાં શેકાવું પડશે.

શ્રોતા :—શુભરાગ આવે છે તે શુદ્ધભાવનો પાડોશી ખરો કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, ના. એ તો દૂર રહેલો છે અને શુદ્ધભાવથી શુભભાવની જાત જ જુદી છે. આ તો માત્ર એટલું જ બતાવવું છે કે શુદ્ધભાવમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી

www.vitragvani.com



વચ્ચે આવો શુભરાગ આવે છે. છટ્ઠે-સાતમે અને ચોથે-પાંચમે ગુણસ્થાને પંચપરમેષ્ઠીના ગુણસ્તવન આદિનો રાગ આવે છે પણ તે મૂળ માર્ગ નથી. મોક્ષનો મૂળ માર્ગ તો અભેદરત્નત્રય જ છે.

આત્માના આશ્રયે પ્રગટેલી દશા જ મોક્ષનો માર્ગ હોય, પરના આશ્રયે થયેલી દશા મોક્ષનો માર્ગ નથી. જેટલો આત્માનો આશ્રય આવ્યો એટલું જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. જેટલો પરનો આશ્રય રહ્યો છે તે દોષરૂપ છે માટે કહ્યું કે નિશ્ચય-રત્નત્રયરૂપે પરિણત આત્મા જ નિર્વિકલ્પ દશામાં ધ્યાવવા યોગ્ય છે, નિજરૂપ જ ઉપાદેય છે.

આગળ ૩૨મી ગાથામાં કહે છે કે જ્ઞાની નિર્મળ રત્નત્રયને જ આત્મસ્વરૂપ માને છે અને પોતાને જ શિવ જાણે છે, તેઓ જ મોક્ષપદના ધારક થયા થકા નિજ આત્માને ધ્યાવે છે.

**जे रयण-त्तउ णिम्मलउ णाणिय अप्पु भणंति।**
**ते आराहय सिव-पयहँ णिय-अप्पा झायंति॥३२॥**

અહીં અભેદરત્નત્રયને નિર્મળ રત્નત્રય કહ્યાં છે અને વ્યવહારરત્નત્રય છે તે મળવાળા છે. વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ મેલ છે, શુભરાગરૂપ છે, તેનાથી પુણ્યબંધ થાય છે.

અર્થ :—જે જ્ઞાની નિર્મળ રાગાદિ દોષરહિત રત્નત્રયને આત્મા કહે છે તે શિવપદના આરાધક છે અને તેઓ જ મોક્ષપદના આરાધક થયા થકાં પોતાના આત્માને ધ્યાવે છે.

જોયું! નિર્મળરત્નત્રયને જ 'આત્મા' કહ્યો છે. જે રાગાદિ થાય છે તે આત્મા નથી એમ બતાવવા માટે નિર્મળ રત્નત્રયને જ આત્મા કહ્યો છે. જે અભેદરત્નત્રયને આત્મા માને છે તે જ શિવપદનો આરાધક છે. નિર્મળ રત્નત્રયરૂપ આત્માની પરિણતિ છે તે જ આત્મા છે એમ કહીને વિકલ્પ ઊઠે છે તે અનાત્મા છે એમ સિદ્ધ કરવું છે. આત્માની પોતાની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રપરિણતિ તે જ આત્મા છે. આવો આત્મા જ પોતાના મોક્ષપદનો આરાધક છે, તેમાં વચ્ચે નિમિત્ત અને રાગની વાત જ અહીં કરી નથી.

ભાવાર્થ :—જે કોઈ વીતરાગ સ્વસંવેદનજ્ઞાની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર-રૂપ આત્માને માને છે તે જ મોક્ષપદના આરાધક થયા થકા નિશ્ચયનયથી કેવળ નિજરૂપને જ ધ્યાવે છે.

નિશ્ચયનયથી એકલા આત્માનંદને ધ્યાવે છે તે મોક્ષમાર્ગી છે. મોક્ષમાર્ગીજીવ-સ્વનું સંવેદન કરનારા જ્ઞાની દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલા આત્માને જ આત્મા માને છે.

પરમાત્મપ્રકાશમાં સાર...સાર માલ મૂક્યો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આગળ એમ વ્યાખ્યાન કરે છે કે જે અનંત ગુણરૂપ રાગાદિ દોષ રહિત નિજ આત્માને ધ્યાવે છે તે નિશ્ચયથી શીઘ્ર જ મોક્ષને પામે છે.

**अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे जायंति।**
**ते पर णियमें परम-मुणि लहु णिव्वाणु लहंति॥३३॥**

અર્થ :—જે કોઈ પુરુષ કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમળથી રહિત નિર્મળ આત્માને નિરંતર ધ્યાવે છે તે જ પરમ મુનિ નિશ્ચયનયથી નિર્વાણને શીઘ્ર પામે છે.

કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન—જેમાં રાગની ગંધ પણ નથી એવા કેવળજ્ઞાનસ્વરૂપ, શ્રદ્ધાસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પ્રભુત્વસ્વરૂપ, આનંદસ્વરૂપ, અસ્તિત્વસ્વરૂપ એવા અનંત ગુણસ્વરૂપ નિર્મળ એટલે ભાવકર્મ જે શુભાશુભભાવ, દ્રવ્યકર્મ જે આઠ પ્રકારના જડકર્મ અને નોકર્મ જે શરીર, વાણી, મન...તેનાથી રહિત નિર્મળ આત્માને નિરંતર ધ્યાવે છે...**अणुदिणु** એટલે નિરંતર અથવા અનવરત ધ્યાવે છે—દિન દિન પ્રત્યે અથવા નિરંતર ધ્યાવે છે તે જ પરમમુનિ નિર્વાણને શીઘ્ર પામે છે. નિશ્ચયનયથી તેને મુક્તિ મળે છે.

ભાવાર્થ :—શ્રીગુરુનું આ કથન સાંભળીને પ્રભાકરભટ્ટે પૂછ્યું કે હે પ્રભો! આપે કહ્યું કે જે નિજ શુદ્ધાત્માને ધ્યાવે છે તે જ મોક્ષ પામે છે, બીજાં નહિ, પરંતુ 'ચારિત્રસાર' આદિ ગ્રંથોમાં તો એમ કહ્યું છે કે જે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરે છે તે કેવળજ્ઞાન પામે છે. તો આ વિષયમાં મને સંદેહ થાય છે. તેનું સમાધાન શું છે!

શિષ્ય ભણેલો છે એટલે પ્રશ્ન કરે છે. પ્રભુ! તમે તો આત્માનું ધ્યાન...આત્માનું ધ્યાન જ કરવાનું કહો છો પણ બીજાં શાસ્ત્રમાં બીજી રીતે કથન છે તેનું શું? શિષ્યે, પંચપરમેષ્ઠીના ધ્યાનથી શાસ્ત્રમાં મોક્ષ કહ્યો છે એ વ્યવહારનું કથન છે એ વાત તો સ્વીકારી લીધી છે પણ આ દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરવાથી મોક્ષ કહ્યો છે તેનું શું?

ત્યારે શ્રી યોગીન્દ્રદેવ સમાધાન કરે છે એમ ટીકાકાર પોતે યોગીન્દ્રદેવના નામે ખુલાસો કરે છે કે ચારિત્રસારાદિ ગ્રંથમાં દ્રવ્યપરમાણુ કહ્યો છે ત્યાં પરમાણુની વાત નથી પણ દ્રવ્યની સૂક્ષ્મતા કહી છે અને 'ભાવપરમાણુ' દ્વારા ભાવની સૂક્ષ્મતા કહેવામાં આવી છે. ત્યાં પરમાણુના ધ્યાનની વાત નથી. તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ એવું જ કથન છે. દ્રવ્યપરમાણુથી દ્રવ્યની સૂક્ષ્મતા અને ભાવપરમાણુથી ભાવની સૂક્ષ્મતા સમજવી. અન્ય દ્રવ્યનું કથન ન સમજવું. અહીં તો નિજ દ્રવ્ય અને નિજ ગુણપર્યાયનું જ કથન છે, અન્ય દ્રવ્યનું પ્રયોજન નથી. અન્ય દ્રવ્યનું લક્ષ કરવાથી તો વિકલ્પ ઊઠે છે, નિજ દ્રવ્યના ધ્યાનથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સર્વજ્ઞપરમેશ્વરે જેવા આત્માને જોયો છે તેવા આત્માનું તું ધ્યાન કર ત્યારે તને મુક્તિ પ્રાપ્ત થાય. પરદ્રવ્યના ધ્યાનથી મુક્તિ ન થાય. ભગવાનના ધ્યાનથી પણ રાગ થાય, મુક્તિ ન થાય. ધવલ આદિમાં પરના ધ્યાનની વાત આવે છે તે વિકલ્પના કાળની વાત છે. જ્યારે સ્થિર થાય ત્યારે પરનું ધ્યાન હોતું નથી. ભગવાનનું ધ્યાન હોય ખરું પણ તેનાથી મુક્તિ ન થાય, પુણ્યબંધ થાય. મુક્તિમાં સ્વદ્રવ્યનું ધ્યાન જ કારણ થાય, એ સિવાય બીજું કોઈ કારણ હોઈ શકે નહિ. આમાં કોઈ ફેરફાર ચાલે તેમ નથી.

શિષ્ય ઓઘે ઓઘે માની લેનારો નથી. તેને બીજા શાસ્ત્રનું કથન યાદ છે કે ત્યાં દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુના ધ્યાનથી મોક્ષ કહ્યો છે અને અહીં તમે આત્માના ધ્યાનથી મોક્ષ કહો છો તેનો મારે મેળ કેવી રીતે કરવો? એમ પૂછીને પોતાના સંદેહનું નિવારણ મેળવે છે કે ત્યાં પરમાણુ શબ્દથી સૂક્ષ્મતા કહેવી છે. પોતાના જ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયની સૂક્ષ્મતાના ધ્યાનથી મોક્ષ કહ્યો છે તેથી બંને કથન સમાન છે. પુણ્ય-પાપ વિનાની આત્મવસ્તુ દ્રવ્યે પરમ+અણુ હોવાથી દ્રવ્યપરમાણુ છે.

આત્મદ્રવ્ય રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત છે તેને સૂક્ષ્મપણું કેવી રીતે છે એમ શિષ્યે પ્રશ્ન કર્યો તેનું સમાધાન આ છે કે મન અને ઈન્દ્રિયોથી અગોચર હોવાથી આત્મા દ્રવ્યે સૂક્ષ્મ કહેવામાં આવે છે. આત્મદ્રવ્ય મનથી કે વિકલ્પથી કે ઈન્દ્રિયથી ગમ્ય થતું નથી માટે તેને સૂક્ષ્મ કહેવામાં આવ્યું છે અને ભાવપરમાણુ એટલે ભાવે સૂક્ષ્મતા એ રીતે છે કે આત્માના સ્વસંવેદન પરિણામ પણ પરમસૂક્ષ્મ છે, વીતરાગ નિર્વિકલ્પ પરમ સમરસીભાવરૂપ છે, તે મન અને ઈન્દ્રિયોને ગમ્ય નથી માટે આત્મા ભાવે સૂક્ષ્મ છે. વીતરાગી પરિણમનવાળું જ્ઞાનનું વેદન સૂક્ષ્મ હોવાથી તેને ભાવે સૂક્ષ્મતા અર્થાત્ ભાવપરમાણુ કહેવામાં આવે છે.

આમ, દરેક જગ્યાએ આત્માના આશ્રયે જ મુક્તિ કહી છે કારણ કે સ્વદ્રવ્યના આશ્રયથી જાતની ભાત પડે છે કે કાંઈ પરદ્રવ્યના આશ્રયથી સ્વમાં ભાત પડે! સ્વદ્રવ્ય અનાદિ-અનંત એકરૂપ છે. નિગોદમાં પણ એવો ને એવો રહ્યો છે. અનંત ગુણસ્વરૂપ સ્વવસ્તુના આશ્રયે જ મુક્તિની ભાત પડે છે. વચ્ચે પંચપરમેષ્ઠી પ્રત્યે પૂજા, ભક્તિ, સ્તવનાદિ ભાવ હોય ખરાં, પણ તે મુક્તિનું કારણ નથી. જ્યાં સુધી આત્મામાં સ્થિરતા ન થાય ત્યાં સુધી એવા શુભભાવ આવે, પણ તે બંધનું કારણ છે.

આત્મદ્રવ્ય તો ઈન્દ્રિય અને મનથી અગોચર હોવાથી સૂક્ષ્મ છે પણ તેના વીતરાગ નિર્વિકલ્પ સમરસીભાવરૂપ પરિણામ પણ પરમસૂક્ષ્મ છે. જ્ઞાન, આનંદ શક્તિનું વેદન—ભાવથી સૂક્ષ્મ છે—પરમ સૂક્ષ્મ છે. આ એક સમયની વીતરાગી પર્યાય છે તે ભાવેસૂક્ષ્મ છે અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મદ્રવ્ય દ્રવ્યે સૂક્ષ્મ છે. મન અને ઈન્દ્રિયો સંબંધી વિકલ્પ મરે ત્યારે વીતરાગપરિણતિ થાય છે માટે તે પણ મન અને ઈન્દ્રિયથી ગમ્ય નથી માટે સૂક્ષ્મ છે.

આ કથન સાંભળી ફરી શિષ્ય પ્રશ્ન પૂછે છે કે તમે પરદ્રવ્યના આલંબનરૂપ ધ્યાનનો નિષેધ કર્યો અને નિજ શુદ્ધાત્માના ધ્યાનથી જ મોક્ષ કહ્યો—આવું કથન ક્યાં કર્યું છે? એમ કહીને આધાર માગે છે.

આ પ્રશ્નનું સમાધાન એ છે કે ''अप्पा झायहि णिम्मलउ'' નિર્મળ આત્માને ધ્યાવો એવું કથન આ જ ગ્રંથમાં આગળ કહ્યું છે, ગાથા ૯૭માં—તેમાં કહ્યું છે કે તું નિર્મળ આત્માનું ધ્યાન કર! અન્ય પદાર્થોથી તારે શું પ્રયોજન છે? દેશ, કાળ આદિ પદાર્થ તો જુદાં જ છે, તેનાથી કાંઈ પ્રયોજન નથી અને રાગાદિ-વિકલ્પજાળનાં સમૂહના પ્રપંચથી પણ કાંઈ ફાયદો નથી, એક નિજ સ્વરૂપના ધ્યાનથી ક્ષણમાત્રમાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

લોકોને તો દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ થઈ જતો હોય તો ઠીક પડે—એમ માને છે પણ તેમાં તો વ્યવહારધર્મ પણ નથી કેમ કે દૃષ્ટિ જ વિપરીત છે. નિજદ્રવ્યની દૃષ્ટિ થયા વિના પરદ્રવ્યના આલંબનને વ્યવહાર ક્યાંથી કહેવાય! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આ તો એક સમયમાં વીતરાગ પરમદેવને જેવો આત્મા પ્રગટ્યો છે તેવો જ દરેકનો આત્મા છે, તેને શુભાશુભ વિકલ્પથી રહિત શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાં ધ્યાવવો તે મુક્તિનું કારણ છે. બાકી વચ્ચે જે શુભવિકલ્પ આવે છે તે પુણ્યબંધનું કારણ છે. શુભભાવ અને શુદ્ધભાવ બંને જુદાં જુદાં ભાવ છે, તેના ફળ પણ જુદાં છે અને બંનેની દિશા પણ જુદી છે.

શુભ અને શુદ્ધભાવની જાત એક જ હોય તો બે જુદાં ભાવ કેમ કહેવાય! બંનેની જાત જુદી છે, વિષય પણ જુદાં છે. શુદ્ધભાવનો વિષય 'સ્વદ્રવ્ય' છે અને તેના ફળમાં મોક્ષ છે જ્યારે શુભવિકલ્પનો વિષય 'પરદ્રવ્ય' છે અને તેના ફળમાં બંધ અને સંયોગોની પ્રાપ્તિ છે. જ્ઞાનીને આ બંને ભાવ હોય છે પણ તેના વિષયમાં, ફળમાં અને દિશામાં ફેર છે. બંને ભાવ એક થઈ જતાં નથી.

શ્રોતા :—બે જુદાં ભાવ છે તો એક સાથે કેમ રહી શકે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાથે રહેવામાં વાંધો નથી. અનાજ અને કાંકરા સાથે રહે છે કે નહિ! તેમ જ્ઞાનીને શુદ્ધભાવ અને શુભભાવ બંને સાથે હોય છે પણ જુદાંપણે જ રહે છે. પછી જ્યારે તદ્દન જુદાં પડી જાય ત્યારે એકલો શુદ્ધભાવ રહી જાય છે અને શુભભાવનો અભાવ થાય છે.

સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામીએ પણ કહ્યું છે—''आत्मानम्'' અર્થાત્ જીવપદાર્થ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પોતાના સ્વરૂપને પોતામાં જ પોતાથી કે ક્ષણમાત્ર પણ નિર્વિકલ્પ સમાધિપૂર્વક આરાધતો થકો સર્વજ્ઞ વીતરાગ થઈ જાય છે. પોતાના ષટ્કારક પોતામાં જ છે, બીજા ષટ્કારક શોધવા જવાની તારે જરૂર નથી. આત્મા જ કર્તા છે, આત્મા જ કર્મ છે, આત્મા જ સાધન છે, આત્મા જ સંપ્રદાન, આત્મા જ અપાદાન છે અને આત્મા જ પોતાનો આધાર છે. પ્રવચનસારમાં ૧૬મી 'સ્વયંભૂ'ની ગાથામાં જીવના નિર્મળ ષટ્કારક પોતામાં જ બતાવ્યા છે. બીજા ષટ્કારકને શોધવાની તારે જરૂર નથી. શુભાશુભવિકલ્પથી રહિત દૃષ્ટિમાં આખા આત્માને લઈ, તેમાં સ્થિરતા દ્વારા ષટ્કારકનું પરિણમન જીવ પોતે પોતાથી કરે છે માટે આત્મા 'સ્વયંભૂ' છે. વિકલ્પ કે વ્યવહારથી આત્માનો મોક્ષ થતો નથી.

આવી વાત એને કબૂલવી કઠણ પડે છે કેમ કે 'વ્યવહારથી કાર્ય થાય' એમ પોતે માને છે, મનાવે છે અને તેમાં જ તેને હોંશ છે પણ એમ વિચાર નથી કરતો કે પરનાં આશ્રયરૂપ વ્યવહાર તો અનાદિથી છે છતાં જીવનું હિત તો થયું નહિ. પરાશ્રિત વ્યવહાર તો અનાદિથી જેને રૂઢ છે એવા વ્યવહારમૂઢ જીવો નિશ્ચય અનારૂઢ છે. તેને ખરો વ્યવહાર પણ નથી. જેને નિશ્ચય પ્રગટ થયો હોય તેને વ્યવહાર હોય, બાકી નિશ્ચય વિના વ્યવહાર કેવો! નિશ્ચય વિના તો જીવ વ્યવહારમાં મૂઢ છે. સમયસાર ગાથા ૪૧૩માં આ વાત આવે છે.

શ્રોતા :—ભગવાનને યાદ કરીએ તો ભગવાન થવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતે પોતાનો જૂઠો બચાવ કરવા ભગવાનને યાદ કરે છે કે ભગવાનને યાદ કરવાથી મને મુક્તિ મળશે. પણ ભગવાન કહે છે કે તું મને ઓળખતો જ નથી તો યાદ શું કરવાનો હતો! તું પોતે ભગવાન છો, તને તું ભગવાનપણે યાદ કર ત્યારે ભગવાન થઈશ. બીજા સર્વને તો ભૂલી જાય પણ ભગવાનને પણ ભૂલીને પોતાને યાદ કરે ત્યારે ભગવાન થાય છે.

જે શુક્લધ્યાનમાં દ્રવ્યપરમાણુની સૂક્ષ્મતા અને ભાવપરમાણુની સૂક્ષ્મતા ધ્યાન કરવા યોગ્ય છે એવા શુક્લધ્યાનમાં નિજ વસ્તુ અને નિજ ભાવનો જ સહારો છે, પરવસ્તુનો સહારો નથી. સિદ્ધાંતમાં શુક્લધ્યાનના બે ભેદ કહ્યાં છે તે અવાંછિકવૃત્તિથી ગૌણરૂપે જાણવા, મુખ્યવૃત્તિથી ન જાણવાં. તેનું દ્રષ્ટાંત—જેમ, ઉપશમસમ્યક્ત્વનાં ગ્રહણ સમયે જે અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના ભેદ કહ્યાં છે તેને જીવ વાંછાપૂર્વક કરતો નથી, સહજ થઈ જાય છે, તેને ખબર નથી કે આ અધઃકરણના પરિણામ છે, શુદ્ધિસ્વરૂપની સન્મુખતામાં કરણના પરિણામ સહેજે થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે પ્રથમ અવસ્થામાં ચિત્તને સ્થિર કરવા માટે અને વિષય-કષાયરૂપ ખોટા ધ્યાનને રોકવા માટે, પરંપરા મુક્તિના કારણ એવા અરહંતાદિ પંચપરમેષ્ઠીનું ધ્યાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરવાયોગ્ય છે. અશુભથી ખસવા માટે આ ઉપાય છે. પછી ચિત્ત સ્થિર થતાં મુક્તિનું કારણ જે નિજ શુદ્ધાત્મતત્ત્વ છે તે જ ધ્યાવવા યોગ્ય છે. આ પ્રકારે સાધ્ય-સાધકભાવને જાણીને ધ્યાવવા યોગ્ય વસ્તુમાં વિવાદ ન કરવો. પંચપરમેષ્ઠીનું ધ્યાન વ્યવહારે સાધક છે અને આત્મધ્યાન સાધ્ય છે, આમ નિઃસંદેહ જાણવું.

ધ્યેય તો આત્મા જ છે પણ સાથે વ્યવહારમાં પંચપરમેષ્ઠીના ધ્યાનનો ભાવ આવે છે તેમાં વિવાદ ન કરવો. અંતે તેનું લક્ષ પણ છોડીને આત્માના લક્ષમાં આવે ત્યારે જ ધ્યાન જામે છે એ સિવાય નિર્વિકલ્પ ધ્યાન થતું નથી.

❁

❁ જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,—એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય—પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૯૭)*

www.vitragvani.com



# ઉપયોગની અટપટી વાતો

(સળંગ પ્રવચન નં-૯૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ છે. બીજા અધિકારની ચોત્રીસમી ગાથા છે.

હવે સામાન્ય ગ્રાહક નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શનને કહે છે. વિષય જરા બદલ્યો છે. સમ્યગ્દર્શનની વાત ચાલે છે પણ તેમાં દર્શન ઉપયોગની વાત સાથે લીધી છે.

**सयल-पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ।**
**वत्थु-विसेस-विवज्जियउ तं णिय-दंसणु जोई॥३४॥**

અર્થ :—જીવોને જ્ઞાનની પહેલાં પદાર્થોનું સામાન્યરૂપે દેખવું થાય તે 'દર્શન' છે, તેને તું જાણ!—આમ યોગીન્દ્રદેવે કહ્યું.

ભાવાર્થ :—તો પ્રભાકરભટ્ટ પૂછે છે કે આપે જે કહ્યું કે 'નિજાત્માનું દેખવું તે દર્શન છે' આ તો આપે ઘણીવાર કહ્યું છે. પણ અહીં તો 'સામાન્ય અવલોકન'ને દર્શન કહ્યું તો આવું 'દર્શન' તો મિથ્યાદષ્ટિઓને પણ હોય છે તો તેનો પણ મોક્ષ થવો જોઈએ.

પોતાના આત્માના શુદ્ધસ્વરૂપને અંતરમાં દેખવું તેને સમ્યગ્દર્શન કહેવાય છે એ વાત તો ચાલી જ આવે છે તેમાં આ બીજું 'દર્શન' ક્યાંથી આવ્યું! નિજાત્માને દેખવારૂપ દર્શનની સાથે આ સામાન્ય અવલોકનરૂપ દર્શનની વાત ક્યાંથી આવી? એમ શિષ્યને પ્રશ્ન ઊઠે છે. (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન (૪) કેવળદર્શન. આંખોથી જે દેખવું થાય છે તે 'ચક્ષુદર્શન' છે અને આંખ સિવાય બીજી ઈન્દ્રિયો અને મનથી થાય તે 'અચક્ષુદર્શન' છે. અવધિજ્ઞાનની પહેલાં થતું દર્શન અવધિદર્શન છે અને કેવળજ્ઞાનની સાથે થાય છે તે કેવળદર્શન છે. આ ચારમાંથી છદ્મસ્થ અવસ્થામાં કેવળદર્શન તો નથી. બાકી ત્રણ દર્શનમાંથી આત્માનું અવલોકન છદ્મસ્થ અવસ્થામાં મનથી થાય છે અને તે આત્મદર્શન મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિયોના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયથી થાય છે. માટે, સમ્યગ્દષ્ટિને તો આત્માનું અચક્ષુદર્શન તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત હોવાથી મોક્ષનું કારણ છે. આમ, અહીં સમ્યગ્દષ્ટિના અચક્ષુદર્શનને મોક્ષમાર્ગમાં લીધું છે.

સમ્યગ્દષ્ટિને તો શુદ્ધાત્મતત્ત્વ જ ઉપાદેય છે અને મિથ્યાદષ્ટિને તો તત્ત્વશ્રદ્ધાન નહિ હોવાથી આત્માનું દર્શન થતું જ નથી. તેથી મિથ્યાદષ્ટિને તો માત્ર સ્થૂળરૂપે પરદ્રવ્યનું દેખવું, જાણવું, મન અને ઈન્દ્રિયો દ્વારા થાય છે તેને કાંઈ સમ્યગ્દર્શન નથી તેથી તેને મોક્ષનું કારણ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પણ નથી. સમ્યગ્દષ્ટિને જ આત્માના અવલોકનરૂપ અચક્ષુદર્શન હોઈ શકે છે, મિથ્યાદષ્ટિને હોતું નથી. સમ્યગ્દષ્ટિને અચક્ષુદર્શનના કાળમાં આત્મા ઉપાદેય છે એવું ભાન હોવાથી તેનું દર્શન મોક્ષનું કારણ થાય છે. મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન જ નથી, આત્માની ઉપાદેયતાનું ભાન નથી તેથી તેના દર્શને મોક્ષનું કારણ કહી શકાતું નથી.

મિથ્યાદષ્ટિને તો સ્થૂળરૂપે ઈન્દ્રિયો દ્વારા પરનું દેખવું અને જાણવું થાય છે. સ્વદ્રવ્યનું દેખવું કે જાણવું થતું નથી. તેથી મિથ્યાદષ્ટિના અચક્ષુદર્શનની વાત નથી. અહીં તો જેને તત્ત્વાર્થશ્રદ્ધાન છે એવા સમ્યગ્દષ્ટિના અચક્ષુદર્શનમાં મન વડે આત્માનું દર્શન થતું હોવાથી અને સાથે તત્ત્વાર્થશ્રદ્ધાન અને આત્મજ્ઞાન હોવાથી તેને મોક્ષનું કારણ કહીએ છીએ.

સમ્યગ્દર્શન સહિત મનથી જેને આત્માનું અવલોકન થાય છે તેને જ અહીં ગણવામાં આવ્યું છે. મિથ્યાદષ્ટિને પાંચ ઈન્દ્રિય અને મનથી જ્ઞાનની પહેલાં જે અવલોકન થાય તે પરપદાર્થોનું જ થાય છે અને તે તો અભવિને પણ થાય છે—એવા દર્શનઉપયોગની અહીં વાત કરી નથી. અહીં તો તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત જે અચક્ષુદર્શન મન વડે આત્માને સામાન્યપણે જુએ છે તેની વાત કરી છે.

કહો સમજાય છે! પરિચય નહિ, અભ્યાસ નહિ એટલે ઝીણું પડે. કમાવાનો અભ્યાસ ઘણો એટલે તેમાં બધું સહેલું પડે!

સારાંશ એ છે કે તત્ત્વાર્થશ્રદ્ધાનના અભાવથી સમ્યક્ત્વનો અભાવ છે અને સમ્યક્ત્વના અભાવથી મોક્ષનો અભાવ છે. મિથ્યાદષ્ટિ સામાન્યપણે ચક્ષુ, અચક્ષુદર્શનથી પદાર્થને દેખે તે કાંઈ મોક્ષનું કારણ નથી. તત્ત્વોના શ્રદ્ધાન સહિત મનથી આત્માનું અવલોકન કરે તેને મોક્ષના કારણમાં ગણવામાં આવ્યું છે. તેનો અર્થ જ એ કે તત્ત્વશ્રદ્ધાન જ ખરેખર મોક્ષનું કારણ છે. મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થનું શ્રદ્ધાન નહિ હોવાથી આત્માનું અવલોકન પણ નથી. મિથ્યાદષ્ટિને અચક્ષુદર્શન તો છે પણ તે વડે પરદ્રવ્યનું જ અવલોકન કરે છે, પરદ્રવ્યને જાણે છે તે પહેલાં તેનું અવલોકન થાય છે. તેનું નામ દર્શન છે.

અહીં તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનની વાત ચાલે છે તેમાં સાથે દર્શન ઉપયોગની વાત લઈને ગાથામાં ચોથા પદમાં તેને **निज-दर्शन** કહી દીધું છે. તેથી મિથ્યાદષ્ટિના સામાન્ય અવલોકનની વાત નથી પણ સમ્યગ્દષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત મનથી જે સામાન્ય અવલોકન થાય છે તેમાં નિજદર્શન એટલે કે આત્મદર્શન થાય છે એમ તું જો. પાઠમાં જે કહેવાં માંગે છે તે જ ભાવ ટીકાકારે ખોલ્યો છે કે જ્ઞાનીને આત્માના જ્ઞાનની પહેલાં જે દર્શન એટલે કે સામાન્ય અવલોકન થાય છે તેને તું 'નિજદર્શન' દેખ! એમ આચાર્યદેવ કહેવા માંગે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મિથ્યાદૃષ્ટિને પરનું જ્ઞાન થવા પહેલાં જે સામાન્ય અવલોકન થાય છે તે નિજદર્શન નથી પણ પરદર્શન છે. તેમાં આત્માનું દર્શન-અવલોકન થતું નથી.

૩૧ ગાથાથી અભેદરત્નત્રયની મુખ્યતાથી કથન ચાલે છે. અભેદરત્નત્રય એટલે આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં લીનતારૂપ નિશ્ચયમોક્ષમાર્ગ. તેમાં સામાન્ય અવલોકનરૂપ દર્શનની વાત વચ્ચે ક્યાંથી આવી? અને તેને વળી 'નિજ-દર્શન' કેમ કહ્યું? શું તે પણ મોક્ષનું કારણ છે? આવો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો તેનો ગુરુએ ઉત્તર આપ્યો કે ભાઈ! અહીં મિથ્યાદૃષ્ટિના સામાન્ય અવલોકનની વાત નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત જે સામાન્ય અવલોકન થાય છે તેમાં આત્માનું અવલોકન થતું હોવાથી તેને મોક્ષનું કારણ કહ્યું છે. તેમાં ખરેખર મોક્ષનું કારણ તો તત્ત્વાર્થશ્રદ્ધાન જ છે.

ઘરમાં પકવાન બનાવ્યો હોય, બહુ મીઠો ન હોય તોપણ ઘરના પૂછે કે કેવો છે? તો શેઠ એમ કહી દે કે બહુ સારો છે. તેમ અહીં આ અટપટી વાત બહુ સમજાણી ન હોય તોપણ 'હા' પાડતાં હોય તેથી વિશેષ સ્પષ્ટ કરીએ છીએ.

દરેક જીવને જ્ઞાન થવા પહેલાં સામાન્ય અવલોકન તો થાય જ છે. ભવિ-અભવિ મિથ્યાદૃષ્ટિને દરેકને એવું અવલોકન તો થાય છે તે કાંઈ મોક્ષનું કારણ નથી. દા.ત. આ સીમંધર ભગવાન છે તેનું જ્ઞાન થતાં પહેલાં આત્મામાં એક દર્શનગુણની પર્યાય થાય છે. તેમાં માત્ર દેખવું થાય છે. આ ભગવાન છે એવો ભેદ પણ તેમાં પડતો નથી તે પરિણમનને દર્શન-ઉપયોગ કહે છે અને પછી આ ભગવાન છે એવું જ્ઞાન થાય છે તે જ્ઞાન-ઉપયોગ છે. તો આવા દર્શન ઉપયોગને તો ભગવાને મોક્ષમાર્ગમાં ગણ્યો નથી અને તમે કેમ દર્શન ઉપયોગને મોક્ષમાર્ગમાં લીધો? એવા શિષ્યના પ્રશ્નનું સમાધાન એ કર્યું કે, અહીં નિજાત્માના જ્ઞાન પહેલાંના સમ્યગ્દૃષ્ટિના દર્શન ઉપયોગનું કથન કર્યું છે. માટે પોતાની શ્રદ્ધા, જ્ઞાનને શુદ્ધ કરવાના કાળે મનથી થતાં અચક્ષુદર્શનને શ્રદ્ધા-જ્ઞાનનું સહકારીકારણ ગણીને મોક્ષનું કારણ કહ્યું છે. બાહ્યપદાર્થને જાણવા પહેલાં થતાં સામાન્ય ઉપયોગને મોક્ષમાર્ગ ગણ્યો નથી.

આ તો ભાઈ! જ્ઞાનની કળા છે તેને સમજવી જોઈએ. જ્ઞાનથી જ્ઞાન કરવું જોઈએ. ૩૪ ગાથા થઈ. હવે ૩૫મી ગાથામાં કેવળદર્શનનું કથન કરે છે.

**दसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु।**
**वत्थु-विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु॥३५॥**

છદ્મસ્થને પહેલાં દર્શન ઉપયોગ થાય છે, પછી જ્ઞાન થાય છે પણ કેવળી ભગવાનને તો દર્શન અને જ્ઞાન બંને સાથે થાય છે. આગળ-પાછળ થતાં નથી.

www.vitragvani.com



જ્ઞાન વસ્તુની વિસ્તીર્ણતાને જાણવાવાળું છે. તે પહેલાં જે દેખવું થાય છે તેમાં કોઈ ભેદ ખ્યાલમાં આવતાં નથી. આ મંદિર છે, આ ભગવાન છે, આ સમવસરણ છે એવા ભેદ જ્ઞાનમાં જણાય છે, તે જ્ઞાનને હે જીવ! તું સંશય, વિમોહ અને વિભ્રમથી રહિત જાણ!

ભાવાર્થ :—જે સામાન્યને ગ્રહણ કરે, વિશેષ ન જાણે તે દર્શન છે તથા જે વસ્તુના વિશેષ વર્ણન-આકાર જાણે તે જ્ઞાન છે. આ દર્શન-જ્ઞાનનું વ્યાખ્યાન થયું....

જૈન સિદ્ધાંતપ્રવેશિકામાં આ વાત બહુ આવે છે પણ અભ્યાસ ન હોય તેને ખબર ન હોય. આ તો પાઠશાળામાં બાળકોને ભણાવવામાં આવે છે. કોઈ પણ પદાર્થના વિશેષ પડખાંને જાણ્યા પહેલાં મહાસત્તાનું દર્શન થાય છે એટલે કે 'છે' એવો જે ઉપયોગ તે દર્શન છે. પછી આ શું છે તે જ્ઞાન જાણે છે. સ્વ અને પરના પણ ભેદ પાડ્યા વિના માત્ર સામાન્ય ઉપયોગ થાય તે દર્શન છે. વસ્તુના વિશેષોને જાણે તે જ્ઞાન છે. રંગને, ગંધને, ગુણને, પર્યાયને....ભેદ પાડીને જાણવાનું કામ જ્ઞાનનું છે.

આચાર્યે આ દર્શન-ઉપયોગની વાત ગાથામાં લીધી એટલે ટીકાકાર ખુલાસો કરે છે કે, જોકે આ વ્યવહાર-સમ્યગ્જ્ઞાન શુદ્ધાત્માની ભાવનાના વ્યાખ્યાન સમયે પ્રશંસાયોગ્ય નથી તોપણ પ્રથમ અવસ્થામાં પ્રશંસા યોગ્ય છે એમ ભગવાને કહ્યું છે.

અત્યારે તો આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની અને આત્મભાવનાની વાત ચાલે છે ત્યારે દર્શન ઉપયોગ પહેલાં હોય અને જ્ઞાન-ઉપયોગ પછી હોય એવી વ્યવહાર-સમ્યગ્જ્ઞાનની વાત કરવી યોગ્ય નથી તોપણ દર્શન સામાન્ય છે અને જ્ઞાન વિશેષ છે એ જાણવું પ્રથમ દરજ્જામાં ઉપયોગી છે. કેમ કે ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળના ભેદથી દર્શન-ઉપયોગ ચાર પ્રકારનો હોય છે. તેમાંથી બીજો ભેદ જે અચક્ષુદર્શન છે તેમાં ભવ્યજીવોને દર્શનમોહ અને ચારિત્રમોહના ઉપશમ તથા ક્ષય થવાથી શુદ્ધાત્માની રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ થાય છે તે પહેલાં મનસંબંધી નિર્વિકલ્પદશા થાય છે તે સહકારીકારણ છે.

અહીં ગાથામાં 'અવલોકન'ની વાત કરી છે તેનું સાર્થકપણું બતાવે છે. રાગરહિત, શુભાશુભ વિકલ્પ રહિત આત્માની નિશ્ચય વીતરાગ દૃષ્ટિ અને રાગરહિત ચારિત્રદશાના કાળે મનથી અવલોકન કરતાં—અચક્ષુદર્શનને સહકારીકારણ ગણીને અહીં 'સામાન્ય અવલોકન' કહેવામાં આવ્યું છે.

વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી ચારિત્રના થવા કાળે દર્શન ઉપયોગમાંથી જે અચક્ષુ-દર્શનનો મનથી થતો ઉપયોગ છે તેને સહકારીકારણ ગણીને મોક્ષમાર્ગમાં સાથે ગણવામાં આવ્યો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આગળની ગાથામાં અંદરનું અચક્ષુદર્શન લીધું હતું તેથી તેને નિજદર્શન કહ્યું હતું અને અહીં ફેરવીને વાત કરી છે. અહીં તેને સહકારીકારણ તરીકે લીધું છે. ૩૪મી ગાથામાં સામાન્ય અવલોકન અને વિશેષ અવલોકનનો ભેદ બતાવીને તે દર્શનને 'નિજદર્શન' કહ્યું હતું. તેથી ટીકાકારે આત્મશ્રદ્ધાનના કાળમાં થતાં અચક્ષુદર્શનના ઉપયોગને 'નિજદર્શન' કહીને મોક્ષમાર્ગમાં સાથે લીધું હતું પણ અહીં ૩૫મી ગાથામાં તો દર્શન અને જ્ઞાન ઉપયોગનું સ્વરૂપ બતાવ્યું છે. 'નિજદર્શન' લીધું નથી. ફક્ત ભેદ પાડ્યા વગર સામાન્યપણે વસ્તુને દેખે તે દર્શન-ઉપયોગ છે અને તે જ વસ્તુને ભેદ પાડીને જાણે કે આ જડ છે, આ ચૈતન્ય છે, આ સફેદ છે, આ કાળા છે, એમ અનેક પ્રકારે વસ્તુને ભેદ પાડીને જાણે તે જ્ઞાન ઉપયોગનું કાર્ય છે.

આમ, આ ગાથામાં પણ મોક્ષમાર્ગની વાત નથી, આત્મદર્શનનું કથન નથી તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના કથનમાં આ વ્યવહાર-સમ્યગ્જ્ઞાનની વાત પ્રશંસનીય નથી તોપણ પ્રવચન-ભૂમિકામાં આ વાત પણ જાણવાયોગ્ય છે. માટે એ દૃષ્ટિએ પ્રશંસવાયોગ્ય છે એમ ભગવાને કહ્યું છે અને બીજી રીતે, આત્માના અંતર દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે ચાર પ્રકારના દર્શન ઉપયોગમાંથી એક અચક્ષુદર્શન નામનો ઉપયોગ સાથે કામ કરી રહ્યો છે. માટે તેને 'સહકારીકારણ' ગણીને મોક્ષમાર્ગના કથનમાં સાથે લીધો છે. પહેલી ગાથામાં દર્શન-ઉપયોગને 'નિજદર્શન' કહ્યો હતો અને આ ગાથામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે નિજદર્શન છે અને તેની સાથે દર્શન ઉપયોગ કામ કરે છે તેને સહકારીકારણ તરીકે ગણ્યો છે.

શુદ્ધાત્માનુભૂતિની રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ અને શુદ્ધાત્મ-અનુભૂતિમાં સ્થિરતારૂપ વીતરાગચારિત્રના કાળે દર્શન અને જ્ઞાન બે ઉપયોગમાંથી કોઈ ઉપયોગ તો હોય ને!-ઉપયોગ ન હોય એમ તો ન બને. સામાન્ય અવલોકનરૂપ દર્શન ઉપયોગ છે તે, તેમાં સહકારી છે. નિજ આત્માના શ્રદ્ધા અને ચારિત્રના કાળે પરના વિશેષોનું જ્ઞાન તો નથી પણ દર્શન ઉપયોગ છે—સામાન્ય અવલોકન થઈ રહ્યું છે. માટે તેને મોક્ષમાર્ગમાં સહકારીકારણ ગણ્યું છે. સ્વનું જ્ઞાન છે, સ્વની શ્રદ્ધા છે અને સ્વમાં સ્થિરતા છે એ જ વખતે આવું અચક્ષુદર્શન પણ છે માટે, તે પણ મોક્ષમાર્ગમાં સહકારીકારણ છે. એમ કહીને દર્શન-ઉપયોગની વાત આચાર્યદેવે કરી છે તેનું સફળપણું ટીકાકારે બતાવ્યું છે.

અભેદરત્નત્રયના કાળમાં છદ્મસ્થને દર્શન-ઉપયોગમાંથી અચક્ષુદર્શન છે. તે રત્નત્રયનું સહકારીકારણ છે. કેવળીને તો દર્શન-ઉપયોગ અને જ્ઞાન-ઉપયોગ બંને સાથે હોય છે તેની વાત અહીં નથી. આ તો જ્ઞાનની લીલા છે, અભ્યાસ ન હોય તેને કઠણ લાગે તેથી કાંઈ એ વાત છોડી દેવાય!

વ્યવહારસમ્યગ્દર્શન અને વ્યવહારસમ્યગ્જ્ઞાન પણ ભવ્યજીવને જ હોય છે. અભવ્ય-

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જીવને નિશ્ચયદર્શન-જ્ઞાન નથી તેમ વ્યવહારદર્શન-જ્ઞાન પણ નથી. કેમ કે અભવ્યજીવ મુક્તિને પાત્ર નથી. જે મુક્તિના પાત્ર છે એવા જીવને જ નિશ્ચયની સાથે વ્યવહાર-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે. જેને નિશ્ચય આત્મદર્શન-જ્ઞાન-ચારિત્ર નથી તેને વ્યવહારરત્નત્રય હોતા જ નથી. તેથી અભવિ જીવને અચક્ષુદર્શન તો હોય છે પણ તેને મોક્ષમાર્ગનું સહકારીકારણ નથી. જેને નિશ્ચય-વ્યવહારરત્નત્રય પ્રગટ થયા છે એવા ભવ્યજીવોના અચક્ષુદર્શનને જ મોક્ષમાર્ગમાં સહકારીકારણ કહ્યો છે.

જુઓ! અહીં સત્તા-અવલોકનરૂપ દર્શન-ઉપયોગની વાત કરી અને તેમાં અચક્ષુદર્શનની વાત લઈને તેને સહકારીકારણ કહ્યું, પણ કોને?—કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હોય તેને એ સહકારીકારણ છે. તેમ વ્યવહારરત્નત્રય પણ સહકારી છે, પણ કોને?—કે જેને આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મચારિત્ર હોય તેને વ્યવહારરત્નત્રય સહકારી તરીકે હોય છે. પણ, એ નથી તેને વ્યવહારરત્નત્રય સહકારી નથી.

આમ, અભવિને નિશ્ચય અને વ્યવહાર બંને રત્નત્રય નહીં હોવાથી તેનું અચક્ષુદર્શન માત્ર પરસંબંધી જ છે, નિશ્ચય-વ્યવહારનું સહકારી નથી.

ટીકાકારે પાઠને મેળવીને બધી ટીકાની રચના કરી છે.

સાત તત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને મહાવ્રતાદિ ચારિત્ર એ વ્યવહારરત્નત્રય છે તે, જેને નિશ્ચયરત્નત્રય હોય તેને સહકારી થાય છે. પણ જેને નિશ્ચયરત્નત્રય જ નથી તેને વ્યવહાર-રત્નત્રય સહકારી નથી. ખરેખર તો નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી, વ્યવહારાભાસ હોય છે.

ધંધામાં આવી અટપટી વાત તો આવતી હોય પણ ત્યાં રસ હોય એટલે અટપટું ન લાગે. અહીં રસ ન હોય એટલે અટપટું લાગે.

વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે. અને નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષનું કારણ છે. બંને સાથે સાથે હોય છે. વ્યવહાર પહેલાં અને નિશ્ચય પછી થાય—એમ હોતું નથી. વ્યવહારને સહકારી કહ્યો છે તો નિશ્ચય હોય તો તેને એ સહકારી થાય ને! નિશ્ચય વગર કોનો સહકારી? વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે એટલે કે સાધકદશામાં જે વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો છે તે છોડીને સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે મુક્તિ થશે. નિશ્ચયરત્નત્રય તો સાક્ષાત્ મુક્તિનું કારણ છે તે ગાથાનું તાત્પર્ય છે.

શ્રોતા :—આજ તો દર્શન ઉપયોગની જ વાત ચાલી.

www.vitragvani.com



પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, ૩૪મી ગાથામાં દર્શન-ઉપયોગને 'નિજદર્શન' કહ્યું અને અહીં તેને મોક્ષમાર્ગના સહકારી કારણ તરીકે દર્શાવ્યો. દર્શન ઉપયોગ, જ્ઞાન ઉપયોગ, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર.... એ બધાંના કાર્ય, તેનાં કારણ, તેની સ્થિતિ, તેની સંપદા એ બધું બરાબર જાણવું જોઈએ; કાંઈ ઉપર ટપકે જાણી લેવાથી માલ મળી જાય તેમ નથી.

આખું ચિદાનંદતત્ત્વ અંતરમાં પડ્યું છે તેની શક્તિઓનું, તેના કાર્યોનું, તેના ઉપયોગનું અનેક પ્રકારે વર્ણન છે તે જાણવું જોઈએ. દરેકનું સંશય, વિમોહ અને વિભ્રમરહિત જ્ઞાન કરવું તે જ્ઞાન છે.

આગળ, પરમ ધ્યાનમાં આરૂઢ જ્ઞાની જીવ સમભાવથી સુખ-દુઃખ સહતાં થકા અભેદનયથી નિર્જરાનું કારણ થાય છે તે બતાવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થયેલો જીવ સમભાવથી સુખ-દુઃખને સહન કરે છે. વીતરાગભાવે વર્તે છે જેથી તેને ચારિત્રની નિર્મળદશા હોય છે એ જ તેને નિર્જરાનું કારણ છે. અભેદથી શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ સમતામય પરિણામી જીવ જ નિર્જરાનું કારણ છે. પૂર્વના બંધાયેલા કર્મો તેને ખરી જાય છે એ વાત આગળ કહેશે.

❁

❁ ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા-બાપ ભાઈ-બહેન સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે? એની કાંઈ ખબર છે? અરે! મારે મારા આત્માનું હિત કરી લેવું છે—એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર? માટે જે જાગતો રહેશે તે બચશે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૯૪)*

www.vitragvani.com



# આ કાળે ધર્મધ્યાન નથી તેમ માનનાર નાસ્તિક છે

(સળંગ પ્રવચન નં. ૯૬)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના બીજા ભાગની આ ૩૬મી ગાથા ચાલે છે.

હે જીવ! આત્મધ્યાનમાં લીન વીતરાગસ્વસંવેદનજ્ઞાની દુઃખ અને સુખને સમભાવથી સહન કરતાં થકાં અભેદનયથી શુભ અને અશુભકર્મની નિર્જરાનું કારણ છે એમ ભગવાને કહ્યું છે.

વીતરાગ સ્વસંવેદન એટલે રાગ વિનાના જ્ઞાનનું જ્ઞાન થયું તે. આવા જ્ઞાનને પ્રાપ્ત જ્ઞાની આત્મધ્યાનમાં લીન થઈને સુખ-દુઃખને સમભાવથી સહન કરે છે તેથી તેમને શુભાશુભકર્મની નિર્જરા થાય છે. માટે, અભેદનયથી જ્ઞાની જ નિર્જરાનું કારણ છે અને તપરૂપ પણ જ્ઞાની જ છે કારણ કે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહરહિત પરદ્રવ્યની ઈચ્છાના નિરોધરૂપ બાહ્ય-અભ્યંતર અનશનાદિ બાર પ્રકારના તપથી સહિત છે, એકલા જ્ઞાની નથી.

ભાવાર્થ :—અહીં પ્રભાકરભટ્ટે પ્રશ્ન કર્યો કે હે પ્રભો! આપે ધ્યાનથી નિર્જરા કહી પરંતુ શાસ્ત્રમાં તો એમ આવે છે કે જેને ઉત્તમ સંહનન છે એવા મુનિને જ એકાગ્રચિંતાનિરોધરૂપ ધ્યાન હોઈ શકે છે. તો અત્યારે જ્યાં ઉત્તમ સંહનન નથી ત્યાં ધ્યાન કેવી રીતે હોઈ શકે? તેનું સમાધાન શ્રીગુરુ કરે છે કે શાસ્ત્રમાં—તત્ત્વાર્થસૂત્રમાં જે ધ્યાનની વાત કરી છે તે, આઠમા ગુણસ્થાનથી લઈને ક્ષપકશ્રેણીવાળા મુનિને જે શુક્લધ્યાન હોય છે તે અપેક્ષાથી વાત કરી છે કે ઉત્તમ ધ્યાન તો ઉત્તમ સંહનનવાળાને જ હોય શકે છે. ઉપશમશ્રેણીમાં શુક્લધ્યાનનો પહેલો પાયો હોય છે તે તો વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ અને નારાચ આ ત્રણેય સંહનનવાળાને હોય છે.

શુક્લધ્યાનના ચાર પાયા—ચાર ભેદ હોય છે. આઠમાં ગુણસ્થાને શુક્લધ્યાનનો પ્રથમ ભેદ હોય છે. જે મુનિ વજ્રવૃષભનારાચ સંહનનવાળા હોય અને આઠમા ગુણસ્થાને ક્ષપકશ્રેણી માંડે છે તે આઠમા ગુણસ્થાનથી નવમા, દસમા અને સીધા બારમા ગુણસ્થાનને સ્પર્શ કરે છે. અગિયારમા ગુણસ્થાનમાં આવ્યા વિના સીધા બારમાં ગુણસ્થાનમાં પહોંચી જાય છે. ત્યાં શુક્લધ્યાનનો બીજો પાયો હોય છે જેના પ્રસાદથી તે મુનિ કેવળજ્ઞાન પામે છે અને એ જ ભવમાં મોક્ષ જાય છે માટે ઉત્તમ સંહનનનું કથન શુક્લધ્યાનની અપેક્ષાએ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કોઈ એમ કહે છે કે શુભજોગથી મોહકર્મનો નાશ થાય છે અને શુદ્ધ ઉપયોગથી બીજા ત્રણ કર્મોનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે—પણ એમ નથી. શુભજોગથી તો પુણ્યબંધ થાય છે અને પાપની સ્થિતિ ઘટે છે. શુદ્ધસ્વભાવના ધ્યાનથી જ ખરેખર નિર્જરા થાય છે અને એ ધ્યાનમાં જે લીન થઈ જાય તેને જો ક્ષપકશ્રેણી હોય તો ચારેય કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને પછી તે જ ભવે મોક્ષ જાય.

આઠમા ગુણસ્થાનથી નીચેના ચોથાથી લઈને સાતમા ગુણસ્થાન સુધી શુક્લધ્યાન હોતું નથી, માત્ર ધર્મધ્યાન હોય છે અને તે છ એ પ્રકારના સંહનનવાળાને હોઈ શકે છે. સંહનન એટલે હાડકાની મજબૂતાઈ. ધર્મધ્યાનનો નિષેધ કોઈ સંહનનમાં નથી માટે અત્યારે ધર્મધ્યાન હોઈ શકે છે. અત્યારે કોઈપણ પ્રકારનું ધ્યાન જ નથી એમ તું કહેતો હો—તો એમ નથી. અત્યારે ઉત્તમ સંહનન અને ઉત્તમ ધ્યાન નથી, ધર્મધ્યાન તો છે.

આવું જ કથન રામસેન આચાર્યે તત્ત્વાનુશાસનમાં કર્યું છે કે વજ્રકાયને જ ધ્યાન હોય એવું જે આગમમાં વચન છે તે બંને શ્રેણીઓમાં શુક્લધ્યાન થવાની અપેક્ષાએ કહ્યું છે પણ શ્રેણીની નીચે જે ધર્મધ્યાન હોય છે તેનો નિષેધ નથી. ધર્મધ્યાન તો બધાં સંહનનમાં થઈ શકે છે—એમ નિશ્ચયથી જાણવું.

ધર્મધ્યાન અત્યારે ન હોય તો તો ધર્મ જ ન હોય. આ કાળમાં ધર્મ તો છે પણ રાગ-દ્વેષના અભાવરૂપ ઉત્કૃષ્ટ યથાખ્યાતસ્વરૂપ સ્વરૂપાચરણચારિત્ર જ નિશ્ચયચારિત્ર છે તે આ સમયે પંચમકાળમાં ભરતક્ષેત્રમાં નથી. માટે, સાધુજનોને અન્ય ચારિત્રનું આચરણ કરવાનું કહ્યું છે. યથાખ્યાતચારિત્ર નથી માટે ધ્યાન પણ નથી અને ધ્યાન નથી માટે ચારિત્ર નથી—એમ ન માનો.

ચારિત્રના પાંચ ભેદ છે : ૧. સામાયિક ૨. છેદોપસ્થાપના ૩. પરિહારવિશુદ્ધિ ૪. સૂક્ષ્મસાંપરાય અને ૫. યથાખ્યાત. તેમાંથી આ કાળે આ ક્ષેત્રમાં સામાયિક અને છેદોપસ્થાપના—આ બે જ ચારિત્ર હોય છે, અન્ય ત્રણ હોતા નથી. માટે આ બે ચારિત્રને આચરો.

તત્ત્વાનુશાસનમાં રામસેન મુનિએ પણ કહ્યું છે કે આ કાળે યથાખ્યાતચારિત્રનું આચરણ કરવાવાળા મોજુદ નથી તો શું થયું! પોતાની શક્તિ અનુસાર તપસ્વીજનો સામાયિક, છેદોપસ્થાપનાનું આચરણ કરો.

શ્રી કુંદકુંદાચાર્યદેવે પણ મોક્ષપાહુડમાં આવું જ કથન કર્યું છે કે હજુ પણ આ પંચમકાળમાં મન-વચન-કાયાની શુદ્ધતાથી આત્માનું ધ્યાન કરીને આ જીવ ઈન્દ્રપદ પામે છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અથવા લૌકાંકિતદેવ થાય છે અને ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ ધારણ કરીને મોક્ષ પામે છે.

કુંદકુંદાચાર્ય હતા તે સમયે પણ ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન તો ન હતું છતાં એ કાળે આત્માનું ધ્યાન ધરીને નિર્જરા કરનારા જીવો હતા. પૂર્ણ નિર્જરા આ કાળે નથી તેથી નિર્જરાની સાથે જે રાગ રહી જાય છે તેના ફળમાં પુણ્ય બંધ પામી તેના ફળમાં ઈન્દ્રાદિપદ પામે છે.

આમ, પંચમકાળમાં પણ ધર્મધ્યાન છે અને બે પ્રકારનું ચારિત્ર છે. સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ ધર્મધ્યાન છે. કુંદકુંદાચાર્યના સમયમાં આવું ચારિત્ર એટલે સમભાવ અને ધ્યાન હતા અને તે જીવો ઈન્દ્રપદ અથવા લૌકાંતિક દેવ એટલે પાંચમા સ્વર્ગમાં આઠ સાગરની સ્થિતિવાળા બ્રહ્મદેવ થઈને, ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈને મોક્ષ પામી શકે છે. આમ, એકાવતારી થાય એવી સ્થિતિવાળા મુનિ પંચમઆરામાં પણ છે.

માટે અહીં ટીકાકાર કહે છે કે આ કાળમાં પ્રથમ ત્રણ સંહનન નથી પરંતુ અર્ધનારાચ, કીલક અને સૃપાટિકા આ ત્રણ સંહનન છે તેનાથી સામાયિક અને છેદોપસ્થાપનારૂપ ચારિત્રનું આચરણ કરો અને ધર્મધ્યાન ધારણ કરો. ધર્મધ્યાનનો અભાવ કોઈ સંહનનમાં નથી. સામાયિક એટલે શુભભાવ નહિ પણ શુદ્ધ જ્ઞાયકની દૃષ્ટિપૂર્વક તેમાં સ્થિરતારૂપી સામાયિક ચારિત્ર આચરો—એમ કહે છે. સમ્યગ્દર્શન અત્યારે થઈ શકે છે, સમ્યગ્જ્ઞાન થઈ શકે છે અને સમ્યક્ચારિત્ર પણ થઈ શકે છે. એક ભવતારી થઈને મોક્ષ પામી શકાય છે.

શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રથમના ત્રણ સંહનનમાં જ આવી શકે અને શુક્લધ્યાનનો બીજો, ત્રીજો અને ચોથો પાયો ઉત્તમ સંહનનમાં એકમાં જ આવી શકે છે એવો નિયમ છે, માટે હવે શુકલધ્યાનના અભાવમાં પણ હીન સંહનનવાળાઓ આ ધર્મધ્યાનને આચરો. આ ધર્મધ્યાન પરંપરા મુક્તિનો માર્ગ છે, સંસારની સ્થિતિને છેદવાવાળું છે, તે ધર્મધ્યાન કેવું હોય? કે–શુભાશુભરાગરહિત શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતારૂપ નિશ્ચયધર્મધ્યાન છે તે સંસારની સ્થિતિને છેદવાવાળું અને મોક્ષ આપવાવાળું છે. શુભભાવરૂપ ધ્યાન કે સામાયિક પરંપરા મુક્તિનું આપનાર નથી. શુભભાવરૂપ ધ્યાનને વ્યવહારધર્મધ્યાન કહેવાય પણ તે એકલું હોય તો પરંપરા મુક્તિનું કારણ નથી.

શુભભાવથી પાપકર્મની સ્થિતિ ઘટે એવું કથન શાસ્ત્રમાં આવે છે પણ તેનો અર્થ એમ નથી કે તેથી અનંત સ્થિતિ ઘટી જાય. કર્મસ્થિતિ અસંખ્ય સમય જ હોય છે. કર્મની લાંબામાં લાંબી સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની હોય છે. તેનાથી વધારે સ્થિતિ ન હોય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જે કોઈ નાસ્તિક આ સમયમાં ધર્મધ્યાનનો અભાવ માને છે તે જૂઠું બોલવાવાળા છે. આ સમયમાં ધર્મધ્યાન છે, માત્ર શુક્લધ્યાન નથી. આત્મામાં શુદ્ધિ સહિત એકાગ્રતારૂપ ધર્મધ્યાન અત્યારે ન હોય તો એકલા શુભભાવથી પાપકર્મની સ્થિતિ ઘટે પણ સંસારનો છેદ ન થાય પણ શુભાશુભ વિકલ્પ રહિત દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા જ સંસારનો અભાવ કરી શકે—એવું ધર્મધ્યાન આ કાળે પણ છે. માટે ધર્મધ્યાન આ કાળે નથી એમ કહેનારને અહીં નાસ્તિક કહ્યાં છે. શુભભાવ આ કાળે નથી એમ તો કોઈ ન કહે પણ નિશ્ચયધર્મધ્યાન નથી એમ કહે છે તે જૂઠા છે.

શુક્લધ્યાનમાં ઉજ્જ્વળતા અને એકાગ્રતા ઘણી હોય છે પણ ધર્મધ્યાનમાં ઉજ્જ્વળતા અને એકાગ્રતા થોડી હોય છે પણ ધર્મધ્યાન એ આત્માનું જ ધ્યાન છે. એકલો શુભભાવ એ ધર્મધ્યાન નથી. પણ અત્યારે સાચા જાણપણા વિનાના જીવો, જેમ ફાવે તેમ બોલ્યા કરે છે. સ્વાધ્યાય ઘટી ગઈ....જાણપણા ઘટી ગયા....તેથી આ દશા છે. સામે સમજનાર હોય તો તેને ખ્યાલ આવી જાય છે કે આ સત્ય કહે છે કે જૂઠું કહે છે.

કોઈ લોકો એવું માને છે કે શુક્લધ્યાનમાં જ આત્માની શુદ્ધતાનું ધ્યાન હોય, ધર્મધ્યાનમાં ન હોય. તેને સમજાવવા માટે જ આ ગાથા છે. કોઈ 'શુભભાવરૂપ ધર્મધ્યાન જ આ કાળે છે' એમ કહે તો સામે સમજવાવાળો હોય તો તરત કહે કે શુભભાવ તો અનંત કાળથી કરતો આવ્યો છે અને અભવ્યજીવને પણ શુભભાવ હોય છે તો આ કાળે તો તે છે જ પણ ધર્મધ્યાન એટલે શુક્લધ્યાન જેવી ઉગ્રદશા નથી પણ તેની જાતની થોડી દશા અત્યારે છે એમ સિદ્ધ કરવું છે. શુભભાવને અહીં સિદ્ધ કરવો નથી. શુક્લધ્યાનમાં ખૂબ ખૂબ શુદ્ધતા છે તે આ કાળે નથી. પણ તેથી માત્ર શુભભાવ જ છે અને શુદ્ધતાનો અંશ પણ નથી—એમ નથી. આ કાળે શુદ્ધતાનો અંશ પણ નથી એમ માનનારા નાસ્તિક અને જૂઠાબોલા છે.

'એકાગ્રચિંતાનિરોધ—ધ્યાન' આ કાળમાં નથી એ ઉત્સર્ગસૂત્ર છે. તે શુક્લધ્યાનની અપેક્ષાએ છે. ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એ આ કાળે નથી પણ અંશે શુદ્ધતારૂપ ધ્યાન એ આ કાળે છે તેનો નિષેધ નથી. શુદ્ધતાનો અંશ થોડો છે તેથી સાથે રાગનો ભાગ રહી જાય છે તેના ફળમાં સ્વર્ગનો ભવ કરીને ફરી મનુષ્ય થઈને મોક્ષ જઈ શકે છે એ વાત સિદ્ધ કરવી છે.

શુભભાવથી એક અંશે પણ અશુદ્ધતાનો નાશ થઈ શકે નહીં. ચૈતન્યમૂર્તિ જ્ઞાયક શુદ્ધ સ્વભાવને જે દર્શન, જ્ઞાન વિષય બનાવે, તેનાથી જે શુદ્ધિ પ્રગટ થાય તે જ નિર્જરાનું કારણ છે. તેને જ અહીં ધર્મધ્યાન કહેવામાં આવ્યું છે. સામાયિક અને છેદોપસ્થાપના એ કાંઈ શુભભાવરૂપ ચારિત્ર નથી. એ પણ શુદ્ધતાનું આચરણ છે. માત્ર યથાખ્યાત જેવી શુદ્ધતા અને સ્થિરતા આ ચારિત્રમાં નથી એટલું જ કહેવું છે. ઉત્કૃષ્ટ ધ્યાન અને ઉત્કૃષ્ટ ચારિત્રનો જ આ

www.vitragvani.com



કાળે નિષેધ છે પણ તેની જ જાતના અલ્પશુદ્ધિવાળા ધ્યાન અને ચારિત્રનો નિષેધ નથી. ધર્મધ્યાનમાં ભલે એકાગ્રતા થોડી છે પણ સ્વમાં એકાગ્રતા છે, પરમાં એકાગ્રતા નથી. આ બાબતમાં ઘણાંને વિરોધ છે તેથી અહીં છંછેડીને વાત થાય છે.

સમ્યગ્દર્શન છે તે શુભાશુભપરિણામથી રહિત વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ન હોય અને ચારિત્ર વિના મુનિપણું ન હોય, મુનિપણા વિના મોક્ષ ન હોય. આમ, મૂળમાં સમ્યગ્દર્શન છે તે અખંડાનંદ આત્મભગવાનને વિષય બનાવવાથી જ પ્રાપ્ત થાય છે અને આત્મભગવાનમાં એકાગ્રતાથી જ શુક્લધ્યાન અને તેનાથી મોક્ષ થાય છે. આ કાળે શુક્લધ્યાન જેટલી એકાગ્રતા થઈ શકતી નથી પણ અંશે એકાગ્રતા થાય છે માટે ધર્મધ્યાનનો શાસ્ત્રમાં ક્યાંય આ કાળે નિષેધ કહ્યો નથી એ માટે અહીં તત્ત્વાનુશાસનના રામસેનમુનિના બે અને કુંદકુંદઆચાર્યનાં અષ્ટપાહુડનો એક એમ ત્રણ આધાર આપીને યોગીન્દ્રદેવની વાત પુષ્ટ કરી છે. તો ભાઈ! તું ભ્રમ ન કરીશ. આ કાળે ચારિત્ર અને ધ્યાન નથી એમ ન માનીશ. અશુભથી છૂટીને શુભમાં આવ તે કાંઈ નવું નથી. અહીં તો ધર્મધ્યાનમાં આવે તેની સફળતા છે.

ધર્મધ્યાન કોઈ સાધારણ ધ્યાન નથી અને સામાયિક ચારિત્ર કાંઈ સાધારણ ચારિત્ર નથી. શુક્લધ્યાનની હોડ કરે તેવું ધર્મધ્યાન છે અને યથાખ્યાતની હોડ કરે તેવું ચારિત્ર આ કાળે થઈ શકે છે. નિશ્ચય અને વ્યવહાર બંને ધર્મધ્યાન આ કાળે થઈ શકે છે. નિશ્ચય ધર્મધ્યાન સંવર-નિર્જરાનું કારણ થાય છે અને વ્યવહાર ધર્મધ્યાન પુણ્યબંધનું કારણ થાય છે.

હવે ૩૭મી ગાથામાં કહે છે કે જે મુનિરાજ સુખ-દુઃખને સહન કરતાં થકા અર્થાત્ સુખમાં હર્ષ નહિ કરતાં અને દુઃખમાં ખેદ નહિ કરતાં, બંનેને સમાન માને છે એવા સાધુ મુનિરાજ જ પુણ્યકર્મ અને પાપકર્મના સંવરના કારણ છે—કર્મને રોકવાના કારણ છે.

**बिण्णि वि जेण सहंतु मुणि मणि सम-भाउ करेइ।**
**पुण्णहँ पावहँ तेण जिय संवर-हेउ हवेइ।।३७।।**

પંચમકાળમાં પણ સંવર-નિર્જરા થઈ શકે છે એ વાત અહીં સિદ્ધ કરે છે. સમ્યગ્દષ્ટિને તો કદાચિત્ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં રાગ-દ્વેષ અને હર્ષ-શોક થઈ આવે છે પણ મુનિને અનુકૂળતામાં હરખ કે પ્રતિકૂળતામાં ખેદ થતો નથી કારણ કે મુનિને એટલો સમભાવ પ્રગટ થઈ ગયો હોય છે. સમ્યગ્દષ્ટિને ચારિત્રની નબળાઈને લીધે મુનિ જેવો સમભાવ રહેતો નથી.

અર્થ :—સુખ-દુઃખને સામ્યભાવે સહન કરતાં થકાં સ્વસંવેદનપ્રત્યક્ષજ્ઞાની નિશ્ચિંત મનમાં સમભાવ ધારણ કરે છે અર્થાત્ રાગ-દ્વેષ-મોહ-રહિત સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ એક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વરૂપ પરિણમન કરે છે, વિભાવરૂપ પરિણમતા નથી. માટે, તે મુનિ સહજમાં જ પુણ્ય અને પાપ બંનેના સંવરનું કારણ થાય છે.

જેણે સુખ-દુઃખ એટલે અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગોમાં સમભાવ પ્રગટ કર્યો છે અને શુભાશુભભાવથી રહિત નિજ આત્માનું પ્રત્યક્ષ વેદન કર્યું છે તેને મુનિ કહેવામાં આવે છે. આવા મુનિ એકદમ નિશ્ચિંત હોય છે. અંદરમાં કોઈ પણ સંયોગો દેખીને હરખ કે શોક થતો નથી. આત્મઅનુભવ સહિત આવો સમભાવ જેણે પ્રગટ કર્યો છે એવા મુનિઓ રાગ-દ્વેષ-મોહથી રહિત સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપે પરિણમન કરે છે. શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ તો કરી છે પણ એ રૂપે પરિણમન પણ કર્યું છે એવા મુનિઓને હરખ કે રાગ-દ્વેષ-મોહ તો થતાં નથી અને અતીન્દ્રિય આનંદનું વેદન છે તેથી મુનિને જ સ્વયં પુણ્ય-પાપ કર્મના સંવરના હેતુ છે. તેથી મુનિને જ સંવરવંત અને સામાયિક, છેદોપસ્થાપનાવંત કહેવામાં આવે છે.

આત્માની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને તે ઉપરાંત સમભાવ પ્રગટ થયો છે તેને શુભાશુભ કર્મોનો સંવર થાય છે. શુભભાવથી કર્મોનો સંવર થતો નથી કેમ કે શુભભાવ સ્વયં આસ્રવ છે. માટે એવો ઉપદેશ અપાય છે કે હે મુનિ! તમે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રને ધારણ કરો, ધર્મધ્યાન પ્રગટ કરો, સામાયિક ચારિત્ર પ્રાપ્ત કરો. એ જ સંવર-નિર્જરાનું કારણ છે, બીજા કોઈ ઉપાયથી સંવર-નિર્જરા નહિ થાય.

વાત મોંઘી છે તેથી જે સસ્તો રસ્તો શોધવા જાય છે તેને વધારે મોંઘુ પડી જાય છે. માટે, પ્રથમ વસ્તુનું સ્વરૂપ, તેના બંધનનું અને સંવરનું કારણ જેમ છે તેમ તેની શ્રદ્ધા તો કર! શ્રદ્ધા તો કર!

જેટલાં શુભાશુભ પરિણામ થાય તે બધાં આસ્રવ છે. શુભાશુભ પણ જો નિશ્ચયધર્મની સાથે હોય તો તેને વ્યવહારધર્મ કહેવાય. નિર્વિકલ્પ દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને ચારિત્રરૂપ નિશ્ચયધર્મ તે સ્વાશ્રિતભાવ છે તેના વિના પરાશ્રિત એવા શુભભાવને વ્યવહાર પણ કોણ કહે!

ભાવાર્થઃ—કર્મના ઉદયથી સુખ-દુઃખ ઉત્પન્ન થતાં પણ જે મુનીશ્વર રાગાદિ રહિત મનમાં શુદ્ધ જ્ઞાન-દર્શનસ્વરૂપ પોતાના નિજ શુદ્ધસ્વરૂપને છોડતાં નથી તે પરુષ અભેદનયથી દ્રવ્ય-ભાવરૂપ પુણ્ય-પાપના સંવરનું કારણ છે.

ભગવાન આત્મા કેવો છે? કે—શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ છે. એવા પોતાના નિજ આત્માની શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક મુનિરાજ શુદ્ધસ્વરૂપની શાંતિને છોડતાં નથી, સમભાવને છોડતાં નથી, સ્વરૂપને છોડતાં નથી. ગમે તેવા કર્મના ઉદયમાં શાંતિ....શાંતિ....શાંતિને વેદે છે. આવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મુનિવરો જ અર્થાત્ આવો આત્મા જ દ્રવ્યકર્મ અને ભાવકર્મના સંવરનું કારણ છે એટલે કે શુભાશુભભાવ પણ મુનિને થતાં નથી અને પુણ્ય-પાપકર્મ પણ આવતાં નથી.

આવો સંવર ઉપાશ્રયમાં થાય, દેરાસરમાં થાય કે આત્મામાં થાય? સંવર જેને થાય તેને આત્મામાં જ થાય. ભગવાન આત્માનો રંગ લાગે અને તેમાં સ્થિર થાય તેને ધર્મધ્યાન છે અને તેને સંવર થાય છે.

આ ૩૭ ગાથા થઈ. હવે ૩૮મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે મુનિરાજ જ્યારે જેટલો કાળ રાગાદિ રહિત પરિણામો દ્વારા નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈને રહે છે તેટલો કાળ સંવર અને નિર્જરાને કરે છે. વળી, જ્યાં વિકલ્પ ઊઠે અને શુભરાગ આવે ત્યાં તેટલો પુણ્યાસ્રવ થાય છે. ફરી શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થાય ત્યારે સંવર થાય છે.

अच्छइ जित्तिउ कालु मुणि अप्प-सरूवि णिलीणु।
संवर णिज्जर जाणि तुहुं सयल-वियप्प विहीणु॥३८॥

અર્થ :—મુનિરાજ જ્યાં સુધી આત્મસ્વરૂપમાં લીન રહે છે અર્થાત્ વીતરાગ નિત્યાનંદ પરમસમરસીભાવથી પરિણમતા થકા પોતાના સ્વભાવમાં તલ્લીન થાય છે તે સમયે હે પ્રભાકરભટ્ટ! તું સમસ્ત વિકલ્પ સમૂહોથી રહિત અર્થાત્ ખ્યાતિ, લાભ, પૂજા, આદિથી લઈને દરેક વિકલ્પોથી રહિત તે મુનિને સંવર-નિર્જરા સ્વરૂપ જાણ!

સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક મુનિરાજ જેટલો કાળ નિજસુધારસનું પાન કરે છે તેટલો કાળ તેમને સંવર અને નિર્જરા છે. તે કાળમાં મુનિને પોતાની જ ખ્યાતિ એટલે પ્રસિદ્ધિ અને પોતાનો જ લાભ થઈ રહ્યો છે અને પોતાની જ પૂજા થઈ રહી છે ત્યાં તેમને બહારની ખ્યાતિ, પૂજા અને લાભની અપેક્ષા ક્યાંથી હોય!

ચૈતન્યભગવાન પોતે પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે, એ પરમાત્મસ્વરૂપમાં નજર કરીને ઠર્યો તેને બહારની પૂજા અને મોટાઈનું શું કામ હોય! દુનિયામાં હું પ્રસિદ્ધ થાઉં, દુનિયામાં હું પ્રતિષ્ઠા પામું, બીજા સાધારણ જીવો મોટા ગણાય છે તો હું પણ મોટો ગણાઉં....એવી ઈચ્છા ધર્મીને હોતી નથી. પોતે જ પોતાથી પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની શાંતિને પામતો હોય છે, પોતામાં પ્રતિષ્ઠા પામતો હોય છે તે બીજાને બતાવે તો જ એ શાંતિ રહે—એવું નથી અને બીજાં ન જાણે તેથી કાંઈ તેની સ્વરૂપ-શાંતિ ચાલી જતી નથી. લોકો વધારે માને તેથી કાંઈ ધર્મીની શાંતિ વધી જતી નથી અને ન માને તેથી કાંઈ તેની શાંતિ ઘટી જતી નથી.

અજ્ઞાનીઓને તો બહારથી જ બધું મળે છે એવી ભ્રમણા છે એટલે પોતાના પૈસાનો

www.vitragvani.com



બહારમાં ઢંઢેરો પીટાય તો તેમાં મારી આબરૂ વધે છે એમ લાગે છે. આબરૂ વધે તો દીકરા-દીકરી વરાવવા સહેલાં થઈ જાય એ ખાતર પણ પ્રસંગે લાખો રૂપિયા ખર્ચી નાંખે પણ એને ખબર નથી કે એ તો બધું પૂર્વપુણ્ય અનુસાર થાય છે. લાખોનો ખર્ચ કર્યો માટે આબરૂ વધી જાય અને છોકરાં વરી જાય એ માત્ર અજ્ઞાનીની ભ્રમણા છે.

પૂર્વના પુણ્ય હોય તો બહારમાં તારા વખાણ થતાં હોય તેનાથી તારા આત્માને શું લાભ થાય! તું તો અંદરમાં આકુળતામાં પડ્યો હોય, કષાયના કીડાં અંદરમાં પડ્યા હોય અને બહારથી લોકો તારા વખાણ કરે તેનાથી તને શું શાંતિ થાય!

અહીં તો મહા દિગંબર સંત, જંગલમાં વસનારા યોગીરાજ, જેના શરીર પર એક વસ્ત્રનો તાણો પણ નથી, અંદર આનંદમાં ઝૂલનારા યોગીન્દ્રદેવ એમ કહે છે કે અરે મુનિ! તારી દશા આવી હોવી જોઈએ. પોતાને એવો સમભાવ પ્રગટ થયો છે કે દુનિયાના લાભ કે પૂજાની કાંઈ જરૂર નથી તેમ બીજાં મુનિને પણ કહે છે કે તમે પણ આવા સમભાવમાં રહો.

અમને કોઈ ઓળખે નહિ, ગણત્રીમાં ન ગણે—તો શું છે! તારે તારી ગણત્રી કરવી છે કે બીજાં પાસે ગણાવું છે?

ખ્યાતિ, લાભ, પૂજા આદિ બધાં વિકલ્પરહિત તે મુનિ જ સંવર-નિર્જરાસ્વરૂપ છે કેમ કે મુનિ નિજસુધારસ-નિર્વિકલ્પ આનંદનો પ્યાલો પી રહ્યાં છે. તેને દુનિયાની કાંઈ જરૂર નથી. આવા મુનિને જ અહીં મુનિ અને સંવર-નિર્જરાના કરનારા ધર્મી કહેવાય છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# 'સમભાવ' સર્વ શાસ્ત્રના દોહનનો સાર છે

(સળંગ પ્રવચન નં. ૯૭)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં આ બીજો અધિકાર ચાલે છે. અભેદરત્નત્રયની મુખ્યતાથી આઠ દોહા-સૂત્રમાં અંતરસ્થલ પૂરો થયો. હવે, ચૌદ દોહામાં પરમ ઉપશમભાવની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. સામ્યભાવ કહો, ઉપશમભાવ કહો કે વીતરાગભાવ કહો—બધું એક જ છે.

**कम्मु पुरक्किउ सो खवइ अहिणव पेसु ण देइ।**
**संगु मुएविणु जो सयलु उवसम-भाउ करेइ॥३९॥**

મુનિની મુખ્યતાથી આ કથન છે.

અર્થ :—તે વીતરાગ સ્વસંવેદનજ્ઞાની પૂર્વ ઉપાર્જિત કર્મોનો ક્ષય કરે છે અને નવા કર્મોનો પ્રવેશ થવા દેતાં નથી. તેઓ બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહને છોડી પરમ શાંતભાવને કરે છે અર્થાત્ જીવન, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખ, શત્રુ, મિત્ર, તૃણ, કંચન ઈત્યાદિ વસ્તુઓમાં એકસરખા પરિણામ રાખે છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેનું વેદન કરે છે તે સ્વસંવેદન જ્ઞાની છે. આવા જ્ઞાનીને વીતરાગભાવને કારણે પૂર્વે બાંધેલા કર્મ ક્ષય થઈ જાય છે અને નવા કર્મ બંધાતા નથી, તેને વ્યવહારથી જ્ઞાનીએ કર્મ ખપાવ્યા એમ કહેવાય છે. આત્માનું સ્વરૂપ જ વીતરાગ અકષાય, સમભાવસ્વરૂપ છે, તેની દૃષ્ટિ, જ્ઞાન અને તે-રૂપ પરિણમન થયું છે એવા જ્ઞાનીને નવા કર્મ બંધાતા નથી અને જૂના કર્મ ખરી જાય છે.

જેને અભ્યંતર વિકારરૂપ પરિગ્રહ છૂટે છે તેને બાહ્ય પરિગ્રહ પણ છૂટી જાય છે, તેણે બાહ્ય પરિગ્રહ છોડ્યો એમ કહેવાય છે. મુનિરાજ બાહ્ય—અભ્યંતર પરિગ્રહને છોડીને પરમ શાંતભાવને ધારણ કરે છે—સમતાભાવને પ્રાપ્ત થાય છે. તેથી મુનિને જીવન હો કે મરણ હો બંનેમાં સમતા વર્તે છે. જીવન ઠીક છે અને મરણ અઠીક છે એવી જીવન અને મરણમાં મુનિને અધિકતા કે ઓછાઈ ભાસતી નથી. બંને એક સમાન લાગે છે.

જ્ઞાની-મુનિ-ધર્મીને પોતાના વીતરાગસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન છે તથા વીતરાગ-સ્વભાવમાં લીનતા છે તેથી બાહ્ય સંયોગોથી લાભ કે અલાભ કાંઈ લાગતું નથી. એ તો પોતાના વીતરાગસ્વભાવના ઢાળામાં ઢળી ગયા છે અને અતીન્દ્રિય અમૃતરસને પીએ છે. તેને બહારના લાભ કે અલાભ સાથે કાંઈ સંબંધ નથી. સુખ કે દુઃખ અર્થાત્ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુનિને માત્ર જ્ઞેય છે. મુનિની દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપમાં છે, જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન છે અને જ્ઞાનસ્વરૂપમાં સમતાની પરિણતિ છે.

માથાનો કાપનાર એવો શત્રુ હો કે મિત્ર હો તે બંને મુનિની દૃષ્ટિમાં સમાન છે. શત્રુ પ્રત્યે દ્વેષનો ભાવ નથી અને મિત્ર પ્રત્યે રાગનો ભાવ નથી. આવી મુનિની ઉપશમભાવમય દશા હોય છે. આગળ સામાયિકની વાત આવશે. આવી સમતા તે સામાયિક છે. મુનિને તૃણ હો કે કંચન એટલે સોનું હો—બંને સમાન છે. અજ્ઞાનીની તો માન્યતા જ એવી છે કે તૃણ કાંઈ કામનું નથી અને સોનું તો બહુ કામનું છે એવી માન્યતાને કારણે તેને બંનેમાં ભેદ જણાય છે. અજ્ઞાનીને પણ સોનું તેના આત્માને કાંઈ કામમાં આવતું નથી પણ, આ મને કામમાં આવે છે એવી માન્યતા છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વ છૂટ્યા પછી અસ્થિરતાવશ આ મને કામનું છે એવો વિકલ્પ આવે છે પણ અહીં તો મિથ્યાત્વ અને ચારિત્ર બંને દોષોના ત્યાગની વાત છે. મુનિને જ્ઞાતાપણાનું પરિણમન થઈ ગયું છે તેથી બાહ્ય દરેક ચીજમાં સમભાવ વર્તે છે.

વીતરાગપરિણમન એ આખા શાસ્ત્રના દોહનનો સાર છે.

ભાવાર્થ :—જે મુનિરાજ સકલ પરિગ્રહને છોડીને, સર્વ શાસ્ત્રોનું રહસ્ય જાણીને, વીતરાગ પરમાનંદ એક સુખરસના આસ્વાદી થયા થકા સમભાવ કરે છે તે સાધુ પૂર્વના કર્મનો ક્ષય કરે છે અને નવીન કર્મોને રોકે છે.

મુનિરાજને આનંદ સ્વભાવની દૃષ્ટિ અને તેમાં લીનતા થઈ છે અને આકુળતા અને આકુળતાના નિમિત્તો છૂટી ગયા છે. તેથી વીતરાગે કહેલા સર્વ શાસ્ત્રોના રહસ્યભૂત વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતાને પ્રાપ્ત થયા છે. સર્વ શાસ્ત્રોમાં એ જ તાત્પર્ય છે કે જ્ઞાયકની દૃષ્ટિ કર! જ્ઞાન પણ જ્ઞાયકનું કર અને સ્થિરતા પણ જ્ઞાયકમાં કર! આ ત્રણેયમાં વીતરાગતા જ છે, એ જ સર્વ શાસ્ત્રોનો સાર છે. રાગ રાખવો કે રાગથી લાભ થાય એવું કથન શાસ્ત્રમાં ક્યાંય આવતું નથી. વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર-ચારિત્રથી પુણ્ય થાય એમ શાસ્ત્રો કહે છે.

નિમિત્ત, સંયોગ અને રાગની ઉપેક્ષા કરીને આત્માની દૃષ્ટિ કર! નિમિત્ત અને સંયોગીભાવને છોડીને સ્થિરતા કર! અને નિમિત્ત અને સંયોગનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કર! આ દરેક શાસ્ત્રમાં કહેવાનું તાત્પર્ય છે. અમૃત આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કરવી તે શાસ્ત્રનું તાત્પર્ય છે અને તેના ફળમાં વીતરાગતા છે—સામ્યભાવ છે. સામ્યભાવ સમજાવવા માટે ટીકાઓ કરવામાં આવી છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આમ, 'નિમિત્ત અને સંયોગની ઉપેક્ષા કરવી અને સ્વભાવની અપેક્ષા કરવી' આમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી જાય છે. આવા શાસ્ત્રોનાં રહસ્યને જાણતાં મુનિરાજ વીતરાગ પરમાનંદ એક સુખરસના આસ્વાદી થયા થકાં સમભાવ કરે છે. વિકલ્પોના અનેક પ્રકાર છે તે બધામાં દુઃખ જ છે જ્યારે સુખનો એક જ પ્રકાર છે. એ સુખરસ-આત્માનંદરસનો આસ્વાદ કરતાં-અતીન્દ્રિય આનંદને સેવતાં મુનિ વીતરાગભાવે પરિણમે છે. કારણ કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ એવો છે કે સમભાવ-વીતરાગભાવ થઈ જાય છે.

આત્મા એટલે અતીન્દ્રિયજ્ઞાન અને આનંદની મૂર્તિ. આવા આત્માને જેણે દૃષ્ટિ અને જ્ઞાનમાં લઈને તેનો સ્વાદ લીધો તે અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત તૃપ્ત થઈ જાય છે. કોઈ માણસ ખાઈ-પીને કોઈ જાતની ચિંતા વગર તૃપ્ત થઈને બેઠો હોય તેમ, અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થયેલા મુનિને સમભાવ થઈ જાય છે. આવી સમભાવની દશાને મુનિપણું અથવા ચારિત્રદશા કહેવાય છે. આવી દશાના ધારક સાધુને સાધુ કહેવામાં આવે છે.

મારા સ્વરૂપમાં જ આનંદ છે એવી દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આવી સમ્યગ્દૃષ્ટિ જેને થઈ તે હવે શુભાશુભ વિકલ્પમાં કે સંયોગમાં આનંદ માનતો નથી.

આત્મામાં જ આનંદ છે, આકુળતા છે તે મારાથી પર છે એમ આનંદ અને આકુળતાનું ભેદજ્ઞાન થવું તે સમ્યક્જ્ઞાન છે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! પરમાત્મા પોતે જ આનંદમૂર્તિ છે તેમાં નજર નાખવાથી નિધાનનો વિકાસ થાય છે—નિધાન ખૂલવા લાગે છે. આ નિધાનમાં વિકલ્પ હોતો નથી, સમભાવ હોય છે. આવા સમભાવી સંતને ચારિત્રવંત—મુનિ કહેવાય છે.

ટીકામાં **समभाव करोति ।** એમ શબ્દ વાપર્યો છે એટલે કે મુનિ પુરુષાર્થથી સમભાવ કરે છે. પ્રથમ તો એવી સમ્યક્ દૃષ્ટિ પ્રગટ થઈ છે કે મારામાં જ આનંદ છે, વિકલ્પમાં કે સ્ત્રી, પુત્ર, ધનાદિમાં આનંદ નથી. એવી દૃષ્ટિની સાથે જ સમભાવી જ્ઞાન પ્રગટ થયું છે કે વિકલ્પાદિમાં આકુળતા છે, આનંદ તો મારામાં જ છે. આવા જ્ઞાન સહિત આનંદમાં ઠરતાં સહેજે સમભાવ થઈ જાય છે. વિકલ્પ થવાનો અવકાશ જ રહેતો નથી. વિષમતા ઊભી જ થતી નથી.

આવો 'સમતાભાવ' એ આખા શાસ્ત્રનો સાર છે. અરે! ચારેય અનુયોગનો એ સાર છે. બાર અંગનો સાર છે. વીતરાગની દિવ્યધ્વનિનો સાર છે.

આવું જ કથન પદ્મનંદિપંચવિંશતિમાં પણ છે. તેનું તાત્પર્ય એ છે કે આદરથી સમભાવને જ ધારણ કરવો જોઈએ. આત્મા જેવો છે તેની તેવી દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ સમભાવ છે. વિકલ્પનો આદર નહિ કરતાં, આ સમભાવનો જ આદર કરવાયોગ્ય છે.

ચક્રવર્તી આદિ છ ખંડ અને પદ્માણી જેવી સ્ત્રીઓ છોડીને જંગલમાં શું કરતાં હશે! કે આ સમભાવના આદરમાં લીન થવા માટે - આનંદમાં તૃપ્ત થવા માટે નીકળી પડ્યા છે.

સમભાવના આદર સિવાય અન્ય વાતોથી શું પ્રયોજન છે! છઢાળામાં કહ્યું છે—'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાવો....' શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ, શુદ્ધસ્વરૂપનું જ્ઞાન અને શુદ્ધસ્વરૂપમાં લીનતારૂપ સમભાવ જ બાર અંગ અને મોક્ષમાર્ગનો સાર છે. સાથે વ્રત, ભક્તિ, પૂજા આદિ હોય તેનું શાસ્ત્રોમાં જ્ઞાન કરાવ્યું છે પણ મૂળ વસ્તુ તો આ 'સમભાવ' છે.

અજ્ઞાનીને તો બહારથી જ મોટાઈ લેવી છે. હું કામ કરું છું તે આખા કુટુંબને પસંદ પડે છે, વળી નાતવાળાને પણ બધાંને ગમે છે. એથી આગળ વધે તો કહેશે આખું ગામ મારા કામને વખાણે છે. તેથી પણ આગળ વધીને દેશની સેવા હું જ કરું છું. આટલાં લોકો મને માન્ય કરે છે અને આટલાં નથી કરતાં...આટલાં વર્ષોમાં મારી જાહેરાત આખાં દેશમાં તો થઈ ગઈ છે પણ વિદેશમાં બાકી છે એટલી હજી ખામી છે. એમ કરી કરીને બહાર પડવા માંગે છે પણ અરે! તારે ઊછળીને ક્યાં પડવું છે! સંતો તો અંતરમાં પડ્યા છે તેમાં જ સુખને વેદે છે. બહાર પડવાની વાત તો એના સ્વપ્નમાં પણ નથી. બહાર પડવાની કલ્પના પણ ઊઠતી નથી. વીતરાગરસથી ભરપૂર ભંડાર આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને લીનત માં બીજા કોઈની જરૂર પડતી નથી.

'આદરથી સમભાવને ધારણ કરવો જોઈએ...' મારે બહારથી ખસીને અંદર આવવું પડે છે એમ ન હોય, અંદરમાં આવવામાં જ સુખ-શાંતિ છે માટે તેને આદરથી ધારણ કર! બીજું બધું છોડી દે. બીજામાં કાંઈ સાર નથી. સમભાવ જ સારભૂત હોવાથી આદરવા યોગ્ય છે. વસ્તુનું પરિણમન તો ક્ષણે ક્ષણે બદલતું જ રહે છે. ક્ષણ પહેલાં જીવન અને બીજી ક્ષણે મૃત્યુ જોઈને દુઃખી ન થઈશ. બંનેમાં સમભાવને ધારણ કરજે.

જગતને મરણતણી બીક છે પણ જ્ઞાનીને આનંદની લ્હેર છે....

અંતરમાં સમાવામાં સુખ છે માટે તેનો આદર કર! બહારમાં ડોકીયા કરવામાં દુઃખ છે માટે તેને છોડી દે! સમભાવ એ જ જીવનું સ્વરૂપ છે અને તે જ આદરણીય છે. ભગવાન આત્માને યાદ કરીને તેમાં ઠરી જા! બીજા ભગવાનને યાદ કરવા રહેવા દે, બીજાને યાદ કરવામાં વિકલ્પ ઊઠે છે ત્યાં સમભાવ રહેતો નથી. માટે, હું ભગવાનને યાદ નહિ કરું તો અવિનય થઈ જશે-એમ નથી. વિકલ્પ છૂટશે તો, ખરો વિનય થશે—સ્વભાવમાં સમભાવ થશે. એ જ સત્‌નો આદર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આવો મારગ છે ભાઈ! કાયરના કાળજા કંપી ઉઠે તેવું છે. ત્રિલોકનાથ તીર્થંકર પરમદેવે આ ફરમાવ્યું છે કે અમારા પ્રત્યેના વિકલ્પનો આદર ન કર! અમે જ તને તારા સમભાવસ્વરૂપનો આદર કરવાનું શાસ્ત્રો દ્વારા કહીએ છીએ. साम्यमेवादराजदाव्यं । સામ્યભાવનો આદર કરવામાં જ વિનય છે, તેમાં કોઈનો અવિનય થતો નથી. વિકલ્પને ભૂલી, સર્વની અપેક્ષા છોડી, એક માત્ર સમભાવ—સામ્યભાવનો આદર કર! આ જ આખા શાસ્ત્રનો સાર છે. પોતાના અમૃત આનંદમાં ઠરવું એ જ શાસ્ત્રનું કહેવાનું તાત્પર્ય છે. તે સિવાય લાખ વાતથી કાંઈ પ્રયોજન નથી. સર્વજ્ઞ વીતરાગના કહેલાં સમસ્ત પંથ (સમસ્ત પ્રકારની કથન શૈલી) અને બાર અંગ આ સમભાવરૂપ સૂત્રની જ ટીકા છે. બીજી રીતે કહીએ તો સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. તેનો અર્થ એ કે નિમિત્ત ને નિમિત્તના લક્ષે થતાં ભાવની ઉપેક્ષા કરવી અને આત્માના સિદ્ધ સ્વરૂપની અપેક્ષા કરવી. આ એક જ વાત છે. બાકી બધો તેનો જ વિસ્તાર છે.

પંચાસ્તિકાયની છેલ્લી ૧૭૨ ગાથામાં પણ એ જ કહ્યું છે કે વીતરાગતા જ આખા શાસ્ત્રનું તાત્પર્ય છે. વીતરાગદૃષ્ટિ એટલે પૂર્ણાનંદની નિર્વિકલ્પ પ્રતીતિ, વીતરાગજ્ઞાન એટલે સ્વાશ્રયભાવ અને વીતરાગી સ્થિરતા એટલે વિકલ્પ વિનાની શાંતિનું પરિણમન. આવા દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાના ધારક મુનિ જ મોક્ષના તાત્કાલિક અધિકારી છે.

શરીર અને આત્માનો સંયોગ થાય છે તે છૂટ્યા વિના રહેતો નથી. સંયોગ છૂટે તે કોઈ નવી વાત નથી. તે તો દરેકને છૂટે છે. સંયોગી ભાવથી છૂટે તેની કિંમત છે. સમભાવમાં રહીને સંયોગી ભાવથી છૂટે તેના મરણને પંડિતમરણ કહેવાય છે. જે આત્મા આવો પંડિત થયો તે જરૂર કેવળજ્ઞાનને પામવાનો છે. તેને જનમ—મરણ છૂટી જવાના છે.

સંતોએ જ જીવનને જીવી જાણ્યું છે. સમભાવમાં પરિણમીને સંતો અલૌકિક જીવન જીવે છે. વિકલ્પમાં એકાકાર થઈને જ્ઞાન વળગ્યું હતું તેની જ્યાં દિશા ફરી ત્યાં જાત્યાંતર જ્ઞાન પ્રગટ થઈ ગયું. તેને જીવતાં જ જીવનનો પલટો થઈ ગયો. તેણે જીવનને જીવી જાણ્યું, આત્માને માની જાણ્યો. દુનિયામાં ગમે તે હો... મારામાં દુનિયાનું કાંઈ નથી અને દુનિયામાં મારું કાંઈ નથી. મારું બધું મારામાં ભર્યું પડ્યું છે. દશ પ્રકારના ધર્મ કહો કે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ કહો... એ બધું સમભાવમાં સમાઈ જાય છે. પ્રવચનસારમાં સમભાવને સામ્યભાવ કહીને તેનો અધિકાર કહ્યો છે. સમભાવ કહો, સામ્યભાવ કહો, શુદ્ધભાવ કહો, વીતરાગ પરિણતિ કહો બધું એક જ છે.

કુંદકુંદાદિ સંતો કહે છે કે અમે જે માર્ગે ચડ્યા છીએ તે માર્ગ તમને બતાવીએ છીએ કે આ સામ્યના માર્ગે ચાલ્યા આવો. કુંદકુંદાચાર્યે તો પંચમકાળમાં પરમેશ્વરના વિરહ ભુલાવે તેવા ગજબ કામ કર્યાં છે. ચારિત્ર કેવું હોય અને કેમ પ્રગટ થાય તેનું સ્વરૂપ અને વિધિ....

www.vitragvani.com



બધું બતાવી દીધું છે. અહીં કહેવાનો આશય આ છે કે વિકલ્પ અને નિમિત્ત ઉપરથી દૃષ્ટિ સંકેલીને ચિદાનંદ ભગવાનનો આશ્રય કર! તેમાં બધું આવી જાય છે. પોતે પરમાત્મસ્વરૂપ છે અને વીતરાગભાવે પરિણમવું એ પરમાત્મા થવાનો ઉપાય છે.

આ ૩૯ ગાથા થઈ. હવે, કહે છે કે જે જીવ સમભાવને કરે છે તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર હોય છે, અન્યને હોતાં નથી.

**दंसणु णाणु चरित्तु तसु जो सम–भाउ करेइ।**
**इयरहँ एक्कु वि अत्थि णवि जिणवरु एउ भणेइ॥४०॥**

અર્થ :—સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેને જ નિશ્ચયથી હોય છે કે જે યતિ સમભાવ કરે છે. બીજા સમભાવરહિત જીવને ત્રણ રત્નમાંથી એકપણ હોતા નથી. આમ જિનેન્દ્રદેવ કહે છે.

જીવને 'સમભાવ'ની ક્રિયાનું માહાત્મ્ય આવતું નથી. દેહથી કાંઈ ક્રિયા કરે, વાણીથી વિસ્તાર કરે તો દુનિયાને કાંઈક ખ્યાલમાં આવે એમ એને બહારની ક્રિયાની મહિમા આવે છે પણ એ તો જડની ક્રિયા છે. તેનાથી ધર્મ કેમ થાય! અંતરદૃષ્ટિપૂર્વક સમભાવમાં જ સમ્યગ્દર્શનરૂપ ધર્મ હોય છે. વિષમભાવમાં ધર્મ હોઈ શકતો નથી. સમભાવરહિત વિકલ્પાદિ ધર્મ થવાનું માને છે તેને સમ્યક્ત્વાદિ ત્રણ રત્નમાંથી એકપણ રત્ન પ્રગટ થતું નથી.

સમભાવમાં જ ત્રણેય રત્ન છે. સમભાવથી વિરુદ્ધ વિકલ્પાદિમાં એકેય રત્ન નથી. દયા પાળે, વાંચન આપે, પુસ્તક લખે, વ્રતાદિ કરે, એવી ચેષ્ટામાં અને રાગમાં જેની દૃષ્ટિ છે તેને સમ્યગ્દર્શનરત્ન પણ પ્રગટ થતું નથી. સમભાવીને જ સમ્યગ્દર્શન હોય છે, સમભાવીને જ સમ્યગ્જ્ઞાન હોય છે અને સમભાવીને જ સમ્યક્ચારિત્ર હોય છે. બાકી, બહારની ક્રિયામાં જેને 'આ કાંઈક ઠીક છે' એમ મનાય છે તેને સમ્યગ્દર્શન નથી પણ મિથ્યાદર્શન છે.

ભગવાન આત્મા વિકલ્પ વિનાની ચીજ છે તેનું દર્શન-જ્ઞાન અને રમણતા તે રત્નત્રય છે, તેનાથી વિરૂદ્ધ શુભરાગાદિ વિકલ્પો કે દેહની ચેષ્ટામાં કાંઈક લાભ છે—તેનાથી મારું હિત સધાય છે એવા વિષમભાવમાં સમ્યક્ત્વનો લાભ પ્રગટ થતો નથી. ત્રણ રત્નમાંથી એકેય રત્ન પ્રગટ થતું નથી. સમભાવ વિના ચારિત્ર નથી એમ ન કહ્યું પણ સમભાવ વિના એકેય રત્નની પ્રાપ્તિ નથી એમ કહ્યું છે.

ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ જ સમભાવસ્વરૂપ છે, તેની દૃષ્ટિ તે સમભાવરૂપ સમ્યગ્દર્શન છે, તે સમભાવનું જ્ઞાન જ સમભાવરૂપી સમ્યગ્જ્ઞાન છે અને અંતરમાં સ્થિરતા એ સમભાવરૂપી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચારિત્ર છે. તેનાથી વિરુદ્ધભાવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર એકેય નથી. કારણ કે પરમ શાંત વીતરાગ સ્વભાવને દૃષ્ટિમાં નહિ લેતાં, તે સંયોગમાં અને વિકલ્પમાં જ ઠીકપણું માને છે તેને વિષમભાવ છે, માટે સમ્યક્‌ભાવ નથી.

વિષમભાવ એટલે રાગભાવ. શુભરાગમાં–'આ મને ઠીક છે' એમ માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, સમ્યક્‌ચારિત્ર નથી. શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માનવું તે પણ વિષમભાવ છે. પોતાનું પરમાત્મસ્વરૂપ વીતરાગ સમરસસ્વરૂપ છે તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં જ સમભાવ છે તેનાથી વિરુદ્ધભાવ-શુભભાવ હો તોપણ તે સમભાવ નથી. અનુકૂળ નિમિત્તની વચ્ચે સમવસરણમાં બેઠો હોય કે ભગવાનની પ્રતિમાની સામે મંદિરમાં બેઠો હોય પણ નિમિત્ત ઉપર દૃષ્ટિ છે તેને વિષમભાવ છે, સ્વભાવ સન્મુખનો ભાવ નથી. તેમાં હિત માનનારને મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શન નથી.

આ તો વીતરાગના દરબારની વાતો છે બાપુ!

एक्कु वि अत्थि–જ્યાં સમભાવ નથી ત્યાં ત્રણમાંથી એકેય રત્ન નથી. સામ્યભાવ જ એક સારભૂત છે. તેનાથી વિરૂદ્ધ એવા વિકલ્પમાં ઠીક માને છે તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય નથી. શુભરાગ અને તેની બાહ્ય ચેષ્ટાઓમાં ધર્મ થવાનું માને છે તેને સાચું જ્ઞાન જ નથી તો શ્રદ્ધા અને ચારિત્ર તો સાચાં ક્યાંથી હોય! આત્મસ્વભાવમાં વિકલ્પનો અભાવ છે એવા નિર્વિકલ્પતત્ત્વને તો જાણતો નથી અને વિકલ્પને ભલો માને છે તને સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ રત્નમાંથી એકેય રત્નની પ્રાપ્તિ નથી. जिणवरु एउ भणेइ । આમ જિનેન્દ્રદેવ કહે છે.

❑ ❑ ❑

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નિર્વિકલ્પ આનંદમાં લીનતા તે સંયમ છે

(સળંગ પ્રવચન નં. ૯૮)

આ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૪૦મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થ :—નિશ્ચયનયથી નિજશુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યગ્દર્શન તે સમભાવના ધારકને થાય છે અને નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલો જે વીતરાગ પરમાનંદ મધુર રસનો આસ્વાદ તે સ્વરૂપ આત્મા છે તથા હંમેશા આકુળતાના ઉપજાવવાવાળા કામ-ક્રોધાદિક છે તે મહા કટુક રસરૂપ અત્યંત વિરસ છે એમ જાણવું—તે સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપના આચરણરૂપ વીતરાગચારિત્ર પણ તે સમભાવના ધારણ કરનારને જ થાય છે. જે મુનિવર વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિક ભાવની ભાવનાને અનુકૂળ (સન્મુખ) નિર્દોષ પરમાત્માના યથાર્થ શ્રદ્ધાન, યથાર્થ જ્ઞાન અને સ્વરૂપના યથાર્થ આચરણરૂપ અખંડભાવ ધારણ કરે છે તેને પરમસમાધિની સિદ્ધિ થાય છે.

ખરેખર સત્યદૃષ્ટિથી જોઈએ તો પોતાનો શુદ્ધાત્મા કે જેમાં શરીર અને કર્મ તો નથી પણ શુભાશુભ વિકલ્પો પણ જેમાં નથી એવો નિજશુદ્ધાત્મા જ ઉપાદેય અને આદરણીય છે એવી અંતરમાં દૃષ્ટિ, રુચિ, શ્રદ્ધા, પરિણતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. જેને શુભભાવ ઠીક છે અને અશુભ અઠીક છે એવો અભિપ્રાય છે તેને સમ્યક્ત્વ થતું નથી. શુભાશુભ બંને વિકલ્પોથી રહિત વીતરાગસ્વરૂપ આત્માની રુચિવંતને જ સમ્યગ્દર્શન થાય છે. રાગની રુચિવંતને સમ્યગ્દર્શન થતું નથી.

સમ્યગ્દર્શન એટલે સત્‌દર્શન—સત્‌ પ્રતીતિ. પ્રશંસનીય પ્રતીતિ. આત્માની પ્રતીતિવંતને શુભાશુભભાવોમાં ઉપાદેયબુદ્ધિ હોતી નથી. શુભ ઠીક અને અશુભ અઠીક એવી વિષમ માન્યતા પણ તેને હોતી નથી. જે સમભાવને ધારણ કરે તેને જ સમ્યગ્દર્શન હોય છે. ત્રિકાળી શુદ્ધાત્મા સમભાવસ્વરૂપ છે તેની શ્રદ્ધા સમભાવ ધારણ કરનારને જ હોઈ શકે છે.

ત્રિકાળ નિજશુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા કરવાથી રાગરહિત પરમાનંદમય મધુર રસ ઉત્પન્ન થાય છે તેનો આસ્વાદ લેવો એ તો આત્માનું સ્વરૂપ છે પણ હંમેશા આકુળતા ઉપજાવનાર કામ-ક્રોધાદિ ભાવોના મહાકટુક રસનો આસ્વાદ લેવો તે આત્માનું સ્વરૂપ નથી. આમ જાણવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

આત્મા વીતરાગ આનંદ સ્વરૂપ છે. તેમાં એકાગ્રતા કરવાથી મીઠો સુખાસ્વાદ આવે

www.vitragvani.com



છે, જ્યારે રાગમાં તો કટુકસ્વાદ આવે છે આમ, આ બંને સ્વાદનું ભેદજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે. રાગ પોતે કટુક છે—ઝેર છે—વિરસ છે—વિષમભાવ છે અને આત્માનો સ્વાદ તો મધુર—અમૃત—સુરસ અને સમભાવસ્વરૂપ છે અને આ બે વિરોધી રસનું વાસ્તવિક જ્ઞાન સમભાવમાં જ થાય છે.

આત્મા અતીન્દ્રિય—શાંત—વીતરાગી આનંદથી ભરેલો છે. તેની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં એકાગ્રતા થવાથી જે અતીન્દ્રિય વીતરાગી આનંદનો સ્વાદ આવે છે તે અને રાગાદિ વિકલ્પથી આવતો જે કટુક સ્વાદ તે બે વચ્ચેનું ભેદજ્ઞાન સમભાવી—સમ્યગ્જ્ઞાનીને જ હોય છે. રાગ પણ ભલો અને આત્મા પણ ભલો એવા બે ભાવ છે તે વિષમભાવ છે. આવો વિષમભાવ સમ્યગ્જ્ઞાનીને હોતો નથી.

આ દેહ તો માટી—જડ છે, અંદરમાં કર્મ છે તે પણ જડ છે અને વાણી પણ જડ છે. જે શુભ અને અશુભ વિકારીભાવ થાય છે તેનો કડવો—દુઃખરૂપ સ્વાદ છે. આ બધાથી ભગવાન આત્માનું સ્વરૂપ ભિન્ન છે તેનું જ્ઞાન કરવું અને તેનો વીતરાગી આનંદનો સ્વાદ લેવો તે આત્માનું સ્વરૂપ છે. રાગ અને આત્માના સ્વાદનો ભેદ પાડનાર જીવ સમભાવી હોય છે. તેને જ સમ્યક્ જ્ઞાન થાય છે. શાસ્ત્રના જ્ઞાન કે લૌકિક ભણતરના જ્ઞાનને સમ્યક્ જ્ઞાન કહેતાં નથી.

આ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તે મહામુનિ દિગંબર સંત યોગીન્દ્રદેવે નવસો વર્ષ પહેલાં બનાવ્યું છે. તેમાં અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને થાય અને કેમ થાય તે બતાવે છે.

'સમભાવી' ને જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. શુભભાવ અને અશુભભાવમાં ભેદ પાડવો તે વિષમભાવ—મિથ્યાત્વભાવ છે. તે વિષમભાવની રુચિ છોડીને, વીતરાગ શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ મને હિતકર છે, સુખકર છે એવી રુચિ અને દૃષ્ટિ થવી તેનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. તે જ મોક્ષનું કારણ છે.

સમ્યગ્જ્ઞાન કોને કહે છે!—કે નિજ આત્મા—જે અતીન્દ્રિય આનંદ અને શાંતરસનો પિંડ છે તેમાં એકાગ્ર થઈને નિજાનંદનો સ્વાદ લેવો અને રાગના સ્વાદને દુઃખરૂપ કટુકસ્વાદ જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. રાગ મને ઠીક છે એવું જ્ઞાન જેને છૂટી ગયું છે એવા સમભાવીને જ સમ્યગ્જ્ઞાન થાય છે.

ભગવાન આત્મા શરીર, વાણી, મન, કર્મ અને શુભાશુભરાગથી પૃથક્ છે અને પોતાના બેહદ જ્ઞાન, આનંદ, વીર્ય, શાંતિ આદિ સ્વભાવથી અપૃથક્ છે—અભેદ છે. રાગનો સ્વાદ દુઃખમય છે અને આત્માનો સ્વાદ સુખમય—આનંદમય છે એમ બે વચ્ચે ભેદજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે. મોક્ષના કારણરૂપ આવું સમ્યક્જ્ઞાન સમભાવીને જ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



યોગીન્દ્રદેવ કહે છે કે ત્રણલોકના નાથ પરમેશ્વરદેવ દિવ્યધ્વનિ દ્વારા સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં આમ ફરમાવે છે અને તે અમે તને કહીએ છીએ કે સમભાવીને જ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે, બીજા કોઈને થતો નથી.

સમભાવી વીતરાગસ્વરૂપ આત્મામાં અતીન્દ્રિય આનંદ સહિત શાંતિ અને સ્થિરતા ધારણ કરવાવાળાને સમ્યક્ચારિત્ર હોય છે. મહાવ્રતાદિ વિકલ્પને પણ છોડીને વીતરાગી સ્થિરતા દ્વારા જ્ઞાયકસ્વભાવમાં રમવું તે સમ્યક્ચારિત્ર છે. આવું ચારિત્ર સમભાવીને જ હોય છે. સમભાવી જ ચારિત્રવંત છે, બીજાને ચારિત્ર હોતું નથી.

શુભરાગમાં ઠીક માનવાવાળાને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય હોતાં નથી. સમભાવ ધારણ કરવાવાળાને જ વીતરાગી સ્થિરતા પ્રાપ્ત થાય છે. વીતરાગી પરિણતિ કરે તેને જ ચારિત્ર હોય છે. રાગના રુચિવંતને ચારિત્ર હોતું નથી.

દુનિયાને સત્યમાર્ગ સાંભળવા પણ મળતો નથી. શુભાશુભરાગ તો લોખંડની બેડી છે—વિકાર છે, તેનાથી રહિત વીતરાગી ચારિત્ર છે તે સમભાવ છે અને સમભાવીને જ ચારિત્ર હોય છે. જેમાં દયા—દાનાદિ શુભ વિકલ્પનો પણ અભાવ છે એવી એકલી શાંત વીતરાગ પરિણતિ તે સામાયિક છે. અહીં યથાખ્યાતચારિત્રની વાત નથી પણ સામાયિક ચારિત્રની વાત છે.

આત્મદૃષ્ટિ નિર્મળ સમભાવમાં થાય છે, આત્મજ્ઞાન સમભાવમાં થાય છે અને વીતરાગી ચારિત્ર પણ સમભાવમાં થાય છે. જે મુનિ વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિકની ભાવનાને અનુકૂળ આવા રત્નત્રયરૂપ અભેદભાવને ધારણ કરે છે તેને જ પરમસમાધિની સિદ્ધિ થાય છે. તેમાં તેને કોઈ પ્રકારના રાગની મદદની અપેક્ષા નથી. પરમ સમાધિ કહો, સમભાવ કહો, ચારિત્ર કહો કે સામાયિક કહો કે વીતરાગી પરિણતિ કહો બધું એક જ છે.

આમ, આ ૪૦ ગાથા થઈ. હવે આગળ કહે છે કે જે સમયે જ્ઞાની જીવ શાંતભાવને ધારણ કરે છે તે સમયે સંયમી થાય છે તથા જ્યારે ક્રોધાદિ કષાયને વશ થાય છે ત્યારે અસંયમી થાય છે.

**जाँवइ णाणिउ उवसमइ तामइ संजदु होइ।**
**होइ कसायहँ वसि गयउ जीउ असंजदु सो।।४१।।**

ભગવાન યોગીન્દ્રદેવ, જિનેન્દ્રદેવે કહેલી સંયમની દશાનું વર્ણન કરે છે. સંયમ કોને કહેવો! ચારિત્ર કોને કહેવું! સંયમી અને ચારિત્રવંત કોને કહેવા! તે બધું જિનેન્દ્રદેવે કહેલું છે તે અહીં યોગીન્દ્રદેવ (આપણને) કહે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ છે, તેનું સ્વસંવેદન અર્થાત્ જ્ઞાનનું વેદન કરે છે તેનું નામ જ્ઞાની છે. આવા જ્ઞાની જીવ શાંતભાવને ધારણ કરે છે—અકષાય વીતરાગભાવને ધારણ કરે છે અને અશાંત એવા રાગાદિભાવને છોડે છે તે જ સમયે તે જ્ઞાની સંયમી થાય છે.

શ્રોતા :—શાંતભાવમાં શું હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાંતભાવમાં અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. શુભા-શુભ-ભાવમાં દુઃખનો અનુભવ થાય છે તેનાથી વિરુદ્ધ અતીન્દ્રિય આનંદમાં સુખ-શાંતિનો અનુભવ થાય છે. ઈન્દ્રિયના આનંદથી વિરુદ્ધ તે અતીન્દ્રિય આનંદ છે. ઈન્દ્રિયોનું લક્ષ કરીને રાગમાં આનંદ માને છે તે અજ્ઞાની છે તેનાથી વિરૂદ્ધ આત્માનું લક્ષ કરીને અતીન્દ્રિય આનંદને અનુભવે છે તે જ્ઞાની છે. અજ્ઞાનીએ કદી સત્ય માર્ગ જોયો નથી. આમ ને આમ અનાદિકાળથી પરલક્ષ કરીને હેરાન થઈ રહ્યો છે. અશુભભાવમાં તો જીવ દુઃખી છે જ પણ શુભભાવમાં પણ અશાંતિ દુઃખ અને આકુળતા જ છે. તેને એ વેદે છે પણ ભગવાન આત્મા કેવો છે તેની એને ખબર નથી એટલે બહારમાં સુખ ઢંઢોળ્યા કરે છે. પૈસા, આબરું, સ્ત્રી, પુત્રાદિના લક્ષે સુખની કલ્પના કર્યા કરે છે પણ ક્યાંય સાચું સુખ મળતું નથી.

અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે તે પણ રાગ છે, અશાંતભાવ છે, તેમાં સુખ નથી. માટે તેમાં સુખ શાંતિ શોધવા જાય છે તેને પણ શાંતિ મળતી નથી. રાગમાત્રમાં દુઃખ અને આકુળતા છે તેનાથી ધર્મનો અંશ પણ પ્રગટ થતો નથી. બહારથી ભગવાન—ભગવાન—ભગવાન કરવાથી શાંતિ મળતી નથી. શાંતિ તો ભગવાન આત્મામાં પડી છે. આત્મા શાંતરસનો કંદ છે. એ શાંતરસમાં જ્ઞાની ઠરે છે તેનું નામ ચારિત્ર છે. આ ચારિત્ર વિકારનો નાશ કરી નાખે છે.

બ્રહ્માનંદ ભગવાન આત્માની શાંતિની શીતળ છાયામાં રહેવું તે ઉપશમભાવ છે. ઉપશમધારી મુનિને કોઈ ચંદન લગાવે તો રાગ નથી અને કોઈ શરીરને કાપે તો દ્વેષ પણ થતો નથી. મુનિની કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે તેમાં પણ સમભાવ છે. શબ્દો તો જડની અવસ્થા છે તેનાથી મને શું છે! આવા શાંતસ્વભાવી મુનિને સંયમ હોય છે અને સંયમી મુનિને ચારિત્રવંત કહેવાય છે અને જે ક્રોધાદિ વિકારભાવને આધીન થાય છે એવા જીવ અસંયમી હોય છે.

જે સ્વભાવને આધીન થઈને શુદ્ધતાની શાંતિમાં ઠરી જાય છે તે સંયમી છે અને જે શુભાશુભ વિકારીભાવને આધીન થાય છે તે અસંયમી છે. આ પંચમઆરાના મુનિ પંચમઆરામાં સંયમી કેવા હોય તેની વાત કરે છે. ચોથા આરામાં જ આવો સંયમ હોય અને પંચમઆરામાં ન હોય એમ નથી. અશુભભાવ તો કષાય છે જ પણ શુભભાવ પણ કષાય

www.vitragvani.com



છે, તેમાં આત્માની શાંતિનો ઘાત થાય છે. આવી વાત કાયરોને પ્રતિકૂળ પડે છે. શ્રીમદ્ કહે છે કે—

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

અહા! 'વીતરાગનાં વચનામૃત' શાંતરસની ઉત્પત્તિના મૂળ છે. શાંતરસ કહો, સમભાવ કહો, વીતરાગીભાવ કહો બધું એક જ છે. બહારમાં ઘોર પરિષહ કે ઉપસર્ગ હો પણ મુનિ તો પોતાના શાંતરસમાં લીન રહે છે. હરણિયાં મુનિને પથ્થર સમજીને શરીર ઘસે છે છતાં મુનિ તો ધ્યાનમાં લીન રહે છે. આવી શાંત દશા અમને પણ ક્યારે હો! છઢાળામાં દૌલતરામજીએ પણ મુનિની ઘણી વાત લીધી છે.

વિભાવ તો મિથ્યાદૃષ્ટિ અને સમકિતી, શ્રાવક આદિ બધાને ઉત્પન્ન થાય છે પણ ફરક એ છે કે મિથ્યાદૃષ્ટિને આદરપૂર્વક વિભાવ થાય છે અને સમકિતી, શ્રાવક આદિ જ્ઞાની—મુનિને વિભાવનો આદર નથી પણ અસ્થિરતાવશ ઉત્પન્ન થાય છે એટલો અસંયમ છે. શુભભાવનો આદર કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે અને આદર વિના શુભભાવ ઉત્પન્ન થાય છે તે અસંયમ છે અને શુભભાવ ઉત્પન્ન જ ન થાય અને શાંતભાવ થાય તેનું નામ સંયમ છે.

ભાવાર્થ :—આકુળતારહિત નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલ નિર્વિકલ્પ (અસલી) સુખનું કારણ જે પરમ શાંતભાવ તેમાં જે સમયે જ્ઞાની સ્થિત થાય છે તે જ સમયે સંયમી કહેવાય છે. અને આત્મભાવનામાં આકુળતા ઉપજાવવાવાળા કામ-ક્રોધાદિ અશુદ્ધ-ભાવોમાં પરિણમતો થકો જીવ અસંયમી થાય છે તેમાં કોઈ સંદેહ નથી.

શુભાશુભની આકુળતાથી રહિત નિજશુદ્ધાત્માની ભાવના એટલે કે શાંતરસમાં એકાગ્રતાથી આત્મામાં નિર્વિકલ્પ પરમ શાંતભાવ ઉત્પન્ન થાય છે તેમાં આનંદ છે જ્યારે અશાંતભાવમાં તો પરમદુઃખ છે. શુભાશુભભાવ દુઃખનું કારણ છે—અશાંતભાવ છે અને ભગવાન આત્માનો અકષાયભાવ—શાંતભાવ આનંદનું કારણ છે.

અહો! એને નિજઘરના માહાત્મ્ય આવ્યા નહિ અને પરઘરમાં બહારચલો થઈને ફરે છે અને તેમાં હું કાંઈક કરું છું એમ માને છે.

અતીન્દ્રિય આનંદનું કારણ પરમ શાંતભાવ છે એમ કહીને યોગીન્દ્રદેવ એ કહેવા માંગે છે કે શુભાશુભભાવ પરમ અશાંતભાવ હોવાથી દુઃખના કારણ છે, દુઃખરૂપ છે. પણ અરે! આ વાત શ્રદ્ધામાં બેસાડવામાં એને પરસેવા ઉતરે છે. કેમ કે બહારચલો થઈ ગયો છે. શુભાશુભભાવમાં રસ લે છે તે બહારચલો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહા! જેમાં નજર નાંખતાં શાંતરસ ઝરે એવા આત્માની પરિણતિ તે આનંદનું કારણ છે. જ્ઞાની જે સમયે તેમાં ઠરે છે તે જ કાળે તેમને સંયમી કહેવાય છે. આ છઠ્ઠા–સાતમા ગુણસ્થાનવર્તી સંયમી મુનિની વાત છે. આવા સંયમીને આચાર્ય કહે છે, આવા સંયમીને ઉપાધ્યાય કહે છે અને આવા સંયમીને જ સાધુ કહે છે.

શ્રોતા :—આ નિર્વિકલ્પદશા સમયની શાંતિની વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિર્વિકલ્પદૃષ્ટિની સાથે ભલે વિકલ્પ હો પણ નિર્વિકલ્પ પરિણતિ તે જ સંયમ છે.

ભગવાન શુદ્ધાત્મામાં એકાગ્રતાની ભાવનામાં પરમ આકુળતા ઉપજાવવાવાળા કામ એટલે રાગ અને ક્રોધ એટલે દ્વેષ આદિ અશુદ્ધભાવોમાં પરિણમતો જીવ અસંયમી થાય છે. કારણ કે શુભ અને અશુભ બંને ભાવ અશુદ્ધ છે, મલિન છે, દુઃખના કરનારા છે, દુઃખરૂપ છે માટે જ્યારે જીવ તેને તાબે થઈ જાય છે ત્યારે અસંયમી કહેવાય છે એમ નિઃસંદેહ જાણો.

આવું જ કથન શાસ્ત્રમાં બીજી જગ્યાએ પણ કર્યું છે કે કષાયના અભાવ તે જ ચારિત્ર છે માટે કષાયને આધીન જીવ અસંયમી થાય છે. જ્યારે તે કષાયોને શાંત કરે છે ત્યારે સંયમી થાય છે.

આત્મા તો ત્રિકાળ અકષાયસ્વભાવે રહેલો છે. તેમાં ઠરવું તે અકષાયભાવ છે. આ અકષાયભાવ જ ચારિત્ર છે. જ્યારે તે પુણ્યને આધીન થઈ જાય છે તો અસંયમી થઈ જાય છે. આવી વાણી દિગંબર સંત સિવાય કોણ કહે! સંતોએ તો જેવું સત્ય છે તેવું જાહેર કરી દીધું છે. માનો કે ન માનો એ તમારા અધિકારની વાત છે પણ વસ્તુસ્થિતિ તો આમ છે.

જ્યારે કષાયો શાંત થાય છે, શુભાશુભ વિકલ્પોનો નાશ થાય છે અને અવિકારી શાંત પરિણતિ પ્રગટ થાય છે ત્યારે તેને સંયમી કહેવાય છે.

આ ૪૧ ગાથા થઈ. હવે ૪૨ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે મોહથી મનમાં કષાય થાય છે તે મોહને તું છોડ!

**जेण कसाय हवंति मणि सो जिय मिल्लहि मोहु।**
**मोह कसाय विवज्जयउ पावहि सम बोहु।।४२।।**

અર્થ :—હે જીવ! જે મોહથી અથવા મોહ ઉત્પન્ન કરવાવાળી વસ્તુથી મનમાં કષાય થાય તે મોહને અથવા મોહનિમિત્તક પદાર્થને છોડ! પછી મોહરહિત થયો થકો તું નિયમથી રાગ–દ્વેષરહિત જ્ઞાનને પામીશ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'મોહ' એટલે પરમાં સાવધાની અને સ્વરૂપની સાવધાની એટલે 'મોહરહિત મોક્ષમાર્ગ.' પરમાં સાવધાનીથી મનમાં કષાય ઉત્પન્ન થાય છે તે મોહ છે. એ મોહ જેના નિમિત્તે થાય છે એવા પદાર્થને અને તે સંબંધી મોહને તું છોડ! આમ કહીને એ પણ સિદ્ધ કરે છે કે પરપદાર્થના લક્ષે મોહ જ થાય છે અને પોતાના આત્માના લક્ષે અરાગી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ થાય છે. માટે સ્વલક્ષ કર અને પરલક્ષ તથા મોહને છોડ!

આમાં જરાં કડક વાત છે. ભગવતી આરાધનાના શ્લોકનો આધાર આપીને આગળ વાત કરશે.

ભગવાન આત્માને પરપદાર્થના લક્ષમાં રાગ થાય છે તેમાં અશાંતિનું વેદન થાય છે. માટે પરપદાર્થનું લક્ષ છોડ તો પરપદાર્થ છોડ્યો કહેવાશે અને તેનો રાગ છોડ તો અશાંતિ ટળીને શાંતિ થશે. આત્મામાં આવી નિર્વિકલ્પ શાંતિ થવી તે જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી.

❀

❀ સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. સર્વજ્ઞ પરમાત્મા સૌને નિજ સત્તાએ શુદ્ધ દેખે છે અને સર્વજ્ઞની જેમ સૌ પોતાને નિજ સત્તાએ શુદ્ધ દેખે તો તેને તેવો જણાય. આ થોડા અક્ષરમાં ભગવાન આત્માનું આખું સ્વરૂપ આવી જાય છે. અહીં કહે છે કે આવો ભગવાન આત્મા સૌને સદાકાળ જણાય છે છતાં જણાતો કેમ નથી? જ્ઞાનની પર્યાયમાં એવી તાકાત છે કે આખા ભગવાન આત્માને જાણે. જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માને જાણે છે છતાં કેમ જણાતો નથી?—કે અંદર મહાપ્રભુ બિરાજે છે તે જ્ઞાનમાં જણાવા છતાં પોતે રાગને વશ થઈને રાગને જ જોવે છે તેથી પોતે જણાતો નથી. ૭૭.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૭૭)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ત્રિકાળ મુકત-સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૯૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૪૨મી ગાથા ચાલે છે. તેમાં યોગીન્દ્રદેવ કહે છે કે હે જીવ! જે મોહથી અથવા મોહ કરાવવાવાળી વસ્તુથી મનમાં કષાય થાય તે મોહને અથવા તે પદાર્થને છોડ! મોહને છોડવાથી મોહ રહિત થયેલો તું નિયમથી રાગ-દ્વેષ રહિત જ્ઞાનને પામીશ.

ભાવાર્થ :—નિર્મોહ નિજશુદ્ધાત્માના ધ્યાન વડે હે જીવ! તું નિર્મોહ નિજશુદ્ધાત્મ-તત્ત્વથી વિપરીત મોહને છોડ. જે મોહથી અને મોહ ઉત્પન્ન કરવાવાળા પદાર્થથી કષાય રહિત પરમાત્મતત્ત્વરૂપ જ્ઞાનાનંદસ્વભાવના વિનાશક ક્રોધાદિકષાય થાય છે તેનાથી જ સંસાર છે માટે, મોહકષાયનો અભાવ થશે ત્યારે જ રાગાદિ રહિત નિર્મળ જ્ઞાનને તું પામી શકીશ.

ચૈતન્યવસ્તુ તો પોતે શુદ્ધ ચૈતન્ય છે તેમાં મોહ તથા મોહનિમિત્તક પદાર્થનો અભાવ છે. આવા આત્માના ધ્યાનથી એટલે કે શુદ્ધાત્મામાં અંતર એકાગ્રતાથી પર્યાયમાં જે મોહ થઈ રહ્યો છે તેને છોડી શકાય છે માટે યોગીન્દ્રદેવ શિષ્યને કહે છે કે નિર્મોહ નિજાત્મસ્વરૂપના ધ્યાન વડે મોહને છોડ!

ત્રણપટી વાત કરી છે. ૧. નિર્મોહ એવું આત્મસ્વરૂપ, ૨. નિર્મોહ આત્મસ્વરૂપથી વિપરીત એવો મોહ, ૩. નિર્મોહ એવા આત્મસ્વરૂપનું ધ્યાન.

ધ્યાનપર્યાય વડે મોહ છૂટે છે. સ્વરૂપની સાવધાનીથી સ્વરૂપથી વિપરીત એવા મોહનો ક્ષય થાય છે. પરની સાવધાનીથી મોહ થયો છે તે સ્વની સાવધાનીથી છૂટે છે. પોતાના સ્વરૂપમાં સાવધાન થાય એવો જ જીવનો સ્વભાવ છે, તેના ધ્યાનથી મોહરૂપ વિકારી પર્યાયનો નાશ થઈને નિર્વિકારી પર્યાય પ્રગટ થાય છે. આમ, ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ ત્રણેય આવી જાય છે. નિર્મોહી આત્માનું ધ્યાન કરવું તે ઉત્પાદ્ થયો, મોહનો નાશ તે વ્યય અને નિર્મોહ સ્વભાવ ધ્રુવ રહ્યો.

આત્મા શાંતસાગર છે તેનો આનંદ ક્યાંય બહાર નથી. આત્માનો આનંદ અંતરમાં પરિપૂર્ણ ભર્યો પડયો છે. માટે આત્માને આનંદસ્વરૂપ કહો કે નિર્મળસ્વરૂપ કહો—એક જ છે. આવા સ્વભાવની સાવધાની કરીને હે જીવ! પરમાં સાવધાનીનો વ્યય કર!

ઉપદેશમાં આમ જ આવે પણ સ્વરૂપમાં સાવધાનીથી લીન થતાં વિકારનો વ્યય કરવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પડતો નથી, થઈ જ જાય છે. આનંદની પર્યાય ઉત્પન્ન થતાં વિકારી પર્યાય છૂટી જાય છે તેને ઉપદેશમાં 'છોડ' એમ કહેવાય. સ્વરૂપમાં સાવધાની સિવાય તારી સ્વતંત્રતાના સુખનો બીજો કોઈ ઉપાય નથી.

કષાય કેવી રીતે થાય છે?—કે પરમાં સાવધાનીની દૃષ્ટિ અને રાગ-દ્વેષથી જ પરમાત્મ-તત્ત્વરૂપ જ્ઞાનાનંદસ્વભાવના વિનાશક ક્રોધાદિ કષાય થાય છે અને આ કષાયથી જ સંસાર ઊભો થયો છે અને કષાયથી જ જીવ સંસારમાં રખડી રહ્યો છે. માટે પર તરફના મોહને છોડી, સ્વભાવ સન્મુખ જઈશ ત્યારે જ તને શાંતિ મળશે. પર તરફ જતાં, જ્ઞાનનો ઉઘાડ તો દેખાશે પણ તેનાથી શાંતિ નહિ થાય.

આવી જ વાત ભગવતી આરાધનામાં પણ કરી છે—'તં વત્થું....' અર્થાત્ તે વસ્તુ મન, વચન, કાયાથી છોડવી જોઈએ કે જેથી કષાયરૂપી અગ્નિ ઉત્પન્ન ન થાય તથા એ વસ્તુ અંગીકાર કરવી જોઈએ કે જેનાથી કષાયો શાંત થાય... સાચા સત્સમાગમને અંગીકાર કરવાથી કષાયરૂપી અગ્નિ થતી નથી. મંદરાગની ઉત્પત્તિ થાય—એ જુદી વાત છે પણ તીવ્ર કષાયની અગ્નિ તો ઉત્પન્ન ન થાય. અકષાયભાવ બતાવનાર દેવ-ગુરુના લક્ષથી અકષાયભાવ જ ઉત્પન્ન થાય કારણ કે લક્ષ પોતે વિકલ્પ હોવા છતાં દેવ-ગુરુ અકષાયભાવ બતાવતાં હોવાથી તે લક્ષ અકષાય થવાનું કારણ થાય છે.

તાત્પર્ય એ છે કે વિષયાદિક બધી સામગ્રી અને મિથ્યાદૃષ્ટિ પાપીઓનો સંગ બધી રીતે મોહકષાય ઉપજાવનાર છે. તેનાથી જ મનમાં કષાયરૂપી અગ્નિ ધધકતી રહે છે માટે તે સંગ સર્વ પ્રકારે છોડવાયોગ્ય છે અને સત્સંગતિ તથા શુભસામગ્રી કષાય ઉપશમ થવાનું કારણ છે, કષાય બૂઝાવવાનું સાધન છે, માટે તે સત્સંગતિ આદિ ગ્રહણ કરવા યોગ્ય છે.

જેની દૃષ્ટિ વિપરીત છે, જેનું જ્ઞાન ઉલટું છે અને એકલા રાગ-દ્વેષમય કુઆચરણ છે એવાનો સંગ આ જીવને કષાય ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. વિપરીત દૃષ્ટિવાળા જીવોના સંગમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર પણ વિપરીત થાય છે. અહીં તો બહુ ટૂંકી વાત છે. કુદેવ, કુગુરુ આદિ ખોટા સંગમાં કષાય-અગ્નિ બળે છે અને સુદેવ, સુગુરુના સંગમાં કષાય-અગ્નિ શાન્ત થાય છે.

વસ્તુસ્વરૂપથી વિપરીત માનનારાની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર બધું ખોટું હોય છે, તેની માન્યતા અનુસાર પરિણમનારા જીવને પણ ખોટી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને ખોટી શ્રદ્ધા એ જ કષાય છે. માટે સર્વપ્રકારના ખોટા નિમિત્તોનો સંગ છોડવો જોઈએ અને સત્સંગતિ તથા શુભસામગ્રી વડે સર્વ કષાયોને જીતવા જોઈએ. સત્‌દેવ-શાસ્ત્ર-ગુરુ વીતરાગભાવ તરફ દોરી જાય છે માટે તેના સંગ વડે સમજણ કરીને વીતરાગભાવ તરફ ઢળવું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નાની ઉંમરમાં આકરો હુમલો (એટેક) આવ્યો હોય, મરણની તૈયારી હોય એવા સમયે સ્ત્રી, પુત્રાદિને સામે ઊભા રાખો તો શું થાય! હાય! આ બધાનું શું થશે એમ આકુળતા લઈને મરી જાય પણ એવા સમયે કોઈ સાચા ગુરુ દ્વારા ઉપદેશ મળે કે તું નિર્મોહ સ્વભાવી, શાંતરસનો સાગર છો ત્યાં જો અને આ મોહ છોડી દે! અંદરમાં જીવતી જ્યોતચૈતન્ય હાજર છે તેમાં નજર કર! આવો ઉપદેશ મળતાં મોહ ઘટીને શાંતિ થશે. સત્સમાગમ પહેલાં પણ કર્યો હોય અને મરણ સમયે પણ સત્‌ને સંભારે તો મરણભય મટી નિર્ભયપણે દેહ છોડે. આમ, સત્સમાગમ એ શાંતિનો ઉપાય છે.

શ્રોતા :—એ તો જેના પરિણામ ફરે તેને શાંતિ થાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પરિણામ ફરે એવા જીવની જ વાત છે, ન ફરે એવાની વાત જ નથી. મરણ સમયે સગા-વ્હાલાં ભેગા થાય એ મોહ ઉત્પન્ન કરાવનારા છે, જ્યારે સાચા દેવ-ગુરુ મોહ મટવાના નિમિત્ત છે. 'સમાજસેવક' આદિના ઈલ્કાબ આપવાનો એ સમય નથી. એ ઈલ્કાબને હવે તેને શું કરવો છે! પણ અરે! લૂટારાં એને લૂંટવા આવી જાય. હિતેચ્છુ હોય તેણે તો એમ કહેવું જોઈએ કે તમે તમારું ધ્યાન રાખો, ક્યાંય અમારામાં મોહ ન કરો. જીવને રાગ અને મોહ ઘડાવવામાં નિમિત્ત થાય તે જ સત્‌સમાગમ છે. બાકી, પોતાને અંદર કષાય-અગ્નિ સળગી જ રહી છે તેને વધારવામાં નિમિત્ત થાય છે એ તો કુસંગ છે, એવો કુસંગ કરીને હે જીવ! તારે ક્યાં જવું છે?—નરકમાં? કમાણીના પૈસામાં મરણ સમયે ઘરના સાઈન કરાવી લ્યે. અરે! એને શાંતિથી મરવા તો ધ્યો. અરે! અજાણ્યા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ચાલ્યા જવું છે તેને હવે તો શાંતિના ઝૂલે ઝૂલવા દે, કષાય-અગ્નિમાં બાળ નહિ ભાઈ! શુદ્ધ ચિદાનંદધામના આશ્રયથી જ શાંતિ છે, બાકી ક્યાંય શાંતિ નથી.

આ ૪૨ ગાથા થઈ. હવે ૪૩મી ગાથા કહે છે કે હેય-ઉપાદેય-તત્ત્વને જાણીને, પરમશાંતભાવમાં સ્થિત થઈને જેને નિઃકષાયભાવ થયો છે અને નિજશુદ્ધાત્મામાં જેની લીનતા થઈ છે એવા જ્ઞાની જ પરમ સુખી છે.

तत्तातत्तु मुणेवि मणि जे थक्का सम-भवि।
ते पर सुहिया इत्थु जगि जहँ रइ अप्प-सहावि॥४३॥

અર્થ :—જે કોઈ વીતરાગ સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાની જીવ આરાધવા યોગ્ય નિજ પદાર્થ અને શાંતભાવમાં સ્થિત રહે છે અને જેની લગની એક નિજ શુદ્ધાત્મસ્વભાવમાં થઈ છે તે જીવ જ આ સંસારમાં સુખી છે.

જેમાં એકાગ્ર થવાથી શાંતિ અને આનંદ મળે છે એવો આરાધવાયોગ્ય નિજ પદાર્થ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે તત્ત્વ છે તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા સહિત શાંતિનો અનુભવ–તે સ્વતત્ત્વ છે અને આ સ્વતત્ત્વની અપેક્ષાએ રાગાદિ વિભાવભાવો અતત્ત્વ છે કેમ કે તે જીવતત્ત્વનું સ્વરૂપ નથી. માટે રાગાદિભાવ સર્વ ત્યાગવા યોગ્ય છે.

જુઓ! આ તત્ત્વની એકલી માખણની વાતો છે. જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા અંતઃતત્ત્વ છે, રાગદ્વેષની વૃત્તિઓ વિનાનું સ્વતત્ત્વ તે અંતઃતત્ત્વ છે અને શુભાશુભ વિકલ્પો આ તત્ત્વ નથી માટે અતત્ત્વ છે–બહિર્તત્ત્વ છે. અંતઃતત્ત્વ જ હું છું એવું જ્ઞાન થતાં બહિર્તત્ત્વ હું નથી એવું જ્ઞાન સાથે જ થાય છે, અસ્તિ અને નસ્તિ બંનેનું જ્ઞાન આમાં આવી જાય છે.

આમ, તત્ત્વ અને અતત્ત્વનો વિવેક કરી–ભેદજ્ઞાન કરીને જે સ્વભાવમાં ઠરે છે–નિજજ્ઞાનમાં ઠરે છે ત્યાં અતત્ત્વનો અભાવ થઈ જાય છે. આવા નિજશુદ્ધાત્મસ્વભાવમાં જે મગ્ન થયા છે તેને તેની જ લગની છે અને તે જ આ જગતમાં સુખી જીવ છે. તે સિવાય ધન, સ્ત્રી, પુત્રાદિમાં લીન છે તે જીવ દુઃખી છે અને શુભાશુભ વિકલ્પમાં જે લીન છે તે પણ દુઃખી છે. સ્વતત્ત્વમાં ઠરનાર જીવ જ સુખી છે બાકી બધાં દુઃખી છે, કેમ?–કે તેની દૃષ્ટિ બહિઃતત્ત્વ ઉપર છે. બહિર્તત્ત્વની દૃષ્ટિને કારણે જ જીવો દુઃખી છે.

લૌકિકમાં તો પૈસાવાળાને બધા સુખી કહે છે પણ તે પૈસાવાળાની નજર વધારે પૈસાવાળા ઉપર જ છે તેની અપેક્ષાએ પોતાના પૈસા ઓછા લાગે છે, તેથી એ પોતાને 'સુખી' અનુભવતો નથી. મારી પાસે પાંચ લાખ છે અને પેલા પાસે દસ લાખ છે એવી એવી ગણતરી કરીને કલ્પનામાં દુઃખી થાય છે. મૂળ તો જેનું લક્ષ પરતત્ત્વ ઉપર છે તેને દુઃખ જ હોય, સુખ ક્યાંથી હોય! પરતત્ત્વદૃષ્ટિવાળા બધાં જીવો દુઃખી જ છે તેમાં કોને સુખી માનવા! બહિર્તત્ત્વના લક્ષવાળી બુદ્ધિ જ પોતે દુઃખરૂપ છે અતત્ત્વ છે.—માટે અહીં કહે છે ભાઈ! તત્ત્વ અને અતત્ત્વનો વિવેક કરીને તત્ત્વમાં ઠર! તત્ત્વમાં ઠરનાર જીવ જ સુખી છે બાકી બધા દુઃખી છે. ગાંડાની હોસ્પિટલમાં ડાહ્યો ક્યાંથી હોય! બધાં ગાંડા જ હોય. તેમ પરતત્ત્વ-અતત્ત્વની દૃષ્ટિવાળા બધાં દુઃખી જ હોય. હવે તેનો વિસ્તાર કરે છે.

ભાવાર્થ :–જોકે આ આત્મા વ્યવહારનયથી અનાદિકાળથી કર્મબંધનથી બંધાયેલો છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ–આ ચાર પ્રકારના બંધનથી રહિત છે.

વ્યવહારનયથી એટલે પરનિમિત્તના લક્ષે જીવ કર્મથી બંધાયેલો કહેવાય છે. પણ હું કર્મથી બંધાયેલો જ છું એમ માની લેવું તે અતત્ત્વ છે કેમ કે નિશ્ચયથી એ જડકર્મ મારામાં નથી અને કર્મને યોગ્ય ભાવ પણ મારા સ્વરૂપમાં નથી માટે એ અતત્ત્વ છે. પ્રકૃતિ, પ્રદેશ,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્થિતિ અને અનુભાગ આ ચાર પ્રકારના બંધનથી હું રહિત છું એવી શ્રદ્ધા કરવી, એવું જ્ઞાન કરવું—તે સ્વભાવ તરફનો ભાવ હોવાથી તત્ત્વ છે.

શુદ્ધનિશ્ચયનયથી હું બંધનથી રહિત છું એવો ભાવ સહિતનો આત્મા તે 'સ્વતત્ત્વ' છે. વસ્તુને તેના હોવાપણાથી જુઓ—મૂળસ્વભાવથી જુઓ તો એ બંધનથી રહિત છે અને પોતાને બંધન રહિત જોતાં એ જ વખતે શાંતિ થાય છે. માટે કહે છે કે શાંતિનો માર્ગ અંતરમાં છે, બહારમાં ક્યાંય શાંતિ નથી.

આ એક વ્યવહારનયની વાત થઈ. હવે અશુદ્ધનિશ્ચયનયથી જીવ પોતાના 'ઉપાર્જન કરેલા' શુભ-અશુભકર્મોના ફળનો ભોક્તા છે. કર્મનો ભોકતા જીવને કહેવો એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે પણ અહીં તો કર્મના ફળનો ભોકતા કહ્યો છે એટલે કે કર્મના લક્ષે જીવને જેટલા શુભ-અશુભભાવ થાય કે તેને ભોગવે એ અશુદ્ધનયથી છે. આ શુભાશુભરાગનો ભોગવટો તે સ્વતત્ત્વ નથી, અતત્ત્વ છે. કર્મ તો અતત્ત્વ છે જ પણ તેના ફળનો ભોગવટો—એ પણ સ્વતત્ત્વ નથી માટે અતત્ત્વ છે માટે એ મારા તત્ત્વમાં નથી એમ બરાબર જ્ઞાન કરી, સ્વતત્ત્વને ઓળખવું. અશુદ્ધનયથી કર્મના ફળનો ભોકતા હોવા છતાં જીવ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી નિજ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન થયેલ વીતરાગ પરમાનંદ એક સુખરૂપ અમૃતનો જ ભોક્તા છે.

બહુ સરસ મેળ ઉતાર્યો છે. ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ અનાકુળ એક વસ્તુ છે-આનંદનો દરિયો છે એવી દૃષ્ટિથી જોતાં, વસ્તુ શુદ્ધ જણાય છે અને તેમાં જ એકાગ્ર થઈ જતાં પરમાનંદ સુખરૂપ અમૃતનો અનુભવ થાય છે. આવા એકરૂપ શાંત આનંદામૃતરસનો ભોકતા છે તે સ્વતત્ત્વનો ભોક્તા છે, તે અતત્ત્વને ભોગવતો નથી. નિત્યાનંદ સ્વરૂપની દૃષ્ટિ કરતાં પર્યાયમાં આનંદનો ભોગવટો થાય છે તેને તત્ત્વનો ભોક્તા કહેવાય છે.

અહા! એણે શ્રદ્ધા-જ્ઞાનને કેળવવા જોઈએ, તેને બદલે રાગ-દ્વેષની કેળવણીમાં પર તરફ દોરાઈ ગયો તેને તત્ત્વ તો દૂર રહી ગયું અને અતત્ત્વમાં તત્ત્વ માનીને તેમાં અટકી ગયો. ખરેખર પોતાના તત્ત્વમાં અતત્ત્વનો અભાવ છે. ભગવાન આત્મા કર્મના ફળને ભોગવે એમ કહેવું એ તો અશુદ્ધનિશ્ચયનું કથન છે એટલે સ્વભાવની અપેક્ષાએ તે અતત્ત્વ છે. અંતરદૃષ્ટિ વડે જે જ્ઞાનાનંદને ભોગવે છે તે જ સ્વતત્ત્વનો ભોકતા છે, વિકારને ઉત્પન્ન કરે અને વિકારને ભોગવે એ તારું તત્ત્વ નથી, પ્રભુ! એ તો અતત્ત્વ છે.

ભગવાન આત્મા એકલો જ્ઞાનરસ છે તેને પકડતાં જે પર્યાય ઉત્પન્ન થાય તેમાં વીતરાગી પરમાનંદ સુખનું અમૃત અનુભવાય તે જ તત્ત્વ છે. અતત્ત્વને ભોગવે એ તત્ત્વ જ રહેતું નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(હવે ત્રીજી વાત) જોકે, વ્યવહારનયથી કર્મોનો ક્ષય થયા બાદ જીવ મોક્ષનો પાત્ર છે તોપણ શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સદા મુકત જ છે. નિમિત્તની અપેક્ષાએ જોઈએ તો કર્મ છૂટે ત્યારે જીવ મોક્ષનો પાત્ર થાય છે પણ જે અનાદિ અનંત એકરૂપ પરમભાવ....પરમભાવ છે તેની દૃષ્ટિએ જોઈએ તો ભગવાન આત્મા મુક્ત જ છે. કર્મના સંબંધનો અભાવ થાય ત્યારે મુક્ત થાય એ તો વ્યવહારનયથી કહેવાય છે. પર્યાયમાં કર્મનો સબંધ હતો તે છૂટતાં પર્યાયમાં મુક્તિ થાય છે પણ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી આત્મા એકલો જ્ઞાયકસ્વભાવ-શાંતરસભાવ-આનંદસ્વભાવ-દર્શનભાવ-પ્રભુત્વભાવ-પરમભાવની દૃષ્ટિથી તો આત્મા ત્રિકાળ મુકત જ છે.

આત્મા એક વસ્તુ છે—તત્ત્વ છે તો તેનો કોઈ ભાવ પણ હોય ને! ત્રિકાળ જ્ઞાનભાવ, આનંદભાવ, પ્રભુત્વભાવ, શાંતભાવ, વિભુત્વભાવ, અસ્તિત્વભાવ, સ્વચ્છત્વભાવ આદિથી ભરેલી એકરૂપ વસ્તુ છે તેને એક સમયની તેની પર્યાયની દૃષ્ટિથી ન જોતાં—કર્મના સદ્ભાવ કે અભાવવાળી અવસ્થાને ન જોતાં એકરૂપ ત્રિકાળ સ્વભાવભાવની દૃષ્ટિથી જોતાં એ સદા મુક્ત છે. આ મુક્તસ્વરૂપની દૃષ્ટિ કરવાથી જ પર્યાયમાં મુક્તિ થાય છે. સમજાણું કાંઈ! આ તો ન્યાલ થવાનો રસ્તો છે. અલૌકિક વાત છે, લોકમાં આવી વાત ન હોય. અતત્ત્વમાં, તત્ત્વની વાત ક્યાંથી હોય!

અહાહા! ભગવાન આત્મા શરીરના રજકણથી તો છૂટો છે પણ કર્મના સંબંધમાં છે એ વ્યવહારથી છે. કર્મના સંબંધથી છૂટવું એ પણ વ્યવહારનયથી મુક્તિનું કથન છે. વસ્તુ તરીકે તો ત્રિકાળ મુક્તસ્વરૂપ છે. ટીકાકારે तत्तातत्तु શબ્દમાંથી પણ કેવી નયો કાઢી છે! ભેંશના આઉંમાં દૂધ હોય તે બળુકી બાઈ કાઢે તેમ પાઠમાં ભરેલાં કસને ટીકાકારે ખેંચીને કાઢ્યો છે.

ગુણના વસવાટ વિનાની વસ્તુ ન હોય. વસ્તુ અનંતગુણથી ભરેલી છે પણ એકરૂપ છે તેને એકસમયની પર્યાયમાં રહેલા કર્મના સંબંધથી લક્ષમાં નહિ લેતાં વસ્તુદૃષ્ટિથી વસ્તુ સદા મુકત છે એમ જ્ઞાન કરવું તે નિશ્ચયનય છે અને કર્મોના અભાવપૂર્વક મુક્તિની પાત્રતા થાય છે તેનું જ્ઞાન તે વ્યવહારનય છે.

એ હિંદી ભાઈઓ! અહીં આવ્યા છો અને આવી વાત સાંભળવા મળે છે માટે ભાગ્યશાળી છો. પૈસા મળે કે ન મળે તેનાથી ભાગ્ય નથી. અહીં તો પોતાની લીલા જોવાની વાત છે. તારી જ દૃષ્ટિએ તને બંધન દેખાય છે અને તારી જ દૃષ્ટિએ તને મુકતસ્વરૂપ દેખાશે. કર્મના સંબંધનું લક્ષ કરીને જોઈશ તો બંધન દેખાશે અને ત્રિકાળ મુકત-સ્વરૂપની દૃષ્ટિથી જોઈશ તો મુક્તિ દેખાશે. બધામાં પોતાની જ અપેક્ષા છે, પરની અપેક્ષા નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તરબૂચમાં ડગળી પાડીને જોવે ત્યાં અંદરથી લાલઘૂમ માલ દેખાય છે તેમ ઉત્તમ ચૈતન્યદેવમાં દૃષ્ટિની ડગળી પાડ તો અંદરથી મુકતસ્વરૂપ ચૈતન્ય દેખાશે. તારી દૃષ્ટિ ફેરે સંસાર છે અને દૃષ્ટિ અંતરમાં લાવ તો વસ્તુ મુકત જ છે. વસ્તુને નિમિત્તના સદ્‌ભાવ કે અભાવની અપેક્ષા નથી. નિમિત્તની અપેક્ષા તો પર્યાયમાં લાગુ પડે છે પણ વસ્તુ તો એકલો પરમભાવ નિત્યાનંદ એકરૂપભાવ છે તેની દૃષ્ટિથી જોતાં વસ્તુ સદા મુકત જ છે.

અંતરમાં જોતાં વસ્તુ મુકત દેખાય છે, બાહ્યમાં સંયોગીદૃષ્ટિએ જોતાં વ્યવહારે બંધાયેલો દેખાય છે.

જોકે વ્યવહારનયથી ઈન્દ્રિયજનિત મતિ આદિ ક્ષયોપશમિકજ્ઞાન તથા ચક્ષુ આદિ દર્શન સહિત છે તોપણ નિશ્ચયનયથી સકલ વિમલ કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વભાવવાળો છે. પર્યાયમાં ક્ષપોયશમજ્ઞાન અને ચક્ષુદર્શન આદિ છે તે એક સમય પૂરતાં ભાવ છે તેને અવસ્થાદૃષ્ટિએ જોતાં ઈન્દ્રિયજ્ઞાન જેવડો જ આત્મા છે એમ લાગે છે પણ અંતર સ્વભાવની દૃષ્ટિથી જોતાં એ તો કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વભાવી છે. જેનો સ્વભાવ જ જ્ઞાન-દર્શન છે તેમાં અપૂર્ણ—અધૂરું વળી શું હોય? એકરૂપ સકળ વિમળ કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વરૂપ જ છે. તારી જોવાની દૃષ્ટિમાં આમ દેખાય તો તે તત્ત્વદૃષ્ટિ છે. દેહમાં પણ દેહથી ભિન્ન આખી આનંદની શિલા અંદરમાં પડી છે તેમાં જ્ઞાન-દર્શન આદિ સર્વ ભાવો સાથે રહેલાં છે. આમ ત્રિકાળસ્વભાવની દૃષ્ટિથી વસ્તુને જોવી એ જ ખરી તત્ત્વદૃષ્ટિ છે. વ્યવહારથી જોવું—એમાં ખરેખર આખું તત્ત્વ આવતું નથી.

તત્ત્વ-અતત્ત્વની વિશેષતાના આટલા બોલ કહ્યાં. હજુ વિશેષ બોલ આગળ કહેવાશે.

❁

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમભાવી મુનિઓની નિંદા દ્વારા સ્તુતિ

(સળંગ પ્રવચન નં. ૧૦૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૪૩મી ગાથા ચાલે છે. તેમાં ત્રણ બોલ થઈ ગયા છે. હવે ચોથો બોલ લેવાનો છે.

જોકે વ્યવહારનયથી આત્મા ઈન્દ્રિયજનિત જ્ઞાનદર્શન સહિત છે તોપણ નિશ્ચયનયથી સકલ વિમલ કેવલજ્ઞાન—કેવલદર્શન સ્વભાવવાળો છે.

શું કહે છે?—આ આત્મા વર્તમાન પર્યાયમાં મતિજ્ઞાનાદિ ક્ષયોપશમ જ્ઞાનવાળો અને ચક્ષુ, અચક્ષુ આદિ દર્શનવાળો દેખાય છે. એવો વ્યવહારે આત્મા છે પણ નિશ્ચયથી આત્મા કેવલજ્ઞાન—દર્શનસ્વભાવી છે તે જ આદરવા લાયક છે. વસ્તુ તો એકલા જ્ઞાન—દર્શનનો પિંડ છે, તેમાં ભેદ નથી. વ્યવહારનયે પર્યાયમાં ભેદ છે તે જાણવા જોઈએ પણ આદરવા યોગ્ય તો એકરૂપ ચૈતન્ય જ છે. તેની દૃષ્ટિ કરીને તેનો અનુભવ કરવો જોઈએ.

પાંચમા બોલમાં શું કહે છે?—જોકે વ્યવહારનયથી આત્મા પોતાના ઉપાર્જેલા દેહ જેવડો જ છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે. આત્માને અસંખ્યપ્રદેશ છે એ નિશ્ચય છે. તેને દેહપ્રમાણ કહેવો એ વ્યવહાર છે. એ જ પ્રમાણે છટ્ઠા બોલમાં લીધું કે જોકે વ્યવહારનયથી આત્મા પ્રદેશોના સંકોચ—વિસ્તાર સહિત છે તોપણ મુક્ત અવસ્થામાં સંકોચ—વિસ્તાર રહિત ચરમશરીરપ્રમાણ પ્રદેશવાળો છે. વ્યવહારથી આત્માના પ્રદેશ કીડીની પર્યાયમાં સંકોચાય છે, હાથીની પર્યાયમાં વિસ્તાર પામે છે—એમ જે જે શરીર મળે છે તે પ્રમાણે આત્મપ્રદેશોને સંકોચ—વિસ્તાર થાય છે પણ સિદ્ધ થયા પછી તો ચરમશરીરથી કાંઈક ન્યૂન આકારપ્રમાણ જ રહે છે પછી તેમાં સંકોચ કે વિસ્તાર થતો નથી.

હવે છેલ્લો—સાતમો બોલ : જોકે પર્યાયાર્થિકનયથી આત્મા ઉત્પાદ—વ્યય—ધ્રૌવ્યયુક્ત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી નિત્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યને પ્રથમ જાણીને અને નિજશુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ પરદ્રવ્યનો નિશ્ચય કરીને પછી સમસ્ત મિથ્યાત્વરાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મતત્ત્વમાં જેઓ રત થયા તેઓ જ ધન્ય છે.

આત્મા નવી અવસ્થાથી ઊપજે છે, જૂની અવસ્થાથી બદલે છે અને ધ્રુવ અંશથી ટકે છે. એ રીતે ભેદથી જોઈએ તો પર્યાયથી ત્રણ ભેદ છે. વ્યવહારથી કહો કે પર્યાયથી કહો બંને એક જ વાત છે. આ પોતાના ભેદની જ વાત છે, કર્મ કે શરીરની વાત નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાન આત્મામાં અનંતગુણનું ધ્રુવરૂપ છે અને પર્યાયમાં ઊપજવું-વિણસવું એવું રૂપ છે. જેમ સોનાની પાંચ મણની પાટ હોય તેમ આત્મા એકલા અખંડ જ્ઞાનાનંદનું ધ્રુવ રૂપ છે, તેની દૃષ્ટિ કરવા જેવી છે, ઉત્પાદ–વ્યય ઉપર દૃષ્ટિ કરવા જેવી નથી. વિકલ્પ ઉપર કે નિમિત્ત ઉપર પણ દૃષ્ટિ કરવા જેવી નથી. શુદ્ધ ચિદ્‌ઘન ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ સ્થિર કરવા યોગ્ય છે–એકરૂપ ચૈતન્યપાટ જ આદરણીય છે.

આમ આ સાત બોલ થયા. આ સાત બોલથી પહેલાં આત્માને બરાબર જાણવો જોઈએ. (૧) વ્યવહારથી અનાદિથી બંધાયેલો હોવા છતાં નિશ્ચયથી બંધ રહિત છે. (૨) અશુદ્ધનિશ્ચયનયથી શુભાશુભકર્મના ફળને આત્મા ભોગવે છે તોપણ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી નિજ પરમાનંદ સુખામૃતનો ભોક્તા છે. (૩) વ્યવહારનયથી કર્મના ક્ષય સમયે જ મોક્ષનું ભાજન થાય છે પણ શુદ્ધ પારિણામિકનયે ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છું એમ જાણવું. આ ત્રણ બોલ કાલે લીધા હતા અને પછીના ચાર બોલ આજે લીધા. કુલ સાત થયા.

આ રીતે પહેલાં પોતાના શુદ્ધસ્વરૂપને સારી રીતે, જેમ છે તેમ બરાબર જાણીને, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય અને રાગનો પણ યથાર્થ નિશ્ચય કરવો જોઈએ કે જીવથી જુદાં સંયોગમાં શરીરાદિ પુદ્‌ગલ છે અને પર્યાયમાં રાગાદિ વિકાર છે અને તેનો ભોગવટો છે તેનો પણ નિર્ણય કરવો જોઈએ. આ પ્રકારે સ્વ અને પરનો યથાર્થ નિર્ણય કર્યા પછી સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને—હું શરીર, રાગાદિરૂપ છું એવી ભ્રમણા અને વિકલ્પજાળ છોડીને, વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મતત્ત્વમાં જે રત થયા છે તેઓ જ ધન્ય છે.

શુદ્ધાત્માનું અને પરદ્રવ્યનું સ્વરૂપ જેમ છે તેમ જાણ્યા વગર આત્મા...આત્મા... કરવાથી ન ચાલે. વ્યવહારથી વર્તમાનમાં શું છે, ત્રિકાળમાં શું છે, સંબંધ કેવી રીતે છે, સંબંધ રહિત વસ્તુ કેવી છે, શું કરે છે, શું ભોગવે છે, સ્વભાવમાં ભોગવટો શેનો છે એ બધું પહેલાં બરાબર જાણીને પછી રાગાદિ વિકલ્પ છોડી દઈને એકલાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો. મૂળ સંસ્કૃતમાં પણ પૂર્વ અને 'પશ્ચાત્' એમ શબ્દ પડ્યા છે. આ પ્રમાણે જ્યારે જ્ઞાન સમ્યક્ થાય ત્યારે તેણે વિકલ્પ છોડી દઈને એકલાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો.

વ્યવહાર જાણવા યોગ્ય છે પણ આદરવા લાયક તો એક નિશ્ચય તત્ત્વ જ છે. તેનું કારણ એ છે કે એકરૂપ અભેદ તત્ત્વની અંતરમાં દૃષ્ટિ કરવી તે જ સંવર અને નિર્જરાનું કારણ છે. વ્યવહારરત્નત્રય કાંઈ સંવર-નિર્જરાના કારણ બનતા નથી.

આવું જ કથન શ્રી પૂજ્યપાદસ્વામીએ પરમાત્મતત્ત્વના લક્ષણમાં કર્યું છે કે 'આત્મા (વ્યવહારથી) અનાદિથી કર્મો વડે બંધાયેલો, પોતે ઉપાર્જેલાં શુભાશુભકર્મનો ભોક્તા, કર્મના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ક્ષયથી મોક્ષનો ભોક્તા, જ્ઞાતા—દ્રષ્ટા, સંસાર-અવસ્થામાં સ્વદેહપ્રમાણરૂપ સંકોચવિસ્તારના સ્વભાવવાળો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ અને પોતાના ગુણથી યુક્ત છે. આવા સ્વરૂપે આત્માને જાણવાથી સાધ્યની સિદ્ધિ છે. અન્ય પ્રકારે જાણવાથી સાધ્યની સિદ્ધિ થતી નથી.'

બધાં શબ્દો આ ગાથાને મળતાં જ છે. આત્મા પોતાના ગુણ અને પર્યાયથી સહિત છે. કર્મ કે પરદ્રવ્યથી સહિત નથી. આ પ્રકારે આત્માને જાણીને, તેના ભેદોનો પણ વિકલ્પ છોડી, અંતર્મુખ થઈ આત્માનંદને ભોગવવો, નિર્વિકલ્પ શાંતિને વેદવી એ જ પોતાનું કર્તવ્ય છે અને તેમાં જ જીવની ધન્યતા છે. એકાકાર આનંદપિંડનો અનુભવ કરવો તે જ સંવર—નિર્જરા છે, બાકી બધી વાતો છે.

હવે જે સંયમી પરમ સામ્યભાવ—ઉપશમભાવને કરે છે તેની નિંદા દ્વારા સ્તુતિ ત્રણ ગાથા-સૂત્રો દ્વારા કહે છે.

**बिण्णि वि दोस हवंति तसु जो सम-भाउ करेइ।**
**बंधु जि णिहणइ अप्पणउ अणु लगु गहिलु करेइ॥४४॥**

અર્થ :—જે કાંઈ સાધુ સમભાવ એટલે રાગ—દ્વેષનો ત્યાગ કરે છે તે તપોધનને બે દોષો થાય છે; એક તો પોતાના બંધનને તોડે છે અને બીજો દોષ જગતવાસી પ્રાણીઓને પાગલ સમાન વિકલ બનાવી દે છે—ઘેલો કરી દે છે.

જે શુભાશુભ રાગને છોડી, સામ્યભાવસ્વરૂપ વીતરાગ શાંતભાવે પરિણમે છે તે સાધુ છે—મોક્ષના સાધક છે તેમને બે દોષ છે. એક, સાધુ અનાદિકાળથી પોતાની સાથે રહેલાં બધું એવા કર્મનો નાશ કરે છે. અરે! બંધવને મારે છે અને બીજો દોષ એ કે જગતને પાગલ બનાવી દે છે.

આ નિંદા દ્વારા સ્તુતિ છે. પ્રાકૃતમાં આઠ કર્મને બંધનની અપેક્ષાએ બંધુ પણ ગણવામાં આવે છે અને ભાઈને પણ બંધુ કહેવાય છે. ભાઈને મારવો એ તો નિંદ્ય છે માટે કર્મનો નાશ કરનાર સાધુ નિંદ્ય છે એમ કહીને નિંદા કરીને સાધુની મહિમા કરી છે.

બીજું, સાધુ મહારાજની વાણી જે સાંભળે છે—ઉપદેશ સાંભળવા આવે છે તે વીતરાગી ઉપદેશ સાંભળીને વસ્ત્ર ત્યાગીને વૈરાગ્યપૂર્વક દીક્ષા ધારણ કરી લે છે. વીતરાગી સંત તો વીતરાગતાની વાત જ બતાવે ને! વીશ—પચીશ વર્ષના યુવાન રાજા આદિ મોટા પુરુષો પણ વીતરાગતાની વાત સાંભળીને નગ્ન દિગંબર સાધુ થઈ જાય છે. એ જોઈને લોકોને એમ લાગે કે આ છતી ઋદ્ધિ છોડીને જંગલમાં એકલાં ચાલી નીકળ્યાં માટે પાગલ થઈ ગયા લાગે છે.

www.vitragvani.com



ઘર, સાધન—સામગ્રી, મકાન આદિ છોડીને જંગલમાં રહેવું, ઘરે ગરમ ગરમ જાત જાતની રસોઈ છોડીને બીજાંના ઘરે ખાવા જવું, આવું તો બાવલા સિવાય કોણ કરે! સાધુ પોતે તો બાવલા છે પણ બીજાને પણ બાવલા કરી નાંખે છે—પાગલ કરી નાંખે છે.

અરે! એ બાવલા નથી, એ જ ડાહ્યાં છે. એ જ ભગવાન થવાના છે. અહા! એ નગ્નદશા! વીતરાગી પિંડ!! શાંતરસમાં ઝૂલતાં મુનિવરો! જેને દેખીને બીજાને પણ તેના જેવા થવાનો ભાવ જાગી ઊઠે છે, જેને ઘરે હજારો રાણીઓ છે એવા રાજકુમારો પણ આવા સાધુ મહાત્માનો ઉપદેશ સાંભળીને પાગલ જેવા થઈ જાય છે.

આમ, સાધુ કર્મોને હણી નાંખે છે તે અને જગતને પાગલ બનાવી દે છે તે એમ બે દોષ છે. ભાઈ! એ કોઈને પાગલ બનાવતા નથી.

જગતડાં કહે છે રે, ભગતડાં કાલા છે પણ કાલા ન જાણશો રે, પ્રભુને એ વ્હાલાં છે. ઘેલા ન જાણશો રે, પ્રભુને ત્યાં એ પહેલાં છે....

નગ્ન દિગંબર મુનિ થઈ જાય એટલે જગતને તે પાગલ લાગે એટલે લોકવ્યવહાર પ્રમાણે તે દોષ ગણાય છે પણ અહીં તો દોષ દ્વારા સ્તુતિ કરી છે. કેમ કે કર્મ ને હણવા કે વીતરાગી ઉપદેશ આપવો તે કાંઈ દોષ નથી, ગુણ જ છે. એ દ્વારા અહીં સાધુની સ્તુતિ કરી છે.

શું મુનિ સ્ત્રી, પુત્રાદિથી ડરીને ભાગ્યાં છે?—ના, એ તો પોતાના આત્માને સાધવા—અંતર્મુખ થવા બધું છોડીને ચાલી નીકળ્યાં છે. તે કાંઈ પાગલ નથી, એ તો અલ્પકાળમાં કેવળજ્ઞાન પામવાના છે.

અહા! મુનિપણું એટલે એકલો શાંતરસનો હિમાલય છે. હિમ જેમ ઠંડુ છે તેમ મુનિરાજ હિમ જેવા શાંત શીતળ ઉપશાંત છે. આવું મુનિપણું નગ્ન દિગંબરપણામાં જ હોય. અંદરમાં વીતરાગતા છે અને બહારમાં વસ્ત્રનો સંયોગ હોય—એમ ન બને. ઉપશમરસના ઢાળામાં ઢળ્યો તે નગ્ન થયા વગર રહે નહિ. જુઓ! અહીં કેવી શૈલી વાપરી છે. અંદરમાં જેને સમભાવ થાય છે તે નગ્ન થયા વિના રહેતાં નથી એમ કહ્યું છે. નગ્ન થાય છે તેને અંદરમાં સમભાવ થાય છે એમ કહ્યું નથી.

આહાહા....! આઠ આઠ વર્ષના રાજકુમારો, શાંતરસે પરિણમીને ચાલી નીકળતાં હશે તે કેવા લાગતાં હશે! જાણે ચાલતાં સિદ્ધિ જોઈ લો. ઈન્દ્રિયો હોવા છતાં ઈન્દ્રિયાતીત થઈ ગયા છે, શરીર હોવા છતાં શરીર રહિત થઈ ગયા છે, જરાં વિકલ્પ હોવા છતાં વિકલ્પાતીત થઈ ગયા છે. કર્મના રજકણની આડ પડી હોવા છતાં અંદરથી છૂટા.... છૂટા....છૂટા વર્તી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રહ્યાં છે. રાગને પણ નહિ સ્પર્શતા એકલાં નીરાળાતત્ત્વને અનુભવે છે એવા મુનિઓને નગ્નદશાની લજ્જા નથી. લોકોની ભાષામાં મુનિઓ પોતે પાગલ થઈ ગયા છે અને બીજાને પણ પાગલ કરે છે. સમભાવ થાય છે તે પાગલ થઈ જાય છે તેને વસ્ત્રથી શરીરને ઢાંકવાની વૃત્તિ રહેતી નથી. એકલો સમભાવ....સમભાવ....

મૂઢ લોકો જ્ઞાનીજનને બાવલા કહે છે અને જ્ઞાનીજનો મૂઢ લોકોને બાવલા—ગાંડા કહે છે. મૂઢને વીતરાગતાની—શાંતિની કાંઈ ખબર નથી એટલે સાધુની નિર્વિકલ્પશાંતિની વાત તેને બકવાસ જેવી લાગે છે. સાધુનું ચાલવું, આહાર લેવો વગેરે બધી ક્રિયા તેને પાગલ જેવી લાગે છે. જ્યારે જ્ઞાનીજનો—સાધુઓની દૃષ્ટિમાં જગતજનો પાગલ છે. પરવસ્તુથી પોતાની અધિકતાનું અભિમાન અને રાગની મીઠાશ....એ બધું બાવલાપણું છે, ઉન્માદ છે. શરીર, વાણી, મન આદિ કોઈ પણ વસ્તુની ચેષ્ટાથી આત્માની અધિકતા માનવી અને મનાવવી એ પાગલપણું જ છે.

આહાહા! જ્ઞાની જગતથી વિમુખ છે અને જગત જ્ઞાનીથી વિમુખ છે. જગતને જગતના ભાવની સન્મુખતા છે અને જ્ઞાનીને સ્વભાવની સન્મુખતા છે. બંનેની દિશામાં વિરુદ્ધતા છે. ૪૪ ગાથા થઈ.

હવે સમતાના ધારક મુનિની ફરી પણ નિંદા દ્વારા સ્તુતિ કરે છે. ૪૪ ગાથામાં જે ભાવ કહ્યો છે તેવો જ ભાવ અહીં કહેવો છે.

**अण्णु वि दोसु हवेइ तसु जो सम-भाउ करेइ।**
**सत्तु वि मिल्लि वि अप्पणउ परहँ णिलीणु हवेइ।।४५।।**

અર્થ :—વળી માત્ર પૂર્વોક્ત દોષ આવે છે એટલું જ નહિ પણ જે સમતા કરે છે તે તપોધનને બીજો પણ દોષ એ આવે છે કે પોતે પરને (પરમાત્માને) આધીન થાય છે અને પોતાને આધીન હોવા છતાં પણ કર્મશત્રુને છોડી દે છે.

શું કહે છે?—જે તપોધનને અનુકૂળતા કે પ્રતિકૂળતાનું લક્ષ નથી, આત્માના નિર્વિકલ્પ અનુભવ રસના મીઠા સ્વાદમાં પડેલાં તે ધર્મી મુનિ સમભાવને કરે છે. એકલા આનંદને અનુભવતાં મુનિને અનુકૂળતા પ્રતિકૂળતામાં સમભાવ વર્તે છે એવા તપોધનમાં હજુ બે દોષ છે કે તે તપોધન ધન—ધાન્યાદિનો રાગ ત્યાગીને પરમ શાંતભાવનો આદર કરે છે. રાજા અને રંકને સમાન જાણે છે. રાજા તો કેટલાં પુણ્યશાળી હોય, ખમ્મા—ખમ્મા થતાં હોય, અબજોની તો જેને ઊપજ હોય....ને રંકને તો તેમાંનું કાંઈ ન હોય, રોટલાં પણ પૂરા મળતાં ન હોય આવા રાજા અને રંકના ભેદને પણ જાણી શક્તાં નથી એવી તો એમની મૂર્ખાઈ છે!



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અરે! રાજા હો કે રંક હો એ બધાં પર્યાયમાં ભિખારી છે અને દ્રવ્યસ્વભાવે એ બધાં પ્રભુ છે એમ જાણનારા તપોધન તે બંનેમાં ભેદ ન જાણે એ કાંઈ મૂર્ખાઈ નથી, એ જ તો તેમનો સમભાવનો ગુણ છે જે સ્તુતિ કરવાયોગ્ય છે.

મુનિ રાગાદિરહિત સમભાવસ્વરૂપ નિજપરમાત્માની ભાવના કરે છે અને 'શત્રુ' શબ્દથી વાચ્ય એવા જ્ઞાનાવરણાદિ કર્મરૂપ નિશ્ચયશત્રુને છોડે છે અને 'પર' એવા શબ્દથી વાચ્ય પરમાત્માનો આશ્રય કરે છે.

જે હાથમાં આવ્યા છે એવા શત્રુને તો છોડી દે છે અને પરનો આશ્રય કરે છે એ કેવું! એ તો એવું છે કે—

માંહી પડ્યાં તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને....

સાંભળ ભાઈ! સમભાવી મુનિવરનો એ દોષ નથી—મૂર્ખાઈ નથી. ગાંડો–પાગલ તો તું છો. મુનિવરો જેનો આશ્રય કરે છે તે પર નથી પણ પરમ એવા નિજ પરમાત્મા છે કે જેમાં અમૃતરસના સરોવર ભરેલાં છે તેનો મુનિરાજ આશ્રય કરે છે. 'પર' એટલે પ્રધાન-ઉત્કૃષ્ટ વસ્તુનો આશ્રય કરે છે.

હાથમાં આવેલાં કર્મશત્રુને છોડી દે છે. ભલે કર્મો પોતાને આધીન પડ્યા છે પણ તે શત્રુ છે માટે તેને મુનિવરો પોતાના આશ્રયે રહેવા દેતાં નથી—છોડી દે છે. શાંતરસનું વીતરાગી ઝરણું દૃષ્ટિમાં આવી ગયું છે કે જેમાંથી એકલો વીતરાગભાવ જ ઝરે છે તેમાં લીન થયેલાં મુનિવરો કર્મોને શત્રુ જાણીને છોડી દે છે અને નિજપરમાત્માને આશ્રિત થઈને પોતે રહે છે.

આમ આ બે દોષ કહ્યાં પણ તે દોષ નથી, સ્તુતિ છે. સમભાવની સ્થિતિનું આ વર્ણન છે.

જેવી રીતે લોકવ્યવહારમાં બંધનથી બંધાયેલા નિજશત્રુને છોડીને કોઈ 'પર' એવા શબ્દથી વાચ્ય એવા શત્રુને આધીન થાય છે તેથી નિંદા પામે છે તેવી રીતે તપોધન પણ શબ્દના છલથી નિંદા પામે છે. આ એક જાતનો રૂપ-અલંકાર છે કે જે તારા હતા તેને તો છોડી દીધા અને તારા ન હતા તેને પકડી લીધાં. સ્વપણે વર્તતા હતા એવા કર્મોને છોડી દીધા અને પરપણે માનતા હતા એવા પરમાત્માને ગ્રહી લીધા એમ કહીને નિંદા દ્વારા ચારિત્રવંત સાધુના સમભાવની સ્તુતિ કરી છે.

એ જ રીતે ગાથા ૪૬મા પણ સમભાવધારક મુનિની નિંદા–સ્તુતિ કરે છે.

अण्णु वि दोसु हवेइ तसु जो समभाउ करेइ।
वियलु हवेविणु इक्कलउ उप्परि जगहँ चडेइ।।४६।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—એટલું જ નહિ પણ જે તપસ્વી મહામુનિ સમભાવને કરે છે તેને બીજો પણ દોષ આવે છે કે તે વિકલ—કલરહિત—શરીર રહિત થઈને એકલો લોકના શિખર ઉપર ચઢે છે અર્થાત્ મોક્ષે જાય છે.

મુનિરાજ બાવલા થઈ ગયા છે. સંસારની આવડત——સંસારીબુદ્ધિથી ભ્રષ્ટ થઈ ગયા છે. આત્માના આનંદના જ્ઞાનમાં સ્થિત થતાં ધર્માત્માને લૌકિક સંગ અને લૌકિક જાણપણું કાંઈ રહ્યું નથી. તેનાથી મુનિ ભ્રષ્ટ થઈ ગયા છે. લોકમાં પાંચમાં પૂછાય એવી આવડત હતી—એવા ડહાપણથી દૂર થઈ ગયા છતાં સાધનાની પૂર્ણતા કરીને લોકના શિખર ઉપર પહોંચી જાય છે એ તો બુદ્ધિ વિનાના બાળકને માથે ચડાવવા જેવું ન થયું!

આમ કહીને યોગીન્દ્રદેવ મોક્ષના સાધક એવા સંતોની સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત સમભાવમય ચારિત્રની સ્થિતિ અને તેના ફળનું વર્ણન કરે છે.

જેને અમૃત-આનંદના અનુભવમાં કોઈ બીજી ઈચ્છા જ રહી નથી એને જ ખરી 'તપસ્યા' છે. શુભરાગની ક્રિયા હોય છે તે કોઈ વસ્તુનું સ્વરૂપ નથી. વિકલ્પ રહિત નિર્વિકલ્પદૃષ્ટિમાં ઠરવું એ તપનું સ્વરૂપ છે. જે સ્વરૂપમાં ઠરે છે તે તપસ્વી છે. શાસ્ત્રમાં વ્યવહારતપની વ્યાખ્યા કરી હોય તે પ્રમાણે શુભરાગ હોય છે પણ ભગવાન કહે છે અમારા શાસ્ત્રના ભણતરને ભૂલીને અંતરમાં જા!

આ તો પરમાત્મપ્રકાશ છે ને! પરમાત્માની જ ભાવના ભાવી છે.

દેહદેવળમાં એક એક રજકણથી ભિન્ન આનંદનું દળ પડ્યું છે તેમાં સંતોષ—સમભાવ થાય તેને ભાવના કહો—વીતરાગતા કહો—સમભાવ કહો કે ઉપશમભાવ કહો—એવો ભાવ જ્ઞાનીઓને જ હોય છે. ઉપશમવંત સંતોને જ વિકળબુદ્ધિનો નાશ થઈ, કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને કેવળજ્ઞાનપ્રાપ્ત ભગવાન જ લોકના શિખર ઉપર સ્થિત થાય છે.

લૌકિક બુદ્ધિ ક્ષય પામે છે અને લોકોત્તર બુદ્ધિ—કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ત્યાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાવા લાગે છે. સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. પૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞપણાનો નિર્ણય થતાં જ્ઞાન વ્યવસ્થિત થઈ જાય છે અને વ્યવસ્થિત જ્ઞાનમાં બધું વ્યવસ્થિત જણાય છે. કોઈ પરિણમન અનિયત જણાતું નથી. જ્ઞાનમાં કાંઈ આગળ—પાછળ થતું નથી અને જ્ઞેયમાં પણ કાંઈ આગળ—પાછળ થતું નથી. માટે કહ્યું કે 'તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા....'

ધર્મી વિકલ અર્થાત્ શરીરથી રહિત થઈ ત્રણલોકના શિખર ઉપર બિરાજમાન થઈ જાય છે. ખરેખર પોતાના સ્વરૂપમાં જ બિરાજે છે પણ લોકાગ્ર કહીને તેનું ક્ષેત્ર બતાવ્યું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમભાવમાં સ્થિત મુનિ વિકળબુદ્ધિથી ભ્રષ્ટ થઈ, શરીરથી પણ રહિત થઈ ત્રણલોકના શિખર ઉપર બિરાજમાન થઈ જાય છે. લૌકિકમાં તો બુદ્ધિની અને શરીરની મહિમા છે પણ અહીં તો તેનાથી રહિતપણામાં જીવનું અસલ સ્વરૂપ પ્રગટ છે માટે તેની મહિમા છે.

સ્ત્રી, પુત્રાદિ તો પાંચ-પચીશ વર્ષથી ભેગા થયા છે. કર્મ તો જીવની સાથે અનાદિથી સંબંધમાં રહેલાં છે છતાં તે જીવના નથી તો સ્ત્રી, પુત્રાદિ તો જીવના ક્યાંથી હોય! તેને દૃષ્ટિમાંથી છોડી દે! કર્મને પણ દૃષ્ટિમાંથી છોડી દે તે ખરો પંડિત છે, તેને જ્ઞાનજ્યોતિ ઝળકી ઊઠે છે.

જે અનંત સિદ્ધ થયા અને થશે તે શરીર રહિત નિરાકાર થઈને જગતના શિખર ઉપર બિરાજે છે. આમ અહીં સિદ્ધની સિદ્ધિ થઈ જાય છે. સિદ્ધ ભગવાન પરતંત્ર નથી, પરિપૂર્ણ સ્વતંત્ર છે. પૂર્ણાનંદમય પૂર્ણ પ્રભુતાની શક્તિ પ્રગટ થઈ ગઈ એવા સિદ્ધો ત્રણ લોકની ઉપર જઈને વસે છે અને અનંત અનંત સ્વભાવના આનંદના ભોક્તા થાય છે એ તેમના દોષ નથી, ગુણ છે માટે સ્તુતિને યોગ્ય છે.

આ ૪૬ ગાથા થઈ, હવે તેના ઉપર ક્ષેપક દોહા કહે છે.

**जा णिसि सयलहँ देहियहँ जोग्गिउ तर्हिं जग्गेइ।**
**जहि पुणु जग्गइ सयलु जगु सा णिसि मणिवि सुवेइ॥**

અર્થ :—જે સર્વ સંસારીજીવોની રાત છે તે રાતમાં પરમ તપસ્વી જાગે છે અને જેમાં બધાં સંસારી જીવ જાગી રહ્યા છે તે દશાને યોગી રાત માનીને યોગનિદ્રામાં સુએ છે.

જે જીવ શરીર અને રાગાદિને પોતાના માને છે એવા જીવો અંધારામાં પડ્યાં છે. તેને પરમાનંદ સ્વભાવ પરમાત્મા નજરમાં જ આવતો નથી, તેથી પરમાત્માની વાત પણ તેને સારી લાગતી નથી. અજ્ઞાનમાં એ જીવો જાગતાં છે કેમ કે અજ્ઞાન-અંધકાર મય રાત્રિને જ તેઓ દિવસ માને છે અને જે ખરેખર દિવસરૂપ છે એવા પરમાત્મસ્વરૂપ જ્ઞાનને તે રાત્રિ માને છે. તેથી તેમાં અજાગૃત છે. સ્વ-સ્વરૂપમાં જ અજાણ છે. આત્મા જ જ્ઞાન—આનંદમય છે એવી જાગૃતદશાના અભાવમાં અજ્ઞાની વિકલ્પજાળમય આત્માને જ આત્મા માનીને તેમાં જાગૃત રહે છે—લીન રહે છે. વિકલ્પમાં જ જડ જેવાં થઈને સૂઈ ગયા છે—અચેત—મડદાં થઈ ગયા છે, તેને ચૈતન્યસૂર્ય નજરે ચડતો નથી તેથી રાગ—દ્વેષના અંધકારમાં પડ્યાં છે અને ગહન નિંદ્રા લે છે તેને કેવળજ્ઞાન—કેવળદર્શન સૂર્યના દર્શન થતાં નથી, તેથી અંધકારમાં જ જીવન માનીને પડ્યાં છે. ત્યારે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની વિકલ્પજાળરૂપ અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી રત્નદીપના પ્રકાશમાં સ્વરૂપમાં સાવધાન હોવાથી સદા જાગતા છે. *

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમભાવ જ ભવથી તરવાનો ઉપાય છે

(સળંગ પ્રવચન નં.–૧૦૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૪૬ ગાથા થઈ છે. ત્યારપછીના ક્ષેપક દોહાનો ભાવાર્થ ચાલે છે તે ફરી લઈએ.

ભાવાર્થ :–જે જીવ વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માની અવસ્થાથી રહિત છે, મિથ્યાત્વ રાગાદિ અંધકારથી મંડિત છે તેમને આ પરમાનંદ અવસ્થા રાત્રિ સમાન લાગે છે...

રાગરહિત પરમાનંદમૂર્તિના વિષયમાં જે જીવો જાગતા નથી–સૂતા છે એટલે કે એવી શુદ્ધદશાનું જેને ભાન નથી અને મિથ્યાત્વના અંધકારમાં પડેલાં છે–મિથ્યાત્વમાં જાગૃત છે તેને રાગ–દ્વેષ–વિકાર જ ઉપાદેય લાગે છે–કરવા જેવા લાગે છે અને જે પરમાનંદદશા છે તેનાથી તો એ અજાણ છે—અજાગૃત છે.

કેવા છે જગતના જીવો? કે—આત્મજ્ઞાનથી રહિત છે, અજ્ઞાની છે અને પોતાના સ્વરૂપથી વિમુખ છે. જેને જાગૃતદશા નથી, અચેતની જેમ સૂઈ રહ્યાં છે, જ્ઞાનાનંદમય પોતાની સચેતદશાને છોડીને ભ્રાંતિમય અજ્ઞાનદશામાં લીન થઈ રહ્યાં છે તેને પોતાના સ્વરૂપમાં તો અંધારું લાગે છે, તેથી વિકારને જ સ્વરૂપ માનીને સેવી રહ્યાં છે.

આવી અજ્ઞાન-અંધકારમય રાત્રિમાંથી છૂટીને તે પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી રત્નદીપના પ્રકાશમાં સાવધાન થઈને સદા જાગૃત રહે છે. મિથ્યાત્વના અંધકારને તો તેમણે દૂર ફેંકી દીધું છે.

હવે આ જ વાતનો વિશેષ ખુલાસો કરે છે–સ્પષ્ટતા કરે છે.

શુદ્ધાત્માના જ્ઞાનથી રહિત શુભ–અશુભ મન–વચન–કાયના પરિણમનરૂપ વ્યાપરવાળા સ્થાવર જંગમ બધા અજ્ઞાનીજીવ પરમાત્મતત્ત્વની ભાવનાથી પરાન્મુખ થયેલા વિષય–કષાયરૂપ અવિદ્યામાં સદા સાવધાન છે—જાગતા છે.

ચૈતન્યમૂર્તિની જાગૃત શ્રદ્ધા, જાગૃત જ્ઞાન અને રાગ રહિત સ્થિરતા વિના શુભાશુભરાગમાં પરિણમનવાળા સ્થાવર જંગમ સર્વ અજ્ઞાનીજીવ એટલે કે એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેઈક સુધીના પંચેન્દ્રિય બધાં અજ્ઞાનીજીવોને વીતરાગ પરમાનંદ સ્વરૂપનું તો ભાન નથી એટલે પરમાત્મતત્ત્વ જે પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ તેની ભાવનાથી પરાન્મુખ વર્તતા તે વિષય–કષાયમાં સાવધાન છે. શુભાશુભરાગની લીનતામાં એકાકાર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક તરફ પૂર્ણ જ્ઞાનાનંદથી પવિત્ર ચિદાનંદ છે અને બીજી તરફ શુભાશુભ વિકલ્પાદિ સર્વ અપવિત્ર અજ્ઞાનભાવ છે. આ બેમાંથી જે જીવો રાગમાં એકાકાર થઈ રહ્યાં છે તેને પવિત્ર આત્મદશાનું ભાન જ નથી. તે તો વિષય–કષાયરૂપ અવિદ્યામાં જ સદા સાવધાન છે– અવિદ્યામાં લીન છે, તેને જ્ઞાનદર્શનસ્વરૂપ નિજ આત્માની યથાર્થ સ્થિતિનું જ્ઞાન જ નથી. તે તો અવિદ્યામાં–અજ્ઞાનમાં–અચેતદશામાં-અંધકારદશામાં સાવધાન છે. એવી દશામાં મહામુનિ સાવધાન નથી. મહામુનિ તો સ્વરૂપમાં સાવધાન હોય છે.

જ્ઞાની, મુનિ અજ્ઞાનદશામાં અજાગૃત છે–સૂતા છે અને જ્ઞાનદશામાં જાગૃત છે– સાવધાન છે.

પરમાત્મતત્ત્વ અનંતગુણનો પિંડ છે, તેમાં એકાગ્રતા થવી તે પર્યાય છે. તેનાથી જે પરાન્મુખ છે તે વિષય–કષાયરૂપ વિકારીભાવમાં તત્પર છે. અજ્ઞાની ખરેખર અવિદ્યામાં થંભી ગયો છે, તેનાથી વિરુદ્ધ જ્ઞાની અવિદ્યામાં અજાગૃત વર્તતા, આત્માની શ્રદ્ધા–જ્ઞાન–સ્થિરતાની દશામાં જાગૃત વર્તે છે.

ધર્મીને આત્મસ્વભાવ સિવાય વિષય–કષાયના પ્રપંચ હોતા નથી. વિષય–કષાયને અંધકાર સમાન જાણીને તેને યાદ રાખતા નથી, યાદ કરતાં નથી. તે તો મન–વચન–કાય ત્રણ ગુપ્તિમાં અચલ થયેલા વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ યોગ–નિદ્રામાં મગ્ન થઈ રહે છે, સમતારસમય તત્ત્વમાં એકાકાર થઈને જોડાઈ જાય છે. તેનું જ નામ સામ્યભાવ છે.

આ સમભાવની વ્યાખ્યા ચાલે છે. સામ્યભાવ કહો, ઉપશમભાવ કહો, શુદ્ધોપયોગ કહો, સ્વચ્છતા કહો, સ્વસ્થતા કહો કે સમભાવ કહો—બધું એક જ છે. પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં જે ટક્યો છે તે આત્મામાં જાગૃત છે અને વિકારમાં જે ટક્યો છે તે આત્મામાં સૂતો છે–અજાગૃત છે.

સારાંશ એ છે કે–ધ્યાની મુનિઓને આત્મસ્વરૂપ જ ગમ્ય છે, પ્રપંચ ગમ્ય નથી અને જગતના અજ્ઞાની પ્રપંચી મિથ્યાદ્રષ્ટિઓને પોતાનું આત્મસ્વરૂપ ગમ્ય નથી, જગતના પ્રપંચ જ ગમ્ય છે, તેથી તેમાં જ એ લાગેલાં છે.

જ્ઞાની અને અજ્ઞાનીની રીતિ પરસ્પર વિરુદ્ધ છે. જ્ઞાનીને તો આત્મસ્વરૂપ જ ગમ્ય છે અને તેમાં જ જ્ઞાની લાગેલાં રહે છે. ત્યારે મિથ્યાદ્રષ્ટિને પ્રપંચ જ ગમ્ય છે તેથી અનેક જાતના વિકલ્પના ઝઘડામાં જ લાગેલાં રહે છે. બહારમાં તો તેઓ પણ કાંઈ કરી શકતાં નથી પણ વિકલ્પમાં લાગ્યાં રહે છે.

જુઓ! આમાં સંસારમાં હોશીયાર ગણાતાં લોકો શેમાં લાગેલાં છે તે વિચારી લેવું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોશિયારી કરી, વિકલ્પની જાળ ઊભી કરી તેમાં જ મજા માને છે, પોતાના ભાવમાં વિકલ્પોની દોડાદોડ કરે છે કેમ કે એ વિકલ્પમાં જાગૃત છે, આત્મસ્વરૂપના વિષયમાં તો એ અજાગૃત છે.

અહા! હું હિંસા કરું, જૂઠું બોલું, કમાઈ લઉં, લાવી દઉં, મૂકી દઉં, છોકરાઓને પરણાવી દઉં....એવા અશુભ વિકલ્પ અને પૂજા કરી લઉં, દાન દઉં, દયા પાળું વગેરે શુભ વિકલ્પ કરીને વિકલ્પની જાળમાં ગૂંથાઈ ગયા છે તે ઝઘડામાં પડેલાં છે કેમ કે શુભ—અશુભ લાગણી છે તે ઝઘડો છે, બંને લાગણી ઝઘડામાં જાય છે.

શ્રોતા : કોની સાથે ઝઘડો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આત્મા સાથે ઝઘડો છે. પોતાના સ્વરૂપથી વિરુદ્ધ ભાવ ઊભો કરીને જીવ પોતાનો જ વિરોધ કરે છે.

આ શુભાશુભ વિકલ્પજાળને ભૂલી જવી તે પરમાર્થ છે અને બહિર્મુખદષ્ટિપૂર્વક વિકલ્પમાં જાગૃત રહેવું તે જ મોટી ભૂલ છે. કેવી શૈલી કરી છે! બહિર્મુખ જાગૃતિ તે જ મહાન ભૂલ છે અને અંતર્મુખના વિષયમાં જાગૃત રહેવું તે જ પરમાર્થ છે. આ બે જ વાત છે.

શ્રોતા :—આમાં પહેલું શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલું આ કરવું—શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપમાં દૃષ્ટિ કરીને તેમાં ઠરવું. આગળ ૪૩ ગાથામાં આવ્યું હતું કે....**पूर्वं ज्ञात्वा तद्विलक्षणं परद्रव्यं च निश्चित्य पश्चात् समस्त मिथ्यात्वरागादि विकल्प त्यागेन**....એ સમજાવવાની આ રીતે છે કે પહેલાં સ્વ—પરની ભિન્નતાને લક્ષણ વડે જાણીને પછી સ્વમાં ઠરવું અને પરને છોડવું. ઉપદેશ એમ જ હોય પણ સ્વમાં ઠરે ત્યાં પર છૂટી જ જાય. બંને સાથે જ થાય.

આમ, આ ૪૬ ગાથા પૂરી થઈ. હવે ૪૭મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે જ્ઞાનીપુરુષ છે તે પરમ વીતરાગરૂપ સમભાવને છોડીને શરીરાદિ પરદ્રવ્યમાં રાગ કરતાં નથી.

**णाणि मुएप्पिणु भाउ समु कित्थु वि जाइ ण राउ।**
**जेण लहेसइ णाणमउ तेण जि अप्प-सहाउ।।४७।।**

અર્થ :—નિજ—પરના ભેદને જાણવાવાળા ધર્મી જીવ સમભાવને છોડીને કોઈ પદાર્થમાં રાગ કરતાં નથી તેથી જ તેઓ જ્ઞાનમયી નિર્વાણપદને પામશે અને તે જ જીવો સમભાવથી કેવળજ્ઞાન—પૂર્ણ આત્મસ્વભાવને પામશે.

આત્મા આખી જ્ઞાનસ્વરૂપ નિર્વિકલ્પ વસ્તુ છે અને રાગાદિથી માંડીને બધું પર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શરીર, વાણી તો પર છે જ પણ રાગાદિ વિકલ્પ પણ પર છે. આ નિજ–પરનો ભેદ જાણનારા મુનિ સમભાવ સિવાય કોઈ પદાર્થમાં રાગ કરતાં નથી. અહીં તો વીતરાગ ચારિત્રની ઉત્કૃષ્ટ વાત લીધી છે એટલે એકલા શાંતરસ સિવાય ક્યાંય પ્રેમ કરતાં નથી એવા મુનિઓની વાત છે. કોઈ પરપદાર્થમાં મુનિને રાગ કે દ્વેષનો ભાવ થતો નથી. શ્રદ્ધા–જ્ઞાનમાં તો કોઈ પ્રત્યે રાગ–દ્વેષ નથી પણ ચારિત્રમાં પણ કોઈ પ્રત્યે રાગ–દ્વેષનું આચરણ નથી. તેથી મુનિને જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને ભવિષ્યમાં પણ જે કોઈ સિદ્ધ થશે તે આ સમભાવથી જ થશે.

શુભરાગથી આત્મા પ્રાપ્ત થતો નથી અને શુભરાગથી કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થતું નથી. પર સંબંધી રાગ અને તેનું લક્ષ છોડીને, સ્વના લક્ષપૂર્વક શ્રદ્ધા–જ્ઞાનની સંભાળ દ્વારા પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને એ જ ભાવથી તેની પરિપૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.

આ સાંભળીને પંડિતોને એમ લાગે છે કે આમાં તો વ્યવહાર અનાવશ્યક હોય તેવો અર્થ થાય છે. જાણે કે વ્યવહાર વિના એકલા નિશ્ચયથી નિર્જરા થતી હોય એમ અર્થ નીકળે છે, પણ ભાઈ! નિશ્ચયના આશ્રયે પડેલાં આત્માને વ્યવહાર સાથે હોય જ છે તેને કરવો પડતો નથી. અહીં તો વ્યવહાર કરવો છે કે કરવા જેવો છે કે તેનાથી લાભ છે એ વાતનો નિષેધ છે. સાધકદશામાં વ્યવહાર વચ્ચે આવી જાય છે તેનો નિષેધ નથી.

ચૈતન્ય તો જ્ઞાન અને આનંદથી ભરેલો મહાસાગર છે તેમાં વિકલ્પની ગંધ પણ નથી. આવા સ્વભાવમાં દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરવી તે એક જ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય છે, સાથે શુભભાવ તો હોય પણ એ કાંઈ મુક્તિ પ્રાપ્તિનો ઉપાય નથી. આપણે જુઓ ને! ૧૦ની સાલમાં વાંકાનેર, મોરબી અને પોરબંદર ત્રણ જગ્યાએ પંચકલ્યાણક થયાં તો એ શુભભાવ જ હતો ને!

અહીં આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારો ભગવાન અંદરમાં એકલો વીતરાગ ચિદાનંદ પિંડ છે, તેની સંભાળ લેતાં દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે અને તેનાથી જ આત્માની પ્રાપ્તિ થાય છે, એ સિવાય ત્રણ કાળમાં આત્મપ્રાપ્તિનો કોઈ ઉપાય નથી. વિકલ્પ તો બંધનું કારણ છે, તેનાથી અબંધસ્વભાવની પ્રાપ્તિ ક્યાંથી થાય? વ્યવહાર–રાગથી ધર્મની પ્રાપ્તિ થાય જ નહીં એવું શ્રદ્ધામાં પણ જોર ન આવે ત્યાં તેનું વલણ સ્વભાવ તરફ ક્યાંથી થાય! જોર રાગમાં થાય છે કે શુભરાગ આવે તો કલ્યાણ થશે એમ વીર્ય ત્યાં વળે છે તો સ્વભાવ તરફ વીર્ય કામ કરી શકતું નથી. વ્યવહારથી ધર્મ થવાનો નિષેધ આવે તો સ્વભાવ તરફ વીર્ય કામ કરે.

આત્મા તો સર્વજ્ઞસ્વરૂપી, સર્વદર્શીસ્વરૂપી, પૂર્ણાનંદી, પૂર્ણવીર્યનો પિંડ છે. તીર્થંકરગોત્ર બંધાય એવો શુભરાગ પણ તેના સ્વરૂપમાં નથી. આવા સ્વરૂપની અંતર્દૃષ્ટિ, જ્ઞાન અને સમભાવથી જ તેની પ્રાપ્તિ થાય છે. આવા સ્વભાવનું બહુમાન ન કરે અને રાગનું જ બહુમાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરે તેને આત્માની પ્રાપ્તિ શી રીતે થાય! આ તો જેને જન્મ–મરણ ટાળવા છે તેને માટે આ વાત છે. રાગથી રાજી થઈ જાય તેને માટે કાંઈ આ વાત નથી. તેને તો દુનિયાને રાજી કરવી છે અને દુનિયાથી રાજી થવું છે, તેનાથી આ મારગ જુદો છે ભાઈ!

આખો સંકેલો કરીને અંદરમાં જાય ત્યારે આત્માની પ્રાપ્તિ થાય તેવું છે. એક વિકલ્પ ઉપર પણ જોર જાય છે તો તું તને પ્રાપ્ત નહિ થા પ્રભુ! પરમાં કે વિકલ્પમાં તને રાજી થવા જેવું શું લાગે છે? તારો સ્વભાવ તો એકલો–કેવલ જ્ઞાનમય છે. તેમાં એકાગ્ર થવાથી સમભાવ પ્રગટ થાય છે અને તેનાથી પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. બધી પર્યાયો વ્યવસ્થિત થાય છે તેમ જ્ઞાનમાં આવી જાય છે, પછી રાગને કરવા કે ફેરવાની બુદ્ધિ રહેતી નથી.

ચૈતન્યબિંબ આત્મા તેની જાતના સમભાવી અંશથી જ પ્રાપ્ત થાય છે. રાગાદિ વિકલ્પ તો વિષમ કણ છે તેનાથી આત્માની પ્રાપ્તિ નથી. અધૂરી દશામાં રાગાદિ હો ભલે, પણ તેમાં રાજીપો શેનો? તારું સ્વરૂપ તો વીતરાગસ્વરૂપ—સમાધાનસ્વરૂપ છે ત્યાં કોની સાથે વિષમતા અને કોની સાથે સમતા! તારા સ્વરૂપમાં રાગની ગંધ પણ નથી તો તેના વડે આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય!

સમયસારમાં જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું ચારિત્ર...એવી શૈલી વાપરી છે કેમ કે આત્મા જ્ઞાનમય છે ને! સમયસાર તો ૧૧ અંગ અને ૧૪ પૂર્વનો સાર છે. કુંદકુંદાચાર્યની કરેલી અમરકૃતિ છે. તેમાં સાક્ષાત્ ભગવાનના પેટ ખોલીને મૂક્યા છે–બધાં રહસ્ય ખોલીને મૂક્યા છે. માટે એક સમયસાર જ બસ છે એવી એ કૃતિ છે પણ તેને શાંતિથી ધીરજથી સમજે તો સમજાય.

જે તારા સ્વરૂપમાં નથી એવા આસ્રવભાવને ઉત્પન્ન કરીને આત્માની શાંતિ લેવા માંગે છે તેના કરતાં સ્વરૂપમાં જે છે તેનાથી શાંતિ પ્રગટ કર ને! આનંદમય ભગવાન આત્મા સમભાવી છે તેની શ્રદ્ધા, જ્ઞાન કરવાથી શાંતિ પ્રગટ થાય છે અને અનંતગુણની પૂર્ણ પ્રાપ્તિ પણ તેનાથી જ થશે.

અત્યારસુધી જે કોઈ સિદ્ધ થયા તે સમભાવના પ્રસાદથી થયા છે. શુભાશુભ વિકલ્પથી રહિત સમભાવથી સૌ સિદ્ધ થયા છે. કોઈ સિદ્ધ એવા નથી કે જે શુભાશુભ વિકલ્પથી સિદ્ધ થયા હોય. વચ્ચે વ્યવહાર આવે છે પણ તેનાથી તો બંધ થાય છે, તેનાથી મુક્તિ થતી નથી. લોકોને આ વાત મોટો ધડાકો કરતાં હોય એવી લાગે છે. પણ પ્રભુ! તારું સ્વરૂપ જ એવું છે. એ સ્વરૂપથી વિમુખ એવા રાગાદિ ભાવથી સ્વભાવસન્મુખતા કેમ થાય! સમભાવથી જ સ્વભાવની પ્રાપ્તિ થાય તેમ છે. સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણેયની વીતરાગી પર્યાય સમાય જાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ.........

શુભાશુભરાગ તો સ્વભાવથી વિષમ રાગ છે. એ વાત હજુ શ્રદ્ધામાં બેસતી નથી અને રાગની રુચિ રહ્યાં કરે છે તેને વિષમભાવની રુચિ છે ત્યાં સુધી સ્વભાવની રુચિ થઈ શકતી નથી. જગતને તો જાણે શુભરાગની ક્રિયાથી જ આત્માને લાભ થઈ જશે એવી માન્યતા પડી છે ત્યાં, આત્મામાં રાગ જ નથી એ વાત કેવી રીતે બનશે? કર્તૃત્વબુદ્ધિ એવી પડી છે કે ધર્મ પણ રાગની કર્તૃત્વબુદ્ધિથી કરવા માગે છે.

પુણ્યને હીણી ઉપમા અપાય છે તે વાત સહન થતી નથી પણ શાસ્ત્ર તો આઠેય કર્મના ફળને ઝેરના ઝાડ જ કહે છે. આઠકર્મમાં પુણ્ય અને પાપ બંને કર્મ આવી જાય છે, તેને સમયસારમાં ઝેર કહ્યા છે. હવે તારે શું કહેવું છે!! ભગવાનની ભક્તિ, પૂજા, યાત્રા, દાનાદિ ભાવ ન હોય એમ કહ્યું નથી પણ એ શુભભાવ છે, ધર્મ નથી એમ કહ્યું છે. ‘શુભભાવથી ધર્મ ન થાય’ એ વાત ન બેસે ત્યાં સુધી સંસારથી છૂટવાનો રસ્તો મળે તેમ નથી.

આ પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ શું કહે છે? કે પ્રભુ! નવતત્ત્વમાં તું તો જ્ઞાયકતત્ત્વ છો, તું તો પરમાત્મતત્ત્વ છો, તારામાં પુણ્ય—પાપ તત્ત્વ નથી, તારામાં અજીવ તત્ત્વ પણ નથી, તું જડની ક્રિયાથી ભિન્ન છો. આવા નિરાળા જ્ઞાયકતત્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય? કે તેના તરફની દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ અને સમભાવ પ્રગટ કરવાથી તેની પ્રાપ્તિ થાય અને તેના ફળમાં કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થાય.

આમ, સંવર—નિર્જરાની પ્રાપ્તિ પણ સમભાવથી થાય છે અને મોક્ષની પ્રાપ્તિ પણ સમભાવથી થાય છે અને તેનાથી જ આસ્રવ—બંધનો અભાવ થાય છે. માટે, તારે સમભાવ પ્રગટ કરવાની ગોઠવણ કરવી પડશે ભાઈ! જેટલા સિદ્ધ થયા અને જેટલા સિદ્ધ થશે તે બધાં આ રીતે આત્મસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતારૂપ સમભાવની વીતરાગ પર્યાયથી જ થયા છે અને થશે. વચ્ચે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે ખરો પણ તે બંધનું કારણ છે તે કાંઈ અબંધ પરિણામને મદદ નહિ કરે.

ત્રણકાળ ત્રણલોકમાં આ એક જ વાત છે કે વીતરાગી ચૈતન્યપ્રભુની પ્રાપ્તિ વીતરાગી દર્શન—જ્ઞાન—ચારિત્રની પ્રગટ પર્યાય દ્વારા જ થાય છે. તેથી જ્ઞાની સમભાવ સિવાય અન્યભાવમાં રાગ કરતાં નથી.

અહાહા! કાળ ચાલ્યા જાય છે, દેહ છોડીને જવાનું છે. આખી જિંદગી ગમે તેટલી સંભાળ કરીને શરીર સાંચવ્યું હશે તોપણ છોડવું પડશે. આ તો માટી છે તે તારા રાખવાથી રહે નહિ અને તારાથી જાય નહિ, તારાથી નાશ પણ થાય નહિ બાપુ! દેહ પણ તારો નથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્યાં દેશ અને વેષ પણ તારો ક્યાં હતો! તું તો તારા સ્વદેશની સંભાળ કર! દેશની સંભાળ કરવા જઈશ તો મફતનો મરી જઈશ. ખરેખર ભિન્ન ચીજનું કાર્ય તેનાથી ભિન્ન ચીજ દ્વારા થઈ જ ન શકે.

પરમાર્થે રાગના ત્યાગના કર્તાપણાનું નામ પણ આત્માને નથી. જુઓ તો ખરા આ સમભાવ! ભગવાન આત્મા રાગને કરે એવું તો તેનું સ્વરૂપ નથી પણ રાગનો ત્યાગ કરે એવું પણ તેનું સ્વરૂપ નથી. જેના સ્વરૂપમાં રાગ જ નથી ત્યાં જે નથી તેને છોડવાનું કેમ હોય!

બાપુ! તું આત્મા છો ને! આત્મા એટલે અકષાયસ્વભાવનો પિંડ. આત્માને જ્ઞાનમય કહો કે અકષાયસ્વભાવમય કહો, તેમાં રાગને કરવાનો કે છોડવાનો એકેય ભાવ નથી. વિકલ્પનું કરવું તો નથી પણ વિકલ્પનું છોડવું એ પણ તારી ચીજમાં નથી. ભગવાન! સમભાવ સિવાય કોઈ ઉપાયથી શુદ્ધાત્માનો લાભ નથી. એક સમભાવ જ ભવથી તરવાનો ઉપાય છે તેનો ભરોસો આવવો જોઈએ. ભરોસા વિના તરી ન શકાય.

જે તારી જાતનો ભાવ છે તે સદાય રહેશે. જે તારી જાતના નથી એવા દેહ, વાણી, મન કે રાગાદિભાવ એક સરખા રહેશે જ નહિ.

સમભાવ કોને કહે છે? કે—પંચેન્દ્રિયના વિષયોની અભિલાષાથી રહિત વીતરાગ પરમાનંદ સહિત નિર્વિકલ્પ નિજભાવ છે તેને સમભાવ કહે છે. પરના લક્ષ રહિત અને વીતરાગ પરમાનંદ સહિત નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિના ભાવને સમભાવ કહે છે. આ સમભાવ જ બધાં શાસ્ત્રોનો સાર છે. આ ૪૭ ગાથા થઈ.

આગળ કહે છે કે જ્ઞાનીજન સમભાવનું સ્વરૂપ જાણતાં થકા ન કોઈ પાસેથી ભણે છે ન કોઈને ભણાવે છે..... ભાઈ! તારો સ્વભાવ તો જ્ઞાતા—દ્રષ્ટા છે ને! તેમાં બીજાની પાસે ભણું કે બીજાને ભણાવું એવો વિકલ્પ ક્યાં છે? સમાધિશતકમાં તો કહે કે એવો વિકલ્પ ઊઠે છે તે ઉન્માદ છે.

દિગંબર સંતોની વાત ગજબ છે. દિગંબર સંત પૂજ્યપાદસ્વામી આમ કહે છે કે જે સ્વરૂપમાં નથી એવો ભાવ ઊઠે છે તે ઉન્માદ છે. સ્વભાવમાં સર્વ વિકલ્પનો અભાવ છે.

આ વાત પછી કહેશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમભાવ તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે

(સળંગ પ્રવચન નં–૧૦૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તેમાં બીજાં ભાગની ૪૮મી ગાથા છે. તેમાં યોગીન્દ્રદેવ સમભાવની વ્યાખ્યા કરે છે.

જેને આત્માનું ભાન તો થયું છે, 'હું શુદ્ધ ચૈતન્ય છું' એવી સમ્યક્ પ્રતીતિ અને સ્વસંવેદન જ્ઞાન થયું છે, તે ઉપરાંત વિષમભાવરૂપ વિકલ્પોનો અભાવ કરીને સમભાવને જાણે છે અને વેદે છે તેની દશાનું સ્વરૂપ અહીં બતાવે છે કે જ્ઞાનીજન સમભાવનું સ્વરૂપ જાણતાં થકાં ન કોઈ પાસે ભણે છે, ન કોઈને ભણાવે છે, કોઈને કાંઈ પ્રેરણા પણ કરતાં નથી અને કોઈની નિંદા પણ કરતાં નથી.

**भणइ भणावह णवि थुणइ णिंदह णाणि ण कोइ।**
**सिद्धिहिँ कारणु भाउ समु जाणंतउ पर सोइ॥४८॥**

અર્થ :—નિર્વિકલ્પધ્યાની પુરુષ ન કોઈના શિષ્ય થઈને ભણે છે અને ન ગુરુ થઈને કોઈને ભણાવે છે, ન કોઈની સ્તુતિ કરે છે અને ન કોઈની નિંદા કરે છે. મોક્ષનું કારણ એક સમભાવને જ નિશ્ચયથી જાણતાં થકાં કેવળ એક આત્મસ્વરૂપમાં અચલ થઈ રહ્યાં છે, અન્ય કાંઈ પણ શુભ કે અશુભ કાર્ય કરતાં નથી.

નીચલીદશામાં બીજાં પાસેથી ભણવાનો અને શિષ્યોને ભણાવવાનો રાગ હોય છે પણ જેટલો રાગ છે એટલી વિષમતા છે. એ વિષમતા હોવા છતાં સમ્યગ્જ્ઞાની તેનો માત્ર જાણનાર છે, કરનાર નથી. જેમ કેવળજ્ઞાની ભગવાન લોકાલોકને જાણે છે પણ લોકાલોકને કરતાં નથી તેમ, જ્ઞાનીને રાગાદિ વિકલ્પરૂપ વ્યવહાર હોય છે અને સંયોગમાં દેહાદિની ક્રિયા પણ હોય છે પણ જ્ઞાની તેના જાણનાર છે, કરનાર નથી.

વળી, જ્ઞાનીને એવો રાગરૂપ વ્યવહાર છે માટે જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા છે—એમ નથી. જેમ લોકાલોક છે તો કેવળજ્ઞાન છે—એમ નથી તેમ રાગ છે માટે જ્ઞાન છે—એમ નથી.

વળી, જેમ લોકાલોક પહેલો અને કેવળજ્ઞાન પછી—એમ નથી. તેમ નીચલીદશામાં વ્યવહાર વિકલ્પ પહેલો અને નિશ્ચય પછી—એમ નથી. નીચલીદશામાં ભિન્ન ભિન્ન પ્રકારના રાગ થાય છે તેનો જ્ઞાની કર્તા નથી. જ્ઞાની તો સ્વના જ્ઞાનપૂર્વક જ્યારે જે જે પ્રકારની રાગની અવસ્થા છે તેને જાણે છે. કેવળીભગવાન એકસાથે ક્રમ વગર લોકાલોકને જાણે છે અને જ્ઞાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ક્રમપૂર્વક રાગરૂપ વ્યવહારને જાણે છે એટલો ફેર છે, બીજો કોઈ ફેર નથી. તેથી એક ન્યાયે, વસ્તુસ્વરૂપનું જ્ઞાન થતાં આત્મા સર્વજ્ઞ સમાન છે માટે, વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી–એમ ન હોઈ શકે અને વ્યવહાર છે તો નિશ્ચય છે એમ પણ ન હોઈ શકે. કેવળીની જેમ જ જ્ઞાની વ્યવહારના માત્ર જાણનાર છે.

(૧) સર્વજ્ઞપ્રભુ છે માટે લોકાલોક છે–એમ નથી અને લોકાલોક છે માટે સર્વજ્ઞ છે–એમ નથી. તેમ જ્ઞાન છે માટે રાગ છે અને રાગ છે માટે જ્ઞાન છે–એમ નથી.

(૨) સર્વજ્ઞ લોકાલોકના કર્તા કે રચનાર નથી તેમ સમ્યગ્દૃષ્ટિ રાગના કરનારા કે રચનાર નથી.

(૩) લોકાલોકથી જ્ઞાન નિરપેક્ષ છે તેમ, વિકલ્પથી પણ જ્ઞાન નિરપેક્ષ છે.

આમ, આ ન્યાયે જેમ, કેવળજ્ઞાનીને લોકાલોકની અપેક્ષા વિનાનું જ્ઞાન વર્તે છે તેમ, સમ્યગ્જ્ઞાનીને વ્યવહારની અપેક્ષા વિનાનું જ્ઞાન વર્તે છે એટલે કે વ્યવહાર છે માટે સમ્યક્ જ્ઞાન છે–એમ નથી, તેમ જ વ્યવહાર પહેલાં અને જ્ઞાન પછી–એમ નથી. જેમ સર્વજ્ઞને છે એમ જ જ્ઞાનીને છે. ફેર એટલો છે કે જ્ઞાનીને હજુ વિષમભાવ છે જ્યારે કેવળી ભગવાનને વિષમભાવ બિલકુલ નથી, એકલો વીતરાગભાવ છે. તેથી કેવળી પોતાને વીતરાગ જાણે છે અને જ્ઞાની, જેટલો વિષમભાવ ઊભો થાય છે તેટલો વિષમભાવ મારી દશામાં હોય એમ જાણે છે.

આમાં તો પાંચેય બોલ નક્કી થઈ જાય છે. નિમિત્ત–ઉપાદાન, નિશ્ચય–વ્યવહાર અને ક્રમબદ્ધ આ પાંચેય ભાવ સિદ્ધ થાય છે.

શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત સર્વજ્ઞ સર્વને વ્યવસ્થિત જેમ છે તેમ જાણે છે. વસ્તુસ્વરૂપને જેમ છે તેમ જાણવા માટે જ્ઞાનને વસ્તુની અપેક્ષા નથી. તેમ જ જ્ઞાન વ્યવસ્થિત જાણે છે માટે ત્યાં વ્યવસ્થિત થાય છે એમ નથી. જ્ઞાન જ્ઞાનના કારણે છે અને વસ્તુની વ્યવસ્થા વસ્તુના કારણે છે. કોઈ કોઈને આશ્રિત નથી.

એ જ રીતે, જ્ઞાનીનું જ્ઞાન દેહની અવસ્થાને અને તે–તે કાળની રાગની અવસ્થાને જાણે છે પણ કરતું નથી. જે જે પ્રકારે દેહની અને રાગાદિની અવસ્થા થાય છે તે તે પ્રકારે જ્ઞાન વ્યવસ્થિત તેને જાણે છે. જ્ઞાન પણ એવું વ્યવસ્થિત છે.

તેથી જેમ, કેવળીને લોકાલોકમાં કાંઈ રચવું કે ફેરવવું નથી તેમ, જ્ઞાનીને રાગાદિનું કરવું કે ફેરવવું નથી. નિશ્ચયથી જ્ઞાનીને તેનો ભોગવટો પણ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ સિવાય કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. લાખ વાદ–વિવાદ કરે પણ વસ્તુસ્વરૂપ આ પ્રમાણે જ છે એમ સમ્યગ્જ્ઞાનીના જ્ઞાનમાં વ્યવસ્થિત જણાય છે. કેવળી વીતરાગની ભૂમિકામાં રહીને બધું જાણે છે અને જ્ઞાની વિષમભાવની ભૂમિકામાં રહીને પણ જેમ છે તેમ જ જાણે છે. કેવળીને વિષમભાવ નથી પણ સમ્યગ્જ્ઞાનીને વિષમભાવ છે એટલો જ ફેર છે. બાકી, વિષમભાવના જ્ઞાની કર્તા નથી, વિષમભાવ છે તો સમ્યગ્દર્શન–જ્ઞાન છે—એમ નથી અને વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી છે એવો ક્રમ નથી. એ જ રીતે વિષમભાવને અન્ય નિમિત્તની અપેક્ષા નથી અને વિષમભાવ છે માટે નિમિત્ત છે–એમ નથી. વિષમભાવ છે માટે તેનું જ્ઞાન છે–એમ નથી.

કાલે રાત્રિચર્ચામાં આ વાત બહુ નીકળી હતી. અત્યારે બધું ક્યાંથી આવે! અહાહા! વસ્તુ તે વસ્તુ છે! કેવળી અને મુનિમાં ફક્ત એટલો જ ફેર છે કે કેવળીને બિલકુલ વિષમતા નથી અને મુનિને અબુદ્ધિપૂર્વક વિષમતા છે તેને ન ગણીને સમભાવી મુનિ સમભાવ જાણે છે એમ કહેવામાં આવ્યું છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુનું જ્ઞાન થતાં રાગનાં કર્તા જ્ઞાની કે મુનિ થતાં જ નથી. સર્વજ્ઞ જેમ લોકાલોકના કર્તા નથી તેમ જ્ઞાની રાગના કર્તા નથી. જેમ, સર્વજ્ઞને લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત છે તેમ જ્ઞાનીને જ્ઞાનમાં રાગ નિમિત્ત છે. નિમિત્ત છે માટે તેનો અર્થ એવો નથી કે તે જ્ઞાનનો કર્તા છે.

લોકાલોક જ્ઞાનનો કર્તા નથી તેમ જ જ્ઞાન લોકાલોકનું કર્તા નથી. એ રીતે સમ્યગ્જ્ઞાનમાં રાગનો કર્તા જ્ઞાન નથી અને જ્ઞાનનો કર્તા રાગ નથી. રાગ પહેલો અને જ્ઞાન પછી–એમ નથી. જ્ઞાનમાં રાગને રચવાનો સ્વભાવ જ નથી. જ્ઞાનને રાગનો કર્તા ઠરાવશો તો કોઈ રીતે વસ્તુ સાબિત નહિ થાય.

વાદ-વિવાદ ચાલે છે ને! કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી થાય. બાપુ! તમે નિશ્ચય–વ્યવહાર કોને કહો છો? શું પહેલો લોકાલોક અને પછી સર્વજ્ઞ એમ છે?–એમ નથી. બંને સાથે જ છે તેમ, નિશ્ચય–વ્યવહારમાં ક્રમ નથી. સર્વજ્ઞ જેમ લોકાલોકના જાણનાર છે પણ કરનાર કે લોકાલોકના સુખ-દુઃખના ભોગવનાર નથી તેમ, સમ્યગ્જ્ઞાની વ્યવહારરૂપ વિષમતાના કર્તા કે ભોક્તા નથી. આમ જ વસ્તુનું સ્વરૂપ છે. આમ ન હોય તો કોઈ રીતે જ્ઞાનમાં ન્યાયથી વસ્તુની સાબિતી થતી નથી. અહો! 'રચના જિનઉપદેશની, સર્વોત્કૃષ્ટ તીનકાલ' સર્વજ્ઞની કથની અને તેની રીત ન ભૂતો ન ભવિષ્યતિ. વીતરાગની વાણી અને વીતરાગનો ભાવ આવો છે. આ વીતરાગમાં અને મુનિમાં આટલો જ ફેર છે કે વીતરાગ ભગવાન પૂર્ણ જ્ઞાની છે અને મુનિ અલ્પ જ્ઞાની છે, વીતરાગ રાગની વિષમતા રહિત છે અને મુનિ અલ્પ રાગથી સહિત છે. બાકી બન્નેની જાતમાં કાંઈ ફેર નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્યારે જ્ઞાન સ્વરૂપમાં ઠરી જાય છે ત્યારે તે જ્ઞાની કોઈ પાસે ભણતાં નથી કે ભણાવતાં નથી એમ કહ્યું તેનો અર્થ એ નીકળે છે કે પહેલાં ભણતાં હતા. સમ્યગ્જ્ઞાનની ભૂમિકામાં પણ એટલો વિકલ્પ હતો—વિષમતા હતી પણ અહીં સમભાવ થયો—ચારિત્રની ઉગ્રતા થઈ એટલે એવી વિષમતા છૂટી ગઈ અને પોતે મુક્તિનું સાક્ષાત્ કારણ થાય છે.

જેટલો વિકલ્પ છે તે ચારિત્રનો દોષ છે, શ્રદ્ધા—જ્ઞાનનો દોષ નથી. તે દોષને જ્ઞાની જાણે છે પણ દોષને રચતો નથી અને રચવાનો કામી પણ નથી. તેથી જે ક્રમમાં રાગ અને જ્ઞાન થાય છે તેને જાણે છે. અહીં તો એ કહ્યું કે સમભાવને જ્ઞાની જાણે છે.

ચારિત્રમાં સ્થિરતા ન હતી ત્યારે ભગવાનની સ્તુતિનો વિકલ્પ પણ આવતો હતો. પણ તે ભાવ સમભાવ નથી—એ પણ વિષમભાવ છે. તે છે ત્યાં સુધી સમભાવ નથી અને સમભાવ વિના મુક્તિની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનીને જ્યાં સુધી વિષમભાવ છે ત્યાં સુધી તેને જાણે છે અને સમભાવ થતાં સમભાવને જાણે છે અને સર્વજ્ઞ થાય ત્યારે સર્વજ્ઞ પોતાની પૂર્ણદશાને જાણે છે. પરને જાણવું એ તો વ્યવહાર છે તેમ રાગને જાણવો એ પણ વ્યવહાર છે.

સમ્યગ્દર્શન—જ્ઞાન મોક્ષનું કારણ છે તેમ જ ચારિત્રનું કારણ પણ એ જ છે. મોક્ષનું સીધું કારણ ચારિત્ર છે અને ચારિત્રનું કારણ સમ્યક્ દર્શન અને જ્ઞાન છે. અહા! દિગંબર સંતોએ વસ્તુસ્થિતિ બતાવીને ગજબ કામ કર્યાં છે.

ચૈતન્યસ્વભાવી પ્રભુ ચૈતન્યરસનો સાગર છે તેના ભાનમાં આવ્યો તેને રાગાદિ તો બાકી છે તો ભલે હો પણ તે ઉપાદેય નથી. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. જેમ જેમ સાધકદશા વધતી જાય તેમ તેમ રાગ ઘટતો જાય છે અને પૂર્ણતા થતાં રાગ ટળી જાય છે. અધૂરીદશા છે ત્યાં સુધી તે તે કાળે વર્તતો રાગ જાણેલો પ્રયોજનવાન છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. રાગ છે માટે અંતરમાં સ્થિરતા અને અંતરદૃષ્ટિ છે—એમ નથી.

કેવળજ્ઞાનને લોકાલોકની જરૂર નથી. લોકાલોક તો સ્વયં છે તેમ સાધકને રાગની જરૂર નથી પણ અધૂરીદશા છે ત્યાં સુધી રાગ હોય છે. રાગ છે માટે શ્રદ્ધા—જ્ઞાન છે—એમ નથી અને શ્રદ્ધા-જ્ઞાન છે માટે રાગ છે—એમ નથી.

આ તો ભગવાન આત્માના સ્વભાવના ઘરની વાત છે. તેમાં કાંઈ પણ ફેરફાર કરવા જાય તો તેનું ઘર નહિ રહે, રાગના ભાગને પહેલાં માનીને તેના ઉપર વજન આપશે તો આત્મા નહિ રહે. જ્ઞાનને રાગનો રચનાર બનાવશે તોપણ આત્મા નહિ રહે. રાગ છે માટે નિશ્ચય રહ્યો છે એમ માનશે તો નિશ્ચય નહિ રહે. નહિ રહે એટલે કે રાગના આધારે જ્ઞાન હોય જ નહિ. વ્યવહારના આધારે નિશ્ચય હોય જ નહિ. રાગનો પ્રવાહ ઊઠે છે તે સ્વતત્ત્વનું સ્વરૂપ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વસ્તુના સ્વભાવમાં વિકલ્પ નથી માટે, વિકલ્પ તો નવો ઊભો થયેલો છે તે આત્માની જાતનો નથી માટે સ્વતત્ત્વ નથી. જેમ સર્વજ્ઞ તે લોકાલોક નથી અને લોકાલોક તે સર્વજ્ઞ નથી તેમ, જ્ઞાનસ્વરૂપી તત્ત્વ છે તે અસ્રવતત્ત્વ નથી અને આસ્રવતત્ત્વ છે તે જ્ઞાનસ્વરૂપી જીવતત્ત્વ નથી.

અરે! એને પોતાના માહાત્મ્યની ખબર નથી અને વાદ—વિવાદે ચડે છે પણ આ વસ્તુ વાદ—વિવાદની નથી. તેથી તો બનારસીદાસજી કહે છે કે—

સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદ—વિવાદ કરે સો અંધા...

ભાઈ! તારાં ચૈતન્યના તેજના માહાત્મ્ય પ્રગટ થયાં, જાણનાર જાગ્યો તેને બધું જાણવા માટે જ છે, કરવા માટે કાંઈ નથી. જ્ઞાનની એકાગ્રતા કરવી એ પણ માત્ર કહેવાય છે, એકાગ્રતા તો થાય છે. આત્મા કર્તા અને આ ક્રિયા એવા ભેદ વસ્તુમાં નથી.

ચૈતન્યતત્ત્વમાં આસ્રવતત્ત્વનો અભાવ છે અને આસ્રવતત્ત્વમાં ચૈતન્યનો અભાવ છે. અભાવ ન હોય તો બે તત્ત્વ શી રીતે સિદ્ધ થાય! આસ્રવમાં ચેતના નથી તેથી તો તેને અચેતન કહ્યાં છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ઊઠે છે તે અચેતન છે. ચૈતન્યની જાગૃતિમાંથી ઉત્પન્ન થયેલાં નથી. ચૈતન્યની અજાગૃતિમાંથી ઉત્પન્ન થયેલાં ભાવો અચેતન છે માટે તેનો કર્તા ચૈતન્ય ન હોય. માટે તેને પુદ્‌ગલના પર્યાય પણ કહી શકાય છે. જ્ઞાન અને આનંદના અનંત તેજમાંથી રાગના અંધારા કેમ પ્રગટે! અચેતન થઈને સૂતો છે ત્યાં અંધારા હોય, જ્યાં એકલો જ્ઞાનનો સમુદ્ર ઉછળતો હોય ત્યાં રાગના અંધારા ક્યાંથી ઉત્પન્ન થાય?

એને ખબર નથી કે હું કોણ છું અને કેવડો છું? આત્મા સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદપ્રભુ છે. એકલી શાંતસ્વરૂપ સમભાવી આત્મશીલા છે, વીતરાગી આત્મશીલામાં વિકલ્પ તો વિષમ-ભાવ છે તેનો જ્ઞાની જાણનાર છે.

નીચલીદશામાં જ્ઞાનીને પણ બીજાને ભણાવવાના અને ભણવાના વિકલ્પો ઊઠતાં હોય છે પણ તે વિકલ્પના કર્તા નહિ થતાં જ્ઞાની જાણનાર રહે છે. આગળ વધતાં વિકલ્પો ઘટી જાય છે અને સમભાવ પ્રગટ થાય છે તો તેને પણ જ્ઞાની—મુનિ જાણે છે. આવું ચૈતન્યનું પદ છે તેને ભૂલીને અજ્ઞાની લોકો પરપદ લેવા માટે ગોથાં ખાય છે. અમલદાર થાઉં, અધિકારી થાઉં, શેઠિયો થાઉં, રાજા થાઉં એમ કરતો કરતો મોતને વરે છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ પરમદેવ કહે છે કે ભાઈ! જો નિજપદની દૃષ્ટિ કરી છે, નિજશાન્તિને અનુભવી છે તો હવે રાગનો વિષમભાવ છોડીને સમભાવમાં ઠર! દુનિયા આ તત્ત્વ નહિ ભણે તો શું થશે! એવો વિકલ્પ ઉઠાવવાનું તારે શું કામ છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્ઞાન તો ભણનારને પોતાથી થાય છે એમ જ્ઞાની જાણતાં હોવા છતાં ભણાવવાનો વિકલ્પ ઊઠે છે તેને પણ છોડી દે એમ ભગવાન જ્ઞાનીને ફરમાવે છે. જીવોને જ્ઞાનની યોગ્યતા હોય ત્યારે ગુરુ ને વાણીનો યોગ હોય છે પણ ગુરુને લઈને શિષ્યોને લાભ થાય છે—એમ નથી. બીજાને ભણાવવાનો વિકલ્પ ઊઠે છે તે પણ ઉન્માદ છે. અસ્થિરતાનો ઉન્માદ છે. તેનાથી લાભ માને તો એ મિથ્યાત્વનો ઉન્માદ છે. તું તો ચૈતન્ય ચક્રવર્તીની વજ્રની દીવાલમાં ઊભો રહે ભાઈ! બહાર ભીખ માંગવા શું કામ જાય છે?

જ્ઞાનીજન સમભાવનું સ્વરૂપ જાણતાં થકાં...કેવળ આત્મસ્વરૂપમાં અચલ થઈ રહ્યાં છે, અન્ય કાંઈ પણ શુભ—અશુભ કાર્ય કરતાં નથી. પહેલાં પણ આત્મા એ કાર્ય કરતો ન હતો પણ ઊભા થતાં હતાં એ પણ હવે ન રહ્યા એમ કહે છે.

જીવોને આ સમજણના ઘર મોંઘા પડે એટલે વાદ—વિવાદમાં ચડી જાય છે પણ આમાં વાદ—વિવાદની વાત જ નથી. અંતરઘરની વાતમાં પરઘરનું શરણ શું કામ આવે!

ભાવાર્થ :—પરમ ઉપેક્ષા સંયમ અર્થાત્ ત્રણગુપ્તિમાં સ્થિત પરમસમાધિમાં આરૂઢ જે પરમસંયમ—તેની ભાવનારૂપ નિર્મલ યથાર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તે જ જેનું લક્ષણ છે એવા મોક્ષનું કારણ જે સમયસાર—તેને જાણતાં થકાં, અનુભવતાં થકાં અનુભવી પુરુષ ન કોઈ પ્રાણીને શીખડાવે છે કે ન શીખે છે, ન કોઈની નિંદા કરે છે અને ન સ્તુતિ કરે છે. તેને શત્રુ-મિત્ર સુખ-દુઃખ બધું એક સમાન છે.

પરમ ઉપેક્ષા એટલે જેમાં કોઈ પરની કાંઈ અપેક્ષા જ નથી. એવા સંયમમાં શાંત....શાંત....શાંત થયેલા મુનિને કાંઈ વિકલ્પ જ ઊઠતાં નથી. ધરસેન આચાર્યને શાસન ટકાવવા માટે શાસ્ત્ર લખાવવાનો વિકલ્પ આવ્યો હતો પણ અહીં કહે છે કે તે પણ એક વિષમભાવ છે. ભૂમિકાને યોગ્ય એવો વિકલ્પ ભલે આવી ગયો પણ તે સમભાવ નથી. તે વિકલ્પથી પરને કે આત્માને કાંઈ લાભ નથી.

ખરેખર શુભરાગનો કર્તા આત્મા નથી તેમ શુભરાગના ત્યાગનો કર્તા પણ આત્મા નથી. કેમ કે જો રાગનો ત્યાગકર્તા આત્માને માનીએ તો આત્મસ્વભાવમાં રાગનું ગ્રહણ થયું છે એમ સિદ્ધ થઈ જાય છે. પરમાર્થે આત્મા રાગના ત્યાગનો કર્તા પણ નથી.

આત્મા એટલે કોણ ભાઈ! આત્મા તો પરમાત્મા છે. પર્યાયે પરમાત્મા તો પછી થશે પણ વર્તમાનમાં દ્રવ્યે પરમાત્મા છે. સર્વજ્ઞ જેમ દ્રવ્ય અને પર્યાય બંનેમાં સર્વજ્ઞ છે અને સર્વને જાણે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પોતાને પર્યાયે સર્વજ્ઞ નહિ પણ દ્રવ્યસ્વભાવે સર્વજ્ઞ છું એમ વર્તમાનમાં જાણે છે. પોતાના દ્રવ્યને જ્ઞાની વીતરાગસ્વભાવે જુએ છે અને પર્યાયમાં જેટલી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમતા પ્રગટી છે તેને અને જેટલો રાગ બાકી રહ્યો છે તેને જાણે છે અને આગળ વધેલાં મુનિ પ્રગટ થયેલા પોતાના સમભાવને જાણે છે અને અનુભવે છે. મુનિરાજ ત્રણગુપ્તિ સહિત પરમ સમાધિમાં આરૂઢ થયાં થકાં શાંતિને વેદે છે. લોગસ્સમાં સમાધિની વાત આવે છે પણ લોકોને અર્થની ક્યાં ખબર છે! ગડિયાં બોલી જાય.

અહીં તો પરમ સમાધિ એટલે શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ, વિકલ્પરહિત સ્વભાવનું ભાન કરી, રાગનો અભાવ કરી, સ્વરૂપમાં ઠરે તેને પરમસમાધિ શાંતિ કહેવામાં આવે છે.

સમાધિશતકમાં પૂજ્યપાદસ્વામી કહે છે—તું જ તારો ગુરુ અને તું જ તારો શિષ્ય છો તેમ અહીં પણ એ જ વાત યોગીન્દ્રદેવ કહે છે કે તારે કોનો ગુરુ અને કોનો શિષ્ય થવું છે? પોતે પોતાને સમજાવે છે માટે પોતે જ પોતાનો ગુરુ છે અને પોતે સમજે છે માટે પોતાનો શિષ્ય પોતે છે.

સમ્યગ્દર્શન—જ્ઞાનમાં—શ્રદ્ધા—જ્ઞાનમાં જેવો સમભાવી સ્વભાવ લીધો હતો એવી સમભાવી પર્યાય પ્રગટ કરીને તેમાં ઠર્યો ત્યાં મન—વચન—કાયની ગુપ્તિ થઈ ગઈ, મન—વચન—કાયથી ખસીને સ્વરૂપમાં ઠર્યો ત્યાં વિકલ્પરહિત શાંતિ પ્રગટ થઈ તેને સમાધિ કહે છે. અન્યમતીના બાવા સમાધિ લઈને બેસે છે તે સાચી સમાધિ નથી. આ તો સર્વજ્ઞભગવાન કહે છે કે તારું સ્વરૂપ જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોતિસ્વરૂપ છે તેમાં ઠર અને ભણવા—ભણાવવાના વિકલ્પ છોડી દે—તેનું નામ સમાધિ છે.

અહીં ચારિત્રની વાત કરી છે. ચારિત્ર જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પુરુષાર્થ વડે પરમ સમાધિમાં આરૂઢ થઈને પરમ સંયમની ભાવનારૂપ એકાગ્રતા એ જ જેનું લક્ષણ છે એવું સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ તેના કારણરૂપ સમયસારને જાણતો અને અનુભવતો થકો અનુભવી પુરુષ કોઈ પ્રકારના ભણવા—ભણાવવા આદિના વિકલ્પને કરતો નથી. રાગના અભાવરૂપ ભાવને જાણતો થકો કોઈ વિકલ્પ કરતો નથી.

સ્વયંભૂસ્તોત્રમાં સમંતભદ્રસ્વામી લખે છે કે ભગવાન! આપે તો મોક્ષનો માર્ગ કહી દીધો—પછી શાસનમાં તેનું ફળ શું આવ્યું તે જોવા આપ રોકાતાં નથી. પ્રભુ! તમે તો તમારા કેવળજ્ઞાનને જુઓ છો. તેથી ક્યારે શું થવાનું છે એ તો આપ પહેલેથી જાણો છો તેથી નવું જોવાનું કાંઈ રહેતું નથી. મોક્ષના કારણ એવા સમયસારને જાણતા અને વેદતા મુનિ પણ કોઈને કાંઈ શીખડાવવાં કે શીખવાના વિકલ્પમાં રોકાતાં નથી.

વિકલ્પવાળી છટ્ઠી ભૂમિકા કરતાં નિર્વિકલ્પ એવી સાતમી ભૂમિકા ઊંચી છે. વ્રતના પરિણામ છે માટે છટ્ઠા ગુણસ્થાનની ભૂમિકા ઊંચી છે—એમ નથી. વિકલ્પને છોડીને સ્વરૂપમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઠરવાથી ભૂમિકા ઊંચી ગણાય છે. વ્રતનો વિકલ્પ ગયો માટે કાંઈ હાનિ થતી નથી, લાભ થાય છે.

વીતરાગની વાતો જગતથી જુદી જાતની છે. બીજાને તો એમ લાગે કે વ્રતાદિ શુભપરિણામથી કેટલો લાભ થાય છે! ત્યારે અહીં કહે છે એ તો વિકલ્પ છે તેનાથી આત્માને કાંઈ લાભ નથી. તેમાં રોકાવાથી તો નુકશાન છે. તેથી મુનિરાજ વિકલ્પની પાંખ જ કાપી નાખે છે. પ્રશ્ન ઊઠે કે મુનિને વિકલ્પ ઊઠે તો ઉપદેશ આપે તેનાથી પ્રભાવના થાય ને! ભાઈ! વસ્તુના સ્વભાવમાં પ્રભાવના એટલે વિશેષ એકાગ્રતા થવી તે ખરી પ્રભાવના છે. માટે, શીખવા, શીખવવાના વિકલ્પ મટી જવાથી લાભ ઓછો થતો નતી, લાભ વધે છે. શીખવા–શીખવાડવાના વિકલ્પમાં આત્માને ખોટ જતી હતી તે મટી ગઈ. વિકલ્પ છૂટતાં આત્માને સમભાવનો લાભ થયો. શીખવાના વિકલ્પમાં આત્માને લાભ નથી. વિકલ્પ મટતાં આત્મા લાભમાં આવ્યો.

વીતરાગમાર્ગમાં આવી વાત હોય. અજ્ઞાનીને આ વાતનો પત્તો ન ખાય. લોકો તો દુનિયાને તારી દેવાના ભાવમાં લાભ માને છે. વિકલ્પના ધંધામાં લાભ શું હોય! શાક–ભાજી કે કેરી આદિના ધંધામાં શું લાભ હોય! એક દિવસ પડ્યું રહે તો બીજે દિવસે સડી જાય એમાં તો ઉલટી ખોટ જાય. હીરા–માણેકના ધંધામાં ખરો લાભ થાય અને પડ્યાં રહે તો નુકશાન પણ ન જાય તેમ વિકલ્પમાં ઊભા રહેવામાં લાભ નથી. સમભાવમાં ટકી રહેવામાં લાભનો ધંધો છે.

આ દર્શન–જ્ઞાનપૂર્વક સમભાવની વાત ચાલે છે તેને સંયમ કહો, ચારિત્ર કહો, સમભાવ કહો, નિર્વિકલ્પતા કહો, સમાધિ કહો એ બધું એક જ છે. ભણવા–ભણાવવા આદિના વિકલ્પને પણ છોડીને સમયસારમાં ઠરે ત્યારે સમભાવનો લાભ થાય છે.

શ્રોતા :–પ્રાથમિક જીવને માટે આ વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પ્રાથમિક જીવે જ શ્રદ્ધામાં આ વાત લેવાની છે. વિકલ્પમાં લાભ માનશે ત્યાં સુધી ત્યાંથી ખસી નહિ શકે. કોઈની નિંદા કે પ્રશંસાનો ભાવ પણ સમભાવમાં રહેતો નથી. ખોટા માર્ગનો નિષેધ કરવાનો વિકલ્પ પણ સમભાવીને ઊઠતો નથી. સાચા માર્ગને સ્થાપવાનો અને ખોટાનો નિષેધ કરવાનો પણ જ્યાં વિકલ્પ નથી ત્યાં લાભ છે.

કાલે સત્તાસ્વરૂપમાં તો એમ આવ્યું કે ધર્મીને ખોટી વાત સાંભળતાં તલ્લાક આવ્યા વગર રહેતી નથી. હા, કોઈ જૂઠી શ્રદ્ધા–જ્ઞાનની વાત કરતું હોય તો ધર્મીને એવો વિકલ્પ આવે કે આ ખોટું છે પણ પોતાને આ વિકલ્પ ઊઠ્યો તે સારો છે એવો અભિપ્રાય નથી.

www.vitragvani.com



શત્રુ અને મિત્ર, સુખ અને દુઃખ બધું સમાન છે. એવી સમભાવી દશા પ્રથમ જ શ્રદ્ધા–જ્ઞાનમાં બેસવી જોઈએ કે આવી દશાને જ ચારિત્ર કહેવાય અને તે જ સાક્ષાત્ લાભનું અને મુક્તિનું કારણ છે એમ શ્રદ્ધામાં પહેલેથી આવી જવું જોઈએ.

આમ, શાંતિ અને સમભાવ સાક્ષાત્ મુક્તિનો ઉપાય છે એ વાત થઈ.

❁

❁ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે "તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર! ઓહોહો!! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો!—કે એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે?–કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ." ૧૪.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૪)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# શુદ્ધોપયોગ–સામ્યભાવ–નિર્ગ્રંથદશા મોક્ષનું સાક્ષાત્ કારણ છે

(સળંગ પ્રવચન નં–૧૦૩)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર ચાલે છે. તેમાં ૪૯ ગાથામાં યોગીન્દ્રદેવે શું કહે છે તે જોઈએ. થોડો સૂક્ષ્મ વિષય છે.

આ સમભાવની વ્યાખ્યા ચાલે છે. સમભાવ કોને કહે છે અને સમભાવ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને સમભાવ કોનું કારણ છે તે બતાવે છે. જે મુનિ બાહ્ય–અંતરંગ પરિગ્રહની ઈચ્છાથી પાંચ ઈન્દ્રિયોના વિષય–ભોગોના વાંછક થઈને દેહમાં મમતા કરતાં નથી તથા મિથ્યાત્વ અવ્રત આદિ સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત જે નિજ શુદ્ધાત્મા–તેને જાણે છે તે 'પરિગ્રહમાં તથા વિષય દેહ સંબંધી વ્રત–અવ્રતમાં રાગ–દ્વેષ કરતાં નથી' આ વાત ચાર ગાથા દ્વારા પ્રગટ કરે છે તે નીચે પ્રમાણે.

(૧) બાહ્ય અને અંતરંગ પરિગ્રહમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૨) વિષયોમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૩) દેહમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૪) વ્રત અને અવ્રતમાં રાગ–દ્વેષ કરતાં નથી.

(૧) બધાં પરિગ્રહમાં પ્રથમ પરિગ્રહ–મિથ્યાત્વને ગણવામાં આવ્યો છે. શુભાશુભ વિકલ્પ ઉઠે છે તે મારો સ્વભાવ છે એમ માનવું તે મિથ્યાત્વ-પરિગ્રહ છે. બાહ્યત્યાગ કરવાથી આ મિથ્યાત્વ-પરિગ્રહનો ત્યાગ થતો નથી. દેહ મારો છે, દેહની ક્રિયા હું કરી શકું છું, પરની દયા હું પાળી શકું છું, શુભભાવથી મને ધર્મ થાય છે. આવા અનેક પ્રકારના અભિપ્રાયો–માન્યતા છે તે મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ જ મહાન પરિગ્રહ છે. તે અહીં ગાથા દ્વારા બતાવે છે.

આ તો વીતરાગમારગ છે. જેને વીતરાગમારગની ખબર નથી તેને સંયમ, ત્યાગ, ચારિત્ર આદિ સાચાં હોતાં જ નથી.

**गंथहँ उप्परि परम–मुणि देसु वि करइ ण राउ।**
**गंथहँ जेण वियणियउ भिण्णउ अप्प–सहाउ।।४९।।**

www.vitragvani.com



અર્થ :—જે પરમ તપસ્વી અંતરંગ તથા બાહ્ય પરિગ્રહ ઉપર અથવા શાસ્ત્ર ઉપર રાગ—દ્વેષ કરતાં નથી તેમણે આત્મસ્વભાવને ગ્રંથથી જુદો જાણી લીધો છે.

અંતર—બાહ્ય પરિગ્રહને પણ ગ્રંથ કહેવાય છે અને પુસ્તકને પણ ગ્રંથ કહેવાય છે. જે મુનિએ આ બંને પ્રકારના ગ્રંથ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી છે, મમતા છોડી દીધી છે અને પોતાના શુદ્ધસ્વરૂપ—આનંદકંદમાં જેની દૃષ્ટિ ઝુકી ગઈ છે તે મુનિને ઉપશમભાવસહિત, પરિગ્રહરહિત મુનિ કહેવામાં આવે છે.

વ્રત, ભક્તિ, ઉપદેશ આદિનો જે રાગ ઉઠે છે તેનાથી મારું સ્વરૂપ ભિન્ન છે એમ તે મુનિવરે જાણી લીધું છે. જો આવી દૃષ્ટિ પ્રગટ થઈ ન હોય તો તેને મુનિ કહેતાં નથી. કેમ કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ વગર મિથ્યાત્વાદિ પરિગ્રહ છૂટતો નથી અને પરિગ્રહ છૂટ્યા વિના તેમને મુનિ કહેવામાં આવતાં નથી. સ્વભાવદૃષ્ટિ થયા વિના સમભાવ થતો નથી, વિષમભાવ જ રહે છે. તેથી ૩૯મી ગાથાથી સમભાવની વ્યાખ્યા ચાલે છે. ૩૯ થી ૫૨ ગાથા સુધી ૧૪ ગાથામાં સમભાવનું વર્ણન ચાલશે. યોગીન્દ્રદેવ મહા દિગંબર વનવાસી સંત છે. તેઓ, પરમાત્માએ કહેલા ઉપશમભાવનું સ્વરૂપ આ પરમાત્મપ્રકાશમાં કહે છે.

જે મુનિએ અખંડ જ્ઞાનમૂર્તિ આત્માને વિકલ્પમાત્રથી ભિન્ન જાણી લીધો છે તેને જ પરિગ્રહ ઉપર મમતા હોતી નથી અને જ્યાં મમતા નથી ત્યાં જ સમતાના ભાવ છે. એવા મુનિને જ પરિગ્રહરહિત—નિર્ગ્રંથમુનિ કહેવાય છે.

ભાવાર્થ :—મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ—આ ચૌદ અંતરંગપરિગ્રહ અને ક્ષેત્ર, વસ્તુ (ઘર), સોનું, ચાંદી, ધન, ધાન્ય, દાસ, દાસી, કુપ્ય (ઘરવખરી) અને ભાંડ (વાસણ) —આ દસ બાહ્ય પરિગ્રહ—આમ કુલ ૨૪ પ્રકારના પરિગ્રહોને ત્રણ જગતમાં, ત્રણ કાળમાં, મન—વચન—કાય, કૃત—કારિત—અનુમોદનાથી છોડીને શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને પરવસ્તુથી જે પોતાને ભિન્ન જાણે છે એવા મુનિઓ જ પરિગ્રહ ઉપર રાગ—દ્વેષ કરતાં નથી.

મિથ્યાત્વ પહેલો પરિગ્રહ છે. શરીરની ક્રિયા હું કરી શકું છું, શુભાશુભભાવની ક્રિયા મારી છે, તેનાથી મને લાભ છે એવી માન્યતા છે તેને મિથ્યાત્વ નામનો મહાન પરિગ્રહ કહેવામાં આવે છે. આ મિથ્યાત્વ કોને કહેવાય છે તેની ખબર વગર મિથ્યાત્વ ક્યાંથી છૂટે! અને મિથ્યાત્વ-પરિગ્રહના ત્યાગ વિના સમ્યગ્દર્શન કે મુનિપણું આવતું નથી.

સ્ત્રી, પુરુષ, નપુંસકના ત્રણ વેદની વાસના પણ પરિગ્રહ છે. અખંડાનંદ પ્રભુ ભગવાન આત્મા વેદવાસનાથી ભિન્ન છે એમ જાણી રાગરહિત સમતામાં પરિણમન કરવું તે સમભાવ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગમાં શુભાશુભ બંને ભાવ આવી જાય છે અને દ્વેષમાં પાપ પરિણામ આવે છે. આ રાગ અને દ્વેષ બંને પરિગ્રહ છે. તે ઉપરાંત હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ આ ચૌદ અંતરંગ પરિગ્રહ છે તે બધાંનો મુનિરાજને ત્યાગ હોય છે.

આત્મામાં જે જે ભાવોનો અભાવ છે તે શુભાશુભ સર્વભાવોનો પ્રથમ જ શ્રદ્ધામાંથી ત્યાગ થયા વિના મિથ્યાત્વ છૂટતું નથી. તેને શુભભાવ હોય પણ શુભભાવથી મને લાભ છે એમ માને છે તો તેને મિથ્યાત્વનો અનંત સંસાર આપનારો મોટો પરિગ્રહ અંતરંગમાં પડ્યો છે.

ધન—ધાન્ય, વસ્ત્ર, વાસણ આદિ દસ પરિગ્રહ છે જે બાહ્ય છે તેનો પણ મુનિને ત્યાગ હોય છે. વસ્ત્ર આદિ અને વિકલ્પાદિ સર્વ પરિગ્રહનો ત્યાગ હોય તેને જ સમ્યગ્દર્શન સહિત ઉપશમભાવ હોય છે.

'નમો લોએ સવ્વ સાહૂણં'માં જેને નમસ્કાર કરીએ છીએ એ વીતરાગી મુનિ કેવા હોય છે?—કે જેણે મન—વચન—કાયાથી અને કરવું, કરાવવું તથા અનુમોદવું એ ત્રણ ભાવથી રાગાદિનો ત્યાગ કર્યો છે. રાગ કરવો ભલો નથી, કરાવવો ભલો નથી અને રાગ કરતાં હોય તેને અનુમોદવું પણ ઠીક નથી. ત્રણકાળ ત્રણલોકમાં મનથી રાગાદિ કરવા—કરાવવા અનુમોદવા યોગ્ય નથી, ત્રણકાળ ત્રણલોકમાં વચનથી રાગને ઠીક કહેવો—રાગની કથા કરવી કરાવવી અનુમોદવી ઠીક નથી અને કાયાથી પણ રાગને કરવો કરાવવો અનુમોદવો યોગ્ય નથી.

આમ, ત્રણકાળ, ત્રણલોકમાં મન, વચન, કાય અને કૃત—કારિત—અનુમોદનાથી જે, મિથ્યાત્વ આદિ પરિગ્રહને છોડી, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને, નિજ આત્માને અનુભવે છે અને પરવસ્તુથી પોતાને ભિન્ન જાણે છે તેને નિર્ગ્રંથ મુનિપણું છે.

નવ નવ કોટીએ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને છોડીને ત્રણકાળ ત્રણલોકથી પોતાને જુદો જાણીને જે શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થાય છે તે જીવ પરિગ્રહ ઉપર રાગ—દ્વેષ કરતો નથી. છઠ્ઠા ગુણસ્થાને પણ જે પંચમહાવ્રત આદિનો વિકલ્પ ઉઠે છે તે વિષમભાવ છે—સમભાવ નથી, રાગ છે તેથી બંધનું કારણ છે. તેને છોડીને જે સમભાવમાં સ્થિત છે તેને વીતરાગદશા—નિર્ગ્રંથદશા—મુનિદશા કહે છે.

સમભાવના પ્રકાર ઘણા છે. પ્રથમ, શુભાશુભરાગ અને દેહાદિથી પર પોતાના વીતરાગીસ્વભાવની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દૃષ્ટિનો સમભાવ છે.

બીજો, અવ્રતના અભાવરૂપ સમભાવ છે. અશુભભાવરૂપ અવ્રતનો ત્યાગ કરે છે એટલો અવ્રતના અભાવરૂપ સમભાવ છે.

www.vitragvani.com



ત્રીજા, જેટલો વ્રતનો ભાવ હતો તેનો પણ ત્યાગ કરીને વિશેષ સમભાવ પ્રગટ કરવો તે નિર્ગ્રંથદશા છે તેની વાત કરે છે.

અહીં આવા ગુણવિશિષ્ટ નિર્ગ્રંથને જ (નિર્ગ્રંથ મુનિને જ) આ કથન શોભે છે પણ પરિગ્રહધારીને શોભતું નથી એવો તાત્પર્ય છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતી કે શ્રાવકને આવી નિર્ગ્રંથદશા હોતી નથી. કેમ કે તેને હજુ શુભાશુભભાવ છૂટ્યા નથી. મુનિ જ શુભાશુભભાવથી રહિત નિર્ગ્રંથદશાને પ્રાપ્ત હોવાથી મુનિને કોઈપણ પરિગ્રહ ઉપર રાગ કે દ્વેષ થતો નથી. વિષમભાવને છોડીને સમભાવમાં રમે છે તેને જ આ વ્યાખ્યાન શોભે છે અર્થાત્ આવી પરિગ્રહરહિતપણાની સ્થિતિ નિર્ગ્રંથને જ છે, પરિગ્રહધારીને એવી સ્થિતિ નથી.

અહીં ઘણાનું લખાણ આવતું કે પુણ્ય તો ચૌદમાં ગુણસ્થાને છૂટે છે અને તમે અત્યારથી છોડાવો છો? આ તમે શું કરો છો? ભાઈ સાંભળને! અમે પુણ્ય છોડાવતાં નથી. પુણ્યભાવમાં લોકોને ઉપાદેયબુદ્ધિ અને લાભની આશા છે તે મિથ્યાત્વ છે તેને છોડાવાનું કહેવાય છે. પુણ્યથી લાભ માનનાર અજૈન છે, જૈન નથી. શુભાશુભભાવથી મારું સ્વરૂપ જુદું છે એવી પ્રથમ દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. તેના વિના બધાં એકડાં વિનાનાં મીંડા છે. સમ્યગ્દર્શન થયા પછી પણ જેટલો રાગ–વ્રતાદિનો ભાવ આવે છે તે વિષમભાવ છે—કષાય છે–રાગ છે તેને પણ છોડીને જે સમભાવમાં સ્થિત થાય છે તેને શુદ્ધોપયોગ કહો–સામ્યભાવ કહો કે નિર્ગ્રંથદશા કહો–મોક્ષનું સાક્ષાત્ કારણ પણ તે જ છે.

સમ્યગ્દૃષ્ટિને શુભાશુભભાવ થાય છે, ભોગાદિના ભાવ થાય છે પણ તેમાં સુખબુદ્ધિનો અભાવ છે એટલો તો સમ્યગ્દૃષ્ટિને પણ સમભાવ છે પણ વિષયનો ભાવ ઉત્પન્ન થાય છે એટલો વિષમભાવ છે. વિષમભાવનો સર્વથા અભાવ થઈને મુનિને અંતરંગમાં વીતરાગપરિણતિ થાય છે તેને સમભાવ કહેવાય છે.

હવે ૫૦મી ગાથામાં વિષયો ઉપર વીતરાગતા બતાવે છે.

**विसयहँ उप्परि परममुणि देसु वि करइ ण राउ।**
**विसयहँ जेण वियाणियउ भिण्णउ अप्प–सहाउ॥५०॥**

અરે! આ વાતની શ્રદ્ધા કરવી પણ આ કાળે કઠણ છે તો મુનિપણું તો ક્યાં રહી ગયું! ચારેય ગાથામાં એક એક ભાવથી ભિન્ન થાય છે તેને તેટલાં બંધનો અભાવ થાય છે એમ કહેવા માગે છે.

અર્થ :–જે મહામુનિઓએ આત્મસ્વભાવને પાંચ ઈન્દ્રિયોના સ્પર્શાદિ વિષયોથી જુદો જાણ્યો છે તે મહામુનિ વિષયો ઉપર રાગ અને દ્વેષને કરતાં નથી એમ કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મિથ્યાદૃષ્ટિને વિષય–ભોગના વિકલ્પ ઉઠે છે તેમાં તેને સુખબુદ્ધિ છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિને વિષયભોગનો વિકલ્પ ઉઠે પણ તેમાં સુખબુદ્ધિ નથી, સુખબુદ્ધિ તો આત્માના આનંદમાં છે તેથી સમ્યગ્દર્શન છે પણ વિષયના ભાવનો અભાવ નથી એટલો સમભાવ નથી. મુનિને તો વિષયના વિકલ્પોનો જ અભાવ છે તેથી વિશેષ સમભાવ છે.

ભરત ચક્રવર્તીને ૯૬ હજાર રાણી હતી, વિષયનો ભાવ પણ હતો, એટલો વિષમભાવ હતો પણ તેમાં સુખબુદ્ધિ ન હતી એટલો સમભાવ હતો. જેમ જેમ પોતાની દશામાં નિર્મળતા વધતી જાય છે એટલો વિષમભાવ ઘટતો જાય છે અને સમભાવ વધતો જાય છે. ઉપશમભાવમાં ઠરી જ જાય છે તેને નિર્ગ્રંથમુનિ કહેવામાં આવે છે. તેની બદલે વ્રતના પરિણામને જ ધર્મ માની લે છે તેની તો દૃષ્ટિ પણ ખોટી છે.

આમ, સમભાવની વ્યાખ્યા ઘણાં પ્રકારે છે. એક તો સમ્યગ્દૃષ્ટિની હદનો સમભાવ છે, એક સમભાવ પાંચમા ગુણસ્થાનની મર્યાદાનો છે, એક સમભાવ છઠ્ઠા ગુણસ્થાનની મર્યાદાનો છે અને એક સમભાવ સાતમા ગુણસ્થાનનો છે. અહીં સાતમા ગુણસ્થાનના સમભાવનું વ્યાખ્યાન છે.

જેને દેહમાં એકતાબુદ્ધિ પડેલી છે, દેહના કાર્ય હું કરું છું, દેહ મને લાભરૂપ છે એવી બુદ્ધિ છે તેને તો વિષમભાવ છે, સમભાવનો અભાવ છે. સમ્યગ્દર્શનરૂપ સમભાવ પણ તેને નથી. કારણ કે રાગથી રહિત આનંદસ્વરૂપ સ્વવિષયને તેણે ગ્રહ્યો નથી તેથી તેને વિષયોની અભિલાષા છૂટી નથી. ભલે બહારથી વિષય સેવતો ન હોય પણ અંતરમાં સ્વવિષયને દૃષ્ટિમાં લીધો નથી–ગ્રહ્યો નથી તેથી વિષયમાં સુખબુદ્ધિ પડી છે. સમભાવના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા ઘણાં ભેદ છે. ચોથા ગુણસ્થાનથી જ સમભાવ શરૂ થાય છે. જેટલાં અંશે સ્વરૂપની અનુભૂતિ થાય છે–આનંદનું વેદન થાય છે એટલાં અંશે સમભાવ છે, જેટલો ભોગાદિનો ભાવ છે તેટલો વિષમભાવ છે. પાંચમા ગુણસ્થાને વ્રતનો ભાવ છે તે તો વિષમભાવ છે પણ જેટલાં અંશે કષાય ઘટ્યો છે એટલો સમભાવ છે. એ રીતે જેટલો રાગ ઘટતો જાય છે અને વીતરાગતા વધતી જાય છે એટલો સમભાવ છે. અહીં સાતમા ગુણસ્થાનના ઉત્કૃષ્ટ સમભાવની વાત છે.

જે શુભભાવને ઠીક અને અશુભભાવને અઠીક માને છે તેની દૃષ્ટિ મિથ્યા છે. શુભ અને અશુભ બંને ભાવ વિષમભાવ હોવાથી સમાન છે. રાગથી રહિત સ્વભાવની દૃષ્ટિ થયા વિના વિષયની અભિલાષા છૂટતી નથી. તેને દૃષ્ટિ અપેક્ષાનો સમભાવ કે ચારિત્ર અપેક્ષાનો સમભાવ બેમાંથી એકપણ નથી. અહીં તો દૃષ્ટિ ઉપરાંત ચારિત્રની નિર્ગ્રંથદશાના સમભાવની વાત કહી છે. નિર્ગ્રંથ મુનિને જ સાધુ કહે છે, બીજાને સાધુ કહેવાતા નથી. જૈનના સાધુ એટલે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીતરાગી સાધુ અર્થાત્ વ્રત, દયા, ધનાદિના વિકલ્પ ઊઠે છે તેને પણ છોડીને સ્વરૂપમાં ઠરે છે એવા નિર્ગ્રંથ મુનિને જૈનના સાધુ કહે છે.

બાહ્યમાં વ્રત, પાત્ર, કપડાં આદિનો ત્યાગ છે અને અંતરંગમાં રાગાદિના પરિગ્રહનો ત્યાગ કરે છે, અંતરના આનંદમાં ઝૂલે છે તેને સમભાવ કહો, ઉપશમ કહો, નિર્ગ્રંથભાવ કહો કે ચારિત્ર કહો, બધું એક જ છે. આગળ ૫૨મી ગાથામાં સિદ્ધ કરશે કે વ્રતના ભાવ છે તે બંધભાવ છે, અબંધભાવ નથી, મુનિમાર્ગ નથી, ચારિત્ર નથી. સમભાવથી વિરુદ્ધ જેટલાં વિકલ્પ ઊઠે છે તે બધાં દોષરૂપ છે, બંધરૂપ છે માટે તેની દૃષ્ટિ છોડી સ્વભાવની દૃષ્ટિ કરવી; તેમાં વીતરાગભાવ જ ધર્મ છે એવી પ્રતીતિ થાય છે. વીતરાગભાવ વિશેષ પ્રગટ થયો નથી પણ દૃષ્ટિ સમ્યક્ થઈ ગઈ; રાગભાવમાં ધર્મ છે એવી દૃષ્ટિ ઉડી જાય છે.

જેને પ્રથમ સમ્યગ્દર્શન થયું છે પછી રાગનો અભાવ થઈને સ્વરૂપનો આનંદ અને તેમાં રમણતા વર્તે છે તેને મુનિ કહેવાય છે, તેને બાહ્ય પરિગ્રહનું લક્ષ છૂટી જવાથી નગ્નદશા આવી જાય છે પણ જેણે નગ્નદશા તો ગ્રહણ કરી લીધી પણ અંતરમાં દૃષ્ટિ સમ્યક્ થઈ નથી તો તે મુનિ નથી.

મહામુનિ મનોજ્ઞ વિષયો ઉપર રાગ કરતાં નથી અને અમનોજ્ઞ વિષયો ઉપર દ્વેષ કરતાં નથી. કારણ કે વિષયોથી પોતાના સ્વભાવને જુદો જાણી લીધો છે તેથી વિષયો ઉપરથી વીતરાગદશા ધારણ કરી લીધી છે. સમ્યગ્દૃષ્ટિને વિષયો અનુકૂળ છે માટે રાગ થાય છે એમ નથી પણ આસક્તિના કારણે વિષયોનો રાગ હોય છે અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષનો ભાવ થાય છે એટલે સમભાવ નથી, વિષમભાવ છે. જ્યારે મુનિને વિષયો પ્રત્યે આસક્તિ નથી, તેથી રાગ–દ્વેષ થતો જ નથી. કારણ કે પરિગ્રહથી પોતાને તદ્દન જુદો પાડી દીધો છે. પોતે પોતાના સ્વાસ્થ્યમાં આવી ગયા છે. સ્વમાં સ્થિત થઈ ગયા છે. જેટલો વ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તે સ્વાસ્થ્ય નથી, રોગ છે.

ભાવાર્થ :–દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને આ બંનેથી ગ્રહણ કરવાયોગ્ય દેખેલા, સાંભળેલા અને અનુભવ કરેલાં જે રૂપાદિ વિષય છે તેને મન–વચન–કાય અને કૃત-કારિત-અનુમોદનાથી છોડીને, નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખના રસના આસ્વાદનથી તૃપ્ત થઈને વિષયોથી ભિન્ન પોતાના આત્માને જે મુનિ અનુભવે છે તે જ વિષયોમાં રાગ–દ્વેષ કરતાં નથી.

વિષયોને જીત્યાં કોને કહેવાય?—કે દ્રવ્યેન્દ્રિય એટલે પંચ ઈન્દ્રિય, ભાવેન્દ્રિય એટલે એક એક વિષયને ગ્રહણ કરનારું ખંડ ખંડ જ્ઞાન અને ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ થતાં વિષયો સંબંધી વિકલ્પને જે મનથી, વચનથી અને કાયાથી છોડે તેને જિતેન્દ્રિય અર્થાત્ વિષયોને જીતનાર મુનિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહેવાય છે. મનથી કોઈ પ્રકારના શુભ કે અશુભ વિષયોની ઈચ્છા નથી. વાણી પોતે મનોજ્ઞ અથવા અમનોજ્ઞ વિષય છે તેની પણ રુચિ નથી. ભગવાનની મૂર્તિ કે ભગવાનની વાણી શુભરાગનો વિષય છે અને સ્ત્રી, પુત્રાદિ અશુભરાગના વિષય છે કે જેને પોતે અનુભવેલાં છે તે બધાંને મન, વચન, કાયાથી અને કૃત–કારિત–અનુમોદનાથી છોડે છે.

જે સ્વ-વિષયમાં આવ્યા તે પરવિષયને છોડી દે છે. સમયસારની ૩૧-૩૨-૩૩ ગાથામાં આ જ વાત લીધી છે. જે ભગવાન આત્મા પોતાના નિર્વિકલ્પ સ્વરૂપની દૃષ્ટિ–જ્ઞાન કરીને તેમાં રમે છે તેને મન–વચન–કાયાથી અને કૃત–કારિત–અનુમોદનાથી શુભાશુભ વિષયોનો ત્યાગ થઈ જાય છે. તે જીવ નિજ શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખરસના આસ્વાદથી તૃપ્ત થઈને, વિષયોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે. જુઓ! આત્માના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ તો પહેલાં થઈ હતી પણ હવે મુનિદશામાં તો શુભાશુભ વિકલ્પથી પણ જુદો પડી અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત...તૃપ્ત...તૃપ્ત થઈ જાય છે. ત્યારે તેણે વિષયોથી જુદો પોતાને અનુભવ્યો કહેવાય—ત્યારે મુનિપણું કહેવાય. મુનિપણામાં જ વિષયોનો અભાવ અને ઉપશમભાવ છે.

આ જૈન વીતરાગી સંતો કેવા હોય તેની વાત ચાલે છે! અજ્ઞાની વિષયોમાં કેવો લીન હોય છે! ઘરે ચાર દીકરા ચાર વહુઓ અને બધી જાતની અનુકૂળતા હોય અને પોતે મેસૂબ, બુંદિ, ગુલાબજાંબુ જમવા બેઠા હોય તો તેને અંદરથી કેવો માનનો મીણો ચડી ગયો હોય છે? કેવો તૃપ્ત અનુભવતો હોય છે? એ તો અનુભવે છે તે કેવી હશે!

શ્રોતા :—એ તો સમજાય છે પણ આત્માની તૃપ્તિ મુનિ અનુભવે છે તે કેવી હશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેવી તૃપ્તિ તે અજ્ઞાની અનુભવે છે તેનાથી તદ્દન વિરુદ્ધ એવી તૃપ્તિને મુનિ અનુભવે છે. પહેલો વિકારને વેદે છે ત્યારે આ તો અવિકારી અનુભૂતિ છે. પાંચ–પચાસ કરોડની પૂંજી હોય, ઘરે દીકરાના લગ્ન હોય, એકનો એક લાડકો દીકરો હોય–ખૂબ પૈસા લગ્નમાં ખરચવા હોય, કેટલી જાતના બેન્ડ–વાજા બોલાવ્યાં હોય—ત્યારે જાણે કેટલી તૃપ્તિ માનતો હોય છે! પરનું તો વેદન નથી પણ વિકારનું વેદન કરીને આકુળતામય તૃપ્તિ માનતો હોય છે એ તો દોષ છે, તેનાથી રહિત નિર્દોષ આત્મદેવને વિષય બનાવીને નિરાકુળ આનંદને વેદે છે તે નિર્દોષ તૃપ્તિ છે—આસ્વાદ છે.

સાધારણ અનુકૂળ સંયોગમાં પણ અજ્ઞાનીને માનના ઝેરનો મીણો ચડી જાય છે તો આ તો અતીન્દ્રિય અમૃત સાગર ભગવાન આત્માની દૃષ્ટિપૂર્વક લીનતાની તૃપ્તિ અનુભવે છે. આવી તૃપ્તિપૂર્વક વિકલ્પ છૂટે તેનું નામ નિર્ગ્રંથપણું છે, હઠથી વિકલ્પ તોડવા માગે છે તેને વિકલ્પ તૂટતા નથી. સ્વરૂપાનંદની તૃપ્તિ આવ્યા વિના યથાર્થપણે રાગનો ત્યાગ થતો જ નથી.

મુનિ તો અતીન્દ્રિય આનંદમાં મોજ માણે છે. અમૃત-આનંદના ઝરણાને અનુભવે છે તેને જ મુનિ કહેવાય છે. મુનિ અતીન્દ્રિય આનંદના આસ્વાદથી તૃપ્ત થઈને, વિષયોથી પોતાને ભિન્ન જાણે છે આવા મુનિને જ આપણે નવકારમંત્રમાં નમસ્કાર કરીએ છીએ.

વર્તમાનમાં વીતરાગમાર્ગનું કુરૂપ કરી નાખ્યું છે. લોકો સાધારણબુદ્ધિવાળા છે તેને સમ્યગ્દર્શન, મુનિપણું કે મોક્ષનું સ્વરૂપ કેવું હોય એ જ ખબર નથી, સ્થૂળ વાતમાં રાજી બહુ થઈ જાય છે.

મુનિરાજ આત્માને અનુભવે છે તેથી તેમને વિષયોમાં રાગ–દ્વેષ થતો નથી. પાંચ ઈન્દ્રિયના વિષય–સુખથી નિવૃત્ત થઈને નિજ શુદ્ધ આત્મસુખમાં તૃપ્ત થાય છે તેમને જ આ વ્યાખ્યાન શોભા આપે છે. વિષય અભિલાષી અજ્ઞાની જીવોને શોભા આપતું નથી. એ જ આ ગાથાનું તાત્પર્ય છે.

સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રુચિ નથી, સુખબુદ્ધિ નથી પણ ભોગનો ભાવ છે એટલો વિષમભાવ છે, અતીન્દ્રિય આનંદ જ સુખરૂપ છે એવી શ્રદ્ધા છે એટલો સમભાવ છે, મુનિને તો અતીન્દ્રિય આનંદના ભોગપૂર્વક વિષયનો ભોગ છૂટી ગયો છે. માટે મુનિએ વિષયોને છોડ્યાં કહેવાય છે, અતીન્દ્રિય આનંદ આવ્યા વિના વિષમભાવ છૂટતો નથી.

અહો, આ પરમાત્મપ્રકાશ છે! નિર્ગ્રંથ મુનિએ ૯૦૦ વર્ષ પહેલાં જ આ શાસ્ત્ર બનાવ્યું છે. આમાં કહેવાય છે એવી તૃપ્તદશામાં તે મુનિ વર્તતાં હતાં. આવા મુનિઓ વીતરાગના કહેલાં અને પોતે અનુભવેલાં ભાવો લખીને ગયા છે પણ પોતે શાસ્ત્રલેખનને કે શ્રવણને ઉપાદેય માનતા ન હતાં.

वचनामृता वीतरागना, परमशांत रसमूळ,
औषध जे भवरोगना, कायरने प्रतिकूळ.

આવા માર્ગની દૃષ્ટિ થયા વિના અને એવી શાંતિ પ્રગટ થયાં વિના સમભાવ થતો નથી. અહીં કહેલી સમભાવની વ્યાખ્યા ભાવલિંગી મુનિવરોને જ લાગુ પડે છે. શોભા આપે છે એટલે કે લાગુ પડે છે. પોતે ભાવલિંગી મુનિ છે, અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત...તૃપ્ત છે સાથે વિકલ્પ આવ્યો છે તેમાં બોલે છે કે વિકલ્પ છોડીને ઠરવામાં જ સમભાવ છે. પુસ્તક લખવાનો ભાવ છે તે તો બંધનું કારણ છે તેથી લખતાં લખતાં જ કહે છે કે આ વિકલ્પ તો વિષમભાવ છે. સ્વરૂપમાં ઠરવું તે જ સમભાવ છે.

સમભાવ ધારક મુનિવરો પરિગ્રહ અને વિષયોમાં રાગ-દ્વેષ કરતાં નથી એ બે વાત આવી ગઈ. હવે દેહ અને વ્રત-અવ્રતમાં રાગ–દ્વેષ કરતાં નથી એ બે વાત આવશે. સમ્યગ્દર્શન

www.vitragvani.com



હોવા છતાં જ્યાં સુધી વિષયની અભિલાષા છે ત્યાં સુધી સમભાવ હોતો નથી તેથી અહીં મુનિની જ વાત છે.

૫૧મી ગાથામાં કહે છે કે સાધુ દેહ ઉપર રાગ–દ્વેષ કરતાં નથી. આ દેહ નિરોગી છે તો દયા પાળી શકાય છે એવો ભાવ પણ મુનિને હોતો નથી. લોકો દેહને ધર્મનું સાધન માને છે—**शरीराद्यं खलु धर्म साधनम्** । એ જૂઠું છે. શરીર તો ધૂળ છે, શું ધૂળ આત્માના નિર્વિકલ્પભાવનું સાધન થઈ શકે?

**देहहँ उप्परि परममुणि देसु वि करइ ण राउ।**
**देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प–सहाउ।।५१।।**

મહામુનિ મનુષ્યાદિ શરીર ઉપર પણ રાગ–દ્વેષ કરતાં નથી અર્થાત્ શુભ શરીરમાં રાગ કરતાં નથી અને અશુભ શરીરમાં દ્વેષ કરતાં નથી. રોગી શરીર પ્રત્યે દ્વેષ નથી અને નિરોગી શરીર પ્રત્યે રાગ નથી. ચૈતન્ય જ મારો દેહ છે—જ્ઞાન મારું શરીર છે એવી દૃષ્ટિ કરીને તેમાં ઠરી ગયાં છે તેથી શરીર ઉપર રાગ–દ્વેષ થતાં નથી. સમ્યગ્દૃષ્ટિને જરા આસક્તિનો રાગ અથવા દ્વેષ આવે છે. શરીર મને ઠીક છે એવો અભિપ્રાય નથી પણ રાગ આવી જાય છે. મુનિને એવો રાગ પણ આવતો નથી તેને અહીં સમભાવ કહ્યો છે.

મુનિએ શરીરના રજકણ–રજકણ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી છે અને શરીરનું લક્ષ જતું હતું તે પણ છૂટી ગયું છે. સંયમના નિર્વાહ માટે આહાર લેવાનો વિકલ્પ આવે તે પણ વિષમભાવ છે તેને પણ છોડીને નિર્ગ્રંથદૃષ્ટિમાં નિર્ગ્રંથદશાને પ્રાપ્ત થાય છે તેને દેહની મમતા છૂટી ગઈ કહેવામાં આવે છે.

દેહ તો જડ છે, આત્મા ચૈતન્ય છે. જડ–ચૈતન્યને શો સંબંધ? દેહ અને ચૈતન્યને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ નથી. દેહ સાથે મમતા છોડીને ઉપશમભાવને પ્રાપ્ત કરે છે તેને નિર્ગ્રંથ મુનિ કહેવામાં આવે છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# પૂજ્ય ગુરુદેવશ્રીની અંતર-વેદના

(સળંગ પ્રવચન નં–૧૦૪)

પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે, તેમાં ૫૧મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થ :—ઇન્દ્રિયોથી જે સુખ ઉત્પન્ન થાય છે તે દુઃખરૂપ જ છે આવું કથન શ્રી પ્રવચનસારમાં કહ્યું છે. તેનું તાત્પર્ય એ છે કે ઇન્દ્રિયોના નિમિત્તે પ્રાપ્ત થતું સુખ પરવસ્તુ છે, નિજવસ્તુ નથી. બાધા સહિત છે, નિરાબાધ નથી. નાશ સહિત છે તેથી તેનો નાશ થયા વગર રહેતો નથી, બંધનું કારણ છે અને વિષમ છે તેથી તે ઇન્દ્રિયસુખ દુઃખરૂપ જ છે. આવું જેનું લક્ષણ છે એવા ઇન્દ્રિયસુખને અથવા દેહજનિત સુખને મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાથી સાધુ છોડે છે.

વીતરાગનિર્વિકલ્પ સમાધિના બળથી આકુળતા રહિત પરમસુખ નિજપરમાત્મામાં સ્થિત થઈને જે મહામુનિ દેહથી ભિન્ન પોતાના શુદ્ધાત્માને જાણે છે તેઓ દેહ ઉપર રાગ–દ્વેષ કરતાં નથી. જે બધી રીતે દેહથી નિર્મમત્વ થઈને દેહના સુખને અનુભવતાં નથી તેમના માટે જ આ વ્યાખ્યાન શોભે છે, દેહબુદ્ધિવાળાને શોભતું નથી. એ આ ગાથાનો અભિપ્રાય છે.

યોગીન્દ્રદેવ શું કહે છે? ઇન્દ્રિયોના વિષયોમાં સુખ છે એવી જે કલ્પના છે તે દુઃખરૂપ જ છે. સુખ તો આત્માના આનંદમાં છે. એવો અનુભવ કરનારા જ્ઞાની દેહમાં સુખ માનતાં નથી. દેહ તો જડ છે અને ઇન્દ્રિયો પણ જડ છે. ધર્મી તે ઇન્દ્રિયો કે ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માનતાં નથી. જીવ તો તે વિષયોને ભોગવી શકતો નથી છતાં તેમાં સુખ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવો પ્રેમ, રુચિ અને દૃષ્ટિ થઈ છે એવા ધર્મીજીવને સંયોગમાં ચક્રવર્તીનું રાજ હો તેમાં સુખબુદ્ધિ નથી અને નરકની પ્રતિકૂળતામાં દુઃખબુદ્ધિ નથી. સુખ તો એક આત્મામાં જ છે અને પર તરફના લક્ષથી જે વિકલ્પ ઊઠે છે તેમાં દુઃખ છે. એ ભાવ જ દુઃખરૂપ છે. આત્માનું ભાન હોવા છતાં જે રાગ ઊઠે છે તે દુઃખરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને આસક્તિવશ પાંચઇન્દ્રિયના વિષય સંબંધી જેટલો ભાવ ઊઠે છે તે દુઃખરૂપ છે અને મુનિને તો એવા ભાવ ઊઠતાં નથી તેથી દુઃખ નથી.

જુઓ! આ ધર્મીની દૃષ્ટિમાં ધર્મ ક્યાં છે અને દુઃખ ક્યાં છે તે બતાવે છે. પ્રવચનસારની ગાથાનો આધાર આપ્યો છે. ધન–વૈભવ આદિ અનુકૂળ સંયોગમાં સુખ નથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને નરકાદિ પ્રતિકૂળ સંયોગમાં દુઃખ નથી પણ, તેનાથી મને સુખ અને દુઃખ છે એવી જેને ઊંધી માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મને એવી ઊંધી માન્યતા હોતી નથી. જેને દેહ સાથે એકતાબુદ્ધિ છે તે જ વિષયસુખને સુખરૂપ માને છે. રૂપાળા અને માખણ જેવા શરીરમાં તેને સુખ લાગે છે. પણ એ જ શરીરમાંથી નવદ્વારોથી મળ વહે છે. માટે એ તો ખરેખર મેલ ભરેલું પાયખાનું છે—(શૌચાલય છે.)

ધર્મીને અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મામાં આનંદ ભાસે છે. તેને શરીરમાં કે વિષયોમાં સુખ ભાસતું નથી. જેને આત્મામાં આનંદ ભાસે છે તેને જ ધર્મી કહેવાય છે. બહારથી ક્રિયા, વ્રત, તપાદિ કરે છે તે ધર્મી નથી. વ્રતના ભાવ શુભપરિણામ છે અને અવ્રતભાવ અશુભ-પરિણામ છે. તે બંને બંધના કારણ છે—ધર્મ નથી—આત્માના કલ્યાણના કારણ નથી.

સ્ત્રી અનુકૂળ હોય, મકાન અનુકૂળ હોય, માથે પંખા ફરતા હોય, સોનાની સાંકળવાળા હિંડોળામાં હીંચકતો હોય અને શીખંડ પૂરી ખાતો હોય.....લાખ જાતની સગવડતા હોય....પણ તેનું લક્ષ કરવાથી જે વિકલ્પ ઊઠે છે તે દુઃખ જ છે. તે દુઃખતત્ત્વને સુખતત્ત્વ માનવું તે મિથ્યાદૃષ્ટિપણું, અજ્ઞાનીપણું છે.

દેહાદિ સંયોગ તો પરવસ્તુ છે, કર્મ પણ પરવસ્તુ છે અને તેના લક્ષે જે વિકલ્પ ઊઠે છે તે પણ આત્માનો સ્વભાવ નહિ હોવાથી પરભાવ છે, નિજભાવ નથી, તેમાં ધર્મીને સુખ ભાસતું નથી.

ધર્મદૃષ્ટિ એટલે આત્મદૃષ્ટિ, આત્મદૃષ્ટિ એટલે આત્મામાં અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ. આવી દૃષ્ટિ પ્રાપ્ત ધર્મીને ઈન્દ્રના ઈન્દ્રાસનમાં ક્યાંય સુખ ભાસતું નથી—પુણ્યના ફળમાં ધર્મીને સુખ લાગતું નથી.

ઈન્દ્રિયસુખ વિષમ છે, એકરૂપ રહેતાં નથી. શાતાના ઉદયમાં તો અજ્ઞાનીને સારું લાગે છે પણ જ્યાં અશાતાનો ઉદય આવે ત્યાં આકુળતા કરીને દુઃખી થઈ જાય છે. ઉદય તો એકસરખો રહેતો નથી. વળી વિષયસુખ બાધા સહિત છે. અચાનક અનુકૂળ વિષયો પ્રતિકૂળ થઈ પડે છે. સુંદર દેખાતા શરીરમાં ચેપી રોગાદિ આવી જતાં કોઈ અડવા પણ તૈયાર થતું નથી–દૂર રહે છે. ઉમરાળામાં એક સ્થાનકવાસી ભાવસાર શાકાહારી હતો પણ એકવાર માંસ ખાવામાં આવી ગયું તો તેને એવો ગલત કોઢ નીકળ્યો કે છેલ્લે તો ઈયળો ફરતી હોય તેમ લાગતું હતું. ઘરના સ્ત્રી, પુત્રાદિ પણ તેને અડતા નહિ. થાળી–વાટકાં પણ તેના જુદા! બિચારો ધર્મમાં પ્રેમ રાખતો હતો તેથી તેણે સમયસાર મંગાવતા અહીંયા પહેલીવાર સમયસાર છપાયા તેમાંથી એક પુસ્તક ખેપિયા મારફત તેને મોકલ્યું હતું.

અહીં તો એ કહેવું છે કે પ્રતિકૂળતા આવે ત્યાં એના વિષયસુખમાં બાધા આવી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જાય છે. જેને સુખના સાધન માને છે એવા દસ–વીસ લાખ રૂપિયા પણ રોગાદિમાં તેને સુખ ઉપજાવી શકતાં નથી. ગળામાં કેન્સર થયું હોય તો દવાની ગોળી પણ ગળામાં અટકી જાય છે અને સડે છે. દવા તેના દર્દને મટાડી શકતી નથી. ત્યાં ડોકટર તો શું કરી દેવાના હતા?

આમ, વિષયસુખમાં આનંદ માનવો એ જ જીવની મિથ્યાદૃષ્ટિ પાપબુદ્ધિ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમદેવે આત્માને જ્ઞાન અને આનંદમય જોયો છે એવા આત્માની દૃષ્ટિ કરીને તેને સ્વીકારવામાં આનંદ છે. તેના બદલે તું વિષયોમાં સુખ માને છે એ તારી તત્ત્વની મૂળભૂત ભૂલ થાય છે. જે દુઃખરૂપ છે એવા આસ્રવભાવને તું સુખરૂપ માને છે.

વળી, વિષયો નાશ સહિત છે. વિષયસુખ હોય ત્યાં સુધી બાધાસહિત છે, એકરૂપ રહેતાં નથી અને થોડો વખત એકરૂપ રહે તોપણ તેના તરફની કલ્પના એકલી દુઃખરૂપ જ છે. વિષયસુખ નાશ પામતાં પણ વાર નથી. પોતાના કમાયેલા ધનાદિને પોતે ભોગવી શકતો નથી અને બીજા ભોગવે છે. અરે! મેં પાપ કરીને બધું ભેગું કર્યું તેને હું તો ભોગવી શકતો નથી અને આ બધાં મોજ કરે છે એમ માનીને દુઃખી થાય છે પણ ભાઈ! તે શું કર્યું છે! તે તો માત્ર રાગ–વિકાર કર્યો છે. ધનની ધૂળ તારાથી આવી નથી. પણ મૂઢને તત્ત્વની ખબર નથી એટલે ખોટી કલ્પના કર્યા કરે છે.

સંતો અને પરમાત્માઓ તો અનંતકાળથી કહેતાં આવે છે કે વિષયોમાં સુખ નથી, સુખ તારા આત્મામાં છે. પરમાં દુઃખ નથી, દુઃખ તારી મિથ્યામાન્યતામાં છે. તારો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદનું ધામ છે. તેની દૃષ્ટિ કરવામાત્રથી આનંદ ઝરે એવો તારો આત્મા છે તેના અજ્ઞાનવશ તું પરમાં આનંદ માને છે એ એકલા દુઃખનું કારણ છે અને નવા બંધનું કારણ છે. તેને તું ઠીક માને છે એ તારો મિથ્યાત્વભાવ છે.

એકટાણા, ઉપવાસ કરીને તેમાં ધર્મ માને અને ખાવા–પીવાની સામગ્રીમાં સુખ માને....મૂઢતા છે. ત્યાં સાચાં વ્રત, તપ પણ ક્યાં હતા?

વિષયસુખ, ઇન્દ્રિયસુખ વિષમ છે. એકભવમાં કેટલાકને તો અનેકવાર શાતા–અશાતાના ઉદયનો મોટો પલટો આવે છે. પાંચ વર્ષ સારા જાય ત્યાં દસ વર્ષ દુઃખમાં જાય, વળી અનુકૂળતા થાય... તેમાં સારું તો કાંઈ નથી પણ એ પોતે માને છે. ગરીબ હોય ત્યારે લાકડી લઈને ચાલતો હોય અને પૈસા થાય ત્યાં તો લાકડી પણ છોડી દ્યે એવા પણ અમે જોયાં છે બધાંયને. ગાંડાના ગામ કાંઈ જુદા હોય છે! મૂરખા છે બધાંય અજ્ઞાની પતલા કપડાં, સોનાના કંદોરા, અને ઉપર જરીનાં ખેસ નાંખીને નીકળે.... જીવની સ્થિતિ તો જુઓ! કેવી દશા છે અને શું માનીને બેઠો છે! મહિમા તો સંયોગની પડી છે અને અમે વીતરાગના ભકત

www.vitragvani.com



છીએ એમ માનીને, બની–ઠનીને ભગવાનની પૂજા કરવા જાય છે. પણ ભાઈ! આ શું કરે છે! તારી દૃષ્ટિ તો હજુ જૂઠી છે.

ભગવાનની પૂજા કરશું તો ભગવાન અમારું ભલું કરશે એમ માને, પણ ભગવાન તો વીતરાગ અને સર્વજ્ઞ છે. તે કોઈના કર્તા નથી. ભગવાન ત્રણકાળ ત્રણલોકને જાણે પણ કોઈનું કાંઈ કરે નહિ, કોઈને કાંઈ આપે નહીં. માટે, ભગવાન મારું ભલું કરશે એવા ભ્રમમાં રહીશ નહિ, પોતે તો વ્યભિચાર સેવવો, જૂઠા બોલવા, દગા કરવા...એવા અનેક ખોટા કામ કરવા અને મંદિરમાં જઈને ચાંદલા કરીને નીકળે એટલે લોકો જાણે કે આ તો બહુ ધર્મી છે પણ એમ ધર્મી થવાતું નથી ભાઈ! અખંડાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ શુભાશુભભાવથી રહિત છે તેની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શનનો ચાંદલો થાય તેમ નથી.

આવા પરયુક્ત, બાધાસહિત, બંધના કારણ, વિષમ, નાશવાન વગેરે લક્ષણયુકત દેહજનિત સુખને ધર્મીજીવો મન, વચન, કાયા અને કૃત, કારિત અનુમોદનાથી છોડે છે. નવ–નવ કોટીએ દેહમાં સુખની કલ્પનાને છોડે છે. આ સમ્યગ્દર્શન સહિત સ્થિરતાની વાત છે. આ તો વીતરાગનો મારગ છે માટે બહુ સૂક્ષ્મ છે. આત્મા અનંત આનંદનો સાગર છે તેની અંદર રાગ રહિત દૃષ્ટિ કરી, નિર્વિકલ્પ એટલે અભેદ શાંતિ વેદાય—તેના બળથી આકુળતા રહિત થવાય છે. પરમશાંતરસની શીલાના અનુભવથી આકુળતાનો અભાવ થાય છે.

કેટલીક જડીબૂટ્ટી એવી હોય છે કે તે કદમાં નાની હોય પણ તે ખાવાથી ૧૫–૧૫ દિવસ સુધી ભૂખ ન લાગે. રજકણો એવી રચનાએ ગોઠવાઈ ગયા હોય છે કે કટકી ખાતાં તેને એક મહિના સુધી ખાવાની–જમવાની જરૂર ન પડે. પુદ્‌ગલના સ્કંધમાં એવી તાકાત છે તેમ આ ચૈતન્યસ્કંધ એવો છે કે તેમાં દૃષ્ટિ આપવાથી અને તેમાં એકાગ્રતા કરવાથી આનંદની જમાવટ થાય છે. અનાદિથી ચાલી આવતી આકુળતા ટળી જાય તેમ છે.

આત્મા એક એવી જડીબૂટ્ટી છે કે એક સેકંડના અસંખ્યમાં ભાગમાં આત્મા અનાકુળ આનંદકંદ છે તેમાં, રાગરહિત દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ અભેદ શાંતિમાં ઠરતા આકુળતા મટી જાય છે.

સમ્યગ્દૃષ્ટિ પરમાં સુખ માનતો નથી પણ પરમાં આસકિતનો ભાવ રહે છે. પરમાં રુચિ રહી નથી પણ આસક્તિ થાય છે. તેથી મુનિને આસક્તિના પણ અભાવમાં જેવો આત્માનો વીતરાગ અનુભવ થાય છે તેવો સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. તેથી અહીં વિશેષ સમભાવ સમજાવવા માટે આસક્તિનો પણ અભાવ કરીને સ્વરૂપાનંદમાં ઠરે છે એવા મુનિની વાત લીધી છે. આવા મુનિવરો દેહ ઉપર રાગ–દ્વેષ કરતાં નથી.

દેહને કારણે મને રાગ–દ્વેષ થાય છે એમ સમ્યગ્દૃષ્ટિ માનતા નથી પણ પોતાની



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નબળાઈના કારણે દેહમાં રાગ–દ્વેષ થાય છે. જ્યારે મુનિને અસ્થિરતા પણ ટળી હોવાથી નબળાઈથી પણ દેહમાં રાગ–દ્વેષ થતાં નથી. નિર્મળાનંદ આત્માનો અનુભવ કરીને રાગ–દ્વેષાદિથી છૂટે છે તેને આ વ્યાખ્યાન શોભે છે—તેને આ ભાવ શોભે છે. આસકિતનો પણ અભાવ કરીને વીતરાગ પરમાનંદમાં ઝૂલે તેને મુનિ કહેવામાં આવે છે. બહારથી ત્યાગ કરીને મુનિપણું મનાવે છે તે મુનિ નથી.

જેને શરીરની અનુકૂળતામાં અને બહારની આબરૂ, કીર્તિમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો જેને શરીર અને આબરૂ આદિમાં આસક્તિ પણ થતી નથી અને આત્માના આશ્રયે અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય છે તેને સાધુ કહેવાય છે. તેને જ નિર્ગ્રંથ કહેવાય છે. આવા ગુરુને માને ત્યારે વ્યવહારશ્રદ્ધા સાચી કહેવાય છે. દેવ–ગુરુના સ્વરૂપને સમજ્યા વગર ખાલી પાઠ શીખી લેવાથી શ્રદ્ધા સાચી થતી નથી.

જેને દેહમાં મમતા છે એવા મિથ્યાદૃષ્ટિને આ વ્યાખ્યાન શોભતું નથી. દેહની ક્રિયા હું કરું છું, વાણી હું બોલું છું, હું બીજાને ઉપદેશ આપું છું, ઉપદેશ દેવાનો જે રાગ થાય છે તે મને લાભદાયક છે એમ જે માને છે તે તો અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ છે. તેને તો સમ્યગ્દર્શન પણ નથી. અહીં તો સમ્યગ્દર્શન થયા પછી પણ જેટલાં વિકલ્પ ઊઠે છે તેને બંધના કારણ જાણી છોડે છે અને પરમ શાંતરસમાં ઠરે છે તેને ભગવાન 'સાધુ' કહે છે. ભગવાનની વાણીમાં વસ્તુસ્થિતિના જ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન શું, સમ્યગ્જ્ઞાન શું અને સમ્યક્ચારિત્ર શું એ ત્રણેયની વ્યાખ્યા આવી છે.

હવે પરમી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે મહામુનિ પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં પણ રાગ–દ્વેષ કરતાં નથી.

**वित्ति–णिवित्तिहिँ परम–मुणि देसु वि करइ ण राउ।**
**बंधहं हेउ वियाणियउ एयहें जेण सहाउ।।५१।।**

પ્રવૃત્તિ એટલે શુભરાગરૂપ વ્રત અને નિવૃત્તિ એટલે અશુભરાગ અવ્રતથી નિવૃત્તિ એ બંને રાગ અને દ્વેષ છે. બંને ભાવ બંધના કારણ છે એમ સમ્યગ્દૃષ્ટિ પ્રથમ જ માને છે પણ સમ્યગ્દૃષ્ટિને એ ભાવ છૂટ્યાં નથી. મહામુનિ તો આત્મામાં તલ્લીનતા પૂર્વક વ્રત અને અવ્રતમાં રાગ અને દ્વેષ કરતાં નથી. બંને વિકલ્પથી રહિત થઈને સ્વરૂપમાં ઠરી જવું તે જ સાધુપણું–મુનિપણું છે.

પંચમહાવ્રતના પરિણામ પુણ્યબંધનું કારણ છે અને અવ્રતના પરિણામ પાપબંધનું કારણ છે. પણ બેમાંથી કોઈ ભાવ મોક્ષનું કારણ નથી. લોકોને એમ લાગે છે કે મહારાજે આ ઘરની

www.vitragvani.com



વાત કાઢી છે પણ આ ઘરની વાત પણ અનાદિથી તીર્થંકરોએ કરેલી વાત છે. મિથ્યાદર્શન સહિતના વ્રતને તો વ્યવહારથી પણ વ્રત કહી શકાતાં નથી. વસ્તુની દૃષ્ટિ વગર થોડી અહિંસા પાળે, દયા પાળે, દાન કરે તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલ આત્મકલ્યાણનો માર્ગ કોઈ અલૌકિક છે તેને એક સેકંડમાત્ર પણ જે સમજે તેના જન્મ—મરણનો નાશ થાય એવો આ માર્ગ છે. તેની મેળવણી બીજા કોઈ માર્ગ સાથે થઈ શકે તેમ નથી. વીતરાગ સર્વજ્ઞના માર્ગ જેવો બીજો કોઈ માર્ગ ત્રણકાળમાં ક્યાંય હોઈ શકે નહિ. વિકલ્પ છોડીને નિર્વિકલ્પ થઈ જવાની વાતો કરે પણ આત્માને ઓળખ્યા વગર જશો ક્યાં? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગમાં અનંત ગુણનો રસકંદ છે તેની ઓળખાણ વગર તેમાં લીન થઈ શકાતું નથી. આત્મદ્રવ્યમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, કર્તા—કર્મ આદિ અનંત શક્તિઓ દરેક સમયે પડેલી છે. પરથી ભિન્ન પડીને આવા આત્મદ્રવ્યની દૃષ્ટિ કરવી તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. પરમાત્મપ્રકાશના પહેલાં અધિકારમાં છ દ્રવ્ય, નવતત્ત્વ આદિની વાત કરીને પછી આ બીજા અધિકારમાં મુનિદશાની વાત કરી છે. વસ્તુસ્થિતિનું જ્ઞાન તો પ્રથમ જ જોઈએ. ભગવાને જગતમાં છ દ્રવ્યને જોયેલાં છે તેને સમકિતી બરાબર માને છે. આત્મા એકલો નથી. પોતાના આત્મા સિવાય જગતમાં બીજાં અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુ છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ છે. આ છ દ્રવ્યને શ્રદ્ધામાં લે ત્યારે હજી શુભરાગ કહેવાય અને છ દ્રવ્યમાંથી એકલો આત્માને તારવીને, રાગથી નિવૃત્તિ લઈને, આત્માને શ્રદ્ધા—જ્ઞાનમાં લે ત્યારે સમ્યગ્દર્શન કહેવાય છે. છ દ્રવ્યની શ્રદ્ધાના જ જેને ઠેકાણાં ન હોય તેને આત્માની શ્રદ્ધા થઈ શકતી નથી.

છ દ્રવ્યની સાથે નવતત્ત્વની પણ યથાર્થ શ્રદ્ધા થવી જોઈએ. પહેલાં રાગમાં—વિકલ્પમાં નવતત્ત્વની શ્રદ્ધા કરે તે શુભરાગ છે પછી નવ ભેદને ગૌણ કરીને એક આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે.

વીતરાગના માર્ગને અત્યારે કચડી—મચડીને રાગમાં જોડી દીધો છે એ જોઈને કાલે તો એમ થઈ ગયું હતું કે અરે! અત્યારે સાક્ષાત્ ભગવાન નહિ, ગણધર નહિ, ઈન્દ્ર નહિ, કોઈ અવધિજ્ઞાની પણ દેખાતાં નથી કે લોકોને સાક્ષીથી બતાવે કે માર્ગ તો વીતરાગે કહ્યો છે તે જ યથાર્થ છે. મહાવિદેહમાં અત્યારે સીમંધરભગવાન સાક્ષાત્ બિરાજે છે, ગણધરદેવ પણ ત્યાં બિરાજે છે અને ૧૧ અંગ ૧૪ પૂર્વની રચના કરે છે. ભગવાન તો ત્યાંથી અહીં ન આવે પણ ગણધર દેવ કે ઈન્દ્રાદિ પણ આવતાં નથી અને અહીં કોઈને અવધિજ્ઞાન નથી. અવધિજ્ઞાન હોય તો તેના વડે સત્યની સિદ્ધિ કરી શકે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુરબ્બી શ્રી રામજીભાઈ :—જીવો બધાં વક્રચિત્ત છે, કોઈ ભીંજાય તેમ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શુભાશુભભાવરહિત અખંડાનંદ પ્રભુની દૃષ્ટિથી જ ધર્મની શરૂઆત થાય છે એ વિના તપ કરીને સૂકાય જાય તોપણ ધર્મ કદી થાય તેમ નથી.

શ્રોતા :—ભગવાનના પ્રતિનિધિ આપ તો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રતિનિધિ છીએ પણ સામા જીવોને તેના ભવ ભાવ આદિ પ્રત્યક્ષ બતાવી દેવાની તાકાત નથી ને! સામા માણસને પ્રત્યક્ષ થાય એવી તાકાત હોય તો માર્ગની યથાર્થતા સિદ્ધ કરી શકાય. જે શ્રદ્ધા–જ્ઞાનથી માને એ તો બરાબર છે પણ આ તો વિરોધીને પણ કહી શકાય કે જો તારા ભાવ પાંચ વર્ષ પહેલાં આવા હતા તેનું આ ફળ આવ્યું છે, તું પૂર્વમાં આ ભવથી આવ્યો છો અને મરીને આ ભવમાં જવાનો છે.... વગેરે વાતથી વિરોધીને પણ શ્રદ્ધા બેસી જાય.

જુઓ, અહીં યોગીન્દ્રદેવ શું કહે છે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ શુભાશુભ બંને ભાવોનો સ્વભાવ કર્મબંધ છે એમ જાણી લીધું છે એવા જ્ઞાનીઓ વ્રત–અવ્રત બંનેથી રહિત સ્વભાવમાં સ્થિરતા કરે છે. વ્રત, અવ્રતના રાગરહિત, આત્માની અંતરદૃષ્ટિ પૂર્વક સ્થિરતાનું નામ જ ધર્મ છે.

લોકો એમ બોલે છે કે 'ઋષભદેવથી માંડીને બધાં ભગવંતોએ વ્રત, તપથી ધર્મ કહ્યો છે તેનો કાનજીસ્વામીએ લોપ કરી નાંખ્યો છે.' પણ વીતરાગ ભગવંતોએ વ્રત–તપને ધર્મ કહ્યો નથી. આ ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મુનિ યોગીન્દ્રદેવ શું લખે છે તે જુઓને! વ્રત અને અવ્રત બંને વિકલ્પ રાગ છે–બંધનું કારણ છે એમ લખે છે. લોકોને થોડા વ્રત–તપ અને દાન કરીને ધર્મ મનાવી લેવો છે પણ એમ ધર્મ થાય તેમ નથી. પૈસાવાળા હોય તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ દાનમાં આપી દે તેનાથી ધર્મ થઈ જાય? મમતા ઘટાડી હોય એટલો પુણ્યબંધ થાય પણ પૈસાથી ધર્મ ત્રણકાળમાં ન થાય. અરે! સાક્ષાત્ તીર્થંકરને મુનિ–અવસ્થામાં આહાર આપવાનો ભાવ પણ શુભરાગ છે, ધર્મ નથી.

વીતરાગનું તત્ત્વ તો આવું નગ્ન સત્ય છે. દુનિયાની સાથે તેનો મેળ ખાય તેમ નથી. પરના આશ્રયે સંવર–નિર્જરારૂપ ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈને ન થાય.

શ્રોતા :—આ તો પરમસત્ય જાહેર થાય છે.

ભાવાર્થમાં પહેલો જ બોલ છે—'વ્રત, અવ્રતમાં પરમમુનિ રાગદ્વેષ કરતાં નથી.' અહિંસા, સત્ય, અચૌર્યનો રાગ છે તે ધર્મ નથી, સંવર–નિર્જરા નથી. શુભરાગને ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દર્શન થયા પછી પણ સત્ય બોલવું, હિંસા ન કરવી, ચોરી ન કરવી આદિ ભાવ રહે છે તે શુભભાવ છે અને અવ્રતનો ભાવ રહે છે તે પાપભાવ છે. તે બંનેથી રહિત, સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા તે ધર્મ છે. શુભ કે અશુભરાગથી ધર્મ નથી. અનાદિથી સંતો મુનિઓ, કુંદકુંદ આદિ આચાર્યો, ભગવંતો આદિ બધાં આ એક જ માર્ગ બતાવે છે.

'એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ...' માં શ્રીમદ્જી પણ આ જ એક માર્ગ બતાવે છે. અહીં યોગીન્દ્રદેવની આ ગાથા પણ બહુ સરસ આવી ગઈ છે. 'હું શુદ્ધ ચૈતન્ય છું' એવી દૃષ્ટિ અને સમ્યગ્દર્શન હોવા ઉપરાંત વ્રત લેવાના, અવ્રત છોડવાના વિકલ્પ આવે પણ વ્રતનો ભાવ પોતે સંવર નથી, તેનાથી નિર્જરા થતી નથી, બંધ જ થાય છે. વ્રતના ભાવમાં કષાયની મંદતા છે અને અવ્રતના ભાવમાં કષાયની તીવ્રતા છે તેથી બંને મંદ અને તીવ્ર બંધના જ કારણ છે.

મુનિની દશા તો એવી હોય છે કે ક્ષણમાં છટ્ઠા ગુણસ્થાને હોય ત્યાં ક્ષણમાં સાતમુ ગુણસ્થાન આવી જાય, ત્યાં વ્રતનો વિકલ્પ છૂટી જાય છે. વ્રતનો ભાવ રાગ છે, અવ્રતનો ભાવ પાપ છે એવી બંધની દશા પહેલાં જાણી છે, સ્વરૂપની દૃષ્ટિ થઈ છે પછી વ્રત, અવ્રતનો વિકલ્પ છોડી સ્વરૂપમાં ઠરે છે તેનું નામ સમભાવ છે તેનો અર્થ જ એ કે વ્રતનો વિકલ્પ છે તે સમભાવ નથી વિષમભાવ છે—રાગ છે. તેને છોડીને સ્વરૂપમાં ઠરે છે ત્યારે મુનિને ચારિત્ર અર્થાત્ સમભાવ થાય છે.

આ ૩૮ થી ૫૨ ગાથા સુધી સમભાવની જ બધી વાત આવી છે. આ તો વીતરાગનો મારગ છે બાપા! બહુ શાંત થાય ત્યારે સમજાય તેવો છે. તીર્થંકર જેવા પણ પહેલાં તો અનંતકાળ નિગોદ અને ચારગતિમાં રખડતાં હતાં પછી સમજ્યાં છે.

આ વાત સાંભળીને શિષ્ય પ્રભાકરભટ્ટ પ્રશ્ન કરે છે કે હે ભગવન્! જો વ્રત ઉપર મુનિ રાગ કરતા નથી તો વ્રત કેમ ધારણ કરે છે? અથવા ભગવન, આપ વ્રતને બંધનું કારણ કહો છો તો પછી વ્રત કોણ લેશે? માટે આમ કહેવાથી તો વ્રતનો નિષેધ થશે.

જુઓ! આ ટીકા ઘણાં વર્ષ પહેલાંની છે અને મૂળ શ્લોક પણ ૯૦૦ વર્ષ પહેલા યોગીન્દ્રદેવે લખેલાં છે. કોઈ પણ દિગંબર સંત હો—બધાંએ અનાદિથી એક જ ધારા વહાવી છે. તેમાં કોઈ મુનિની વાણીમાં ક્યાંય ફેર ન હોય. કોઈ કથન નિશ્ચયથી હોય, કોઈ કથન વ્યવહારથી હોય એમ કથનમાં ફેર હોય પણ કોઈના ભાવમાં ફેર ન હોય. દિગંબર સંતો એટલે કોણ!! ભગવાનની સાથે વાતો કરનારા જંગલવાસી સંતના કોઈ ભાવમાં વિરોધ ન હોય.

અહીં શિષ્યે પ્રશ્ન કર્યો છે તેનો અર્થ આગળ આવશે. ✻

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# અશુભનો ત્યાગ તે દેશવ્રત છે, શુભાશુભ બન્નેનો ત્યાગ તે પૂર્ણવ્રત છે.

(સળંગ પ્રવચન નં. ૧૦૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની પ૨મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે વ્રત અને અવ્રત બંને પ્રકારના ભાવોમાં મહામુનિ રાગ કે દ્વેષ કરતાં નથી.

પ્રથમ, દૃષ્ટિમાં તો સર્વ પ્રકારના રાગ રહિત ભગવાન આત્માને લીધો છે તેથી દૃષ્ટિ તો શુભાશુભરાગથી નિવૃત્ત છે પણ અસ્થિરતાવશ ધર્મી મહામુનિને પણ શુભાશુભભાવ થાય છે. દૃષ્ટિમાં, રાગની મંદતા કે રાગની તીવ્રતાથી રહિત હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છું એમ અનુભવપૂર્વક શ્રદ્ધા થઈ છે, રાગની મંદતા કે તીવ્રતા એ મારું સ્વરૂપ નથી એમ જાણ્યું છે અને કષાયની તીવ્રતાના પરિણામ તો છૂટ્યાં છે પણ ચારિત્રની કમજોરીવશ મંદકષાયના પરિણામ રહે છે. ત્રણકષાયના અભાવમાં પણ સંતોને વ્રતની પ્રવૃત્તિનો ભાવ હોય છે. સત્ય, અચૌર્ય, અપરિગ્રહાદિરૂપ વ્રતમાં પ્રવૃત્તિ છે પણ તેને પણ છોડીને અંતરમાં ઠરે ત્યારે સમભાવ અને વીતરાગદશા પ્રગટ થાય છે તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. તેથી ધર્મીને વ્રત હોવા છતાં વ્રતનો રાગ હોતો નથી કેમ કે વ્રતના ભાવ પણ બંધનું કારણ છે એમ ધર્મી જાણે છે.

આ સાંભળી શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવાન! જો વ્રતનો રાગ પણ ધર્મીને ન હોય તો વ્રત શા માટે કરે! આમાં તો વ્રતનો નિષેધ થાય છે. તો કોઈ વ્રત ધારણ જ નહિ કરે.

ત્યારે યોગીન્દ્રદેવ કહે છે કે ખરેખર વ્રતનો અર્થ તો એ છે કે શુભાશુભ બંને ભાવોથી નિવૃત્ત પરિણામ થવા તે 'વ્રત' છે. મંદકષાયરૂપ વ્રતભાવ અને તીવ્રકષાયરૂપ અવ્રતભાવથી નિવર્તીને સ્વરૂપમાં ઠરે તેનું નામ વ્રત છે.

વાસ્તવિક નવતત્ત્વની વાત આ જીવે કદી દૃષ્ટિમાં લીધી નથી. નવતત્ત્વને દૃષ્ટિમાં લીધા પછી પણ રાગભાવ તો ધર્મીને આવે છે, તે રાગના બે પ્રકાર છે, એક તીવ્ર રાગ અને એક મંદરાગ. ચોથા ગુણસ્થાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો હોવા છતાં તેમાં ઠરી શકતો નથી તેથી તેને હિંસા જૂઠ આદિ પાપરાગ પણ આવે છે અને તે દુઃખરૂપ છે એમ જાણે છે પણ અસ્થિરતાને કારણે એવા વિષય–કષાયાદિના ભાવ આવ્યા વગર રહેતા નથી. એથી આગળ જતાં મુનિદશામાં વિષય–કષાયના ભાવ તો નથી આવતાં પણ અહિંસા, સત્ય, બ્રહ્મચર્યાદિનો

www.vitragvani.com



શુભભાવ આવે છે પણ તેને મુનિ દોષરૂપ જાણે છે. એ ભાવને પણ છોડીને જ્યારે અતીન્દ્રિય આનંદની મોજ કરે છે—આસ્વાદ લે છે ત્યારે મુનિને નિશ્ચયવ્રત કહેવામાં આવે છે.

આમ તીવ્ર અને મંદ બંને રાગથી રહિત થઈને વીતરાગી મોજમાં ચડે અને શાંતિ તથા વીતરાગ પરિણતિને વેદે તેનું નામ સાચા વ્રત અને મુનિપણું કહેવામાં આવે છે. ત્રણ કષાયના અભાવરૂપી વીતરાગી પરિણતિએ પરિણમેલાં છઠ્ઠા ગુણસ્થાન-વર્તી મુનિને જે અહિંસા, સત્ય, દત્ત આદિનો શુભરાગ આવે છે તેને વ્રત કહેવાય છે અને તેને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે નિશ્ચયવ્રત કહેવામાં આવે છે. આ બધી સમ્યગ્દર્શન સહિતના વ્રતની વાત છે. અજ્ઞાનીને વ્રત હોતાં જ નથી. જેની દૃષ્ટિમાં રાગની મંદતા રુચિ છે તેની શ્રદ્ધા જ ખોટી હોવાથી તેના વ્રતને વ્રત કહેવાતા નથી. મિથ્યાદૃષ્ટિ તો અજીવની ક્રિયાને જીવની ક્રિયા માને છે અને રાગની મંદતાથી આત્માને લાભ છે એમ માને છે માટે તેની દૃષ્ટિ મિથ્યા હોવાથી તેને વ્રત પણ સાચાં નથી.

વીતરાગને શું કહેવું છે અને વીતરાગનો પંથ શું છે તેની રીતની જગતને ખબર નથી. ખબર વિના એ કોની રુચિ કરે અને કોનો આદર કરે!

આ ગાથામાં કહી તેવી જ વાત અન્ય ગ્રંથોમાં પણ કહી છે કે રાગ અને દ્વેષ બંને પ્રવૃત્તિ છે. હિંસા કરું, ચોરી કરું, પરિગ્રહ રાખું એવો ભાવ તે અશુભપ્રવૃત્તિ છે અને અહિંસા પાળું, ચોરી ન કરું, વિષય—કષાય ન સેવું, પરિગ્રહ ન રાખું એવો ભાવ—તે શુભ પ્રવૃત્તિ છે. આમ, બંને પ્રવૃત્તિ છે. આ બંને પ્રવૃત્તિથી ખસીને સ્વરૂપમાં ઠરવું તે નિવૃત્તિ છે. રાગ—દ્વેષના નિષેધ પૂર્વક સ્વરૂપમાં—અતીન્દ્રિય આનંદમાં ઠરવું તે નિવૃત્તિ છે અને તેનું નામ જ ચારિત્ર છે. તે જ પોતાની ચીજ છે, શુભ—અશુભભાવ પોતાની ચીજ નથી.

ત્રણકાળ અને ત્રણલોકનું જેને જ્ઞાન છે એવા સર્વજ્ઞદેવની ઈચ્છા વિના ખરતી દિવ્યધ્વનિમાં આવું કથન આવ્યું છે. ગણધરદેવો અને સો ઈન્દ્રો તથા બાર સભાની હાજરીમાં ભગવાનનો જે ઉપદેશ આવ્યો છે તેમાંથી સંતો અહીં ઉપદેશ કરે છે કે રાગ—દ્વેષ બંને પરના સંગે થયેલા ભાવ છે, જીવના પોતાના સ્વભાવ ભાવ નથી. ચૈતન્યના નૂરના તેજમાં આ ભાવ ન હોઈ શકે. પોતાની નબળાઈના કારણે કર્મના સંબંધમાં જ એવા ભાવ ઊઠે છે.

બાપુ! તારા રસ્તા કોઈ નિરાળા છે, પણ અરે! અનાદિકાળથી તું તેના રહસ્યને સમજ્યો નથી. ઘણીવાર એવી માન્યતા તો કરી કે અમે વીતરાગના માર્ગને માનીએ છીએ અને વીતરાગના માર્ગે ચાલીએ છીએ પણ ખરેખર માર્ગની ખબર ન હતી. મંદ અને તીવ્ર—શુભ અને અશુભ રાગને—બંનેને છોડે ત્યારે સાતમા ગુણસ્થાનને યોગ્ય ચારિત્ર કહેવાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દર્શન સહિત મુનિદશાની સ્થિતિ એવી હોય છે કે ક્ષણમાં છટ્ઠું ગુણસ્થાન હોય અને ક્ષણમાં સાતમુ ગુણસ્થાન આવી જાય છે. છટ્ઠામાં વિકલ્પ હોય છે તે પણ કેવા! કે ઉપદેશ આપે, સાંભળે અથવા દયા પાળે કે શાસ્ત્ર લખે. વળી ક્ષણમાં એ વિકલ્પ છૂટીને સાતમુ ગુણસ્થાન આવી જાય. આનંદમાં લીન થઈ જાય—હું સાધુ છું એ વિકલ્પને પણ ભૂલી જાય. એક દિવસમાં મુનિને હજારોવાર આવી દશા આવે છે. આવી દશાને ખરું ચારિત્ર કહેવાય છે.

વીતરાગ પરમેશ્વરે ત્રણકાળ ત્રણલોકમાં આ એક જ માર્ગ કહ્યો છે. ચોથા આરામાં માર્ગ કંઈ જુદો હતો અને પાંચમા આરામાં જુદો છે—એવું નથી. જેને આત્માની શાંતિ જોઈતી હોય, મુકિત માટે ઉગ્ર તૈયારી છે તેને માટે આ એક જ માર્ગ છે માટે, એ ન થાય ત્યાં સુધી એવી શ્રદ્ધા તો કર કે મુક્તિનો માર્ગ આ એક જ છે.

આ નિશ્ચયવ્રતની વાત થઈ હવે વ્યવહારવ્રત કોને કહે છે?—''**हिंसा नृत स्तेया ब्रह्म परिग्रहेभ्यो विरतिव्रतं**'' અર્થાત્ પ્રાણીઓને પીડા દેવી, જૂઠ વચન બોલવું, પરધન હરવું, કુશીલનું સેવન અને પરિગ્રહનું ગ્રહણ આવા ભાવોથી વિરકત થવું તેનું નામ વ્રત છે. આ અહિંસાદિ વ્રત પ્રસિદ્ધ છે. અતીન્દ્રિય આનંદની મોજ માણતાં છટ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને આવા શુભરાગ હોય છે તેને વ્યવહારવ્રત અથવા એકદેશવ્રત કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન દશા પૂર્વક જીવઘાતમાં નિવૃત્તિ અને જીવદયામાં પ્રવૃત્તિ, અસત્ય વચનની નિવૃત્તિ અને સત્ય વચનમાં પ્રવૃત્તિ', ચોરીની નિવૃત્તિ અને અચૌર્યમાં પ્રવૃત્તિ ઈત્યાદિ સ્વરૂપથી એકદેશવ્રત કહેવામાં આવે છે અને રાગદ્વેષરૂપ સંકલ્પ—વિકલ્પોના કલ્લોલોથી રહિત ત્રણગુપ્તિમાં ગુપ્ત સમાધિમાં શુભાશુભના ત્યાગથી પરિપૂર્ણવ્રત હોય છે. અર્થાત્ અશુભભાવની નિવૃત્તિ અને શુભભાવમાં પ્રર્વતવારૂપ ભાવને એકદેશવ્રત કહેવાય છે અને શુભાશુભ બંનેનો ત્યાગ થવો તે પૂર્ણવ્રત છે. ઘરગથ્થુ ભાષામાં કહીએ તો સ્વરૂપમાં વીંટાવું તે વ્રત છે અને રાગની મંદતામાં વીંટાવું તે વ્યવહારવ્રત છે.

શ્રીમદ્‌માં આવે છે ને! હે ભગવાન! આપે કહેલાં વ્રત, દાન, શીલ, સંયમ આદિને મેં ઓળખ્યા નથી. ક્ષમાપના પાઠમાં બહુ આવે છે કે હું કાંઈ સમજ્યો નથી, ભૂલ્યો છું, રખડ્યો છું...આવા ભાવને સમજે નહિ અને ગડિયા બોલી જાય તેમાં ધર્મ થતો નથી. ઊંધી દૃષ્ટિએ મેં તત્ત્વ જેમ છે તેમ માન્યા નહિ અને બીજી રીતે માની લીધું છે. નવતત્ત્વની સાચી ઓળખાણ મને થઈ નથી....એવા ભાવો તેમાં ભરેલાં છે.

સમ્યગ્દૃષ્ટિને રાગનો વિકલ્પમાત્ર આદરણીય હોતો નથી અને રાગ કરવો એવી બુદ્ધિ હોતી નથી. છતાં છટ્ઠા ગુણસ્થાનમાં પણ અશુભનો ત્યાગ અને શુભભાવનો રાગ આવ્યા વગર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રહેતો નથી. એ શુભરાગને વ્યવહારે એકદેશવ્રત કહેવાય છે. આત્માનું ભાન છે અને ત્રણ-કષાયનો અભાવ છે એવી વીતરાગીપરિણતિના કાળમાં આવા જે કષાયની મંદતાવાળા શુભભાવો આવે છે તેને જ વ્યવહારે વ્રત કહેવાય છે.

હવે નિશ્ચયવ્રત કહે છે. રાગ—દ્વેષરૂપ સંકલ્પ—વિકલ્પોના કલ્લોલોથી રહિત ત્રણગુપ્તિથી ગુપ્ત સમાધિમાં શુભાશુભના ત્યાગથી પરિપૂર્ણ વ્રત હોય છે. શુભ અશુભ બંનેનો ત્યાગ થવો તે પૂર્ણવ્રત છે. નવતત્ત્વમાં પુણ્ય અને પાપ તત્ત્વ કહ્યાં છે ને! તે નવેય તત્ત્વને પ્રથમ ઓળખવા પડશે. નવતત્ત્વની ખબર વિના કોઈને સમ્યક્ત્વ થતું નથી. શાક લેવા જાય તો ક્યું શાક લેવું અને ક્યું શાક ન લેવું એનો ખ્યાલ પોતાને હોય છે ને! તેમ નવતત્ત્વમાં મારો જ્ઞાનાનંદસ્વભાવ આત્મા ગ્રહવા લાયક છે અને પુણ્ય—પાપ, આસ્રવ, બંધ છોડવા લાયક છે એમ જાણ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. અનંતકાળ તો આવા ભાન વિના ગયો પણ જો આ મોંઘા મનુષ્યભવમાં પણ જો આ ભાન કર્યું નહિ તો સમ્યગ્જ્ઞાન વિના તારા ભવભ્રમણ છૂટવાના નથી.

ચોરી ન કરું, પરજીવની દયા પાળું—વગેરે શુભવિકલ્પરૂપ કલ્લોલોથી રહિત ત્રણ ગુપ્તિમાં ગુપ્ત જ સમાધિમાં સ્થિત સાધુનું પદ કેવું છે કે જેને ગણધરદેવ પણ નમસ્કાર કરે છે. હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર! જેને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરવાની તાકાત છે અને એ જ ભવે મોક્ષ જવાના છે એવા ચરમશરીરી ગણધરદેવનો જેને નમસ્કાર પહોંચે એ દશા કેવી હશે! પંચમઆરાના સાચા ભાવલિંગી સાધુને પણ આ નમસ્કાર પહોંચે છે.

જુઓ! છટ્ઠા ગુણસ્થાને વ્યવહારનયથી એકદેશવ્રત હોય છે, તેમાં અશુભનો ત્યાગ અને શુભભાવનું ગ્રહણ છે પણ તેમાં ઉપાદેયબુદ્ધિ નથી. રાગનું કર્તૃત્વ નથી, જ્ઞાતાપણું છે પણ પુરુષાર્થની નબળાઈ હોવાથી પંચમહાવ્રતનો ભાવ ઊઠે છે ત્યાં અશુભભાવ ટળ્યો હોવાથી એકદેશવ્રત કહેવાય છે અને જ્યારે શુભ અને અશુભ બંને ભાવ છૂટીને સ્વરૂપમાં ઠરે છે ત્યારે સાતમા ગુણસ્થાનમાં પૂર્ણ વ્રત અથવા નિશ્ચયવ્રત છે એમ કહેવાય છે.

આમ, પ્રથમદશામાં એટલે કે આત્મભાન સહિત છટ્ઠા ગુણસ્થાનમાં જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યાં સુધી પંચમહાવ્રતનો રાગ આવ્યા વગર રહેતો નથી, તેનો નિષેધ નથી, છટ્ઠા ગુણસ્થાને એવો મંદભાવ હોય જ છે તેનો નિષેધ નથી પણ ત્યાંથી ખસીને જ્યાં અંતરમાં ઠરે છે ત્યાં તેને સર્વદેશવ્રત અર્થાત્ નિશ્ચય પૂર્ણવ્રત થયાં કહેવાય છે.

સમજાય છે કાંઈ? (કાંઈક સમજાય તોપણ લાભ છે.) ભગવાનનાં કહેલાં માર્ગે મહાપુરુષાર્થી જીવ જ જઈ શકે છે. કાયરજીવોનું તેમાં કામ નથી. આ તો અફરગામીનો માર્ગ છે, જે માર્ગે ચડ્યાં તે માર્ગે કેવળજ્ઞાન લીધે છૂટકો છે. આવા માર્ગે ચાલનારા સંતોની આ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વાત છે. પહેલી નરકમાં રહેલા સમકિતી શ્રેણિક રાજા બહારથી નરકના દુઃખની વચ્ચે હોવા છતાં અંતરમાં આનંદની ગટાગટી કરે છે. અંદરમાં આનંદની લહેર ઊઠે છે તો છઠ્ઠા–સાતમામાં ઝૂલતાં મુનિની દશાનું શું કહેવું! બહારથી તિર્યંચ એના શરીરને ખાતાં હોય અને મુનિને અંદરમાં આનંદની છોળ ઊઠે છે. જરાં વિકલ્પ આવી જાય તો જાણે કે શરીર ખવાય છે પણ અંદરમાં તો મુનિને આનંદ–આનંદ છે. મુનિદશા જ એવી છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્રતથી શું પ્રયોજન છે? મોક્ષ તો શુદ્ધાત્માની ભાવનાથી થાય છે તો વ્રતનું શું પ્રયોજન છે? ભરતમહારાજે ક્યાં વ્રત ધારણ કર્યા હતાં? તેઓ તો બે ઘડીમાં જ કેવળજ્ઞાન પામીને મોક્ષ ગયાં હતા ને? શિષ્યના આ પ્રશ્નનું યોગીન્દ્રદેવ સમાધાન કરે છે કે ઋષભદેવના પુત્ર 'ભરત' સંસારમાં હતાં, ચક્રવર્તીપદમાં હતા પણ આત્મદર્શન અને આત્મજ્ઞાનના ધારક હતા. આત્માનો અનુભવ હતો. માથામાં એક સફેદ વાળ જોયો ત્યાં વૈરાગ્ય આવી ગયો. છ ખંડ છોડી જિનદીક્ષા લીધી, માથાના વાળનું લુંચન કર્યું, હિંસાદિ પાંચ પાપોની નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રત આદર્યા પછી અંતરમુહૂર્તમાં સમસ્ત સંકલ્પ વિકલ્પ રહિત મન, વચન, કાય રોકવારૂપ નિજશુદ્ધાત્મધ્યાનમાં ઠરીને નિર્વિકલ્પ થયાં. પંચમગુણસ્થાનમાં હતાં ત્યારે વિકલ્પ ઉઠતાં હતાં પણ અંતરમાં ભાન હતું કે આ વિકલ્પની કે દેહની ક્રિયા મારી નથી.

શ્રોતા :—ભરતજીને કેવળજ્ઞાન અરીસાભુવનમાં થયું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મામાં કેવળજ્ઞાન થયું. અરીસો એટલે ચૈતન્યઅરીસામાં ભરતજીને કેવળજ્ઞાન થયું હતું.

તીર્થંકરો તો ત્રણ જ્ઞાન લઈને જન્મે છે. ભરતને જન્મથી ત્રણ જ્ઞાન ન હતાં પણ ભગવાનના સમોસરણમાં એકવાર એકદમ મતિ, શ્રુતની નિર્મળતા અને અવધિજ્ઞાન પ્રગટ થયું હતું. આત્મદર્શન અને આત્મજ્ઞાન તો ઘણું હતું અને વૈરાગ્ય આવતાં બધું છોડી નગ્ન મુનિ થયાં. પંચમહાવ્રતના શુભપરિણામ પણ આવ્યા, માથાના કેસનું લુંછન કર્યું. શરીરની ક્રિયા મારી નથી, શુભરાગ મારું સ્વરૂપ નથી એવું ભાન તો હતું છતાં ભૂમિકા પ્રમાણે એવો શુભરાગ આવે જ છે. તીવ્રરાગ જાય અને મંદરાગ થાય તેથી પંચમહાવ્રતનો વિકલ્પ આવ્યો ખરો પણ તેને પણ છોડીને જ્યાં ભરતજી નિર્વિકલ્પ થયાં ત્યાં શુકલધ્યાન અને કેવળજ્ઞાન થઈ ગયું. આમ તુરત જ કેવળજ્ઞાન થયું તેથી ભરતજીના મહાવ્રતની પ્રસિદ્ધિ ન થઈ પણ મુનિને મહાવ્રતના ભાવ આવ્યા વગર રહેતાં નથી. સમ્યગ્દર્શન હોય તોપણ અશુભવચનાર્થે શુભભાવ આવે જ છે અને પછી તેને પણ છોડીને શ્રેણીમાં આરૂઢ થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

આમાં તો ઘણી વાત આવી, તેમાંથી કેટલી યાદ રાખવી. અરે! દુકાનમાં પાંચ હજાર ચીજ વેચતો હોય તો તે બધાના ભાવ યાદ રાખે છે કે નહિ? કેટલી કિંમતની આવી છે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કેટલી લાવ્યા હતા, કેટલી વેચાણી, શું ભાવ ચાલે છે, શું ભાવે વેચેલ છે એ બધું જ યાદ રાખે છે તે યાદ રાખવા છતાં કમાણી તો પુણ્ય પ્રમાણે જ થાય છે ત્યાં પોતાની હોશિયારી કાંઈ કામ લાગતી નથી. પણ રુચિ છે તેથી કેટલું લક્ષ રહે છે! કેટલી યાદગીરી રહે છે? માટે એ સિદ્ધાંત સિદ્ધ થાય છે કે જ્યાં રુચિ હોય ત્યાં લક્ષ અને યાદગીરી રહે જ છે. માટે જો ધર્મની રુચિ હોય તો આ બધું યાદ રહે જ.

ભરતજીના દૃષ્ટાંતે કોઈ મૂર્ખ એમ વિચારે કે જેમ ભરતને કેવળજ્ઞાન થયું તેમ અમને પણ થઈ જશે પણ ભૂમિકા અનુસાર અશુભવંચનાર્થે પંચમહાવ્રતાદિના પરિણામ આવ્યા વિના રહે જ નહિ. કોઈ એમ માને કે પંચમહાવ્રતના પરિણામ વિના એકદમ સ્થિર થઈને કેવળજ્ઞાન પામી જશું, તો એ મૂરખ છે, તેની માન્યતા સાચી નથી, જેને સમ્યગ્દર્શન થયું છે તે એક પરમાણુમાત્રના કર્તા નથી અને વિકલ્પને ઝેર સમાન જાણે છે. વિકલ્પ મારે કરવા જેવા છે એમ માનતા નથી છતાં વિકલ્પ આવ્યા વિના રહેતાં નથી. અશુભ ટળવા શુભભાવ આવે જ છે.

પ્રવચનસારના ચરણાનુયોગસૂચક ચૂલિકા અધિકારની શરૂઆતમાં પંડિત જયચંદજીએ આ બાબતમાં ઘણું સારું લખ્યું છે કે અનુભવદૃષ્ટિવંતને જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા થઈ શકતી નથી ત્યાં સુધી અશુભ ટળવા શુભભાવ આવે જ છે. જે એમ માને કે શુભભાવ પણ ન આવે તે મૂરખ છે, તેને વસ્તુની ખબર નથી.

જો કોઈ અંધપુરુષને કોઈ પ્રકારે નિધિ મળી ગઈ, તો શું દરેકને એમ નિધિ મળી જાય છે? નથી મળતી. ધનાર્થીને વેપાર કરવાનો રાગ આવ્યા વગર રહેતો જ નથી. વેપાર કરવાથી ધન મળી જાય—એમ સિદ્ધ કરવું નથી. પણ ભૂમિકા અનુસાર રાગ આવ્યા વગર રહેતો નથી એ વાત સિદ્ધ કરવી છે. તેમાં જીવનું કારણ નથી. જ્ઞાનીને શ્રદ્ધા—જ્ઞાન તો યથાર્થ છે કે રાગ મારે કરવાયોગ્ય નથી છતાં ચારિત્રની નબળાઈ હોવાથી અશુભ છૂટીને શુભ આવ્યા વગર રહેતો નતી. અંતરમાં મુનિને ત્રણકષાયના અભાવ જેટલી વીતરાગતા વર્તે છે અને પંચમહાવ્રતનો શુભ રાગ પણ આવે છે તેને પણ છોડીને જ્યારે નિર્વિકલ્પ થાય છે ત્યારે પૂર્ણ વીતરાગદશાને પામે છે. પણ કોઈ એમ માની લે કે મારે એકલું આત્મધ્યાનમાં તત્પર થઈને કેવળજ્ઞાન લઈ લેવું છે તેને તત્ત્વની ખબર નથી.

ભરત જેવા જીવ તો કોઈક જ હોય, બધાંને અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન ન થઈ જાય. માટે, ભવ્યજીવોને એ જ યોગ્ય છે કે તપ અને સંયમનું સાધન કરવું શ્રેષ્ઠ છે. શુભરાગનું સાધન વ્યવહારે આવ્યા વગર રહેતું નથી તેને શુભરાગનું સાધન કરવું એમ પણ કહેવાય છે. પણ શુભરાગરૂપ તપ અને સંયમ ખરાં તપ સંયમ નથી. આનંદમૂર્તિની દૃષ્ટિપૂર્વક ઇચ્છા છૂટીને સ્વરૂપમાં પ્રતપન થાય—શુદ્ધોપયોગ થાય તેને તપ અને સંયમ કહેવાય છે. એવા તપવાળા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાધકને શુભરાગરૂપ તપ, સંયમના ભાવ પણ આવે છે તે શુભબંધનું કારણ છે એમ ધર્મી સમજે છે.

અન્ય શાસ્ત્રમાં પણ આવે છે કે પ્રથમ યોગનો અભ્યાસ તો ન કર્યો અને મરણ સમયે કોઈ આરાધક થઈ ગયા તો એવું દરેકને બનતું નથી. યોગ એટલે કોઈ બાવા—સાધુ કરે છે તે યોગ નથી. યોગ એટલે આત્માના ધ્યાનમાં એકાગ્ર થવું તે યોગ છે, તેનો અભ્યાસ કરનારને સમાધિ થાય છે એ તો નિયમ છે પણ કોઈને અભ્યાસ વગર યોગ થઈ જાય તો એમ બધાને થાય એવો નિયમ નથી. કોઈકને ક્યારેક થાય છે.

આ રીતે આ અધિકાર સમાપ્ત થયો. મોક્ષ, મોક્ષનું ફળ અને મોક્ષના માર્ગને કહેવાવાળાં બીજાં અધિકારમાં પરમઉપશાંતિભાવના વ્યાખ્યાનની મુખ્યતાથી અંતરસ્થલમાં ચૌદ દોહા પૂર્ણ થયાં.

હવે આગળ ચૌદ દોહામાં નિશ્ચયનયથી પુણ્ય અને પાપ બંને સમાન છે એ વાત કરશે.

❁

❁ જેવું સિદ્ધાલય છે એવું જ દેહાલય છે. દેહદેવળમાં અખંડ આનંદરસની કાતળી પૂર્ણાનંદથી ભરેલ ભગવાન બિરાજે છે. સિદ્ધદશા તો એક સમયની પર્યાય છે અને સિદ્ધસ્વભાવ તો એવી અનંતી પર્યાયનો પિંડ છે. એ દેહાલયમાં સ્થિત સિદ્ધસ્વભાવનું ધ્યાન કરવા યોગ્ય છે. વંદન-સ્તુતિ કરવાયોગ્ય જે ગણધરાદિ છે તે પણ જેમને વંદન-સ્તવનાદિ કરે છે એવા શુદ્ધાત્માનું હે પ્રભાકર ભટ્ટ ! તું ધ્યાન કર; સિદ્ધ પરમાત્મા અને દેહમાં સ્થિત પોતાના આત્મામાં ભેદ ન પાડ. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૬)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# સ્વભાવદૃષ્ટિમાં પુણ્ય-પાપના બે ભેદ નથી

(સળંગ પ્રવચન નં–૧૦૬)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ‘પર’ ગાથા પૂરી થઈ છે. હવે નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંને સમાન છે એ વાત ૧૪ દોહામાં યોગીન્દ્રદેવ કહે છે.

પોતાના જ્ઞાનાનંદસ્વભાવને ભૂલીને આત્મામાં જે કોઈ શુભ કે અશુભભાવ થાય છે તે બંને ભાવ બંધના કારણ છે. દેહાદિ તો જડ છે તે કાંઈ આત્મા નથી અને કર્મ પણ જડ છે. આત્મા પોતે અખંડ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે પણ પોતાના સ્વરૂપને ભૂલીને આત્માના પરિણામમાં અનાદિથી શુભાશુભભાવ થાય છે તે વિકાર છે. આ વિકાર આત્માને નુકશાનનું કારણ છે, દુઃખરૂપ છે અને પરિભ્રમણનો હેતુ છે.

શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપથી વિપરીત એવા હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભભાવ અને અહિંસા, સત્ય, અચૌર્ય આદિ શુભભાવ—બંને ભાવ આત્માને બંધનું કારણ હોવાથી સમાન છે. નિશ્ચયથી શુભ-અશુભભાવ સમાન છે એમ જે જાણતા નથી તે જ બંનેમાં ભેદ પાડે છે. **निश्चयनयेन बन्धमोक्षहेतुभूतौ न जानाति स एव पुण्यपापद्वयं करोति** પુણ્ય-પાપના બે ભાગ અજ્ઞાની જ પાડે છે.

સ્વભાવપરિણામ મોક્ષનું કારણ છે અને વિભાવપરિણામ બંધનું કારણ છે. નિશ્ચયથી આવો ભેદ જાણતા નથી તે જ પુણ્ય-પાપનો કર્તા થાય છે અને ચોરાશીના અવતારમાં ભમે છે. જુઓ ને! ક્ષણમાં દેહ છોડીને કેટલાં જીવો ચાલ્યા જાય છે! પેલા ભાઈ બે કલાકમાં ઉડી ગયા, રાણપુરના એક ‘મોઢ’ ભાઈ ગુજરી ગયા. આ તો સંયોગ છે ભાઈ! તેને ટકવાનો કાળ પણ જે નક્કી થઈને આવ્યો છે એટલો જ હોય. અને ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે. તે કોઈ સંયોગથી બનેલી ચીજ નથી કે નાશ થાય અથવા બીજામાં ભળી જાય.

આવા સત્ ચિદાનંદ સ્વરૂપ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને આનંદનું પરિણમન થવું તે મોક્ષનું કારણ છે, તે સિવાય જે કોમળ એવા મંદકષાયના પરિણામ અને તીવ્ર એવા અશુભપરિણામ બંને બંધનું કારણ છે—વિભાવ છે—વિકાર છે આમ જે નથી જાણતા અને શુભ—અશુભમાં ભેદ પાડે છે કે શુભભાવ આત્માને મોક્ષનું કારણ છે અને અશુભભાવ બંધનું કારણ છે તે આમ ને આમ સંસારમાં રખડે છે. મિથ્યાશ્રદ્ધામાં પરનું હું કરું છું, પર મારા છે, શુભભાવથી ધર્મ થાય એમ અનેક પ્રકારે માન્યતા કરીને ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ કરે છે. પણ હું જેમ દેહ અને કર્માદિથી નિરાળી ચૈતન્યવસ્તુ છું તેમ શુભ

www.vitragvani.com



અને અશુભભાવથી પણ મારું સ્વરૂપ નિરાળુ છે એ આ જીવે કદી જાણ્યું નથી. અનંતકાળમાં એક સેંકડ પણ આવા સ્વભાવનું જ્ઞાન કર્યું નથી.

તું તો અનાદિનો છો, તું ક્યાં નવો થયો છે! નવું દ્રવ્ય કોઈ થાય જ નહિ અને જે હોય તે કદી જાય નહિ—નાશ પામે નહિ. જે હોય તેનું રૂપાંતર અને દશાંતર થાય. આત્મામાં અનાદિકાળથી દશાંતર થાય છે શુભ અને અશુભભાવમાં—કામ ને ક્રોધ, લોભ ને મોહ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજા અને પાઠના ભાવ બદલાયા જ કરે છે પણ તે બધાં ભાવ બંધનું કારણ છે તેમ નહિ જાણતાં શુભને ઠીક અને અશુભને અઠીક માનીને ભેદ પાડનારા જીવ સંસારમાં—ચાર ગતિમાં રખડે છે અને રખડશે. એ વાત અહીં ૫૩મી ગાથામાં કહે છે.

**बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ।**
**सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ।।५३।।**

અર્થ :—જે કોઈ જીવ પોતાના વિભાવપરિણામ બંધનું કારણ છે અને સ્વભાવપરિણામ મોક્ષનું કારણ છે—એવો ભેદ જાણતા નથી તે પુણ્ય અને પાપ બંનેને મોહથી કરે છે.

જુઓ! ધ્યાન રાખજો જડકર્મ તો આત્માને બંધ-મોક્ષનું કારણ બિલકુલ નથી કેમકે એ તો જડ—માટી છે. આત્મા સત્ નામ શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદસ્વરૂપ—સત્ ચિદાનંદ મૂર્તિ છે તેના નિજસ્વભાવની શ્રદ્ધા—જ્ઞાન-શાંતિરૂપ પરિણામ મુક્તિનું કારણ છે અને તેના જ શુભાશુભરૂપ નિજભાવ વિકારી હોવાથી બંધનું કારણ છે. સ્વભાવપરિણામ અને વિભાવપરિણામ બંનેને નિજભાવ કહ્યાં છે. સ્વભાવપરિણામ પોતાના સુલટા ભાવ છે અને વિભાવપરિણામ પોતાના ઊલટા ભાવ છે. આ ઊલટા ભાવ જ પોતાને બંધનું કારણ થાય છે, કર્મ જીવને બંધ કરાવતાં નથી.

જીવને પાપના ધંધા આડે સત્ય સમજવાની નવરાશ નથી. પૈસા ભેગા કરવાની તમન્ના છે પણ પૈસા, પૂર્વનું પુણ્ય હોય તો ભેગાં થાય. પુણ્ય ન હોય તો પૈસા માટે મરી જાય એટલી મહેનત કરે તોપણ ભેગાં ન થાય. પૈસા થયાં હોય તે પણ પરદેશમાં મૂકીને આવી જવું પડે. પણ પૈસાનું આત્માને કામ ક્યાં છે? આત્મા તો શાશ્વત જ્ઞાન અને આનંદથી પૂર્ણ છે.

જેમ લીંડીપીપરમાં લીલો રંગ અને તીખાશ પૂરેપૂરા ભરેલાં છે તો તેને ઘૂંટવાથી બહાર આવે છે. ન હોય તો ક્યાંથી આવે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. જેમ આત્મામાં સર્વજ્ઞ જેવું પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ ભર્યું પડ્યું છે તે તેની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતાથી પ્રગટ થાય છે તેથી જ્ઞાની એમ માને છે કે મારા સ્વભાવપરિણામ જ મને મુક્તિનું કારણ છે અને મારા જ કરેલાં શુભાશુભ વિકારભાવ મને બંધનું કારણ થાય છે. આમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જે જાણતો નથી તે જ શુભાશુભભાવને મોહથી કરે છે.

આ તો અધ્યાત્મના સૂત્ર છે તેથી તેના શબ્દાર્થ પણ સૂક્ષ્મ છે.

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની અનુભૂતિની રુચિથી વિપરીત જે મિથ્યાદર્શન, નિજ શુદ્ધાત્માના જ્ઞાનથી વિપરીત મિથ્યાજ્ઞાન અને નિજ શુદ્ધાત્મદ્રવ્યમાં નિશ્ચલ સ્થિરતાથી ઉલટું જે મિથ્યાચારિત્ર—આ ત્રણેયને બંધના કારણ અને આ ત્રણેયથી રહિત ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષનું કારણ છે એમ જે જાણતા નથી તે જ મોહને વશ થઈ પુણ્ય-પાપના કર્તા થાય છે અને પુણ્યને ઉપાદેય જાણીને કરે છે તથા માત્ર પાપને હેય સમજે છે.

નિજ એટલે ભગવાન આત્મા, તેની અનુભૂતિ એટલે હું તો આનંદ અને જ્ઞાનમય છું એવો અનુભવ તેની રુચિથી વિપરીત મિથ્યાદર્શન—ઊંધી માન્યતા. આત્મા શુદ્ધ છે તેને અનુસરીને દશાનું થવું—તેની રુચિ નહિ અને તેનાથી વિપરીત દશાની રુચિ તે મિથ્યાત્વ છે. મિથ્યાજ્ઞાન માટે સંસ્કૃત ટીકામાં નિજ શુદ્ધાત્મ પ્રતીતિથી વિપરીત શબ્દ વાપર્યો છે. નિજ શુદ્ધાત્માના જ્ઞાનથી આ વકીલાત આદિના બધા તમારા જ્ઞાન વિપરીત છે. જગતની કળાના જ્ઞાન તો મિથ્યા છે પણ શાસ્ત્રના જ્ઞાન કરે તે પણ આત્મજ્ઞાનથી વિપરીત છે. નિજ આનંદકંદમાં સ્થિરતાથી રમવું તેનું નામ ચારિત્ર છે તેનાથી ઊલટા ચારિત્રને મિથ્યાચારિત્ર કહેવાય છે. શુભાશુભ પણ મિથ્યાચારિત્ર છે. આ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર જ જીવને બંધના કારણ છે.

અરે બાપુ! અનંતકાળે આવો દુર્લભ અવતાર મળ્યો છે. નરક, નિગોદમાંથી નીકળીને અહીં સુધી પહોંચ્યો છે તેમાં જો આ સમ્યગ્જ્ઞાન નહિ કરે તો અવતારના આરાં નહિ આવે. આ ભવ પણ ફૂ થઈને ઊડી જશે. પૂર્વના પુણ્યથી પાંચ-પચાસ કરોડ મળ્યા હશે તે પણ ધૂળ થઈ જશે. શરીરની સ્મશાનમાં રાખ થઈ જશે અને ભગવાન આત્મા પોતાની ભૂલને કારણે રખડવા ચાલ્યો જશે. તે ભૂલ કઈ થાય છે તે અહીં બતાવી છે.

પોતાના સ્વભાવની તો રુચિ નહિ અને બાહ્ય અનુકૂળતાની, પૈસાની રુચિ છે તે બધી મિથ્યા માન્યતા છે—મિથ્યાદર્શન છે. ભગવાન આત્માના જ્ઞાન સિવાય એકલાં શાસ્ત્રના અને પરના ભણતરના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવાય છે. શુદ્ધાત્માની શ્રદ્ધા-જ્ઞાન સહિત તેમાં રમણતા તે ચારિત્ર છે તેનાથી ઊલટાં શુભાશુભમાં રમણતા તે મિથ્યાચારિત્ર છે. આ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર—ત્રણેય બંધનનું કારણ છે—અધર્મ છે—નવા આવરણનું કારણ છે.

જેના સ્વભાવમાં જ્ઞાન અને આનંદના સાગર ભર્યા છે એવો પરમસ્વરૂપ આત્મા, અજ્ઞાનીને મન તે જાણે કાંઈ વસ્તુ જ નથી? તેને તો આ દેહની વિવિધ ક્રિયા એ જ આત્માનું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જીવન લાગે છે. બહુ થાય તો પુણ્ય-પાપભાવને સ્વીકારે પણ જે આત્માનું સ્વરૂપ જ નથી તેને એણે આત્મા માન્યો છે. સંતો મહંતોએ પોતાના જ સ્વરૂપના સાધન વડે આત્માને સાધ્યો છે અને એવો જ દરેકનો આત્મા છે પણ તેના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર વિપરીત હોવાથી તેણે વિપરીતતાને જ સાધી છે.

શુદ્ધાત્માની અનુભૂતિરૂપી રુચિ, શુદ્ધાત્માનું જ્ઞાન અને શુદ્ધાત્મામાં સ્થિરતા આ ત્રણેયની એકતા મોક્ષનું કારણ છે તે જ્યાં સુધી પૂર્ણપણે પ્રગટ ન થાય ત્યાં સુધી તે જીવને નવતત્ત્વની તથા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર ભણતરનો રાગ અને પંચમહાવ્રતાદિનો વિકલ્પ હોય છે તેને ભેદરત્નત્રય કહેવાય છે. આ ભેદરત્નત્રયને ઉપચારથી મોક્ષનું કારણ કહેવાય છે. નિશ્ચયથી તો અભેદરત્નત્રય જ મોક્ષનું કારણ છે.

અંતઃસ્વભાવની રુચિ તે વીતરાગી રુચિ છે, વીતરાગી આત્મસ્વભાવની પ્રતીતિ, તેનો અનુભવ અને તેમાં ઠરવું એ જ મુક્તિનું કારણ છે. તેની સાથે જે વિકલ્પ હોય છે તેનું જ્ઞાન કરાવવા માટે અહીં લીધું છે કે ભેદાભેદરત્નત્રય સ્વરૂપ મોક્ષના કારણને જે જાણતો નથી તે જ મોહને વશ થઈને પુણ્ય—પાપનો કર્તા થાય છે. તેમાં પણ પુણ્યને ઉપાદેય જાણીને કરે છે અને પાપને હેય સમજે છે.

આ નાડી પરખવી કઠણ છે ભાઈ! એણે કોઈ દિ' પોતાનો રોગ શું છે તે પકડ્યો નથી. સત્ શાશ્વત સત્ ચિદાનંદ પ્રભુ પોતે જ્ઞાન અને આનંદની પૂતળી છે. તેની શ્રદ્ધાથી વિપરીત પુણ્ય—પાપભાવને જે કરવા જેવા માને છે તે મિથ્યાદૃષ્ટિ મોહને લઈને માને છે. નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંને હેય છે પણ મોહને વશ થઈને અજ્ઞાની પુણ્યને ઉપાદેય અને પાપને હેય માનીને કરે છે. ખરેખર તો બંને ભાવ છોડવાલાયક છે પણ અજ્ઞાની જન્મ-મરણને ગાળવાની રીત સમજ્યો નથી.

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

—*શ્રીમદ્જી*

શરીરનો રોગ તે આત્માનો રોગ નથી. તો આત્માને ક્યો રોગ છે?—હું અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય છું એમ નહિ માનતાં, આત્માને શરીરવાળો અને વિકારવાળો માનવો તે મોટી ભ્રાંતિ છે. આ 'આત્મભ્રાંતિ' આત્માનો મોટો રોગ છે તેને મટાડવા માટે સદ્ગુરુ જ્ઞાની વૈદ્ય છે તે પણ જાણવું જોઈએ, જ્ઞાનચક્ષુ વિનાનો આંધળો વૈદ્ય ન ચાલે. આત્મસિદ્ધિમાં આ દોહો છે. આત્મભ્રાંતિનો રોગ મટાડવામાં ડોક્ટરની દવા કે વકીલના કાયદા કામ ન લાગે.

www.vitragvani.com



આનંદમૂર્તિ આત્માનું શરણ લે! એ તને શરણ થશે. બાકી જગતમાં બીજું કોઈ શરણ નથી. જ્ઞાતા ઉપર દૃષ્ટિની થાપ માર! આત્માને ધ્યેય બનાવીને તેમાં દૃષ્ટિ સ્થાપ એ જ મુક્તિનું કારણ છે, એ જ શરણ છે. તે સિવાય ભગવાન—ભગવાન—કર્યાં કરવાથી શરણ મળતું નથી. વિકલ્પ ઊઠે છે તે આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે માટે તે શરણરૂપ થતો નથી. શુભ અને અશુભ બંને વિભાવ છે પણ મોહને વશ અજ્ઞાની પોતાના માનીને બે ભાગ પાડે છે કે શુભભાવ સારો છે અને અશુભભાવ ખરાબ છે.

પંડિતો આવી વાત સાંભળી ન શકે. આ વાત સાંભળવા માટે પણ એ જાતની યોગ્યતા, ક્ષયોપશમ અને પુણ્ય જોઈએ. એવા ભાગ્ય એના ક્યાંથી હોય! એણે તો ગુરુ નામ ધરાવીને જગતમાં મિથ્યાશ્રદ્ધા ફેલાવી છે. જ્ઞાનાર્ણવમાં પાઠ છે કે કુગુરુઓએ ધર્મના નામે જગતમાં એવી ભ્રમણા ફેલાવી છે કે તે ભ્રમણા જગતના જીવોને ગળા પકડીને નરક-નિગોદમાં લઈ જવાની છે. શુભચંદ્રઆચાર્ય થઈ ગયા. નગ્ન દિગંબર મુનિને જગતની શું પડી છે! એમણે તો જગત સામે સત્ય હતું તે બહાર મૂકી દીધું છે.

પુણ્યને ઉપાદેય જાણીને કરે અને પાપને હેય જાણીને કરે એ તો મૂઢ છે. હજી પાપ-પરિણામમાંથી નવરો થતો ન હોય અને પુણ્યને છોડવા જેવા કહે—એમ ન હોય બાપા! અહીં તો ધર્મની વાત છે. પુણ્ય અને પાપ બંને બંધના કારણ છે એમ સમજવાની વાત છે. ભગવાન આત્મા પુણ્ય—પાપના વિકલ્પની વાસનાથી પેલે પાર છે. એવા શુદ્ધ ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા જ મોક્ષનું કારણ છે.

અંતરમાં આત્મા જિનચંદ્ર—જિનચંદ્ર—જિનચંદ્ર છે તેને ધ્યાવો. આત્મા વીતરાગી કંદનો દળ છે, વીતરાગી જ્ઞાનની જ્યોતિ છે. જિન એટલે વીતરાગી ચંદ્ર પ્રકાશપુંજ છે તેનાથી વિરુદ્ધભાવ તે બધો રાગભાવ છે. તે શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હો—બંને રાગ છે—વિકાર છે-બંધના કારણ છે એમ જે જાણતો નથી અને શુભાશુભમાં ભેદ પાડે છે તે મિથ્યાદૃષ્ટિ છે—તે વીતરાગી તત્ત્વને માનતો નથી.

આગળ એ જ વાતની વિશેષ ચર્ચા કરે છે કે સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન—સમ્યક્-ચારિત્રરૂપ પરિણમતો આત્મા જ મુક્તિનું કારણ છે એવો ભેદ જે જાણતો નથી તે જ પુણ્ય—પાપ બંનેના કર્તા છે.

**दंसण-णाण-चरित्तमउ जो णवि अप्पु मुणेइ।**
**मोक्खहँ कारणु भणिवि जिय सो पर ताईं करेइ॥५४॥**



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અર્થ :—જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમયી આત્માને જાણતાં નથી તેવા જીવ પુણ્ય-પાપ બંનેને મોક્ષના કારણ જાણીને કરે છે.

શુદ્ધ ચિદાનંદ મૂર્તિની સન્મુખના–આત્મઅભિમુખના અને વિભાવથી વિમુખના પરિણામને સમ્યગ્દર્શન કહે છે. સ્વભાવ-સન્મુખના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે અને નિજ સ્વરૂપના અતીન્દ્રિય આનંદને એકાગ્ર થઈને અનુભવે–પશુ જેમ ઘાસને ચરે છે તેમ આનંદને ચરે તેનું નામ સમ્યક્ચારિત્ર છે.

ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરને ત્રણકાળ ત્રણલોક જણાયા તેમાંથી કેટલીક વાત વાણીમાં આવી છે તેમાં વાણીમાં ભગવાનનું ફરમાન આમ છે કે અરે આત્મા! જિનચંદ્ર–વીતરાગીકંદ–આત્માના અંતર સ્વરૂપનો મારગ તેં કદી સાંભળ્યો નથી. ભાઈ! સાંભળવા મળ્યો તો એને ગ્રહણ કરવો કઠણ પડે છે. હવે 'ગ્રહણ' કરવો કઠણ પડે તે ધારે ક્યારે અને રુચિ પૂર્વક પરિણમાવે ક્યારે!! ભાઈ! મારગ તો આ છે. સમ્યક્-દર્શન–જ્ઞાન–ચારિત્રમયી આત્માને જાણવાનો મારગ છે. 'મયી' કહ્યું છે ને!

તારે મોક્ષ જોઈતો હોય તો આ મારગ છે. મોક્ષ એટલે? આત્મામાં જે શક્તિ પડી છે તેની પૂર્ણ પ્રગટતા થવી તેનું નામ મોક્ષ છે. વિકારનો પૂર્ણ અભાવ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ–તેનું નામ મુક્તિ છે. મુક્તિમાં સુખ અને શાંતિ છે. બાકી પૈસા ઘણાં મળે તેનાથી સુખશાંતિ થાય તેવું નથી. મહિને લાખ–બે લાખ મળે તેમાં આત્માનું હિત શું થાય! પૂર્વે પુણ્યના રજકણ–કર્મ બાંધ્યા હતાં તે બળી ગયા ત્યારે પૈસા આવ્યા ત્યારે તું કહે છે કે મારે પૈસા આવ્યા પણ ભગવાન કહે છે કે તારા પુણ્ય બળ્યાં છે. દુનિયાથી ઊંધી વાત છે અહીં તો.

આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રવાળો છે એમ નહિ પણ આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રમયી છે—આવા જિનચંદ્ર આત્માને ધ્યાવો...ધ્યાવો. આવા જિનચંદ્રને જે જાણતા નથી તે જ જીવ પુણ્ય અને પાપ બંનેને મોક્ષના કારણ જાણીને કરે છે.

અરે પ્રભુ! તેં કદી તારી સન્મુખ જોયું નથી. તારા સ્વભાવની કિંમત તને કદી આવી નથી. દુનિયામાં મોટામાં મોટો હીરો હોય તેની તને કિંમત આવે છે પણ તને જોનારી આંખ અને તેને પણ જાણનારા ચૈતન્યહીરાની કિંમત કેટલી! અંદરમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદના અનંત ચોસલાં ભર્યાં પડ્યાં છે તેને ખુલ્લા કરીને ખાવાની તૈયારી તારી જોઈએ. કેવળી ભગવાનને એક સમયમાં જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એવા અનંતા અતીન્દ્રિય આનંદના ચોસલાં તારી શક્તિમાં ભર્યાં છે.

અરે! આ રાગના ભિખારી–પૈસાના ભિખારીને પૈસા વિના ચાલે નહિ, આબરૂ વિના

www.vitragvani.com



ચાલે નહિ, સ્ત્રી વિના ચાલે નહિ—આત્માના સ્વભાવ વિના એને ચાલે છે. આ તો ગજબ છે ને! ભગવાન સર્વજ્ઞદેવે આત્માને પૂર્ણાનંદસ્વરૂપ જોયો છે તેવા આત્માની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગમયી આત્માને જે જાણતો નથી તે જ પુણ્ય–પાપને મોક્ષમાર્ગ જાણીને સેવે છે.

અહીં તો મૂળગી મૂડીની વાત છે ભાઈ!

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ સહજાનંદ સુખરસનો આસ્વાદ–તેની રુચિરૂપ સમ્યગ્દર્શન, તે જ શુદ્ધાત્માનંદ વીતરાગી નિત્યાનંદ એક સ્વ-સંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન અને વીતરાગ–પરમાનંદ એકરૂપ પરમ સમરસીભાવથી તેમાં જ નિશ્ચય સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર–આ ત્રણેયથી પરિણત જે આત્મા તેને જે મોક્ષનું કારણ જાણતા નથી તે જ પુણ્યને આદરવાયોગ્ય માને છે અને પાપને ત્યાગવાયોગ્ય માને છે તથા જે સમ્યગ્દૃષ્ટિ જીવ રત્નત્રયસ્વરૂપે પરિણમેલા આત્માને જ મોક્ષમાર્ગ જાણે છે તેને તીર્થંકરનામપ્રકૃતિ આદિ શુભ (પુણ્ય) પ્રકૃતિઓનું બંધન હોય છે પણ તેને સમ્યગ્દૃષ્ટિ ઉપાદેય માનતાં નથી, કર્મપ્રકૃતિને ત્યાગવાયોગ્ય જ સમજે છે.

નિજ શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા એવો અર્થ છે. ભાવના એટલે વિકલ્પ નહિ. કોઈ સમજ્યા વિના ઊંધા અર્થ કરે તો તે દોષ આકરો છે. "જાતિ અંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ મિથ્યાદૃષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ."

આંધળો તો બિચારો દેખતો નથી એટલે શું કરે! પણ આ દેખનારો અર્થના અનર્થ કરે ઈ તેનો દોષ આકરો છે. શાસ્ત્રમાં એમ આવે છે કે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પણ કોઈ કોઈવાર શુદ્ધાત્માની ભાવના કરે છે તેનો અર્થ એ છે કે શ્રાવકને આત્માનું ભાન તો નિરંતર વર્તે જ છે પણ ક્યારેક અંદરમાં શુદ્ધોપયોગમાં અનુભવ પણ કરી લે છે. તેના બદલે ભાવનાનો અર્થ અમુક લોકો એવો કરે છે કે 'કલ્પના', આ કાળે શુદ્ધોપયોગ તો નથી માત્ર કલ્પના કરે છે. (પણ એ અર્થ ખોટો છે).

આગળ ૫૦મી ગાથાના ભાવાર્થમાં પણ આવી ગયું કે નિજ શુદ્ધાત્માની ભાવના એટલે શુદ્ધાત્મામાં એકાગ્રતા કરે તો વીતરાગ પરમાનંદ અતીન્દ્રિય સુખરસનો આસ્વાદ આવશે અને શુભાશુભરાગમાં એકાગ્રતા કરે તો આકુળતા થશે.

ભગવાન આત્મા તો સહજાનંદ ગુણનો દરિયો, સુખેથી ભરિયો છે, તેની રુચિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. અહો આવો આત્મા! આત્માના આસ્વાદથી ઉત્પન્ન થયેલી રુચિને સમ્યક્ત્વ કહ્યું છે. માત્ર શક્તિરૂપ આત્મા નહિ પણ તેની ભાવનાથી આસ્વાદ ઉત્પન્ન થયો છે તેની રુચિને જૈનોનું સમ્યગ્દર્શન કહેવાય છે.

www.vitragvani.com



અહા! આત્મા જિનચંદ્ર—જિનકંદ છે તેમાં એકાગ્રતાથી જે અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવે તેની રુચિ થાય કે આ આત્મા છે—તેને સમ્યગ્દર્શન કહેવાય છે. આનંદ તે આત્મા છે એમ આવ્યું તેમાં પુણ્ય-પાપ આત્મા નથી એ ભાવ આવી જાય છે. બાકી દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરો કે પાલીતાણાની ૯૯ યાત્રા કરો તેનાથી સમ્યગ્દર્શન થાય તેમ નથી. ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ કરી, તેમાં એકાગ્ર થઈને આત્માના શિખરે ચડે તેમાં જે અતીન્દ્રિય આનંદ આવે છે તે દ્વારા રુચિ થાય છે કે 'આ જ આત્મા છે' તે સમ્યગ્દર્શન છે. અહીં તો સમ્યગ્દર્શન—જ્ઞાનમયી આત્મા વર્ણવવો છે એટલે તેની વ્યાખ્યા કરે છે.

પરમ પવિત્ર આત્માનું વીતરાગી નિત્યાનંદ એક સ્વસંવેદનનું જ્ઞાન થવું તે સમ્યક્-જ્ઞાન છે. શાસ્ત્રના ભણતરને અહીં જ્ઞાન કહેતાં નથી. એક સ્વસંવેદનના બે ભાગ નથી. એક સ્વસંવેદનનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે અને વીતરાગ પરમાનંદ એકરૂપ સમરસીભાવમાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રમાં પરિણત થયેલો જીવ પોતે જ મુક્તિનું કારણ છે. આવા મોક્ષમાર્ગને મોક્ષનું કારણ ન માનતાં પુણ્યને મોક્ષનું કારણ અને પાપને બંધનું કારણ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અધમદૃષ્ટિ છે. તેને આત્માની શ્રદ્ધાની અને આત્માની મુક્તિની કાંઈ ખબર નથી.

❀

❀ અહા! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, કયે પ્રસંગે નથી? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે, તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે—એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૪૦)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# શુભ અને અશુભમાં ભેદ માનવો તે પરિભ્રમણનું મૂળ છે

(સળંગ પ્રવચન નં-૧૦૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૫૪ ગાથા ચાલે છે. તેમાં યોગીન્દ્રદેવ કહે છે કે રત્નત્રયપરિણત આત્મા જ મોક્ષનું કારણ છે. નિજ આત્માની શ્રદ્ધા, નિજ શુદ્ધસ્વભાવનું સ્વસંવેદનજ્ઞાન અને તે-રૂપે રમણતા કર્યા વિના શુભરાગને આદરણીય માનીને અને અશુભરાગને હેય માનીને કર્તા થાય છે તેની દૃષ્ટિ મિથ્યા છે.

ભગવાન આત્મા આખો ચૈતન્યરત્નાકર છે. એક સમયનો વિકલ્પ છે તે ઉદયભાવ છે તે સિવાય આખો આત્મા પૂરણ પૂરણ પૂરણ ચૈતન્યરસથી પૂરણ છે. આવા સ્વભાવ-સન્મુખની દૃષ્ટિ—જ્ઞાન અને સ્થિરતાને જે મોક્ષનું કારણ જાણતાં નથી તે પુણ્ય-પાપમાં ભેદ પાડીને તેનો કર્તા થાય છે. શુભભાવને ક્ષાયિક સમકિતનું કારણ માનીને કરે છે.

અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ મોક્ષનું કારણ છે એમ ન લેતાં એ ત્રણેયથી પરિણત એક આત્મા જ મોક્ષનું કારણ છે એમ લીધું છે. કારણપરમાત્મા—કારણપ્રભુ આત્મા જ કાર્ય એવા મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણત થયેલો આત્મા પૂર્ણાનંદરૂપ મુક્તદશાનું કારણ છે. આમ જે જાણે છે તે જોકે, સંસારની સ્થિતિના છેદવાનું કારણ અને સમ્યક્ત્વાદિગુણથી પરમ્પરા મુક્તિનું કારણ એવી તીર્થંકરનામપ્રકૃતિ આદિ શુભ પ્રકૃતિઓને (પુણ્યકર્મને) અવાંછિતવૃત્તિથી ગ્રહણ કરે છે તોપણ ઉપાદેય માનતા નથી. કર્મપ્રકૃતિઓને ત્યાગવાયોગ્ય જ સમજે છે.

સમ્યગ્દૃષ્ટિ રત્નત્રય-પરિણત આત્માને જ મોક્ષનું કારણ માનતાં હોવા છતાં આત્મામાં પોતે ઠરી શકતાં નહિ હોવાથી તેમને શુભભાવ આવે છે. તીર્થંકરપ્રકૃતિ આદિના બંધનું કારણ એવો શુભભાવ આવે છે તેનાથી સંસારની લાંબી સ્થિતિ છે તે ઓછી થઈ જાય છે. પણ એ શુભભાવ થવા પાછળ જ્ઞાનીને તેના ફળની વાંછા હોતી નથી. અવાંછિતવૃત્તિથી જ તેમને એવા શુભકર્મોનું બંધન થઈ જાય છે કે જેના ફળમાં આહારકઋદ્ધિ, યશકીર્તિ, તીર્થંકરનામકર્મ આદિ કર્મોનું બંધન થાય છે.

શુભભાવને કારણે ધર્મીને શુભકર્મોનો આસ્રવ થાય છે પણ તે વખતે પણ ધર્મીની દૃષ્ટિ

www.vitragvani.com



ચૈતન્ય ઉપર છે. તેને શુભભાવ કરીને કાંઈ કર્મપ્રકૃતિ બાંધવાનો ભાવ હોતો નથી. રત્નત્રય-પરિણત, અવાંછિતવૃત્તિવાળા જીવને જ એવી શુભપ્રકૃતિનું બંધન થાય છે. રત્નત્રય વિના, પુણ્યને ઉપાદેય અને પાપને હેય માનીને, શુભપ્રકૃતિની વાંછા રાખીને શુભભાવ કરનારા મિથ્યાદૃષ્ટિને એવી શુભકર્મપ્રકૃતિનું બંધન થતું નથી.

મોક્ષના માર્ગે પરિણમેલો આત્મા જ મારે ઉપાદેય છે એવું માનવા અને અનુભવવા છતાં તીર્થંકરપ્રકૃતિ આદિના કારણભૂત એવા સોળકારણ ભાવનાના પરિણામ જ્ઞાનીને આવે છે, તેનાથી તેની સંસારની સ્થિત ઘટે છે – કર્મોની સ્થિત ઘટે છે અને તીર્થંકરનામકર્મ આદિ પુણ્યપ્રકૃતિનો આસ્રવ થાય છે પણ તે કેવી વૃત્તિથી? –કે અવાંછિતવૃત્તિથી જ આવે છે. આ શરત છે. પ્રકૃતિ બંધાય એવી વાંછા સમ્યગ્દૃષ્ટિને હોતી નથી કેમ કે અબંધસ્વરૂપ એવા આત્માને અબંધ પરિણામથી દૃષ્ટિમાં લીધો છે. તેથી બંધભાવ અને બંધપ્રકૃતિની વાંછા સમ્યગ્દૃષ્ટિને હોતી નથી. અનંતગુણસંપન્ન ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે તે બંધને કે આસ્રવને કેમ ઈચ્છે! ઈચ્છતા નથી. તોપણ સ્વરૂપમાં ઠરવાની નબળાઈને કારણે અનિહિતવૃત્તિએ સમ્યગ્દૃષ્ટિને શુભકર્મનો આસ્રવ અને બંધ થાય છે, તેવો શુભભાવ આવે છે પણ તેને તે ઉપાદેય માનતાં નથી. સમ્યગ્દર્શન સહિતના શુભભાવ હોવાના કારણે તેને પરમ્પરા મુક્તિના કારણ કહેવામાં આવે છે.

અરે! લોકોને પુણ્ય–પાપના ફળ મીઠા લાગે છે અને આનંદમય આત્મા કડવો લાગે છે. આત્મા તો એકલા અતીન્દ્રિય આનંદનો રસ છે, જ્ઞાનની પૂતળી છે, શાંત ચારિત્રરસનો પિંડ છે. એક એક ગુણ અનંતરસથી રસબસતા છે. આવા આત્માની દૃષ્ટિ–જ્ઞાન અને રમણતા થઈ છે તેને ઈચ્છા વિના, કર્તૃત્વબુદ્ધિ વિના શુભરાગ આવે છે તેના નિમિતે ઊંચા શુભકર્મ બંધાય છે અને કર્મોની સ્થિતિ ઘટે છે. સમ્યગ્દર્શનાદિ ગુણને કારણે તેના શુભરાગને મુક્તિના પરંપરા કારણ કહેવાય છે.

તો શું તીર્થંકરપ્રકૃતિના કારણે ધર્મીનો મોક્ષ થતો હશે? અરે! જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય છે તે ભાવનો છેદ કરીને વીતરાગ થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે અને તીર્થંકરપ્રકૃતિનો પાક થાય છે. તે તો સંયોગ આપે છે, તેનાથી કાંઈ મુક્તિ થતી નથી. માટે ધર્મી તેને કદાપિ ઉપાદેય માનતાં નથી. તેના ફળને પણ ઉપાદેય માનતાં નથી. ફક્ત તેનાથી સંસારની અમુક સ્થિતિ ઘટે છે અને મુક્તિનું પરંપરા કારણ કહેવાય છે. બસ આટલી જ વાત છે પણ લોકો તો વર વિનાની જાન જોડી દે છે –(સમકિત વિના શુભરાગની મહિમા વધારી દે છે). નાના બાળકના લગન કરી નાંખે તો તેને લગન શું તેની તો ભાન હોતી નથી. તેમ મોક્ષ માટે શુભક્રિયા તો અજ્ઞાની કરે છે પણ તેનાથી મોક્ષ થશે કે નહીં તેનું ભાન હોતું નથી. જ્યારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મીને તો એવા શુભરાગ આવતાં હોવા છતાં તેનાથી મોક્ષ થવાનો નથી એવું જ્ઞાન હોવાથી તેને ઉપાદેય માનતાં નથી. ત્યાગવાયોગ્ય જ માને છે.

આ ૫૪ ગાથા થઈ. હવે ૫૫ ગાથા છે. તે પ્રવચનસારની ૭૭ ગાથા જેવી જ છે. શુભ અને અશુભભાવ બંને બંધના જ કારણ છે તેમાંથી કોઈ જીવ શુભરાગને ઠીક અને અશુભરાગને અઠીક માને છે તે ઘોર સંસારમાં ભમે છે. એમ કુંદકુંદ આચાર્યે પ્રવચનસારમાં કહ્યું છે તે જ વાત આ પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ કહે છે.

જે નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંનેને સમાન માનતો નથી તે મોહથી મોહિત થયેલો સંસારમાં ભટકે છે—એમ કહે છે.

**जो णवि भण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोइ।**
**सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हींडइ लोइ॥५५॥**

અર્થ :—જે જીવ પુણ્ય અને પાપ બંનેને સમાન નથી માનતા તે જીવ મોહથી મોહિત થયા થકાં ઘણાકાળ સુધી દુઃખ સહન કરતાં થકાં સંસારમાં ભટકે છે.

જુઓ ને! ક્ષણ ક્ષણમાં સ્થિતિ કેવી બદલાય છે. બહારમાં શું બને છે તે આત્માના અધિકારની વાત નથી. ક્ષણમાં મોટો પલટો થઈ જાય છે. ક્યાં શરીર અને વાણી અને ક્યાં આત્મા! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું બદલાઈ જાય છે! આવી સંયોગની ક્ષણિક સ્થિતિ છે! તેમાં પુણ્ય—પાપના ભાવ પણ અનિત્ય અને એક સમાન બંધના કારણ છે.

જેને અતીન્દ્રિય આત્માની દૃષ્ટિ નથી તે જ જીવ પુણ્યભાવ ભલાં અને પાપભાવ ભૂંડા એવા બે ભેદ પાડે છે, સમાન માનતો નથી તે જ જીવ મોહથી મુંઝાઈને સંસારમાં રખડે છે. શુભ-અશુભભાવ અનિત્ય છે—અધ્રુવ છે—નાશવાન છે, અશુચિ છે, જડ છે, વિપરીત છે, અશરણ છે. જેમ શરીર ક્ષણમાં ગુંલાટ ખાય છે તેમ શુભાશુભ પણ ક્ષણમાં ગુંલાટ ખાય છે. શુભાશુભ બંનેની જાત એક જ છે પણ જે એમ માનતા નથી તેને અખંડાનંદ આત્માનું ભાન નથી તેથી તે મિથ્યાત્વમાં મોહી ગયેલાં છે. તેથી તે ચોરાશીના અવતારમાં અનંતકાળ ભટકશે.

મોહરાજાના પ્રતાપે પરિણામમાં કેટલી વિચિત્રતા ભજે છે! શ્રેણિકરાજા બૌદ્ધગુરુને ત્રિકાળજ્ઞાની માનતાં હતાં ત્યારે ચેલણાએ બૌદ્ધગુરુને તેની પગની મોજડીની કઢી બનાવીને ખવરાવી, જમીને ગુરુ બહાર નીકળીને મોજડી ગોતવા લાગ્યાં ત્યારે કહ્યું કે 'મોજડી તો સાહેબ! આપના પેટમાં છે. ઉલટી કરીને પ્રમાણ કરો!' તરત ઉલટીમાં મોજડી નીકળી ત્યારે ચેલણા કહે છે તમે તો ત્રિકાળજ્ઞાની હતાં ને! એમ બૌદ્ધગુરુ ત્રિકાળજ્ઞાની નથી એ સિદ્ધ કરીને ચેલણા શ્રેણિકને ધીરા થવા કહે છે. પણ શ્રેણિક તો તેનો બદલો લેવા દિગંબર મુનિ ઉપર

www.vitragvani.com



મરેલો સર્પ નાંખી આવે છે, આવીને ચેલણાને વાત કરે છે. અરે! આ તમે શું કર્યું! વીતરાગી સંત ઉપર ઉપસર્ગ થયો, ત્યાં ને ત્યાં મુનિ ધ્યાનમાં બેઠા હશે. ચાલો મુનિ પાસે જઈને ઉપસર્ગ દૂર કરીએ. મુનિના શરીર ઉપર મરેલો સર્પ અને હજારો કીડીઓ ચડી ગઈ છે. રાણી હળવે હળવે કીડી ઉતારે છે. મુનિ તો આત્મધ્યાનમાં મસ્ત છે. 'અન્નદાતા! તમને સંતના સ્વરૂપની ખબર નથી. દિગંબર સંતો અતીન્દ્રિય આનંદના ખોરાક ખાય છે. બહારના ત્યાગી એવા બૌદ્ધગુરુને તમે ગુરુ માન્યા છે એવા ગુરુ ન હોય.' આમ પત્ની પતિને સમજાવે છે (ચેલણા શ્રેણિકને સમજાવે છે). પછી તો મુનિરાજ શ્રેણિકને ધર્મનો ઉપદેશ આપે છે અને શ્રેણિક સમ્યગ્દર્શન પામે છે. આગળ જતાં તીર્થંકરના સમવસરણમાં શ્રેણિકરાજા તીર્થંકરગોત્ર બાંધે છે.

જુઓ! પત્નીના નિમિત્તે રાજા ધર્મ પામે છે. અખંડાનંદ એકસ્વરૂપે આત્મા નિત્ય ધ્રુવ છે. તે ક્ષણે ક્ષણે પલટતો હોવા છતાં વસ્તુ ધ્રુવ છે. બૌદ્ધ માને છે એવું વસ્તુનું સ્વરૂપ માત્ર ક્ષણિક નથી. રાજા સત્ય સમજે છે અને ધર્મ પામે છે. આવી પરિણામની વિચિત્રતા છે.

સીતાજી જુઓ ને! પ્રતીન્દ્ર થયાં છે ત્યાંથી રામને ચળાવવા આવે છે. ત્યાંથી ચ્યવીને સીતાજીનો જીવ ચક્રવર્તી થશે અને રાવણ તેનો પુત્ર થશે. લક્ષ્મણ પણ ચક્રવર્તીનો પુત્ર થશે. પહેલાં વેરી હતાં તે જ પછી બે ભાઈ થશે અને સીતાનો જીવ તેનો પિતા થશે. પછી રાવણ તીર્થંકર થશે ત્યારે સીતા તેનો પુત્ર થઈને ગણધર થશે. પછી બંને મોક્ષ જશે. પરિણામની કેવી વિચિત્રતા છે!

અહીં કહે છે કે ધર્મીએ પોતાના સ્વરૂપને જાણ્યું છે તેને પુણ્ય અને પાપ બંને એક સરખા જણાય છે. અજ્ઞાની મોહિતદૃષ્ટિ જીવોને પુણ્ય સારું અને પાપ ખરાબ જણાય છે તે પરમેશ્વરની આજ્ઞાના અજાણ છે. લોકો રાડ પાડી જાય તેવી વાત છે. લોકો દેશસેવા, ભગવાનની સેવા, પતિની સેવા, ગરીબોની સેવા એવી ઘણા પ્રકારની સેવામાં ધર્મ માનતાં હોય છે. અહીં કહે છે કે કોઈ પરની સેવા કરી શકતું જ નથી. સેવાનો ભાવ આવે છે તે શુભભાવ છે અને અશુભભાવ આવે તે પાપ છે. આ બંને બંધના કારણ છે તેમાં ભેદ માને છે તેને ચૈતન્યના સ્વરૂપની ખબર નથી. તે ચૈતન્યસ્વરૂપનો ઘાત કરનારા છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમવું તે આત્માનો સ્વભાવ છે. તે પરિણામ પણ અનિત્ય છે પણ ધ્રુવ સાથે તેનું એકત્વ છે તે અપેક્ષાએ તેને પણ નિત્ય કહેવાય છે. જ્યારે શુભાશુભ ભાવ તો અનિત્ય, અશરણ, અધ્રુવ, અસ્થિર છે. શુભ અને અશુભ બે ભાવમાં ફેર માને છે તે જીવ અનંતકાળ દુઃખ સહે છે. અનંતકાળમાં તેને દેવલોક પણ ઘણીવાર મળે ત્યાં પણ અજ્ઞાની હોવાથી દુઃખી જ થાય છે. સંસારમાં આમ–તેમ ભટકે છે.

ભાવાર્થ :—જોકે, અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપ બંને ભિન્ન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દ્રવ્યપુણ્ય એટલે શાતા વેદનીય આદિના કર્મના રજકણો અને દ્રવ્યપાપ એટલે અશાતાવેદનીય આદિ કર્મના રજકણો. અશુદ્ધનિશ્ચયનયથી ભાવપુણ્ય અને ભાવપાપ એ બંને પણ પરસ્પર ભિન્ન છે—બંનેમાં ફેર છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી પુણ્ય–પાપ રહિત શુદ્ધાત્માથી બંને ભિન્ન હોવાથી અને બંને બંધરૂપ હોવાથી સમાન છે. જેમ સોનાની બેડી અને લોખંડની બેડી આ બંને બંધનું જ કારણ છે તેથી સમાન છે. એ રીતે નયવિભાગથી જે પુણ્ય–પાપને સમાન માનતા નથી તે, નિર્મોહી શુદ્ધાત્માથી વિપરીત જે મોહકર્મ, તેનાથી મોહિત થયો થકો સંસારમાં ભ્રમણ કરે છે.

કુંદકુંદાચાર્યે પુણ્ય–પાપ માટે આ સોનાની અને લોઢાની બેડીનું દૃષ્ટાંત આપ્યું છે. તો કોઈ વળી કહે છે કે સોનાની બેડી તો કામ લાગે. શું કામ લાગે ભાઈ! સોનામાં તો લોખંડ કરતાં વજન વધારે હોય અને બંને બેડી બંધન તો સરખું જ કરે છે માટે બંધ અપેક્ષાએ બંને સમાન જ છે. વ્યવહારનયની અપેક્ષાએ અશુભ કરતાં શુભ ઠીક છે પણ પરમાર્થે બંને બંધન કર્તા હોવાથી સમાન છે.

આત્મા શુભ કે અશુભ વિકલ્પની વૃત્તિનું સ્થાન નથી. દ્રવ્ય-ગુણમાં વિકલ્પનો અભાવ છે. ફક્ત એક સમય પૂરતી દશામાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. દ્રવ્ય-ગુણ તો એકલાં શુદ્ધ શુદ્ધ મોક્ષના કણસલાં પાકવાનું સ્થાન છે—મોક્ષનું ફળ પાકે એવી ભૂમિ–ખેતર છે. પર્યાયમાં તીર્થંકરગોત્રને યોગ્ય વિકલ્પ ઊઠે તે પણ તેનો સ્વભાવ નથી. જે ભાવે બંધ થાય એ ભાવ સ્વવસ્તુનો (સ્વભાવ) નથી.

સમ્યગ્દૃષ્ટિ શુભ અને અશુભ બંને ભાવને હેય માને છે છતાં સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાં સુધી અશુભથી બચવા શુભભાવ તો હોય છે અને તેનાથી કર્મની સ્થિતિ ઘટે છે પણ તેનાથી બંધનનો અભાવ થતો નથી. શુભભાવ પોતે બંધના જ પરિણામ છે માટે, અબંધપરિણામની સાથે તેને મદદગાર માની શકાય તેમ નથી.

આત્મા કેવો છે?—કે નિર્મોહી શુદ્ધાત્મા છે અને મોહકર્મ તેનાથી વિપરીત છે. જે જીવ પોતાના શુદ્ધાત્માથી વિપરીત એવા મોહકર્મમાં મોહિત થાય છે તે સંસારમાં ભ્રમણ કરે છે. માટે કર્મ માત્ર હેય છે એમ પ્રથમ દૃષ્ટિમાં આવવું જોઈએ. અસ્થિરતાવશ શુભભાવ તો પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે પણ દૃષ્ટિમાં શુભ અને અશુભને સમાન બંધનકર્તા માને છે. જે દૃષ્ટિમાં શુભાશુભને સમાન નથી માનતાં તે ચારગતિમાં રખડે છે.

આ કથન સાંભળી પ્રભાકરભટ્ટ બોલ્યા, જો આમ જ છે તો કેટલાય પરમતવાદી પુણ્ય–પાપને સમાન માની સ્વચ્છંદી થઈને રહે છે તેને તમે દોષ કેમ આપો છો? તમારામાં અને તેનામાં શું ફેર પડે છે? બીજાં પણ એક સાધુ કહેતા હતાં કે નિશ્ચયથી શુભ-અશુભ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બંને સમાન છે માટે માંસ ખાઓ કે રોટલાં ખાઓ તેમાં કાંઈ ફરક નથી. ભાઈ! માંસ અને રોટલા બંને જડની પર્યાય છે માટે સમાન છે પણ વ્યવહારમાં શુભ-અશુભનો વિવેક આવ્યા વિના રહેતો નથી. માંસ ન ખાઊં, રોટલા જ ખાઊં એવી વૃત્તિ તેને આવે જ છે. ગમે તે ખાવાના ભાવ તેને ન હોય. સ્વચ્છંદી હોય તો સ્વસ્ત્રી હો કે પરસ્ત્રી હો સમાનપણે માનીને સેવે છે તે પરસ્ત્રીલંપટ છે. ધર્મીને તો શુભાશુભ સમાન છે એવી દૃષ્ટિ હોવા છતાં અશુભથી બચવા શુભભાવ આવે જ છે—સ્વચ્છંદ પોષાતો નથી. અજ્ઞાની તો સ્વચ્છંદી થઈને રહે છે. ધર્મીને વ્યવહારે પાપ કરતાં પુણ્ય ઠીક છે એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. માંસની પર્યાય, રોટલાં અને દારૂમાં ફેર છે—બધું એક નથી. તેમ પુણ્યપરિણામ અને પાપપરિણામમાં વ્યવહારે ફેર છે. અહીં કાંઈ પોપાબાઈના રાજ નથી કે જેમ તેમ બધું ચાલે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવા માટે બંને અશુદ્ધભાવને હેય કહીને સમાન કહ્યાં છે—વ્યવહારે બંને સમાન નથી. તેથી ધર્મી શુદ્ધભાવમાં ન હોય ત્યારે અશુભભાવને છોડીને શુભભાવમાં આવે છે. અને તેથી પુદ્‌ગલની પર્યાયમાં પણ તેને વિવેકી રહે છે, માંસ લેવાની વૃત્તિ જ ન હોય. અરે! મુનિને તો પોતાના માટે કરેલા આહારને લેવાની પણ વૃત્તિ ન હોય. ભૂમિકા અનુસાર શુભ-અશુભભાવનો વિવેક દરેક જ્ઞાનીને હોય છે.

પરમાર્થે શુભ અને અશુભભાવમાં ફેર નથી તેમ વ્યવહારે પણ ફેર નથી—એમ નથી. વ્યવહારે શુભ અને અશુભભાવમાં ફેર છે. છતાં જે વ્યવહારે ફેર માનતો નથી તેને દોષ લાગે છે. વીતરાગી સંતો તો પરમસમાધિમાં સ્થિર રહીને શુભભાવને સમાન માને છે જ્યારે પરમતવાદી મૂઢ જીવ તો સમાધિમાં સ્થિર થયા વિના જ ગૃહસ્થ અવસ્થામાં દાન-પૂજા આદિના ભાવને છોડી દે છે. ગૃહસ્થાશ્રમમાં પણ અમને શુભભાવ આવે જ નહિ એમ માનનાર મૂઢ છે, તત્ત્વને સમજતો નથી. શુભભાવ તો આવે છે પણ જ્ઞાની તેને બંધનું કારણ માને છે. છતાં ભગવાનની ભક્તિ, પૂજા, સ્વાધ્યાય, ગુરુની સેવા આદિ શુભભાવ આવ્યા વિના રહેતા નથી. કોઈ એમ કહે છે કે અમારે શુભભાવનું શું કામ છે? તેને ભૂમિકાની ખબર નથી, દૃષ્ટિની ખબર નથી, આત્માની ખબર નથી, શુભભાવની પણ ખબર નથી. ગૃહસ્થ શ્રાવકને ષટ્આવશ્યકના ભાવ આવ્યા વિના રહે જ નહિ. જે ગૃહસ્થ એમ કહે છે કે શુભભાવ બંધનું કારણ છે માટે મારે આવા ભાવ કરવા જ નથી—તો તેની દૃષ્ટિ જ વિપરીત છે, તેને વસ્તુના સ્વભાવની ખબર નથી. તારી ભૂમિકા શું કેવળીની થઈ ગઈ છે?—કે તને શુભભાવ ન આવે!

નિર્વિકલ્પ શુદ્ધોપયોગ કાળે તો શુભભાવ આવવાના જ નથી પણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ન હોય ત્યારે જો એમ કહે છે કે 'મારે શુભભાવનું શું કામ છે? તે તો બંધનું કારણ છે' તો તેને શુદ્ધોપયોગ તો નથી અને શુભભાવ જોઈતા નથી તો અશુભભાવ આવશે. બીજું શું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થશે! તેને ખરેખર ભૂમિકા અનુસાર શુભોપયોગ આવે જ તેની ખબર નથી માટે તે મિથ્યાદૃષ્ટિ જીવ છે.

સમ્યગ્દૃષ્ટિને પૂજાનો, ભક્તિનો, દાનનો, યાત્રાનો ભાવ આવે એવી તેની ભૂમિકા છે. શુભભાવ ન આવે તો તો શું તે સિદ્ધ થઈ ગયો છે? અમારે શુભભાવ ન આવે એમ કલ્પના કરનારાને શુભરાગ ન આવે એવો વિકલ્પ ક્યાંથી આવ્યો!

યોગીન્દ્રદેવ કહે છે કે જ્યારે શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ ત્રણ ગુપ્તિથી ગુપ્ત વીતરાગ નિર્વિકલ્પ સમાધિને પામીને ધ્યાનમાં મગ્ન થયેલાં મુનિ પુણ્ય-પાપને સમાન માને છે તે તો યોગ્ય છે પરંતુ જે મૂઢ પરમસમાધિને પામ્યા વિના ગૃહસ્થાશ્રમમાં દાન-પૂજા આદિ શુભક્રિયાઓને છોડી દે છે અને મુનિપદમાં છ આવશ્યક કર્મોને છોડે છે તે બંને વાતે ભ્રષ્ટ છે. ન યતી છે કે ન શ્રાવક છે. તે તો નિંદાયોગ્ય જ છે. માટે તેને દોષ જ છે એમ જાણવું.

નિર્વિકલ્પસમાધિને પામ્યા વિના ગૃહસ્થદશામાં પણ શુભભાવને છોડી દે છે તેને ભૂમિકાની ખબર નથી. શુભભાવ હોય છે અને તેને બંધનું કારણ જાણે છે છતાં અશુભથી બચવા શુભભાવ આવે જ છે. તીવ્રકષાય કરતાં મંદકષાયને એ ઠીક જાણે છે. જેમ બહુ નુકશાન થતું હોય ત્યાં થોડું નુકશાન થાય તેને ઠીક જાણે છે તેમ મંદકષાયને તીવ્રકષાયની અપેક્ષાએ ઠીક માને છે. આ વાત મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે.

સમ્યગ્દૃષ્ટિને શુભભાવ તો એટલાં આવે છે કે તેના ફળમાં સ્વર્ગમાં જ જાય. કોઈ એમ માને કે અમે તો એવા ઉગ્ર પુરુષાર્થી છીએ કે મરીને સીધા મહાવિદેહમાં જઈશું—અમારા ઉગ્ર પુરુષાર્થની દુનિયાને ખબર નથી—એ મૂઢ છે. માણસ એવાં ઊંધા ગોથા ખાય છે કે ગુલાંટ ખાઈને ક્યાં જઈશ તેની ખબર રહેતી નથી. એક તો પગથિયાં એવા હોય અને તેમાં પોતાનો પગ એવો હોય તે પડે એટલે ક્યાંય સ્થિર ન રહે, સીધો ૨૫-૫૦ પગથિયાં ઉતરી જાય. તેમ હું તો ઉગ્ર પુરુષાર્થથી સીધાં સ્વસંવેદનના માર્ગે મોક્ષમાં પહોંચી જઈશ એમ માનનારને ભગવાન કહે છે કે તારી ભૂમિકાની તને ખબર નથી. ચોથા, પાચમા, છઠ્ઠાની ભૂમિકાવાળાને મનુષ્યમાંથી મનુષ્યગતિ આવે જ નહિ. તેને તો વારંવાર સ્વાધ્યાયના, ધર્મધ્યાનના, વિનયના એવા વિકલ્પો આવ્યા હોય કે તે પુણ્યના ફળમાં વૈમાનિકસ્વર્ગમાં જ જાય. એ સ્ત્રી ન થાય, ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષ દેવલોકમાં એ જાય નહિ, નરક કે તિર્યંચમાં તો જાય જ નહિ. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય મરીને મહાવિદેહમાં મનુષ્ય થઈને મોક્ષ જશે એમ કહેનારા ખરેખર તેના વખાણ કરતા નથી પણ જ્ઞાનીને તેણે ઓળખ્યા નથી.

અરે! છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને પણ સ્વરૂપમાં સ્થિર ન હોય ત્યારે શાસ્ત્રશ્રવણ, મનન, ૨૮ મૂળગુણના વિકલ્પ આવ્યા વિના રહેતાં નથી. જાણે છે કે આ પણ બંધનું કારણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે પણ તીવ્રબંધ કરતાં આ મંદબંધ છે એવું તેમના લક્ષમાં રહે છે. ત્યારે તું તો પરમ શુદ્ધોપયોગમાં વર્તતો નથી અને અમારે શુભરાગ ન હોય એમ બોલે છે આ તારા બોલ જ બતાવે છે કે તને શુદ્ધોપયોગ નથી અને ભૂમિકાની પણ ખબર નથી. અહીં તો બધાં નમૂના જોવા મળ્યાં છે કેમ કે એ જાણે કે અહીં નિશ્ચયની વાત છે એટલે વ્યવહારને નહિ માનતા હોય. એક સાધુ અહીં આવ્યા હતાં તે વાત કરતાં કરતાં કહે છે કે 'અમારે મુનિને વ્યવહારનું શું કામ છે?' અરે! તમે બોલો છો—વિકલ્પ ઊઠ્યો છે અને અમારે વ્યવહારનું શું કામ છે એમ કહો છો? વળી કહે છે કે 'વિકલ્પ ઊઠે તે બધો મિથ્યાત્વભાવ છે' અરે! તમે આ બધું ક્યાંથી લાવ્યાં? વિકલ્પ તો છઠ્ઠા ગુણસ્થાને ગણધરને પણ આવે છે. વિકલ્પ ઊઠે તે મિથ્યાત્વ નથી. શુભરાગને ધર્મ અને પરમાર્થે હિતકર માને તો મિથ્યાત્વ છે.

અરે, પણ જીવો ક્યાં ના ક્યાં ખેંચાઈ જાય છે! ગાંડીના પેરણા જેવી વાત છે. ન પહેરે તો એકેય ન પહેરે અને પહેરે તો ત્રણ પહેરે. ગાંડાને કાંઈ ભાન છે! એમ અજ્ઞાની કાં તો પુણ્યને ધર્મનું કારણ માને અને કાં પુણ્યને તદ્દન કાઢી નાંખે, શુદ્ધભાવનું ભાન ન હોય અને શુભભાવને કાઢી નાંખવા માંગે એ શી રીતે કાઢી શકે? બંને પ્રકારના અજ્ઞાની ગાંડા છે—પાગલ છે.

મુનિપદમાં પણ છ આવશ્યકના ભાવ આવે છે. મુનિ તેને કહીએ કે જે શુભાશુભ બંને ભાવને બંધનું કારણ માને, શરીરની ક્રિયાનો કર્તા પોતાને ન માને, અતીન્દ્રિય આનંદનો અનુભવ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત થયેલો હોય અને અંતરમાં આનંદના છોળ ઊઠતાં હોય. આવી મુનિદશામાં પણ જ્યારે શુદ્ધોપયોગમાં રમણતા ન હોય ત્યારે છઠ્ઠા ગુણસ્થાને તેને છ આવશ્યકના ભાવ આવે છે. (૧) કાયોત્સર્ગ (૨) સ્તુતિ (૩) વંદન (૪) પ્રત્યાખ્યાન (૫) પ્રતિક્રમણ (૬) સામાયિક આ છ આવશ્યકોને પણ જો છોડી દે અને શુદ્ધોપયોગ આવતો ન હોય તો તે બંને વાતે ભ્રષ્ટ છે.

જો શુભાશુભભાવ આવે પણ તેને ઉપાદેય ન માને અને સ્વરૂપની દૃષ્ટિ રાખે તો તે સમ્યગ્દૃષ્ટિ છે અને જો શુદ્ધોપયોગમાં ઠરી જાય અને શ્રદ્ધામાં શુભાશુભને હેય માન્યા હતાં તેમ ચારિત્રમાં પણ હેય થઈ જાય—છૂટી જાય અને સ્વરૂપ સમાધિમાં ઠરી જવાય તો તો બરાબર છે પણ ઠરી ન શકાય તો અશુભથી બચવા શુભભાવ આવે જ, ન આવે તો તે નિંદાને પાત્ર છે. કારણ કે એ ભૂમિકામાં શુભભાવ આવવા યોગ્ય છે તેને એ જાણતો નથી માટે તે દોષી છે.

આ પ્રમાણે ૫૫ ગાથા પૂરી થઈ.

❑ ❑ ❑

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ધર્મસન્મુખ લઈ જાય તે પાપોદય પણ ભલો છે

(સળંગ પ્રવચન નં. ૧૦૮)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના બીજા અધિકારની ૫૬ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે પાપના ફળથી આ જીવ નરકાદિમાં દુઃખ પામીને, તે દુઃખ દૂર કરવા માટે ધર્મ-સન્મુખ થાય છે તો તે પાપનું ફળ પણ શ્રેષ્ઠ (પ્રસંશાયોગ્ય) છે.

અહીં નરકના દુઃખને મુખ્યપણે લીધું છે. ગૌણપણે કોઈપણ દુઃખથી છૂટવા માટે જો જીવ ધર્મ-સન્મુખ આવે છે તો તે પાપનું ફળ હિતનું કારણ છે. દુઃખ તો પૂર્વના પાપના ઉદયથી આવે છે પણ તેમાં જો ધર્મ તરફનો વિચાર આવ્યો—તો એ દુઃખ પણ ભલું છે. એ દુઃખ ખરેખર સુખને આપતું નથી પણ તેમાં જે વિચાર આવી જાય છે તે પોતાના હિતનું કારણ થાય છે.

**वर जिय पावई सुंदरई णाणिय ताईं भणंति।**
**जीवहँ दुक्खईं जणिवि लहु सिवमईं जाईं कुणंति।।५६।।**

અર્થ :—હે જીવ! જે પાપનો ઉદય જીવને દુઃખ દઈને શીઘ્ર જ મોક્ષ જવાયોગ્ય ઉપાયોમાં બુદ્ધિ લગાવી દે તો તે પાપનો ઉદય પણ બહુ સારો છે એમ જ્ઞાની કહે છે.

પાપના ઉદયો પણ કેવા કેવા આવે છે! તેમાંય નરકના દુઃખ તો એવા કે એ નારકી વેદે અને ભગવાન જાણે. એવા નરકના દુઃખમાં જીવ અનંતવાર ઊપજ્યો છે. દસહજાર વર્ષની સ્થિતિએ અનંતવાર, દસહજાર અને એક સમયની સ્થિતિએ અનંતવાર, દસહજાર અને બે સમયની સ્થિતિએ અનંતવાર—એમ કરતાં કરતાં તેત્રીસ સાગરોપમની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો છે. એવા દુઃખ તો અનંતવાર આવ્યા તે કાંઈ હિતનું કારણ નથી પણ જે દુઃખમાં એને એમ થાય કે અરે! આ શું! આવા દુઃખને ટાળવાનો કાંઈ ઉપાય હશે કે નહિ! એમ અંતરથી વિચાર કરીને દુઃખને ટાળવાનો પ્રયત્ન કરે છે તો દુઃખ મળ્યું એ પણ સુંદર અને ભલું છે. **सिवमईं जाईं कुणंति** એમ કહ્યું છે એટલે કે જો જીવ મોક્ષ પામવા યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ લગાવે તો તે દુઃખ પણ ભલું છે.

અહીં મનુષ્યભવમાં થોડી ખાવા–પીવા આદિની અનુકૂળતા મળી છે ત્યાં, પૂર્વે અનંત

દુઃખ ભોગવીને આવ્યો છે તેનો વિચાર પણ નથી. કેટલી અનુકૂળતા અને માન આદિની આશા લઈને ગયા હોય અને રસ્તામાં જ કુમરણે મરી જાય—મડદાં પણ હાથ ન આવે—એવા દુઃખ જીવે એકવાર નહિ પણ અનંતવાર ભોગવ્યા છે પણ ભૂલી ગયો છે. હવે જો આશાતાના ઉદયમાં શિવમતિ—મોક્ષમાર્ગનો ઉપાય કરે, અંદરથી ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એવી બુદ્ધિ અને મતિને કરે તો આચાર્યદેવ કહે છે એવી મતિમાં નિમિત્ત થનાર ઉદયને પણ અમે નિમિત્ત તરીકે વધાવીએ છીએ—સુંદર કહીએ છીએ.

ભાવાર્થ :—દૃષ્ટાંત આપે છે કે કોઈ જીવ પાપ કરીને નરકમાં ગયો, ત્યાં મહાન દુઃખ ભોગવ્યાં એમાં કોઈ સમયે દુઃખથી છૂટવાનો ઉપાય કરતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે. જો દુઃખથી સમ્યક્ત્વ થતું હોય તો દુઃખ તો જીવ અનંતવાર પામ્યો છે, દુઃખથી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી પણ જો એ દુઃખથી છૂટવા માટે ઉપાયમાં બુદ્ધિ લાગે તો સમ્યક્ત્વ થાય છે એમ કહ્યું છે. દુઃખથી છૂટીને સ્વર્ગાદિ સુખ લેવા માટે કરતો હોય તો સમ્યક્ત્વ થતું નથી. સ્વર્ગમાં પણ જેને દુઃખ લાગે અને તેનાથી છૂટવાનો ઉપાય કરે તો સમકિતની પ્રાપ્તિ થાય છે.

નરકગતિમાં પણ અનંતકાળમાં ન પામ્યો હોય એવું સમ્યક્ત્વ પ્રથમવાર પામી શકે છે. સાતમી નરકમાં પણ પામે છે. અરે! આ દુઃખની પીડા! એમ દુઃખથી થાકીને સુખનો ઉપાય શોધે છે.

શાસ્ત્રકાર સંયોગથી વાત કરીને સમજાવે છે કેમ કે અજ્ઞાનીને સંયોગથી દુઃખ ભાસે છે. ખરેખર દુઃખ તો શરીર અને રાગની એકતાનું છે. ચૈતન્યને ભૂલીને જેટલું વિકાર અને શરીરાદિમાં એકત્વ છે તેટલું જ દુઃખ છે પણ એને સંયોગમાં પ્રતિકૂળતા આવે ત્યારે દુઃખ દેખાય છે. એક બાઈને શીતળા નીકળ્યા હતાં તેમાં દાણે દાણે ઈયળો પડી હતી, એ દુઃખ કેટલું હશે! તેની કરતાં તો અનંતગણું દુઃખ નરકમાં દસહજાર વર્ષની સ્થિતિએ છે. એથી વધતી વધતી દુઃખ દશા ૩૩ સાગરોપની સ્થિતિમાં હોય છે. કરોડો વીંછી એક સાથે કરડતાં હોય તેવી પીડા થાય છે. એક ઠાકરિયો વીંછી અહીં કરડ્યો હોય તો બે–ત્રણ કલાકમાં માણસ મરી જાય એવા વીંછી અને સર્પો ત્યાં એક સાથે કરડતાં હોય એ દુઃખની પીડામાં કોઈ જીવને એમ થઈ જાય કે આ દુઃખથી મુકત થવાનો કોઈ ઉપાય નહિ હોય!! એમ વિચારતાં કોઈ જીવને અંતરમાં શિવમતિ અર્થાત્ આત્માનો અનુભવ થઈ જાય છે. આ આત્મામાં જેટલો કાળ રહું એટલો મને આનંદ છે. તે જ મને દુઃખ મટવાનો ઉપાય છે. આવી દશા થાય છે તેને એ નરકનું દુઃખ મોક્ષ પ્રાપ્તિના ઉપાયમાં નિમિત્ત થયું કહેવાય છે.

મૂળ પાઠમાં નરકની વાત નથી. પાઠમાં તો જે પાપના ઉદયમાં જીવ શિવમતિ કરે

www.vitragvani.com



છે તે પાપનું ફળ પણ ભલું છે એમ કહ્યું છે તેના સ્પષ્ટીકરણમાં અનેક પ્રકારે પાપના ઉદયના દ્રષ્ટાંત લઈને કહી શકાય છે.

આંખમાં, નાકમાં, કાનમાં કપડાં ભરાવીને માણસનું પોટલું વાળીને ઝાડ ઉપર લટકાવીને, નીચે અગ્નિ કરે એવા દુઃખના પ્રસંગે પણ જો તેની બુદ્ધિ છૂટવાના ઉપાયમાં લાગે તો તે દુઃખ પણ ભલું છે. એ સંયોગ તેને અનુકૂળ કે પ્રતિકૂળ કાંઈ નથી. શરીરના રજકણોનો સંયોગ ગમે તે રીતે ગોઠવાયેલો હોય તે કાંઈ આત્માને સાધવામાં અનુકૂળ નથી અને પ્રતિકૂળ પણ નથી. મને જરાં ધર્મનું બોલવાની કે સાંભળવાની અનુકૂળતા છે માટે મને ઠીક છે એ વાત જૂઠી છે અને પ્રતિકૂળ સાધન છે માટે હું ધર્મ પામી શકતો નથી એ વાત પણ ખોટી છે.

નરકમાં સમ્યક્ત્વની પ્રાપ્તિના ત્રણ કારણ છેઃ–(૧) ત્રણ નરક સુધી દેવો નારકીને સંબોધવા જાય છે તો ક્યારેક કોઈ જીવને ધર્મ-સંબોધનના નિમિત્તથી સમ્યક્ત્વ થઈ જાય છે—આત્મભાન કરે તો તે સંબોધનથી થયું એમ કહેવામાં આવે છે. કારણ કે જીવે ધર્મ તો ઘણીવાર સાંભળ્યો હોય પણ ધર્મ પામ્યો ન હોય. જ્યારે તેને સાંભળીને અંતરથી વિચાર આવે કે અરે! હું અખંડાનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું કે જેના સર્વજ્ઞો વખાણ કરતાં થાકતાં નથી એવું હું શુદ્ધ દ્રવ્ય છું? એમ વિચાર કરતાં સમ્યક્ત્વ પામે તેને ધર્મસંબોધનથી સમ્યક્ત્વ થયું કહેવાય છે.

બીજું કારણ—પૂર્વભવનું સ્મરણ. નારકી જીવને પણ પૂર્વભવનું સ્મરણ થઈ આવે છે કે અહો પૂર્વે અમને મુનિઓએ ઉપદેશ આપ્યો હતો કે આત્મા શુદ્ધ ચિદાનંદ છે એ અમે સાંભળ્યું હતું પણ પ્રયત્ન ન કર્યો એ યાદ આવી જતાં વર્તમાનમાં પ્રયત્ન કરીને કોઈ જીવ પામી જાય છે. તેમાં પૂર્વનું સ્મરણ કાંઈ સમકિત પામવાનું સાધન નથી પણ પોતે પ્રયત્ન કરીને પામે તો તે સ્મરણને નિમિત્ત કહેવાય છે. એવું વિભંગ અજ્ઞાન તો અભવિને ઘણીવાર થયું છે. ભવ પહેલાં આ ભવ–આ ભવ એમ દેખે પણ સમ્યક્ત્વને પામતો નથી. જે ભવ્ય જીવ નરકમાં પૂર્વભવનું સ્મરણ આવતાં વિચાર લંબાવે કે મેં આવી વાત સાંભળી હતી પણ માની નહિ અને દારૂ પીધા, માંસ ખાધા તેથી મારે અહીં આવવું પડ્યું, હું આત્મા તો એનો એ જ છું—એમ વિચાર કરતાં આત્માનુભવ કરે તો તેને પૂર્વભવના સ્મરણથી સમ્યક્ત્વ થયું કહેવાય છે.

ત્રીજું કારણ—નરકની પીડાથી દુઃથી થઈને, નરકને મહાન દુઃખનું સ્થાન જાણીને, નરકના કારણ જે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ અને આરંભાદિક છે તેને ખરાબ જાણીને તેનાથી ઉદાસ થાય અને વિકારથી એકદમ ઉદાસ થઈ જાય–અરે! મેં આવા પાપ કર્યાં. મનુષ્યભવમાં પણ મેં સત્-ઉપદેશને માન્યો નહિ! એમ કરીને જો આત્મભાન પામે તો તેને પીડાના નિમિત્તથી સમ્યક્ત્વ થયું કહેવાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આમ ત્રણ નરક સુધી આ ત્રણ કારણો છે. આગળના નરકોમાં દેવોનું આગમન નથી તેથી બે કારણથી સમ્યક્ત્વ થાય છે. ચોથીથી સાતમી નરક સુધી ધર્મશ્રવણનો યોગ નથી પણ જાતિસ્મરણ અને પીડા ચિંતનનું કારણ પામીને કોઈ ભવ્યજીવ ધર્મ પામે છે. અંતરમાં ગુંલાટ ખાઈ જાય કે અહો! આત્મા તો અકૃત્રિમ ચૈતન્યસ્વરૂપ છે અને આ આકુળતા તો કૃત્રિમ અને ક્ષણિક છે. ત્રિકાળ સ્વભાવ તો વિપરીત ભાવથી વિપરીત છે, એમ અનાકુળ આનંદસ્વભાવની પ્રતીતિ કરીને કોઈ જીવ સમકિત પામી જાય છે.

આ નયથી કોઈ ભવ્યજીવ પાપના ઉદયથી ખોટી ગતિમાં ગયો અને ગયા પછી મતિ સુલટી જાય અને સમકિત પામે તો કુગતિ પણ બહુ શ્રેષ્ઠ છે. જેનાથી જન્મ-મરણનો અંત આવ્યો એવી ગતિને સુગતિ ગણવામાં આવે છે. ક્યાંક ભકિતમાં આવે છે કે જેમાં મને એકાવતારીપણું પ્રાપ્ત થયું એવો પંચમ-આરો મારા માટે સારો છે. ચોથા આરામાં ન કર્યું એવું કામ પ્રભુ! મેં તમારા વિરહના કાળમાં કર્યું તો એ કાળ મારા માટે સફળ છે. ભગવાનની સમીપમાં ભવનો છેદ ન કર્યો અને પાંચમાં આરામાં ભવનો છેદ કર્યો તો એ ભગવાનની સમીપ જ છે.

આ જ શ્રી યોગીન્દ્ર આચાર્યે મૂળમાં કહ્યું છે—જે પાપનો ઉદય જીવોને દુઃખ પ્રાપ્ત કરાવીને પછી શીઘ્ર મોક્ષમાર્ગમાં બુદ્ધિ લગાવે તો તે અશુભ પણ સારું છે તથા જો અજ્ઞાની જીવ કોઈ સમયે અજ્ઞાનતપ—વ્રત—જપ—ભકિત કરીને દેવ થયો અને દેવ મરીને એકેન્દ્રિય થયો તો તે દેવપર્યાય પામવી શું કામની? દેવને આયુ પૂરું થવા આવે ત્યારે જો એમ વિચાર આવે કે અરે! મારે અહીંથી મરીને ઢોરના પેટમાં નવ મહિના રહેવું પડશે! આ કરતાં તો એકેન્દ્રિયમાં જવું સારું. આ એક ભવમાં મોક્ષ જનારા દેવ સાથે રહ્યો અને હવે મારું કોઈ નહિ! હું ક્યાં જઈશ! નવ મહિના પેટમાં રહેવા કરતાં તો—એમ વિચાર આવે ત્યાં તો સીધું એકેન્દ્રિયનું આયુષ્ય બંધાઈ જાય છે અને વનસ્પતિ આદિમાં ફેંકાઈ જાય છે. છઢાળામાં આ બધું વર્ણન ચિત્ર સહિત આપ્યું છે. ઊંચું ફુલ કે પૃથ્વી કે પાણીમાં જઈને અવતરે છે તો આવા અજ્ઞાનીને દેવપર્યાય મળી તે પણ વૃથા છે.

મિથ્યાદષ્ટિ અજ્ઞાનવ્રત, તપ કરીને મરીને દેવ થઈને અંતે આવી દશાને પામે છે. માટે એ દેવપણું પણ ભલું નથી. જો ક્યારેક જ્ઞાનના પ્રસાદથી—આ હવે સમકિતીની વાત આવે છે—જો જીવ જ્ઞાનના પ્રસાદથી ઉત્કૃષ્ટ દેવ થઈને ઘણોકાળ સુખ ભોગવીને દેવમાંથી મનુષ્યપર્યાય પામીને, મુનિવ્રત ધારણ કરી, મોક્ષ પામે તો તેના સમાન બીજું શું હોઈ શકે!

આત્મજ્ઞાન સહિત, આત્મદૃષ્ટિ સહિત, આત્મ-અનુભવ સહિત, વ્રત—નિયમ આદિના શુભભાવ થયા હોય, શુભભાવનો આદર ન હોય છતાં એવા ભાવ આવ્યા વિના રહેતાં ન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોય તો એવા જીવ પુણ્યના ફળમાં સ્વર્ગાદિ સુખ ભોગવે છે અને આત્મ-જ્ઞાનાદિના ફળમાં મુકિતને પામે છે. દેવમાંથી મનુષ્યમાં આવીને અધૂરી સાધના પૂર્ણ કરીને મુકત થઈ જાય છે.

આત્મભાન વિના અજ્ઞાની વ્રત—તપ કરીને દેવ થઈને અંતે એકેન્દ્રિયમાં જાય છે જ્યારે આત્મભાન સહિત જ્ઞાની વ્રત—તપના ફળમાં દેવ થઈ અંતે મનુષ્યપણું પામી, મુનિ થઈ, કેવળ પામી મોક્ષ જાય છે. આમાં આત્મસ્વભાવના આશ્રયે જે સંવર—નિર્જરા પ્રગટી છે તેની મહિમા છે. વચમાં શુભભાવ થાય છે તે છોડવાલાયક છે એવા ભાવે થાય છે, દેવમાં જાય છે ત્યાં પણ શુભભાવ છોડવાલાયક છે એવા ભાવે રહે છે, પણ છૂટતાં નથી. તે મનુષ્યપણામાં આવી, મુનિ થઈ શુભભાવને પણ છોડી શુદ્ધસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે અને મુકિત પામે છે તો તેના જેવું ઊંચું બીજું શું હોય!

જેને શુભભાવ આદરણીય છે, એ જ અમારો ધર્મ છે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મુનિ છે. તે મરીને સ્વર્ગમાં જાય પણ ત્યાંથી એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે એવા શુભ પણ ભલા નથી.

જો કોઈ ભવ્યજીવ નરકમાંથી નીકળી, મનુષ્ય થઈ, મહાવ્રત ધારણ કરી, મુક્તિ પામે તો તે પણ બહુ સારું છે. જ્ઞાનીપુરુષ તે પાપીઓને પણ શ્રેષ્ઠ કહે છે કે જે પાપના પ્રભાવથી દુઃખ ભોગવીને તે દુઃખથી ડરીને, પાપને દુઃખના મૂળકારણરૂપ જાણીને તે પાપથી ઉદાસ થાય તે પ્રસંશા કરવાયોગ્ય છે. પાપથી એટલે બધાં વિકારથી ઉદાસ થાય છે તે પ્રસંશનીય છે. કેમ કે પાપક્રિયા હંમેશા નિંદનીય છે.

ભેદાભેદરત્નત્રયસ્વરૂપ શ્રી વીતરાગદેવના ધર્મને જે ધારણ કરે છે તે શ્રેષ્ઠ છે. અભેદરત્નત્રય એટલે અખંડાનંદ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન-રમણતા તે અભેદરત્નત્રય અર્થાત્ સાચાં—નિશ્ચયરત્નત્રય છે તેની સાથે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ હોય છે. ભેદરત્નત્રય અર્થાત્ વ્યવહારરત્નત્રય અને અભેદ બંને રત્નત્રયને ધારણ કરનાર કોઈ પણ જીવ પ્રસંશનીય છે તે ભલે સુખી હો કે દુઃખી હો (સંયોગથી) પણ રત્નત્રયને ધારણ કરે છે માટે તે શ્રેષ્ઠ છે. શાસ્ત્રનું વચન છે કે કોઈ મહાભાગ દુઃખી થયા થકાં જ ધર્મમાં લવલીન થાય છે.

કોઈ શેઠ કે રાજા મુનિ થાય તેનું મુનિપણું ઊંચું અને કોઈ ગરીબ માણસ મુનિ થાય તેનું મુનિપણું નીચું—એવું હોતું નથી. સુખી હો કે દુઃખી હો દરેકનું મુનિપણું મહાન છે. કર્મના ઉદયથી દુઃખી જીવો જો ધર્મપરાયણ થઈ જાય છે તો તેનો રસ્તો ભલો છે. તુલસીદાસ એમ કહે છે કે 'સુખને માથે શીલા પડે, હરિ હૃદયસે જાય, બલિહારી યે દુઃખકી,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પલ પલ રામ સમરાય.' અહીં તો કહે છે કે અનુકૂળતા છોડીને કરે કે પ્રતિકૂળતાને છોડીને કરે—જે આત્માનુભવ કરે તે ભલો જ છે.

૨૦૦૬ની સાલમાં એક ભાઈ ચર્ચા કરવા આવ્યા હતાં કે નિમિત્ત આવે તેવું કાર્ય થાય. તેને કીધું સર્વજ્ઞે જે કાળે જે પદાર્થની જે પર્યાય જેવા નિમિત્તની હાજરીમાં થવાની છે તે બધું જોયું છે કે નહિ? સર્વજ્ઞના જ્ઞાનમાં કાંઈ અક્રમ અનિયત કે અકાળે છે જ નહિ. અહીં તો સર્વજ્ઞ જ ધર્મનું મૂળ છે. તેને ન માનો તો ચર્ચા કરવાનો કાંઈ અર્થ જ નથી. ધર્મનો આધાર સર્વજ્ઞ છે. સર્વજ્ઞના જ્ઞાનનો નિર્ણય કરે તો બધો ખુલાસો થઈ જાય. ભગવાને દરેક કાર્ય તેના પોતાના ઉપાદાનથી થતું જ જોયું છે, નિમિત્તની તે વખતે હાજરી હોય છે.

આર્તનર એટલે દુઃખિયાજીવો પણ ભગવાન આત્માના સ્વરૂપને સમજીને સ્મરણ કરે તો સુખી થઈ શકે છે. માટે સુખી જીવ જ સુખને પામે છે એવું નથી. જેની દૃષ્ટિ સંયોગ ઉપરથી ઉઠી ગઈ તેને સંયોગ અનુકૂળ હો કે પ્રતિકૂળ હો તેની સાથે કાંઈ સંબંધ નથી.

આ ૫૬ ગાથા થઈ. હવે ૫૭ ગાથામાં કહે છે કે નિદાનબંધથી ઉપાર્જન કરેલાં પુણ્યકર્મ જીવને રાજ્યાદિ વિભૂતિ દઈને નરકાદિ દુઃખ ઉત્પન્ન કરાવે છે માટે, સારાં નથી.

**मं पुणु पुण्णइँ भल्लाइँ णाणिय ताइँ भणंति।**
**जीवहँ रज्जइँ देवि लहु दुक्खइँ जाइँ जणंति॥५७॥**

અર્થ :—તે પુણ્ય પણ સારાં નથી કે જે જીવને રાજ દઈને તરત જ નરકાદિ દુઃખોને ઊપજાવે છે એમ જ્ઞાની પુરુષો કહે છે.

એમ પણ આવે છે કે તપેશ્રી તે રાજેશ્રી અને રાજેશ્રી તે નરકેશ્રી અર્થાત્ તપાદિ પુણ્ય કરીને રાજ્યપદ પામે ત્યાં વળી પાપ કરીને નરકમાં ચાલ્યો જાય તો તે તપ પણ શા કામનું? પણ જો જીવ પુણ્યના ફળના કાળમાં ધર્મને યાદ કરે અને ધર્મરૂપે પરિણમે તો નરકેસરી—મનુષ્યોમાં શ્રેષ્ઠ થાય. ભરતચક્રવર્તીને પુણ્યના ફળ કેવા હતાં! પણ તેમાં મમત્વ ન કર્યું તો એ પુણ્ય તેને નરકાદિમાં લઈ ન ગયા. આત્માના ભાન વિના કરેલાં પુણ્યના ફળ જ જીવને નરકાદિનું કારણ થાય છે.

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ પરમાનંદ અતીન્દ્રિય-સુખનો અનુભવ—તેનાથી વિપરીત જે દેખેલાં, સાંભળેલાં, ભોગવેલાં ઇન્દ્રિયોના ભોગ તેની વાંછારૂપ નિદાનબંધ પૂર્વક જ્ઞાન, દાન, તપ આદિકથી ઉપાર્જન કરેલાં જે પુણ્યકર્મ છે તે હેય છે. આત્માના જ્ઞાન સિવાય એકલાં પરના જ્ઞાનથી પુણ્યનું ઉપાર્જન થાય છે, આત્મલાભ થતો નથી. વ્યવહારૂજ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન, ભણતરનું જ્ઞાન, ઇન્દ્રિયનું જ્ઞાન આદિ પરસંબંધી જ્ઞાનથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તથા તપ અને દાન આદિથી ઉપાર્જેલું પુણ્ય છે તે હેય છે કેમ કે તે ભોગોની ભાવનાપૂર્વક થયેલું હોય છે. માટે તે નિદાનબંધ છે.

ડોકટર, વકીલ આદિનું જ્ઞાન તો એકલું લૌકિકજ્ઞાન છે તે તો પાપ જ છે પણ શાસ્ત્ર આદિનું જ્ઞાન કે હજારો લોકોમાં ભાષણ કરીને ઉપદેશ આપી શકે એવું જ્ઞાન પણ જો પૂર્વે સાંભળેલાં, અનુભવેલાં ભોગોની વાંછાપૂર્વક કરવામાં આવેલું છે તો તે પણ ભવિષ્યમાં પાપબંધનું કારણ હોવાથી હેય જ છે. આ જ્ઞાનથી મને લાભ થશે, ધર્મ થશે એવી માન્યતાથી થયેલું હોવાથી મિથ્યાત્વ છે. સાથે શુભ વિકલ્પ હોય તો પુણ્ય બાંધે પણ તેનાથી ધર્મ તો ન જ થાય. અહીં ધર્મના માપ જ જુદી જાતના છે.

લોકોને તો એમ થાય છે આત્માનું જ્ઞાન ભલે ન હોય પણ બધાંને સમજાવવાની શકિત હોય તો કેટલો લાભ થાય! ભાઈ! આત્માના લક્ષ વગર લાભને બદલે નુકશાન થાય. જો એ શુભભાવની સાથે નિદાન હોય કે આ પુણ્યથી મને સારાં સંયોગ મળશે, પુણ્યથી મારાં કર્મોની નિર્જરા થશે, અનેક પ્રકારે લાભ થશે એવી ઈચ્છા છે તો એ પુણ્યથી રાજ્યાદિ વિભૂતિ તો મળશે પણ આત્માનો લાભ નહિ થાય, કર્મોની નિર્જરા નહિ થાય.

પુણ્યકર્મ જીવને બીજાં ભવે રાજ્ય આદિ વિભૂતિ આપે છે તેને પામીને, અજ્ઞાની જીવ વિષય-ભોગોને છોડી શકતાં નથી તેનાથી પાપ બંધાય છે અને તેના ફળમાં નરકાદિ દુઃખ પામે છે. પુણ્યના આદરપૂર્વક કરેલાં જ્ઞાન તપાદિના ફળ સમયે એ પુણ્યના ફળને છોડી શકતાં નથી.

શ્રોતા :–નિદાનબંધ કર્યું હોય તો પુણ્યના ફળ જીવને મમતાનું કારણ થાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યાં મિથ્યાત્વ છે ત્યાં નિદાન પણ સાથે જ છે. નિઃશલ્યવૃત્તિ તો માયા, મિથ્યાત્વ અને નિદાન ત્રણેય છૂટે ત્યારે જ થાય છે. જ્યાં મિથ્યાત્વ છૂટ્યું નથી ત્યાં દેહની ક્રિયા, રાગની ક્રિયા આદિથી મને અને બીજાને લાભ થાય એવી ઈચ્છા પડી જ છે તે નિદાનબંધ છે. મિથ્યાત્વમાં નિદાન રહેલું જ છે તેથી તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામી કહે છે કે, **निशल्योव्रती** જેને ત્રણેય શલ્ય છૂટ્યા છે તે વ્રતી છે. જેને મિથ્યાદર્શન શલ્ય ગયું, પુણ્ય પરિણામમાં આદર નથી, દેહની ક્રિયાને પોતાની માનતો નથી, પરની દયા હું પાળી શકું છું એમ માનતો નથી, મારાં જ્ઞાનથી વિપરીત બધાં ભાવ બંધના કારણ છે એમ જાણે છે તેને સમ્યગ્દર્શન–જ્ઞાન સહિત જે પુણ્ય બંધાય છે તેના ફળમાં સ્વર્ગમાં જઈ, મનુષ્ય થઈ—મોક્ષમાં જાય છે. પણ જેને પુણ્યનો આદર છે એવા મિથ્યાદૃષ્ટિના પુણ્ય, આગળ જતાં પાપના કારણ થાય છે.

તેથી કુંદકુંદઆચાર્ય તો પુણ્ય–પાપ અધિકારમાં કહે છે કે પુણ્ય, પુણ્યનું બંધન અને પુણ્યના ફળને મનથી સારાં માનીશ નહિ.

પુણ્યની મીઠાશથી મોટાં માનવંતાઓ પણ પતિત થયાં છે. સમ્યગ્દર્શન વિના ઉપાર્જેલાં પુણ્યના ફળમાં જીવ એકાકાર થયાં વિના રહેતો નથી. ભોગોમાં એકાકાર થવાથી પાપબંધ થાય છે અને તેના ફળમાં નરકાદિ દુઃખ પામે છે. કોની જેમ?—રાવણની જેમ એવું દૃષ્ટાંત આપ્યું છે.

રાવણને જાણપણું કેટલું હતું! રાજ્યનું જ્ઞાન તો હતું જ. સાથે ૭૨ કળાઓનું જ્ઞાન હતું. એ બધું પૂર્વે બાંધેલાં પુણ્યનું ફળ હતું. રામચંદ્રજી સીતાજીને લેવા આવ્યાં તો ના પાડી દીધી. વિભીષણ સાચી સલાહ આપે છે કે ભાઈ! આ તમે છોડી દયો. રામ—લક્ષ્મણ બળદેવ—વાસુદેવ છે તે તમને મારશે. આ તમે વાઘણને ઘરમાં લીધી છે. સીતાજીને છોડી દયો...રામ પુરુષોત્તમ પુરુષ છે એ પાછા નહિ હટે. ત્યારે રાવણ ગુસ્સો કરે છે કે મારો ભાઈ થઈને તું દુશ્મનના વખાણ કરે છે? પછી તો રાવણ મંદિરમાં જઈને વિદ્યા સાધવા બેસે છે ત્યારે બીજાં રાજાઓ રામને કહે છે કે રાવણ વિદ્યા સાધે છે તે સિદ્ધ થઈ જશે તો સીતા પાછા નહિ મળે માટે હુકમ કરો તો રાવણને વિઘ્ન કરીએ. ત્યારે રામ કહે છે—એક સીતા તો શું, હજાર સીતા હાથ ન આવે તોપણ અમે અન્યાય અનીતિ નહિ કરીએ. કોઈની સાધનામાં વિઘ્ન કરવાં એ અમારાં કામ નહિ. અહાહા! પુરુષોત્તમ પુરુષ છે ને! રાવણનું માથુ કાપવા આવ્યા છે પણ અન્યાય અનીતિથી નહિ. સમય આવ્યે હુકમ કર્યો, માથુ કપાયું અને રાવણ સીધો નરકમાં ચાલ્યો ગયો. અજ્ઞાનથી બાંધેલાં પુણ્યના ફળ તેને નરકમાં લઈ ગયા માટે એ પુણ્ય પણ ભલાં નથી. જો દુઃખમાં આત્માનું ભાન થતું હોય તો એ દુઃખ પણ ભલું છે, સારું છે. એ વાત અહીં કરી.

# સમ્યક્ત્વ રહિત સ્વર્ગ–નિવાસ પણ ભલો નથી. સમ્યક્ત્વ સહિત નર્ક–વાસ પણ ભલો છે.

(સળંગ પ્રવચન નં. ૧૦૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના બીજા અધિકારની ૫૭ ગાથા ચાલે છે.

જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ આત્માના ભાન વિના અજ્ઞાનભાવે જે શુભભાવ થાય છે તેના ફળ તરીકે રાજ્ય આદિ વિભૂતિ મળે છે. તે વિભૂતિને પામીને અજ્ઞાની જીવ વિષય-ભોગાદિને પ્રેમથી ભોગવે છે અને રાજ્ય આદિનું અભિમાન કરે છે તેથી નરકાદિના દુઃખને પામે છે માટે અજ્ઞાનીના પુણ્યકર્મ હેય છે. દા.ત. રાવણ પુણ્યના ફળ ભોગવીને, પાપ બાંધી નરકમાં ગયો.

તીર્થંકરદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમદેવે આત્મા શુદ્ધ–આનંદનો કંદ, જ્ઞાયકમૂર્તિ છે એમ જોયું છે, અનુભવ્યું છે અને કહ્યું છે. આવા આત્માની અંતર્દૃષ્ટિ જેને થઈ નથી અને એકલાં વ્રત, તપ, ભક્તિ આદિના શુભપરિણામ કરે છે તેનાથી તેને પુણ્યબંધ તો થાય છે અને તેના ફળમાં વૈભવ મળે છે પણ આત્માના વૈભવનું જ્ઞાન નહિ હોવાથી જડવૈભવનું અભિમાન કરીને તે નરકાદિ ગતિમાં ચાલ્યો જાય છે માટે અજ્ઞાનીનું પુણ્ય સારું નથી, તેથી હેય છે.

હવે બીજી રીતે વાત કરે છે કે જો જીવને આત્માના શુદ્ધસ્વભાવના હેતુ પૂર્વક, બહુમાન પૂર્વક, નિદાનબંધ કર્યા વિના દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ શુભપરિણામ થાય છે તો તેનાથી બંધાયેલા પુણ્યકર્મના ફળમાં તેને પણ રાજ્યાદિ વિભૂતિ પ્રાપ્ત થાય છે. દા.ત. બળદેવએ ભોગોને છોડીને જિનરાજની દીક્ષા ધારણ કરી ઊર્ધ્વગામી થાય છે. રામચંદ્રજી બળદેવ હતાં. દરેક બળદેવને પૂર્વે આત્મજ્ઞાન સહિત, નિદાનબંધ રહિત પુણ્ય બંધાયેલ હોય છે તેના ફળમાં સ્વર્ગમાં જઈને પછી મનુષ્યમાં બળદેવ તરીકે જન્મ લે છે. એ દરેક બળદેવ ઊર્ધ્વગામી જ હોય છે. કોઈ તો એ જ ભવે મોક્ષમાં જાય છે અને કોઈ સ્વર્ગમાં જાય છે પણ નીચી ગતિમાં કોઈ જતાં નથી. જ્યારે વાસુદેવની પદવીને પ્રાપ્ત જીવોને પૂર્વે આત્મભાન તો થયું હોય છે અને પુણ્ય પણ હોય છે પણ તેના ફળ માટે તે નિદાન કરે છે તેથી રાજ્યાદિ વિભૂતિ તો મળે છે પણ પછી તેની ગતિ નીચી થાય છે—નરકમાં ચાલ્યા જાય છે.

બળદેવ અને તીર્થંકર આદિ પદના ધારકોએ પૂર્વે નિર્મળ આત્માનું સેવન કર્યું છે અને સાથે પુણ્ય પણ બાંધ્યા છે કેમ કે પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગની મંદતામાં શુભપરિણામથી પુણ્યકર્મ બંધાયા વિના રહેતાં નથી. તે પુણ્યના ફળમાં સ્વર્ગમાં જઈને પછી

www.vitragvani.com



મનુષ્યમાં મોટા રાજા–મહારાજા કે તીર્થંકર થાય છે. તે અમુક કાળ સુધી ભોગોમાં રહીને પછી તેને છોડી મુનિદીક્ષા લઈ લે છે.

જુઓ! નિદાનબંધવાળા વાસુદેવો નરકમાં જાય છે, જ્યારે નિદાનબંધ રહિત બળદેવ તીર્થંકર આદિ પુરુષો સ્વર્ગમાં કે મોક્ષમાં જાય છે.

બાળકોને પણ આવા આત્માનું સ્વરૂપ સમજાય તેમ છે હો! જેમ આ બધી વસ્તુ દેખાય છે તે રૂપી વસ્તુ છે, તેમ આત્મા અરૂપી હોવા છતાં એક વસ્તુ છે. અરૂપી છે માટે અવસ્તુ નથી. ભગવાન આત્મા શરીરથી ભિન્ન મહાન ચૈતન્ય પદાર્થ અરૂપી વસ્તુ છે. એકલો જ્ઞાનનો ઘન–જ્ઞાનનો સૂર્ય છે. આવા આત્માના શ્રદ્ધા–જ્ઞાન વિના અજ્ઞાની એકલાં શુભભાવ કરીને તેના ફળમાં સ્વર્ગમાં તો જાય પણ ત્યાં ગૃદ્ધિપૂર્વક વિષયો ભોગવીને એ મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયમાં પણ ચાલ્યો જાય છે. અને કોઈને વિશેષ પુણ્ય બાકી રહ્યા હોય તો સ્વર્ગમાંથી મનુષ્યમાં આવીને રાજ્યાદિ સંપદા પામીને પછી ભોગમાં લીન થઈને બાંધેલાં પાપના ફળમાં નરકાદિ ગતિમાં ચાલ્યો જાય છે. માટે કહ્યું કે તે પુણ્ય પણ ભલાં નથી.

હવે ધર્મીજીવના પુણ્યની વાત લઈએ તો ધર્મીને પુણ્યનો આદર નથી, તેને તો એક માત્ર ચૈતન્યનો જ આદર છે અને ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્યની જ લગની છે પણ ચૈતન્યના અનુભવમાં સ્થિર રહી શકતાં નથી અને પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ નથી ત્યાં સુધી વચમાં શુભરાગ આવ્યા વગર રહેતો નથી. દેવ-શાસ્ત્ર–ગુરુના વિનય, બહુમાન આદિનો શુભભાવ આવે છે તેના ફળમાં એ સ્વર્ગાદિમાં જાય છે પણ અંતર્દૃષ્ટિમાં તેને એ સ્વર્ગના વૈભવનો આદર હોતો નથી. પંચમકાળના મુનિઓ સ્વર્ગમાં જ જાય પણ તેના લેખ જુઓ તો–પદ્મનંદિ પંચવિંશતિમાં છેલ્લે પદ્મનંદિ મુનિ એમ લખે છે કે પુણ્યના ફળમાં સ્વર્ગ મળશે પણ અમારે એવા ફળ જોઈતાં નથી...આવા નિષેધના ભાવ સહિત મુનિઓ દેહ છૂટતાં સ્વર્ગમાં જાય છે. આલોચનામાં છેલ્લે આવે છે અને બધાં સંતોની શૈલી જ એવી હોય છે કેમ કે જાણે છે કે અમે આરાધક હોવા છતાં પંચમકાળમાંથી સીધાં મોક્ષમાં જવાના નથી, સ્વર્ગમાં જ જવાનું છે, તેથી પહેલેથી નિષેધ કરતાં જાય છે કે નાથ! અમારે ત્રણલોકના રાજ પણ ન જોઈએ, અમારે તો કેવળજ્ઞાનના રાજ જોઈએ છે–આત્માનો આનંદ જોઈએ છે. આમ, ભાવના ભાવતાં મરણ આવતાં સ્વર્ગમાં જાય છે અને ત્યાંથી ફરી મનુષ્યમાં રાજા કે શેઠિયા થાય પણ સમ્યગ્દર્શન સહિત–આરાધકભાવ લઈને આવ્યા છે તેથી ભોગોને છોડી દેશે, ભોગોમાં પડ્યા નહિ રહે. આખી જિંદગી ભોગોના કીચડમાં ધર્મી પડ્યાં રહેતાં નથી. અમારો અવતાર ભવના અભાવ માટે છે. આ અમારો છેલ્લો અવતાર છે. અમે આત્માની પૂર્ણદશા લેવા અવતર્યાં છીએ, આ ભોગો ભોગવવા માટે અવતર્યાં નથી. એમ વૈરાગ્ય કરી, ભોગો છોડી વીતરાગ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પરમેશ્વરે કહેલી જિનેશ્વરીદીક્ષા ધારણ કરે છે અને બળદેવ આદિ મહાપુરુષોની જેમ ઊર્ધ્વગતિમાં ચાલ્યા જાય છે.

તીર્થંકર જેવા પુરુષો તો જન્મથી જ ત્રણ જ્ઞાન લઈને અવતરે છે. એ બાળક હોય તોપણ ઠરી ગયેલાં દેખાય એવી જેની દશા હોય છે. અંતરમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. તેનું છેલ્લું—ચરમશરીર છે. આ ભવે જ સર્વજ્ઞ થવાના છે. તેને બાળક જેવી કુતૂહલતા કે યુવાનીમાં બીજાને હોય તેવી વિકૃતતા ન હોય. પરમ સુંદર સુડોલ રૂપાળું શરીર હોય, તેમાં પણ જે કામદેવ હોય તેના જેવું રૂપ તો અઢીદ્વીપમાં કોઈનું ન હોય. હનુમાન કામદેવ હતાં, વાનર ન હતાં, સુંદર રાજકુમાર હતાં. તેના કુળની ધ્વજામાં વાનરનું ચિહ્ન હતું તેથી તેના કુળને વાનરકુળ કહેવાતું હતું પણ કોઈ વાનર ન હતા. એકવાર હનુમાન મહેલની છતમાં શાંતિથી બેઠા હતાં. તેને હજારો રાણીઓ હતી પણ અંતરથી પોતે ઉદાસ હતાં. એમાં ઉપરથી તારો ખરતો દેખાય છે (અહીં સ્વાધ્યાયમંદિરમાં દીવાલમાં તે ચિત્ર છે એમ ગુરુદેવ બતાવે છે) અહા! ક્ષણમાં પ્રકાશતાં તારાની આ સ્થિતિ!! તરત વૈરાગ્ય પામી દીક્ષા લે છે અને કેવળજ્ઞાન પામે છે.

આમ, સમ્યગ્દર્શન—જ્ઞાનના આરાધન પૂર્વક જન્મેલાં પુરુષોના અવતાર તો ભોગ છોડીને અનુભૂતિની પૂર્ણદશા પ્રગટ કરવા માટે છે. આવી વાત બીજી જગ્યાએ પણ કહી છે કે ભવાન્તરમાં નિદાનબંધ નહિ કરેલાં જે મહામુનિઓ થાય છે તે મહાન તપ કરી સ્વર્ગલોકમાં જાય છે, ત્યાંથી ચ્યવીને બલભદ્ર આદિ થાય છે. તેઓ દેવોથી પણ અધિક સુખ ભોગવીને, રાજ્યનો ત્યાગ કરી, મુનિવ્રત ધારણ કરી કોઈ તો કેવળજ્ઞાન પામી મોક્ષમાં પધારે છે અને કોઈ મોટી ઋદ્ધિના ધારક દેવ થાય છે અને પછી મનુષ્ય થઈ મોક્ષ પામે છે.

હું તો જ્ઞાનાનંદ છું, મારે તો મારા પૂર્ણાનંદને સાધવો છે એમ જેને આત્માનો હેતુ છે, શુભભાવ પાછળ પુણ્યના ફળ મેળવવાનો હેતુ નથી એવા પુરુષો ઊર્ધ્વગામી જ હોય છે. જેમ રામચંદ્રજી નાના બાળક હતાં ત્યારે તેને આકાશમાંથી ચંદ્રને પોતાની પાસે લાવવો હતો, તો દીવાનજીએ અરીસામાં ચંદ્રનું પ્રતિબિંબ બતાવીને અરીસો રામના ખીસ્સામાં નાંખી દીધો...જાણે મારાં ખીસ્સામાં ચંદ્ર આવી ગયો એમ જાણીને રામ ખુશી થાય છે તેમ, સમ્યગ્દૃષ્ટિને સિદ્ધદશાની અંતરમાં આતુરતા હોય છે—જાણે સિદ્ધ અહીં ઊતરીને મને લઈ જાય! ના...ના...પ્રભુ અમે તમારી પાસે આવશું.

સમ્યક્ત્વ લઈને જન્મેલાં રામ આરાધક હોવાથી નાનપણથી ભાવના તો પૂર્ણતાની જ હતી, અને પુણ્ય પણ એવા હતાં કે લક્ષ્મણની પદવી રામ કરતાં ઊંચી હોવા છતાં લક્ષ્મણ રામને નમી પડતાં. જંગલમાં પણ લક્ષ્મણ રામ—સીતાની સાથે ગયા અને તેમની પથારી પોતે

www.vitragvani.com



કરી આપતાં. રામ આ બધાં પુણ્યના ફળને જાણે છે પણ અંદરથી તેનો આદર નથી. લક્ષ્મણ મારી સેવા કરે છે એ તો પુણ્યનું ફળ છે. મારી ચીજની સેવા તો ખરેખર હું કરું છું. પૂર્વના પુણ્ય–પાપના યોગ અનુસાર સંયોગો હોય પણ અમે તે અનુકૂળતા કે પ્રતિકૂળતાથી પાર છીએ. આવા ભાવને વેદતાં રામ જેવા જ્ઞાનીઓ ઊર્ધ્વગામી જ હોય છે. કોઈ ક્ષાયિક સમકિત લઈને જન્મે અને કોઈ ક્ષયોપશમ સમકિત લઈને આવ્યા હોય અને પછી ક્ષાયિક કરીને, મુનિપણું લઈ, શ્રેણી ચડી, કેવળજ્ઞાન પામી મુક્તદશાને પ્રાપ્ત થાય છે.

જેણે દૂધપાકના સ્વાદ ચાખ્યા તેને લાલ જુવારના રોટલાં ખાવા પડે તો ખાય પણ, પ્રમોદ ન આવે–હોંશથી ન ખાય. તેમ જેણે સ્વાનુભૂતિમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ ચાખી લીધાં છે તેને શુભભાવ આવે ખરા પણ તેનો આદર ન આવે. પુણ્યના ફળમાં તેને સ્વર્ગમાં જવું પડે તો જાય પણ તેનો આદર ન હોય ત્યાંથી મનુષ્યમાં આવીને મોક્ષમાં જાય છે. મનુષ્યમાં પણ તેને વૈભવનો પાર નથી હોતો. તીર્થંકર જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં સુધી તેના આહાર–પાણી, વસ્ત્ર, દાગીના આદિ દેવલોકમાંથી આવે છે છતાં તેમાં એ સુખ માનતાં નથી. આ નહિ...આ નહિ...અમારા આનંદની ખાણ હજી પૂરી ખુલી નથી. અરે! અમારા અનુભવ અધૂરા રહી ગયાં અને આ વચ્ચે પુણ્ય બંધાઈ ગયું, તેના ફળમાં રાજ્યાદિ વૈભવો મળ્યા પણ અમારે આ રાજ જોઈતા નથી. અમારે તો આત્મરાજ જોઈએ છે. આવા ભાવ સહિત કોઈ તો આ ભવે જ મુનિદશા, કેવળજ્ઞાન લઈ મોક્ષ પધારે છે અને કોઈ બળદેવ આદિ મુનિદશા લઈ, અધૂરી સાધના સહિત મરીને દેવ થાય છે અને ત્યાંથી ચ્યવીને મુનિ થઈ, કેવળ પામી મોક્ષમાં જાય છે.

શ્રીકૃષ્ણના ભાઈ બળદેવ હતાં તે મરીને પાંચમા સ્વર્ગમાં દેવ થયા છે અને લક્ષ્મણના ભાઈ બળદેવ–રામ એ જ ભવે મોક્ષ પામ્યાં છે. આમ, બળદેવો બે રીતે મોક્ષ જાય છે, કોઈ સીધાં મોક્ષમાં અને કોઈ સ્વર્ગનો ભવ કર્યા પછી મોક્ષમાં જાય છે. પણ બળદેવને સ્વર્ગ અને મનુષ્ય સિવાય બીજી ગતિ થતી નથી. એકવાર આત્માનું ભાન થયા પછી નરક અને તિર્યંચ ગતિમાં જવાનું બંધ થઈ જાય છે. કોઈ એક–બે ભવે તો કોઈ વધુમાં વધુ પંદર ભવે મોક્ષમાં ચાલ્યા જાય છે.

હવે એમ કહે છે કે નિર્મલ સમ્યક્ત્વધારી જીવોનું મરણ પણ સુખકારી છે—તેમનું મરણ સારું છે પણ સમ્યક્ત્વ વિના પુણ્યનો ઉદય પણ સારો નથી.

वर णिय–दंसण–अहिमुहउ मरणु वि जीव लहेसि।
मा णिय–दंसण–विम्मुहउ पुण्णु वि जीव करेसि।।५८।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—હે જીવ! જો પોતાના સમ્યગ્દર્શનની સન્મુખ થઈને મરણ પણ પામે તો સારું છે પરંતુ હે જીવ, પોતાના સમ્યગ્દર્શનથી વિમુખ થયેલો જીવ પુણ્ય કરે તે પણ ભલાં નથી.

અહીં સમ્યગ્દર્શનની સન્મુખનો અર્થ સમ્યગ્દર્શનને પ્રાપ્ત જીવ સમજવો. નિજાનંદ ભગવાન આત્માની સન્મુખ દૃષ્ટિ થયા પછી દેહ છૂટી જાય તો કાંઈ વાંધો નથી. અનુભવનો દોર સાથે લઈને બીજા ભવમાં ગયો છે. તેથી એ મરણ પણ ભલું છે. પરંતુ જે જીવ સમ્યગ્દર્શનથી વિમુખ રહીને એકલી શુભભાવની પ્રવૃત્તિ કરે તો તે જીવન પણ ભલું નથી. પોતાના આત્માની સન્મુખ દૃષ્ટિ વિનાના જીવનથી આત્મામાં કાંઈ લાભ નથી. માટે યોગીન્દ્રદેવ કહે છે કે તે જીવન मा वरं—मा वरं—ભલું નથી...નથી...

ભાવાર્થ :—નિર્દોષ નિજ પરમાત્માની અનુભૂતિની રુચિરૂપ ત્રણ ગુપ્તિમયી જે નિશ્ચય-ચારિત્ર અને તેનાથી અવિનાભાવી (તન્મય) જે વીતરાગનિશ્ચય–સમ્યક્ત્વની સન્મુખ થયેલા હે જીવ! તું મરણ પામે તો કાંઈ દોષ નથી અને તે સમ્યક્ત્વ વિના મિથ્યાત્વ અવસ્થામાં પુણ્ય કરે તોપણ ભલું નથી...

નિજ એટલે પોતાનો શુદ્ધાત્મા કે જે પુણ્ય–પાપથી રહિત તત્ત્વ છે તેની રુચિરૂપ નિશ્ચયચારિત્ર એટલે કે નિર્વિકલ્પ અનુભવમાં દેહ, વાણી, મનના વિકલ્પ નથી એવા રાગ રહિત આચરણ સાથે થયેલું વીતરાગ નિશ્ચય સમ્યગ્દર્શન તેનાથી સહિત થયેલ હે જીવ! તું મરણ પામે તો કાંઈ ચિંતા નથી. તું કેવળજ્ઞાન પામવાને લાયક થઈ ગયો છે.

આ પરમાત્મપ્રકાશ છે. આત્મા પરમાત્મસ્વરૂપ છે તેની સન્મુખ દૃષ્ટિ થયા પછી મરણ થાય તો તે મરણ પણ ભલું છે અને તેના વિનાનું જીવન પણ ભલું નથી. જ્ઞાતા–દ્રષ્ટા આત્માના ભાન વિના એકલાં પુણ્ય કરે તે આત્મા માટે ભલાં નથી તેથી સમકિત રહિત મિથ્યાદૃષ્ટિજીવ પુણ્યસહિત હોય તોપણ તેને પાપી જ કહ્યાં છે. પૂર્વના પુણ્યના ફળને ભોગવતો હોય અને વર્તમાનમાં પુણ્ય કરતો હોય તોપણ જેને શુદ્ધ સ્વરૂપ ચૈતન્યનું ભાન નથી એવા મિથ્યાદૃષ્ટિને શાસ્ત્રમાં પાપી જ વર્ણવ્યાં છે. મિથ્યાદૃષ્ટિને શુભભાવ હોય તોપણ 'અશુભોપયોગી' કહ્યા છે કેમ કે મિથ્યાત્વ જ મોટું અશુભ છે તેને તો એ સેવે છે. દૃષ્ટિ ખોટી હોવાથી તેના શુભભાવને શુભ કહેતાં નથી.

આ વાતમાં ઘણાંને પ્રશ્ન ઊઠે છે કે પુણ્ય હોય તો અમે અહીં આવીને લાભ લઈ શકીએ ને! ભાઈ! શરીર અને આત્માનું ક્ષેત્રાંતર કોઈ કરાવી શકતું નથી. આત્માની ઈચ્છાથી શરીર ચાલતું નથી અને શરીર તો અનંતા રજકણનું પિંડ છે તેનું ક્ષેત્રાંતર થવું એ તેના રજકણનું કાર્ય છે. આત્માની ઈચ્છા 'કર્તા' અને શરીરનું અહીં આવવું એ 'કાર્ય' એમ ત્રણકાળમાં બની શકતું નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દિવ્યધ્વનિ કર્તા અને શ્રોતાને સમજણ થાય તે 'કાર્ય' એ વાત પણ સાચી નથી. ભાઈ ભગવાન! તને ખબર નથી. આ કાંઈ બીજા સાથે લડીને જીતવાની વાત નથી. પોતે પોતાને સમજાવવાની વાત છે, વાદવિવાદની વાત નથી. ચૈતન્યનો સમય સમયનો પર્યાય કોઈ નિમિત્તથી કે કર્મના ઉદયથી થાય—એમ બને નહિ. તેમ જ શરીર આત્માની ઈચ્છાથી અહીં આવે એમ બની શકતું નથી. શરીર તેના વર્તમાન પરિણમનની યોગ્યતાથી અહીં આવે છે અને આત્માને પોતાની યોગ્યતાથી ઈચ્છા થાય છે. દરેક દ્રવ્યનું વર્તમાન પરિણમન એકસાથે જ હોય છે એટલે એવો મેળ થઈ જાય છે.

વળી પ્રશ્ન થયો હતો કે કર્મ આત્માને રાગ કરાવે છે એમ તો અમે નથી કહેતાં પણ કર્મના ઉદય વિના કોઈ જીવને રાગ થતો નથી માટે કર્મનો પ્રભાવ પડે છે એ વાત તો નક્કી છે ને!

ત્યારે અહીંથી જવાબ આપ્યો હતો કે એક સમય પણ જો જીવ ઉપર કર્મનો પ્રભાવ માનવામાં આવશે તો હંમેશા જીવ ઉપર કર્મનો પ્રભાવ માનવો પડશે. તો જીવ કદી મુક્ત થઈ શકશે નહિ, જીવની સ્વતંત્રતા નહિ રહે. માટે કર્મના પ્રભાવથી જીવ રાગને કરતો નથી.

ભાઈ! આત્માનો સમય સમયનો પર્યાય જે નિયમસર ચાલે છે તેમાં તેને કોઈ બીજા દ્રવ્યની અપેક્ષા નથી. કોઈ પણ સત્‌ના કોઈ પણ અંશની હયાતી બીજા સત્‌ની હયાતીના કારણે ન હોઈ શકે. બીજા સત્‌ની હાજરીને નિમિત્ત કહેવાય પણ તે કર્તા નથી. લોકો આવી વાતના વાંધા ઊઠાવે છે પણ ભેગા થઈને નિચોડ લાવતાં નથી.

અહીં તો કહે છે કે પ્રભુ! તું પરનો કર્તા તો નથી પણ આ વિકલ્પ ઊઠે છે તે પણ જીવનું કર્તૃત્વ નથી. રાગ કરવાનો જીવનો સ્વભાવ નથી એવી દૃષ્ટિ થયા વિના ચૈતન્યનો આદર થતો નથી.

(૧) કર્મના કારણે જીવને રાગ થતો નથી.
(૨) રાગના કારણે જ્ઞાન થતું નથી.
(૩) જ્ઞાનસ્વભાવ રાગને કરતો નથી.
(૪) રાગરૂપે આત્મા પરિણમે છે પણ તેનો સ્વભાવ જ્ઞાન કરવાનો છે, રાગ કરવાનો નહિ.
(૫) ચૈતન્યસ્વભાવ પોતાના જ્ઞાન-દર્શન-આનંદના સ્વભાવે જ પરિણમનારો છે.

આવી દૃષ્ટિ થયા વિના જીવને રાગનો કર્તા માને કે રાગનો કર્તા, કર્મને માને કે રાગથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્મબંધન થાય છે એટલે કે આત્મા વડે પુદ્ગલકર્મનું બંધન થાય છે એમ માને છે ત્યાં સુધી તેની દૃષ્ટિ તદ્દન વિપરીત છે.

વસ્તુની વ્યવસ્થા જ આ રીતે છે. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન કોઈ વાડો નથી. ભગવાન સર્વજ્ઞે જોયેલાં તત્ત્વો પોતપોતાના સ્વતંત્ર સ્વભાવમાં રહેલાં છે. આવાં પોતાના સ્વતંત્ર સ્વભાવથી રાગને જીતે છે તેને જૈન કહેવામાં આવે છે.

આવી વસ્તુસ્થિતિને જાણ્યા વિના, સમ્યક્ત્વ રહિત મિથ્યાદૃષ્ટિ પુણ્યસહિત હોય તોપણ 'પાપી' છે. અજ્ઞાનીને વસ્તુનું સ્વરૂપ સમજવા મળ્યું જ નથી. અમે એક 'કૂકડાં' ગામમાં ગયાં હતાં, ત્યાં તાજો વરસાદ પડેલો તો જ્યાં જુઓ ત્યાં ડોળું પાણી જ મળે. પીવા માટે પણ ક્યાંય નિર્મળ પાણી નહિ. હવે એ ધીરો થઈને પાણીને ઠરવા દે તો ઉપરથી નિર્મળ પાણી મળે પણ ધીરો ન થાય તો! તેમ અજ્ઞાનીને બધે ડોળી વાત જ મળે છે કે આત્મા જડકર્મને કરનારો છે, પુણ્ય–પાપનો કર્તા આત્મા છે, પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે...એવું ડોળું જ મળ્યું છે તે ડોળાને સાફ કરવું એ ધીરાનું કામ છે.

ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ નાથના ભાન વિના એકલાં પુણ્યના કર્તા થાય તે એકાદ ભવ સ્વર્ગાદિનો કરીને અધોગતિમાં ચાલ્યાં જાય છે અને જો સમકિત સહિત જીવ હોય તો તે પૂર્વે બાંધેલાં પાપકર્મના ફળમાં દુઃખદારિદ્ર ભોગવતાં હોય તોપણ તેને ભગવાને પુણ્યાધિકારી કહ્યાં છે. ગરીબ ઘરે જન્મ્યા હોય, નિર્ધન હોય, શરીરમાં રોગ રહેતો હોય, હરિજન હોય પણ જો સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તો તે 'દેવ' છે. જેમ, રાખથી ઢાંકેલો અગ્નિ પણ અગ્નિ છે તેમ, શરીર ભલે કાળું અને મેલું હોય, પણ સમકિતી 'દેવ' છે.

અજ્ઞાનીને શરીર સારું હોય તેનું અભિમાન હોય, કપડાં સારાંનું અભિમાન, ભાષા મીઠી બોલતાં આવડે તેનું અભિમાન, એમ અનેક પ્રકારે પરથી પોતાની મોટાઈ માને છે પણ ભાઈ! તું શેના અભિમાન કરે છે એ તો વિચાર! જે વસ્તુ તારી નથી એવા જડના અભિમાન કરે છે?

સમ્યગ્દૃષ્ટિ જીવને વર્તમાનમાં ભલે પૂર્વ પાપના યોગે ગરીબ ઘર, રોગી દેહ, નીચું કુળ આદિ મળ્યું હોય પણ તેનાથી ભિન્ન ચૈતન્યરતનને પ્રાપ્ત કરી લીધું છે તેથી તે પુણ્યાધિકારી છે. તે મરીને ભવિષ્યમાં એવા દેહને પામશે કે અનંતકાળમાં ન મળ્યાં હોય એવા રજકણથી બનેલો એનો દેહ હશે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં જે પુણ્ય થાય છે એવું પુણ્ય મિથ્યાદર્શનની ભૂમિકામાં કદી હોતું નથી, તેથી અનંતકાળમાં ન મળી હોય એવી પુણ્યસામગ્રી તેને હવે મળે છે. સમ્યક્ત્વની સાથે તેને અધિકપણે શુભભાવ જ રહ્યાં કરે છે, અશુભ ભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો બહુ ઓછા થાય છે, તેથી પુણ્ય જ વિશેષ બંધાતા હોવાથી તેને પુણ્યાધિકારી કહ્યાં છે. એ પુણ્યના ફળમાં ભવિષ્યમાં સ્વર્ગ અને રાજ્યાદિ પામી, તેને પણ છોડી, દીક્ષા ધારણ કરી, મુક્તિને પામશે.

સમકિતીનું મરણ પણ ભલું છે. ખરેખર સમકિતી મરતો જ નથી. એ તો જીવતાં જીવને લઈને, દેહનો સંયોગ છોડીને ચાલ્યો જાય છે. સમકિતી ચૈતન્યને જાગતો લઈને જાય છે જ્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવા કે રાવણ જેવા વૈભવના મોહમાં—મમતાને લઈને નરકના કકળાટમાં ચાલ્યાં જાય છે. સીતાજી જેવાએ સ્ત્રીલિંગનો છેદ કરી નાંખ્યો અને વૈમાનિકદેવ થઈ ગયાં.

અરે! અમારી ઉપર રાવણ જેવા પુરુષ મોહાય એવું રૂપ જ અમને ન જોઈએ. સમ્યગ્દ્રષ્ટિ તો હતાં અને સ્ત્રીલિંગ પણ છેદી નાંખ્યું. રાવણને કોઈએ કીધેલું કે તું રામનું રૂપ લે તો સીતા પ્રસન્ન થશે. પણ, રાવણ કહે છે હું રામનું રૂપ લઊં છું ત્યાં મને સીતા માતા દેખાય છે. રાવણના રૂપમાં મારી વૃત્તિ આવી રહે છે પણ રામના રૂપમાં એવી વૃત્તિ જ થતી નથી. એ રામનો આત્મા કેવો હશે એમ એને અંદરમાં હશે તો ખરું પણ માને એને મારી નાંખ્યો.

રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ હતાં, એ જ ભવે મોક્ષ જવું હતું. અમે સીતાને ન્યાયથી લેશું, અનીતિથી નહિ લઈએ. અમે બળદેવ—વાસુદેવ પદવીને પામ્યા છીએ એટલે બીજો ઉપાય નથી. રાવણને મારે છે પણ પછી તેના અગ્નિસંસ્કારમાં જાય છે અને રામ, રાવણની સ્ત્રી મંદોદરીને કહે છે બેન! માતા! અમારે તમારા પતિ સાથે વેર ન હતું. અમારી પુણ્યની પદવી એવી છે તેથી આવો યોગ બને છે તે સ્થિતિમાં બીજો કોઈ ઉપાય નથી...રામ—લક્ષ્મણ રાવણની અંતેષ્ટિમાં આગળ ચાલીને જાય છે અને પછી વિભીષણને બોલાવીને રાજ્ય સોંપી દે છે. અમારે રાજ જોઈતું નથી. પૂર્વ પુણ્યના યોગે એમને આવો ભાવ હતો પણ તેનો આદર ન હતો.

શ્રોતા :—રામે રાવણને સમજાવ્યો હોત તો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યાં રાવણને તીવ્ર ગૃદ્ધિ હતી એમાં એ મુંજાઈ ગયેલો, સમજે શું? આપણે રસ્તામાં ઉંદરને મરી ગયેલાં જોઈએ છીએ ને! તે કેવી રીતે બને છે કે વાહનના પ્રકાશમાં એ મુંજાઈ જાય છે કે આમ જવું કે આમ જવું! એમાં એવા મુંજાઈ જાય કે કાંઈ કરી ન શકે અને વાહન તેના ઉપર ફરી જાય. તેમ રાવણ મોહમાં એવો મુંજાઈ ગયો હતો. વિભીષણે રાવણને કહ્યું હતું કે ભાઈ! શાસ્ત્રમાં કહ્યું છે કે વાસુદેવ પ્રતિવાસુદેવને મારે છે. તમે પ્રતિવાસુદેવ છો માટે મરાશો. આમ જાણવા છતાં તે મોહ કે માન છોડી ન શક્યો.

અહા! ઉત્તમ પુરુષો ગમે તેવી સ્થિતિમાં પણ ઉત્તમતા છોડતાં નથી. એક અંશ પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેની ઉત્તમત્તા છૂટતી નથી. એ તો ઉત્તમપણામાં જ રમતાં હોય છે. રાવણ મર્યો કે તરત રામ—લક્ષ્મણ હથિયાર નીચે મૂકી દે છે. સેનાને અભયદાન આપે છે. અમારે રાજ્યાદિ કાંઈ જોઈતું નથી. અમારે બીજો ઉપાય ન હતો એટલે રાવણને મારવો પડ્યો પણ મંદોદરી તો અમારી બેન સમાન છે. બેન! અમે તારી પાસે માફી માંગીએ છીએ. આત્માના ભાન સહિત આવી ઉત્તમતા શોભે છે.

આત્માના ભાન વિનાના પુણ્યને દુનિયા ભલે બહુ માને, પ્રસંશા કરે પણ એ પુણ્ય સારાં નથી, પ્રસંશાયોગ્ય નથી. અજ્ઞાની જીવ પુણ્ય કરીને ક્ષુદ્રદેવ તથા ક્ષુદ્ર મનુષ્ય થઈને સંસારવનમાં ભટકશે. પુણ્યના ફળને ભોગવીને અંતે નરક—નિગોદમાં પડે છે. માટે મિથ્યા-દૃષ્ટિના પુણ્ય ભલાં નથી. આવો મેળ સમજવો જગતને અઘરો પડે છે. સમ્યક્ત્વનું માહાત્મ્ય અને મિથ્યાત્વનું નીચપણું સમજવું બહુ જરૂરી છે.

નિદાનબંધવાળા પુણ્યથી ભવાંતરમાં ભોગોને પામીને પછી નરકમાં જાય છે. સમ્યગ્દૃષ્ટિ પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં કરેલાં પાપોના ફળને ભોગવે છે, પરંતુ હવે સમ્યક્ત્વ મળ્યું છે તેથી સદા સુખી જ થશે. પાપના ફળને ભોગવે છે એટલે કે સંયોગો એવા મળે કે સાધારણ ઘરે જન્મે, હલકી યોનિ થાય વગેરે...પણ સમ્યક્ત્વ થયું હોવાથી આત્માના અનુભવ સહિત તે વર્તમાનમાં પણ સુખી છે અને ભવિષ્યમાં પણ સુખી જ થશે. બહારના સાધન પણ પછી તો અનુકૂળ જ મળશે. જેવા સમ્યગ્દૃષ્ટિને બાહ્યસાધન મળે છે તેવા મિથ્યાદૃષ્ટિને મળતાં નથી.

તીર્થંકર, બળદેવ આદિ પદવીઓ સમ્યગ્દૃષ્ટિને જ મળે છે, મિથ્યાદૃષ્ટિને મળતી નથી. સમ્યક્ત્વ થયા પહેલાં આયુષ્ય બંધાઈ ગયું હોય તો નરકાદિમાં જાય પણ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈ ઊર્ધ્વગતિ જ પામે છે. યોગીન્દ્રદેવની ગાથામાં આવે છે કે સમકિતી કદાચિત્ નરકમાં જાય છે તો કર્મ ખપાવવા માટે જાય છે. તેના કર્મ ખપી જશે.

મિથ્યાદૃષ્ટિ જો પુણ્યના ઉદયથી દેવ પણ થાય છે તો દેવલોકથી ચ્યવીને એકેન્દ્રિય થઈ જાય છે. તો એવા પુણ્યની શી મહિમા! આવું બીજી જગ્યાએ પણ કહ્યું છે કે સમ્યક્ત્વ સહિત નરકમાં રહેવું પણ સારું અને સમ્યક્ત્વ રહિતપણે સ્વર્ગમાં નિવાસ પણ શોભતો નથી.

અનુભવના દોર સહિત નરકમાં હોય તે પણ સારો છે અને સમકિત વિના મોટો રાજા કે અબજોપતિ શેઠિયો થાય તે પણ શોભતો નથી. આ જ વાતને ફરી ૫૯ ગાથામાં દૃઢ કરે છે.

**जे णिय—दंसण अहिमुहा सोक्खु अणंतु लहंति।**
**तिं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति।।५९।।**

અર્થ :—જેઓ સમ્યગ્દર્શનની સન્મુખ છે તેઓ અનંત સુખને પામે છે અને જે જીવો સમ્યક્ત્વ રહિત છે તેઓ પુણ્ય કરે છે તોપણ પુણ્યના ફળથી અલ્પ સુખ પામીને સંસારમાં અનંત દુઃખ ભોગવે છે.

અહીં ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બધાં સમ્યગ્દષ્ટિ જીવોની વાત કરી છે કે જેની દૃષ્ટિ ચૈતન્ય ઉપર પડી છે તે સાધક થઈ ગયો, ક્રમે ક્રમે કેવળજ્ઞાન અને અનંત આનંદને પામશે. અને જે સમ્યક્ દર્શનથી રહિત છે તે કદાચિત્ પુણ્ય કરશે તોપણ ફોગટ છે. એકડા વિનાના મીંડાની જેમ તે પુણ્યની કાંઈ કિંમત નથી. જે સાધક થયા છે તેને પણ પુણ્ય તો થશે અને તેના ફળ મળશે પણ તેનો તેને આદર નથી. મિથ્યાદષ્ટિ પુણ્યના ફળમાં વર્તમાનમાં મહંત દેખાતા હોય, મોટા તરીકે પૂજાતા હોય પણ એ બધા નીચે જવાના છે કેમ કે તેની દૃષ્ટિ ખોટી છે, પુણ્યમાં ધર્મ મનાવે છે અને પાપ કરે છે.

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ નિશ્ચયસમ્યક્ત્વની સન્મુખ થયેલા જે સત્પુરુષ છે તેઓ આ ભવમાં યુધિષ્ઠિર, ભીમ, અર્જુનની જેમ અવિનાશી સુખ પામે છે અને કેટલાક નકુલ અને સહદેવની જેમ અહમિંદ્ર પદના સુખ પામે છે તથા જે સમ્યક્ત્વથી રહિત મિથ્યાદૃષ્ટિથી જીવ પુણ્ય કરે છે તોપણ મોક્ષના અધિકારી નથી, સંસારી જીવ જ છે. આ તાત્પર્ય જાણવું.

પાંચ પાંડવ હતાં તે મુનિ થઈને અહીં શેત્રુંજય ઉપર આત્માનું ધ્યાન કરતાં હતાં ત્યાં દુર્યોધનના ભાણેજે આવીને પાંચેયને ધગધગતાં લોઢાના દાગીના પહેરાવ્યાં પણ પાંચમાંથી મોટા ત્રણ પાંડવ તો આનંદને વેદતાં વેદતાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યા અને નકુલ તથા સહદેવને જરાં શુભરાગ આવી ગયો કે આ ત્રણ મોટા ભાઈઓનું શું થતું હશે! કોમળ શરીર છે અને આ ગરમાગમ લોઢાના દાગીના...આટલો વિકલ્પ આવી ગયો અને અહમિંદ્રનું આયુષ્ય બંધાઈ ગયું—સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ગયાં.

આમ, સમ્યગ્દષ્ટિ હોય તે એ જ ભવે અથવા પુણ્યના ફળ ભોગવીને ક્રમે મોક્ષને પામે છે પણ મિથ્યાદષ્ટિ તો પુણ્ય કરે તોપણ મોક્ષના અધિકારી નથી. સંસારના જ અધિકારી છે.

❀

www.vitragvani.com



# જે પુણ્યથી મદ થાય એવું પુણ્ય અમને ન હજો

(સળંગ પ્રવચન નં-૧૧૦)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે. તેની ૬૦મી ગાથામાં યોગીન્દ્રદેવ નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિઓના પુણ્યનો નિષેધ કરે છે.

'पुण्णेण होइ विहवो विहवेण भओ मएण भइ—मोहो।
भइमोहेण य पावं ता पुण्णं अम्ह भा होउ॥६०॥

આ જ ગાથા 'ત્રિલોકપણત્તિ'માં બીજા ભાગમાં ૮૭૯ પાના ઉપર પરમી ગાથા છે. પ્રવચનસારની ૭૭મી ગાથા પણ તેમાં છે. આમ તો ત્રિલોકપણત્તિમાં લોકનું વર્ણન છે, કરણાનુયોગ છે છતાં આવી ભાવનાની ગાથાઓ તેમાં લીધી છે.

અર્થ :—પુણ્યથી ઘરમાં ધન—વૈભવાદિ થાય છે, ધનથી અભિમાન થાય છે, અભિમાનથી બુદ્ધિભ્રમ થાય છે અને બુદ્ધિભ્રમ થવાથી પાપ થાય છે માટે આવું પુણ્ય અમને ન હો.

પુણ્યથી ધન થાય છે એટલે ફરનિચર, દાગીના, મોતી આદિ વૈભવો પ્રાપ્ત થાય છે. તેથી એક સિદ્ધાંત એ સિદ્ધ થાય છે કે ધન—વૈભવ આદિ વર્તમાન પુરુષાર્થથી મળતાં નથી પણ પૂર્વના પુણ્યના ઉદયથી મળે છે. વર્તમાન તો એને કમાવાના રાગથી પાપ બંધાય છે. તે પાપના ફળમાં ધન—વૈભવ આદિ મળે તેમ નથી.

વીતરાગ સર્વજ્ઞદેવે આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ કહ્યો છે પણ તેનું જેને ભાન નથી, રુચિ નથી અને પુણ્યની રુચિ છે તેને શુભભાવથી પુણ્ય તો બંધાય છે અને તેના ફળમાં વૈભવો મળે છે પણ એ પુણ્યના ફળમાં તેને અભિમાન થાય છે કે હું તો ઊંચી પદવીનો ધારક છું, ધનાઢ્ય છું, મોટો પગારદાર છું એમ અભિમાન વધે છે કેમકે શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું તો એને ભાન નથી તેથી અભિમાન થાય છે અને બુદ્ધિમાં ભ્રમ થઈ જાય છે કે હું મારી હોશિયારીથી ધનાઢ્ય થયો છું....

શ્રોતા :—ગરીબ હોય તેમાંથી પાંચ કરોડનો માલિક થાય એ કાંઈ હોશિયારી વિના થતો હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એની હોશિયારી કાંઈ કામ આવતી નથી ભાઈ! પોતાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હોશિયારી જો સ્વભાવ સમજવામાં લગાવે તો કામ આવે છે પણ બહારના કાર્યમાં જીવની હોશિયારી બિલકુલ કામ કરતી નથી. રાગના પુરુષાર્થથી લક્ષ્મી કે વૈભવ આદિ મળે એ વાતમાં એક અંશ પણ સાચો નથી. અમે દુકાનના થડા ઉપર બેઠા હોઈએ તો લાખ–બે લાખની કમાણી થઈ જાય અને આ આજકાલના છોકરાઓ કે માણસો બેઠા હોય તો એવી કમાણી ન થાય! એમ એને અભિમાન થાય છે અને તેનાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. મૂઢતા આવી જાય છે. અભિમાનમાં એ ધર્મીનો પણ તિરસ્કાર કરી નાંખે છે.

ભગવાન આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા વિના પુણ્યના ફળમાં અભિમાન અને બુદ્ધિની ભ્રષ્ટતા થયા વિના રહેતી નથી. અને જેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેને અવિવેકથી પાપ જ થાય છે માટે આચાર્યદેવ કહે છે કે એવા પુણ્ય અમારે ન જોઈએ. એમ કરીને ધર્મીને સમજાવે છે.

ભાવાર્થ :—ભેદાભેદરત્નત્રયની આરાધના જેણે કરી નથી અને નિદાનબંધના પરિણામ કરીને ભોગો પ્રાપ્ત કર્યા છે તેને પુણ્યના ફળમાં ધન અને ધનથી માન અને મતિભ્રષ્ટતા થાય છે.

ભેદાભેદરત્નત્રય એટલે નિશ્ચય–વ્યવહાર રત્નત્રય. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે એવી શ્રદ્ધા તે નિશ્ચયસમ્યગ્દર્શન. તેની સાથે નવતત્ત્વની અને દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તે વ્યવહારસમ્યગ્દર્શન છે.

જ્ઞાનથી જ્ઞાનનું વેદન થવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે અને સાથે સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોનું જ્ઞાન હોવું તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે.

આત્મસ્વરૂપમાં રમણતા–સ્થિરતા તે નિશ્ચયચારિત્ર અને સાથે પંચમહાવ્રતના પરિણામ આવે છે તે વ્યવહારચારિત્ર છે.

આવા નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ જેણે જાણ્યું નથી અને તેની—રત્નત્રયની આરાધના કરી નથી તેણે ખરેખર આત્માને સાંભળ્યો પણ નથી, દેખ્યો નથી અને અનુભવ્યો પણ નથી. તેણે તો માત્ર શુભાશુભરાગની કથા સાંભળી છે અને તેની જ તેને રુચિ છે કે આ શુભભાવથી પુણ્ય થશે તેના ફળમાં સ્વર્ગનો વૈભવ મળશે અથવા મોટો શેઠ થઈશું... એવી પુણ્યની રુચિવાળા જીવને નિદાનબંધના પરિણામથી પ્રાપ્ત થયેલી સમ્પદામાં અભિમાન થઈ જાય છે.

જો સીધી રીતે ભોગોની ભાવના હોય તો તો પાપ જ બંધાય. સીધી ભોગોની ભાવના ન હોય પણ આત્માનો અનુભવ અને આત્માનો પ્રેમ નથી અને રાગના અનુભવની પ્રીતિ અને ભાવના છે તેથી તેને ભોગની જ ભાવના છે એમ કહેવામાં આવે છે. પુણ્યના હેતુપૂર્વક કરેલાં

www.vitragvani.com



શુભભાવમાં આત્માની પ્રીતિ નથી પણ રાગની પ્રીતિ છે. સીધી રીતે ભોગની જ ભાવના હોય તો તો પુણ્ય ન બંધાય–પાપ બંધાય.

સમયસાર આદિમાં જે રીતે વાત છે તે જ રીતે કુંદકુંદઆચાર્યની પરંપરામાં થયેલાં આચાર્યોએ વાત કરી છે. ફેરફાર કાંઈ કર્યો નથી. શબ્દો પણ એ જ વાપર્યા છે.

આત્માના શ્રદ્ધા–જ્ઞાન વિના શુભભાવનો હેતુ છે તેની જ પ્રીતિ અને તેનો જ અનુભવ છે તેને શુભના ફળરૂપ ભોગની ભાવના છે એમ નક્કી થાય છે પણ જો સીધી ભોગની જ ભાવના હોય તો તો પાપબંધ થાય છે.

મિથ્યાદૃષ્ટિને દયા–દાન–વ્રત–ભક્તિ આદિ શુભપરિણામની પ્રીતિ છે તેના ફળમાં એટલાં ધનાદિ પ્રાપ્ત થાય છે કે ધન ક્યાં ગોઠવવું એની ઉપાધિ થાય છે. ૮૧ની સાલમાં એક માણસ કહેતો હતો કે મારે એટલી પેદાશ થાય છે કે ખંપાળીએ ધન ભેગું કરવું પડે એવી સ્થિતિ છે.

પુણ્યના ફળમાં ઘરમાં સંપદા મળે પણ પુણ્યના ફળમાં આત્માની શાંતિ ન મળે. ઘરે દસ લાખની મોટરો હોય, કરોડના બંગલા હોય, નોકર–ચાકર આજ્ઞામાં ઊભાં હોય....એને એમ થઈ જાય કે હું જ પરમેશ્વર છું, મારાં સિવાય બીજો પરમેશ્વર કોણ હોઈ શકે! એક વચન નાંખું ત્યાં પૈસા પેદા થાય છે....આવા પૈસાવાળા અત્યારે વાણિયામાં પણ હોય છે ને! પછી ભલે એને બટાટામાં જીવ છે એની ખબર ન હોય. એક શેઠને મોઢે કીધું હતું કે આ જૈનમાં જન્મ્યા છો અને બટાટાની એક કટકીમાં અનંતા જીવ છે તેની તમને ખબર નથી? બટાટા, શકરકંદ આદિ કંદમૂળની એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં અનંત જીવે છે તે કેટલાં?–કે, અત્યારસુધી સિદ્ધ થઈ ગયાં તેનાથી અનંતગુણા જીવ એક શરીરમાં રહેલાં છે, પણ અરે! એને તો એમ લાગે છે કે હું એક જ જીવ છું મારાં સિવાય બીજો જીવ વળી કોણ! એવું ધનનું અભિમાન ચડી જાય છે.

આ અભિમાનથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, વિવેક રહેતો નથી તેથી અવિવેકથી પાપ બંધ થાય છે—પાપની કમાણી થાય છે. તેના ફળમાં જીવ ભવ ભવમાં અનંત દુઃખ પામે છે. માટે, મિથ્યાદૃષ્ટિઓનું પુણ્ય પાપનું જ કારણ છે—અભિમાનને કારણ મોટા મોટા રાજા–મહારાજાઓ પણ મરીને નરકમાં ચાલ્યાં જાય છે. મૂળ પાઠમાં એ જ શબ્દ કહ્યાં છે કે, **मदमहंकार जनयति बुद्धिविनाशं करोति ।**

સમ્યક્ત્વાદિ ગુણ સહિત જે ભરત, સગર, રામ, પાંડવ આદિ વિવેકી જીવ છે તેને પુણ્યબંધ અભિમાન ઉત્પન્ન કરતો નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદમૂર્તિ છે એવી સમ્યક્ શ્રદ્ધા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને હું સર્વજ્ઞસ્વભાવી છું, મારા સ્વભાવમાં વિકાર નથી એવું સમ્યક્ જ્ઞાન અને અનુભવ સહિત જીવને પુણ્ય કે પુણ્યના ફળ અભિમાન ઉપજવાનું કારણ થતાં નથી. દા.ત. ભરત ચક્રવર્તીને ઘરે ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ આદિ વૈભવ પૂર્વપુણ્યના ઉદયથી પ્રાપ્ત હતાં છતાં અભિમાન એક અંશે પણ ન હતું. જે ચીજ જ મારી નથી એવી સંયોગીચીજના અભિમાન શા? જડકર્મના ફળ આ બહારમાં આવ્યાં છે તે અમારાં નથી અને અમે તેના નથી.

જેને પુણ્યના ફળમાં અભિમાન છે તેને આત્માની દૃષ્ટિ નથી અને જેને આત્માની દૃષ્ટિ છે તેને પુણ્યના કે કોઈ પણ કર્મના ફળમાં અભિમાન થતું નથી.

ચક્રવર્તીના પુણ્ય તો એવા હોય કે સોળહજાર દેવ તો તેની સેવામાં હોય, ઈન્દ્ર જેના મિત્ર હોય પણ સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને ભેદજ્ઞાન વર્તે છે કે આ મિત્રાદિ કોઈ મારાં આત્માના નથી. પૂર્વના પુણ્યયોગે તેનો સંયોગ છે પણ તે કોઈ મારાં નથી અને મારાં આત્માથી ઊપજેલાં નથી. પૂર્વે મારાં આત્માની શાંતિ દાઝી ત્યારે ઉત્પન્ન થયેલાં શુભપરિણામથી પુણ્ય બંધાય હતા તેનું આ ફળ છે.

રામ, પાંડવ આદિ પણ મહાપુરુષો થઈ ગયાં. રતનની પૂતળી જેવા તો એના શરીર હોય, એક એક કરોડના મોતીના હાર એના ગળામાં પહેરેલાં હોય પણ તેને જ્ઞાની મડદાંના શણગાર તરીકે જુએ છે. જેમ મડદાંને પાલેસ લાકડાથી સળગાવો તો કાંઈ એ ખુશી નથી અને થાંભલા જેવા લાંકડાથી સળગાવો તો કાંઈ એ નારાજ નથી. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ સંયોગમાં કે સંયોગી ભાવમાં હર્ષ–શોક માનતાં નથી. મારી સંપદામાં તો કેવળજ્ઞાનનો કંદ છે તેની પાસે આ સંપદા તો ધૂળ સમાન છે. અજ્ઞાનીને તો પાંચ–પચાસ લાખ રૂપિયા થઈ જાય ત્યાં 'હું પહોળો અને શેરી સાંકડી' એવી દશા થઈ જાય છે.

જ્ઞાનીને જગતમાં કોઈ શત્રુ કે મિત્ર ભાસતાં નથી. તો રામને માટે રાવણ શત્રુ ન હતાં? ના. એ તો પૂર્વના પાપયોગે મળેલો સંયોગ હતો પણ તે સંયોગ મને નુકશાન કરે છે એમ ધર્મી માનતાં નથી. અંતરની સંપદા સંભાળી લીધી તેને બહારના સંયોગથી અભિમાન થતું નથી. લડાઈના કાળે જરાં અસ્થિરતાવશ દ્વેષના પરિણામ છે, બાણ ઉપર બાણ ચલાવાય છે પણ તે દ્વેષના અંશને ઝેર સમાન જાણે છે. દ્વેષના પરિણામથી અમારી અંતર શાંતિને લૂંટ પડે છે તેથી દ્વેષનો આદર નથી. 'આ ઠીક થાય છે' એમ નથી. હેયબુદ્ધિએ થાય છે.

અર્જુન વગેરે પાંડવો પણ જ્ઞાની થઈ ગયા, શક્તિનો પાર નથી પણ કુટુંબમાં ક્લેશ થાય એવું કરવા માંગતાં નથી, દુર્યોધન આદિ સામેથી લડાઈ કરવા આવે છે એટલે પોતે લડે છે પણ અંદરમાં તેનો ખેદ છે. અરે! અતીન્દ્રિય આનંદનો ડુંગર જેને પ્રતીતિમાં આવ્યો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે તેને ઝેર અને વિષ્ટા જેવા રાગ ઉપર પ્રેમ કેમ થાય? તેને પુણ્યબંધ અભિમાન ઉપજાવી શકતો નથી. જે અમારાં નથી તેને અમે અમારાં કેમ માનીએ! જેમાં અમે નથી તેને અમારાં કેમ માનીએ? જે અમારાં હોય તે અમારાથી જુદાં કેમ રહે?

સમ્યગ્દૃષ્ટિ સંસારમાં રહ્યા હોવા છતાં, છ ખંડના રાજ્યમાં રહ્યાં છતાં તેની નજરમાં આત્મા દેખાય છે. ૯૬ હજાર સ્ત્રીઓમાં તેને મમત્વ નથી માટે એ સ્ત્રીઓ તેની નથી છતાં ચક્રવર્તીની સ્ત્રીઓ કહેવી એવો વ્યવહાર છે. નિશ્ચયથી તો એ અનંત ચૈતન્યૠદ્ધિનો સ્વામી છે. પૂર્વે પુણ્ય ઘણાં કર્યા હોય એટલે ચક્રવર્તીને ઉપરથી ઇન્દ્ર આવીને એમ કહે કે 'ભરતજી! જરૂર પડે તો અમને યાદ કરજો.' એ પુણ્યનું ફળ છે. પોતે તો જાણે છે કે અમારી આત્મસંપદાને બહારથી કોઈની જરૂર નથી. આમ, ધર્મીને પરમાં મારાંપણું નહિ હોવાથી ઘમંડ—અભિમાન થતું નથી.

આજ એક લેખ વાંચ્યો, તેમાં બે જણાએ 'સર્વજ્ઞ' ઉપર ચર્ચા લખી છે પણ બેમાંથી એકેય સર્વજ્ઞના સ્વરૂપને સમજ્યાં નથી. ભાઈ! સર્વજ્ઞ કોને કહે! અનાદિ અનંત જેમ છે તેમ સર્વજ્ઞ જાણે છે. વસ્તુની આદિ નથી તેમ જ ભગવાને આદિ જાણી નથી. ત્રણકાળ ત્રણલોકના સમસ્ત પદાર્થોને ભગવાન એક સમયમાં જાણે છે. જે સમયે જે દ્રવ્યની જે પર્યાય પોતાના ઉપદાનથી થાય છે ત્યારે સાથે નિમિત્ત હોય છે. તેથી નિમિત્તથી કાર્ય થાય છે એમ નથી.

જો જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે,
અનહોની કબહુ નાહિ હોસી, કાહે હોત અધીરા રે.

આવી દૃષ્ટિ જેને થઈ તેને નિમિત્ત અને વિકલ્પની રુચિ ઊડી જાય છે અને 'મારું તો સર્વજ્ઞપદ છે' એવી દૃષ્ટિ થઈ જાય છે. આમાં વ્યવહાર પહેલાં હોય અને પછી નિશ્ચય આવે—એવું આવતું નથી. સર્વજ્ઞના નિર્ણયમાં નિમિત્ત—ઉપાદાન, નિશ્ચય—વ્યવહાર અને ક્રમબદ્ધ બધાં સિદ્ધાંતનો નિર્ણય આવી જાય છે, કાંઈ બાકી રહેતું નથી.

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિએ સર્વજ્ઞસ્વભાવનો નિશ્ચય કર્યો છે તેથી તે જડની કે રાગની ક્રિયા મારાથી થઈ એમ માનતો નથી તેથી તેને અભિમાન થતું નથી. કોઈનું કાંઈ કરી દઉં કે કોઈને સમજાવી દઉં એવો અભિપ્રાય રહેતો નથી. 'હું મને સમજીને ઠરું' એ એક જ મારું કામ છે.

વિકલ્પનું પણ ધર્મીને અભિમાન નથી કેમ કે એ તો રાગ છે. રાગનું કરવું એ મારો સ્વભાવ નથી પણ અધૂરીદશા હોવાથી રાગ આવ્યા વગર રહેતો નથી. એમ જાણતાં હોવાથી પુણ્યના ફળમાં ધર્મીને ઘમંડ થતો નથી. જેમ અજ્ઞાનીઓને પુણ્યના ફળમાં પ્રાપ્ત વિભૂતિ

www.vitragvani.com



ઘમંડનું કારણ થાય છે તેમ સમ્યગ્દ્રષ્ટિને થતું નથી. અજ્ઞાની બહારના ગર્વમાં મરે છે તો સમ્યગ્દ્રષ્ટિ અંતરમાં ઠરે છે.

સંસારના કામ કેમ કરવા અને કેમ પાર પાડવા એ ચતુરાઈના કામ છે અને અજ્ઞાની અભિમાન કરે છે પણ ભાઈ એ ચતુરાઈ નથી, અન્યાય છે, કાળાકેર છે. ઘણાં વર્ષો પહેલાં એક અનુભવ થયેલો. અમે મુંબઈથી માલ લઈને આવતાં હતાં સાથે એક સંસારનો ખટપટી ભાઈ હતો. તેની પાસે ટિકીટ બે હતી પણ માલ આઠ ટીકીટનો હતો. કીધું આ માલનું વજન કરાવીને પૈસા ભરી દેવા જોઈએ તો કહે તમે ભગતડાં કાંઈ જાણો નહિ. હમણાં જુઓ કેવી ચતુરાઈથી માલ ચડાવી દઉં છું! પછી ઉતારવા ટાઈમે તો પોતાનું ગામ છે ત્યાં કાંઈ વાંધો નથી. પણ એલા! સત્યને બદલે અસત્ય થાય છે તેનો કાંઈ વાંધો તારા પરિણામમાં નથી? આને ડહાપણ ન કહેવાય, કાળાકેર કહેવાય. ભલે પોલિસ તમને ન પકડે પણ તમારા ભાવને તો તમે જુઓ! આમ, તો કપાળે મોટું તિલક કરો છો અને આવા પરિણામ!!

લૌકિક ચતુરાઈવાળા ભલે પોતાને ડહાપણવાળા માને, તેની પ્રવૃત્તિ અને પરિણામમાં ક્યાંય ઠેકાણાં ન હોય પણ અભિમાન તેના શરીરમાં અને ચાલમાં પણ દેખાતું હોય, એ ભલે દુનિયામાં ડાહ્યાં ગણાતાં હોય પણ બુદ્ધિભ્રષ્ટ થઈ ગયેલાં છે. નાની ઉંમરમાં આવા તો ઘણાં અમે જોયાં છે. એક તો સરકારની ચોરી કરે અને વળી પોતાને મોટો માને અને બીજાને હલકાં માને.... અભિમાન કરે. આવા અભિમાન ધર્મીને ન હોય.

તે સમ્યગ્દ્રષ્ટિઓ પુણ્યના પાત્ર થઈને, ચક્રવર્તી આદિ વિભૂતિ પામીને, મંદ અંહકારાદિ વિકલ્પોને છોડીને મોક્ષમાં ગયા. અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ જીવ ચક્રવર્તી, બલભદ્ર આદિ પદમાં નિરહંકાર રહ્યાં.

ભાષા જુઓ. 'સમ્યગ્દ્રષ્ટિ પુણ્યના પાત્ર છે' સમ્યગ્દ્રષ્ટિને પુણ્ય હોય તેવા મિથ્યાદ્રષ્ટિને ન હોય. પૂર્વે બાંધેલાં પુણ્ય સમ્યગ્દ્રષ્ટિને ચક્રવર્તી, બલભદ્ર, તીર્થંકરાદિપણે ફળે છે. મિથ્યા-દ્રષ્ટિના એવા પુણ્ય જ ન હોય. સમ્યગ્દ્રષ્ટિ આવા પુણ્યફળને પામીને પણ મદ—અહંકારાદિ નહિ કરતાં આત્માની પૂર્ણ સાધના સાધીને મોક્ષ પામે છે. ઊંચી ઊંચી પદવીને પ્રાપ્ત છતાં નિરહંકાર...નિરહંકારપણે રહીને સાધના કરે છે તે સિદ્ધિને પામે છે.

આવું જ કથન શ્રી આત્માનુશાસનમાં ગુણભદ્રઆચાર્યે કર્યું છે. 'सत्यं वाचि.... गतिर्निर्वृतेः। અર્થ :—આગળના સમયમાં એવા સત્પુરુષ થઈ ગયા છે કે જેના વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર, મનમાં દયા, પરાક્રમરૂપ ભુજાઓમાં શૂરવીરતા, યાચકોમાં પૂર્ણ લક્ષ્મીનું દાન અને મોક્ષમાર્ગમાં ગમન છે તે નિરભિમાની થયા થકાં જેને કોઈ ગુણનો અહંકાર થયો નથી તેમના નામ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. પરંતુ મોટું આશ્ચર્ય છે કે આ પંચમકાળમાં લેશમાત્ર પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગુણ નથી તોપણ તેને ઉદ્ધતપણું છે અથવા ગુણ તો રંચમાત્ર પણ નથી અને બુદ્ધિ અભિમાનમાં રહે છે.

તીર્થંકર, ચક્રવર્તી, બલભદ્ર આદિ મોટાં પુરુષોનાં પુણ્યની શું વાત કરવી! જેના વચનમાં સત્ય નીતરતાં હોય, બુદ્ધિમાં શાસ્ત્ર ભર્યાં હોય અને મનમાં દયા વર્તતી હોય—કોઈ પ્રાણીનું નુકશાન ન કરવું એવો ભાવ હોય, પુણ્યના એવા ઢગલાં હોય કે એક ક્ષણમાં જે કરવું હોય તે કરી નાંખે પણ નરમાશનો પાર નહિ, તેની પરાક્રમરૂપ ભુજાઓમાં શૂરવીરતા એવી હોય કે સિંહ જેવાને પણ કાનની બૂટી પકડીને ઊભો રાખી દે. એવા શૂરવીર હોય પણ અહંકાર ન હોય. બળ ઘણું પણ માન જરાય નહિ. અહીં તો શરીરમાં જરાં બળ હોય ત્યાં માન તો એટલું કે સામાને કહે તને ગામમાં ઊભો રહેવા નહિ દઉં.

યાચકોને મહાપુરુષો પૂર્ણલક્ષ્મીનું દાન આપે છે—તે એટલું કે લેવાવાળાને શરમ લાગે કે આટલું બધું લેવાય! તો જ્ઞાની એમ કહે કે બસ આટલું જ! એમ કરીને પ્રેમથી જે માગે તે આપે. ભગવાનની પૂજાનો મહોત્સવ કરીને કિમિચ્છકદાન આપે એટલે સૌને જે માગે તે આપે. અને જ્ઞાનમાં એમ જાણે છે કે જગતની વસ્તુ છે અમારી નથી અને અમે આપી નથી, સૌને પુણ્ય પ્રમાણે સંયોગ બને છે.

અત્યારે પણ લૌકિક સજ્જન એવા હોય છે કે મહાજન લોકો મંદિર આદિ માટે ફાળો કરવા આવે તો મોં માંગ્યું ધન આપે છે અને ઉપરથી કહે છે કે હજુ જરૂર પડે તો કહેજો. આ ધન તમારું જ છે. લૌકિક સજ્જન આવા હોય છે તો ધર્મીની વાત તો શું થાય! જગતની ચીજ જગતમાં જ્યાં જવાની હશે ત્યાં જશે તેમાં અમારો શું અધિકાર છે! અમારો વિકલ્પ પણ તેમાં શું કરે! એટલી અંદરમાં સમ્યગ્દૃષ્ટિને નરમાશ હોય છે. સાથે શૂરવીરતા પણ આગળ કહ્યું તેમ એવી હોય કે તેની સામે કોઈ ઊભું ન રહી શકે. આવી તાકાત હોય પણ અભિમાન ન હોય. બહારના સાધનથી અમારાં આત્માને કાંઈ લાભ નથી. જેટલાં સ્વરૂપમાં ઠરીએ એટલો અમને લાભ છે.

ઘણાં તો એવા હોય કે દાન આપે નહિ અને ઉપરથી ગાળ આપે કે અમે સાંભળ્યું છે કે તમારું કામ વ્યવસ્થિત થતું નથી માટે અમને તમારાં કાર્યમાં દાન દેવાનો ભાવ નથી. એલા પણ ગાળ દીધા વિના કહી દે ને કે અમારે પૈસા દેવા નથી. એમાં તો વળી અભિમાન એવા કરે કે 'અમે તો વિવેક કરીને યોગ્ય હોય તેને જ દઈએ.' પોતાનો લોભ પોષાતો હોય અને અભિમાનથી ગાળ બીજાને આપતો જાય છે.

અહીં તો જેને સ્વભાવની દૃષ્ટિ પ્રગટી છે અને પુણ્યના પાત્ર છે તે ધર્મના કામમાં પૈસા વાપરવામાં કમી ન રાખે તેની વાત છે. 'લક્ષ્મીનું દાન ઉણું નહિ—ઓછું ન આપે.' ભાઈ!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લઈ જા ને! તું આવ્યો અને તારું પુણ્ય હશે તેથી તને મળે છે એમાં અમારું કાંઈ નથી.

આવા, શાસ્ત્રમાં બુદ્ધિ, મનમાં દયા આદિના વિકલ્પ હોવા છતાં જ્ઞાનીનું ગમન મોક્ષમાર્ગમાં થઈ રહ્યું છે. કારણ પોતાના શુદ્ધ સ્વભાવને દૃષ્ટિમાં લીધો છે અને અનુભવ કર્યો છે. તેમાં જ તેનું ગમન ચાલુ છે. અંતર રુચિનું પરિણમન થઈ રહ્યું છે તેથી જ્ઞાનીને બાહ્યવૈભવના અભિમાન હોતાં નથી. નિરાભિમાની થઈને રહે છે. ૨૫ પ્રકારના દોષનો ત્યાગ તો વ્યવહારસમકિતમાં આવે છે. છઢાળામાં આ બધું આવી ગયું છે. નિશ્ચયસમકિતમાં તો કાંઈ વિકલ્પ જ નથી. અને વ્યવહારસમકિતમાં જાતિ, કુળ, બળ આદિના માન હોતાં નથી.

આવા ગુણવાન જ્ઞાનીઓ થઈ ગયાં તેના નામ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ગુણ ઘણાં પણ માન જરાય નહિ. પણ અત્યારે તો આશ્ચર્ય છે કે ગુણ તો લેશમાત્ર ન હોય તોપણ ઉદ્ધતપણું હોય છે. બીજા કરતાં થોડી વધારે બુદ્ધિ મળી હોય, પૈસા સારાં મળ્યાં હોય, છોકરાં બીજાં કરતાં જરાં ઠીક થયાં હોય, દીકરી સારાં ઘરે પરણાવી હોય તો તેને ઉદ્ધતપણું આવી જાય છે. ઉદ્ધતાઈથી બીજાંને એમ બોલે કે અમને તો બધી આવડત છે તેથી બધાં પાસા સીધા પડે છે. તમારું તો કાંઈ ઠેકાણું નથી. દીકરા—દીકરીને પણ યોગ્ય જગ્યાએ વરાવી શકતાં નથી.

ગુણભદ્ર આચાર્ય મહા દિગંબર સંત થઈ ગયાં. તેમણે આત્માનુશાસન ગ્રંથમાં સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનો વિવેક કરીને બતાવ્યો છે. તેમાં મિથ્યાદૃષ્ટિ માટે અચંબો વ્યક્ત કર્યો છે કે તેનામાં ગુણ તો છે નહિ અને ઉદ્ધતાઈ ઘણી છે.

આ ૬૦ ગાથા થઈ. હવે યોગીન્દ્રદેવ કહે છે કે દેવ—શાસ્ત્ર—ગુરુની ભક્તિથી મુખ્યપણે તો પુણ્યબંધ થાય છે. મોક્ષ થતો નથી. રાગને ટાળે ત્યારે મોક્ષ થાય છે માટે, ભક્તિને સાક્ષાત્ મોક્ષનું કારણ કહ્યું નથી પણ પરંપરામોક્ષનું કારણ કહ્યું છે.

યોગીન્દ્રદેવે પુણ્ય અને ધર્મને જુદાં બતાવીને વિવેક કરાવ્યો છે. દયા—દાન—વ્રતાદિ તે પુણ્યપરિણામ છે અને ભગવાન આત્માની અંતર્દૃષ્ટિ જ્ઞાન અને સ્થિરતા તે ધર્મ છે. દેવ—શાસ્ત્ર—ગુરુની શ્રદ્ધાથી મુખ્યપણે તો પુણ્ય થાય છે એમ કરીને ગૌણપણે તેને મોક્ષનું કારણ એ રીતે કહેશે કે જ્ઞાની એ રાગને પણ છોડી શુદ્ધોપયોગમાં ઠરશે ત્યારે મુક્તિ થશે.

કુદેવ—કુશાસ્ત્ર—કુગુરુની તો વાત જ નથી પણ સાચાં વીતરાગી દેવ, તેમના પાસેથી આવેલી દ્વાદશાંગ વીતરાગી વાણી અને નિર્ગ્રંથગુરુની ભક્તિ પણ મોક્ષનું સીધું કારણ થતી નથી. પુણ્યબંધનું કારણ થાય છે. કર્મક્ષયનું કારણ થતી નથી. પાપથી બચવા ધર્મીને શુભભાવ આવ્યા વગર રહેતાં નથી. દેવ—શાસ્ત્ર—ગુરુની ભક્તિ, પૂજા, સ્તુતિ આદિના ભાવ હોય છે પણ તેને ધર્મનું કારણ માનતાં નથી. આત્માના આશ્રયે પ્રગટેલાં સંવર—નિર્જરા જ મોક્ષનું કારણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. છતાં પાપથી બચવા મંદકષાયના પરિણામ થાય છે તેને ધર્મી હેયબુદ્ધિએ જાણે છે. આવું 'શાંતિ' એટલે 'આર્ય'—સજ્જન પુરુષો અથવા કપટ રહિત સંતપુરુષો કહે છે. અજ્ઞાની કપટી તો એમ કહે કે અમારી ભક્તિ કરો તો તમારી મુક્તિ થશે.

**निशल्योव्रती**—શલ્ય વિનાના સંતો કે જેને મિથ્યાત્વ, માયા અને નિદાન શલ્ય નથી. ત્રણ કષાયનો અભાવ થયો છે એટલી વીતરાગદશા પ્રગટી છે એવા આચાર્યો, મુનિઓ એમ કહે છે કે અમારી ભક્તિથી મુક્તિ નહિ થાય. આર્ય પુરુષો અથવા ત્રણકષાયના અભાવવાળા સંતો જ આમ કહે છે બાકી અજ્ઞાની તો એવું જ કહે કે અમને જમાડો, અમારી ભક્તિ કરો એટલે અમારી સાથે તમારો પણ મોક્ષ થશે.

વીતરાગ સંતોને મોઢા સામેનો કોળિયો (માન લેવું) સારો લાગતો નથી તેથી એ તો ડાંડી પીટીને સત્યની જાહેરાત કરે છે કે અમારાથી તમારી મુક્તિ નહિ થાય. તમે જેટલો સ્વાશ્રય કરશો એટલો તમને લાભ થશે. તમારી મુક્તિ તમારી પાસે છે.

સંતો જે રીતે કહે છે એ રીતે માનવું જોઈએ.

❁ જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમ જ દયા-દાન-વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ! તેઓ મારે માટે આકિંચન છે—મારા માટે કિંચિત્‌માત્ર નથી, હું તો પૂર્ણાનંદનો નાથ છું. રાગનો અંશમાત્ર મારો નથી એમ દૃષ્ટિમાંથી ધર્મ-અર્થ-કામરૂપી ભાવની મમતા છોડી દે ને જ્ઞાનસ્વરૂપી ભગવાનને જ્ઞાન પરિણતિથી તું જાણ! એ સિવાય ત્રણકાળમાં આત્મા જાણવામાં આવશે નહીં. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૪૪)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# રાગ હોવા છતાં, સમકિતીની દૃષ્ટિ નિજ પરિણતિ પર છે

(સળંગ પ્રવચન નં.–૧૧૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૬૧ ગાથાનો ભાવાર્થ છે.

ભાવાર્થ :—સમ્યક્ત્વપૂર્વક જે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરે છે તેને મુખ્ય તો પુણ્ય જ થાય છે અને પરંપરા મોક્ષ થાય છે.

સમ્યગ્દૃષ્ટિ પોતાના અતીન્દ્રિય આનંદના પિપાસુ છે, સમકિતીને શુદ્ધાત્માની દૃષ્ટિ થઈ છે પણ અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી. શુદ્ધતાથી ભરેલા આત્મતત્ત્વમાં એકત્વ થયું છે પણ અતીન્દ્રિય આનંદની પૂર્ણતા નથી ત્યાં સુધી સમકિતી કે શ્રાવકને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના ભાવ આવે છે તેથી ભક્તિ કરતાં તેને પુણ્ય થાય છે પછી તે રાગને પણ ઘટાડીને ક્રમે ક્રમે પૂર્ણતાને પામશે—મોક્ષ પ્રાપ્ત કરશે. વર્તમાનમાં તો દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ આવ્યા વિના રહેતો નથી તેથી મુખ્યપણે પુણ્ય બંધાય છે.

જે જીવ સમ્યક્ત્વથી રહિત મિથ્યાદૃષ્ટિ છે તેને ભાવ-ભક્તિ તો નથી કારણ કે રાગરહિત શુદ્ધસ્વભાવની તેને દૃષ્ટિ નથી, તેથી વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ તો તેને આવતી નથી માત્ર લૌકિક બાહ્ય ભક્તિ હોય છે. નિજપરમાત્માની ઓળખાણ વિના પર પરમાત્મા જે વીતરાગ છે તેની પણ તેને વીતરાગદૃષ્ટિપૂર્વક જે ભક્તિ ઊછળવી જોઈએ તે ઊછળતી નથી. શુભા-શુભવિકલ્પ રહિત વસ્તુની દૃષ્ટિ વિના પૂર્ણ વીતરાગ સ્વભાવનું માહાત્મ્ય જ તેના અંતરમાં આવતું નથી. છતાં બાહ્યથી તો એ પણ ઘણી ભક્તિ કરે છે પણ અંતરની દૃષ્ટિએ તેને લૌકિક ભક્તિ કહેવામાં આવે છે તેનાથી તેને પુણ્યબંધ તો થાય છે પણ કર્મનો ક્ષય થતો નથી.

આવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને પ્રશ્ન કરે છે કે હે પ્રભો! જો પુણ્ય મુખ્યતાથી મોક્ષનું કારણ નથી તો ત્યાગવા યોગ્ય જ છે, ગ્રહણ કરવા યોગ્ય નથી તો ભરત, સગર, રામ, પાંડવ આદિ મહાપુરુષોએ નિરંતર પંચપરમેષ્ઠીનું ગુણસ્મરણ કેમ કર્યું? અને દાન, પૂજા આદિ શુભક્રિયાઓથી પૂર્ણ થઈને પુણ્ય ઉપાર્જન કેમ કર્યું?

‘નિરંતર’ શબ્દ વાપર્યો છે તે અપેક્ષાથી છે. જ્ઞાનીને ભગવાન પ્રત્યે ભક્તિની શુભવૃત્તિ રહ્યા કરે છે પણ તેમાં નિરંતર એકાકારતા હોતી નથી, બહુમાન નિરંતર હોય છે તે અપેક્ષાથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નિરંતર ભક્તિ હોય છે એમ કહેવાય છે. જ્ઞાની પુરુષો દાન કરે છે, પૂજા કરે છે, ભક્તિ કરે છે, વીતરાગી અરિહંત, વીતરાગી સિદ્ધ, વીતરાગી સાધુઓના ગુણગ્રામ કરે છે. શા માટે? આપ તો કહો છો કે પુણ્ય ત્યાગવા યોગ્ય છે તો મહાપુરુષોએ પુણ્યનું ઉપાર્જન કેમ કર્યું? કિમિચ્છક દાન એટલે માગનાર જે માંગે તે દાન કરવું એવું પૂર્ણદાન કેમ કર્યું? પુણ્ય તો ત્યાગવા યોગ્ય છે ને! પાંચપદસ્થિત પરમેષ્ઠીની પૂજા—ભક્તિ વડે પુણ્ય ઉપાર્જન કેમ કર્યું?

શિષ્યના આ પ્રશ્નનો ગુરુ ઉત્તર આપે છે કે જેમ પરદેશમાં સ્થિત કોઈ રાજા આદિક પુરુષ પોતાની પ્યારી સીતા આદિ સ્ત્રી પાસેથી આવેલ કોઈ મનુષ્યની સાથે વાત કરે, તેનું સન્માન કરે અને દાન કરે છે તે બધું પોતાની પ્રિયા ખાતર કરે છે, કાંઈ તે માણસ માટે કરતો નથી. ભાઈ! તું ક્યાંથી આવ્યો? સીતા પાસેથી આવ્યો. તો તેની સ્થિતિ કેમ છે? એમ આદરથી પૂછે છે, સન્માન કરે છે. આમ તો તે માણસ સામે પણ જોતો ન હોય પણ પોતાની પ્રિયાના સમાચાર લઈને આવ્યો છે માટે તેનું બધી રીતે સન્માન કરે છે કાંઈ તે માણસ માટે કરતો નથી તેમ, તે ભરત ચક્રવર્તી, સગર ચક્રવર્તી, રામ, પાંડવ આદિ મહાપુરુષો વીતરાગ પરમાનંદ એકરૂપ મોક્ષલક્ષ્મીના સુખ અમૃતરસના પ્યાસા થયા થકા સંસારની સ્થિતિ છેદવા માટે, વિષય—કષાયથી ઉત્પન્ન થયેલાં આર્ત—રૌદ્ર ખોટાં ધ્યાનના નાશ માટે શ્રી પંચપરમેષ્ઠીના ગુણોનું સ્મરણ કરે છે અને દાન પૂજા આદિ કરે છે પરંતુ તેની દૃષ્ટિ કેવળ નિજ પરિણતિ ઉપર છે, પરવસ્તુ ઉપર નથી....

ભરત, સગર આદિ શલાકા પુરુષોને પુણ્યની ઋદ્ધિ કેટલી હોય છે પણ તેની જરાય મહિમા નથી. અરે! અમારી આનંદસંપદા તો અંતરમાં છે એ તો એકરૂપ પરમાનંદ મોક્ષલક્ષ્મીના અમૃતરસના પ્યાસા છે એટલે અમૃતરસ જરાય નથી માટે પ્યાસા છે એમ નહિ, નિજ પરિણતિ પ્રગટ થઈ છે તેથી અમૃતરસનો સ્વાદ તો ચાખી લીધો છે પણ પૂર્ણ અમૃતરસના પ્યાસા છે. જે ચીજને અંતરમાં જોઈ છે તેની પૂર્ણ પ્રાપ્તિની પિપાસા છે.

જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શનનું વર્ણન છે. ભરત, રામ આદિને ઘરમાં, રાજમાં રહ્યા છતાં રાજની ભાવના નથી પણ અંતરમાં જે અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે તેની પૂર્ણતાની પિપાસા છે. પૂર્ણાનંદની તૃષા લાગી છે. તેથી સંસારની સ્થિતિ ઘટાડવા અર્થે શુભભાવ કરે છે. એકલા શુભભાવથી સંસારની સ્થિતિ ઘટતી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન છે અને સાથે શુભભાવ આવે છે તો સંસારની સ્થિતિ ઘટે છે.

વળી, વિષય-કષાયથી ઉત્પન્ન થયેલાં આર્ત્ત-રૌદ્રરૂપ અશુભધ્યાનના નાશ માટે, સમ્યગ્દૃષ્ટિ નિશ્ચય અનુભવ દૃષ્ટિ સહિત પંચપરમેષ્ઠીના ગુણોનું સ્મરણ આદિ કરે છે. સંસાર માટે જ્ઞાની મડદા જેવા થઈ ગયા છે. સંસારના વૈભવ પ્રત્યે ક્યાંય ઉત્સાહ રહ્યો નથી. એકમાત્ર



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મોક્ષરૂપ અમૃતરસની પિપાસા લાગી છે, શુભભાવ આવે છે પણ પુણ્યની પિપાસા નથી, રાગની પિપાસા નથી. ધર્મદૃષ્ટિ આવી હોય છે ભાઈ! એમ ગુરુ શિષ્યને સમજાવે છે.

એકનો એક યુવાન પુત્ર હોય અને બે વર્ષના પરણેતરે ગુજરી જાય તેની માની દશા કેવી હોય! મારો દીકરો....મારો દીકરો કરતી ઝૂરીને મરી જાય એવી માની દશા અમે જોઈ છે તેમ, ધર્મી મારો મોક્ષ.....મારો મોક્ષ એમ કરતો કરતો મોક્ષને સાધી લે છે. આત્માની પૂર્ણદશા પ્રાપ્ત કર્યે છૂટકો એવી તીવ્ર અભિલાષા સમ્યગ્દૃષ્ટિને હોય છે. ભલે વચ્ચે અશુભભાવ પણ આવે છે છતાં પૂર્ણાનંદની પ્યાસા ખસતી નથી.

વિષય-કષાયથી ઉત્પન્ન થયેલાં આર્ત્તધ્યાનના નાશ માટે એમ કહ્યું તો શું ઉત્પન્ન થયેલો ભાવ નાશ થાય છે! ઉત્પન્ન થયો એ તો થઈ જ ગયો પણ ફરી વિશેષ ન થાય એ માટે જ્ઞાની ભગવાનની ભક્તિ, પૂજા, ગુણસ્મરણ આદિ કરે છે. ભરત, રામ, સગર આદિને ત્યાં રાજ્ય, લક્ષ્મી, સ્ત્રી આદિ વૈભવના પાર ન હતાં છતાં અરે! અમે તો આત્મા છીએ, આ રાગ પણ અમારો નથી તો આ ચીજ ક્યાં અમારી હતી! આવો ભાવ રહેવાથી તેની દૃષ્ટિ વિષય-કષાય ઉપર તો નથી પણ શુભભાવમાં પણ નથી, તેની દૃષ્ટિ તો કેવળ નિજસ્વભાવ ઉપર છે. નિજપરિણતિ ઉપર દૃષ્ટિ છે એમ કહીને નિશ્ચયસમ્યક્ત્વ બતાવ્યું છે.

ચોથા-પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન પણ થઈ જાય છે અને છઠ્ઠા ગુણસ્થાન સુધી આર્તધ્યાન થઈ જાય છે તે ન થાય અને આત્મામાં સ્થિરતા થાય એવી ભાવના છે તે માટે પ્રયત્ન કરે છે. પંચપરમેષ્ઠીના ગુણસ્મરણ, પૂજા, દાન, ભક્તિ આદિ ભાવ કરે છે પણ દૃષ્ટિ તો કેવળ નિજપરિણતિ ઉપર છે. નિજપરિણતિ એટલે વિકારના પરિણામ વિનાની નિર્મળ પરિણતિ ઉપર દૃષ્ટિ છે, શુભપરિણામ થાય છે તે નિજપરિણતિ નથી. જેમ હનુમાન રામને સીતાજીની વાત કરે છે તેમ શુભપરિણતિ જ્ઞાનીને નિર્મળાનંદરૂપ મોક્ષનો સંદેશો આપે છે. પંચપરમેષ્ઠી એને પૂર્ણાનંદની પરિણતિની વાત કરે છે. પાંચેય પરમેષ્ઠી જીવને મોક્ષ—મોક્ષમાર્ગ બતાવનારાં છે, છૂટવાની વાત કરે છે. ભાઈ! તું વીતરાગસ્વભાવથી ભરેલો છો માટે વીતરાગ સમભાવને પ્રગટ કર! એમ કહે છે. તેથી મોક્ષના પ્રેમીને પંચપરમેષ્ઠી પ્રત્યે પણ પ્રમોદ આવે છે.

જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં તેમાં રહ્યાં નથી હો. એકમાત્ર મોક્ષની પિપાસા.... મોક્ષની પિપાસા છે. સીતાજી આદિ સ્ત્રીઓ પણ આત્મજ્ઞાન પામેલાં હતાં તેને પૂર્ણાનંદની પિપાસા હતી. રામે તેની પરીક્ષા કરવા અગ્નિમાં પડવાનું કહ્યું પણ અંતરમાં વિશ્વાસ છે અને રામને પણ સીતાનો વિશ્વાસ છે એની સીતાને ખબર છે. છતાં અગ્નિમાં ઝંપલાવે છે અગ્નિનું પાણી થઈ જાય છે, રામચંદ્રજી સીતાજીને કહે છે હવે ઘરે આવો. અર્ધખંડનો સ્વામી રામ

www.vitragvani.com



કહે છે તમે પરીક્ષામાં પાર ઉતર્યા છો માટે હવે તમને પટરાણી કરીએ તમે મહેલમાં આવો. ત્યારે સીતાજી કહે છે હવે અમારે સંસાર ન જોઈએ. તમે પુરુષોત્તમ પુરુષ છો છતાં તમારી વૃતિ પણ આવી થઈ ગઈ!! વસ્ત્ર, શણગાર આદિ બધું છોડીને એક સફેદ વસ્ત્ર રાખીને મડદા જેવા શરીરને લઈને વનમાં ચાલ્યા જાય છે. લ્યો, આ પાંચમા ગુણસ્થાનની વાત છે. તેની દૃષ્ટિ તો અંતરમાં નિજપરિણતિ ઉપર છે, પરવસ્તુ ઉપર નથી. દૃષ્ટિનો વિષય શુભરાગ અને પર નથી, દૃષ્ટિમાં તો આનંદમય ભગવાન આત્મા તરવરે છે. અનંતગુણસાગર પ્રભુ ભિન્ન છે....ભિન્ન છે....ભિન્ન છે. તેમાં દૃષ્ટિ સ્થપાઈ ગઈ છે.

ધર્મીને દૃષ્ટિની સાથે પંચપરમેષ્ઠીની ભક્તિ આદિ શુભક્રિયા ભક્તિ, સન્માન, દયા, પૂજા આદિનું પરિણમન પણ વર્તે છે. અહાહા! વીતરાગી કથનો અને વીતરાગી ભાવો અલૌકિક છે! તેના વિના જન્મ-મરણના અંત આવે તેમ નથી. શુભપરિણતિ ઉપર દૃષ્ટિ નથી છતાં શુભભાવ આવે છે તેથી ધર્મી ચાહતા ન હોવા છતાં શુભપ્રકૃતિનો આસ્રવ અને બંધ થઈ જાય છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, સર્વાર્થસિદ્ધિના દેવ આદિનું આયુ બંધાઈ જાય છે.

વીતરાગીદૃષ્ટિમાં શુભભાવ પણ ગોઠતો નથી છતાં પરમાનંદની પોતાને પિપાસા હોવાથી પરમાનંદને પ્રાપ્ત દેવ અને પરમાનંદના કહેનારા ગુરુ તથા શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ આવી જાય છે. સંસારના ભોગમાં પડ્યા છે છતાં ભોગની ભાવના નથી. તેથી આવા અશુભભાવને છોડવા માટે પણ ધર્મીને શુભભાવ આવે છે.

મને શુભકર્મપ્રકૃતિ બંધાશે તો અનુકૂળતા મળશે તે મને ઠીક પડશે એવી ધર્મીને ચાહના નથી. અહા! અન્યમતમાં પુણ્યથી ધર્મ અને મોક્ષ મનાવાય છે ત્યારે અહીં કહે છે કે ધર્મીને પુણ્યની ચાહના નથી. વીતરાગમાર્ગમાં રાગના પ્રેમ અને ઉલ્લાસ ન હોય છતાં તેને જ પુણ્યપ્રકૃતિનો આસ્રવ થાય છે.

જેમ, ખેડૂતની દૃષ્ટિ અનાજ ઉપર હોય છે, ઘાસ–ફૂસ ઉપર હોતી નથી છતાં ઘાસ તો અનાજની સાથે થાય જ છે પણ ખેડૂત ખેતરમાં જોવા જાય તો અનાજ કેટલું થયું એમ જુએ છે–ઘાસ તો ઘણું થયું હોય છે પણ તેની ઉપર તેની નજર હોતી નથી. ખેડૂતને ઘરે ઘાસ અને સાંઠીની તો વખાર ભરી હોય. અમે તો મોસાળમાં બધું જોયું છે. પહેલાં તો બધું સસ્તુ બહુ હતું. હમણાં એક ખેડૂત વાત કરતાં હતા કે ૨૭,૦૦૦ની જમીન લીધી છે અને દર વર્ષે ૩૫,૦૦૦નું અનાજ-કપાસ વગેરેની ઉપજ છે એ વાત કરતાં હતાં એમાં એની નજર કસ ઉપર હતી એમ પકડાતું હતું. આમ, ખેડૂતની નજર દાણા ઉપર હોય, રાડા ઉપર ન હોય, રાગ તો સહેજે થાય છે તેમ, ધર્મીની નજર ધર્મ ઉપર હોય છે, પુણ્ય ઉપર દૃષ્ટિ હોતી નથી છતાં પુણ્ય તો સહેજે બંધાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મિથ્યાદૃષ્ટિની—અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય ઉપર હોય છે અને તેના ફળની આશામાં એ જીવે છે જ્યારે ધર્મીની દૃષ્ટિ તો પોતાની શુદ્ધપરિણતિ ઉપર છે અને તેના ફળમાં પૂર્ણ શુદ્ધપરિણતિ કેમ પ્રગટે એના ઉપર તેની દૃષ્ટિ હોય છે તો પુણ્ય તો સહેજે બંધાઈ જાય છે પણ તે પુણ્યબંધ તેને સંસારમાં ભટકાવી શકતું નથી. ધર્મી તો એકમાત્ર શિવપુરીના પાત્ર છે. પુણ્ય અને તેના ફળ ધર્મીના સંયોગમાં છે પણ તેનો હંમેશા નિષેધ વર્તે છે. તેથી પુણ્ય તેને સંસારમાં ભટકાવી શકતું નથી. ભરત, સગર, રામ આદિ જે ઉપર કહ્યા તે ઉપરાંત સીતાજી, દ્રૌપદી, અંજના, ચંદના આદિ રાજકુમારીઓ જે મહાસતી થઈ ગયાં તે બધાંને પૂજા–ભક્તિ આદિ શુભપરિણામથી અનીહિતવૃત્તિએ પુણ્યનો આસ્રવ આવતો પણ તે બધાં પુણ્યના પાત્ર ન હતાં, શિવપુરીના પાત્ર હતા એમ કહે છે. અમારે તો પૂર્ણાનંદ....પૂર્ણાનંદ જોઈએ—પુણ્યના ફળની અમને અભિલાષા નથી.

અજ્ઞાની પુણ્ય તો થોડું કરે પણ તેનું અભિમાન વધારે કરતો હોય છે. આત્માના જ્ઞાન વિના બાહ્યજ્ઞાનનું પણ એ અભિમાન કરે છે, આત્માની દૃષ્ટિ વિના વ્યવહારુદૃષ્ટિનું અભિમાન કરે છે, આત્માના ચારિત્ર વિના ક્રિયાકાંડનું અભિમાન કરે છે, તેથી તેને તો પુણ્ય પણ ઊંચા બંધાતા નથી. અજ્ઞાની એકલા સંસારના પાત્ર છે જ્યારે જ્ઞાની શિવપુરીના પાત્ર છે.

આ રીતે, શિષ્યના પ્રશ્નનો ગુરુએ ઉત્તર આપ્યો. હવે ૬૨ ગાથામાં કહે છે કે દેવ–શાસ્ત્ર–ગુરુની જે નિંદા કરે છે તેને મહાન પાપનો બંધ થાય છે. ધર્મી અનીહિતવૃત્તિએ દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ કરીને પુણ્ય બાંધે છે તો અજ્ઞાની સાચા દેવ–શાસ્ત્ર–ગુરુના સ્વરૂપના ભાન વિના તેનો વિરોધ કરીને મહાન પાપના ભાગીદાર થાય છે. એ પાપના પ્રભાવથી પાપી અનંતકાળ સુધી નરક નિગોદ આદિ ખોટી ગતિમાં ભટકે છે.

**देवहँ सत्थहं मुणिवरहं जो विद्देसु करेइ।**
**णियमें पाउ हवेइ तसु जें संसारु भमेइ।।६२।।**

અર્થ :—વીતરાગદેવ, જિનસૂત્ર અને નિર્ગ્રંથ મુનિઓથી જે જીવ દ્વેષ કરે છે તેને નિશ્ચયથી પાપ થાય છે, જે પાપના કારણે જીવ સંસારમાં ભ્રમણ કરે છે અર્થાત્ દેવ–શાસ્ત્ર–ગુરુ કે જે સાક્ષાત્ પુણ્યબંધના કારણ અને પરંપરા મોક્ષના કારણ છે તેની નિંદા કરે છે તેને નિયમથી પાપ થાય છે અને પાપના ફળમાં તે દુર્ગતિમાં ભટકે છે.

વીતરાગ સર્વજ્ઞદેવ એટલે કોણ! કે જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે એવી દશાવંત પરમાત્માની જે નિંદા કરે તેની દશા શું થાય!! દેહ છે ત્યાં સુધી જ આત્મા છે. પરલોકમાં વળી આત્મા ક્યાં હોય! એમ માનનારા નાસ્તિકો સર્વજ્ઞની વાતને ગપ્પા કહીને

www.vitragvani.com



પોતે પાપ બાંધે છે. અરે! વિચાર કરે તો અત્યારે પણ અનંત દ્રવ્યો છે તેનો ખ્યાલ આવે છે. અનંત દ્રવ્ય છે, અનંત ક્ષેત્ર છે, અનંત કાળ છે અને એ દ્રવ્યોનો અનંત ભાવ છે, એ બધું ખ્યાલમાં આવે એવી તાકાત તો મતિ–શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ છે અરે! તેની ના પાડનારને પણ અનંતનો ખ્યાલ તો આવે છે ને! અનંત પદાર્થ ન હોય એમ નિષેધ કરનારના જ્ઞાનમાં પણ અનંતી શક્તિ છે ને!

શું કહ્યું? સમજાયું! અનંત જીવ ન હોય, અનંત પુદ્‌ગલ ન હોય એમ અનંતનો નિષેધ કરનારના જ્ઞાનમાં 'અનંત' તો ખ્યાલમાં આવ્યા ને! અનંત ન હોય એમ નિષેધ કરે છે તે ખોટું છે પણ તેને પણ અનંત તો જ્ઞાનમાં આવ્યું. જ્ઞાનની તાકાત જ એવી છે કે એક સમયમાં ત્રિકાળવર્તી અનંત પદાર્થોને તેની અપેક્ષા વિના જાણે, વિકલ્પની પણ અપેક્ષા તેને નથી. પણ તેની જેને શ્રદ્ધા નથી તે જીવ કોઈ પણ રીતે કેવળજ્ઞાનનો નિષેધ કરે છે કે જો કેવળીએ દરેકની ત્રણકાળની અવસ્થા જોઈ હોય તો બધું એ પ્રમાણે જ થાય તો તેમાં આપણાં હાથમાં શું રહ્યું! માટે એમ ન હોય....એમ કરીને સર્વજ્ઞનો નિષેધ કરે છે.

૯૨ની સાલમાં અહીં એક ભણેલો સાધુ આવ્યો હતો તે કહે, જો તમે એમ કહો છો કે સર્વજ્ઞ બધું જાણે છે તો કોઈ કાંઈ નવું તો કરી જ ન શકે, પુરુષાર્થ તો કાંઈ રહ્યો જ નહિ! એમ પૂછવા લાગ્યો ત્યારે કીધું તમારે જગતમાં કેવળજ્ઞાન નથી એમ સિદ્ધ કરવું છે? ભાઈ! એમ ઊંધા તર્ક ન કરાય, ન્યાય સમજવો જોઈએ. સર્વજ્ઞને ન ઉડાડાય. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા સર્વજ્ઞનો નિષેધ કરે આવા તે સાધુ હોય! સર્વજ્ઞે તો બધું પોતાના જ્ઞાનથી જોયું છે તેમ સર્વજ્ઞનો નિર્ણય કરવો એ તારા હાથમાં છે.

૬૨ ગાથા છે ને! અંતરની દૃષ્ટિવાળાને આવા વીતરાગદેવની-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે અને જેને આત્માનું જ્ઞાન જ નથી અને દેવ–શાસ્ત્ર–ગુરુની નિંદા કરે છે તે તો એકલું પાપબંધ કરે છે. સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રની ભૂલ કાઢે કે આ સમયસારમાં તો નવેય તત્ત્વની ભૂલ છે. પોતાના જ્ઞાનનું અભિમાન ચઢી ગયું હોય એટલે શાસ્ત્રની ભૂલ કાઢે. નિર્ગ્રંથ મુનિઓ કે જેને અંતરમાં નિર્મળાનંદની છોળ ઉઠતી હોય પણ બહારથી શરીર નગ્ન અને મલિન પણ હોય તેને જોઈને આ મૂર્ખ એમ નિંદા કરે કે આને લોકલજ્જા પણ નથી–નગ્ન રહે છે અને કહે છે કે અમે ધર્મ કરીએ છીએ. આમ નિંદા કરીને નિંદક પોતે પાપ બાંધે છે.

મુનિરાજને શરીરની કોઈ જાતની ઇચ્છા રહી નથી કે શરીર આમ પરિણમે તો સારું....શરીરને જેમ પરિણમવું હોય તેમ પરિણમો અમે તો અમારી દૃષ્ટિ અને અનુભવમાં છીએ. આવા વીતરાગી દિગંબર નિર્ગ્રંથ સંત અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં હોય છે તેનો અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીતરાગદેવ તથા શાસ્ત્રનો જે વિરોધ કરે છે તેને ખરેખર–નિશ્ચયથી મિથ્યાત્વ સહિતનું પાપકર્મ બંધાય છે, ઘાતિ અને અઘાતિ બધાં કર્મ બંધાય છે.

શ્રીમદે એકવાર કહ્યું હતું અરે! જેના ગુણગ્રામ કરવાથી લાભ થાય તેની જ નિંદા કરી–વિરોધ કરી લોકો અનંત સંસાર વધારે છે. સમ્યગ્દૃષ્ટિને પણ ઓળખ્યા વગર વિરોધ કરે તે પણ પાપ બાંધે છે. નિજપરિણતિ ચોથા ગુણસ્થાનથી પ્રગટ થઈ જાય છે. તે નિજપરિણતિ સહિત સમ્યગ્દૃષ્ટિ દેવ–શાસ્ત્ર–ગુરુના ગુણગ્રામ કરીને પુણ્ય બાંધે છે. તેની સામે આ વાત કરી કે મિથ્યાદૃષ્ટિ સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની નિંદા કરીને પાપ બાંધે છે. તે પાપથી તેને દુર્ગતિમાં ભટકવું પડે છે.

ભાવાર્થ :—નિજપરમાત્મદ્રવ્યની પ્રાપ્તિની રુચિ તે જ નિશ્ચય સમ્યક્ત્વ, તેનું કારણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ વ્યવહાર સમ્યક્ત્વ તેના મૂળ અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ અને દયામયી ધર્મ— આ ત્રણેયની જે નિંદા કરે છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે, તે મિથ્યાત્વનું મહાન પાપ બાંધે છે, તે પાપથી ચારગતિરૂપ સંસારમાં ભમે છે.

નિજપરમાત્મા—પરમ શુદ્ધ આનંદસ્વરૂપ અભેદ એકાકાર અખંડાનંદમય દ્રવ્ય, તેની પ્રાપ્તિની રુચિ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિની રુચિવાળાને નિજપરમાત્મ દ્રવ્યની રુચિ થઈ ગઈ છે તેનું નામ નિશ્ચયસમકિત છે, તેના કારણભૂત નવતત્ત્વની વિકલ્પવાળી શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે તેનો વિષય દેવ–ગુરુ અને શાસ્ત્ર છે એવા તત્ત્વાર્થશ્રદ્ધાનની વાત કરી છે. નિશ્ચય સમકિતનો વિષય નિજપરમાત્મા છે અને વ્યવહાર સમકિતનો વિષય વીતરાગદેવ-ગુરુ અને શાસ્ત્ર છે. એમ વિષય જુદો પડ્યો છે જ્યારે તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ '**तत्त्वार्थश्रद्धानम् सम्यग्दर्शनम्**' કહ્યું છે ત્યાં સાત તત્ત્વની અભેદ શ્રદ્ધામાં આત્મા આવી જાય છે.

ભાવાર્થમાં દેવ–શાસ્ત્ર–ગુરુને વ્યવહાર સમકિતના વિષય કહ્યાં છે અને નિજ-પરમાત્મા તે નિશ્ચયસમકિતનો વિષય છે. સ્વના આશ્રય વિના એકલા દેવ–શાસ્ત્ર–ગુરુના શ્રદ્ધાનથી વ્યવહારસમકિત થતું નથી. તેથી અહીં બંનેની વાત સાથે લીધી છે. અંતરમુખતા થયા વિના દેવ–શાસ્ત્ર–ગુરુ તરફ જોયા કરવાથી નિશ્ચયસમકિત થતું નથી અને વીતરાગ સર્વજ્ઞદેવની ઓળખાણ વિના નિશ્ચય સમકિત પણ હોઈ શકતું નથી માટે, અરિહંતદેવ, નિર્ગ્રંથગુરુ અને દયામયી ધર્મ આ ત્રણેની જે નિંદા કરે છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે. રાગની ઉત્પત્તિ ન થવી તે દયા અને શુભભાવરૂપી દયા એ બંને આવી જાય. આવા ધર્મની નિંદા કરનારા મિથ્યાત્વનું મહાન પાપ બાંધે છે અને તેના ફળમાં ચારગતિમાં ભ્રમણ કરે છે.

સમકિતી મોક્ષનું સુખ પામે છે જ્યારે મિથ્યાદૃષ્ટિ પાપબંધથી દુઃખ પામે છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નિશ્ચય પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન, આલોચનાનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૧૧૨)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૬૩મી ગાથામાં યોગીન્દ્રદેવ આગળના બે સૂત્રોમાં કહેલાં પુણ્ય અને પાપ તત્ત્વના ફળ બતાવે છે.

पावें णारउ तिरिउ जिउ पुण्णें अमरु वियाणु।
मिस्सें माणुस-गइ लहइ दोहि वि खइ णिव्वाणु॥६३॥

અર્થ :—આ જીવ પાપના ઉદયથી નરકગતિ અને તિર્યંચગતિ પામે છે, પુણ્યથી દેવ થાય છે, પુણ્ય અને પાપ બંનેના મેળથી મનુષ્યગતિ પામે છે અને પુણ્ય-પાપ બંનેનો નાશ થવાથી મોક્ષ પામે છે એમ જાણો.

અમર એટલે દેવ. અમર એટલે મરતાં જ નથી એમ નહિ પણ દેવલોકના આયુષ્ય લાંબા હોય છે તેથી દેવોને અમર કહેવાય છે. શુભભાવના ફળમાં અસંખ્ય વર્ષ સુધી જીવ દેવલોકમાં રહે છે.

પુણ્ય અને પાપ બંનેના મિશ્રભાવથી મનુષ્યગતિ મળે છે અને બંને ભાવનો નાશ થવાથી જીવ 'મોક્ષ' પ્રાપ્ત કરે છે. એકલાં પાપના ફળમાં તિર્યંચ અને નરકગતિમાં જાય છે. તિર્યંચગતિ હલકી હોવાથી તેને પણ એકલાં પાપના ફળમાં જ ગણી છે.

ભાવાર્થ :—આ આત્મા સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ જે પરમાત્મા છે તેનાથી વિપરીત જે પાપકર્મ તેના ઉદયથી નરક-તિર્યંચગતિના પાત્ર થાય છે. પાત્ર એટલે નરકાદિ ગતિને યોગ્ય થાય છે. સમયસારમાં 'સિદ્ધિનું ભાજન' શબ્દ આવ્યો છે ને! ભાજન એટલે સિદ્ધિને પ્રાપ્ત થાય છે તેમ અહીં પાત્ર એટલે તે ગતિને પ્રાપ્ત થાય છે.

અશુભકર્મ તો આત્માથી વિપરીત છે જ પણ શુભકર્મ પણ આત્માથી વિપરીત છે. આત્માના સ્વરૂપથી વિપરીત એવા શુભકર્મોના ઉદયથી જીવ દેવ થાય છે પણ પુણ્યના ઉદયથી મોક્ષ મળતો નથી. મોક્ષ તો પુણ્ય અને પાપ બંનેના ક્ષયથી જ મળે છે. મોક્ષ શુભાશુભભાવથી રહિત છે. પુણ્ય-પાપ કર્મની જગ્યાએ શુભાશુભ પરિણામ પણ કહી શકાય કેમકે મોક્ષનું

www.vitragvani.com



કારણ એક શુદ્ધોપયોગ છે એમ લીધું છે. શુભાશુભભાવથી રહિત અંતરમાં આત્મઆચરણ તે શુદ્ધોપયોગ છે, માટે કહ્યું કે તે શુદ્ધોપયોગ નિજ શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ છે. શુભાશુભભાવ મોક્ષનું કારણ નથી.

આ આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. અંતરમાં આત્માની સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ આચરણ થવું તે શુદ્ધોપયોગ છે, તેનાથી આત્માને મુક્તિ મળે છે. વચ્ચે શુભભાવ થાય છે તેનાથી મુક્તિ મળતી નથી. સંવર-નિર્જરા પણ શુભભાવથી થતાં નથી. શુભભાવથી તો દેવલોકની પ્રાપ્તિ થાય છે.

જે પુણ્યબંધનું કારણ છે એવા ભાવથી મોક્ષ કેમ મળે? ન જ મળે પણ દુનિયાના જીવોની એવી લાયકાત કે એને પુણ્યથી મોક્ષની પ્રાપ્તિ થાય એવું કહેનારા ગુરુ મળ્યાં છે. આત્મા પોતે પુણ્ય-પાપથી રહિત છે એવા આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા રૂપ શુદ્ધોપયોગ છે તે એક જ ખરેખર મોક્ષનું કારણ છે એટલે કે શુદ્ધોપયોગ સંવર-નિર્જરારૂપ છે.

અશુભ ઉપયોગ તે પાપાસ્રવરૂપ છે, શુભ ઉપયોગ પુણ્યાસ્રવરૂપ છે અને શુદ્ધોપયોગ તે સંવર-નિર્જરારૂપ છે. આ સ્પષ્ટ વાત છે. માટે શુદ્ધોપયોગરૂપ અંતર શ્રદ્ધા-જ્ઞાન-આચરણ વિના આત્માને મિથ્યા શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રથી છૂટકારો થતો નથી. આ સારાંશ છે.

આ જ વાત સિદ્ધાંત ગ્રંથોમાં દરેક જગ્યાએ કહેવામાં આવી છે. જેમકે—આ જીવ પાપથી નરક તિર્યંચગતિમાં જાય છે અને ધર્મ (પુણ્ય)થી દેવલોકમાં જાય છે. પાપપુણ્ય બંનેના મેળથી મનુષ્યદેહને પામે છે અને બંનેના ક્ષયથી મોક્ષ પામે છે.

આ પાપકર્મ શી રીતે બંધાય છે?—કે હિંસા, જૂઠ્ઠુ, ચોરી, ક્રોધ, માન, માયા, લોભ, કુશીલ, પરિગ્રહ આદિ અશુભ પરિણામથી પાપકર્મ બંધાય છે. તેના ફળમાં જીવ તિર્યંચ અથવા નરકગતિમાં જાય છે.

પુણ્યને શાસ્રમાં વ્યવહારધર્મ કહેવાય છે તેથી પાઠમાં 'ધર્મ' શબ્દ મૂક્યો છે. વ્યવહારધર્મરૂપ પુણ્યથી સ્વર્ગ મળે છે પણ સંવર, નિર્જરા કે મુક્તિ થતી નથી. પુણ્ય-પાપ બંને મિશ્રભાવથી મનુષ્યગતિ મળે છે અને બંને ભાવોના અભાવથી જીવને મોક્ષ મળે છે.

હવે ૬૪ ગાથામાં કહે છે કે નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચય-આલોચનારૂપ શુદ્ધોપયોગમાં સ્થિર થઈને વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહારઆલોચનારૂપ શુભોપયોગને છોડવા.

પ્રથમ, સમ્યગ્દર્શન તો હોય પણ સ્વરૂપમાં સ્થિરતા ન હોય ત્યાં સુધી ધર્મીને અશુભભાવથી બચવા શુભ ઉપયોગ હોય છે તેમાં વ્યવહારપ્રતિક્રમણ આદિના ભાવ આવે છે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેનાથી પુણ્યબંધ થાય છે. અજ્ઞાનીને આવા વ્યવહારપ્રતિક્રમણ આદિ હોતા નથી. ધર્મી આવા શુભભાવને છોડીને શુદ્ધમાં ઠરે છે તે તેમને મોક્ષનું કારણ થાય છે.

**वंदणु णिंदणु पडिकमणु, पुण्णहँ कारणु जेण।**
**करइ करावइ अणमणइ एक्कु वि णाणि ण तेण॥६४॥**

અહીં સમયસારના મોક્ષ અધિકાર જેવી શૈલી લીધી છે.

અર્થ :—પંચપરમેષ્ઠીની વંદના, પોતાના અશુભ કર્મોની નિંદા અને અપરાધોની પ્રાયશ્ચિત્તાદિ વિધિથી નિવૃત્તિ આ બધાં જે પુણ્યના કારણ છે તે મોક્ષના કારણ નથી. માટે પ્રથમ અવસ્થામાં પાપને દૂર કરવા માટે જ્ઞાની પુરુષ તેને કરે છે, કરાવે છે અને કરનારને ભલાં જાણે છે તોપણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામાં જ્ઞાની જીવ આ ત્રણમાંથી એકને પણ કરતાં નથી, કરાવતાં નથી અને અનુમોદતા નથી.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ મહારાજની વંદના એ શુભોપયોગ છે. સમ્યગ્દર્શન સહિત ધર્મીને પંચપરમેષ્ઠીની વંદનાના ભાવ આવે છે, પોતાના અશુભ કર્મોની નિંદાના ભાવ આવે છે અને પ્રાયશ્ચિત્ત આદિ વિધિ વડે પોતાના અપરાધોની નિવૃત્તિ કરવાના ભાવ આવે છે પણ તે બધાં ભાવ શુભ બંધનું કારણ છે. મોક્ષનું કારણ તે નથી. પાંચમા ગુણસ્થાનમાં આ પ્રમાણે શુભરાગ આવે છે પણ જ્યારે આત્મધ્યાનમાં ધર્મી લીન હોય ત્યારે આવા કોઈ શુભભાવને ધર્મી કરતાં નથી.

બહુ ઊંચી વાત કરી છે. દૃષ્ટિમાં જ્ઞાયક આત્માને લીધો છે પણ તેમાં ઠરી શકતો નથી ત્યાં સુધી પ્રથમ અવસ્થામાં એટલે કે પાંચમા–છટ્ઠા ગુણસ્થાનમાં વ્યવહારપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનાદિનો શુભરાગ આવે છે પણ જ્યારે ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થાય છે તો કાંઈ શુભરાગ આવતો નથી.

ભાવાર્થ :—કેવળ શુદ્ધસ્વરૂપમાં જેનું ચિત્ત લાગ્યું છે....આ આત્મા આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે તેથી ચિત્ત તેમાં લાગ્યું છે. એકવાર સાલમપાક ખાધો હોય તેને વારંવાર તે જ ખાવાનો ભાવ થયા કરે છે. અંદર બદામ, પિસ્તા, કેસર, કસ્તૂરી વગેરે ઊંચી ચીજ નાંખીને ઘરે બનાવ્યો હોય તે એકવાર ચાખી લીધા પછી તે જ ખાધા કરવાનું મન થયા કરે છે (ખાવાના ગૃદ્ધિવાળા જીવની વાત છે હો!) આ તો દૃષ્ટાંત છે તેમ, અહીં જેણે એકવાર સ્વસંવેદનજ્ઞાનમાં આત્માની અકળ કળાવાળા અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો છે, અનુભવ કર્યો છે તે પછી ભલે શુભ ઉપયોગમાં આવે તોપણ ચિત્ત તો અનુભવમાં લાગ્યું છે. શુભ છોડીને શુદ્ધમાં જાઊં....શુદ્ધમાં જાઊં એમ થયા કરે છે.

www.vitragvani.com



આત્મા એવો અનાકુળ આનંદનો કંદ છે કે તેના સ્વાદના એક અંશ પાસે ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલાં તરણાં જેવા લાગે છે. કરોડો અપ્સરાઓ તરફના વલણનો રાગ દુઃખદાયક લાગે છે. એવા ધર્મીને જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાં સુધી શુભરાગ આવે છે પણ ચિત્ત તો અંતરમાં લાગ્યું છે તેથી ત્યાં જ ઠરવાનો ભાવ રહ્યાં કરે છે. એક વિકલ્પ સિવાયનો આખો આત્મા પરમ નિરાકુળ વસ્તુ છે. તેની ભાવનાના બળથી ધર્મી આગળ વધે છે તે 'ભાવના' શબ્દ અહીં ઘણીવાર આવશે.

કાલે રાત્રે ત્રણ રત્નની વાત આવી હતી ને! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે ત્રણ રત્નત્રય કહે છે. આ રત્નના ફળમાં કેવળજ્ઞાન મળે છે માટે તે તો મહારત્ન છે અને એવા એવા મહારત્નનો પિંડ તો આત્માના જ્ઞાનસ્વભાવમાં પડ્યો છે. આવા આત્માનું શું કહેવું? તેની પ્રાપ્તિ રત્નત્રયની કિંમત ભરવાથી થાય છે કાંઈ શુભરાગના કાંકરાથી તેની પ્રાપ્તિ થાય તેમ નથી. શુભભાવરૂપ કાંકરાના ફળમાં દેવલોકરૂપ કાંકરા મળે પણ મોક્ષ ન મળે.

એક ઉદય તરફના ભાવનું લક્ષ છોડી દ્યે તો આખી ચીજ ચૈતન્યરત્નના કસથી ભરપૂર છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી પૂર્ણ છે. તેની શ્રદ્ધા–જ્ઞાન અને ચારિત્રને જ્યાં રત્ન કહ્યાં છે તો કેવળજ્ઞાન તો મહારત્ન થયું. એવા અનંત રત્ન એક જ્ઞાનગુણની શક્તિમાં રહેલાં છે માટે તે મહા મહારત્ન છે. એ જ રીતે દર્શનગુણમાં અનંત દર્શનની શક્તિ ભરેલી છે. ચારિત્રગુણમાં અનંત યથાખ્યાતચારિત્રની શક્તિ રહેલી છે માટે આ બધાં મહારત્નોનો પિંડ આ આત્મા છે. આવી બધી વાત રાત્રિચર્ચામાં નીકળી હતી.

એક આનંદગુણમાં અનંત અતીન્દ્રિય આનંદના મહારત્ન પ્રગટ થાય એવી શક્તિ રહેલી છે....આ આત્મા કેવો અને કેવડો છે તેની જ્યાં સુધી પ્રતીતિ આવતી નથી–ભરોસામાં ભગવાન આવતો નથી ત્યાં સુધી પ્રતિક્રમણાદિ કરે તોપણ શું? તેના ફળમાં કાંઈ મોક્ષ મળતો નથી. જેને ધર્મ કરવો છે અને જે ધર્મ કરનાર છે તે આત્મા કેવો છે તે તો ખ્યાલમાં લેવું જોઈએ ને! તેના વગર ધર્મ કરવા નીકળ્યાં તેને ધર્મ શી રીતે થાય! માટે પ્રથમ આત્મા શું છે તે સમજો.

—સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ નિર્મળ પર્યાયરૂપ રત્નો

—આ રત્નોની પૂર્ણદશારૂપ કેવળજ્ઞાનાદિ મહારત્નો

—આવા મહારત્નો જેમાં રહેલાં છે એવા જ્ઞાનાદિગુણો મહા મહારત્નો

—આવા અનંત મહા મહારત્નો જેમાં રહેલાં છે તે 'આત્મા' રત્નાકર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા અનંતગુણરૂપી મહારત્નોનો પિંડ છે જેમાંથી અનંતકાળ અતીન્દ્રિય જ્ઞાન–સુખ–આનંદ આદિ આવ્યા જ કરે છે. 'રત્નત્રય' શબ્દ તો બોલાય છે પણ તેની પાછળ ભાવ આ છે. એક એક પર્યાય રત્ન છે એવી અનંત પર્યાયની તાકાત એક એક ગુણમાં છે અને એવા અનંતગુણનો આધાર એક આત્મા છે. તેને ભરોસામાં લેવો, જ્ઞાનમાં લેવો અને તેમાં ઠરવું તે રત્નત્રય છે. તેની પાસે ધૂળના હીરા–માણેકની કોઈ કિંમત નથી. ધર્મીને સાધારણ શુભભાવના ફળમાં એ જડ હીરા–માણેકાદિ રત્નો મળે છે પણ અહીં તો એ કહેવું છે કે જેની દૃષ્ટિમાં આત્મા આવે તેને રત્નત્રયના ફળમાં અનંતજ્ઞાનાદિ રત્નો ફળે છે તે રત્નો કાંઈ બહારથી આવતાં નથી. આત્મા પોતે જ પરમાત્મા છે તેમાંથી બધું આવે છે. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ ભગવાન, પરમ સ્વરૂપ ભગવાન—તેની આ કથા માંડી છે. પરમાત્મા એટલે ઉપર કહ્યાં તેવા અનંત અનંત રત્નોનો સ્વામી એકરૂપ રત્નાકર આત્મા તે પરમાત્મા છે. તેથી તેને ચૈતન્યરત્નાકર કહેવામાં આવે છે.

અસંખ્ય યોજનના મોટા સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય રત્નો છે તે તો બધાં જડરત્નો છે અને આ આત્મામાં તો અનંત ચૈતન્યરત્નો છે માટે તે પોતે સ્વયંભૂ છે. આત્મામાં અનંતબળ છે એવા તો અનંત રત્નો જેના તળમાં–જેના ખજાનામાં રહેલાં છે તેના શુદ્ધ સ્વરૂપમાં જેનું ચિત્ત લાગ્યું છે એવા નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વની ભાવનાના બળથી પૂર્વે જોયેલાં, જાણેલાં, અનુભવેલાં ભોગોની વાંછારૂપ જે ભૂતકાળના રાગાદિ દોષ તેને દૂર કરવા તે નિશ્ચયપ્રતિક્રમણ છે.

જુઓ! પરમાત્મતત્ત્વની ભાવનાના બળથી કહ્યું છે ત્યાં ભાવના એટલે શુભવિકલ્પ નહિ કેમકે આત્મા કેવો છે તે શુભવિકલ્પને ગમ્ય જ નથી. આત્મા અરૂપી પણ વસ્તુ છે, ચૈતન્યરત્નનું દળ છે. તેની ભાવના એટલે તેમાં એકાગ્રતા. અમુક લોકો ભાવનાનો અર્થ કલ્પના કરે છે. શું થાય! સર્વજ્ઞ અહીં છે નહિ, ગણધરો આવતાં નથી, ઈન્દ્ર પણ ઉપરથી કહેતાં નથી કે આ તમે કાળાકેર કરો છો.

નિર્વિકલ્પસ્વરૂપ ભગવાન આત્માની ભાવના એટલે એકાગ્રતાના બળથી નિશ્ચય પ્રતિક્રમણાદિ થાય છે. નિમિત્તના બળથી કે વિકલ્પના બળથી કે સંહનનના બળથી પ્રતિક્રમણાદિ થતાં નથી. પૂર્વે ભોગવેલાં ભોગોની વાંછા પરમાત્મતત્ત્વની અંતરએકાગ્રતાના બળથી છૂટે છે–ભાવનાના જોરથી છૂટે છે પણ અરે! એણે કદી ભગવાનના દરબારના દર્શન કર્યા નહિ. જેના ખજાને કોઈ ખોટ નથી એટલી કિંમતી ચીજ અંદરમાં પડી છે. એવા અનંત અનંત ગુણના નાથ ભગવાન આત્માને એણે કદી સાંભળ્યો નથી અને ખ્યાલમાં પણ લીધો નથી કે આ શું ચીજ છે!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્માની ભાવના તો ક્યારે થાય કે આત્માને ઓળખાણમાં લીધો છે, તેની રુચિ થઈ છે, શ્રદ્ધા થઈ છે—વિશ્વાસ આવ્યો છે અને 'જ્ઞ' તરીકે જાણ્યો છે ત્યારે તે વસ્તુમાં એકાગ્ર થઈને ઠરે તો તેના બળે પૂર્વે જોયેલાં, જાણેલાં, ભોગવેલાં કોઈ પણ શુભાશુભભાવોની વાંછારૂપ દોષ દૂર થાય છે. તેને નિશ્ચયપ્રતિક્રમણ અથવા સાચું પ્રતિક્રમણ કહેવાય છે.

જેમ, મરજીવા દરિયામાં ઊંડા તળમાં જઈને મોતી લઈ આવે છે તેમ આ ચૈતન્યની ભાવના—એકાગ્રતારૂપ પર્યાય ચૈતન્યના તળમાંથી ચૈતન્યરત્નો લઈ આવે છે. ભાવનાના બળથી ભૂતકાળમાં લાગેલાં પાપના અને પુણ્યના દોષોનો નાશ થાય છે. દોષોના નાશનો બીજો કોઈ સાચો ઉપાય નથી. આ ગયા કાળના પ્રતિક્રમણની વાત થઈ.

માણસોને સત્યની કિંમત નથી. નિશ્ચયધર્મ તે જ ધર્મ છે. નિશ્ચય હોય તો સાથેનો શુભભાવ વ્યવહારધર્મ છે. ખરેખર તો તે પુણ્યબંધનું કારણ છે છતાં વ્યવહારે તેને નિશ્ચયનું નિમિત્તસાધન ગણવામાં આવ્યું છે. આત્મામાં એકાગ્રતા તે સંવર-નિર્જરા છે. તેના બળથી ભૂતકાળના દોષોનો નાશ કરવો તેનું નામ નિશ્ચયપ્રતિક્રમણ છે.

હવે નિશ્ચયપ્રત્યાખ્યાન કહે છે—વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માની અનુભૂતિની ભાવનાના બળથી, ભવિષ્યમાં થવાવાળા ભોગોની વાંછારૂપ રાગાદિકનો ત્યાગ તે નિશ્ચય-પ્રત્યાખ્યાન છે. નિશ્ચય એટલે નિયમથી જે સત્ય છે તે. અહીં અનુભૂતિની ભાવનાનું બળ કહ્યું છે પણ તે અનુભૂતિ કોની? કે વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માની અનુભૂતિની ભાવનાના બળથી. તેમાં શુદ્ધાત્મા—ત્રિકાળ છે, અનુભૂતિ તે તેની વર્તમાન પર્યાય છે અને તેની ભાવના એટલે તેમાં એકાગ્રતા.

૮૭ની સાલમાં પોરબંદરમાં એક ભાઈ પૂછતાં હતાં કે 'માણસ ખોટું બોલે ત્યારે જ તેની જીભ કપાય તો તેને ફળ મળ્યું કહેવાય પણ કીધું ખોટું બોલવાનો ભાવ તો જીવે કર્યો છે તેનાથી શરીરની જીભ કપાય એ કાંઈ તેનું ફળ નથી. જીવને તો એ જ વખતે તેની શાંતિની લૂંટ પડે છે—શાંતિ હણાય છે એ તેનું ફળ છે.

શ્રોતા :—પુરાવો જોઈએ ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—બાપુ! એને પાપના ભાવ થતાં શાંતિ હણાય છે એ જ એનો પુરાવો છે. શરીરમાં ફેરફાર થાય—જીભ કપાય એ કાંઈ પુરાવો નથી. રાજકોટમાં એક 'ગલકટો' જોયો હતો. કષાયખાનામાં બધાં પ્રાણીના ગળા એ કાપી આવે પછી કસાઈ તેના કટકા કરે પણ ગળા તો આ ગળકટો જ કાપે. એ પાપીને નરકમાં જવાનું છે પણ અત્યારે તો તેનું શરીર લઠ્ઠ જેવું હતું તેથી શું થઈ ગયું! એ તો પૂર્વના પુણ્ય-પાપના ફળના નિમિત્તે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મળેલી શરીરની અવસ્થા છે. તે કાંઈ વર્તમાન પાપનું ફળ નથી. પાપના ભાવથી આત્માની શાંતિ લૂંટાય છે એ જ તેનું વર્તમાન ફળ છે પણ તેની એને ખબર નથી.

અરે ભગવાન! તને આવા ઊંધા અર્થ કરતાં ક્યાંથી આવડ્યા? આવો ઉઘાડ ક્યાંથી આવ્યો?

જુઓ! અહીં શું કહે છે! વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માની અનુભૂતિની ભાવનાના બળથી....અભેદ ભૂતાર્થ એક વસ્તુ છે તેની અનુભૂતિમાં એકાગ્રતાના બળથી, ભવિષ્યમાં ભોગોની વાંછારૂપ દોષનો નાશ કરવો.

નવતત્ત્વમાં શરીર અને કર્મ તો અજીવતત્ત્વ છે અને પુણ્ય—પાપના વિકલ્પ આસ્રવતત્ત્વ છે માટે વ્યવહારપ્રતિક્રમણનો ભાવ આ આસ્રવતત્ત્વ હોવાથી નવા કર્મને આવવાનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી. સંવર-નિર્જરા તો ચૈતન્યરતનના દરિયામાં એકાગ્રતાના બળથી થાય છે. આમ, શુદ્ધચૈતન્યરત્નાકરની ભાવનાના બળથી ભવિષ્યના ભોગોની વાંછાનો વર્તમાનમાં ત્યાગ થવો તેને નિશ્ચયપ્રત્યાખ્યાન કહે છે.

આ તો સાદી ભાષામાં મૂળ વાત છે, સમજાય તેવી છે. કાંઈ લાંબુ ભણવું પડે તેવું નથી.

વિલાયતનો એક ચોરનો પ્રસંગ સાંભળ્યો હતો, એક ચોરે પોતાના કોટની અંદર સિંહનું બચ્ચું સંતાડી દીધું, બીજા લોકો ઘણું શોધે પણ મળે ક્યાંથી? કાંઈ કોટમાં બચ્ચું હશે એવી તો કોઈને કલ્પના ન હોય પણ જુઓ તો! અંદરમાં ગુપ્ત પડેલાં ગુણોને સંભાળતા ન આવડ્યાં, પરાક્રમી ચૈતન્યસિંહને દૃષ્ટિમાં લેતાં ન આવડ્યો પણ સિંહના બચ્ચાને સંતાડતા એને આવડ્યું. કેસ ગયો કોર્ટમાં. ચોરને ત્યાં ઊભો રાખ્યો અંદરમાં એને સિંહનું બચ્ચું પેટ ખાતું હતું પણ પોતાનો ગુનો જાહેર ન થાય એ માટે સહન કરતો ઊભો હતો. અંતે મૂર્છા ખાઈને પડ્યો ત્યાં કોટમાંથી બચ્ચું નીકળ્યું, ગુનો જાહેર થઈ ગયો. જુઓ! એણે સિંહને ગોપવવા માટે કેટલી સહનશક્તિ કેળવી પણ અંદરમાં અનંતગુણના ધણીની શ્રદ્ધા કરવાની શક્તિ કેળવતો નથી. આત્માની શક્તિનો વિશ્વાસ મારાથી થતો નથી....આત્મા આવા ગુણોનો પિંડ છે એ મને કાંઈ ખબર પડતી નથી....ઊંધી કળા આવડે છે તો સવળી કળા કેમ ન આવડે?

જેને જ્ઞાનમાં ચૈતન્યની મહત્તા આવી છે, અનંત અનંત મહિમાવંત ભગવાનની અનુભૂતિ થઈ છે તે અનુભૂતિની ભાવનાના બળથી જ ભવિષ્યનું પચખાણ થઈ શકે છે. એ સિવાય ભવિષ્યનું પચખાણ થઈ શકતું નથી. જેમાં નજરું નાંખતાં અનંતગુણનો આહ્લાદ અને આનંદ આવે તેમ છે તેને ભૂલીને તું ક્યાં અટવાયો? અનાદિનું કર્મચક્ર તો ચાલુ જ છે. હું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બરાબર અહિંસા પાળું, મારે કાંઈ ખપે નહિ....બાધા રાખું વગેરે શુભભાવોથી સાચું પચખાણ થતું નથી. પ્રત્યાખ્યાનના સાચા સ્વરૂપનાં જ્ઞાન વગર પ્રત્યાખ્યાન થઈ શકતું નથી.

એક સાધુએ એક ડોશીમાની મશ્કરી કરી કે મા! તમારે રત્નપ્રભા જવું છે ને? પહેલી નરકનું નામ રત્નપ્રભા છે એ કાંઈ ડોશીમાને ખબર નહિ એટલે તેને એમ કે રત્નપ્રભા એટલે કોઈ સારી જગ્યા હશે. એટલે મા કહે મહારાજ! અમારા જેવા પામર રત્નપ્રભામાં ક્યાંથી જાય! આપના જેવા જાય. 'રત્ન' નામથી એને મહિમા આવે છે પણ ખરેખર રતન અને મહારતન શું છે તેની એને ખબર ક્યાં છે!

ચૈતન્યરત્નાકરની અનુભૂતિની ભાવનાના બળથી ભવિષ્યનાં ભોગોની વાંછાના રાગને વર્તમાનમાં ત્યાગવો તે નિશ્ચયપ્રત્યાખ્યાન છે અને અશુભવિકલ્પ તો છૂટે પણ શુભવિકલ્પ રહે છે તેને વ્યવહારપ્રત્યાખ્યાન કહે છે. પચખાણ નથી તેને પચખાણ કહ્યું છે માટે તે વ્યવહાર છે. આત્માના ગુણોની આટલી બધી મહિમા કહેવાય છે તે ગ્રાહ્ય થવી પણ એને મુશ્કેલ પડે છે.

હવે નિશ્ચયઆલોચના—નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી, વર્તમાનમાં ઉદયમાં આવેલાં જે શુભ-અશુભના કારણરૂપ હર્ષવિષાદાદિ અશુદ્ધ પરિણામને શુદ્ધાત્માથી જુદાં કરવા તે નિશ્ચયઆલોચના છે. અહીં નિજશુદ્ધાત્મોપલમ્ભબલેન શબ્દ છે તેમાં શુદ્ધાત્માની ઉપલબ્ધિ એટલે પૂર્ણ પ્રાપ્તિની વાત નથી. વર્તમાન રાગની ઉત્પત્તિનો અભાવ શી રીતે થાય છે?—કે નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિથી રાગનો સંવર થાય છે. જે શુદ્ધાત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રાપ્ત ન હતો તેની પ્રાપ્તિ થઈ એ માટે ઉપલબ્ધિ શબ્દ વાપર્યો છે. શુદ્ધાત્માની પૂર્ણ પ્રાપ્તિ હજુ થઈ નથી. શ્રદ્ધા-જ્ઞાનમાં શુભાશુભભાવની પ્રાપ્તિ હતી તેના બદલે અંતરદૃષ્ટિ-જ્ઞાન અને રમણતાની પ્રાપ્તિ થઈ તેનું નામ શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ કહેવાય. પર્યાયમાં જે પ્રાપ્ત ન હતો તે પ્રાપ્ત થયો. તેથી શુભાશુભના ઉદયથી જે હર્ષ-શોક થતાં હતાં તે ન થયાં અને શુદ્ધાત્માનો અનુભવ થયો તે આલોચના છે. હર્ષ-શોકને જુદાં કરવા એટલે ઉત્પન્ન ન થવા તે સંવર છે.

આમ, આ નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચયઆલોચના આ ત્રણના બળે આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. વિશેષ કહેશે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નિશ્ચય–પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન આલોચના

(સળંગ પ્રવચન નં.–૧૧૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો બીજો અધિકાર છે. ૬૪મી ગાથા ચાલે છે.

આ રીતે નિશ્ચયપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનામાં સ્થિત થઈને જે કોઈ વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહારઆલોચના આ ત્રણેયને અનુકૂળ વંદના, નિંદા આદિ શુભોપયોગ છે, તેને છોડે છે તેને જ્ઞાની કહેવાય છે, અન્યને નહિ.

આત્માનો સ્વભાવ શુભાશુભરાગથી રહિત છે એવા આત્માના અનુભવ સહિત સમ્યગ્દર્શન તો હોય પણ જ્યાં સુધી આત્મામાં ઠરી ન શકે ત્યાં સુધી જ્ઞાનીને શુભરાગ આવે છે તેને વ્યવહારપ્રતિક્રમણ કહેવાય છે. જ્યારે એ શુભરાગને પણ છોડીને સ્વરૂપમાં ઠરી જાય છે તેને સાચું પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના કહેવાય છે. એ જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

સારાંશ એ છે કે જ્ઞાની જીવ પહેલાં તો અશુભભાવને છોડીને શુભભાવમાં પ્રવૃત્ત થાય છે, પછી શુભભાવને પણ છોડીને શુદ્ધમાં લાગી જાય છે. આ ચારિત્રની વાત છે તેથી પહેલાં અશુભને છોડવા અને પછી શુભને છોડવાની વાત છે. શ્રદ્ધા અપેક્ષાએ તો શુભાશુભથી રહિત શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ અને અનુભવ કરવો તે પ્રથમ કર્તવ્ય છે. તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે થયા પછી ચારિત્રદશામાં ધર્મી પહેલાં અશુભનો ત્યાગ કરી શુભમાં પ્રવર્તે છે. તેમાં વ્યવહારપ્રતિક્રમણાદિ ભાવ હોય છે.

પૂર્વે કરેલાં પાપોની નિવૃત્તિ તે વ્યવહારપ્રતિક્રમણ છે, જે અશુભપરિણામ ભવિષ્યે થવાયોગ્ય છે તેને રોકવા તે વ્યવહારપ્રત્યાખ્યાન છે અને વર્તમાનકાળમાં શુભની પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ તે વ્યવહારઆલોચના છે. આવા પ્રકારના ભાવ પુણ્યબંધના કારણ છે પણ મોક્ષના કારણ નથી.

પ્રથમ તો, ભગવાન આત્માની ઓળખાણપૂર્વક મહિમા આવવી જોઈએ. જગતને અનાકુળ આનંદના નાથ આત્માની મહિમા જ આવતી નથી. જગતને પરપદાર્થની જ મહિમા આવે છે અથવા તો શુભરાગની મહિમામાં રોકાઈ જાય છે પણ શુભરાગ કાંઈ મોક્ષનું કારણ નથી. મિથ્યાદૃષ્ટિ હોય તેને મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે અને સમ્યગ્દૃષ્ટિને શુભરાગ મિથ્યાત્વ રહિત પણ પુણ્યબંધનું જ કારણ છે, કાંઈ સંવર-નિર્જરા કે મોક્ષનું કારણ નથી.

www.vitragvani.com



આત્મા શુદ્ધ આનંદકંદ છે, ચૈતન્યરત્નની વજ્રમય કાંતળી છે. એવું અંતરમાં દર્શન થવું તેને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. આ સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રમાં બે ભાગ પડે છે, તેમાં એક તો એ કે અશુભરાગ છૂટીને શુભરાગમાં આવવું તે અથવા રાગની તીવ્રતા છૂટીને મંદરાગમાં આવવું થાય છે. હિંસા, જૂઠ, ચોરી, વિષયાદિને છોડીને શુભરાગમાં આવે છે, આ રાગની મંદતા પુણ્યનું કારણ છે પણ મોક્ષનું કારણ નથી કેમ કે એ સંવર-નિર્જરારૂપ નથી.

સમ્યગ્દષ્ટિને આત્માના અતીન્દ્રિય અનાકુળ આનંદનો અનુભવ છે તેથી 'ચાખે રસ ક્યુ કરી છૂટે?' ઉપરથી દેવતાના ટોળેટોળા આવીને કહે કે આત્મામાં આનંદ નથી એમ તમે માનો. પણ જેણે આત્માના અતીન્દ્રિય આનંદનો રસ ચાખી લીધો છે તે કેમ માને? માખી જેવું પ્રાણી પણ ફટકડીને છોડીને સાકરનો સ્વાદ લેવામાં જ ચોંટી જાય છે, ત્યાંથી ખસતું નથી કેમ કે તેમાં મીઠાશ લાગે છે, ફટકડીનો ગાંગડો ભલે મોટો હોય પણ તેમાં મીઠાશ નથી લાગતી તેથી ત્યાં ચોંટતી નથી તેમ, પુણ્ય-પાપનો સ્વાદ ફટકડી જેવો છે અને ભગવાન આત્માનો અતીન્દ્રિય સ્વાદ સાકરના જેવો મીઠો છે તેથી ધર્મી તેમાં જ લીન થાય છે. સાકરના જેવો સ્વાદ એટલે? જડ નહિ, આ તો દૃષ્ટાંત છે. સાકરનો સ્વાદ મીઠો છે તેમ આત્માનો અતીન્દ્રિય સ્વાદ મીઠો છે.

આ તો ધર્મના એકડાં સમાન સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સાક્ષાત્ ત્રિલોકીનાથ કેવળજ્ઞાની ભગવાને આત્માને જેવો જાણ્યો અને અનુભવ્યો એવો આત્મા જગતને બતાવ્યો—કહ્યો છે. તેવો આત્મા જેણે પોતાની દૃષ્ટિમાં લઈને અનુભવ્યો છે તેને અતીન્દ્રિય આનંદની રુચિના પોષાણમાં વારંવાર ચિત્ત ત્યાં જ જાય છે. સાલમપાક એકવાર ચાખ્યો હોય તેને પછી જુવારના ફોતરાંના રોટલાનો સ્વાદ સારો ન લાગે.

આત્મપદાર્થને સર્વજ્ઞ પરમેશ્વરે કેવો જોયો છે—કે જે શાશ્વત્ સત્ પદાર્થ છે, જેમાં દુઃખની ગંધ નથી—દુઃખનો ભાવ નથી એટલે કે આસ્રવ તત્ત્વ નથી, જેમાં અજીવ—શરીર, વાણી, મન કે કર્મ નથી, જેમાં રૂપીપણું નથી પણ અરૂપીપણું છે, દુઃખ નથી પણ સુખ છે. આવા સુખરૂપી અને અરૂપી આત્માની સમ્યગ્દષ્ટિ થઈ હોવાથી અને તેનો સ્વાદ લીધો હોવાથી ધર્મીનું ચિત્ત વારંવાર તેમાં જ લાગ્યા કરે છે. ગૃહસ્થાશ્રમમાં હો, પાપના પરિણામ આવતાં હોય પણ ચિત્તમાં તો આત્મા વસેલો છે ત્યાં જ ચિત્ત ગયા કરે છે. શુભપરિણામમાં પણ ચિત્ત ચોંટતું નથી. તેથી શુભને પણ છોડીને ધર્મી શુદ્ધભાવમાં લાગી જાય છે.

આ વાત કૃત્રિમ નથી, કહેવામાત્ર નથી, એના ભાવભાસનમાં એ આવવું જોઈએ. ઊંચી જાતની મોટી કેરીની એક ચીર ચાખે તેનો સ્વાદ પણ એવો આવે કે ભૂલાતો નથી, એવી મીઠાશ—મધૂરાશ હોય કે બીજા કોઈ ફળમાં ન હોય એવો સ્વાદ લીધો તેનું ચિત્ત ત્યાં ગયા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કરે, પહેલાંના જમાનામાં ગાય–ભેંસોને કપાસની વખારમાં છૂટાં મૂકી દેતાં એટલે ધરાઈને કપાસ ખાય તેના દૂધના દહીં અને ઘી કેવાં હોય! તેનો સ્વાદ ચાખ્યો હોય તેને અત્યારના દૂધ, દહીં, ઘીમાં કાંઈ સ્વાદ ન લાગે. તેમ આત્માના અનાકુળ અતીન્દ્રિય આનંદના સ્વાદ ચાખ્યાં છે તેને શુભરાગના સ્વાદ પણ સારાં લાગતા નથી. અશુભરાગથી છૂટવાં શુભરાગ ભલે આવે પણ ચિત્ત એટલે દૃષ્ટિ તો શુદ્ધ અનુભવમાં લાગી છે તેથી ધર્મી શુભને પણ છોડીને શુદ્ધોપયોગમાં રમે છે. આનંદના સ્વાદ આગળ શુભરાગના સ્વાદની મીઠાશ લાગતી નથી.

અશુભભાવ પણ ધર્મીને આવે છે, ગૃહસ્થાશ્રમમાં છે તેથી વિષયાદિનો રાગ આવે છે પણ તેમાં પ્રેમ કે મીઠાશ નથી. ચૈતન્યની મીઠાશ પાસે એ રાગ ઝેર જેવો લાગે છે. તેથી તીવ્ર ઝેરરૂપ અશુભને છોડીને શુભમાં આવે છે તે વ્યવહારપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના છે. વ્યવહારમાં અશુભનો ત્યાગ અને શુભભાવનું ગ્રહણ હોય છે અને નિશ્ચયમાં શુભ, અશુભ બંનેનો ત્યાગ હોય છે. શ્રીમદે કહ્યું છે ને!

'ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.'

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે આત્માને એકલાં જ્ઞાનાનંદની મૂર્તિરૂપે જોયો છે. આત્મામાં ભગવાને દુઃખ જોયું જ નથી. દુઃખ છે એ આત્માની વિકૃત પર્યાય છે, એ આસ્રવતત્ત્વ છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આવા આત્માને તો જાણે નહિ અને સાધુ નામ ધરાવી ડુંગળી ખાય અને તેનો રસ લે એ તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનાનંદસ્વભાવની મીઠાશ લેનારાં જ્ઞાનીને શ્રદ્ધાનો દોષ તો તરત છૂટી ગયો પણ અસ્થિરતા જલ્દી છૂટતી નથી તેથી તેને પ્રથમ અશુભમાંથી પ્રવૃત્તિ છૂટીને શુભરાગની પ્રવૃત્તિ આવે છે. પછી શુભને પણ છોડી શુદ્ધમાં જાય ત્યારે તેને વિશેષ આનંદમાં પ્રવૃત્તિ થાય છે તેને સાચું અર્થાત્ નિશ્ચયપ્રતિક્રમણ–પ્રત્યાખ્યાન–આલોચના કહેવાય છે. બાકી જેની દૃષ્ટિ જ સાચી થઈ નથી તેને તો વ્યવહારે પણ પ્રતિક્રમણાદિ હોતાં નથી.

આગળ આ જ કથનને ૬૫ ગાથામાં દૃઢ કરે છે—

**वंदणु णिंदणु पडिकमणु णाणिहिं एहु ण जुत्तु।**
**एक्कु जि मेल्लिवि णाणमउ सुद्धउ भाउ पवित्तु।।६५।।**

અર્થ :—વંદના, નિંદા અને પ્રતિક્રમણ આ ત્રણેય પૂર્ણ જ્ઞાનીઓને યોગ્ય નથી. એક જ્ઞાનમય પવિત્ર શુદ્ધભાવ સિવાય જ્ઞાનીએ કોઈ કાર્ય કરવાયોગ્ય નથી.

www.vitragvani.com



અહીં, શુભરાગ પણ અશુદ્ધભાવ છે માટે પૂર્ણજ્ઞાનીઓએ તેમાં રહેવું યોગ્ય નથી એમ સિદ્ધ કરવું છે. વંદના, નિંદા અને પ્રતિક્રમણ આ ત્રણેય શુભરાગ છે. જ્ઞાનીએ તો એક જ્ઞાનમય શુદ્ધ અતીન્દ્રિય આત્માના ધ્યાન સિવાય કોઈ કાર્ય કરવા યોગ્ય નથી. શુભ કે અશુભ કોઈ ભાવ લાવવો કે કરવોયોગ્ય નથી.

**शुद्ध पवित्र भावं मुक्त्वा** એટલે શુદ્ધ પવિત્ર ભાવ સિવાય જ્ઞાનીએ કોઈ અશુભરાગ કે શુભરાગ કરવા યોગ્ય નથી. વસ્તુમાં કોઈ શુભાશુભ ભાવ નથી પણ જ્ઞાનીને અશુભથી બચવા શુભરાગ આવે છે તે પણ કરવા યોગ્ય નથી, શુદ્ધભાવમાં જ રહેવા યોગ્ય છે એમ કહે છે.

દેવ–શાસ્ત્ર–ગુરુની વંદના કરવી તે 'વંદના'. પાપનું પ્રાયશ્ચિત્ત કરવું, પોતાના દોષની નિંદા કરવી તે 'નિંદા' અને અશુભથી છૂટી શુભભાવરૂપ પ્રતિક્રમણ કરવું તે 'વ્યવહારપ્રતિક્રમણ' છે. જ્ઞાનીને તો શુદ્ધ સ્વભાવની રુચિ થઈ છે અને સ્વભાવમાં લીનતા કરે છે માટે કહ્યું કે સ્વભાવમાં લીનતારૂપ શુદ્ધભાવ સિવાય જ્ઞાનીઓએ કાંઈ કરવું યોગ્ય નથી.

કોઈને કરોડોની મૂડી હોય અને છોકરાઓ લાખો રૂપિયા કમાતાં હોય, આબરૂ ઘણી હોય એ જોઈને અજ્ઞાનીઓ તો ખુશ થઈ જાય, લાખ રૂપિયાની મોટરમાં પોતે ફરતો હોય તો કેટલી મજા આવતી હશે! અરે! ધૂળેય મજા નથી. મફતનો આકુળતાના રાગને સેવે છે. ત્યાં આનંદ ક્યાં હતો! સુખ–દુઃખ તો આત્માની દશામાં છે, બહારમાં સુખ પણ નથી અને દુઃખ પણ નથી. આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ અને જ્ઞાનમાં આનંદ છે અને એથી ઉલટો પરમાં સુખ–દુઃખની કલ્પના કરે છે તો તેથી એના પરિણામમાં દુઃખ થાય છે, બાકી, શરીર, પૈસા, મકાન આદિ તો અજીવ તત્ત્વ છે તેમાં સુખ કેવી રીતે હોય!

સંયોગો અનુકૂળ હોય તો હું સુખી અને સંયોગો પ્રતિકૂળ હોય તો હું દુઃખી એમ માનનારને ભગવાન મૂઢ કહે છે. તેને સાત તત્ત્વનું સ્વરૂપ શું છે તેની ખબર જ નથી.

ધર્મીને સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન અને સ્થિરતા છે તેથી આનંદ છે. જેટલી આત્માની શુદ્ધ પ્રતીતિ છે તેટલો આનંદ છે, જેટલું શુદ્ધ પવિત્ર આત્માનું જ્ઞાન છે એટલો આનંદ છે, બીજું જ્ઞાન નહિ પણ આત્માને સ્પર્શીને જેટલું જ્ઞાન થયું છે એટલો આનંદ છે અને શુભાશુભ છોડીને જેટલી પવિત્ર સ્વભાવમાં સ્થિરતા છે તે જ આનંદનું રૂપ છે. એ સિવાય બીજે ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય આનંદ નથી.

આત્મામાં જ સુખ છે, બીજે ક્યાંય સુખ નથી એમ માનતો નથી તેણે ભગવાનને માન્યાં જ નથી. ભગવાન કહે છે કે આત્મામાં આનંદ છે અને તું કહે છે કે પૈસામાં આનંદ છે તો તું ભગવાનનો વૈરી થયો. ત્રિલોકીનાથ ભગવાન કહે છે કે અમારા આત્મામાં આનંદ છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને તમારા આત્મામાં પણ આનંદ છે એમ અમે જોઈએ છીએ અને તું કહે છે કે મને ધન, મકાન, આબરૂ આદિમાં આનંદ આવે છે તો તું મૂઢ છો, સર્વજ્ઞદેવથી તું વિરૂદ્ધ થયો.

**णाणमउ सद्धउ भाउ पवित्तु ।** આત્મા જ્ઞાનનો ગાંગડો છે તે જ્ઞાનમય આત્મામાં શ્રદ્ધા–જ્ઞાન સહિત એકાગ્રતા થાય તે પવિત્ર આનંદમય દશા છે, બાકી, ત્રણકાળમાં ક્યાંય આનંદ નથી. પણ મૂઢને આનંદ શું એનું જ ભાન નથી તેથી બહારમાં આનંદ લાગે છે. હરખસનેપાતિયા હસતાં દેખાય પણ એ શું સુખી છે! મૂઢતા છે તેથી હસે છે પણ એમાં આનંદ ક્યાંથી હોય! આત્મા આનંદસ્વરૂપ છે તેને તો માને નહિ અને પરમાં આનંદ માને તેની દૃષ્ટિ જ મિથ્યા છે.

અહીં કહે છે કે આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ, જ્ઞાન સહિત શુભ છોડીને શુદ્ધભાવનું પરિણમન થયું તેને પવિત્ર અને સુખરૂપ દશા કહેવાય છે.

અજ્ઞાનીને એમ થાય કે આવી દશા પ્રગટ કરવા માટે તો બાવા થઈ જવું પડે તેમ લાગે છે પણ ભાઈ! તું બાવો જ છો. તારી ચીજમાં બીજી ચીજે પ્રવેશ જ ક્યાં કર્યો છે! તું એકલો જ છો. અરે! દુઃખની દશા ઉત્પન્ન થાય છે એ પણ જીવના સ્વરૂપમાં નથી. જીવનું સ્વરૂપ દુઃખથી રહિત છે. ભગવાને કહેલાં નવતત્ત્વને સમજ તો તને બધું સમજાય જશે. તું પોતે જીવ તત્ત્વ છો. શરીર-મકાન-ધનાદિ અજીવતત્ત્વ છે, તારી પર્યાયમાં શુભાશુભભાવ ઉત્પન્ન થાય છે તે આસ્રવતત્ત્વ છે. આસ્રવ એટલે નવા કર્મબંધનું કારણ છે. મેલ છે તે મેલ કાઢીને પવિત્રભાવ પ્રગટ કરવો તે સંવર–નિર્જરા છે, તે નવા કર્મને રોકનાર અને જૂના કર્મને ટાળનાર છે. એ જ તને પૂર્ણ પવિત્ર દશારૂપ મોક્ષતત્ત્વ પ્રગટ થવાનું કારણ છે.

જેટલી શુદ્ધજ્ઞાનમયદશા પ્રગટ થાય છે એટલો પવિત્રભાવ છે. નારકીજીવ પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તો એટલો એનો ભાવ પવિત્ર છે. એવી તીવ્ર પ્રતિકૂળ સંયોગની સ્થિતિમાં પણ જેટલો જ્ઞાનમયભાવ થયો છે તેટલો આનંદ છે. અહીં તો એથી પણ વિશેષ ચારિત્રના–સ્થિરતાની વાત કરી છે.

વસ્તુની શ્રદ્ધા ન કરે, જ્ઞાન ન કરે, ઓળખાણ પણ ન કરે અને ધર્મ થઈ જાય તે અશક્ય છે.

ભાવાર્થ :—આ આત્મતત્ત્વ કેવું છે તેની વાત કરે છે. પરમ આત્મતત્ત્વ પાંચ ઈન્દ્રિયના ભોગોની વાંછાથી લઈને સંપૂર્ણ વિભાવોથી રહિત કેવળ જ્ઞાનાદિ અનંતગુણરૂપ તત્ત્વ છે. શરીર અને કર્મ તો જડ છે, તેનાથી તો આત્મા રહિત જ છે પણ અશુભ અને શુભ જે કોઈ વિભાવો છે તેનાથી પણ રહિત છે. તો શેનાથી સહિત છે?–કે કેવળ એટલે માત્ર એકલું જ્ઞાન, એકલું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા આદિ અનંત ગુણોથી સહિત છે. ક્યારે?—અત્યારે. આત્મવસ્તુ અરૂપી છે પણ સ્વરૂપી છે, અરૂપ સ્વરૂપ છે. અનંતગુણરૂપ પરમસ્વરૂપ આત્મતત્ત્વ છે. તેની સમ્યક્ શ્રદ્ધા કરવી એટલે કે શરીર, કર્મ અને શુભભાવ વિભાવની તો આત્મામાં નાસ્તિ છે માટે તેની શ્રદ્ધા ન કરવી પણ આત્મામાં છે શું? આત્મા એકલા જ્ઞાનીની મૂર્તિ છે, શ્રદ્ધાની મૂર્તિ છે, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા, કર્તા, કર્મ આદિ ગુણની મૂર્તિ છે. આવા અનંતગુણના હોવાપણે જેનું હોવું છે તેની સમ્યક્ શ્રદ્ધા કરવી.

અહા! આત્મા એકલા શાંતિની મૂર્તિ છે, એકલું દર્શનબિંબ છે, આનંદકંદ છે, વીર્યની મૂર્તિ છે. આવા અનંતગુણમૂર્તિને આત્મા કહે છે. આત્મા સમજણનો પિંડ છે, શાંતિ...શાંતિ... શાંતિની મૂર્તિ છે, વીતરાગતાથી પૂર્ણ છે. આવા અનંત જ્ઞાનાદિ ગુણ સ્વરૂપ આત્મતત્ત્વ છે. તેની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યગ્જ્ઞાન અને તેમાં આચરણરૂપ સમ્યક્ચારિત્ર નિર્વિકલ્પ સમાધિરૂપ છે, તેમાંથી પરમાનંદ પરમસમરસીભાવ ઉત્પન્ન થાય છે એ જ અમૃત-રસના આસ્વાદથી પૂર્ણ જે જ્ઞાનમયીભાવ તેમાં જ્ઞાની રહે છે. આ પર્યાયની વાત છે. પહેલાં, દ્રવ્યની વાત કરી તેની આ નિર્મળપર્યાય છે.

**समाहिपरमुत्तमम्दिंतु** એ તો લોગસ્સમાં બધાં બહુ બોલે છે પણ અર્થની ખબર ન હોય. ઉપર કહ્યો તેવા આત્માની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, આચરણની નિર્વિકલ્પ શાંતિને ભગવાન સમાધિ કહે છે કે જેમાં આધિ, વ્યાધિ અને ઉપાધિનો અભાવ છે તેનું નામ સમાધિ છે. આધિ એટલે મનની કલ્પનાથી થતું દુઃખ, વ્યાધિ એટલે શરીરના રોગ અને ઉપાધિ એટલે સંયોગિક મુશ્કેલીઓ. આ ત્રણેયનો જેમાં અભાવ છે અને પરમ શાંતિ પ્રાપ્ત છે એવી સમાધિથી ઉત્પન્ન થયેલો પરમ સમરસી એટલે પરમ વીતરાગ આનંદ તે જ અમૃતરસ છે. તેના આસ્વાદથી પૂર્ણ જે જ્ઞાનમયી ભાવ તેને પ્રાપ્ત જ્ઞાનીએ વ્યવહાર પ્રતિક્રમણ આદિ કરવાયોગ્ય નથી.

આ પર્યાયની વાત છે. અશુભપરિણામ તે વિકારીદશા છે, શુભપરિણામ પણ મંદ વિકારીદશા છે અને શુદ્ધ પરિણમન તે નિર્વિકારીદશા છે. અત્યારે પાંચમા આરામાં પણ ધર્મી જીવને આવી નિર્વિકારીદશા હોય છે તેનું આ વર્ણન છે. જે ધર્મી આત્માના અતીન્દ્રિય આનંદના આસ્વાદમાં તૃપ્ત થઈ રહ્યાં છે તેને એ દશા છોડીને વ્યવહાર-પ્રતિક્રમણ, વંદના, નિંદા આદિ વિકલ્પજાળમાં આવવા યોગ્ય નથી. વ્યવહારપ્રતિક્રમણ આદિ શુભરાગ છે—વિકલ્પની જાળ છે, તે કાંઈ નિર્વિકારી શુદ્ધ પરિણમન નથી, તેમાં આત્માની અતીન્દ્રિય શાંતિ નથી. જ્યારે, રાગભાવને સર્વથા છોડીને પૂર્ણ જ્ઞાનમય ભાવમાં ઠરી જાય ત્યારે ચારિત્રની પૂર્ણતા થાય છે.

આ તો એવી વાત છે કે તેને સાંભળતા.....સમજતાં જાણે બીજાં દેશમાં હોય તેવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવ રહે તો જ સમજાય તેવું છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેયની એકતા થાય તેને અહીં પૂર્ણતા કહી છે. કેવળજ્ઞાનની વાત નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ડુંગર છે. તેના શ્રદ્ધા—જ્ઞાન કરવાથી અતીન્દ્રિય આનંદ ઝરે છે. તેમાં શ્રદ્ધા—જ્ઞાનનો ભાવ આવ્યો પણ જ્ઞાનની પૂર્ણતારૂપ ચારિત્રનો ભાગ ન આવ્યો. મોક્ષમાર્ગમાં જ્યારે ચારિત્રનો ભાગ પણ આવે ત્યારે ત્રણેય ભાવને એક જ્ઞાનમય કહેવાય છે. જ્ઞાનમય કહેતાં કેવળજ્ઞાનની વાત નથી. દર્શન—જ્ઞાન—ચારિત્ર ત્રણની ઐક્યતાની પૂર્ણતા થઈ ગઈ એવા જ્ઞાનીને શુભભાવ કરવા લાયક નથી એટલે કે તેને આવા શુભભાવ હોતા નથી.

પંચમ-આરામાં પણ જેને ધર્મ કરવો હોય તેને માટે આ જ વાત છે. ચોથા આરામાં અને પાંચમા આરામાં સાકર તો સાકર જ હોય ને! કાંઈ બીજી વસ્તુ સાકર થઈ જતી નથી તેમ, ચોથા આરામાં અને પાંચમા આરામાં કે સદાકાળ મોક્ષનો માર્ગ તો એક જ છે.

અહીં કહે છે કે જે મુનિ આત્માની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક ચારિત્રની પૂર્ણતા કરી, શુભભાવને છોડે છે તે જ્ઞાનીને બીજું કાંઈ કર્તવ્ય ન હોઈ શકે. શુદ્ધોપયોગ એક જ તેનું કર્તવ્ય છે. આનંદમાંથી બહાર આવવું એ કાંઈ કર્તવ્ય છે! ભર્યા ઘર મૂકીને બહાર ભટકવું એ કાંઈ યોગ્ય છે! તેમ ભર્યા આનંદના ઘર મૂકીને વિકલ્પની જાળમાં ભટકવું એ કાંઈ યોગ્ય છે? પરઘરમાં જવાનું છોડીને સ્વઘરમાં ઠરી જવું તેનું નામ જ્ઞાન અને ચારિત્રની પૂર્ણતારૂપ મોક્ષમાર્ગ કહેવાય છે. આવા મોક્ષમાર્ગે ચાલવાથી જલ્દી પરમાત્મદશા પ્રગટ થાય છે.

જ્યાં સુધી પૂર્ણદશા પ્રગટ ન થાય—પૂર્ણ સ્થિરતાનો યોગ ન હોય ત્યાં સુધી શુભભાવ હોય પણ તેને હેય જાણવો જોઈએ. પછી રત્નત્રયની ઐક્યતા થતાં, એવો ઠરી જાય કે શુભભાવમાં પણ ન આવે ત્યારે પરમાત્મદશાને પ્રાપ્ત થયા કહેવાય છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# કર્મ-ક્ષયનું કારણ એક શુદ્ધોપયોગ જ છે

(સળંગ પ્રવચન નં.–૧૧૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો બીજો અધિકાર ચાલે છે. તેમાં ૬૬મી ગાથા લેવાની છે.

वंदउ णिंदउ पडिकमउ भाउ असुद्धउ जासु।
पर तसु संजमु अत्थि णवि जं मण-सुद्धि ण तासु।।६६।।

અહીં જ્ઞાનીના વ્યવહારની વાત છે. અતીન્દ્રિય આત્માના શ્રદ્ધા-જ્ઞાન તો છે પણ ચારિત્ર નથી ત્યાં સુધી તેને વંદન આદિ શુભપરિણામ હોય તેને નિયમથી સંયમ કહી શકાતો નથી. શુભભાવ પણ ચારિત્રની અપેક્ષાએ અશુદ્ધભાવ છે—મલિન છે.

અર્થ :—નિઃશંક વંદના કરો, નિંદા કરો, પ્રતિક્રમણાદિ કરો પણ જેને, જ્યાં સુધી અશુદ્ધ પરિણામ છે તેને નિયમથી સંયમ હોઈ શકતો નથી. કેમકે તેને મનની શુદ્ધતા નથી. જેનું મન શુદ્ધ નથી તેને સંયમ ક્યાંથી હોઈ શકે?

ભગવાનની વંદનાનો, પોતાના પાપોની નિંદાનો, પ્રતિક્રમણનો, પ્રાયશ્ચિત્ત આદિનો શુભભાવ આવે છે ત્યાં સુધી અશુદ્ધ પરિણામ છે. તેને નિયમથી સંયમ નથી. સંયમ તો શુદ્ધ ભાવ છે. એ તેને નથી કેમકે સાચા શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં જે પ્રકારનો શુદ્ધભાવરૂપ સંયમ હોય તેવો તેને હોતો નથી. જેના મનમાં શુભભાવ છે તેને શુદ્ધોપયોગરૂપ પરિણમન ક્યાંથી હોય! જેટલાં વ્યવહારના વિકલ્પ છે તે બધાં અશુદ્ધ છે, પુણ્યબંધના કારણ છે.

ભગવાન આત્મા નિત્યાનંદમૂર્તિ છે. आत्मोति प्राप्नोति इति आत्मा એવો એક શબ્દ પંચાધ્યાયીમાં આવે છે. શુદ્ધસ્વભાવની શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધોપયોગને આત્મા પ્રાપ્ત કરે તો તેને સંયમ કહેવાય છે. આ સંયમ-ચારિત્રને મુક્તિનું કારણ કહેવાય છે. જેમાં મનમાં શુભભાવ પણ ન રહે—એકલો શુદ્ધભાવ પ્રગટ હોય તેને સંયમ કહે છે. આવી દશા ચોથાકાળમાં જ હોય અને પંચમકાળમાં ન હોય એમ નથી.

શ્રીમદ્ કહે છે ને કે 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' જુઓ! જેના સ્વભાવઘરમાં એકલી શુદ્ધતા અને પવિત્રતા જ પડી છે તેની દૃષ્ટિ, જ્ઞાન સહિત અંતર રમણતા હોય તેને જ સંયમ છે. દૃષ્ટિ-જ્ઞાન સમ્યક્ હોય પણ અંતરમાં રમણતા ન હોય અને શુભવિકલ્પ હોય તેને સંયમ કહેતાં નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચૈતન્ય વસ્તુ અનંત મહા ગુણોનો રત્નાકર છે તેની અંતર રુચિ અને જ્ઞાન સહિતની અંતર રમણતા તે સંયમ છે. જેટલું મન બહાર ભટકે—શુભવિકલ્પમાં રહે, તો સંયમ નથી. તો પછી આત્માના ભાન વિના એકલાં શુભ ક્રિયાકાંડને તો સંયમ કેમ કહેવાય! અહીં તો જે મુક્તિનું સીધું કારણ છે એવા સંયમ ચારિત્રની વાત છે.

ભાવાર્થ :—નિત્યાનંદ એકરૂપ નિજ શુદ્ધાત્માની અનુભૂતિના પ્રતિપક્ષી જે વિષય-કષાય, તેને આધીન આર્ત-રૌદ્રધ્યાનથી, જેનું ચિત્ત રંગાયેલું છે તેને દ્રવ્યરૂપ વ્યવહાર વંદન, નિંદન, પ્રતિક્રમણ આદિ શું કરી શકે?

આત્મા કેવો છે?—નિત્ય આનંદ-કાયમી આનંદના રૂપે ધરનાર છે. તેની પર્યાયમાં દુઃખ છે તે તેના સ્વરૂપમાં નથી, સ્વરૂપ તો નિત્ય અતીન્દ્રિય આનંદમય તત્ત્વ છે. જેના ઘરમાં નિત્ય અતીન્દ્રિય અનાકુળ શાંતરસ જ પડ્યા છે તે આત્મા છે. શુભાશુભ વિકલ્પ તો વિકાર છે—દુઃખરૂપ છે. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. શરીર, વાણી અને મન તો જડ છે, પર છે. તે આત્માની ચીજ નથી.

આત્મા તો નિત્યાનંદ એકરૂપ શુદ્ધાત્મા છે. તેને અનુસરીને દશામાં આનંદની અનુભૂતિ થવી તે નિર્મળ અનુભૂતિ છે અને નિજ શુદ્ધાત્માને અનુસર્યા વિના સંયોગ અને નિમિત્તને અનુસરીને જે રાગ થાય તે દુઃખરૂપ અનુભૂતિ છે. તે આત્માની અનુભૂતિથી વિપરીત છે. આત્મા અને આત્માની નિર્મળ અનુભૂતિથી ઉલટાં આવાં વિષય અને કષાયના પરિણામમાં લીન થઈને જે આર્ત્ત અને રૌદ્રધ્યાનમાં રંગાયેલું છે એવા મનમાં શુદ્ધતા નથી તેને વંદના, નિંદા, પ્રતિક્રમણ આદિ શું કરી શકે?

એક તો એ કે જેની દૃષ્ટિ શુદ્ધસ્વભાવ ઉપર નથી તેને વંદન, પ્રતિક્રમણ આદિ વ્યવહાર શું શુદ્ધિ કરી શકે! અને બીજું એ કે જેને નિશ્ચયદૃષ્ટિ છે તેને પણ દ્રવ્ય પ્રતિક્રમણ આદિ શુભભાવથી શુદ્ધભાવની સિદ્ધિ થઈ શકતી નથી.

બહારથી શુદ્ધક્રિયારૂપ આચરણ હોય પણ શુદ્ધ દૃષ્ટિ અને શુદ્ધ ઉપયોગ નથી તેને સંયમ હોતો નથી. નિજ શુદ્ધતત્ત્વ ઉપર દૃષ્ટિ નથી તેને એકલાં દ્રવ્યપ્રતિક્રમણ, દ્રવ્યપ્રત્યાખ્યાન, દ્રવ્યઆલોચના, વંદન, સ્વદોષોની નિંદા વગેરે શુભ વિકલ્પરૂપ વ્યવહાર કરવાથી 'સંયમ' થતો નથી. સમ્યગ્દર્શન સહિત હોય તોપણ જે શુભપરિણામ છે તે અસંયમભાવ છે—'સંયમ' નથી. ચારિત્રનો એ દોષ છે. સમ્યગ્દર્શન રહિત હોય તેને તો 'અસંયમ' છે અને સમ્યગ્દર્શન સહિત આવા શુભભાવ હોય તો એ 'ચારિત્રનો દોષ' છે, સંયમ નથી.

અહીં વિશેષ કરીને મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે કે તેને ચૈતન્યની બડાઈની તો ખબર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી અને વ્યવહાર શ્રદ્ધાની, કષાયની મંદતાની, બાહ્ય પ્રતિષ્ઠાની મોટાઈ લાગે છે તેને આત્મદૃષ્ટિ નથી. જેને દુનિયામાં પોતાની પ્રતિષ્ઠા રાખવી છે તેને આત્મપ્રતિષ્ઠાની ખબર નથી. દુનિયામાં અમારું નામ રહે, પ્રતિષ્ઠા રહે, પાછળથી કોઈ યાદ કરે તેની જેને કિંમત છે એ અસંયમી છે તેને આત્માનો પ્રેમ નથી, પ્રતિષ્ઠાનો પ્રેમ છે.

શુદ્ધસ્વભાવના ભાન વિના જીવને બાહ્યમાં સેંકડો મનોરથો હોય છે. કોઈપણ રીતે બહારમાં હું અધિકપણે ગણાઉં એવો એને અનેક પ્રકારનો ભાવ અભિપ્રાયમાં પડયો હોય છે. દુનિયામાં, આબરૂમાં, કીર્તિમાં, ધર્મને બહાને શાસ્ત્રમાં, ભણતરના બહાને વિશેષ ભણતરમાં, કહેવાના બહાને બોલવામાં, શિષ્યોમાં—એમ અનેક પ્રકારે બહારથી લાભની ભાવના પડી હોય છે. અમે દુનિયામાં ધર્મની પ્રભાવના કરીએ છીએ, બધાંને લાભ આપીએ છીએ, સેવા કરીએ છીએ એમાં શું નુકશાન છે! એવી અંદરમાં ઊંડે મિથ્યાત્વની મીઠાશ પડી છે તેથી બહારની પ્રતિષ્ઠા અને આબરૂમાં જ આખું જીવન ગાળે છે તેને અસંયમ છે, ભલે તે શુભક્રિયા અને શુભભાવ કરતો હોય છતાં અસંયમી છે.

અંદર અભિપ્રાયમાં મોટા મિથ્યાત્વના શલ્ય પડ્યાં હોય તેને શુભભાવ શું કરી શકે! અંદરમાં....**शतसहस्र विकल्पजालमाला**...સહસ્ર વિકલ્પોની હારમાળા ચાલું હોય, જેમ એક પછી એક પૂણી નીકળ્યાં કરે તેમ એક પછી એક શુભભાવ વિકલ્પોની માળા ચાલ્યા જ કરે છે. તેમાંથી તેને પોતાની વસ્તુ શું છે એ સમજવા માટેનો સમય જ મળતો નથી.

શ્રોતા :—આ વાત સાંભળવી તો સહેલી છે પણ પકડવામાં બહુ ઝીણી લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાંભળે એટલે જાણે સમજાય ગઈ લાગે પણ અંદરમાં વિવેક કરવો એ સૂક્ષ્મકાર્ય છે. સાંભળવું એ તો સ્થૂળ છે પણ વિવેક કરવો એ સૂક્ષ્મ છે. તેના માટે ઘણું ધીરૂં થવું જોઈએ. સાંભળવામાત્રથી મને પકડાય છે એમ લાગે તો તેના સ્વચ્છંદતાના ભાવ છે એ પકડવા કઠણ છે.

શુદ્ધ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ નથી, સ્થિરતા નથી અને વિકલ્પની જાળમાં ધમાધમ કરે છે તેને કદાચિત્ શુભક્રિયા હોય તોપણ તે શું કરે! વિકલ્પોની પરંપરાના પ્રપંચથી ઉત્પન્ન થયેલાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં વર્તનારા એવા અજ્ઞાનીને શુભક્રિયા હોય તોપણ ભાવસંયમ નથી, અસંયમ જ છે. અંતર દૃષ્ટિ અને વલણ વિના શુભક્રિયા કે શુભભાવ કાંઈ કરી શકતાં નથી.

આ રીતે મોક્ષ, મોક્ષ-ફળ, મોક્ષમાર્ગ આદિનું કથન કરવાવાળા બીજાં મહા અધિકારમાં નિશ્ચયનયથી પુણ્ય-પાપ બંને સમાન છે—આ વ્યાખ્યાનની મુખ્યતાથી ચૌદ દોહા કહ્યાં. આગળ શુદ્ધોપયોગના કથનની મુખ્યતાથી ૪૧ દોહામાં વ્યાખ્યાન કરીએ છીએ અને આઠ દોહામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પરિગ્રહત્યાગના વ્યાખ્યાનની મુખ્યતાથી તથા તેર દોહામાં કેવળજ્ઞાનાદિ ગુણસ્વરૂપથી બધાં જીવ સમાન છે એવું વ્યાખ્યાન છે.

હવે પ્રથમ જ રાગાદિ વિકલ્પની નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગમાં સંયમાદિ બધાં ગુણ રહે છે એમ વર્ણન કરે છે.

પ્રવચનસારની ૨૭૪ ગાથામાં આ જ વાત છે. શુદ્ધોપયોગમાં જ સંયમ, તપ, ચારિત્ર, નિર્વાણ આદિ સમાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં શુદ્ધોપયોગ વિના સંયમાદિ ગુણ આવતા નથી.

**सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु।**
**सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु ॥६७॥**

અર્થ :—શુદ્ધોપયોગીઓને જ પાંચ ઈન્દ્રિય અને મનને રોકવારૂપ સંયમ, શીલ અને તપ હોય છે, તેમને જ સમ્યગ્દર્શન અને વીતરાગસ્વસંવેદનજ્ઞાન હોય છે અને શુદ્ધોપયોગીઓને જ કર્મોનો નાશ થાય છે, માટે શુદ્ધોપયોગ જ જગતમાં મુખ્ય છે.

સ્વભાવની દૃષ્ટિમાં અંદર સ્થિરતાનો શુદ્ધોપયોગ હોય છે તેને જ સંયમ હોય છે. તેને જ સંયમ અને શીલ તથા તપ હોય છે. ભગવાનના મુનિદશાના ઉપવાસની કોઈ કોપી કરે તો તેને તપ થતો નથી. રોટલાં ન ખાવા તે ઉપવાસ નથી પણ અપવાસ છે. એવા અપવાસ તો અનંતકાળમાં ઘણાં કર્યાં પણ રાગનો ખોરાક એણે કદી છોડ્યો નથી. રાગનો ખોરાક છોડે ત્યારે અણાહારી થાય અને અમૃતનો સ્વાદ આવે. ઋષભદેવ ભગવાન (મુનિપણામાં) અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મસ્ત હતાં, પોતાની શુદ્ધતાનો અંતરમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. તે તપથી મુનિદશામાં કર્મનો ક્ષય કરીને ભગવાન થયાં હતાં.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ કોણ છે, તેનું સ્વરૂપ શું છે, આત્માનું સ્વરૂપ કેવું છે, તે કેવી રીતે પ્રાપ્ત થાય તેની રીતની ખબર ન હોય અને દીક્ષા લઈ લ્યે છે તેને દીક્ષા નથી પણ દુખિયા છે, તેણે અજ્ઞાનને ઘૂંટ્યું છે—દૃઢ કર્યું છે.

પાઠમાં સંયમ, શીલ અને તપ આ ત્રણ શબ્દ કહ્યાં છે. શુદ્ધોપયોગીને જ આ ત્રણેય હોય છે. વ્યવહાર સમ્યગ્દર્શન એ ખરેખર સમ્યગ્દર્શન નથી. શાસ્ત્રજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી. શુદ્ધાત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. અંશે પણ કર્મનો ક્ષય શુદ્ધતાથી થાય છે શુભભાવથી કર્મ ક્ષય થતો નથી. સ્વભાવની શુદ્ધતાની એકતા થતાં જ મિથ્યાત્વનો નાશ અને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અશુદ્ધ પરિણામથી સમ્યક્ત્વ થતું નથી. માટે આચાર્ય કહે છે કે શુદ્ધોપયોગ જ જગતમાં મુખ્ય છે.

www.vitragvani.com



શુદ્ધોપયોગ પરિણામને જગતમાં મુખ્ય કહ્યો એટલે કે શુદ્ધોપયોગને ધરનાર પુરુષ જ જગતમાં મુખ્ય છે. શુદ્ધોપયોગ પરિણામે પરિણમનાર જીવ જ જગતમાં પ્રધાન છે.

ભાવાર્થ :—શુદ્ધોપયોગીઓએ પાંચ ઈન્દ્રિય અને મનને રોકવું, વિષય અભિલાષાની નિવૃત્તિ અને છકાય જીવોની હિંસાથી નિવૃત્તિ, તેના બળથી આત્મામાં નિશ્ચલ રહેવું તેનું નામ સંયમ છે.

પાંચ ઈન્દ્રિય અને મન આ છ સંબંધી અભિલાષાને રોકવી અને છ કાય જીવોની હિંસાથી નિવૃત્ત થવું. આ બાર પ્રકારના વિકલ્પથી છૂટી આત્મામાં નિશ્ચલ રહેવું તેનું નામ સંયમ છે. તેને બે પ્રકારે પણ કહી શકાય. (૧) ઈન્દ્રિયનિરોધરૂપ સંયમ અને (૨) છ કાય જીવની હિંસાથી નિવૃત્તિરૂપ સંયમ. સંયમના બીજા પણ બે પ્રકાર પડે છે. (૧) ઉપેક્ષાસંયમ અને (૨) ઉપહૃતસંયમ. મન, વચન, કાયા આ ત્રણેયથી ખસીને સ્વરૂપમાં આરૂઢ રહેવારૂપ ઉપેક્ષાસંયમ-વીતરાગસંયમ છે અને પાંચ સમિતિ પાળવારૂપ ઉપહૃત સંયમ-સરાગસંયમ છે. શુદ્ધોપયોગની પરિણતિ છે ત્યારે સાથે રહેલા શુભરાગને પણ વ્યવહારસંયમ કહેવામાં આવે છે. શુદ્ધોપયોગ વિના શુભરાગને વ્યવહાર સંયમ કહી શકાતો નથી.

વાત બહુ લૂખી અને બહુ રસવાળી છે—રાગના રસથી જુદી અને વીતરાગવાળી વાત છે.

સરાગસંયમ અર્થાત્ શુભોપયોગરૂપ સંયમ અને વીતરાગસંયમ અર્થાત્ શુદ્ધો-પયોગરૂપ પરમ સંયમ—આ શુદ્ધ-ચેતન-ઉપયોગીઓને જ હોય છે.

'શીલ' અર્થાત્ પોતાથી પોતાના આત્મામાં પ્રવૃત્તિ કરવી તે નિશ્ચયશીલ તથા રાગાદિના ત્યાગ દ્વારા શુદ્ધભાવની રક્ષા કરવી તે પણ નિશ્ચયશીલ છે અને દેવાંગના, મનુષ્યસ્ત્રી, તિર્યંચસ્ત્રી તથા કાષ્ટ, પત્થર, ચિત્રામાદિ અચેતન સ્ત્રી—આવા ચાર પ્રકારની સ્ત્રીઓનો મન, વચન, કાય તથા કૃત, કારિત, અનુમોદનાથી ત્યાગ કરવો તે વ્યવહારશીલ છે. આ બંને શીલ શુદ્ધ ચિત્તવાળાને જ હોય છે.

જ્ઞાનસ્વરૂપ આત્માની જ્ઞાન દ્વારા અંદરમાં પ્રવૃત્તિ કરી તેનું નામ નિશ્ચયશીલ કહ્યું છે. જેને શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન છે તેને જ શીલ હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના શીલ હોતું નથી.

'તપ' અર્થાત્ બાર પ્રકારના તપના બળથી ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ બધી વસ્તુઓની ઈચ્છા છોડીને શુદ્ધાત્મામાં મગ્ન રહેવું, કામ, ક્રોધાદિ શત્રુઓને વશ ન થવું, પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રિય રહેવું તે તપ છે. 'તપ' પણ શુદ્ધ ચિત્તવાળાઓને જ હોય છે.

શુદ્ધજ્ઞાનમૂર્તિ આત્મા શુભાશુભ વિકલ્પોથી રહિત છે તેની અંતર શુદ્ધ દૃષ્ટિ અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ્ઞાનપૂર્વક સ્થિરતા કરવી, ઈચ્છાનો નિરોધ કરવો તે તપ છે. જેમાં આનંદનો વિજય થાય છે–આત્મા પ્રતપે છે એવી દશાને તપ કહેવામાં આવે છે. આવા અંતરતપના ભાન વિના તપની બાહ્ય ક્રિયા જોઈને અજ્ઞાની પણ એવી ક્રિયા કરવા લાગે તો એ સાચું તપ નથી. એ તો શેઠાણીને જોઈને બીજી બાઈ ફોતરાં ખાંડવા લાગી, એના જેવું થાય છે. શેઠાણી તો ચોખા ખાંડતી હતી એટલે ફોતરાં ઉપર આવતાં હતાં અને કસદાર ચોખા નીચે રહી જતાં હતાં. ઉપરથી ફોતરાં જોઈને બીજી બાઈ એકલાં ફોતરાં ખાંડવા લાગી, તો તેને ચોખાનો લાભ શી રીતે થાય? તેમ ભગવાનના બાહ્ય તપને જોઈને લોકો તપ કરવા લાગ્યા છે તેથી કાંઈ લોકોને સાચું તપ થતું નથી. શુદ્ધદૃષ્ટિવાળાને તો તપમાં શુદ્ધતાની એકાગ્રતા વધતી જાય છે તે તપનો લાભ છે–મૂળ માલ છે. આહાર ન લીધો એ બહારથી દેખાયું પણ તે તો ફોતરાં સમાન છે.

ઋષભદેવે મુનિદશામાં વર્ષીતપ કર્યો હતો માટે આપણે પણ વર્ષીતપ કરો –એમ કરીને એક દિવસ ન ખાય અને બીજે દિવસે ખાય ત્યારે વધારે ખાય, વળી તેનું વર્ષ પૂરું થયે ઉજવણું કરે...ભાઈ! ભગવાને તારા જેવો વર્ષીતપ કર્યો ન હતો. તેં તો મિથ્યાત્વનું પાપ બાંધ્યું છે અને માને છે કે મેં વર્ષીતપ કર્યો. અંતરમાં આત્માનાં ઊંડાણમાં જઈને અમૃતનો સ્વાદ લેવો તેનું નામ તપસ્યા છે. તેને ઈચ્છાનો સ્વયં નિરોધ થઈ જાય છે અને આત્મા રાગાદિ ઉપર વિજય પ્રાપ્ત કરે છે માટે તે સાચું તપ છે. મુનિઓએ આવા તપ કર્યાં હતાં.

'આહાર લઉં' એ તો ઈચ્છા છે પણ 'આહાર છોડું' એ પણ ઈચ્છા છે અને 'આહાર હું છોડી શકું છું' એવો અભિપ્રાય મિથ્યાત્વ છે કારણ કે પરદ્રવ્યને લેવા કે છોડવા એ જીવના અધિકારની વાત જ નથી. આહાર તો જડ છે તે પોતાના કારણે આવે છે અને પોતાના કારણે જાય છે. આત્માના અતીન્દ્રિય આનંદની મીઠાશ પાસે આહારને લેવાની કે છોડવાની ઈચ્છા જ થતી નથી. અંતરમાં મુનિ એટલા મશગૂલ થઈ જાય છે કે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ કોઈની ઈચ્છા જ ઉત્પન્ન થતી નથી. બે-ચાર-આઠ દિવસ થઈ જાય તોપણ આહારની ઈચ્છા થતી નથી. આવા પ્રકારે ઈચ્છાનો નિરોધ થાય છે તેને ભગવાન તપ કહે છે. આત્મા અને તેના આનંદના ભાન વિના તપ કરે છે તેના તપને 'અજ્ઞાન તપ' કહે છે.

બધી ઈચ્છાઓનો ત્યાગ કરીને મુનિ ક્યાં રહે છે? કે અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત રહે છે. શુદ્ધાત્મામાં મગ્ન થઈ જાય છે તેનું નામ તપસ્યા કહેવાય છે. તે સિવાય આત્મા કોણ છે, શું કરી શકે છે વગેરેના ભાન વિના આહાર છોડીને બેસી જાય છે તેને કુતપ છે અને કપડાં છોડીને સાધુ થઈ જાય છે તે કુસાધુ છે.

ઈચ્છાના નિરોધની સાથે કામ, ક્રોધ, રાગ-દ્વેષાદિ શત્રુઓને વશ ન થવું પણ પોતાના સ્વભાવને વશ રહેવું તે પણ તપ છે. **शुद्धात्मनि प्रतपनं विजयनं तप।** આ તપની વ્યાખ્યા છે,

www.vitragvani.com



તેના ભાન વિના અપવાસ અને પોરસિ વગેરે કરે તેથી શું! અતીન્દ્રિય આનંદના સ્વાદપૂર્વક ઇન્દ્રિયોનો નિરોધ થયો તેનું નામ તપ છે.

ઇન્દ્રિયોનો નિરોધ કરીને ગયો ક્યાં?–કે અતીન્દ્રિય આનંદના નાથના ઘરમાં પેઠો. ત્યાં મહા અતીન્દ્રિય સ્વાદ લેતો હોય તેમાંથી બહાર નીકળવું ગોઠે નહિ. તેને આત્માના આનંદનો વિજય છે અને ઇચ્છાનો નાશ છે. શુદ્ધતાની ભૂમિકા જોઈ છે તેમાં ઠરે છે તેને અતીન્દ્રિય આનંદના વિજયરૂપ તપ હોય છે.

દિગંબર સંતોએ કરેલી વ્યાખ્યા પણ એવી કે બીજે ગોતવા જાય તો ક્યાંય ન મળે. ૫૦-૫૦ વર્ષ ભણેલાં હોય તોપણ એકલાં ભણતરવાળાને આવા ભાવ ખ્યાલમાં ન આવે. પરમ પવિત્ર ભગવાન આત્માનું જેને દર્શન છે, અનુભવ છે તેને આત્મામાં ઠરવું થાય તેને તપ કહેવાય છે. બાકી બધાં તો લાંઘણ કરે છે એમ બીજી જગ્યાએ આવે છે–જેમાં પરના વિષય અને કષાયની ઇચ્છાનો ત્યાગ છે તથા આત્માની સમીપમાં વાસ છે તેને ઉપવાસ છે બાકી બધાં લાંઘણ કરનારાં છે અને એમ માને છે કે તપ કરું છું તે મિથ્યાદૃષ્ટિ છે–મિથ્યાત્વમાં મોટા છે.

આત્માના આનંદને ભાવે તે ખરો આત્મા છે એવો શબ્દ ભગવતીસૂત્રમાં છે પણ આત્માને છોડીને એકલી ક્રિયા રહી ગઈ છે.

હવે 'દર્શન'નો અર્થ કરે છે. સાધક અવસ્થામાં તો શુદ્ધાત્માની રુચિરૂપ સમ્યગ્દર્શન હોય છે. શુદ્ધાત્મા એકલો શાંતરસથી ભરેલો, આનંદની ખાણ અનંત ગુણનો કંદ છે. એવા આત્માની અનુભૂતિરૂપી રુચિ તે સમ્યગ્દર્શન છે. તે શુદ્ધને હોય છે. અને કેવળી અવસ્થામાં તે સમ્યગ્દર્શનના ફળરૂપ સંશય, વિમોહ, વિભ્રમ રહિત નિજ પરિણામરૂપ ક્ષાયિક સમ્યક્ત્વ કેવળદર્શન તે પણ શુદ્ધને જ હોય છે. આમાં દર્શનગુણ અને શ્રદ્ધાગુણ બંને સાથે લઈ લીધા છે. શુદ્ધને જ સમ્યક્ત્વ અને શુદ્ધને જ કેવળદર્શન હોય છે. અશુદ્ધને એટલે કેવળ વ્યવહારવાળા જીવને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાનાદિ કાંઈ હોતું નથી. નીચેના ગુણસ્થાનમાં જ્ઞાયક આત્માની દૃષ્ટિ શુદ્ધને જ થાય અને તેનું ફળ જે પરમ અવગાઢ સમકિત તે પણ શુદ્ધને જ હોય છે. વ્યવહાર સમકિતના ફળમાં આવું નિશ્ચય-ક્ષાયિક સમકિત કે કેવળદર્શન થતું નથી. શુદ્ધ એટલે શુદ્ધદૃષ્ટિ અને શુદ્ધોપયોગવાળાને જ ક્ષાયિક દર્શનના ફળ હોય છે. અશુદ્ધ દૃષ્ટિથી અને અશુદ્ધ ઉપયોગવાળાને આવા ફળ હોતાં નથી. માટે વ્યવહાર સમ્યગ્દર્શનને કેવળદર્શનનું કારણ ન સમજવું. સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન જ કેવળદર્શનનું કારણ છે.

વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પણ શુદ્ધ દૃષ્ટિવાળાઓને જ હોય છે. આવા શુદ્ધજ્ઞાનનું ફળ જ કેવળજ્ઞાન છે. વ્યવહારનું ફળ કેવળજ્ઞાન નથી. કારણ અને કાર્ય બંને શુદ્ધ હોય છે. કર્મક્ષય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો નાશ તથા પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ તે પણ શુદ્ધોપયોગીઓને જ હોય છે. ભાવકર્મરૂપ વિકલ્પોનો નાશ કે જડકર્મોનો નાશ કે શરીરાદિ નોકર્મોનો નાશ શુદ્ધોપયોગ અને શુદ્ધ આચરણથી જ થાય છે. શુભઉપયોગ કે શુભઆચરણથી કોઈ કર્મ ટળે તેમ નથી. શુદ્ધસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા જ કર્મના ક્ષયનું કારણ છે. તે સિવાય બીજું કોઈ કર્મક્ષયનું કારણ નથી.

❀

❀ ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને—જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે; હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૮૬)*

❀ ચક્ષુની માફક આત્મા માત્ર જાણે–દેખે જ છે; પરને તો કરતો નથી, રાગાદિને તો કરતો નથી, પણ સંવર–નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા! જે થાય તેનો માત્ર જાણનાર....જાણનાર ને જાણનાર જ આત્મા છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૮૭)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# ધર્મનું સાચું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં–૧૧૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૬૭ ગાથા ચાલે છે. તેમાં છેલ્લી ચાર લાઈન છે.

શુદ્ધોપયોગ-પરિણામ અને તેને ધારણ કરવાવાળા પુરુષ જ જગતમાં પ્રધાન છે કેમ કે સંયમાદિ સર્વગુણ શુદ્ધોપયોગમાં જ પ્રાપ્ત થાય છે. માટે શુદ્ધોપયોગ સમાન અન્ય નથી.

આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ જ્ઞાન અને આનંદ છે. શુભ અને અશુભ બંને ભાવોથી રહિત, આત્માના શુદ્ધપરિણામને ધર્મ કહેવામાં આવે છે. બાકી સ્ત્રી, પુત્ર, પરિવારને સાચવવાના અને ધંધો કરવાના ભાવ તો એકલાં પાપ છે. તેનાથી જીવ દુઃખી છે.

શ્રોતા :—દુઃખ તો નથી લાગતું!

પૂજ્ય ગુરુદેવશ્રી :—હરખસનેપાત થયો હોય તેને દુઃખ નથી લાગતું પણ શું એ દુઃખી નથી? તેને વાત, પિત્ત ને કફ ત્રણેય રોગ એકસાથે વકરી ગયા છે તેમ આ અજ્ઞાનીને અનાદિથી મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ આ ત્રણેયનો રોગ લાગુ પડેલો છે માટે તે દુઃખી છે.

દુકાને બેઠાં બેઠાં પાંચ-પચીશ હજાર કમાઈ લેતો હોય એટલે તેને તેમાં દુઃખ નથી લાગતું પણ પૈસા કમાવાનો ભાવ પોતે જ પાપ છે અને પાપ છે એ જ દુઃખ છે પણ એને તેનું ભાન નથી. પાપ શું, પુણ્ય શું અને ધર્મ શું છે તેનો એણે કદી વિચાર કર્યો નથી. પુણ્ય અને પાપ બંને ભાવ દુઃખરૂપ છે, ચારગતિમાં રખડવાનું કારણ છે.

સાકરનો ગોળો હોય તેમ આત્મા આનંદનો ગોળો છે. શરીર તો જડ—માટી—ધૂળ છે. આત્મા તો અરૂપી ચૈતન્યગોળો છે તેમાં ચૈતન્યનો પ્રકાશ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આત્મામાં નથી, પણ જ્ઞાન, દર્શનાદિ અનંત ગુણો આત્મામાં રહેલાં છે; આવા શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરવી એ જ સંયમ છે, એ જ તપ છે, એ જ ધર્મ છે અને એ જ સમકિત અને જ્ઞાન છે, એ જ પચખાણ છે. બાકી લોકો જેને પચખાણ માને છે એ તો વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે, તેનાથી કાંઈ ચારિગતિનું ભ્રમણ ટળતું નથી. સ્વભાવની સન્મુખતા અને શુભાશુભથી વિમુખના પરિણામથી ધર્મ થાય છે. આવા પરિણામ શુદ્ધોપયોગમાં જ પ્રાપ્ત થાય છે માટે શુદ્ધોપયોગ સમાન અન્ય કોઈ ભાવ નથી.

શુભાશુભથી રહિત શુદ્ધપરિણામની વાત એણે કદી સાંભળી નથી અને વિચારી નથી.

www.vitragvani.com



એણે તો મહામજૂરીનું કામ જ કર્યું છે. કેમ કે મજૂર હોય એ તો દિવસમાં આઠ કલાક જ કામ કરે પણ આ તો સવારના છ વાગ્યાથી રાતના ૧૦ સુધી કામ જ કર્યા કરે છે માટે એ મોટો મજૂર છે.

શ્રોતા :—કેટલો નિમકહલાલ કહેવાય!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એને નિમકહલાલ કહેવો કે હરામ કહેવો? વિકારભાવ કરનારો 'હરામ' છે. એણે કદી પોતાના સ્વભાવભાવની દરકાર કરી નથી. ચોરાશીના અવતારમાં રખડતાં રખડતાં અનંતકાળ વીતાવી દીધો. નિગોદમાં ગયો, નરકમાં ગયો, પશુમાં ગયો—એકલી મજૂરી કરી. ખાવા પૂરુ મળે નહિ પણ કામ તો પૂરુ કરવું પડે—એકલાં દુઃખમાં કાળ ગયો. અબજોપતિ શેઠિયો અને રાજા પણ અનંતવાર થયો અને ભિખારી પણ અનંતવાર થયો. મૂઢપણે મિથ્યાત્વભાવના ફળમાં રખડ્યાં જ કર્યો છે. એક આત્માના શરણ વિના ક્યાંય બીજો મુક્તિનો ઉપાય નથી.

ભાઈ! આ દેહનો એક રજકણ પણ તારો નથી. તું તો બીજાં ભવમાંથી અહીં આવ્યો અને માતાના પેટમાંથી આ રજકણ લઈને આવ્યો એ ક્યાં તારાં હતાં? છતાં તેની સંભાળમાં તારો કાળ જાય છે પણ તારી પોતાની ચીજ શું છે તેની સંભાળ તે એક સમય પણ લીધી નથી. આત્મા અતીન્દ્રિયઆનંદની સત્‌ચિદાનંદ મૂર્તિ છે. સત્ એટલે શાશ્વત્, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. આવા આત્માના જ્ઞાનને જ જ્ઞાન કહેવાય છે બાકી બીજાં જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. ડૉકટરના ભણતર કે વકીલાતની કળા આદિના જ્ઞાન બધાં કુજ્ઞાન છે.

બીજાં બધાંની કિંમત કરનારા એવા તારા આત્માની કાંઈ કિંમત છે કે નહિ? તું કોણ છે તેની પ્રથમ ઓળખાણ તો કર! સ્ત્રી, પુત્ર, બંગલા આદિ તને સારાં લાગે છે પણ તારામાં કાંઈ સારૂં છે કે નહિ? તેની સમજણ કર ભાઈ! તારાં માટે બીજું કોઈ સારું નથી, તું એક જ તારાં માટે સારો છો. માટે તારાં શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન કર! તારાં માટે તું જ સારો છો.

આવી જ શુદ્ધોપયોગની મહિમા અન્ય ગ્રંથમાં પણ કહી છે. પ્રવચનસારમાં આ ગાથા આવે છે તેનો ભાવાર્થ એ છે કે શુદ્ધોપયોગીને જ મુનિપદ કહ્યું છે, તેને જ દર્શન, જ્ઞાન કહ્યાં છે, તેને જ નિર્વાણની પ્રાપ્તિ કહી છે, તે જ શુદ્ધ અર્થાત્ રાગાદિ રહિત છે તેમને અમારાં નમસ્કાર છે.

અંતરમાં પવિત્રતાના પરિણામ દ્વારા આત્મામાં એકાગ્રતા થાય તેને ભગવાને મુનિપદ અથવા ચારિત્ર કહ્યું છે. ધર્મનું પ્રથમ પગથિયું જે દર્શન અને જ્ઞાન પણ તેને જ કહ્યાં છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ જ્ઞાન વિનાના બધાં મીંડા નકામા છે. સાચા જ્ઞાન વિનાની બધી ક્રિયા રખડવાનું કારણ છે. તું પોતે ચૈતન્યસૂર્ય છો તેનું અંતરમાં જ્ઞાન થવું તેનું નામ શુદ્ધપરિણામ છે, તેને જ 'જ્ઞાન' કહે છે, એ જ તને સુખરૂપ અને આનંદરૂપ છે. બાકી સંસારના જાણપણાં બધાં દુઃખરૂપ છે—કંટાળારૂપ છે, ખેદરૂપ છે.

અરે! એણે કદી પોતાની દયા ન કરી. એક ભવ પછી બીજો અને બીજા પછી ત્રીજો એમ ભવ ઉપર ભવમાં રખડતો જ રહ્યો છે છતાં એમ નથી થતું કે, આ શું મારાં નસીબમાં રખડવાનું જ છે! મને કોઈનું શરણ છે કે નહિ!

આ બધું દેખાય છે તેને દેખનારો કોણ છે? એ જ ભગવાન આત્મા છે, તેને દેખ અને શ્રદ્ધા-જ્ઞાન કર તો જ તને શાંતિ અને સુખ થશે. શુદ્ધસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરનારનો જ મોક્ષ થાય છે તેને અમારાં નમસ્કાર છે. **णिव्वाणं सो चिय सुद्धो णमो तस्स** ।—શ્રી પ્રવચનસાર

આગળ કહે છે કે નિશ્ચયથી પોતાનો શુદ્ધભાવ જ ધર્મ છે. પહેલાં શુદ્ધોપયોગની મુખ્યતાથી વાત હતી, હવે ધર્મની મુખ્યતાથી કહે છે. બંને વાત એક જ છે. બંનેમાં શુદ્ધપરિણામની જ વ્યાખ્યા છે.

**भाउ विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु ।**
**चउ-गइ-दुक्खहँ जो धरि जीउ पडंतउ एहु ॥६८॥**

અર્થ :—મિથ્યાત્વ, રાગાદિથી રહિત શુદ્ધ પરિણામ છે તે જ પોતાના છે, અશુદ્ધ પરિણામ પોતાના નથી માટે શુદ્ધભાવને જ ધર્મ સમજીને અંગીકાર કરો કે જે આત્મધર્મ, સંસારમાં પડેલાં જીવોને ચારગતિના દુઃખથી છોડાવીને આનંદ-સ્થાનમાં લઈ જાય છે.

ભગવાન આત્મા અરૂપી પણ સ્વરૂપવાન છે. જ્ઞાન-આનંદની પાટ છે. જેમ આ જડ-માટી દેખાય છે તે વસ્તુ છે તેમ આત્મા પણ એક વસ્તુ છે, અસ્તિ છે, સત્તા છે, પદાર્થ છે કે જેનું સ્વરૂપ અરૂપી છે, તેમાં પણ અનંતગુણનું સામર્થ્ય ભરેલું છે.

દેહની ક્રિયા હું કરું છું એ મિથ્યાત્વ છે, પાપના ભાવમાં મને મજા પડે છે એવી બુદ્ધિ તે મિથ્યા—અસત્ બુદ્ધિ છે અને શુભભાવથી મને ધર્મ થશે એવી બુદ્ધિ તે પણ મિથ્યાબુદ્ધિ છે. આવા મિથ્યાત્વભાવ અને રાગાદિભાવથી રહિત પોતાના શુદ્ધ પરિણામ થાય છે તે જ પોતાનું સ્વરૂપ છે. આ દેહ તો જડ પદાર્થ છે, તે સ્વતંત્ર છે. તેનું પરિણમન કેમ થવું અને કેમ રહેવું એ જીવને આધીન નથી. આ શ્વાસ ચાલે છે તે પણ આત્મા નથી, જડ છે. શ્વાસ પૂરા થાય ત્યારે જીવ ખ્યાલ કરે તો ખ્યાલમાં આવે પણ તેને રોકી ન શકે. જો એ પોતાના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોય તો તો કરી શકે ને! એક શ્વાસની ક્રિયાને પણ કરી શકતો નથી છતાં મૂઢ મફતનો અભિમાન કરીને મરી ગયો છે.

જે તારાંથી જુદાં પડી જાય છે તે તારાં કેમ હોય? આ પુણ્ય-પાપ ભાવ પણ તારાં નથી. શુદ્ધસ્વભાવ સન્મુખના પરિણામ થાય એ જ તારાં પરિણામ છે. અશુદ્ધ પરિણામ તારાં નથી—એ તો બંધના કારણ છે. જેમાં આકુળતાનો દુઃખનો સ્વાદ આવે છે તે અશુદ્ધ પરિણામ છે, જેમાં અનાકુળ આનંદનો સ્વાદ આવે છે તે શુદ્ધ પરિણામ છે.

અજ્ઞાની જીવ મમતાથી પુત્રાદિને પોતાના માને પણ એ ક્યાં પોતાના થવાના હતાં? પુત્રની મમતા ખાતર ધનાદિનો સંયમ કરે પણ, 'પુત્ર કુપુત્ર તો સંચય શાનો? અને પુત્ર સુપુત્ર તો સંચય શાનો?' પુત્ર પુણ્ય લઈને આવ્યો હશે તો તો તારાં પૈસા કરતાં એને વધારે મળી રહેશે અને પુત્ર કુપાત્ર પાક્યો હશે તો, તે ભેગાં કરેલાં ધનાદિને ક્ષણમાં ઉડાડી દેશે માટે તું આ કોના માટે સંગ્રહ કરીને બેઠો છો? કોઈને પુત્ર જ ન હોય તેથી શું છે! પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ જ જીવને ચારેય ગતિના દુઃખમાંથી બહાર કાઢનાર છે. જુઓ! સ્વર્ગ અને મનુષ્યગતિ પણ દુઃખરૂપ કહી છે. નિજાત્માના શુદ્ધભાવ સિવાય બધામાં દુઃખ જ છે. કૃષ્ણકુમારસિંહજી ૫૩ વર્ષની ઉંમરે હમણાં ગુજરી ગયા ને! દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં કોઈ રોકી શકે છે! દેહની સ્થિતિ જ્યાં, જે ક્ષણે, જે નિમિત્ત દ્વારા પૂરી થવાની હોય તેમાં ત્રણકાળમાં કોઈ ફેર કરી ન શકે. આ તો સાધારણ રાજા હતાં પણ મોટાં ચક્રવર્તી હોય તોપણ શું! કરોડોના બંગલામાં સૂતો હોય અને સવારે જુઓ તો કાંઈ ન હોય? દેહની સ્થિતિને ફેરવવા ઈન્દ્ર કે નરેન્દ્ર કોઈ પણ સમર્થ નથી. પણ એને ભરોસો નથી તેથી ડોકટરને બોલાવે ને અનેક ઉપાય કરે પણ તેથી શું થાય!

'શુદ્ધસ્વભાવનું જ્ઞાન કરવું' એ પરિણામ જ એને ચારગતિના પરિભ્રમણથી રોકનાર છે. એ સિવાય રાજા કે રંક, કંથવો કે હાથી, સ્વર્ગનો દેવ કે નારકી બધાં દુઃખી છે, કારણ કે એ બધાં વિકારની ઉત્પત્તિ કરીને પડ્યાં છે અને પોતે જ દુઃખ છે માટે તે બધાં દુઃખી છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે પણ તેમાં ટકાય શી રીતે? તો કહે છે કે પોતાના શુદ્ધભાવથી આનંદમાં ટકાય છે. બાકી શુદ્ધભાવ સિવાયના શુભાશુભભાવ તો એને ચારગતિમાં રખડાવે છે. ધર્મ કોને કહેવાય કે જે જીવને ચાર ગતિમાં પડતો રોકીને, આનંદમાં ધારી રાખે તે 'ધર્મ' છે.

ભાવાર્થ :—ધર્મ શબ્દનો શબ્દાર્થ એવો છે કે સંસારમાં પડતા પ્રાણીઓને રોકીને,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોક્ષપદમાં સ્થિર કરે તે ધર્મ છે. આ મોક્ષપદ દેવેન્દ્રો, નાગેન્દ્રો અને નરોન્દ્રો દ્વારા વંદન-યોગ્ય છે.

આત્માની દશામાં પૂર્ણ અતીન્દ્રિયાનંદની પ્રાપ્તિને મુક્તિ કહે છે. આવી મુક્તિને પ્રાપ્ત ભગવાનને દેવેન્દ્રો પણ વંદન કરે છે. તે દેવેન્દ્રો એટલે કોણ? કે જે ૩૨ લાખ વિમાનના સ્વામી હોય છે. એક વિમાનમાં અસંખ્ય અબજ વર્ષના આયુષ્યવાળા અસંખ્યદેવ હોય છે એવા ૩૨ લાખ વિમાનનો સ્વામી સૌધર્મઈન્દ્ર પોતે ૨ સાગરના આયુષ્યવાળો હોય છે તે પણ મુક્તિપદનો આદર કરે છે, પરમાનંદદશાને વંદન કરે છે.

શુભભાવ કે અશુભભાવ આદરવાયોગ્ય કે વંદનયોગ્ય નથી, અંતરનું શુદ્ધપદ જ જીવને ધર્મ અને મોક્ષ અપાવે છે માટે તે આદર અને વંદનયોગ્ય પદ છે.

મુનિરાજ જંગલમાં બાવળના ઝાડ નીચે બેઠા હોય, પવન આવતો હોય અને માથે કાંટા પડતાં હોય, મુનિ પોતાના અતીન્દ્રિયાનંદને લેતાં હોય... ત્યાં હાથીના હોદ્દે ચક્રવર્તીરાજા નીકળે અને મુનિરાજને દૂરથી જુએ ત્યાં તો હાથી ઉપરથી ઉતરીને ધન્ય અવતાર... ધન્ય અવતાર કરતો મુનિરાજને ભક્તિથી વંદન કરે છે. પોતે ૯૬ કરોડ પાયદળનો સ્વામી છે, ૯૬ હજાર તો જેને રાણી છે, ૧૬ હજાર દેવો જેની સેવામાં છે, ૮૪ લાખ હાથી લઈને જીતવા નીકળ્યો હોય પણ પોતે સમકિતી હોય તો એને અતીન્દ્રિયાનંદમાં મોજ માણતાં મુનિનો આદર છે તેથી નમી પડે છે.

અતીન્દ્રિય આનંદ વગર, સમાધિ લઈને ઘણાં પડ્યાં હોય તેની વાત નથી. આ તો જે અતીન્દ્રિયાનંદની મૂર્તિમાં મીટ માંડીને અંદરમાં પડ્યાં છે, પોતાની દશાને દશાવાનમાં વાળીને પડ્યાં છે તેનો અવતાર ધન્ય છે. તેથી દેવેન્દ્રો પણ મોક્ષને અને મોક્ષના સાધક સંતોને વંદે છે. દેહ, મન, વાણી અને પુણ્ય-પાપથી રહિત એવા તે ધર્મના ધારકોને નાગેન્દ્ર પણ વંદે છે.

ઉપરના સ્વર્ગના ઈન્દ્ર તે દેવેન્દ્ર છે, નીચેના અસુર દેવોના ઈન્દ્ર તે નાગેન્દ્ર છે અને મનુષ્યોના ઈન્દ્ર તે નરેન્દ્ર છે. આ બધાં ઈન્દ્રો દ્વારા આ મોક્ષપદ વંદનીય છે. મોક્ષ અને મોક્ષના સાધકો બંને વંદન યોગ્ય છે.

જે આત્માનો નિજસ્વભાવ છે તે જ ધર્મ છે, પુણ્ય-પાપના વિકલ્પો તે ધર્મ નથી, આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ છે માટે તે અધર્મ છે.

હીરા આદિ ચીજોની કિંમત આંકનારા એવા આત્માની કિંમત કાંઈ છે કે નહિ? તેં તારી કિંમત તો આંકી કે નહિ? પોતે કોણ છે અને પોતાની મહિમા શું છે એની ખબર નથી અને દુનિયામાં ડાહ્યાં છે તે મોક્ષમાં જવાના છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેણે આત્માને જોયો, જાણ્યો અને અનુભવ્યો, તેણે જ આત્માની કિંમત આંકી છે. તેને નિજસ્વભાવ ધર્મ પ્રગટ થયો છે. આ શુદ્ધભાવરૂપ ધર્મમાં જ વીતરાગે કહેલાં બધાં ધર્મો સમાઈ જાય છે. શુદ્ધસ્વભાવ સન્મુખના નિર્મળ પરિણામમાં ભગવાને કહેલાં બધાં ધર્મોનો સમાવેશ થઈ જાય છે.

એક, 'અહિંસા' જેનું લક્ષણ છે એવો દયાધર્મ શુદ્ધભાવ વિના હોતો નથી. ભગવાને 'અહિંસા' કોને કહી છે?—કે આત્મામાં શુભ-અશુભભાવોની ઉત્પત્તિ ન થવી અને સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનાં અવિકારી પરિણામની ઉત્પત્તિ થવી, તેને ભગવાને અહિંસા કહી છે. પરજીવોની હિંસા ન કરવી તેને પણ અહિંસા કહે છે પણ ખરેખર પરજીવોને કોઈ મારી શકતું જ નથી. એ તેના આયુની પૂર્ણતાથી મરે છે આયુષ્ય હોય તો ઝેર ખાય તો પણ જીવે છે માટે પરની દયા કોઈ પાળી શકતું નથી.

'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,
અનંતાજીવ મુકતે ગયા, દયા તણાં ફળ જાણ.'

આ કઈ દયા? આ સ્વદયાની વાત છે. ભગવાને ધર્મના જેટલાં પ્રકાર કહ્યાં છે તે બધાં આત્માના શુદ્ધભાવમાં પ્રગટ થતી નિર્મળ પરિણતિમાં સમાઈ જાય છે. શુદ્ધસ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ સિવાય ધર્મની બીજી કોઈ રીત નથી.

જીવના શુદ્ધભાવ વિના અહિંસાધર્મ થતો નથી. પરજીવની દયા કોઈ પાળી શકતું નથી. નાની ઉંમરમાં સ્ત્રી મરવા પડી હોય, બચાવવાનો ઘણો પ્રયત્ન કરતો હોય પણ શું બચાવી શકે છે? જીવના ભાવથી પરદ્રવ્યની દયા પળાતી હોય તો બચાવે ને! જેને અર્ધાંગના માને છે તેને પણ બચાવી શકતો નથી તો બીજાં કોને બચાવી શકે? વ્હાલો દીકરો મરતો હોય તે જો તારાં ભાવથી બચતો હોય તો બચાવી લે ને! આયુષ્ય હોય તો બચી જાય પણ તારાં ભાવથી એ બચી શકતો નથી.

દેહની સ્થિતિ જે કાળે, જે ક્ષેત્રે, જે રીતે પૂરી થવાની તે થવાની, તેને લાખ ઉપાયથી પણ કોઈ ફેરવી શકે નહિ. ઉપરથી દેવને કે ઈન્દ્રને ઉતારે પણ તેમાં ફેર ન પડે. તું તો તારાં પરિણામને કરી શકે છો. જેટલી પવિત્રતા જોઈએ તેટલી તારાં સ્વરૂપમાં પડી છે. માટે નક્કી કર કે હું પવિત્રતાની પૂર્ણતાનું ધામ—આત્મા છું.

શુદ્ધસ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાને ભગવાને અહિંસા કહી છે. શુદ્ધભાવ વિના અહિંસા હોતી નથી.

બીજો શ્રાવક અને ત્રીજો મુનિધર્મ—એ પણ શુદ્ધભાવ વિના હોતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગૃહસ્થાશ્રમમાં શ્રાવકધર્મ પ્રગટ થાય છે તે પણ શુદ્ધભાવમાં એકાગ્રતા કરવાથી પ્રગટ થાય છે. જેટલી પવિત્રતા કહેવાય તે બધી ઊંચામાં ઊંચી પવિત્રતા મારી ચૈતન્યખાણમાં ભરી છે એવો હું પવિત્રતાની ખાણ છું તેમાંથી શાંતિ આવ્યા જ કરે છે, જેટલી એકાગ્રતાની કળા કેળવે એટલી શાંતિ વિશેષ થાય. બાકી, આ નિધિ એવી છે કે કદી ખૂટે તેવી નથી. પણ જેમ હરણને પોતાની ડૂંટીમાં કસ્તૂરી છે એ વાતનો વિશ્વાસ બેસતો નથી તેમ અજ્ઞાનીને પોતાની ચૈતન્યખાણની નિધિનો વિશ્વાસ નથી.

શુદ્ધ ચિદાનંદ આત્માનો જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે વીતરાગે કહેલો શ્રાવકનો ધર્મ છે, સાથે બારવ્રતના વિકલ્પ ઊઠે છે પણ તે પરમાર્થધર્મ નથી.

શ્રાવક અને મુનિના ધર્મની જાતમાં ફેર નથી. ઓછી નિર્મળતા તે શ્રાવકની દશા છે અને વિશેષ નિર્મળતા તે મુનિધર્મ છે. નિશ્ચય સ્વરૂપમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ જ મુનિના આવશ્યક કર્મ છે, તે નિયમથી કરવાયોગ્ય છે. સામાયિકાદિ શુભવિકલ્પ સાથે છે તેને વ્યવહાર આવશ્યક કહેવાય છે. પરમાર્થધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. કોઈ એમ કહે કે શ્રાવકનો ધર્મ તો શુભભાવમાં સમાય છે તો ખોટી વાત છે. વીતરાગદેવે કહેલો ધર્મ વીતરાગતામાં સમાય કે રાગમાં? જેટલાં અંશે શુદ્ધ પરિણામ પ્રગટ થાય છે એટલો જ ધર્મ છે.

આમાં સમજાણું કાંઈ? સમજાવનારમાંથી સમજણ આવતી નથી, વાણીથી પણ સમજણ આવતી નથી, સમજનાર તત્ત્વમાંથી સમજણ આવે છે.

વીતરાગ પરિણામ તે જિનભાષિત ધર્મ છે. જેટલાં અંશે દેહ અને શુભાશુભ ભાવોથી રહિત શુદ્ધ આનંદધામમાં એકાગ્રતા કરે છે તેટલી શુદ્ધતા પ્રગટ થાય છે તે ધર્મ છે, તેમાં ઉગ્ર શુદ્ધતા તે મુનિનો ધર્મ છે અને મંદ શુદ્ધતા તે શ્રાવકનો ધર્મ છે.

આમ, ભગવાને શુદ્ધતામાં ધર્મ કહ્યો છે, શુભાશુભ વિકલ્પોમાં ભગવાને ધર્મ કહ્યો નથી.

હવે આગળ દસલક્ષણધર્મની વાત આવશે.

❁

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# શુદ્ધભાવ એક જ મોક્ષનો માર્ગ છે.

(સળંગ પ્રવચન નં.–૧૧૬)

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૬૮ ગાથા ચાલે છે. તેમાં કહે છે કે નિશ્ચયથી શુદ્ધભાવ જ ધર્મ છે. શુદ્ધભાવ વિના કોઈ ધર્મ હોતો નથી.

શુદ્ધસ્વભાવી આત્માના શુદ્ધ પરિણામ થાય તે ધર્મ છે. તેના વિના શ્રાવકધર્મ કે મુનિધર્મ હોઈ શકતો નથી. વિજ્ઞાનઘન આત્માના દૃષ્ટિ, જ્ઞાન અને અંશે ચારિત્રની વીતરાગ પરિણતિથી જ શ્રાવકનો ધર્મ પ્રગટ થાય છે. શ્રાવકને સાથે વ્રત હોય છે પણ ખરું વ્રત તો વીતરાગી આત્મામાં વીંટાઈ જવું તે વ્રત છે.

અહીં ગાથામાં 'વિશુદ્ધ' શબ્દ છે તે વીતરાગી-નિર્મળ પરિણામને કહે છે. **विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु ।** વિશુદ્ધભાવને જ ધર્મ સમજીને ગ્રહણ કરવો. લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો. કરોડ વાતની આ એક વાત આ છે કે વીતરાગતાથી જ ધર્મ છે. પુણ્ય-પાપના ભાવ ચૈતન્યની જાતના નહિ હોવાથી પુદ્‌ગલના પરિણામ કહેવાય છે અને શરીર તથા કર્મ તો પુદ્‌ગલ છે જ માટે તેમાં આત્માનો ધર્મ થતો નથી.

ત્રણ પ્રકારે ધર્મની વાત થઈ ગઈ, (૧) અહિંસાધર્મ, (૨) શ્રાવકધર્મ-મુનિધર્મ. હવે (૩) દશલક્ષણરૂપ ધર્મ. આ ઉત્તમક્ષમાદિ દશધર્મ પણ શુદ્ધભાવ વિના હોતો નથી. શુદ્ધભાવના જ દશ પ્રકારે નામ આપવામાં આવે છે. ક્ષમા કહો કે સંયમ કહો કે સત્ય કહો એ બધાં શુદ્ધપરિણામના જ નામ છે. (૪) રત્નત્રય પણ શુદ્ધભાવરૂપ ધર્મ છે.

આમ, આ ચાર પ્રકારે ધર્મ અનેક શાસ્ત્રોમાં કહ્યો છે. આ ચારેય પ્રકાર શુદ્ધપરિણામમાં સમાય છે. શુદ્ધપરિણામના વર્ણનમાં ચારેય પ્રકારે ધર્મ આવી જાય છે. આ ચારેય લક્ષણ જેમાં મળે છે એવો ધર્મ રાગ-દ્વેષ-મોહથી રહિત છે.

'અહિંસા' લક્ષણ ધર્મ તત્ત્વાનુશાસનમાં નાગસેનમુનિએ કહ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ રત્નકરંડશ્રાવકાચારમાં કહ્યો છે અને 'વસ્તુસહાવો ધમ્મો' સ્વામીકાર્તિકેય અનુપ્રેક્ષામાં કહ્યો છે. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે એ સૂત્ર તો પ્રસિદ્ધ છે. આ ત્રણેય શુદ્ધભાવ છે, વ્યવહાર નથી. વ્યવહારરત્નત્રયને ધર્મ કહ્યો છે એ તો માત્ર નિમિત્તનું કથન છે. બાકી ધર્મ તો નિશ્ચયધર્મ જ સત્યાર્થ છે. ધર્મના ઈશ્વર એવા ભગવાને તેને જ ધર્મ કહ્યો છે.

www.vitragvani.com



ટીકામાં 'ધર્મ'ના ચારેય બોલ આપ્યા છે તે ક્યા? અહિંસાધર્મ, મુનિ અને શ્રાવક ધર્મ, દશલક્ષણધર્મ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયધર્મ. ધર્મના નાથ એવા ધર્મેશ્વરે આ પ્રકારે ધર્મ કહ્યો છે અર્થાત્ વીતરાગે વીતરાગપર્યાયને ધર્મ કહ્યો છે. ભૂતકાળે જે ભગવાન થઈ ગયા, વર્તમાનમાં મહાવિદેહમાં ભગવાન બિરાજે છે અને ભવિષ્યમાં જે ભગવાન થશે તે બધાં વીતરાગભગવંતોએ વીતરાગપરિણતિમાં જ ધર્મ ફરમાવ્યો છે.

અરિહંત અને સિદ્ધોને જેવી પર્યાયમાં પરિપૂર્ણતા પ્રગટ થઈ છે તેવી જ પરિપૂર્ણતા દરેક જીવના સ્વભાવમાં રહેલી છે. જો શક્તિમાં પરિપૂર્ણ શુદ્ધતા ન હોય તો પર્યાયમાં પ્રગટ ક્યાંથી થાય! શુદ્ધતા કાંઈ બહારથી આવે તેવી વસ્તુ નથી.

આત્મા એક વસ્તુ છે માટે તેમાં શક્તિનું આખું સત્ત્વ રહેલું છે તેની નિર્મળ નિર્વિકારીદશાને ભગવાને ધર્મ કહ્યો છે. એ જ શુદ્ધભાવ છે. તેની પ્રાપ્તિ સિવાય બીજો કોઈ ધર્મ નથી. વચ્ચે શુભભાવ આવે ખરો પણ તે મૂળ ધર્મ નથી, એ તો રાગભાવ છે. વીતરાગપરમેશ્વરે તો વીતરાગપર્યાયને ધર્મ કહ્યો છે.

સમંતભદ્રાચાર્ય મહાન આચાર્ય થઈ ગયા છે. તેમણે 'રત્નકરંડશ્રાવક આચાર' નામનું શાસ્ત્ર લખ્યું છે. તેમાં ત્રીજી ગાથામાં આ કહ્યું છે—'सद्दृष्टिज्ञानवृत्तानि धर्मः धर्मेश्वर विदुः' વીતરાગ પરમેશ્વરે શુદ્ધાત્મામાં દૃષ્ટિ-જ્ઞાન અને એકાગ્રતાને જ વાસ્તવિક ધર્મ કહ્યો છે. શુદ્ધ સમ્યગ્દર્શન એટલે નિશ્ચય સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન એટલે આત્મજ્ઞાન અને શુદ્ધ સ્થિરતા એટલે વીતરાગી સ્થિરતા તેને ભગવાને ધર્મ કહ્યો છે અને તેને જ મુક્તિનો ઉપાય કહ્યો છે.

બહારથી ક્યાંયથી ધર્મ આવી શકે તેમ નથી. શુભનિમિત્તોના લક્ષે પુણ્ય થાય છે અને સ્ત્રી, પુત્ર, ધંધાદિના લક્ષે પાપ થાય છે. ધર્મ તો વીતરાગ પરમેશ્વર ભગવાન જેવા નિજ ભગવાનના આશ્રયે જ થાય છે પણ અરે! એને સાચી વાત શ્રદ્ધામાં બેસતી નથી. પરસન્મુખની લાગણીના ભાવ કરીને તેને ધર્મ માને છે. અનાદિથી એવો ઊંધો અભ્યાસ થઈ ગયો છે. પરસન્મુખની પર્યાય અને સ્વસન્મુખની પર્યાયની જાત જ જુદી છે.

આ શરીર તો હાડકાં માંસનું બનેલું જડ—માટી છે, જ્ઞાનાવરણાદિ કર્મ પણ જડ છે અને તેના લક્ષે ઉત્પન્ન થતી લાગણી એ પુણ્ય અને પાપ, આ બધાંથી રહિત, આખું જ્ઞાન-દર્શન-આનંદનું કંદ ચૈતન્યદળ છે તે આત્મા છે. શુભાશુભ પરિણામ કાંઈ આત્મા નથી. મૂળ પાઠમાં જ જુઓ ને! भाउ विसुद्धउ अप्पणउ—વિશુદ્ધભાવ છે તે જ પોતાના છે, અશુદ્ધભાવ પોતાના નથી. માટે આત્માના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતાના નિર્મળ પરિણામને પોતાનો ધર્મ જાણીને ગ્રહણ કર!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દેહની અંદર આખી ચૈતન્ય જ્ઞાનાનંદની શીલા બિરાજમાન છે તે પોતે છે. એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષાદિ વિકાર થાય છે તેને કર્મ સાથે સંબંધ છે, જીવના સ્વભાવ સાથે સંબંધ નથી. સાચા દેવ-ગુરુ-ધર્મના લક્ષે જે ભક્તિ આદિનો ભાવ થાય છે તે બધો શુભભાવ છે તે મુક્તિનું કારણ નથી. પાપભાવથી બચવા માટે શુભભાવ હોય છે પણ તે વસ્તુનું સ્વરૂપ નથી. એ જો સ્વરૂપ હોય તો તેને છોડીને વીતરાગ કેમ થયા? માટે શરીર, કર્મ અને શુભાશુભરાગથી રહિત શુદ્ધ વીતરાગી સમરસી સ્વરૂપ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતાને જ ભગવાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય ધર્મ કહ્યો છે. તેને જ ઉત્તમ ક્ષમાદિધર્મ કહ્યો છે, તેને જ શ્રાવક અને મુનિધર્મ કહ્યો છે અને તે જ અહિંસા પરમધર્મ છે.

ઉપર કહેલ લક્ષણવાળો ધર્મ રાગ-દ્વેષ-મોહથી રહિત હોય છે, આ ધર્મ જ જીવનો સ્વભાવ છે, કેમ કે વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. શુદ્ધભાવપણું એટલે વીતરાગીભાવપણું એ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુમાં એકાગ્રતા થતાં પર્યાયમાં પ્રગટે તે પર્યાયધર્મ છે અને સ્વભાવ છે તે ધ્રુવધર્મ છે. ધ્રુવધર્મમાં એકાગ્રતા તે જ પર્યાયધર્મ—પ્રગટધર્મ છે. 'કેવલિપ્રરૂપિત ધર્મ શરણ છે' એમ માંગલિકમાં કહ્યું છે તે ધર્મ ક્યો? આ પ્રગટ ધર્મ છે તે શરણરૂપ છે—એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ જ હોય. એ સિવાય જગતમાં કોઈ પરમેશ્વર નથી. પરમેશ્વરને એક સમયમાં પૂરું જ્ઞાન ને પૂરી વીતરાગતાનો આનંદ પૂરો હોય છે. આવા સર્વજ્ઞ પૂર્વે અનંતા થઈ ગયા અને વર્તમાનમાં મહાવિદેહમાં સીમંધરાદિ વીશ ભગવાન હયાત છે. પૂર્વે થઈ ગયેલાં ભગવાનની પ્રતિમા હોય છે તેમ જ વર્તમાનમાં બિરાજતાં ભગવાનની પણ પ્રતિમા હોય છે. ભરત ચક્રવર્તીએ ઋષભદેવ ભગવાનની હાજરીમાં કૈલાસપર્વત ઉપર ત્રણ ચોવીશના ભગવાનની સોનાની પ્રતિમા ભરી હતી. એવો પણ શુભભાવ હોય છે. તે ભક્તિ છે. પણ અખંડાનંદ આત્માની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા વિના ધર્મ ન થાય.

પરમાત્મા બે પ્રકારે છે. શરીર સહિત તે 'સકલ પરમાત્મા' અને શરીર રહિત તે 'નિકલ પરમાત્મા'. ચોવીશ ભગવાન થઈ ગયા તે અત્યારે 'નમો સિદ્ધાણં'માં નિકલ પરમાત્મા છે અને સીમંધરાદિ વીશ ભગવાન 'નમો અરિહંતાણં'માં શરીર સહિત બિરાજે છે. શરીર સહિત અરિહંત ભગવાનને જ વાણી હોય, શરીર રહિત સિદ્ધ ભગવાનને વાણી ન હોય. ભગવાનના આવા સ્વરૂપને સમ્યગ્દૃષ્ટિ વ્યવહારમાં બરાબર શ્રદ્ધે છે, નિશ્ચયમાં પોતાના સ્વરૂપને શ્રદ્ધે છે.

આમ, વસ્તુનો જે સ્વભાવ છે તે ધર્મ છે, ઉત્તમ ક્ષમાદિભાવરૂપ દશ પ્રકારનો ધર્મ છે, રત્નત્રય ધર્મ છે અને જીવોની રક્ષારૂપ ધર્મ છે. આ જિનભાષિત ધર્મ ચતુર્ગતિમાં દુઃખોમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પડતાં જીવોનો ઉદ્ધાર કરે છે. **एवं गुण विशिष्टो धर्मश्चतुर्गतिदुःखेषु पतन्तं धरतीति धर्मः ।** ચારગતિમાં પડતાં જીવોને સ્વભાવમાં ધારી રાખે તે ધર્મ છે.

અશુભભાવથી જીવ નરક અને તિર્યંચગતિમાં જાય છે, શુભ અને અશુભ મિશ્રભાવથી મનુષ્ય થાય છે અને શુભભાવથી દેવ થાય છે. મુક્તિ તો એક શુદ્ધભાવથી જ મળે છે. શુદ્ધભાવને જ વીતરાગે ધર્મ કહ્યો છે. વીતરાગ સિવાય બીજાએ કહેલો ધર્મ સત્ય ન હોઈ શકે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરની વાણીને જ આગમ કહેવામાં આવે છે. આગમમાં ભગવાને આવો 'ધર્મ' કહ્યો છે કે જે જીવને ચારગતિમાં પડતો બચાવી લે છે. દેવગતિ શુભભાવથી મળે છે પણ ત્યાં પણ દુઃખ જ છે માટે તેનાથી જીવને છોડાવે તે ધર્મ છે.

સ્વજનના મરણ પછી મેલો લખે તેમાં લખે છે કે 'પંચમકાળ કઠણ છે, ધર્મ કરશે તે સુખી થશે...' પણ ધર્મ ક્યો? એની એને ખબર નથી. બાપા! મારગ કોઈ જુદો છે. ભગવાને તારી વસ્તુના સ્વભાવને જ ધર્મ કહ્યો છે. તેને બદલે અજ્ઞાની જીવોએ આખું ચક્ર ફેરવી નાંખ્યું છે. વીતરાગનો માર્ગ છે તેને વીતરાગનો માર્ગ માનતો નથી અને વીતરાગમાર્ગ નથી તેને વીતરાગનો માર્ગ માને છે અને મનાવે છે.

અહીં તો બીજી રીતે કહ્યું છે કે દુઃખથી જીવનો ઉદ્ધાર કરે તેનું નામ ધર્મ છે. શુભાશુભભાવના ફળમાં ચારગતિ મળે છે તે વાત આગળ ૬૩ ગાથામાં આવી ગઈ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવથી સ્વર્ગગતિ મળે છે, શુભ અને અશુભ મિશ્રભાવથી મનુષ્યગતિ મળે છે, એકલાં પાપભાવથી નરક અને તિર્યંચગતિ મળે છે, તેનાથી વિપરીત એકલાં શુદ્ધભાવથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે ૬૭ ગાથામાં તો આપે શુભાશુભ રહિત શુદ્ધોપયોગમાં જ સંયમાદિ બધાં ગુણ છે એમ કહ્યું હતું અને આ ગાથામાં શુદ્ધપરિણામને જ ધર્મ કહો છો—પરિણામમાં જ ધર્મ પ્રાપ્તિ કહો છો તો ૬૭ અને ૬૮ ગાથામાં શું ભેદ છે? આગળ શુદ્ધોપયોગને ધર્મ કહ્યો અને હવે શુદ્ધપરિણામને ધર્મ કહ્યો તો બેમાં શું અંતર છે?

તેનું સમાધાન ગુરુ કરે છે કે આગળની—૬૭ ગાથામાં શુદ્ધ ઉપયોગની મુખ્યતા હતી અને આ ૬૮ ગાથામાં ધર્મની મુખ્યતાથી કથન છે, બેમાં કાંઈ અંતર નથી. શુદ્ધોપયોગનું જ નામ ધર્મ છે તથા ધર્મનું નામ જ શુદ્ધોપયોગ છે. શબ્દનો ભેદ છે, અર્થનો ભેદ નથી. બંનેનું તાત્પર્ય એક છે. માટે બધી રીતે શુદ્ધ પરિણામ જ કર્તવ્ય છે, તે ધર્મ છે. આ સરવાળો છે. પાઠમાં કહ્યું કે **तेन कारणेन सर्व प्रकारेण शुद्धपरिणाम एव कर्तव्य इति भावार्थः ।** ભગવાન પવિત્ર આત્મા—અખંડ આનંદકંદની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને અકષાયભાવ જ કરવા લાયક છે—એ જ ધર્મ છે—એ જ મોક્ષનો ઉપાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શક્તિરૂપે જે શુદ્ધભાવ છે તે ત્રિકાળ છે અને તેના આશ્રયે જે શુદ્ધભાવ પ્રગટ થાય છે તે ધર્મ છે. શક્તિમાં જે છે તે જ પ્રગટ કરવાયોગ્ય છે. પરિણામમાં પાપભાવ છે તે અશુભ ઉપયોગ છે, પુણ્યભાવ છે તે શુભ ઉપયોગ છે. આ બંનેથી રહિત વીતરાગસ્વભાવની સન્મુખ એકાગ્રતાના પરિણામ છે તે શુદ્ધોપયોગ છે. તેને ભગવાન 'ધર્મ' કહે છે.

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે,
શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે...

જેમ સ્ફટિકરત્ન પોતે નિર્મળ છે તેમ જીવ સ્વભાવથી નિર્મળ છે પણ સ્ફટિકમાં જેમ ફૂલ આદિના નિમિત્તે લાલ, કાળી ઝાંય પડે છે તેમ જીવમાં શુભાશુભરાગ થાય છે તે મલિનતા છે—કષાય છે. એ કષાયના અભાવપૂર્વક આત્માના મૂળ નિર્મળ સ્વભાવને ભગવાન મહાવીરે ધર્મ કહ્યો છે.

શુભાશુભભાવ થાય છે તે સંયોગીભાવ છે, તેના ફળમાં સંયોગ મળે છે અને સ્વભાવભાવથી સ્વભાવની શુદ્ધતા મળે છે. ધર્મીને પણ વચ્ચે શુભભાવ આવે છે તેના ફળમાં જિનવાણી અને દેવ-ગુરુ આદિનો સંયોગ મળે છે પણ ધર્મની પ્રાપ્તિ તો શુદ્ધભાવથી જ થાય છે. શુભ-અશુભ ભાવથી ધર્મની પ્રાપ્તિ થતી નથી એમ આ બંને ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. હવે ૬૯ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે શુદ્ધભાવ જ મોક્ષનો માર્ગ છે.

શુદ્ધભાવને જ પાઠમાં વિશુદ્ધભાવ કહ્યો છે. જુઓ ૬૮ ગાથાના મથાળામાં— **निश्चयेन स्वकीयशुद्धभाव एव धर्म इति कथयति**—અને ૬૯ ગાથાના મથાળામાં તેને જ વિશુદ્ધભાવ કહીને મોક્ષમાર્ગ કહ્યો છે. માટે શુદ્ધભાવ કહો કે વિશુદ્ધભાવ કહો કે શુદ્ધોપયોગ કહો—એક જ છે

**सिद्धिहिं केरा पंथडा भाउ विसुद्धउ एक्कु।**
**जो तसु भावहँ मुणि चलइ सो किम होई विमुक्कु।।६९।।**

અર્થ :—મુક્તિનો માર્ગ એક શુદ્ધભાવ જ છે. જો મુનિ તે શુદ્ધભાવથી ચલાયમાન થઈ જાય તો તે કેમ મુક્ત થઈ શકે? કોઈ પ્રકારે ન થઈ શકે.

મુક્તિ—નામ સિદ્ધ પરમેશ્વર થવાનો પંથ—સિદ્ધ થવાનો રસ્તો એક શુદ્ધભાવ જ છે. શુદ્ધપરિણામી પ્રભુના શુદ્ધપરિણામ જ એક મુક્તિનો માર્ગ છે. એક શુદ્ધભાવ જ મુક્તિનો ઉપાય છે—માર્ગ છે. ગૃહસ્થ હો કે મુનિ હો પણ આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને અકષાય વીતરાગ પરિણામથી જ બંને મુક્તિને સાધે છે. શ્રાવકને શુદ્ધતા ઓછી છે અને મુનિને શુદ્ધતા વિશેષ છે. જેટલી શુદ્ધતા છે એટલો જ ધર્મ છે.

અરે! અનંતકાળમાં આ મનુષ્યપણાનો કાળ કેટલો? બહુ અલ્પકાળ છે. તેમાં કેટલોક



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કાળ સ્ત્રી, પુત્ર અને ધંધામાં જાય, કેટલોક કાળ સૂવામાં ચાલ્યો જાય અને કેટલોક કાળ ખાવા-પીવામાં અને સંડાસ બાથરૂમમાં, કેટલોક કાળ શોખમાં અને સફાઈમાં, થોડો સમય ધર્મ સાંભળવા જાય ત્યાં સાચું તત્ત્વ મળે નહિ, આમ ને આમ જિંદગી પૂરી થઈ જાય. એને અલ્પકાળમાં બધું મેળવી લેવું છે પણ એમ મળતું નથી. એક મિનિટમાં ઈચ્છા પૂરી કરવા માગે છે પણ વસ્તુ ન મળે ત્યાં સુધી ત્યાં રોકાય છે કે નહિ! એક મિનિટમાં મળે તો લઉં, ન મળે તો ચાલ્યો જાઉં એમ હોતું નથી. ગમે તેટલો કાળ લાગે પણ વસ્તુ લઈને જ રહું એવો અભિપ્રાય હોય છે. સામગ્રી મેળવવામાં મુદતની મર્યાદા બાંધતો નથી. પૈસા કમાવા હોય તો મા-બાપ, ઘર-બાર, દેશ બધાંને મૂકીને પરદેશમાં જઈને રહે છે કે નહિ! આખી જિંદગી પૈસા પાછળ વેડફી નાંખે છે. મરવાની તૈયારી થાય ત્યાં સુધી મમતા છોડતો નથી. જાણે બધું સાથે આવવાનું હશે!

અહીં, મુક્તિ પ્રાપ્ત કરવી હોય તેણે શુદ્ધભાવરૂપ એક મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પાછળ પડવું જોઈએ એમ કહે છે. ભાષા કેવી વાપરી છે! મુક્તિ કેરા પંથડા... **सिद्धिहिं केरा पंथडा भाउ विसुद्धउ एक्कु ।** શુદ્ધભાવ એક જ તારી સિદ્ધિનો પંથ છે. શુભ અને અશુભ ભાવ કોઈ મુક્તિનો માર્ગ નથી. મોક્ષમાર્ગ એક જ છે. બે મોક્ષમાર્ગ આગળ કહ્યાં હતાં તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યાં હતાં. બે થઈને એક માર્ગ નથી. નિશ્ચયથી એક શુદ્ધભાવ જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર ઉપર તો તેનો આરોપ કરીને કહેવાય છે.

ભાઈ! તારી એક સમયની પર્યાયમાં વિષમતા છે એ સિવાય આખું તત્ત્વ મુક્તસ્વરૂપ છે. વસ્તુ અને વસ્તુની શક્તિઓમાં સંસાર છે જ નહિ. માત્ર પર્યાયમાં સમયે સમયે નવો સંસાર ઊભો કરે છે. આ પુણ્ય-પાપ મારા છે એવો મિથ્યાત્વભાવ દરેક સમયે નવો કરે છે. આમ, અનાદિકાળથી સમયે સમયે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ કરતો રહ્યો છે પણ તેની પાછળ એકલો શુદ્ધસ્વરૂપ સ્વભાવ પડ્યો છે તેની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરવાથી શુદ્ધભાવ પ્રગટ થાય છે તે એક જ સિદ્ધનો પંથ છે.

ભગવાન! તારી સિદ્ધિનો પંથ ભગવાન એક જ બતાવે છે. અંતરસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એ તારી પૂર્ણ મુક્તિના કાર્યના કારણનો પંથ છે. સાથે વચ્ચે શુભભાવ હોય તે મુક્તિનું કારણ નહિ થાય.

આવા શુદ્ધભાવરૂપ મોક્ષના માર્ગે ચડેલાં મુનિ જો તેમાંથી ચલાયમાન થઈ જાય તો મુક્તિને પ્રાપ્ત કરી શકતાં નથી. જુઓ ને પાંડવો! નેમિનાથ ભગવાન ગીરનાર ઉપર બિરાજતાં હતાં અને પાંડવો પણ પાંચેય મુનિ થઈ ગયેલાં. પાંડવોએ માસખમણ કરેલાં તે પૂરાં થયા એટલે પારણા કરીને નેમિનાથ ભગવાનના દર્શન કરવાના ભાવથી નીકળ્યાં પણ શેત્રુંજય સુધી

www.vitragvani.com



પહોંચ્યાં ત્યાં સમાચાર મળ્યાં કે નેમિનાથ ભગવાનનો નિર્વાણ થઈ ગયો. આ સાંભળીને પાંચેય પાંડવો આહાર-પાણી છોડીને પહાડ ઉપર ધ્યાનમાં ઊભા રહી ગયાં ત્યાં તો દુર્યોધનનો ભાણેજ આવ્યો, દુશ્મનને દેખીને વેર લેવા લોઢાના ગરમાગરમ દાગીના પાંડવોને પહેરાવ્યાં. પાંડવમુનિઓ તો અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં હતા, વિશેષ ઉગ્રતા કરીને મોટા ત્રણ મુનિ તો કેવળ પામીને મોક્ષ ગયાં અને નાના બે પાંડવને જરાં શુભવિકલ્પ આવી ગયો કે મોટા મુનિઓનું શું થતું હશે! આ વિકલ્પમાં પુણ્ય બંધાઈ ગયું અને સર્વાર્થસિદ્ધિમાં ઉત્પન્ન થયાં. અતીન્દ્રિય આનંદમાંથી ખસીને શુભરાગ આવ્યો તેથી મુક્તિ ન થઈ, બે ભવ વધી ગયાં. સર્વાર્થસિદ્ધિ દેવલોકમાં ગયા, ત્યાંથી મનુષ્ય થઈ, મુનિ થઈને મોક્ષ પામશે.

જુઓ આ રાગનું દુઃખ! મુક્તિ અટકી જાય છે, કેવળજ્ઞાન થતું નથી. પંચમ-આરાના સાધુ યોગીન્દુદેવ આ કહે છે કે શુદ્ધભાવમાંથી ચ્યુત થશે તેની મુક્તિ નહિ થાય. પોતે જાણે છે કે અમારી પણ આ ભવે મુક્તિ નહિ થાય. શુદ્ધોપયોગમાં ટકી શકાતું નથી માટે સ્વર્ગમાં અવતાર લેવો પડશે, ત્યાંથી મનુષ્યમાં, માતાના પેટમાં ઊંધા માથે લટકવું પડશે. તે આ રાગનું દુઃખ છે. અરે આત્મા! તું શુદ્ધતામાંથી ખસીશ તો મુક્તિ ક્યાંથી થશે! મુક્તિ તો શુદ્ધપરિણામથી જ થશે અને શુદ્ધપરિણામ આત્મામાં લીનતાથી થશે. એ લીનતા જો નહિ રહે તો શુભભાવથી શુભબંધન થશે.

અંતરના અતીન્દ્રિયાનંદમાંથી બહાર નીકળીશ તો ભગવાન! તને શુભવિકલ્પ આવશે અને શુભબંધ થશે, કેવળજ્ઞાન નહિ થાય. ભગવાને મુક્તિનું કારણ તો એક શુદ્ધભાવને જ કહ્યું છે. શુભભાવના ફળમાં સ્વર્ગમાં જશે ત્યાં પણ દુઃખ છે. ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં મુનિ આનંદમાં મશગૂલ છે છતાં આ લખવાનો વિકલ્પ ઊઠે છે તેમાં કહે છે હે મુનિ! તું સ્વરૂપને ચૂકીશ તો મુક્તિ કેમ થશે? એમ જોર મારતાં પુણ્ય બંધાય છે પણ આદર તો શુદ્ધભાવ અને ભગવાનનો છે.

ભાવાર્થ :—જે સમસ્ત શુભાશુભ સંકલ્પ વિકલ્પોથી રહિત જીવનો શુદ્ધભાવ છે તે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મોક્ષનો માર્ગ છે તેની પ્રથમ ઓળખાણ તો કર! સ્વ શું, મોક્ષ શું, માર્ગ શું તેની કાંઈ ઓળખાણ વિના, શ્રદ્ધા-જ્ઞાન વિના, મને ધર્મ થઈ જશે એમ માને છે તે ભૂલમાં છે. પંચમકાળમાં મુક્તિ નથી એમ કહ્યું પણ તેનું કારણ શું એ તો વિચાર! રાગ બાકી રહી જાય છે માટે પુણ્યબંધ થાય છે તેથી મુક્તિ થતી નથી માટે સ્વરૂપમાં ઠરી જવાની ઝંખના કર! મોક્ષના માર્ગ બે નથી, છૂટવાનો પંથ એક જ છે.

સંતો કહે છે કે વીતરાગતાના ઈશ્વર એવા પરમેશ્વર આમ ફરમાવે છે કે મોક્ષનો માર્ગ એક જ છે. સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, ભગવાનની વાણીમાં આવેલી અને ઈન્દ્રોએ કબૂલ કરેલી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ વાણી છે કે મોક્ષનો માર્ગ એક શુદ્ધભાવ જ છે. સિદ્ધભગવાન તો લોકાગ્રે ચાલ્યાં ગયા પણ અરિહંત તો અત્યારે ભૂમિ ઉપર મહાવિદેહક્ષેત્રમાં સદેહે બિરાજે છે તેમની વાણીમાં આવે છે કે જે શુદ્ધાત્મપરિણામથી ચ્યુત થઈ જાય છે તે મુક્તિ પામતાં નથી. મોક્ષનો માર્ગ એક શુદ્ધભાવ જ છે માટે મોક્ષના ઉચ્છુકે હંમેશા તે ભાવ કરવો જોઈએ. શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા જ મોક્ષનો માર્ગ છે એવી શ્રદ્ધા અને ભાવના કરવી.

❑ ❑ ❑

❀ જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ—પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધપર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે તથા પ્રવચનસારની ૯૯મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૮૦)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ગમે તે કરો, ભાવશુદ્ધિ વિના મુક્તિ નથી

(સળંગ પ્રવચન નં.–૧૧૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૭૦મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે ભલે ગમે તે દેશમાં જાઓ, ગમે તે તપ કરો પણ ચિત્તની શુદ્ધિ વિના મોક્ષ નથી.

**जहिं भावइ तहिं जाहि जिय जं भावइ करि तं जि।**
**केम्वइ माक्खु ण अत्थि पर चित्तहँ सुद्धि ण जं जि॥७०॥**

અર્થ :—હે જીવ! જ્યાં તારી ઈચ્છા હોય તે દેશમાં તું જા અને જે સારું લાગે તે કર! પણ જ્યાં સુધી મનની શુદ્ધિ નથી ત્યાં સુધી કોઈ પણ રીતે મોક્ષ નહિ થાય.

હે જીવ! ગમે તે ક્ષેત્રમાં—સમ્મેદશિખર, ગિરનાર કે શેત્રુંજય આદિ તીર્થક્ષેત્રમાં જા કે સાક્ષાત્ સમવસરણમાં જા પણ જ્યાં સુધી તારા પરિણામમાં રાગ અને વિકલ્પની એકતાબુદ્ધિ છે ત્યાં સુધી અશુદ્ધિ જ છે. ભલે તું ગમે તેટલી તપસ્યા કર, મુનિપણું લે કે વ્રત લે પણ જ્યાં સુધી મનની શુદ્ધિ નથી–રાગમાં એકતા પડી છે ત્યાં ચિત્તશુદ્ધિ નથી તેથી તે મોક્ષ પામવાને યોગ્ય નથી.

જ્યાં સુધી અંતરમાં રાગની એકતા છે, વિષય-કષાયની ભાવના છે—પર તરફ લક્ષ તે વિષય છે અને શુભાશુભરાગ તે કષાય છે તેની ભાવના—અંતરમાં વર્તી રહી છે ત્યાં સુધી તું ગમે તે તીર્થમાં જા કે ગમે તે તપ કર પણ મોક્ષ નથી. કેમ કે એવી તીર્થયાત્રા કે તપસ્યાથી સંવર-નિર્જરા થતી નથી. સંવર-નિર્જરા જ મોક્ષનું કારણ છે તેના વિના મોક્ષ થતો નથી.

ભાવાર્થ :—મોટાઈ, પરવસ્તુનો લાભ અને જોયેલા કે સાંભળેલા ભોગોની વાંછારૂપ ખોટા ધ્યાન (કે જે શુદ્ધાત્મજ્ઞાનના શત્રુ છે) તેનાથી જ્યાં સુધી આ ચિત્ત રંગાયેલું છે અર્થાત્ વિષય-કષાયથી તન્મય છે ત્યાં સુધી હે જીવ! કોઈ પણ દેશમાં જા, તીર્થાદિમાં ભ્રમણ કર અથવા જે કાંઈ આચરણ કર પણ કોઈ પ્રકારે મોક્ષ નથી.

આત્મા રાગરહિત શુદ્ધ ચિદાનંદ છે તેની મોટપ જેને સમજાઈ નથી તેને બહારની ચીજોથી પોતાને મોટાઈ લેવાની ભાવના રહ્યાં જ કરે છે. લોકોમાં મારી પ્રતિષ્ઠા જામે એવું કાંઈ થાય તો ઠીક, પરવસ્તુ, આબરૂ કીર્તિ આદિનો લાભ થાય તો સારું અને જોયેલા-જાણેલાં ભોગોની વાંછા અર્થાત્ રાગની તન્મયતા છે તે શુદ્ધાત્માના જ્ઞાનના શત્રુ છે. કોઈપણ પ્રકારની ઈચ્છા છે તે પવિત્ર પ્રભુની દૃષ્ટિ અને અનુભવ થવા દેતી નથી.

ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ નથી તેને ચિત્તની શુદ્ધિ નથી તેથી વિષય-કષાયાદિના ખોટાં ભાવ ઉત્પન્ન થયાં વિના રહેતાં નથી. જ્યાં સુધી તારું ચિત્ત તેમાં રંજિત છે—તન્મય છે—મૂર્છિત છે—પરના પ્રેમમાં રોકાયેલું છે ત્યાં સુધી ગમે તે દેશમાં જા કે સમવસરણમાં જા પણ તને તો બંધ જ થવાનો છે. તીર્થમાં જઈને ભગવાનના પગલાંના દર્શન કર કે મંદિરમાં ભગવાનના દર્શન કર પણ અંતરમાં ચૈતન્યસંપદાની દૃષ્ટિ અને રુચિ થઈ નથી ત્યાં સુધી તેને વિકારની જ અભિલાષા છે. તે ભલે પંચઅણુવ્રત પાળે કે પંચમહાવ્રત પાળે, મહિના મહિનાના ઉપવાસ કરે, મૌન રહે...બધું કરે પણ કોઈ રીતે મોક્ષ નહિ થાય. સંવર-નિર્જરા પણ નહિ થાય ત્યાં મોક્ષ તો ક્યાંથી થાય!

શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ હોય તો તેની ભાવના હોય પણ તેની દૃષ્ટિ નથી એટલે તે જીવને એકલી રાગની જ દૃષ્ટિ અને તેની ભાવના છે.

શ્રોતા :—સમવસરણમાં તો સાક્ષાત્ ભગવાન છે ત્યાં તો તેની રુચિ ફરે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાક્ષાત્ ભગવાન પાસે જાય તોપણ ભગવાન આત્મા ઉપર જેની દૃષ્ટિ નથી તેને રાગની જ ભાવના છે તેને ચિત્તની શુદ્ધિ નથી. સ્વવિષયની રુચિ થવી તે ચિત્તશુદ્ધિ છે એ નથી ત્યાં રાગની-કામ-ક્રોધની દૃષ્ટિ પડી જ છે. વીતરાગસ્વરૂપ આત્માની દૃષ્ટિ નથી ત્યાં રાગ-દ્વેષની દૃષ્ટિ હોય જ છે તેથી તે તેની જ ભાવના ભાવે છે. તે ભલે કદાચ ભોગો ભોગવતો ન હોય પણ આત્માની દૃષ્ટિ નથી તેને ભોગોની ભાવના અંતરમાં રહેલી છે. બહારથી સ્ત્રીનો ત્યાગ હોય, પાંચેય ઈન્દ્રિયના વિષયનો ત્યાગ હોય, મુનિ થઈને બેઠો હોય પણ સ્વભાવમાં એકાગ્રદૃષ્ટિ નથી એટલે પરમાં એકાગ્રતા વર્તે છે. જે સંયોગમાં હોય તેમાં તેની લોલુપતા રહે છે. તેથી અશુદ્ધભાવોથી એ જીવ કર્મો બાંધે છે. તેને જરાય કર્મબંધન અટકતું નથી.

અભેદ સ્વભાવની દૃષ્ટિ અને રુચિ વિના ભેદવાળા વિકલ્પને વ્યવહાર પણ કહી શકાતો નથી. શુદ્ધભાવ વિનાના શુભભાવને વ્યવહાર પણ કેમ કહેવાય!

શ્રોતા :—બધું ભૂલી જવું!

પૂજ્ય ગુરુદેવશ્રી :—બધું—પરને ભૂલી જવું, પોતાને ભૂલી જવાનો નથી. શુદ્ધ-ચૈતન્યસ્વરૂપની એકાગ્રતામાં બીજું બધું ભૂલી જવું. કેમ કે બીજાને ભૂલ્યા વિના ભગવાનમાં એકાગ્રતા થતી નથી. બીજા ભગવાનને પણ ભૂલ્યા વિના આ ભગવાનમાં એકાગ્રતા થતી નથી.

આગળ કહ્યું હતું કે જેની ચિત્તશુદ્ધિ નથી તે અસંયમી છે. અહીં કહ્યું કે જેની ચિત્તશુદ્ધિ નથી તે અશુદ્ધભાવથી કર્મ બાંધે છે, મોક્ષ પામી શકતો નથી. માટે હંમેશા ચિત્તશુદ્ધિ રાખવી

www.vitragvani.com



જોઈએ એટલે કે જ્ઞાનાનંદ શુદ્ધસ્વભાવની મહિમાપૂર્વક તેમાં એકાગ્રતા રાખવી જોઈએ. લાખ વાતની આ એક વાત છે. પોતાની વસ્તુ એકાંતે મહાન પદાર્થ છે તેની રુચિ કરવી જોઈએ. તે વિના બીજું કાંઈ પણ કર તેમાં એકાંતે કર્મનું બંધન છે. સંવર-નિર્જરા બિલકુલ નથી.

આવું જ કથન બીજી જગ્યાએ પણ કહ્યું છે કે આ લોક અને પરલોકના ભોગોનો અભિલાષી અને કષાયોથી કાલિમારૂપ થયેલો અવર્તમાનવિષયોનો વાંછક અને વર્તમાન વિષયોમાં અત્યંત આસક્ત થયેલો, અતિ મોહિત થવાથી ભોગોને નહિ ભોગવતો થકો પણ અશુદ્ધભોવોથી કર્મોને બાંધે છે. સમયસારની જયસેનાચાર્યની ટીકામાં આ વાત આવે છે. તંદુલમચ્છનો દાખલો આપ્યો છે. તંદુલમચ્છ કાંઈ ભોગવી શકતો નથી પણ ભોગવવાની ભાવના કર્યા કરે છે તેના ફળમાં નરકમાં ચાલ્યો જાય છે.

શ્રોતા :—ભોગવે તો જ અનાચાર કહેવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સામાયિકપાઠમાં ૩૨મા શ્લોકમાં જે અતિચાર અને અનાચારની વાત કરી છે તે સમ્યગ્દર્શન સહિત વ્રતમાં લાગતાં દોષની વાત છે. અહીં તો સમ્યક્ત્વ નથી તે જીવની વાત છે. તેથી એ ભોગોને નહિ ભોગવતો હોવાં છતાં ભોગવે જ છે. જેને અતીન્દ્રિય આનંદની રુચિ, અનુભવ અને પોષાણ નથી—અતીન્દ્રિય આનંદનો ભોગ્યભાવ નથી તેને રાગનો ભોગ્યભાવ છે તેથી એ અશુદ્ધતાને જ ભોગવે છે. ભલે દેહની ક્રિયામાં ભોગ ન હોય તોપણ ભાવમાં તો એ અશુદ્ધતાને ભોગવે જ છે. તેથી અશુદ્ધભાવોથી એ કર્મોને બાંધે છે. આ યોગીન્દ્રદેવે પોતે લખ્યું તેનો આધાર આપ્યો.

હવે શુભ, અશુભ અને શુદ્ધ આ ત્રણ ઉપયોગની વાત કરે છે. આત્મામાં આ ત્રણ પ્રકારનાં પરિણામ થાય છે. એક અશુભ ઉપયોગરૂપ પરિણામ, એક શુભ ઉપયોગરૂપ પરિણામ અને એક શુદ્ધઉપયોગરૂપ પરિણામ. તેમાં શુભ અને અશુભને અશુદ્ધ ઉપયોગ કહેવાય છે અને તેનાથી રહિત એવો ઉપયોગ તે શુદ્ધોપયોગ છે. આ ત્રણ પરિણામ અને તેના ફળની વ્યાખ્યા ૭૧મી ગાથામાં આચાર્યદેવ કરે છે.

**सुह परिणामे धम्मु पर असुर्हे होइ अहम्मु।**
**दोहिं वि एहिं विवज्जियउ सुद्धु ण बंधइ कम्मु॥७१॥**

અર્થ :—દાન, પૂજાદિ શુભપરિણામોથી પુણ્યરૂપ વ્યવહારધર્મ મુખ્યતાથી થાય છે. વિષય-કષાયાદિ અશુભપરિણામોથી પાપ થાય છે અને આ બંનેથી રહિત મિથ્યાત્વ રાગાદિ રહિત શુદ્ધ પરિણામ અથવા પરિણામધારી પુરુષ જ્ઞાનાવરણાદિ કર્મોને બાંધતો નથી.

સમ્યગ્દષ્ટિને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ સહિત શુભ પરિણામ થાય તે તેને પુણ્યબંધનું કારણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થાય છે. મિથ્યાત્વસહિત શુભ પરિણામની વાત પણ સાથે લેશે. મિથ્યા-ખોટી દૃષ્ટિ અને સાથે વિષય-કષાયના પરિણામથી એકલો પાપ બંધ થાય છે. મિથ્યાત્વ અને શુભાશુભરાગથી રહિત શુદ્ધ પરિણામથી કર્મબંધ થતો નથી.

જેમ સ્ફટિકમણિ શુદ્ધ ઉજ્જ્વળ છે તેને કાળો ડંક લગાવો તો તે કાળો દેખાય છે, પીળો ડંક લગાવો તો પીળો દેખાય છે અને જો કાંઈ ન લગાવો તો શુદ્ધ સ્ફટિક જેવો છે તેવો શુદ્ધ રહે છે. તેમ આ આત્મા ક્રમથી અશુભ શુભ અને શુદ્ધ—આ પરિણામોથી પરિણત થાય છે તેમાંથી મિથ્યાત્વ અને વિષય-કષાયાદિ અશુભના અવલંબનથી તો પાપ જ બાંધે છે અને તેના ફળમાં નરક-નિગોદ આદિ દુઃખને ભોગવે છે.

જુઓ! આમાં કર્મના ઉદયની વાત જ લીધી નથી કે તીવ્રકર્મનો ઉદય હોય તો જીવ અશુભભાવે પરિણમે અને મંદ ઉદય હોય તો શુભભાવે પરિણમે. અહીં તો સીધી જીવના પરિણામથી જ વાત લીધી છે.

રાગની એકતા સહિત વિષય-કષાયના અવલંબનથી કહો કે સહાયતાથી કહો કે તેના નિમિત્તથી જીવ પાપ બાંધે છે. આ એકલાં મિથ્યાદૃષ્ટિના અશુભભાવ જ કહ્યાં છે. 'મિથ્યાત્વ' તો અશુભભાવ છે. ઉપરાંત હિંસા, જૂઠું, ચોરી, કામ-ક્રોધ, માન-માયા-લોભ, વિષય-ભોગથી પાપકર્મ બંધાય છે તેમાં મિથ્યાત્વની તીવ્રતા હોય તો તેના ફળમાં નિગોદમાં જાય છે અને અન્ય અશુભભાવની તીવ્રતા હોય તો નરકમાં જાય છે જ્યાં જીવને કોઈ શરણ નથી.

ચૈતન્યશરણને જોયું નથી તેને ક્યાંય કોઈ શરણ નથી. નિર્વિકલ્પ ચૈતન્ય અનાકુળ તત્ત્વનો સખત વિરોધ કરે છે તે તેના ફળમાં નિગોદમાં ચાલ્યો જાય છે અને હિંસા, જૂઠ આદિ અશુભ પરિણામની તીવ્રતાથી નરકમાં જાય છે.

હવે શુભભાવમાં સમકિતીના શુભભાવની વાત લીધી છે. અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આ પાંચ પરમેષ્ઠીઓના ગુણસ્મરણ અને દાન-પૂજાદિ શુભ ક્રિયાઓથી સંસારની સ્થિતિને છેદવાવાળા જે તીર્થંકર નામકર્મથી લઈને વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિઓને અવાંછિકવૃત્તિથી બાંધે છે.

પંચપરમેષ્ઠીનું ગુણસ્મરણ કરતાં સમ્યગ્દૃષ્ટિ, સિદ્ધના કેવળજ્ઞાન, કેવળદર્શન આદિનું સ્મરણ કરે તોપણ એ વિકલ્પ હોવાથી શુભબંધનું કારણ છે, શુદ્ધભાવ નથી. દાન-પૂજાદિ શુભ પરિણામ પણ સમ્યગ્દૃષ્ટિના સમજવા. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને સ્થિરતાથી જ સંસારનો નાશ થાય છે સાથે જે મંદરાગ થાય છે તેનાથી સંસારની સ્થિતિ ટૂંકી થાય છે. ગુણસ્થાન પ્રમાણે જે કર્મોની સ્થિતિ લાંબી છે તે શુભભાવથી ઓછી થઈ જાય છે. તીર્થંકરનામકર્મ પણ શુભભાવથી બંધાય છે. એ પણ બંધન છે, કાંઈ અબંધપરિણામ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તીર્થંકરનામકર્મ બંધાયું તેને 'કેવળજ્ઞાન' થવાનું જ છે પણ તે તીર્થંકરનામકર્મથી કેવળજ્ઞાન થવાનું નથી. એ જીવની યોગ્યતા જ એવી છે કે શુભને છેદીને કેવળજ્ઞાન પામશે જ. શુભભાવને છેદશે ત્યારે કેવળ પામશે, શુભભાવથી કેવળ નહિ પામે.

શુદ્ધસ્વભાવની દૃષ્ટિમાં, આત્માની દૃષ્ટિ શુદ્ધ છે એવા ભાનમાં, શુભભાવને કરવાનો ભાવ નથી પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. કેવો શુભભાવ આવે? કે પંચપરમેષ્ઠીના ગુણસ્મરણનો. કેમ કે પોતાની શુદ્ધિમાં નિમિત્તપણે પંચપરમેષ્ઠી હોય છે તેથી તેમના ગુણસ્મરણનો ભાવ થાય છે અને દાન-પૂજા આદિ શુભભાવથી સંસારની સ્થિતિ ઘટે એવા કર્મો બંધાય છે. અબંધદૃષ્ટિ અને અબંધભાવનું ભાન તો છે અને સાથે તીવ્રકષાય નથી પણ મંદકષાય છે—ગુણસ્મરણ, પૂજા, ભક્તિ, દાનાદિનો ભાવ થાય છે તેનાથી સંસારની સ્થિતિ ઘટે છે. તીવ્રકષાયથી જે સ્થિતિ લાંબી પડે છે એ સ્થિતિ મંદકષાયથી ઓછી થાય છે. તીર્થંકરનામકર્મ આદિ વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિઓને અવાંછિતવૃત્તિથી બાંધે છે એટલે કે સમકિતીને કર્મ બાંધવાનો ભાવ નથી પણ શુભભાવથી એવું બંધન થયા વિના રહેતું નથી.

જેને પુણ્યની મીઠાશ છે તેને તો મિથ્યાત્વનું ઝેર છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવની મીઠાશ છે તેને સ્વભાવની મીઠાશ નથી. આનંદમૂર્તિ અનાકુળ શાંત આત્મારામથી શુભ અને અશુભ બંને ભાવ વિભાવભાવ છે. એ વિભાવની મીઠાશવાળાને આત્માના સ્વભાવભાવનો અનાદર છે. વિભાવની મીઠાશમાં આકુળતાનો સ્વાદ આવે છે.

એક જણને કોઈએ પૂછ્યું હતું કે એલા! સમ્યગ્દૃષ્ટિને અનુભવનો સ્વાદ હોય કે નહિ? તો કહે બિલકુલ ન હોય. સમ્યગ્દૃષ્ટિ તો એકલી આકુળતાને જે વેદે છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિને આત્માના અનુભવનો સ્વાદ માનનારા આર્ષગ્રંથોને માનનારા નથી...... આવું લોકો માને છે.

આ વાત તો ભાઈ! કોઈ આત્માર્થીને જ બેસે છે. આ કાંઈ સમાજની સાથે મેળ ખાય તેવી નથી. આ તો એકલો નિવૃત્તિપંથ છે તેની દૃષ્ટિમાં રાગાદિ કાંઈ છે જ નહિ, નિમિત્ત તો ખરેખર અકિંચિત્કર છે. આ વસ્તુ શ્રદ્ધામાં આવ્યા વિના શુદ્ધતાના પંથે એક ડગલું પણ નહિ ચલાય.

આત્મા એટલે એકલા શુદ્ધસ્વરૂપનો પિંડલો. અશુદ્ધતા તો એક સમયમાત્ર છે. આવા ચૈતન્ય પરમસ્વરૂપની દૃષ્ટિ થયા વિના ધર્મની શરૂઆત કોઈ રીતે થતી નથી. પોતાના શુદ્ધસ્વરૂપની એકતાના ફળમાં શુદ્ધભાવ થાય છે એ સિવાય ભગવાનના ગુણસ્મરણ આદિમાં તો શુભભાવ જ છે. સમ્યગ્દૃષ્ટિને ખ્યાલમાં છે કે આ શુભભાવ મારું સ્વરૂપ નથી પણ વીતરાગ થયો નથી ત્યાં સુધી એ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. સમકિતીને દાન દેવાના ભાવ પણ થાય છે. મુનિઓને આહાર આદિ ચારેય પ્રકારના દાન સમકિતી આપે છે. સાક્ષાત્



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાન અથવા પ્રતિમાજીની પૂજાના ભાવ પણ સમકિતીને આવે છે. સ્તુતિ, ભક્તિ, સ્તવન આદિ પણ કરે છે તે ભાવમાં પરિણમન પોતાનું છે માટે સમકિતી શુભભાવ કરે છે એમ પણ વ્યવહારે કહેવાય છે.

ધર્મીને શુભભાવથી કર્મોની સ્થિતિ ઓછી થાય છે. કર્મોની લાંબી સ્થિતિ તો તેને હોય જ નહિ, અંતઃકોડાકોડીની હોય, તેમાં પણ ઘટાડો થાય છે. તીર્થંકરનામકર્મ, યશોકિર્તી આદિ ઊંચી ઊંચી પ્રકૃતિઓ ધર્મીને અવાંછિતવૃત્તિથી બંધાય જાય છે એટલે કે ઈચ્છા વિના બંધાય જાય છે તથા કેવળ શુદ્ધાત્માના અવલંબનરૂપ શુદ્ધોપયોગથી તે જ ભવમાં કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષને પામે છે.

કેવળ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેમાં આચરણરૂપ શુદ્ધ ઉપયોગથી મુક્તિ થાય છે. કેવળ એટલે એકલા આત્માના અવલંબનરૂપ શુદ્ધોપયોગથી મોક્ષ પામે છે. શુદ્ધોપયોગમાં એકલાં આત્માનું શરણ છે. આત્મામાં ઠર્યો એટલે શુદ્ધોપયોગી થયો. બાકી શુભાશુભભાવથી સંસાર છે. મુક્તિ તો એક શુદ્ધોપયોગથી જ પ્રાપ્ત થાય છે. માટે આ ત્રણ પ્રકારના ઉપયોગમાંથી સર્વથા ઉપાદેય તો શુદ્ધોપયોગ જ છે. બાકી કોઈ નહિ. પાઠમાં **मुख्यवृत्या** શબ્દ છે તેનો અર્થ સર્વથા કર્યો છે.

બીજું બધું ભૂલીને એક શુદ્ધોપયોગ જ આદરણીય છે.

શુભ અને અશુભ બે ઉપયોગમાંથી અશુભ ઉપયોગ તો સર્વ પ્રકારે નિષિદ્ધ છે, નરક-નિગોદનું કારણ છે, કોઈ રીતે ઉપાદેય નથી. મિથ્યા દૃષ્ટિ, રાગની એકતાબુદ્ધિ અને હિંસા, જૂઠ આદિ પાપભાવ એ બધાં અશુભભાવ છે. નરક-નિગોદના કારણ છે તે કેમ ઉપાદેય હોય! કોઈ રીતે આદરવાયોગ્ય નથી તથા શુભભાવ પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે પણ પરમ અવસ્થામાં ઉપાદેય નથી, હેય છે.

અશુભ પરિણામની અપેક્ષાએ શુભ પરિણામને ઉપાદેય કહ્યાં પણ પરમ અવસ્થામાં તે પણ હેય છે.

આ પ્રકારે એકતાલીસ દોહામાં મહાસ્થલમાં પાંચદોહામાં શુદ્ધોપયોગનું વ્યાખ્યાન કર્યું. હવે પંદર દોહામાં વીતરાગસ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે.

**दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तवेण।**
**जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण।।७२।।**

અર્થ :—દાનથી નિયમથી પાંચ ઈન્દ્રિયના ભોગ પ્રાપ્ત થાય છે અને તપથી ઈન્દ્રપદ મળે છે તથા વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી જન્મ-જરા-મરણથી રહિત જે મોક્ષપદ તે મળે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દાનથી નિયમથી તો પાંચ ઈન્દ્રિયના ભોગો જ મળે. પરંપરા મોક્ષ પ્રાપ્ત થાય એ તો માત્ર વ્યવહારકથન છે.

જગતને સત્ય મળવું બહુ કઠણ છે. અનંતકાળમાં બહુ થોડા કાળમાં આવું સત્ય હાથમાં આવે છે, તેમાં ય અસાધ્ય થઈ જાય પછી તો કાંઈ ન મળે, શું કરે! દેહની સ્થિતિ પણ પૂરી થાય એ સંયોગી ચીજને તો મુદત હોય ને! એ કાંઈ કાયમ રહે! મોટો રાજા હોય કે ચક્રવર્તી હો કે ઈન્દ્ર હો....સ્થિતિ પૂરી થતાં ચાલ્યાં જાય છે.

તપથી ઈન્દ્રપદ મળે છે—મુનિવ્રત પાળે, અહિંસાદિ પાંચવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે... વગેરે તપના ફળમાં ઈન્દ્રપદ મળે છે. આત્માનું ભાન છે અને સાથે શુભભાવ આવે છે તો સમકિતી જિનમંદિર જિનપ્રતિમા આદિની એવી સ્તુતિ-ભક્તિ કરે કે સરસ્વતી પણ તેનું વર્ણન કરી ન શકે એવી ભક્તિ આવે છે તો પુણ્ય પણ એવાં ઊંચા બંધાય છે પણ તેથી કાંઈ એ આદરણીય થઈ જતાં નથી. પુણ્યના ફળમાં ધનાદિની ધૂળ મળે તેનાથી આત્માને કાંઈ લાભ નથી. લક્ષ્મીમાં જેટલી વૃત્તિ જાય તેટલી આકુળતા છે. મફતનો અજ્ઞાની રાગની હોંશ કરે છે. બીજાને પૈસાવાળો જોઈને પણ એને એમ લાગે કે આ સુખી છે અને હું દુઃખી છું. મૂઢને સુખ-દુઃખના માપ કરતાં પણ આવડતાં નથી. જગતમાં કોણ સુખી છે?—'સુખીયા જગતમેં સંત, દુરીજન દુખિયા રે.' આત્માના જ્ઞાન-શ્રદ્ધાવાળા સુખીયા છે બાકી બધાં દુઃખી છે. લક્ષ્મીના આશ્રયે સુખ કેવું!

મિથ્યાદૃષ્ટિ હોય અને મુનિપણું લીધું હોય, ખૂબ તપ કર્યું હોય તો અહમિંદ્ર પદ પામે છે બાકી મુખ્ય ઈન્દ્રપદ તો સમકિતી જ પામે છે. આ દાન અને તપના ફળની વાત કરી. હવે, વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી તો જન્મ-જરા-મરણ રહિત મોક્ષનું ફળ મળે છે. એક આત્મજ્ઞાન કે જે વીતરાગતા અને સ્વસંવેદન સહિત છે તેનાથી જ મુક્તિ થાય છે બાકી કોઈ મુક્તિનો ઉપાય નથી. એકલું જાણપણું તે સાચું જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન રાગરહિત જ હોય, તે જ જ્ઞાનથી મુક્તિના ફળ મળે છે. આત્માનું જ્ઞાન વિકલ્પ અને ઈચ્છાથી રહિત જ હોય. વીતરાગસ્વસંવેદનજ્ઞાનની વ્યાખ્યા આગળ આવી ગઈ છે. ચોથા ગુણસ્થાનથી સ્વસંવેદનજ્ઞાન હોય છે પણ આ તો એકમાત્ર આત્માના પૂર્ણાનંદને લેવા અંતરમાં એકાગ્રતા વિશેષ પ્રકારે થઈ જાય છે એવા વીતરાગી આનંદપૂર્વકનું પોતાનું જ્ઞાન થાય છે તે સીધું નિર્વાણનું કારણ છે. તેનાથી જન્મ-જરા-મરણ રહિત મોક્ષપદ મળે છે.

અહીં ત્રણનો ખુલાસો કર્યો. દાનથી પાંચ ઈન્દ્રિયના ભોગો અને તપથી ઈન્દ્રાદિપદ એ બંને શુભભાવના ફળ છે. આત્મજ્ઞાનના એ ફળ નથી. વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી મુક્તિનું ફળ મળે છે. અશુભના ફળ તો આગળ કહી દીધા હતાં.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવાર્થ :—આહાર, અભય, ઔષધ અને શાસ્ત્ર—આ ચાર પ્રકારનાં દાનોને જો સમ્યક્ત્વરહિત જીવ કરે તો ભોગભૂમિના સુખ પામે છે. ઋષભદેવ ભગવાનનો જીવ પૂર્વે જંગલમાં મુનિને આહાર આપતાં હતાં ત્યારે ત્યાં સિંહ, નોળિયો, ભૂંડ અને વાંદરો આ ચારેય તિર્યંચ બેઠાં હતાં. તેને પણ મુનિરાજના આહારદાનમાં અનુમોદનાના ભાવ થયાં. ઋષભદેવનો જીવ અને તેના રાણી પણ તે વખતે મિથ્યાદૃષ્ટિ હતાં તો આહારદાનના ફળમાં આ બે રાજા-રાણી અને ચારેય તિર્યંચ મરીને ભોગભૂમિમાં ઉત્પન્ન થયાં હતાં. એ જ રીતે કોઈ શાસ્ત્રદાન આપે, ઔષધ આપે, અભયદાન આપે તો તેના ફળમાં ભોગભૂમિના સુખ પામે છે. ત્યાં કલ્પવૃક્ષના ફળો ભોગવે છે. ઋષભદેવ અને શ્રીમતી રાણીના જીવને ત્યાં પછી મુનિ પધાર્યાં તેમનો ઉપદેશ પામીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું પણ આ દાનના કારણે સમ્યગ્દર્શનની યોગ્યતા થઈ એમ નથી. સમ્યગ્દર્શન તો તે કાળે તેમના પોતાના પુરુષાર્થથી થયું હતું.

'પુરુષાર્થ' કોઈ નિમિત્તથી કે દાનથી કે દાનના ફળાદિથી થતો નથી. પોતાના આત્માના સ્વ-ભાવથી પુરુષાર્થ કરે ત્યારે સમ્યક્ત્વ થાય છે.

હવે સમ્યક્ત્વ સહિત, વીતરાગસ્વસંવેદનજ્ઞાન સહિત રાગ રહી ગયો છે તે રાગના ફળમાં દેવેન્દ્ર-ચક્રવર્તી આદિ પદવી અને વિભૂતિ પ્રાપ્ત કરે છે અને નિર્વિકલ્પ થઈ જાય તો મોક્ષ પામે છે તે વાત વિશેષ આગળ કહેવાશે.

❁

❀ સંસારી જીવમાં સાંસારિક ગુણો એટલે કે વિકારી પર્યાય હોય છે ને સિદ્ધને સદા નિર્વિકારી પર્યાય હોય છે. વિકાર કે અવિકાર અવસ્થા પર્યાયમાં અસ્તિત્વ ધરાવે છે. વર્તમાન વર્તતી પરિણતિમાં તે તે પર્યાયની અસ્તિ છે ખરી. તોપણ તેઓ વસ્તુસ્વભાવમાં નથી, ત્રિકાળી ધ્રુવસામાન્ય એકરૂપ દ્રવ્યમાં તેમની અસ્તિ છે જ નહીં. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૯૦)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# વીતરાગ સ્વસંવેદન જ્ઞાન વિના મુક્તિ નથી

(સળંગ પ્રવચન. નં-૧૧૮)

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજો અધિકાર ચાલે છે. ૭૧ ગાથા પૂરી થઈ છે. હવે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી કથન છે.

दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तणेव।
जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण॥७२॥

દાનથી પાંચ ઈન્દ્રિયના ભોગ નિયમથી પ્રાપ્ત થાય છે અને તપથી ઈન્દ્રપદ મળે છે તથા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી જન્મ-જરા-મરણ રહિત જે મોક્ષપદ છે તે મળે છે.

ભાવાર્થ :—આહાર, અભય, ઔષધ અને શાસ્ત્ર આ ચાર પ્રકારના દાન જો આ જીવ સમ્યક્ત્વ સહિત કરે તો તે પરંપરા મોક્ષ પામે છે.

સમકિત સહિત તપ જોકે પ્રથમ અવસ્થામાં એટલે કે સવિકલ્પ દશામાં કરે તો તેના ફળમાં દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિ પામે છે. કારણ કે શુભરાગ સંયોગને જ પ્રાપ્ત કરાવે છે.

આત્મા તો એકલા અમૃતનું ઝાડ છે, અતીન્દ્રિય આનંદરસનો સાગર છે. તેના સ્પર્શથી જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પ્રગટે તે આત્માને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. તેનાથી વિરૂદ્ધ જે વિકલ્પ છે તે ખરેખર અમૃતથી વિરૂદ્ધ ભાવ છે. આત્મા તો એકલો અતીન્દ્રિય અમૃતાનંદનો કુંડ છે. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ સ્વરૂપ આત્મામાંથી પ્રગટેલી શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ જ આત્માને મુક્તિની આપનારી છે, તેની સાથે જે શુભરાગ છે તેના ફળમાં ઈન્દ્ર, ચક્રવર્તી આદિની પદવી મળે છે; જ્યારે અતીન્દ્રિય આત્માના શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ વિનાના એકલા શુભભાવ ભોગભૂમિના સુખ આપે છે.

ભાઈ! તારે હવે સ્વતંત્ર થવું હોય તો સ્વતંત્રતા પ્રાપ્તિનો માર્ગ આ એક જ છે. આત્મા સ્વયં આનંદસ્વરૂપ છે તેથી આનંદનું કારણ પણ આત્મા પોતે જ છે. અનંતગુણની વિભૂતિ પ્રભુ આત્મા જ છે પણ એને સ્વતંત્રતાથી સુખી થવાનો ઢંઢોરો વાગે છે એ ન ગોઠે અને દુ:ખી થાય તો તેને દુ:ખથી કોણ છોડાવે? સ્વતંત્ર સુખસ્વભાવી આત્માને દૃષ્ટિમાં લીધા વિના ત્રણકાળમાં શાંતિનો બીજો ઉપાય નથી. લાખ વાતની આ એક વાત છે.

www.vitragvani.com



પ્રથમ અવસ્થા એટલે ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની અવસ્થામાં વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રની પૂર્ણતા ન હોવાથી સવિકલ્પદશામાં ચાર પ્રકારના દાન, તપ, ભક્તિ આદિના ભાવ આવે છે—હોય છે—થાય છે. તે સંયોગીભાવ હોવાથી તેના ફળમાં દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિનો સંયોગ મળે છે પણ ધર્મીને તેની મીઠાશ હોતી નથી. જેને આવી વિભૂતિની મીઠાશ છે તેને તો મિથ્યાદૃષ્ટિપણું છે, તેને તો આવા શુભવિકલ્પ પણ ન હોય અને આવા ફળ પણ મળતાં નથી.

કોઈને રુચે કે ન રુચે પણ વાત એમ છે કે જેને દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની ઋદ્ધિ સાંભળીને અંદરમાં રસ આવે છે તેને સમ્યગ્દર્શન જ નથી. અનાકુળ આનંદનો અનાદર કરીને ઉત્પન્ન થયેલાં રાગનું જે ફળ છે તેનો જેને આદર આવે છે તે તો વેરીને વળાવવા જવા જેવું છે. બાપના માથા કાપનારને વળાવવા જનાર શું ફરીને માથા કપાવવા માટે તેને વળાવવા જાય છે!

અહીં તો કહે છે કે સાંભળ બાપા! અનંતકાળના દુકાળ ટાળવા હોય તો આ માર્ગ છે. તારી પર્યાયમાં દુકાળ પડ્યાં છે ભાઈ! તારા સ્વકાળના ઝાડ સૂકાઈ ગયા છે. શુભભાવ અને તેના ફળની મીઠાશમાં તારા સ્વભાવના રસ પર્યાયમાં સૂકાઈ ગયા છે. અનંતકાળથી આવી દશા છે તેને તીર્થંકરો પણ અટકાવી શક્યાં નથી. ચિદાનંદપ્રભુની મહિમા નહિ અને રાગની મહિમા આવે તેને ઈન્દ્ર-ચક્રવર્તીના વૈભવના ફળ મળતાં નથી. સમકિત સહિતના શુભરાગના ફળમાં આવા વૈભવ મળે છે. મિથ્યાદૃષ્ટિના પુણ્ય કરતાં સમ્યક્ત્વ સહિતના પુણ્ય વિશેષ પ્રકારના હોય છે માટે તેના ફળ પણ વિશેષ હોય છે એ બતાવવા અહીં ઈન્દ્ર-ચક્રવર્તીના ફળની વાત કરી છે. બાકી, ધર્મીને તો એ પુણ્ય જે ભાવથી બંધાય એ ભાવનો જ આદર નથી ત્યાં તેના ફળનો આદર તો ક્યાંથી હોય! તેને તો જેટલો વિકલ્પ છે તેને પણ તોડીને તદ્દન નિર્વિકલ્પદશા પ્રગટ કરવાની ભાવના છે.

આમાં ત્રણ વાત થઈ. કઈ ત્રણ? ૧. સત્‌દૃષ્ટિ વિના મિથ્યાદૃષ્ટિ આહાર આદિ ચાર પ્રકારના દાન આપે તેના ફળમાં ભોગભૂમિમાં જુગલિયા મનુષ્ય થાય. ૨. સત્‌દૃષ્ટિ-અંતરદૃષ્ટિ અને જ્ઞાનથી સહિત હોય પણ પૂર્ણ વીતરાગદશા નથી ત્યાં સુધી જ્ઞાનીને શુભરાગ આવ્યા વગર રહેતો નથી; વીતરાગદેવ પ્રત્યે બહુમાન, ભક્તિ, દાન આદિ શુભરાગના ફળમાં જ્ઞાનીને ઈન્દ્ર-ચક્રવર્તીની પદવી પ્રાપ્ત થાય છે. ૩. જેટલો રાગ બાકી હતો તે પણ ટાળીને નિર્વિકલ્પ થઈ જાય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની પૂર્ણતા થઈ જાય—તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આમ આ ત્રણ વાત છે.

બહારથી જ્ઞાની અને અજ્ઞાનીમાં કાંઈ ભેદ દેખાતો નથી પણ અંતરમાં મોટો ભેદ છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે અંતરદૃષ્ટિથી જુએ તેને દેખાય. જ્ઞાની ઈન્દ્ર કે ચક્રવર્તીપદે બેઠા હોય પણ તેને પોતાને જ તેના પદની મહિમા નથી. દેવો કહે છે કે ધન્ય ઈન્દ્ર મહારાજ! તમે ક્યા પુણ્ય કરીને અહીં પધાર્યા! અસંખ્યદેવોના સ્વામી થયા! એમ દેવો મહિમા કરે છે પણ ઈન્દ્ર અંદર સમજે છે કે આ પુણ્ય કે પુણ્યના ફળ અમારા નથી, અમે તેમાં સુખ માનતાં નથી. જ્ઞાની અને અજ્ઞાનીના ભાવના આ અંતર બહારથી જોવાથી ન દેખાય. અંતરદૃષ્ટિથી જ દેખાય.

જ્ઞાનીને રાગના ફળમાં વિભૂતિ મળે છે પણ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી તો મોક્ષ જ મળે છે. તો પ્રભાકરભટ્ટ શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવન્! જો જ્ઞાનમાત્રથી જ મોક્ષ થાય છે તો સાંખ્ય આદિક પણ એમ જ કહે છે કે જ્ઞાનથી જ મોક્ષ છે, તો તેને કેમ દૂષણ આપો છો?

ત્યારે શ્રીગુરુ એ કહ્યું કે આ જિનશાસનમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવ્યું છે, તો વીતરાગ કહેવાથી વીતરાગચારિત્ર પણ આવી જાય છે અને સમ્યક્ પદના કહેવાથી સમ્યક્ત્વ પણ આવી જાય છે. વીતરાગ સમ્યગ્જ્ઞાનમાં આ રીતે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી જાય છે. ત્રણેયની એકતા તે મોક્ષનું ફળ આપે છે. સાંખ્યમતાદિમાં એકલાં જ્ઞાનની જ વાત છે માટે તે યથાર્થ નથી. એકલા જાણપણાથી મોક્ષ થતો નથી. જાણપણું સમ્યક્ અને વીતરાગ થાય ત્યારે તેને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કહેવાય છે, તેનાથી મોક્ષ થાય છે.

આવું વીતરાગ સમ્યગ્જ્ઞાન જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વિકલ્પમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન, નવ તત્ત્વનું શ્રદ્ધાન આદિ હોય એ જ તેની ભૂમિકાને અનુકૂળ છે. નિશ્ચય તરીકે આત્માની દશા અનુકૂળ છે અને વ્યવહાર તરીકે સાચા સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ, સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રો અને તેમાં કહેલાં સાત તત્ત્વાદિનું શ્રદ્ધાન તેને અનુકૂળ છે. એ વ્યવહારના ફળમાં બહારની અનુકૂળતા મળે છે પણ એ અનુકૂળતા ધર્મીને ગોઠતી નથી. અરે! પરાધીનપણું એને કેમ ગોઠે!

રાગના ફળની આશા રાખવી એ તો પરાધીનતા છે. અજ્ઞાનીને સ્વાધીનતાની વાત રુચતી નથી, બંધની વાત ગોઠે પણ બંધમાંથી છૂટવાની વાત ગોઠતી નથી.

આત્મા તેને કહીએ કે જે અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય દર્શન અને અતીન્દ્રિય આનંદનો કંદ છે. અરે! સરોવર છે. એવા સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવમાં સ્થિરતારૂપ રત્નત્રયની એકતા ન થાય ત્યાં સુધી ખેદ છે કે વ્યવહાર વચમાં આવે છે. એ ખેદને હોંશમાં ખતવી નાંખે તેને વસ્તુની ખબર નથી એમ પરમાત્મા પોકારે છે. આવા પરમાત્મા જ તેને અનુકૂળ નિમિત્ત છે. નિર્ગ્રંથગુરુ જ તેને અનુકૂળ નિમિત્ત છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાઈ! સ્વભાવના માહાત્મ્ય કરજે, બીજાના માહાત્મ્ય કરીશ નહિ, બીજાની મહિમા કરીશ તો રખડવું મટશે નહિ.

વીતરાગતા અને સમ્યક્તા સહિતનું જ્ઞાન એ જ જ્ઞાન છે, એકલું શાસ્ત્રનું ભણતર તે જ્ઞાન નથી. અખંડાનંદસ્વરૂપ આત્માના જ્ઞાન, શ્રદ્ધા અને તેની સ્થિરતામાં વીતરાગતા અને સમ્યક્તા સહિત જ જ્ઞાન થાય છે, સાથે જેટલો વિકલ્પ વચ્ચે આવે છે તે રાગ છે. સમ્યગ્દષ્ટિને પણ રાગ છે અને તેના ફળમાં અનુકૂળ સંયોગો મળે છે તે પણ જુદી જાતના હોય છે. મિથ્યાદષ્ટિને રાગના ફળમાં એવા સંયોગ મળતાં નથી. સમ્યગ્દષ્ટિને તે રાગ કે રાગના ફળની મહિમા નથી તેથી એટલા રાગનો પણ અભાવ કરીને વીતરાગ થાય છે ત્યારે મુક્તિ થાય છે.

કોઈ એમ કહે કે ક્રિયા કરતાં કરતાં મોક્ષ થશે તો એનો મોક્ષ નહિ થાય. રાગનું ફળ તો સંસાર જ છે તે ભલે શુભરાગ હો પણ તેનું ફળ સંસાર છે. સાંખ્યમત આદિ મતમાં રાગનો અભાવ પણ નથી અને આખી વસ્તુની પ્રતીતિ પણ નથી તેથી સાચી શ્રદ્ધા અને ચારિત્ર વિનાનું જ્ઞાન પણ મિથ્યા હોવાથી તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. માટે તેને દૂષણ દઈએ છીએ. અખંડ પૂર્ણ વસ્તુની સમ્યક્ પ્રતીતિ નથી અને અરાગતા—વીતરાગતા નથી તો રાગવાળું અને સાચી પ્રતીતિ વિનાનું જ્ઞાન મોક્ષનું કારણ હોઈ શકે જ નહિ.

અન્યમતના કરોડોના મંદિર ભલે હોય પણ સત્ વસ્તુ શું છે તેના સત્ય જ્ઞાન વિના માર્ગ શું? સત્ય એટલે શું? આખા જગતને એક સત્ તરીકે સ્વીકારે તે સત્ય નથી અને એક પર્યાયમાત્રને સત્ તરીકે સ્વીકારે એ પણ સત્ય નથી. સત્‌નું સ્વરૂપ અનંતગુણાત્મક એક વસ્તુરૂપ છે. અનંતગુણના પિંડ ભગવાન આત્માની સન્મુખ થઈને તેની પ્રતીતિ, એવું જ જ્ઞાન અને તેનાથી અન્ય પ્રત્યે વીતરાગતાવાળું જ્ઞાન તે સાચો મોક્ષનો માર્ગ છે. અન્યમતમાં આવું જ્ઞાન નથી. વાતો ભલે નિર્વિકલ્પતાની અને અનુભવની કરે પણ વસ્તુની સાચી ઓળખાણ નથી.

સંપ્રદાયનું તારે શું કામ છે બાપા! કોઈ સંપ્રદાય તને તારી દે એવો નથી.

જેમ એક ચૂર્ણમાં અથવા પાકમાં અનેક ઔષધિઓ આવી જાય છે પરંતુ વસ્તુ એક જ કહેવાય છે તેમ 'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન' કહેવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેય આવી જાય છે. સાંખ્ય આદિ મતમાં વીતરાગ વિશેષણ નથી અને સમ્યક્ વિશેષણ નથી. કેવળ જ્ઞાનમાત્ર જ કહે છે માટે તે મિથ્યાજ્ઞાન છે, તેથી તે યથાર્થ નથી.

આગળ આ જ અર્થને દઢ કરતી ૭૩મી ગાથા કહે છે.

**देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति।**
**णाण-विहीणा जीवडा चिरु संसारु भमंति।।७३।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—અનંત જ્ઞાનાદિ ગુણ સહિત અને અઢાર દોષ રહિત જે સર્વજ્ઞ વીતરાગદેવ છે તેઓ એમ કહે છે કે વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાનથી જ મોક્ષ છે તેમાં સંદેહ નથી અને સ્વસંવેદનજ્ઞાનથી રહિત જે જીવ છે તે ઘણાકાળ સુધી સંસારમાં ભટકે છે.

અહીં વાણીવાળા ભગવાન લીધા છે. સર્વજ્ઞ વીતરાગ ભગવાન એમ ફરમાવે છે કે જ્ઞાનથી જ મોક્ષ છે માટે બીજી ભ્રાંતિ છોડ. જ્ઞાન વિના કદી મોક્ષ નથી. ભગવાન કેવા છે? —કે જેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય આ અનંત ચતુષ્ટય પ્રગટ થઈ ગયા છે અને અઢાર દોષ જે જન્મ-જરા, ક્ષુધા-તૃષા, રોગાદિ દોષ તે ટળી ગયા છે એટલે કે જેઓ અનંત ગુણથી સહિત થયા છે અને અનંત દોષથી રહિત થયા છે એવા નિરંજનદેવે આ કહ્યું છે.

ભગવાનને 'દેવ' કહ્યું છે કેમ કે ભગવાનને એવી દિવ્યશક્તિ પ્રગટ થઈ છે કે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણે છે. શરીરમાં રહ્યાં છે, વાણી છે પણ અનંત જ્ઞાનાદિ ગુણથી સહિત છે અને રોગ-શોકાદિ દોષથી રહિત છે. એવા નિરંજનદેવ આ 'જ્ઞાનને' જ મોક્ષનો માર્ગ બતાવે છે. 'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનથી જ મોક્ષ છે.' તેમાં સંદેહ ન કર! સમ્યગ્દર્શન સહિત અને રાગથી રહિત એવું જે 'સ્વસંવેદનજ્ઞાન' તે મોક્ષનું કારણ છે એમ ભગવાન ફરમાવે છે માટે તેમાં ભ્રાંતિ કરીશ નહિ.

આ પરમાત્મપ્રકાશ તો આત્માને રુચે તેવું છે. અનાત્મા કે જે રાગ-દ્વેષની પ્રીતિવાળા છે તેને રુચે તેવું નથી. બહું ટૂંકો અને ઘણો મહત્વશાળી શબ્દ અહીં આપ્યો છે કે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી જ મોક્ષ છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. ભાઈ! તારા અવલંબનથી જ તને મોક્ષ થાય, બીજાના અવલંબનની જરૂર નથી. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એટલે 'તારા અવલંબનવાળું જ્ઞાન' એ જ તારી મુક્તિને આપનાર છે. આચાર્યદેવે પરમેશ્વરને વચ્ચે લાવીને દૃઢતા બતાવી છે અને અમે છદ્મસ્થ છીએ માટે કાંઈ બીજું કહીએ છીએ એમ નથી. ભગવાન પણ આમ જ કહે છે. જે અનંત ગુણના ઈશ્વર થઈ ગયા છે અને દોષનો એક કણ પણ જેને રહ્યો નથી એવા સર્વજ્ઞદેવ આમ કહી ગયા છે.

ભગવાન આચાર્યદેવ! તમે તો પાંચમા આરામાં થયા છો તો પણ દેવની કહેલી વાતનું જોર ક્યાંથી લઈ આવ્યા?—અરે! આત્માને આરા કેવા! ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વરદેવ જેની વ્યવહારશ્રદ્ધાના વિકલ્પમાં વર્તે છે એવા જીવને કહે છે કે, તારાં આત્માના અવલંબને જ તારો મોક્ષ છે. અમારી શ્રદ્ધાનો વિકલ્પ તને હો ભલે તેનાથી મોક્ષ થતો નથી. પણ પ્રભુ! તમને માને તેનો મોક્ષ થાય એમ તો કહો!!—ના..ના... આત્માને માને, આત્માને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જાણે અને તેમાં ઠરે તેનો જ મોક્ષ થાય એમ અમે કહીએ છીએ અને એમ જ પરમાત્મા કહે છે. ભગવાનની વાણી સાંભળવાથી કે તેમની શ્રદ્ધાથી મોક્ષ થાય એ વાત જ લીધી નથી.

પોતાના જ્ઞાનથી જ મોક્ષ છે અને બીજી રીતે નથી આવા અનેકાંત સિવાય બીજી રીતે અનેકાંત માનનારના સરવાળા ખોટાં છે. જેના સરવાળા ખોટાં તેની શરૂઆત પણ ખોટી જ હોય તો જ સરવાળો ખોટો આવે ને! આકડાં ખોટાં હોય તેના જ સરવાળા ખોટા આવે.

દોષ રહિત નિર્દોષ પરમાત્મા થઈ ગયા એ એમ કહે છે કે તારા જ્ઞાનમાં પરની અપેક્ષા નથી, તારી શ્રદ્ધામાં પરની અપેક્ષા નથી, તારી વીતરાગતામાં પરની અપેક્ષા નથી. સ્વની શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતાથી જ મોક્ષ છે. એ સિવાય બીજી વાતને અંતરમાં બેસવા દઈશ નહિ, ભ્રાંતિ કરીશ નહિ, શંકા થવા દઈશ નહિ. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન વિના જીવ ઘણા કાળ સુધી સંસારમાં ભટકે છે.

આવા વીતરાગ સ્વસંવેદનજ્ઞાન સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિ ચારિત્ર ભલે હો પણ સ્વસંવેદનજ્ઞાન વિના એકલા વ્યવહારથી મોક્ષ થવાનો નથી. એ બધાં ખુલાસા આગળ આવશે. સ્વસંવેદનજ્ઞાનવાળો જીવ મુકાશે—મુક્ત થશે અને તેના વિનાનો જીવ અનંતકાળ ભટકશે એમાં શંકા નથી.

દિગંબર સંતોની શૈલી જ એવી છે કે એક એક શબ્દમાં અનેક આગમો ભર્યાં હોય છે. સંતોના એક એક અક્ષરનો વિસ્તાર કરવા જાવ તો તેમાંથી ઘણા પ્રકાર નીકળે છે. નિશ્ચય વિના એકલા રાગની મંદતારૂપ વ્યવહાર કોઈ વસ્તુ નથી, મોક્ષને માટે તે કોઈ વસ્તુ નથી—કારણ નથી. વ્યવહારનયથી શાસ્ત્રમાં પણ કથનો ઘણા આવે પણ માર્ગ બે થઈ જતાં નથી.

ભાવાર્થ :—અહીં વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં જોકે સમ્યક્ત્વાદિ ત્રણેય છે તો પણ મુખ્યતા સમ્યગ્જ્ઞાનની જ છે. 'જ્ઞાન' કહેતાં પૂર્ણ આત્મદ્રવ્યની પ્રતીતિ સાથે જ આવી જાય કેમ કે પ્રતીતિ વિના જ્ઞાન કોનું? પરમાત્મસ્વરૂપના દર્શન વિના–પ્રતીતિ વિના જ્ઞાન સમ્યક્ હોઈ શકતું નથી અને અનાદિથી પર તરફના રાગમાં ઊભો હતો તે ત્યાંથી પાછો ફર્યા વિના સ્વભાવમાં સ્થિર ક્યાંથી થાય! માટે, પૂર્ણ અસ્તિની પ્રતીતિ અને રાગના અભાવરૂપ સ્થિરતા સહિતનું જ્ઞાન તે જ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન છે. માટે વચલું કહેતાં આગલું પાછલું બંને સાથે જ સમજી લેવું. જ્ઞાનમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી જતાં હોવા છતાં અહીં જ્ઞાનની મુખ્યતાથી વાત છે કેમ કે જિનવચનમાં એવું કથન છે કે જેનું કથન કરવામાં આવે તે મુખ્ય હોય છે અને બીજા ગૌણ હોય છે.

કથનની પદ્ધતિમાં મુખ્ય-ગૌણ હોય છે પણ ભાવમાં ત્રણેય સાથે હોય છે. સમ્યગ્દર્શનથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મુક્તિ કહી હોય ત્યાં જ્ઞાન અને ચારિત્ર સાથે આવી જાય છે. કથનમાં સમ્યગ્દર્શનની મુખ્યતાથી કથન હોય છે. 'ચારિત્ર તે એક જ મુક્તિનું કારણ છે' એમ કહ્યું હોય ત્યાં કથનમાં ચારિત્ર મુખ્ય છે પણ ભાવમાં દર્શન અને જ્ઞાન સહિત જ ચારિત્ર હોય છે.

લોકોને એમ લાગે કે જે દેખાય છે એવા પર્યાયની વાત નથી કરતાં. પણ ભાઈ! નથી દેખાતું એવું કાંઈ છે જ નહીં. પર્યાયની અસ્તિ તને દેખાય છે એ અસ્તિ પોતાના દેખનારને દેખાડે છે. પર્યાયનું અસ્તિત્વ પોતાના આખા અસ્તિત્વને બતાવે છે.

'જ્ઞાન'થી કથન કર્યું છે ત્યાં દર્શન અને ચારિત્ર કથનમાં ગૌણ છે પણ પરિણમનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સાથે જ છે એમ જાણવું.

હવે આગળ ફરી આ જ કથનને 'દ્રષ્ટાંત-સિદ્ધાંત' દ્વારા નિશ્ચિત કરે છે.

**णाण-विहिणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ।**
**बहुएँ सलिल-विरोलियइँ करु चोप्पडउ ण होइ।।७४।।**

જેમ પાણીને બહુ વલોવવા છતાં હાથ ચીકણો થતો નથી તેમ નિશ્ચય વિનાના એકલા વ્યવહારની આરાધનાથી મોક્ષ નહિ થાય એમ અહીં કહેશે. પાણી વલોવવાથી ઘી ન નીકળે તો હાથ ચીકણો ક્યાંથી થાય? તેમ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એકલા વ્યવહારના વિકલ્પોથી મોક્ષ ક્યાંથી થાય?

❀

❀ અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૩૧)*

# પાણીને વલોવ્યે માખણ નહીં મળે

(સળંગ પ્રવચન નં-૧૧૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજા અધિકારની ૭૪ ગાથા ફરી લઈએ.

**णाण–विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ।**
**बहुएँ सलिल-विरोलियइँ करुण चोप्पडउळ होइ।।७४।।**

અર્થ :—જે જીવ સમ્યગ્જ્ઞાનથી રહિત, મલિન ચિત્તવાળા છે તેનો મોક્ષ થતો નથી, જેમ પાણીને ઘણું મથવા છતાં તેમાંથી માખણ નીકળતું નથી–તેથી હાથ ચીકણો થતો નથી.

શું કહે છે?–કે જેની રુચિમાં—અંતરદૃષ્ટિમાં પૂર્ણાનંદસ્વરૂપ આત્મા વસ્યો નથી અર્થાત્ શુદ્ધ બુદ્ધ આનંદકંદ આત્માનું રાગરહિત જ્ઞાન જેના અંતરમાં થયું નથી–સ્વભાવમાં એકતા થઈ નથી તે જીવ 'મલિનચિત્ત' છે. તેના ચિત્તમાં મલિનતા વર્તે છે.

પોતાનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ એના ચિત્તમાં વસ્યુ નથી એટલે પરથી પોતાની બડાઈ માનવામાં જ એને મોટાઈ લાગે છે. 'મોટાઈ'માંથી તેની રુચિ ખસતી નથી.

શ્રોતા :–પરથી પોતાની મોટાઈ માટે કોઈ દ્રષ્ટાંત આપો તો ખ્યાલ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :–એ જ વાત આવે છે. પોતાને કાંઈ શાસ્ત્રજ્ઞાન વિશેષ હોય અથવા રાગની મંદતા હોય તેથી લોકો તેને બહુમાન-મહત્તા આપતાં હોય તેમાં જો તેને ખુશી થતી હોય તો તેને પોતાની મોટાઈનો પ્રેમ છે. શાસ્ત્રના ભણતર ઘણાં કર્યાં હોય અને પંડિત કહેવાતો હોય, લોકો ખૂબ માન આપતાં હોય તેનાથી પોતે પોતાને મોટો માનતો હોય તેને 'આત્માની મોટપ'ની ખબર નથી.

પ્રભુ! તું તો કેવળજ્ઞાનનો કંદ છો હો! તારો હીરો તારી દૃષ્ટિમાંથી અનાદિથી ખોવાઈ ગયો છે. તારા જ્ઞાને તારા હીરાની કિંમત કરી નહિ કે હું કોણ છું? મારી ચીજમાં શું છે?

અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે પણ સાથે શ્રદ્ધા અને અંશે વીતરાગ ચારિત્ર હોય છે. આવું 'આત્માનું જ્ઞાન જેને નથી' એમ શબ્દ વાપર્યો છે પણ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી રહિત છે.

ભગવાન આત્મા શાંતરસનું દળ છે તેની અંતરદૃષ્ટિ-શ્રદ્ધા-એકત્વતા બહુમાન આવ્યું

www.vitragvani.com



નથી, આત્માના સ્વભાવના સ્પર્શ વિના આ આત્મા જ અધિક અને મોટો છે એવું સમ્યગ્જ્ઞાન થયું નથી, તેના ચિત્તમાં પરથી પોતાની મોટાઈ ભાસે છે. પૈસા ઘણાં હોય, સ્ત્રી-પુત્રાદિ અનુકૂળ હોય, બહારથી માન-મોટાઈ મળતી હોય તેમાં જ એને પોતાની મોટાઈ લાગે છે. બહારની ચીજથી પોતાની મોટાઈ માને, અંદરમાં કાંઈ જ્ઞાનનો વિકાસ એવો થયો હોય કે બીજાને જાણે અને બીજાને સમજાવી શકે એવી ક્ષયોપશમની લાયકાત થઈ હોય તેની અંતરમાં મોટપ ભાસે છે, કેમકે અખંડાનંદ જ્ઞાનમૂર્તિ આત્માનું સમ્યગ્જ્ઞાનમાં ભાસન અને ભાવન કર્યું નથી, તેથી અંદરમાં ઊંડાણમાં એવી મીઠાશ રહે છે કે આપણને કાંઈક આવડ્યું... કાંઈક શીખ્યા...કાંઈક આપણે કરી જાણ્યું...! એ ખરેખર અજ્ઞાનમાં વધ્યાં છે અને પોતાને જ્ઞાનમાં વધેલાં માને છે.

પ્રતિષ્ઠા એટલે આબરું. તેનાથી પણ અધિકતા માને છે તેનું ચિત્ત મલિન છે. 'હું કાંઈક છું' તો દુનિયામાં મારી આટલી પ્રતિષ્ઠા ગણાય છે, કાંઈ ન હોય તો દુનિયા માને ખરી! શાસ્ત્રના ભણતર અને બોલવાની છટા (એ તો જડની કળા છે) અને છકાયના જીવોની હિંસાથી પોતે ડરતો હોય એવી ક્રિયા કરીને જેને હું કાંઈક કરું છું એમ લાગતું હોય તેના ચિત્તમાં મલિનતા છે. બીજાં જીવો દુઃખી થતાં હોય તેને જોઈને પોતાને દયા આવે છે, તે ભાવથી જેને દયા નથી આવતી તેની કરતાં અમે કાંઈક અધિક છીએ-વિશેષ કરીએ છીએ એમ થાય છે. પણ ચૈતન્યને ભૂલીને આ ભાવમાં આવ્યો છે માટે તેનું ચિત્ત મલિન છે.

હું દયા પાળુ છું, શરીરનું બ્રહ્મચર્ય પાળુ છું, શાસ્ત્રનું ભણતર કરું છું, મારી પાસે ઘણી કળા છે એવો લોકોને ખ્યાલ આવી ગયો છે, તેથી લોકો મને સારો કહેશે—અધિક કહેશે તેનો લાભ તો મને મળશે. એમ પ્રતિષ્ઠામાં લાભ માનનારો પોતાના ભગવાનને ભૂલ્યો છે. આખો અનંતગુણનો ધણી આનંદકંદ ભગવાન એની દૃષ્ટિમાંથી ખોવાઈ ગયો છે તેથી ભિખારી થઈને ભીખ માંગવા નીકળ્યો છે. હું જ છ દ્રવ્યને એક સમયમાં જાણી લેનારો ચૈતન્યચક્રવર્તી થવાનો છું તેનું એને ભાન નથી.

હું મને જાણતાં છ ખંડને જાણું, તે પણ એક સમયમાં, એવો હું ચૈતન્યચક્રવર્તી છું, રાગનો કે શરીરના એક રજકણનો પણ કર્તા નથી. પૂર્ણ......પૂર્ણ...અનંત ગુણનો દરિયો છું, તેને ભૂલીને બહાર શોધવા લાગ્યો છે કે આમાં ક્યાંક હું છું.

બહારના 'લાભ'થી પોતાને લાભ માનવો એ બધો રાગનો ભાગ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો ભાવ એ પણ રાગ છે. તેનાથી પોતાને લાભ માનવો, પંચમહાવ્રત કે અણુવ્રતના પરિણામથી પોતાને લાભ માનવો એ બધો રાગ ભાવ છે. તેનાથી રંગાયેલા ચિત્તવાળો પોતાના સ્વભાવને તો જાણતો નથી અને બાહ્યથી ત્યાગ લઈને, વેષ પલટીને બેઠો છે તે બગલા જેવો છે. પોતાને ચૈતન્ય આત્માનું ભાન નથી. પણ લોકોને ક્યાં ખબર છે કે આને જ્ઞાન નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

લોકો તો બાહ્યથી દેખાતાં ક્ષયોપશમ, રાગની મંદતા આદિથી તેને મોટો માને છે તેને લોકો ધર્મી કહે છે, તેમાં જેને 'ઠીક' છે એમ મનાય છે તે અજ્ઞાનમાં વધ્યો છે.

ચૈતન્યમૂર્તિ આનંદકંદનું ભાન નથી, શ્રદ્ધા નથી, અધિકતા નથી તેથી જ તેને બહારની મોટપ, પ્રતિષ્ઠા, લાભ આદિમાં મીઠાશ લાગે છે તેને જ્ઞાનસ્વભાવની અધિકતાના બદલે રાગની અધિકતા ભાસી છે. જો આત્માનું ભાન હોય તો મોટપ, પ્રતિષ્ઠા, લાભ આદિમાં મીઠાશ ન વેદાય. સમયસારમાં આચાર્યદેવે આખા બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. બધાં સૂત્રો જ ભર્યાં છે અંદર.

ભગવાન આત્માની પવિત્રતાના પ્રેમ, દૃષ્ટિ, રુચિ અને ભાવ વિના અમે પ્રતિષ્ઠા આદિના પ્રેમમાં પડ્યાં છીએ તેની લોકોને ક્યાં ખબર છે! રાગની મીઠાશ...યશની મીઠાશ... કીર્તિની મીઠાશ...બીજાં મોટપ આપે તેની મીઠાશ...એમાં રંગાયેલો એમ જાણે છે કે મારામાં આવા ભાવ છે તેને દુનિયા ક્યાં જાણે છે! એમ માનીને વીતરાગ પરમાનંદ સુખરસના અનુભવરૂપ ચિત્તની શુદ્ધિને કરતો નથી. અનાદિથી અજ્ઞાનમાં બીજી રીતે રોકાણો હતો તે અહીં સૂક્ષ્મ રીતે વિકલ્પની જાળમાં રોકાઈ ગયો છે, પણ ભગવાન આત્માને ઓળખીને તેનો સ્વાદ લઈને ચિત્તની શુદ્ધિને કરતો નથી અને બહારથી લોકોના રંજન માટે માયાચારથી બગલા જેવો વેષ ધારણ કર્યો છે.

અરે! જેને અંદરમાં ચૈતન્યની કિંમત નથી અને દુનિયા પાસે કિંમત લેવા માગે છે કે અમે આટલાં મંદિર બનાવ્યાં, આટલાં શાસ્ત્રો રચ્યાં, આટલાં શિષ્યો બનાવ્યાં, ધર્મનું રક્ષણ કરીને રાખ્યું—એટલું તો અમે કર્યું છે ને!.....તેણે કાંઈ કર્યું નથી. બગલા જેવો વેષ લીધો છે.

દિગંબર મુનિઓ આવી સ્પષ્ટ વાત કરે છે. મુનિને દુનિયા પાસેથી ક્યાં કાંઈ લેવું છે! 'નાગા-બાદશાહથી આઘા' એવા મુનિઓ કહે છે કે વસ્તુ તો આ છે બાપા! સમજાય તો સમજો.

અમે સાધુ છીએ, પંચ મહાવ્રત પાળીએ છીએ, ઉપદેશ આપીને લોકો ઉપર ઉપકાર કરીએ છીએ, દયા પાળીએ છીએ એમ માને છે અને અંતરમાં આત્માનું ભાન નથી તેને એકલાં મિથ્યાત્વના જ આ પરિણામ છે. રાગની અધિકતામાં પ્રેમ કરવો એ જ મિથ્યાત્વ છે. વીતરાગી ચિદાનંદ પ્રભુની રુચિપૂર્વક સમ્યગ્જ્ઞાન કરવાનું ભૂલીને એકલી બાહ્ય ચેષ્ટા કરે છે, ત્યાગી જેવી ક્રિયા હોય, બ્રહ્મચર્ય શરીરથી પાળતો હોય, સજ્જન જેવું આચરણ હોય પણ અંદરમાં સત્ જન છે તેનું ભાન નથી, મહિમા નથી તેથી કહે છે કે એ વેષ બગલા જેવા છે. બગલો સરોવર કાંઠે એક પગ ઊંચો રાખીને બેઠો હોય જાણે મોટો મહંત ન હોય! એવો લાગે. પણ તે માછલાંને પકડવા તૈયાર થઈને બેઠો છે. તેમ બહારથી જ્ઞાન, આચરણ

www.vitragvani.com



આદિ દેખાતું હોય પણ અંતરમાં શુભાશુભ જે બંને મલિનભાવ છે તેની પ્રીતિમાં પડ્યો છે તે એકાંતદૃષ્ટિ-મલિનદૃષ્ટિ છે, તેણે સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માની દૃષ્ટિ અને જ્ઞાન કર્યા નથી.

આ તો યોગીન્દ્રદેવ-દિગંબર આચાર્ય જંગલમાં વસનારા છે, તેમણે આ શાસ્ત્રની રચના કરી છે, તેમને કાંઈ દુનિયાની પડી નથી. દુનિયા ઠીક માને કે ન માને તેની કાંઈ અપેક્ષા નથી. કેમ કે દુનિયા પાસેથી એમને કાંઈ જોઈતું નથી. સત્ય જેમ છે તેમ કહે છે.

યોગીન્દ્રદેવ કહે છે કે જ્ઞાનની શુદ્ધિ વિના—શુદ્ધતાના ભાન વિના, અશુદ્ધતાના પ્રેમમાં પડેલો તું તને ધર્મી કહેવરાવે છો—માન લે છો એ તો તારો માયાચાર છે. વિચારકોએ વિચારી લેવું. ભગવાન આત્મા આનંદમૂર્તિ આનંદનો રસકંદ છે, તેનો રંગ લાગ્યો નથી તેથી લોકોના મનનું રંજન કરીને પોતે રાજી થાય છે, એ તો બધું લોકરંજન છે.

શ્રોતા :—દુનિયા તો તેને સારા કહે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે રાગ, વિકલ્પ અને દેહની એકત્વબુદ્ધિમાં પડેલ છે એવી દુનિયાની કિંમત કેટલી! દુનિયા એને અભિનંદન આપે, સારા કહે તેની કિંમત કેટલી! ચૈતન્યમૂર્તિને ભૂલીને એક માંસના ભોગ આગળ આખો અર્પાઈ જાય એવાની કિંમત કેટલી! આચાર્ય તો કહે છે કે અતીન્દ્રિય આનંદના નાથના એક સમયના સુખ પાસે ત્રણલોકના રાજ પણ અમને તુચ્છ લાગે છે. એ અમને ન જોઈએ. આત્માના આનંદની મીઠાશ પાસે જ્ઞાની ચક્રવર્તીને ઈન્દ્રની અપ્સરા જેવી ૯૬,૦૦૦ સ્ત્રીના ભોગ પણ ઝેર જેવા લાગે છે. અરે! આ શું! ઈન્દ્રાણી જેવી સ્ત્રીઓ તેનું સન્માન કરે... પધારો અન્નદાતા!... ઘણો આદર અને પ્રેમ આપે ત્યાં રાગ આવે છે પણ એ રાગ ઝેર સમાન લાગે છે કે મારો ચૈતન્ય સાહેબો એ રાગમાં ખોવાઈ જાય છે અને આ શું! સ્ત્રીઓના વૃંદમાં પડેલો પણ તે અંતરમાં આનંદની મીઠાશને ભૂલતો નથી અને રાગ અને પરના રસમાં એકાકાર થતો નથી. રાગની વૃત્તિ ઉઠે છે તેમાં ઉપસર્ગ લાગે છે, દુઃખ...દુઃખ લાગે છે. પાંચ હાથનો જાડો મોટો ફણીધર નાગ ડંસ દેવા આવતો હોય તો કેવો ભાગે! તેમ ધર્મીને ભોગનો રાગ કાળા નાગ જેવો ભયાનક લાગે છે તેથી ત્યાંથી ભાગવા માગે છે.

અશુભના પ્રેમમાં પડેલો તો મિથ્યાદૃષ્ટિ છે જ પણ શુભભાવના પ્રેમમાં પડેલો પણ માયાચારી-મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં આચાર્યદેવ કહે છે. શુભવૃત્તિથી કાંઈક કલ્યાણ થશે.....થશે...બીજાં કરતાં તો આગળ વધ્યા છીએ ને! એવો ભાવ રહ્યાં કરે છે. કોને?—કે જેની દૃષ્ટિમાં વિકલ્પાતીત ભગવાન આત્મા અધિકપણે વસ્યો નથી, જેના જ્ઞાને જ્ઞાયકને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કબૂલ્યો નથી તેના ચિત્તમાં આ જાતની મલિનતાનો વાસ રહ્યાં કરે છે. માટે આવા કોઈ અજ્ઞાનીને મોક્ષ-પદવીની પ્રાપ્તિ ન જો, હે જીવ! ન જો. અર્થાત્ સમ્યગ્જ્ઞાન વિના કોઈનો પણ મોક્ષ થતો નથી.

બહારનો ક્ષયોપશમ અને કષાયની મંદતા જોઈને લોકો વખાણે કે શું આ કોઈ જ્ઞાની છે! પણ એવા અજ્ઞાનીઓનો મોક્ષ તું ન દેખ. કેમ કે મિથ્યાત્વથી મુકિત કદી થતી નથી.

અરે પ્રાણી! તું ભગવાન આનંદના ઘરમાં પેઠો નથી, તારા જ્ઞાનમાં આત્મા અધિકપણે વસ્યો નથી, અધિકપણું બાહ્યમાં ભાસે છે, તેની દુનિયાને તો ખબર નથી પણ તને ખબર નથી કે તું આ શું કરે છો?

આવી વાણી દિગંબર સંતો સિવાય ક્યાંય ન હોય. બીજે તો જુઓ ને! મરૂદેવી માતાને કેવળજ્ઞાન થવાનું માને છે! મરૂદેવીમાતા હાથીના હોદ્દે બેસીને જતાં હતાં અને વિચાર કરતાં હતાં કે મારો દીકરો ક્યાં હશે! ત્યારે ભરત કહે છે કે ઋષભદેવપિતા તો કેવળજ્ઞાન પામ્યા. આ સાંભળી મરૂદેવીમાતા ચિંતવન કરતાં કરતાં જ પોતે કેવળજ્ઞાન પામ્યાં. લ્યો! હાથીના હોદ્દે, સ્ત્રીના દેહે, કપડાં સહિત, ચિંતવનમાં કેવળજ્ઞાન મનાવે છે અને પોતાને બરાબર જ્ઞાની માને-મનાવે છે. પણ હાથીના હોદ્દે તો પુરુષદેહે પણ કેવળજ્ઞાન ન થાય, તેને બદલે સ્ત્રીને! અને કપડાંનો મોહ પણ છૂટ્યાં વગર ચિંતવન કરતાં કરતાં ત્રણકાળમાં કોઈને કેવળજ્ઞાન થાય જ નહિ. પણ લોકો તો બહારથી જોનારાં છે. અરે! આવી સ્થિતિમાં મરૂદેવીમાતાને કેટલી એકાગ્રતા થઈ કે કેવળજ્ઞાન થઈ ગયું! એમ મહિમા કરે. પણ આમ ન હોય.

જેને સ્વરૂપના ભાન થયા છે તેને સ્વરૂપની રમણતામાં મન, વચન, કાયાથી વસ્ત્ર-પાત્ર આદિ બધાંનો ત્યાગ થઈ જાય, બાહ્યમાં નગ્નદશા આવી જાય અને તે પણ પુરુષદેહ જ હોય, સ્ત્રીદેહે કદી મુનિપણું પણ ન હોય. એવા ચારિત્રવંત મુનિને આત્મલીનતાની ઉગ્રતામાં કેવળજ્ઞાન થઈ જાય છે. આવા મોક્ષમાર્ગના ભાન વિના, આત્માના ભાન વિના ઓઘે ઓઘે આત્માની શકિતની મહિમા કરે તોપણ શું? તેને આત્માની શક્તિનું ભાન જ નથી. માટે, અહીં યોગીન્દ્રદેવ શિષ્યને કહે છે કે આવા જીવોને મુકિત થઈ એમ તું ન જોઈશ—ન માનીશ. આ માટે દ્રષ્ટાંત આપે છે કે પાણીને બહુ મથવા છતાં હાથ ચીકણાં થતાં નથી, કેમ કે પાણીમાં ચીકણાપણું જ નથી, તેમ બાહ્યવેષમાં સમ્યગ્જ્ઞાન નથી અને સમ્યગ્જ્ઞાન વિના મહાન તપ કરે તો પણ મોક્ષ થતો નથી.

શુભાશુભ વિકલ્પની જાળમાં પડેલાની, પર તરફ લક્ષવાળા ઉઘાડમાં પડેલાની, પરની શ્રદ્ધામાં પડેલાંની કોઈ રીતે મુકિત થતી નથી. જેમ પાણીનું મંથન કરવાથી હાથ ચીકણો થતો

www.vitragvani.com



નથી, તેમ આત્માના દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા વિના મોક્ષ થતો નથી. પાણી વધારે હોય તો તો તેને મથવાથી હાથમાં ચીકાશ આવે ને?—ના, કેમ કે પાણીમાં ચીકાશ નથી. તેમ ખૂબ ક્રિયાકાંડ કરો તો તો ધર્મ થાય ને?—ના, કેમ કે તે ધર્મની ક્રિયા નથી. તેમજ એકલાં જ્ઞાનના ક્ષયોપશમથી પણ ધર્મ થતો નથી કેમ કે તેમાં આત્માના જ્ઞાનની ગંધ પણ નથી. માટે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થવાની આશા રાખીશ નહિ. લાખ કે કરોડ મણ પાણીને મથીશ તોપણ હાથ ચીકણો નહિ થાય, તેમ રાગની મંદતાની કે બાહ્યવેષની અબજો પ્રકારની ક્રિયા કરવાથી સમ્યગ્દર્શન નહિ થાય. બહિર્મુખની અને અંતર્મુખની ચીજ જ બંને જુદી છે.

અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ શકે છે, પણ કોને?—કે જેણે પ્રથમ સમ્યગ્દર્શન- પૂર્વક મન, વચન, કાયાથી નવ નવ કોટીએ વસ્ત્ર-પાત્રાદિ છોડ્યાં હોય ત્યારે તો તેને મુનિપણું આવે. તે પછી અંતરમાં સ્થિર થઈ જાય તો તેને અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. વસ્ત્ર અને દાગીના પહેર્યા હોય અને કેવળજ્ઞાન થઈ જાય એમ ત્રણકાળમાં બને નહિ. સમ્યગ્જ્ઞાન વિના તો બાર બાર માસના અપવાસ કરે પણ ધર્મ નહિ થાય—હાથ ચીકણો નહિ થાય.

સમ્યગ્દર્શન થાય એટલે મિથ્યાત્વથી મુકિત થઈ ગઈ, પછી શ્રાવક થતાં અવ્રતથી મુકિત થાય છે. મુનિ થતાં પ્રમાદ આદિથી મુકિત થાય છે. આમ બધી રીતે મુકિત થતાં થતાં સંપૂર્ણ મુકિત પ્રાપ્ત થાય છે. પણ, સમ્યગ્દર્શન વિના તો મહાન તપ કરે તોપણ મુકિત થતી નથી. કેમ કે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ વીતરાગ શુદ્ધાત્માની અનુભૂતિ છે.

આત્મા કેવો છે?—કે 'વીતરાગ શુદ્ધાત્મા' છે, તેની અનુભૂતિ તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. ૧૧ અંગ ભણી જવા તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી.

લોકો આને એકાંત છે એમ કહે છે. બિચારાંને ખબર નથી તેથી શું કહે! પણ મારગ તો જેમ હોય તેમ જ રહેશે. દુનિયા કોલાહલ કરે અને ન માને તેથી કાંઈ મારગ ફરી જાય તેમ નથી. પણ આવો માર્ગ સાંભળવામાં નિષેધ કરે છે તેને અંતરથી રુચિ થવાનો કાળ ક્યારે આવશે!! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મુકિતનો માર્ગ છે એવી શ્રદ્ધાનો પુલ નહિ બાંધે ત્યાં સુધી અંતરમાં જવાનો કોઈ ઉપાય નથી. રાગ અને નિમિત્તના અવલંબન વિના અંતરમાં જઈ શકાય છે એવી શ્રદ્ધાના પાકા પુલ બાંધ્યા વિના ભગવાન આત્માનું જ્ઞાન કે શ્રદ્ધાન થતું નથી.

વીતરાગ શુદ્ધાત્માની નિર્વિકલ્પ અનુભૂતિ જેનું લક્ષણ છે એવું સમ્યગ્જ્ઞાન જ મોક્ષનું મૂળ છે, તે સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી જુદું નથી, ત્રણેય એક છે. સમ્યગ્જ્ઞાન આત્માની શ્રદ્ધા વિનાનું ન હોય અને રાગના અભાવ વિનાનું ન હોય. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સાથે હોય છે. અહીં તો વીતરાગતા સિદ્ધ કરવી છે, કેમ કે આત્મા વીતરાગ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુદ્ધાત્મા છે. માટે તેની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ પણ વીતરાગતામય છે. સમ્યક્ સહિત અને રાગ રહિત વીતરાગ અનુભૂતિ તે જ આત્માનુભૂતિ છે, તે જ સમ્યગ્જ્ઞાન છે.

સમજાય એવું છે ને ભાઈ! અંદરમાં વસ્તુ મોટી-મહાન છે. પોતાનો મહાપ્રભુ બિરાજે છે તેની કિંમત આવવી જોઈએ. માતાના હાથથી છૂટો પડી ગયેલો બાળક બીજે રસ્તે ચડી જાય ત્યાં કાંઈ જોવાનું, કાંઈ ફરવાનું કે ખાવાનું મળી જાય તેમાં રોકાઈ જાય પણ જ્યાં યાદ આવે કે મારી મા ક્યાં? ત્યાં બીજું બધું ભૂલી જાય. તેમ આ અનાદિકાળનો ચિદાનંદ આત્મા પોતાને ભૂલીને દેવના સુખમાં, સ્ત્રીમાં, આબરૂમાં, પૈસામાં, વેપારમાં એમ ક્યાંય ને ક્યાંય અટકી ગયો છે, ધર્મના બહાને પણ શાસ્ત્રના જાણપણામાં કે ત્યાગમાં કે કષાયની મંદતાના પ્રેમમાં એમ અનેક પ્રકારે રોકાઈ ગયો છે, તેથી ભગવાન આત્મા યાદ આવતો નથી. તેને શ્રીગુરુ કહે છે કે જેમાં તીર્થંકરગોત્રને યોગ્ય શુભભાવની પણ ગંધ નથી એવા શુદ્ધાત્માને ભૂલીને બીજા રાજીપાના રસ્તે તું ક્યાં આગળ નીકળી ગયો તેની તને ખબર છે! કેટલાં વેગે તું ઊંધો ચાલ્યો ગયો તે વેગની ખબર છે કાંઈ!

શ્રોતા :—શરીરમાં રોકાઈ જતો હશે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—શરીર તો સ્થૂળ રોકાણ છે પણ આ તો મંદકષાય અને શાસ્ત્રજ્ઞાનમાં રાજીપાના ખીલે ચડીને ત્યાં સલવાઈ ગયો છે.

'વચનામૃત વીતરાગના, પરમશાંતરસમૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

કાયરને એમ થાય કે "વીતરાગ શાસ્ત્રકાર આ શું કહે છે! અમે હજી તીવ્રરાગમાં પડ્યાં છીએ તેને મંદરાગમાં તો આવવા દ્યો!" અરે ભાઈ! મંદરાગમાં આવ તો પણ વિકલ્પમાં એકતાબુદ્ધિની જાત તો એની એ જ છે, તેમાં કાંઈ ફેર પડતો નથી. ત્યાં તત્ત્વ તો કાંઈ આવ્યું નથી.

આ જ વાત ૭૫મી ગાથામાં કહે છે કે નિશ્ચયથી આત્મજ્ઞાનથી બહિર્મુખ બાહ્યપદાર્થનું જ્ઞાન છે તેનાથી પ્રયોજન સધાતું નથી. શાસ્ત્રનું જ્ઞાન, શિષ્યોને ભેગા કરવાનું જ્ઞાન, મંદિરો બનાવવાનું જ્ઞાન, અબજો રૂપિયા દાનમાં મેળવવાની કળા.....એ બધાં અજ્ઞાન છે, તેનાથી આત્મહિતનું પ્રયોજન સિદ્ધ થતું નથી.

જ્ઞાનમૂર્તિ ચૈતન્યસૂર્ય પ્રભુના અંતરના જ્ઞાન વિના બાહ્યજ્ઞાનથી કાંઈ સિદ્ધિ નથી. બે-ચાર પ્રશ્નોના ઉત્તર આવડે ત્યાં એમ થઈ જાય કે મને બહુ આવડે છે. શાસ્ત્રની વાત કરતાં આવડે તો એમ લાગે કે મારી પાસે ઈ જાતની કળા છે. મિત્રોને પૂછે કે કેમ? તમને કેવું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લાગ્યું? અરે ભાઈ! વાણી તો જડ છે, વિકલ્પ તો રાગ છે અને પર તરફનો ઉઘાડ તે પણ તારો સ્વભાવ નથી. તેનાથી તારી અધિકતા શું? તેનાથી તારા હિતનું પ્રયોજન સિદ્ધ થતું નથી. આ અભિપ્રાય મનમાં રાખીને યોગીન્દ્રદેવ જંગલમાં તાડપત્ર ઉપર આ ગાથા લખે છે. દિગંબર સંતોની શૈલી છે કાંઈ! ધર્મના થાંભલા છે. તત્ત્વની વાત લોકો સમજી ન શક્યાં. આ તો ૯૦૦ વર્ષ પહેલાંનો ગ્રંથ છે, કાંઈ સોનગઢનો નથી.

**जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण।**
**दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण।।७५।।**

અર્થ :—જે આત્મજ્ઞાનથી રહિત શાસ્ત્ર વગેરેનું જ્ઞાન છે તે જ્ઞાનથી કાંઈ કામ સિદ્ધ થતું નથી, કેમ કે વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ તુરત જ જીવને દુઃખનું કારણ થાય છે.

**निजबोधात्** શબ્દ વાપર્યો છે. પોતાના જ્ઞાનથી રહિત એટલે નિજ ચૈતન્યસૂર્યના સ્વસંવેદનજ્ઞાનથી રહિત શાસ્ત્રજ્ઞાન, બોંતેરકળાના જ્ઞાન કે જેમાં બધી જાતની આવડત હોય... કવિત્વ, વ્યાકરણ, લેખ આદિ બધાંની કળા આવડે, હજારો શાસ્ત્રમાં આ જગ્યાએ આ લીટીમાં આ લખાણ છે એટલી આવડત હોય એવા જ્ઞાનથી આત્માને કાંઈ લાભ નથી.

વ્યવહારનો તો આમાં ભૂકો ઉડાળ્યો છે.

પોતે ચૈતન્યરાજા છે તેનું તો ભાન નહિ, તો પ્રજા જેવા બાહ્યજ્ઞાનથી શું સિદ્ધિ! **तेन कार्य न**—તે જ્ઞાનથી કાંઈ કાર્યસિદ્ધિ નથી...નથી. પરથી તો તારું કાંઈ કાર્ય ન થાય પણ પોતાના પરસંબંધી જ્ઞાનથી પણ કાંઈ પોતાનું હિતનું કાર્ય થતું નથી. શાસ્ત્રજ્ઞાનથી પણ કાંઈ કાર્ય થતું નથી. કેટલાં થોકડાં આવડે, બોલતાં આવડે, સમજાવતાં આવડે.....એવા જ્ઞાનથી કાંઈ આત્મસિદ્ધિ નથી.

શ્રોતા :—આમાં અમારો નંબર ક્યાં લાગે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્માના જ્ઞાનમાં નંબર લગાડવો. બીજું કાંઈ ન આવડે પણ આત્માનું જ્ઞાન કરતા આવડે તેનો નંબર પોતાના હિતમાં લાગી ગયો એટલે લોટરી લાગી ગઈ.

જોયું? આ ગાથામાં બાહ્યજ્ઞાનથી કાંઈ કાર્ય સિદ્ધિ નથી એમ કહીને અટક્યાં નથી. બાહ્યજ્ઞાન આત્મજ્ઞાન વિના દુઃખનું કારણ થાય છે એમ કહે છે. તે આગળ કહેવાશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# આત્મજ્ઞાનશૂન્ય તપ-શ્રુત અકાર્યકારી છે

(સળંગ પ્રવચન નં-૧૨૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. આજથી ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મુનિરાજ યોગીન્દુદેવે આ શાસ્ત્રની રચના કરી છે, તેમાં સર્વજ્ઞની વાણીમાં આવેલો અનાદિનો જે બોધ હતો તે ભર્યો છે.

૭૫મી ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે આત્મજ્ઞાનથી બહિર્મુખ બાહ્યપદાર્થોના જ્ઞાનથી કાંઈ પ્રયોજન સધાતું નથી.

**जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण।**
**दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण।।७५।।**

અર્થ :—જે આત્મજ્ઞાનથી બાહ્ય શાસ્ત્ર વગેરેનું જ્ઞાન છે તે જ્ઞાનથી કાંઈ કાર્ય થતું નથી કેમ કે વીતરાગસ્વસંવેદન રહિત તપ શીઘ્ર જ જીવને દુઃખનું કારણ થાય છે.

આત્મા અકષાય શાંત...શાંત...શાંત રસનો પિંડ છે. માટે એ શાંતિ સાથે પ્રગટેલા જ્ઞાનને જ આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. એ વિનાના બાહ્યજ્ઞાનથી—લૌકિક બુદ્ધિથી આત્માનું કાંઈ હિત થતું નથી. વકીલાત-ડોકટરી આદિનું જ્ઞાન તો દુઃખરૂપ જ છે પણ એકલા શાસ્ત્રના જ્ઞાનથી પણ આત્માનું કલ્યાણ થતું નથી. વકીલાત આદિના જ્ઞાનમાં અશુભભાવ હોવાથી વધારે દુઃખરૂપ છે અને શાસ્ત્રજ્ઞાનમાં શુભભાવ હોવાથી ઓછું દુઃખરૂપ છે પણ સુખરૂપ તો એ પણ નથી, મિથ્યાત્વની અપેક્ષાએ તો બંને સમાન છે.

આત્મજ્ઞાનમાં તો મિથ્યાત્વનો અભાવ છે તેથી નિઃસંદેહ પ્રતીતિ છે અને અનંતાનુબંધી કષાયનો અભાવ છે એટલી શાંતિનું વેદન છે. આવા આત્માના જ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાનનું કાંઈ પ્રયોજન નથી. અરે! મુનિ થઈને તપ ગ્રહણ કર્યું હોય તે પણ આત્મજ્ઞાન વિના કાંઈ કાર્યકારી નથી.

બે વાત લીધી છે. એક તો, 'શાસ્ત્રજ્ઞાન' અને બીજું 'મુનિપણું'. આ બંને આત્મજ્ઞાન વિના જીવને દુઃખના કારણ થાય છે. બાહ્ય ચીજો કાંઈ સુખરૂપ નથી અને દુઃખરૂપ પણ નથી પણ તેના પ્રત્યે જીવે કરેલો વિકારભાવ દુઃખરૂપ છે, શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન જ નથી.

સમવસરણસ્તુતિમાં આવે છે કે 'શીતળ શીલા શશિકાંતની, જ્યાં ઈન્દ્ર વિશ્રાંતિ લહે.'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઈન્દ્રો ભગવાન પાસે જાય છે ત્યારે આ શીલા ઉપર વિશ્રાંતિ લેવા બેસે છે પણ તેમાં કાંઈ આત્માની શાંતિ મળતી નથી અને શાસ્ત્ર સંબંધી વિકલ્પ ઉઠે તેમાં પણ અશાંતિ છે.

જંગલમાં વસનારા દિગંબર સંત એમ કહે છે કે ભગવાન આમ ફરમાવતાં હતાં અને વસ્તુસ્થિતિ પણ એમ જ છે કે અંતરમાં આત્માની શાંતિને સ્પર્શીને આવેલાં જ્ઞાન સિવાય બીજું કાંઈ કાર્યકારી નથી. શાસ્ત્રનું ભણતર પણ દુઃખરૂપ છે અને વિકલ્પમાત્ર પણ દુઃખરૂપ છે. ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિને સ્પર્શીને થયેલું જ્ઞાન જ પ્રયોજનભૂત છે, તે જ આત્માને શાંતિ અને મુક્તિનું કારણ છે, તે સિવાય એકલું શાસ્ત્રજ્ઞાન તો અભિમાનમાં જીવને મારી નાંખે છે.

શ્રોતા :—પૈસા તો શાંતિ આપે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસા શાંતિ ન આપે. પૈસા તરફનો મમત્વભાવ આકુળતા અને દુઃખ આપનારો છે. દાન પંચમહાવ્રતાદિનો વિકલ્પ પણ દુઃખરૂપ છે તો પૈસાનો વિકલ્પ તો સુખરૂપ કેમ હોય! મંદકષાય પણ દુઃખ આપનારો છે તો તીવ્ર કષાય સુખ ક્યાંથી આપે!

સત્ શાશ્વત આનંદકંદની વાત એણે કદી સાંભળી નથી. ધર્મના બહાને ઢસરડાં કર્યાં પણ ધર્મનું ખરું સ્વરૂપ કદી સમજ્યો નથી. અકષાય શાંતરસ પાસે શાસ્ત્ર ભણતરનો વિકલ્પ પણ દુઃખરૂપ છે. વિકલ્પ એ બોજો છે ભાઈ! અંતર તરફ ઢળ્યા વિનાના તપ આદિ બધાં વિકલ્પો તને દુઃખના કારણ છે. બીજી ભાષાથી કહીએ તો નિશ્ચય વિનાનો વ્યવહાર તો દુઃખ જ છે પણ નિશ્ચય સહિતનો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ દુઃખ જ છે.

અરે! એની મોટપ એને કેમ બેસે! જ્યાં ત્યાં ભીખારી થઈને ભીખ માંગ્યા કરે છે કે કોઈ મને મોટો કહે! કાંઈક જાણપણાથી, બ્રહ્મચારીપણાથી કે ત્યાગીપણાથી કોઈ મને મોટો કહે! એ બધાં ભીખના ભાવ છે.

પૈસાવાળાં તો સુખી ખરાં ને? ના. કોણ કહે છે કે પૈસાવાળા સુખી છે? લોકો તો ગાંડા છે તો ગાંડપણાની વાતો જ કરે ને! ભગવાન પૈસાવાળાને સુખી કહેતાં નથી.

બીજી જગ્યાએ જેને નિશ્ચયનું કારણ કહ્યું છે એવા વ્યવહારને અહીં દુઃખરૂપ કહે છે. મુનિરાજ કહે છે કે તેનાથી કાંઈ આત્માનું કાર્ય થાય તેમ નથી. અતીન્દ્રિય આનંદના કંદને એક વિકલ્પ ઉઠવો તે પણ તેનું કાર્ય નથી. શાસ્ત્રભણતરનો કે તપનો વિકલ્પ જો અભિમાનથી ઉઠ્યો હોય તો તો મહાદુઃખરૂપ છે પણ મંદકષાયથી ઉઠ્યો હોય તોપણ દુઃખરૂપ છે. શાસ્ત્રજ્ઞાન અને પંચમહાવ્રત, તપ આદિના ભાવ વ્યભિચારી ભાવ છે, ભાઈ! તેની તને ખબર નથી. એ દુઃખરૂપભાવ છે.

તત્ત્વનું સ્વરૂપ જેમ છે તેમ નહિ માને અને મંદકષાય આદિમાં ધર્મ મનાવશે, અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે પણ બહારથી માન-પ્રતિષ્ઠા લેવા માટે.....તો તો એ બધાં નિગોદમાં જવાના છે. નિગોદના પેટ બહુ મોટા છે ભાઈ! નિગોદનું એક શરીર કેટલાય સાગરોપર કાળ સુધી રહે તેમાં નિગોદના જીવ આવે અને જાય...આવે ને જાય...એવા શરીરો પણ થાય છે. ઓછી સ્થિતિવાળા પણ હોય છે. માટે બીજાં ભણતરથી તો કાંઈ પ્રયોજન નથી પણ એકલા શાસ્ત્રભણતરથી પણ જીવનું કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. તો વગેરે ભણતર અને ધંધાના વિશેષ ભણતરથી આત્માની શું સિદ્ધિ થાય! વીતરાગને કાંઈ કોઈની શરમ નથી તેથી જેમ છે તેમ કહે છે. ભાઈ! તારે શાંતિ જોઈતી હોય તો આ લાભ થશે ને! દયા-દાન-વ્રત-તપથી કાંઈક તો લાભ થશે ને! એ વાત રહેવા દેજે. તેનાથી કાંઈ લાભ નહિ થાય, દુઃખ થશે. આવી વાત તો વીતરાગ જ કહી શકે.

ભાવાર્થ :—માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિદાનશલ્યથી લઈને સમસ્ત વિષય-અભિલાષારૂપ મનોરથોના વિકલ્પજાળરૂપી અગ્નિની જ્વાળાઓથી રહિત જે સમ્યગ્જ્ઞાન છે તેનાથી રહિત બાહ્ય પદાર્થોનું શાસ્ત્ર દ્વારા જ્ઞાન કરે છે તેનાથી કાંઈ પ્રયોજન નથી. પ્રયોજન તો એક નિજ આત્માને જાણવાથી જ છે.

અજ્ઞાની ગમે તેટલી મોટી મોટી વાતો કરતો હોય પણ તેને અંદરમાં ઊંડે ઊંડે ત્રણ શલ્યો પડ્યાં હોય છે. અંદરમાં રાગની મીઠાશ વર્તે છે તે નિદાન જ છે. અંતરના આનંદની શાંતિનો અનુભવ નથી ત્યાં બહારથી કાંઈક ફળ મેળવવાની જ આશા પડેલી છે.

'વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

વીતરાગના વચનો આત્માના શાંતરસને બતાવનારા છે. વીતરાગ એમ કહે છે કે તારા સ્વભાવના જ્ઞાન વિનાના શાસ્ત્રજ્ઞાન તારી કાર્યસિદ્ધિમાં કાંઈ કારણ નથી, એ તને દુઃખરૂપ છે. આ સાંભળીને કાયરજીવોને એમ થઈ જાય કે અરરર...વ્યવહારનો લોપ થઈ જાય છે. ભાઈ! આ વાણી તારા નિર્વિકલ્પ શાંતરસને બતાવવા માટે છે. વ્યવહાર-વિકલ્પ હોય એ જાણવા માટે છે પણ આદરવા માટે નથી, એ તો દુઃખરૂપ છે.

જેના શાંતરસ પાસે વિકલ્પો દુઃખરૂપ લાગે છે તે વિકલ્પોની એને હોંશ કઈ રીતે હોય!

ભગવાન આત્માની અંતરદૃષ્ટિ અને જ્ઞાન થયાં નથી તેના મનના રથ તો વિકલ્પમાં જ દોડ્યાં કરે છે. આમ કરું...તેમ કરું તો આમ થશે...એમ અનેક વિકલ્પોની જ્વાળા-અગ્નિજ્વાળા તેને બાળે છે. તેનાથી રહિત જે નિજનું જ્ઞાન—જ્ઞાનનું જ્ઞાન—શાસ્ત્રજ્ઞાન નહિ પણ આત્મજ્ઞાન છે તે અંતરમાં શાંતિ આપે છે તેનાથી રહિત એવા બાહ્ય પદાર્થના જ્ઞાનથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કાંઈ સિદ્ધિ નથી. શાસ્ત્રનું જ્ઞાન પણ બાહ્યજ્ઞાનમાં આવે છે. કાર્યસિદ્ધિ તો એક આત્મજ્ઞાનથી જ છે.

લ્યો—આમાં એક જ માર્ગ કહ્યો. બે માર્ગ નથી કહ્યાં. છઢાળા આદિમાં બે માર્ગ કહ્યાં છે તે પ્રકરણ પ્રમાણે કહ્યાં છે પણ માર્ગ બે નથી. નિજ આત્માનું જ્ઞાન એ એક જ જ્ઞાન છે તેનાથી જ આત્માની સિદ્ધિ છે. વ્યવહારને નિશ્ચયનું નિમિત્ત ગણીને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ આપ્યો હતો તેની અહીં ના પાડે છે. અહીં તો એકદમ નિરપેક્ષભાવ લેવો છે કે જેને બાહ્ય ભણતર, તપ આદિની પણ અપેક્ષા નથી.

વીતરાગનો માર્ગ એવો છે કે જેમાં કોઈ અપવાદ કે છૂટછાટ મૂકીને ચાલે તેવું નથી. લૌકિક વ્યવહારમાં તો એક માણસ બીજાં પાસે પાંચ હાર માંગતો હોય પણ આ કહે મારી પાસે હજારથી વધારે સગવડ જ નથી તો પેલો ચાર હજાર, ત્રણ હજાર એમ કરતો બે હજારે આવે અને આ પણ વધીને બે હજારથી ઉઘરાણી પતાવે. તેની જેમ આ વીતરાગમાર્ગમાં ઢીલું મૂકીને કામ થાય તેમ નથી.

'આત્મજ્ઞાનથી જ કાર્ય થાય, અન્યજ્ઞાનથી નહિ' એનું નામ અનેકાંત છે. બીજાંથી પણ થાય એવી વાત વાણીમાં આવે પણ વસ્તુસ્થિતિમાં ન આવે.

સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત સંતોએ શાસ્ત્રમાં ઈશારારૂપે ગોઠવી છે.

કાર્ય તો એક નિજ આત્માના જ્ઞાનથી છે. આ વાતની સાથે શ્રદ્ધા અને ચારિત્ર પણ લઈ લેવા કે કાર્ય તો નિજ આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રથી જ છે. વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રથી આત્માનું કાર્ય સધાતું નથી.

શ્રોતા :—વ્યવહારશ્રદ્ધાનું કાર્ય શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્યવહારશ્રદ્ધા નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિશ્ચયરત્નત્રયની સાથે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું જ નિમિત્તપણું હોય, કુદેવાદિનું નિમિત્ત ન હોય એમ વ્યવહારશ્રદ્ધા બતાવે છે પણ અનુકૂળ નિમિત્ત હતું માટે કાર્ય થયું એમ નથી. વ્યવહાર છે તે નિશ્ચયના કાર્યનો કર્તા નથી, સહચર છે. (ભાવાર્થમાં)—અહીં શિષ્યે પ્રશ્ન કર્યો કે નિદાનબંધ રહિત આત્મજ્ઞાન તમે બતાવ્યું તેમાં નિદાનબંધ કોને કહે છે? તેનું સમાધાન—જે દેખેલાં, સાંભળેલાં અને ભોગવેલાં ઈન્દ્રિયોના ભોગોથી જેનું ચિત્ત રંગાયેલું છે એવા અજ્ઞાનીજીવ રૂપ-લાવણ્ય સૌભાગ્ય આદિનો અભિલાષી થઈ વાસુદેવ ચક્રવર્તીપદના ભોગોની વાંછા કરે, દાન પૂજા તપશ્ચરણ આદિ કરીને ભોગોની અભિલાષા કરે તે નિદાનબંધ છે. આ એક મોટું શલ્ય (કાંટો) છે.

www.vitragvani.com



જેને ચૈતન્યના રૂપ લાવણ્ય અને સૌભાગ્યની ખબર નથી તેને બહારના રૂપ આદિનો પ્રેમ પડ્યો હોય છે. નિજપદ અનાકુળ શાંતસ્વરૂપ છે તેમાં વિકલ્પમાત્ર અશાંતિરૂપ છે તેના ભાન અને ભાવના વિના અજ્ઞાની મોટા મોટા દાન કરે, મહિના મહિનાના ઉપવાસ કરે, જાત્રા કરે, મુનિવ્રત પાળે, શ્રાવક હોય તો મોટા મંદિર બંધાવે, પંચકલ્યાણક મનાવે, તેમાં દસ-દસ હાથી બોલાવે પણ નિજસ્વરૂપનું જ્ઞાન નથી તો તપ કરીને સૂકાઈ ગયો હોય તોપણ અંદરમાં ભોગોની અભિલાષા પડી હોય તો આ દાન, તપ આદિના ફળમાં મને વાસુદેવ ચક્રવર્તી આદિની પદવી પ્રાપ્ત થજો એવું નિદાન બાંધે તેનું નામ નિદાનબંધ છે. નિજના ભાન વિના પરની અભિલાષા ઊંડે ઊંડે રહ્યાં કરે છે, ખસતી નથી તેથી નિદાનબંધ કરે છે.

શાસ્ત્રના જ્ઞાન અને રાગની ક્રિયા જેને અધિકપણે...વિશેષપણે ભાસે છે તેને ત્યાં રતિ પડી છે તેનો હેતું ત્યાં જ પડ્યો છે.

હાથમાં પુસ્તક છે કે નહિ! પુસ્તકમાંથી આ અર્થ નીકળે છે. પણ એણે કદી સત્ય વાત ગ્રહણ કરી નથી. બહારમાં ધમાધમ કરીને તેનાથી જ જાણે મારો મોક્ષ થઈ જશે એમ માનીને આત્માને ભૂલાવી દીધો છે. ભાઈ! એવા વિકલ્પની જાળમાં તારો આત્મા અશાંતિને ભોગવે છે. ભગવાન આત્મા વિકલ્પની જાળ વિનાનો છે તેનું જ્ઞાન કર તો તને શાંતિ થાય. નિજના ભાવ વિનાના ઉદ્ધત જ્ઞાનમાં, વિકલ્પની જાળમાં એ પોતાને ભૂલી ગયો છે.

...આવા શલ્યથી રહિત જે આત્મજ્ઞાન—તેના વિના શબ્દ-શાસ્ત્રાદિનું જ્ઞાન મોક્ષનું કારણ નથી. કેમ કે એ શબ્દનું જ્ઞાન છે પણ આત્માનું જ્ઞાન નથી. બંધ અધિકારમાં કહ્યું છે કે નવતત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રના શબ્દનું જ્ઞાન અને છ જીવનીકાયની દયારૂપ ચારિત્ર એ બધો વિકલ્પ છે—વ્યવહાર છે, તે આત્માને કાંઈ કાર્યકર નથી. નિશ્ચયમાં આગળ વધેલાંને આવો વ્યવહાર સાથે હોય છે પણ તે નિશ્ચયને મદદ કરે છે—એમ નથી.

શ્રોતા :—'વ્યવહાર' નિશ્ચયની સાથે તો રહે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાથે રહે તેથી શું થયું? રાજાની સાથે તેની છત્રી ઉપાડનારો નોકર રહે તેનાથી રાજાનું કાર્ય શું થયું!

શ્રોતા :—રાજાની જાહેરાત તો તેણે કરી ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—બિલકુલ નહિ. છત્રી ન હોય તોપણ રાજા તેના કપાળના તેજથી ઓળખાઈ જાય છે. 'ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાય'....જંગલમાં એકલો ચાલ્યો જતો હોય તોપણ રાજા જ લાગે. રાજાના પુણ્યની જાત જ જુદી હોય. પુણ્યશાળીની બેઠક, એની ગતિ, એની દશા....બધી જુદી તરી આવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહાહા! આ આચાર્યની વાત પરમાત્માના પોતને પ્રકાશે છે અને વ્યવહારના પોતને ખોટાં ઠરાવે છે. શાસ્ત્રજ્ઞાન, નવતત્ત્વની શ્રદ્ધા, પંચમહાવ્રત આદિના પરિણામ આત્મા નહિ પણ અનાત્મા છે તેથી તો તેને દુઃખરૂપ કહ્યાં છે તેનાથી તને આત્માનો લાભ ક્યાંથી થશે?

ધર્માદામાં બે-પાંચ લાખ ખર્ચે ત્યાં પોતાને ધર્મમાં આગળ પડતાં માનવાં લાગે... અરે ભાઈ! પાંચ લાખ તો શું પણ કરોડ રૂપિયા દાનમાં દઈ દે તોપણ એ તો અજીવ છે, તેનાથી આત્માને લાભ ન થાય. દાન કરવામાં રાગની મંદતા થઈ હોય તો પુણ્ય બંધાય પણ તેનાથી લાભ માને છો તો સાથે મિથ્યાત્વનું પાપ બંધાય છે તે દુઃખરૂપ છે, શુભવિકલ્પ પોતે પણ દુઃખરૂપ છે. ભગવાન આત્માનો નિર્વિકલ્પ આનંદ જ એક સુખરૂપ છે તેને બદલે શુભવિકલ્પમાં કાંઈક સુખ છે એમ માનનારા આત્માના આનંદને માનતાં જ નથી.

આ તો બાપુ! પરમસ્વરૂપની વાતો છે. હિતરૂપને પરમસ્વરૂપ માનવા જઈશ તો તારી દૃષ્ટિમાં સ્વરૂપની અધિકતા નહિ રહે.

...વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ પણ દુઃખનું કારણ છે. મહિના મહિનાના ઉપવાસ કરે, જંગલમાં રહે, સૂર્યના તાપમાં બેસે, આહાર લેવા જાય તોપણ મમરા ખાઈને પાણી પી લે એવી એવી ક્રિયા કરે પણ ભગવાન આત્માના જ્ઞાનાનંદના સ્વાદ અને તેની દૃષ્ટિ વિના ક્રિયાનો સ્વાદ પ્રતિકૂળ છે એમ એને નહિ ભાસે. તપની પ્રીતિ અને તેમાં એકાગ્રતા એ મિથ્યાત્વભાવ છે. જ્યાં નગ્ન દિગંબર સાધુનો નિશ્ચય સહિતનો વ્યવહારભાવ પણ દુઃખરૂપ છે તો નિશ્ચય વિનાનો વ્યવહાર તો સુખરૂપ કેમ હોય!

બે વાત કરી : (૧) આત્મજ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાન દુઃખરૂપ છે અને (૨) વીતરાગ-સ્વસંવેદન વિના તપ દુઃખરૂપ છે.

તો સુખરૂપ શું છે?—કે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના નાશપૂર્વક સ્વસંવેદનજ્ઞાન સહિતની સ્થિરતા જ જીવને સુખરૂપ છે. આત્મજ્ઞાન વિના મુનિપણું તો અનંતવાર પાળ્યું પણ લેશમાત્ર સુખ કદી પામ્યો નથી. શુભભાવના ફળમાં દેવ અને રાજા થાય એ બધાં ધૂળના સ્વામી થયા. તેમાં આત્માને કાંઈ સુખ નથી. સંસારની સગવડતા મળે એ પણ ક્ષણભંગુર છે.

આચાર્યદેવે બધી ખુલ્લી વાત કરી છે. સંપ્રદાયવાળાને રુચશે કે નહિ એવો વિચાર કર્યો નથી. તમને રુચે કે ન રુચે એમાં તમારી સ્વતંત્રતા છે. વીતરાગ સર્વજ્ઞદેવનો મારગ તો આ છે. ભગવાન કહે છે એ જ આ વાત છે. આ કાંઈ સોનગઢની વાત નથી. ત્રણકાળ ત્રણલોકમાં વીતરાગદેવે કહેલી વાત છે. વીતરાગનો પંથ જ આ છે. આ સિવાય બીજી રીતે માને છે તે વીતરાગપંથી નથી પણ અજ્ઞાનપંથી છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં કહે છે કે જ્ઞાન રહિત તપથી જે સંસારની સંપદાઓ મળે છે તે ક્ષણભંગુર છે માટે એ નક્કી થયું કે આત્મજ્ઞાનથી રહિત જે શાસ્ત્રનું જ્ઞાન અને તપશ્ચરણ આદિ છે તેનાથી મુખ્યતાથી પુણ્યનો બંધ થાય છે. તે પુણ્યથી જગતની વિભૂતિ પામે છે તે ક્ષણભંગૂર છે.

મુખ્યતાથી પુણ્યબંધ થાય છે એમ કહ્યું એટલે ગૌણપણે પાપનો બંધ તો છે જ એમ કહેવું છે. કેમ કે મિથ્યાત્વ પડ્યું છે ત્યાં પાપબંધ તો થાય જ છે. એ મિથ્યાત્વનું દુઃખ તો ઘણું છે પણ તેની એને ખબર નથી અને પુણ્યના ફળમાં સંપદા મળે છે તે દેખાય છે. મિથ્યાત્વથી આત્માની સંપદા કેટલી લૂંટાય છે તે દેખાતી નથી. એટલે પુણ્યના ફળને વાંછે છે પણ તેના ફળ તો ક્ષણભંગૂર છે તેનાથી મારા નિત્યાનંદ ભગવાનને શું લાભ? તેનો વિચાર નથી.

આમ, ચૈતન્યની સમ્યક્ શાંતિની પ્રાપ્તિ વિનાના અજ્ઞાનીઓના તપ અને શ્રુત જોકે પુણ્યના કારણ છે તોપણ મોક્ષના કારણ નથી. એમ તેણે સમ્યગ્જ્ઞાન સહિત બરાબર શ્રદ્ધા કરવી જોઈએ.

❁

❁ અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે, પરમાત્માનો એટલો ઉલ્લાસ...કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતાં હોય કે આવો....આવો...ચૈતન્યધામમાં આવો! આહાહાહા! ચૈતન્યનો એટલો આહ્લાદ અને પ્રહ્લાદ હોય, ચૈતન્યમાં એકલો આહ્લાદ જ ભર્યો છે, એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૯)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્યાં રાગની વૃદ્ધિ છે ત્યાં આત્મજ્ઞાન નથી

(સળંગ પ્રવચન નં-૧૨૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે.

આત્મા સિવાય પરપદાર્થ છે તે આત્માના કાર્યને કરી શકતાં નથી અને પરના કાર્યને આત્મા કરી શકતો નથી.

અનંત રતનથી ભરેલું વહાણ દરિયામાં વેગથી ચાલ્યું જતું હોય એમાં ક્યાંક લાકડાનાં ટૂકડાંની જરૂર પડે તો નીચેના ભાગમાંથી લાકડાંનો ટૂકડો કાઢે ખરાં? તેમ અનંત ચૈતન્ય રતનથી ભરેલાં વહાણને સમ્યગ્દૃષ્ટિ દર્શન-જ્ઞાનની વૃદ્ધિ કરતો વેગથી ચલાવી રહ્યો હોય તે પરના કર્તૃત્વમાં રોકાય?

સમ્યગ્દર્શન એટલે તો મોક્ષમહેલ ચડવાની પ્રથમ સીડી છે. સ્વભાવની દૃષ્ટિ થઈ તે પરથી કામ લેવાની બુદ્ધિ કેમ કરે! આત્મા જેની દૃષ્ટિમાં વસ્યો છે એવા સમ્યક્ દૃષ્ટિવંત ધર્મીને બીજાં પ્રત્યેના રાગથી શું કામ છે? રાગ આવે ખરો પણ તેનાથી પોતાને લાભ માનતાં નથી. અરે! વ્યવહારરત્નત્રયનો રાગ આવે ખરો પણ તેનાથી પણ લાભ માનતાં નથી. રાગમાત્રથી અંતરમાં ઉપેક્ષા છે અને વીતરાગભાવની અંતરમાં અપેક્ષા છે. ભૂમિકા પ્રમાણે, નબળાઈના કારણે રાગ આવે છે પણ તેનાથી કાંઈ પ્રયોજન નથી.

હવે કહે છે કે જેનાથી મિથ્યાત્વ અને રાગાદિની વૃદ્ધિ થતી હોય તે આત્મજ્ઞાન નથી એમ ૭૬મી ગાથામાં નિરૂપણ કરે છે.

**तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।**
**दिणयर-किरणहँ पुरउ जिय किं विलसइ तम-राउ।।७६।।**

અર્થ :—હે જીવ! તે વીતરાગ નિત્યાનંદ અખંડ સ્વભાવી પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન જ નથી કે જેનાથી પરદ્રવ્યમાં પ્રીતિ વધે. સૂર્યના કિરણો આગળ અંધકારનો ફેલાવ કેમ શોભાયમાન થઈ શકે? ન થઈ શકે.

ખરેખર જ્યાં વીતરાગ નિત્યાનંદ અખંડ સ્વભાવી પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન હોય ત્યાં રાગની વૃદ્ધિ થતી જ ન હોય. જ્યાં આવા પરમાત્મતત્ત્વનું જ્ઞાન નથી ત્યાં જ રાગની વૃદ્ધિ હોય છે. રાગરૂપ અંધકાર ફેલાયેલો છે ત્યાં ચૈતન્યસૂર્યનો પ્રકાશ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આગળ ૭૫ ગાથામાં કહ્યું કે વ્યવહાર વિકલ્પ રાગાદિ હોય એ કાંઈ પ્રયોજનભૂત નથી, દુઃખરૂપ છે. આ ૭૬ ગાથામાં તેનાથી પણ વિશેષ વાત કરી છે કે આત્મા નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ થયાં પછી રાગ વૃદ્ધિ પામે એમ કેમ બને! જ્યાં ભ્રમણા અને રાગની વૃદ્ધિ હોય ત્યાં આત્મજ્ઞાન ન હોઈ શકે. જ્યાં રાગની તીવ્રતા હોય કે આમ કરવાથી આમ થશે, આ લઉં, આ મૂકું.....એ મિથ્યાત્વભાવ છે અને સાથે રાગની વૃદ્ધિ છે ત્યાં આત્માની દૃષ્ટિ કેવી? જ્યાં રાગથી કામ લેવાની વૃત્તિ છે કે આવો રાગ કરું તો આમ થાય, આવા વિકલ્પ કરું તો આમ થાય... એમ જ્યાં મિથ્યાત્વની ભ્રમણા અને રાગની ધારા વધે છે ત્યાં ચૈતન્ય ભગવાનની વીતરાગતાની વૃદ્ધિ તો નથી પણ તેનું કારણ પણ નથી.

ભગવાન આત્મા તો એકલાં ચૈતન્યરતનનો ભંડાર છે. તેની દૃષ્ટિ થઈ હોય અને રાગની એકતા અને રાગની વૃદ્ધિ થાય એમ ત્રણકાળમાં બને નહિ. જેને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન નથી તેને પરદ્રવ્યમાં પ્રીતિ વધે છે. આત્મદૃષ્ટિવંતને તો પરદ્રવ્યમાં પ્રીતિ ઘટતી જાય છે, પરમાં આસક્તિ હોય છે પણ એકતાં હોતી નથી અને આસક્તિ પણ ઘટતી જાય છે.

ભગવાન આત્માનું ભાન નથી તેને જ વિકલ્પમાં એકતા અને વિકલ્પની વૃદ્ધિ થાય છે. પરમાત્મપ્રકાશની વાત જ કોઈ ન્યારી છે! દ્રષ્ટાંત આપીને સમજાવશે કે અખંડ પરમાનંદ પ્રભુની પ્રીતિ જેને નથી તેને જ પરદ્રવ્યની પ્રીતિનો પ્રવાહ વહે છે. બહારથી પરદ્રવ્યની પ્રીતિનું માપ નથી. બાહ્યમાં બધો પરિગ્રહ છૂટી ગયો છે માટે તેને રાગ નથી અને બાહ્યમાં છ ખંડના રાજ છે માટે તેને રાગ વધી ગયેલો છે એમ એનું માપ ન હોય.

મહાન ચૈતન્ય પ્રભુ—અનંતગુણ સાગર આત્માની દૃષ્ટિ અને અનુભવથી જેના વહાણ મોક્ષ તરફ ચાલી રહ્યાં છે, સંસારનો કિનારો નજીક આવી રહ્યો છે તેને રાગની એકતા તો નથી પણ રાગની વૃદ્ધિ પણ તેને નથી. જ્યાં આત્મદ્રવ્યની રુચિ ન હોય ત્યાં પરદ્રવ્યનો પ્રેમ હોય જ છે. તેને અંદરમાં રાગની વૃદ્ધિ થતી હોય છે. મિથ્યાત્વ સહિત રાગની વૃદ્ધિ છે ત્યાં ચૈતન્યસૂર્યનો પ્રકાશ નથી. દિનકર હોય તો ત્યાં અંધારા ન હોય.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનું સ્થાન આત્મા નથી. વિકલ્પનું ઉત્થાન થવું એ જીવનું સ્વરૂપ નથી. આત્મા તો અતીન્દ્રિય આનંદરૂપ મોક્ષના બીજ પાકે એવું સ્થાન છે, ત્યાં રાગની એકતા અને રાગની વૃદ્ધિ કેમ હોઈ શકે? દયા, દાન, વ્રત, ભક્તિ, યાત્રાના ભાવથી મારું કલ્યાણ થશે એવું માનનારા મિથ્યાદૃષ્ટિ જીવને, બહારથી સ્ત્રી, પુત્રાદિનો ત્યાગ કરતો હોય તોપણ, અંદરમાં મિથ્યાત્વની પુષ્ટિ થતી જાય છે. પરદ્રવ્યના પરમાણુમાત્રને હું કરી શકું છું એવી બુદ્ધિ છે અને રાગ આવે તેની પ્રીતિ અને રુચિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને આત્માની દૃષ્ટિ નથી. સમ્યગ્દૃષ્ટિને તો ઈચ્છા થાય છે એ ખરેખર ઈચ્છા જ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભક્તિ, દયા, દાનાદિની ઈચ્છા થાય છે તેનાથી મારું કાર્ય સિદ્ધ થશે એમ એ માનતાં જ નથી. ઈચ્છા તો રાગ છે, રાગથી શું વીતરાગતાનું કાર્ય સિદ્ધ થાય?

નિશ્ચય સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર અને વ્યવહાર સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર બંને વિરૂદ્ધ છે કેમ કે તેના આશ્રય જુદાં છે, બંનેની દિશા જુદી છે, બંનેના ફળ પણ જુદાં છે. માટે જ્યાં રાગની વૃદ્ધિ છે ત્યાં આત્મજ્ઞાન નથી. આત્મજ્ઞાન હોય ત્યાં રાગની વૃદ્ધિ ન હોઈ શકે. કોની પેઠે? સૂર્યની પેઠે. જ્યાં સૂર્યના કિરણો ફેલાયેલાં હોય ત્યાં અંધકાર ન હોઈ શકે.

જુઓ! દિગંબર સંતો દૃષ્ટાંત પણ કેવા આપે છે? સૂર્યના તીખા કિરણો પ્રકાશ—પ્રકાશ ફેલાવતાં હોય ત્યાં અંધકાર શી રીતે શોભા પામે? એટલે કે અંધકાર હોય જ નહિ. તેમ ચૈતન્યસૂર્યના જ્ઞાનકિરણો જ્યાં ફેલાયા હોય ત્યાં રાગની વૃદ્ધિ કેમ શોભા પામે? અર્થાત્ રાગની વૃદ્ધિ હોય જ નહિ.

જેમ ચપટી રાખ માટે ચંદનના વનને બાળી નાંખે તેમ ભગવાન આત્મા એકલો શીતળ શીતળ ચૈતન્ય ચંદનનું વન છે તેને બાળીને અજ્ઞાની પુણ્યની અને દુનિયાની ચીજોની અભિલાષા કરે છે. અહા! ભગવાન આત્માના વહાણનું આગમ દૃષ્ટાંત આપ્યું ને! શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ અને આનંદાદિ અનંતગુણરત્નોથી ભરેલા ચૈતન્યના વહાણમાં એક લાકડાના કે લોખંડના ટૂકડાંની જરૂર હોય તો વહાણમાં નીચેના ભાગમાંથી તોડીને કાઢે તે મૂરખ છે, તેમ અનંત અનંત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના રતનથી ભરેલો ભગવાન જેના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો હોય અને પછી કહે કે ના...ના...એટલાથી ન ચાલે, મારે તો આ જોઈએ...તે જોઈએ...તો તું મૂઢ છો, તારું ચૈતન્યરતનથી ભરેલું આખું વહાણ ડૂબી જશે.

અરે, પણ ગૃહસ્થાશ્રમમાં પણ આવી દશા!! હા, આત્મા ક્યાં ગૃહસ્થાશ્રમમાં છે? આત્મા ગૃહસ્થાશ્રમમાં પણ નથી અને બાર વ્રતના વિકલ્પમાં પણ આત્મા નથી. આત્મા તો આત્મામાં છે. બાર વ્રત આદિના શુભવિકલ્પ હોય છે પણ તેનાથી આત્માનું શુદ્ધતાનું કાર્ય સિદ્ધ થતું નથી, તેથી જ્ઞાનીને છ આવશ્યક આદિનો રાગ હોવા છતાં રાગની વૃદ્ધિ નથી. જ્યાં વીતરાગીસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન નથી ત્યાં જ રાગની વૃદ્ધિરૂપ અંધકાર હોય છે.

ભાવાર્થ :—શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ પરમ આનંદ તેના શત્રુ પંચેન્દ્રિયના વિષયોની અભિલાષા જ્યાં હોય ત્યાં નિજ આત્મજ્ઞાન નથી, અજ્ઞાન જ છે. જ્યાં વીતરાગભાવ છે ત્યાં જ સમ્યગ્જ્ઞાન છે.

અહીં શુદ્ધાત્માની ભાવના એટલે શુદ્ધાત્મામાં એકાગ્રતા એવો અર્થ સમજવો. બીજી જગ્યાએ ભાવનાનો અર્થ ચિંતવન થાય છે અને ધ્યાનનો અર્થ એકાગ્રતા થાય છે એમ કહ્યું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે તેમ અહીં ન સમજવું. અહીં ભાવનાને જ એકાગ્રતાના અર્થમાં કહી છે. પરમાનંદરૂપી માખણથી ભરેલા ભગવાનની ભાવનાથી શું ઉત્પન્ન થાય છે?—કે વીતરાગ પરમાનંદ ઉત્પન્ન થાય છે, રાગ ઉત્પન્ન થતો નથી. શુભરાગ પણ આત્માના ધર્મના કાર્યમાં બિલકુલ કારણ થતો નથી.

પહેલાંનાં માણસોને આ આકરું પડે. સમજાય પણ નહિ. કેમ કે ભક્તામર બોલવું, ભગવાનની પૂજા કરવી, દાન દેવું...તેનાથી જ ધર્મ થઈ જશે એમ માનેલું હોય તેની સામે આ વાત આવે કે લાખવાર ભક્તામર બોલ કે કરોડ પૂજા કર પણ તે શુભરાગ છે, તેનાથી ધર્મ નહિ થાય—સમ્યગ્દર્શન નહિ થાય એ સમજવું અઘરું લાગે.

શ્રોતા :—તો પૂજા, ભક્તામર આદિ કરવા કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ કરવાના ભાવ આવ્યા વિના નહિ રહે. મોટા પંચકલ્યાણક કરાવવાના ભાવ પણ આવે. પણ ક્રિયા તો જે થવાયોગ્ય હોય તે થાય. તે ક્રિયાથી કે શુભરાગથી ધર્મ નહિ થાય. શુભરાગથી જડની ક્રિયા પણ ન થાય અને આત્માનો ધર્મ પણ ન થાય.

મંદિર રચાવું કે ન રચાવું એ પરમાણુના જગતનું કાર્ય છે. સ્કંધ છે તે પરમાણુનું જગત છે, તેનાથી મંદિરની ઉત્પત્તિ થાય છે. ઉત્પત્તિ એટલે પર્યાય થાય છે.

અહીં તો અપૂર્વ વાત છે. બાકી ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, તેની કરી ખીચડી... એ વાત તો બધાંએ સાંભળેલી જ છે. અહીં તો વીતરાગ ધર્મકથા છે. વીતરાગ...વીતરાગ...વીતરાગની જ કથા મુનિઓ કરે છે. મુનિઓ પાસે બીજી વાત જ નથી. વારંવાર વીતરાગતાની જ વાત છે. આત્માનો સ્વભાવ વીતરાગી, આત્માનું સમ્યગ્દર્શન વીતરાગી, આત્માનું જ્ઞાન વીતરાગી અને સ્થિરતા પણ વીતરાગી છે. તેના ફળમાં તો એકલી વીતરાગતા જ છે. ગૃહસ્થાશ્રમમાં પહેલાં દીપચંદજી સાધર્મી આત્માવલોકનમાં આમ કહે છે કે મુનિઓ મુહુ મુહુ—વારંવાર વીતરાગતાની વાત કરે છે. છઢાળામાં દૌલતરામજી પણ લખે છે કે '...ભ્રમરોગહર જિનકે વચન, મુખચંદ્રતે અમૃત ઝરૈ.' જિનવાણીમાં અમૃત ઝરે છે.

મુનિઓ તો તેને કહીએ કે જેના અંતરમાં અતીન્દ્રિય આનંદ ઉછાળા મારે છે. આવા મુનિઓના મુખમાંથી વીતરાગતાના અમૃત ઝરે છે. રાગ ઉઠે છે તે અમૃત નથી. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવો પ્રભુ જેમાં એકલાં વીતરાગી અમૃતનો સાગર ઉછળી રહ્યો છે તેની વાત મુનિઓ કરે છે. અરે જીવો! તમે વીતરાગી આત્માની દૃષ્ટિ કરો. વીતરાગી આત્માનું અંતરજ્ઞાન કરો અને વીતરાગી આત્મામાં ઠરો...એ મોક્ષમાર્ગ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

"ષટ્કાય જીવ ન હનનતે, સબવિધ દરવહિંસા ટરી,
રાગાદિભાવ નિવારતેં, હિંસા ન ભાવિત અવતરી.

જિનકે ન લેશ મૃષા, ન જળ, મૃણ હૂ વિના દિયો ગહે,
અઠદશ સહસ વિધ શીલધર, ચિદ્બ્રહ્મમેં નિત રમી રહે."

આવા મુનિને મુનિ કહેવાય. કાંઈ કપડાં કાઢીને નગ્ન થઈ જવાથી મુનિ કહેવાતાં નથી. પંચમકાળ હોય તોપણ શું! મુનિનું સ્વરૂપ તો સદાય એકસરખું જ હોય. પંચમકાળમાં પણ પકવાન તો ઘી, ગોળ અને લોટનો જ બને, કાંઈ ગારા અને પાણીનો ન બને.

અહા! ચિદ્બ્રહ્મમાં રમનારા મુનિના મુખમાંથી આવું અમૃત ઝરે છે કે ભગવાન આત્મા તો અનાકુળ અમૃતથી ભરેલો પ્રભુ છે ને ભાઈ! તેની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરો. એવી જ વાણી સંતોના મુખમાંથી નીકળે છે ભગવાન! તારા શાંતસાગરની દૃષ્ટિ કર! જ્ઞાન કર! વિકલ્પ ઉઠે પણ તેને ન જો. ભગવાનને જો ને! અનાકુળ અમૃતનો દરિયો ભરેલો છે તેને જો, શ્રદ્ધા કર અને ઠર! નિશ્ચય સમકિતની વાત મુખ્યપણે કરે છે.

છઢાળામાં તો ગાગરમાં સાગર ભર્યો છે. સાદી સીધી સરળ વાત કરે છે પણ મૂઢ બીજે દોરાઈ ગયો છે તેથી આ અધ્યાત્મનો દોર એના હાથમાં આવતો નથી. પોતે જ આડ મારી છે.

અહીં કહે છે કે અહો! આનંદકંદ શુદ્ધાત્મામાં એકાગ્રતાથી શું ઉત્પન્ન થાય? કાંઈ દયા-દાન-વ્રતના વિકલ્પો ઉત્પન્ન થાય? આગળ કહી ગયા છે કે વ્રતના વિકલ્પ કે શાસ્ત્રનું જ્ઞાન આત્માને કાંઈ કાર્યસિદ્ધિ આપતું નથી. શાસ્ત્રના ઉપદેશનો વિકલ્પ ઉઠે છે તે પણ આત્માને ધર્મ પ્રગટ કરવામાં કાંઈ મદદ કરતો નથી. આત્માનો ધર્મ તો શુદ્ધાત્મામાં એકાગ્રતાથી જ પ્રગટ થાય છે. પરમ સુખ અને આનંદની પ્રાપ્તિ આ એકાગ્રતાથી થાય છે. વ્યવહારરત્નત્રયની પ્રાપ્તિ એ આ એકાગ્રતાનું ફળ પણ નથી અને વ્યવહારરત્નત્રયથી આત્માના કાર્યની સિદ્ધિ પણ નથી. વ્યવહારરત્નત્રય તો અસ્થિરતા વશ ઉત્પન્ન થયેલો વિકલ્પ છે. આત્મામાં એકાગ્રતાથી તો પરમસુખ અને પરમાનંદ ઉત્પન્ન થાય છે, વ્યવહારરત્નત્રયનો રાગ નહિ.

અહા! ક્યાં તારું પરમ અમૃત આનંદમય તત્ત્વ અને ક્યાં આ સંયોગ! જુવાન શરીર હોય, રૂપાળું હોય, નીરોગી હોય, ભવિષ્યમાં રોગ થાય એવી શંકા ન હોય, કરોડોની સંપત્તિ હોય....તેની પ્રીતિમાં અજ્ઞાનીનો ઉલ્લાસ જોઈ લો! એ ઉલ્લાસ દેખાય છે તે ઝેરનો ઉલ્લાસ છે. અજ્ઞાનીનો અજ્ઞાનમય બાળપણનો ઉલ્લાસ છે. એ બાળપણ છોડીને જ્યાં જ્ઞાનની યુવાનીમાં આવ્યો—પૂર્ણાનંદ ભગવાનની નિર્મળદશાની રમતમાં આવ્યો તે એકાગ્રતાના

ભોજનની શું વાત કરવી! આહાહા!! અજ્ઞાનીએ આ ઉલ્લાસનો અનુભવ નથી કર્યો પણ અજ્ઞાનમય ઝેરના ઉલ્લાસનો અનુભવ તો કર્યો છે ને કે પોતે જુવાન, નીરોગ, ધનવાન, એકનો એક પુત્ર અને સામે કન્યા પણ એવી જ સુંદર, રૂપવાન, તેના મા-બાપની એકની એક દીકરી હોય એના પ્રથમ મિલનમાં એને કેવો પ્રેમ લાગે કે જાણે જગતમાં આ સિવાય બીજું કાંઈ છે જ નહિ! ચારેબાજુની સરખાઈનો આનંદ વેદાતો હોય....તેમ અહીં તો 'ભાવના' શબ્દનો ભાવ સમજાવવો છે કે અહો! ભગવાન ચૈતન્ય આનંદનો કંદ પ્રભુ તેના યૌવનકાળની એકાગ્રતાનું શું કથન કરવું! એટલા ઉત્સાહથી અંદરમાં એકાગ્ર થાય છે કે અણુત્સાહ ક્યાં છે તેની ખબર નથી. પ્રમાદનું તો નામ નથી.

સમયસારમાં આવે છે ને! હવે પછીની અનંત કાળાવલી આમનેમ પસાર થાઓ... સમયસારના શબ્દો બધાં અમૃતના આનંદના એકલાં વીતરાગી ઝરણાં છે. ઓલા યુવાનોને ઉત્પન્ન થયેલો રાગનો પ્રેમ એકલો ઝેર છે, જ્યારે શુદ્ધાત્મામાં એકાગ્રતાનો ઉલ્લાસ તો એકલો અમૃત છે.

ચારે બાજુથી સરખાઈવાળા યુવાનના લગ્ન થાય અને જ્યાં વિશ્વાસુ જ્યોતિષી એમ કહે કે જો તમે સુહાગરાત ભોગવશો તો મરી જશો. તો પછી એ પ્રીતિ રહે ખરી! પ્રીતિ અગ્નિમાં મળી જાય. આ કોઈ અદ્ધરની વાત નથી હો! બની ગયેલો દ્રષ્ટાંત છે. જામનગરના દરબારનું સગપણ થયેલું પણ અનુભવી જ્યોતિષીએ એવી વાત કરી, તો આખી જિંદગી પરણ્યાં વગર રહ્યાં. તેમ અહીં તો એ કહેવું છે કે તારા આત્મામાં એકાગ્રતામાં તને એટલો આનંદ આવશે કે રાગનો આનંદ લેવા જઈશ તો મરી જઈશ, ઝેર થઈ જશે... ગુરુની આવી વાણી સાંભળીને એને રાગનો રસ રહે ખરો! શુભાશુભરાગની રુચિની ઉત્પત્તિ જ અટકી જાય.

કથામાં પણ આવી વાત આવે છે કે, વિજય શેઠ અને વિજયા શેઠાણીના લગ્ન તો થયા પણ એકને સુદમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા હતી અને એકને વદમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા હતી. પ્રથમરાતે જ વાત થઈ, બંને જણા આખી જિંદગી બ્રહ્મચર્યથી રહ્યાં, સજ્જનને બીજી વાત ન હોય, ભાઈ-બેનની જેમ રહ્યાં. પહેલાં જે રાગનો ઉલ્લાસ હતો તે ક્ષણમાં કેવો પલટી જાય છે! તેમ જેને શ્રદ્ધા-જ્ઞાનમાં ભગવાન આત્માનો પ્રેમ થાય છે તેને ક્ષણમાં ઝેરના ઉલ્લાસ છૂટી જાય છે. હવે મારે અને રાગને કાંઈ સંબંધ નથી. તેથી જ તો અહીં પંચેન્દ્રિયના વિષયોની અભિલાષાને વીતરાગ પરમાનંદની શત્રુ કહી છે. વિષયોની અભિલાષા છે ત્યાં આત્મજ્ઞાન ન હોય શકે.

સમ્યગ્દ્રષ્ટિને રાગ થાય છે પણ અભિલાષા નથી. અભિલાષા તો ભગવાન આત્માની છે અને અહીં તો વિશેષ એકાગ્રતાવાળા જ્ઞાનીની વાત છે કે તેને અભિલાષાની વૃત્તિની ઉત્પત્તિ

www.vitragvani.com



જ થતી નથી. 'વિષય' શબ્દનો અર્થ એકલો ભોગ નથી. વિષય કહેતાં પાંચેય ઈન્દ્રિયના વિષયો—રૂપ, રસ, ગંધ, આબરું, કીર્તિ આદિની વાસનાનો પ્રેમ ધર્મીને ન હોય. જ્યાં અતીન્દ્રિય ભગવાન આત્માનું જ્ઞાન છે ત્યાં પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષાનું ઝેર ક્યાંથી હોય! જ્યાં સૂર્ય ઉગે ત્યાં અંધકાર ક્યાંથી હોય! અને અંધકાર છે ત્યાં દિનકરના પ્રકાશ છે જ નહિ. દિનકર એટલે સૂર્યના કિરણો—કર એટલે હાથ. જ્યાં રાગની અભિલાષા છે ત્યાં આત્માનો હાથ નથી. આત્માનો એ અધિકાર નથી. આબરું, કીર્તિ આદિના મલાવા છે તે આત્માના આનંદના વેરી છે.

શ્રોતા :—તેને તો આ વાણી જ નિવારી શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—હોશિયાર માણસ છો એટલે કહેતા આવડે છે કે વાણી જ નિવારી શકે.

જેમાં એકાગ્રતાથી શાંતરસના ઝરણાં ઝરે તેના વેરી એવા પાંચ ઈન્દ્રિયના વિષયોની અભિલાષા જ્યાં હોય ત્યાં આત્મજ્ઞાન કેમ હોય! ત્યાં આત્માની દૃષ્ટિ કેવી! તેની દૃષ્ટિમાં આત્મા ક્યાંથી વસે!

આ બહારની વાત નથી હો. લોકોને તો એમ છે કે આપણે સ્ત્રી, ઘર આદિ છોડી દઈએ એટલે આપણા વિષય છૂટી ગયા કહેવાય પણ એમ નથી. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓથી છૂટીને સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે વિષયોની અભિલાષા છૂટે છે. જ્યાં ભગવાન આત્માની ભાવના છે ત્યાં રાગની ભાવના કેવી! અને જ્યાં રાગની ભાવના છે ત્યાં ભગવાન આત્માની ભાવના કેવી! એક મ્યાનમાં બે તલવાર કદી ન સમાય.

પુણ્યના ફળમાં પરવિષયો મળે છે, સ્વવિષય ફળતો નથી. તેથી તો ભગવાન કહે છે કે સમકિતીને જેટલો રાગ રહી જાય છે તેના ફળમાં એ સ્વર્ગમાં રાગ અંગારામાં શેકાય છે. શુભરાગના ફળમાં પણ આત્માની શાંતિ મળતી નથી. શાંતરસની એકાગ્રતાના ફળમાં વાસનાનું ઉઠવું ન હોય. જ્યાં વાસનાનો પ્રેમ હોય ત્યાં આત્મજ્ઞાન ન હોય. અજ્ઞાન જ હોય. ભલે તે ત્યાગી અને મુનિ થઈને બેઠો હોય તોપણ અંદરમાં રાગની અભિલાષા પડી છે તેને આત્માનું જ્ઞાન નથી. રાગના વેગે તણાયો તેને ચૈતન્યનું જ્ઞાન નથી

જ્યાં વીતરાગભાવ છે ત્યાં જ સમ્યગ્જ્ઞાન છે. જ્યાં રાગનો રસ પડ્યો છે ત્યાં સમ્યગ્જ્ઞાન હોઈ શકતું નથી. જેની શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્મળાનંદ વીતરાગસ્વભાવ વસે છે તેને જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન છે ત્યાં સમ્યગ્જ્ઞાન છે એમ નથી. શાસ્ત્રજ્ઞાનમાં આત્મજ્ઞાનની વાત તો પહેલાં જ કાઢી નાંખી છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.

કાયરોને આવી વાત પ્રતિકૂળ લાગે. કાયર તે છે કે જે મિથ્યાત્વથી પુષ્ટ થયેલાં છે. તેને વીતરાગની આ વાણી કે—'વ્યવહારરત્નત્રયના વિકલ્પથી આત્માનું હિત થાય નહિ અને આત્મામાં એકાગ્રતાથી તે રાગ ઉત્પન્ન થાય નહિ'—શ્રદ્ધા-જ્ઞાનમાં બેસતી નથી.

આ જ વાત દ્રષ્ટાંત દ્વારા દૃઢ કરે છે તે સાંભળો! હે જીવ! જેમ સૂર્યના પ્રકાશ પાસે અંધારું શોભા પામતું નથી તેમ આત્મજ્ઞાનમાં વિષયોની અભિલાષા શોભતી નથી. આમ, નિશ્ચયથી જાણજો.

સૂર્યના પ્રકાશ પાસે અંધારું શોભતું નથી એટલે કે અંધારું હોતું જ નથી તેમ આત્મજ્ઞાન હોય તેને વિષયોની અભિલાષા હોતી જ નથી. આ વાત નક્કી સમજવી. જેને ભગવાન આત્માનું ભાન અને દર્શન છે તેને વિષયની અભિલાષા કેમ સ્ફૂરે? જ્યાં આનંદ સ્ફૂરે છે ત્યાં રાગનો રસ ક્યાંથી સ્ફૂરે! અસ્થિરતાવશ થોડી રાગની વૃત્તિ આવે તેને અહીં ગૌણ કરીને વાત કરી છે. અહીં જ્ઞાન અને અજ્ઞાન બેની જ વાત કરી છે. અસ્થિરતાની વાત જ કરી નથી. તત્ત્વની દૃષ્ટિ સમજ્યા વિના માત્ર શાસ્ત્રજ્ઞાનથી નિવેડો આવે તેમ નથી. સમ્યગ્દૃષ્ટિને રાગની ઉત્પત્તિ થઈ જાય એ જુદી વાત છે. પણ તેમાં મીઠાશ રહેતી નથી. ઉપરથી ઈન્દ્ર ઉતરીને રાગનો રસ લેવા લલચાવે તોપણ ડગે નહિ. અરે! અમે અમારા શાંતરસની એકાગ્રતામાં આવીએ ને! અમે રાગમાં શું કામ એકાગ્ર થઈએ!

શાસ્ત્રનું જ્ઞાન થવા છતાં જો નિરાકુળતા ન થાય અને આકુળતાના ઉપજવવાળા આત્મિક સુખના વૈરી રાગાદિકની જો વૃદ્ધિ થતી હોય તો તે જ્ઞાન શા કામનું? જ્ઞાન તો તે છે કે જેનાથી આકુળતા મટી જાય.

શાસ્ત્રનો ઉપદેશ આપીને હજારો, લાખો માણસોને રીઝાવી દે પણ અંતરમાં પોતાને નિરાકુળ સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન નથી તો એ શાસ્ત્રજ્ઞાનથી તેને શું લાભ થયો? ઉલટો રાગ વધ્યો હોય કે જે આત્મિકસુખનો વેરી છે તેની વૃદ્ધિ થઈ તો એ જ્ઞાન શું કામનું? અંતરદૃષ્ટિપૂર્વક જ્ઞાન શાંત થઈને કર્યું નથી તો એ જ્ઞાનને જ્ઞાન જ કહેવાતું નથી.

❑ ❑ ❑

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# જ્ઞાન તેને કહેવાય જેનાથી આકુળતા મટે

(સળંગ પ્રવચન નં-૧૨૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૭૬મી ગાથા ચાલે છે તેમાં યોગીન્દ્રદેવ કહે છે કે શાસ્ત્રનું જ્ઞાન થવા છતાં જો નિરાકુલતા ન થાય અને આકુળતાના ઉત્પાદક, આત્મિક સુખના વૈરી એવા રાગાદિક વૃદ્ધિને પ્રાપ્ત થાય તો તે જ્ઞાન શું કામનું? જ્ઞાન તો તેને કહેવાય કે જેનાથી આકુળતા મટી જાય.

આત્મા એક શાંત અને આનંદસ્વરૂપ વસ્તુ છે માટે આત્માનું જ્ઞાન કરતાં આત્મામાં જેવી શાંતિ અને આનંદ છે તેવી શાંતિ અને આનંદ જ્ઞાનમાં આવવા જોઈએ. જો આનંદ અને શાંતિ ન આવે અને ઉલટો વિકાર અને આકુળતા વધે, દુઃખ વધે તો એ જ્ઞાન શેનું? જેમાં જ્ઞાન અને આનંદ નથી તેનું જ્ઞાન કર્યે શાંતિ અને આનંદ ન આવે માટે તેને જ્ઞાન ન કહેવાય.

શાસ્ત્રના ભણતર કરી લીધા કે બીજાને સમજાવતા આવડી ગયું તે જ્ઞાન નથી. જે માણસને જે વિષય સંબંધીનું જ્ઞાન હોય તેમાં એ નિઃશંક હોય છે કે આ વિષયની મને બરાબર ખબર છે. તેમ આત્માના અસ્તિત્વ સંબંધીનું જેને જ્ઞાન હોય તેને નિઃશંકપણે તેમાં વિશ્વાસ અને શાંતિ આવે. એ શાંતિ બીજાને ન બતાવી શકાય. પોતાના વેદનનો જે વિષય છે તે બીજાના વેદનમાં આવી શકતો નથી પણ પોતાને તે બરાબર ખ્યાલમાં આવે છે.

શાસ્ત્રનું જ્ઞાન કે રાગની મંદતાની ક્રિયા તેમાં શાંતિ નથી માટે તેના જ્ઞાનમાં શાંતિ થતી નથી. જેમ, તમે જે ધંધો કરતાં હો તે ધંધાના વિષયમાં તમે નિઃશંક હો છો ને! જેટલી નિઃશંકતા હોય છે એટલી નિર્ભયતા હોય છે, ગભરાટ નથી થતો. તેમ ભગવાન આત્માનું જ્ઞાન કરનાર તેના વિષયમાં નિઃશંક હોય અને આત્મામાં જેવી શાંતિ અને આનંદ છે તેવું તેનું વેદન પણ તેને આવે છે. જો વેદન નથી આવતું તો તે નિઃશંક થઈ શકતો નથી. માટે તે જ્ઞાન પણ ખરેખર આત્માનું જ્ઞાન નથી.

તમને નોવેલોનું જ્ઞાન હતું તો તેનો તમને બરાબર ખ્યાલ હતો કે નહિ?—હતો. તો તે તમે બતાવી શકો? હાથમાં લઈને બતાવી ન શકો પણ ભાવમાં કેટલી નિઃશંકતા હોય કે હું આમાં નિપુણ છું. તેમ ભગવાન આત્માનું જ્ઞાન થાય તેને આત્માના વિષયમાં નિઃશંકતા અને શાંતિનું વેદન હોય. આમ હશે કે આમ હશે! એવી શંકા ન હોય. શાસ્ત્ર ભણે, નવ પૂર્વ ભણી જાય પણ આત્માના વિષયમાં નિઃશંકતા અને શાંતિનું વેદન ન હોય તો એ આત્માનું

www.vitragvani.com



જ્ઞાન જ નથી. જે જ્ઞાનથી આકુળતા ન મટે, દુઃખ વધે એ જ્ઞાનને જ્ઞાન કેમ કહેવાય? સમજાય છે કે નહિ આમાં? આત્માના જ્ઞાનમાં સાથે શાંતિ અને આનંદ હોય જ. શાંતિ ચારિત્રગુણની પર્યાય છે અને આનંદ સુખ ગુણની પર્યાય છે, તે જ્ઞાનની સાથે હોય જ છે માટે આત્માનું જ્ઞાન શાંતિ અને આનંદમય જ હોઈ શકે, આકુળતામય હોય તે જ્ઞાન નથી.

બીજાનાં આત્મામાં જ્ઞાન, આનંદ, શાંતિ બધું છે પણ તેનું જ્ઞાન કરતાં આ આત્માને જ્ઞાન, આનંદ, શાંતિ આદિ થતાં નથી. પોતાના આત્માનું જ્ઞાન જ પોતાને સુખદાયક છે. પાઠમાં એ જ કહ્યું છે કે **तं णिय-णाणु जि होइ ण जेण पवड्ढइ राउ।** જ્ઞાન જ તેને કહીએ કે જેનાથી રાગાદિ વધે નહિ અને નિરાકુળતા થાય.

સમયસારમાં પ્રથમ કળશમાં જ કહ્યું છે કે પરને જાણવાથી જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. અજીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળમાં જ્ઞાન નથી અને સુખ પણ નથી તેથી તેનું સ્વરૂપ જાણવાવાળા જીવને પણ જ્ઞાન અને સુખ થતું નથી. શુદ્ધજીવમાં જ્ઞાન અને સુખ છે, તેને જાણવાવાળા જીવને પણ સુખ અને જ્ઞાનનું વેદન થાય છે. બહુ સરસ—મર્મની વાત ત્યાં મૂકી છે. આ મર્મ સમજ્યાં વિના વાતો કરે તેના વેદનમાં શાંતિ અને આનંદ નથી. માટે જે જ્ઞાન આકુળતાને વધારે છે તે આત્માનું જ્ઞાન જ નથી. કેમ કે આત્મામાં આકુળતા નથી, આત્મામાં અનાકુળતા અને શાંતિ છે માટે તેને જાણનારના વેદનમાં શાંતિ આવવી જોઈએ. ભલે બીજું જાણપણું ઓછું હોય, બોલવાની, બીજાને સમજવવાની શક્તિ ભલે ન હોય પણ આત્માનું જ્ઞાન હોય તો તેને ક્રમે ક્રમે અનાકુળતા અને શાંતિની વૃદ્ધિ થવી જોઈએ તો જ તેને આત્માનું જ્ઞાન કહેવાય. ન્યાયથી નક્કી થાય તેવી વાત છે.

આત્માના જ્ઞાન વિનાના એકલાં પરના જ્ઞાનમાં આકુળતા, ચિંતા અને ભય આદિ જ હોય છે. દુનિયાની ચતુરાઈ હોય એટલે ન્યાયથી વિરૂદ્ધ કાર્ય પણ કરી નાંખે, પણ અંદરમાં ભય કેટલો હોય! નાનપણમાં અમારા ભાગીદાર ભાઈઓએ બે ટીકીટમાં વધારે પડતો માલ મુંબઈથી પાલેજ જવા માટે ટ્રેઈનમાં ભરી લીધો હતો અને એમાં પોતાની હોશિયારી માનતાં હતાં પણ તેમાં એકલી આકુળતા અને ચિંતા હોય, શાંતિ ન હોય તે જ્ઞાનને જ્ઞાન કોણ કહે! જ્ઞાનીને આવા ખોટા પરિણામ તો ન હોય પણ વિષયમાં વર્તન તો જ્ઞાનીને પણ હોય છે પણ તેનો આદર બિલકુલ હોતો નથી.

પ્રશ્ન થાય કે જ્ઞાનીને વિષયાદિ વર્તનનો આદર નથી અને અજ્ઞાનીને આદર છે એ કેમ જાણ્યું? વર્તન તો બંને કરી રહ્યાં હોય છતાં તેનો ભેદ જાણનારો જાણી લે છે. બીજાનો ભાવ પોતાના જાણવામાં આવી જાય પણ તે બીજાને બતાવી ન શકાય. બીજો પોતે ખ્યાલમાં લે તો તેને ખ્યાલમાં આવી જાય પણ ખ્યાલમાં ન લે તો કોઈ કોઈને બતાવી ન શકે. જ્ઞાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હોય તો બીજા જ્ઞાનીની દશાને કળી લે કે અહો! આનું વેદન ફરી ગયું છે. ભલે તેનું વેદન ન થાય પણ આને સ્વસંવેદન છે એવું પોતાને જ્ઞાન થાય છે.

અહીં તો એ કહે છે કે જેને આત્મજ્ઞાન છે તેને આકુળતા અને રાગની વૃદ્ધિ ન હોઈ શકે. આસક્તિ હોય એ જુદી વાત છે. તે ગૌણ છે કેમ કે એ આસક્તિમાં જ્ઞાનીને રસ હોતો નથી. સમકિતી ધ્યાનમાં હોય ત્યારે પણ અનંતાનુબંધી સિવાયના ત્રણ કષાયોની આસક્તિ તો ધ્યાનકાળે પણ પડી છે પણ તેથી કાંઈ તેની આકુળતામાં એકતા છે કે અનાકુળસ્વભાવની એકતા તૂટી ગઈ છે—એમ નથી.

જ્ઞાન તો તે છે કે જેનાથી આકુળતા મટી જાય.

ચકલાં બેઠાં હોય તો પણ પાંખ હલાવ્યાં કરતાં હોય, એ સ્થૂળપણે તેની અંદરની આકુળતાને જાહેર કરે છે. તેમ જે કોઈને પર તરફના શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા છે તેને તો એકલી આકુળતા જ છે ભાઈ! કેમ કે તેને પોતાના શ્રદ્ધા જ્ઞાન નથી. તે ભલે બહારથી નગ્ન મુનિપણું લઈને બેઠો હોય તો પણ આકુળતા જ છે.

માટે, આ નિશ્ચય થયો કે બાહ્ય પદાર્થોના જ્ઞાનના ફળમાં મોક્ષ નહિ હોવાથી તે જ્ઞાન કાર્યકારી નથી. ગાથાનો સાર આ કાઢ્યો છે કે બાહ્યપદાર્થોના જ્ઞાનમાં આકુળતાનો અભાવ નહિ હોવાથી તે જ્ઞાન કાંઈ કાર્યકારી નથી. ભલે અગિયાર અંગ અને નવ પૂર્ણ ભણ્યો હોય તો પણ તે બાહ્યપદાર્થનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી.

હવે, ૭૭ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે જ્ઞાની જીવોએ નિજ શુદ્ધાત્મભાવ વિના અન્ય કાંઈ પણ આદર કરવાયોગ્ય નથી.

**अप्पा मिल्लिवि णाणियहँ अण्णु ण सुदंर वत्थु।**
**तेण ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु॥७७॥**

અર્થ :—આત્મા સિવાય અન્ય કોઈ વસ્તુ સારી સુંદર નથી. માટે પરમાર્થને જાણવાવાળા જ્ઞાનીઓનું મન વિષયોમાં રમતું નથી.

જ્ઞાનીઓને આત્મા સિવાય કોઈ વસ્તુ સારી લાગતી નથી. જેના શ્રદ્ધા અને જ્ઞાનમાં એકલો અકષાય ચૈતન્યરસનો કંદ વસ્યો છે તેને ચૈતન્ય સિવાય કોઈ વસ્તુ સારી લાગતી નથી, શુભભાવ પણ તેને સારો લાગતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ એને સારો લાગતો નથી. જેને બાહ્યની મીઠાશ છૂટી ગઈ છે અને અંતરમાં આત્મામાં મીઠાશ લાગી છે તે તેને છોડી કોની મહિમા કરવા જાય! અરે! માખી જેવું પ્રાણી ફટકડીના સ્વાદને છોડીને

www.vitragvani.com



સાકરનો સ્વાદ લેતી હોય અને પાંખ ચોંટી જાય તો પણ ત્યાંથી ખસે નહિ. તેમ આત્મા રુચ્યો તેને બીજુ કાંઈ રુચતું નથી. બીજુ કાંઈ કહેતાં શુભાશુભ ભાવ, સ્ત્રી, પુત્ર, પરિવાર, સ્વર્ગ કે ચક્રવર્તીની સંપદા આદિ કાંઈ સારું લાગતું નથી. આબરૂ, કીર્તિ, ખાવા-પીવામાં કે ક્યાંય પણ તેનું મન ચોટતું નથી.

અજ્ઞાનીનું મન વિષય સિવાય ક્યાંય ચોટતું નથી અને જ્ઞાનીનું મન આત્મા સિવાય ક્યાંય ચોટતું નથી. બાહ્યપદાર્થોની રુચિવાળો આત્માને ગમે તેટલો ગોતે તોપણ આત્મા તેને હાથ આવતો નથી. પરપદાર્થના પ્રેમવાળાને સ્વનો પ્રેમ ન હોય. સ્વ અને પરને જુદા જાણીને જેણે વિવેક કર્યો છે તેને બાહ્ય કોઈ વિષયમાં રસ લાગતો નથી. વિષય એટલે પાંચ ઇન્દ્રિયના વિષયોનો ભોગ એટલું જ નહિ પણ બહારના લક્ષમાં વિકલ્પ આદિ થાય તે પણ વિષય છે, તેમાં જ્ઞાનીને રસ લાગતો નથી.

મિથ્યાત્વ, રાગાદિકને છોડવાથી નિજ શુદ્ધાત્મદ્રવ્યના યથાર્થ જ્ઞાન દ્વારા જેનું ચિત્ત પરિણત થઈ ગયું છે એવા જ્ઞાનીઓને શુદ્ધ-બુદ્ધ એક પરમ સ્વભાવ પરમાત્મા સિવાય બીજી કોઈ પણ વસ્તુ સુંદર ભાસતી નથી તેથી તેનું મન ક્યારેય વિષય-વાસનામાં રમતું નથી.

જુઓ, આમાં બે વાત લીધી છે. મિથ્યાત્વ એટલે વિપરીત શ્રદ્ધા અને રાગની એકતા એ બંને છૂટી જવાથી પોતાના શુદ્ધસ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં જેનું ચિત્ત પરિણત થયું છે એટલે કે પરણી ગયું છે—આખું અંતરમાં નમી ગયું છે. મીરાબાઈની જેમ પીયુની સાથે પ્રેમ લાગ્યો છે તેને બીજે ક્યાંય પ્રેમ લાગતો નથી. જેમ વૈરાગ્યનું નાટક જોતાં વૈરાગ્યની ધૂન ચડી જાય તેમ, આત્માનો અનુભવ કરતાં મન આત્માના રંગમાં રંગાઈ જાય છે.

આત્મા કેવો છે કે 'શુદ્ધ-બુદ્ધ એક પરમસ્વભાવ' છે. વસ્તુ 'શુદ્ધ' એટલે પવિત્ર છે, 'બુદ્ધ' એટલે એકલો જ્ઞાનનો પિંડલો છે અને 'પરમસ્વભાવ' એટલે ધ્રુવ સ્વભાવ જે એકરૂપ છે તે જ એક સુંદર છે, તે સિવાય બીજુ કાંઈ સુંદર નથી. દૂધપાકના સ્વાદ લીધા હોય તેને જુવારના રોટલામાં રસ ન આવે તેમ, આત્માના અનુભવ પાસે ઇન્દ્રના ઇન્દ્રાસન કે બીજી કોઈ ચીજ સુંદર ભાસતી નથી. સ્વપ્નેય પણ કોઈ વિકલ્પ સારો ભાસતો નથી. તેથી જ્ઞાનીનું મન કદી વિષય-વાસનામાં રમતું નથી, વિષયો ગમતા નથી, મન ત્યાં ઠરતું નથી.

વિષયો છોડવાથી તેની રુચિ છૂટી જતી નથી કેમ કે મહાન જ્ઞાનાનંદસ્વભાવ પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યા વગર વિષયોની રુચિ છૂટતી નથી. જ્યાં હજી વિષયોની રુચિ જ છૂટી નથી તો આસક્તિ તો ક્યાંથી છૂટે! અને આસક્તિ છૂટ્યાં વિના વ્યવહારે ત્યાગ કર્યો એમ પણ કેમ કહેવું!

www.vitragvani.com



વિષયો કેવા છે?—શુદ્ધાત્માની પ્રાપ્તિના શત્રુ છે, ભવભ્રમણના કારણ છે. કામ-ભોગરૂપ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં મૂઢજીવોનું જ મન રમે છે, સમ્યગ્દષ્ટિનું મન રમતું નથી.

વિષયો શુદ્ધાત્માની પ્રાપ્તિના વેરી છે. વિષયોનો રાગ એને શુદ્ધ આત્માની પ્રાપ્તિ થવા દેતો નથી. વળી વિષયોનો રાગ એ ઉદયભાવ છે, તે ભવમાં ભ્રમણનું કારણ થાય છે. ભગવાન આત્મા તો મોક્ષનું કારણ છે, તેનો પ્રેમ વિષયોના પ્રેમીને કેમ થાય! કામ-ભોગ આદિ વિષયોમાં અજ્ઞાની મૂઢજીવોનું મન જ રમે છે, સમ્યગ્દષ્ટિનું મન ત્યાં રમતું નથી.

આ વાત સાંભળીને રાજી થવાનું નથી પણ સમજીને રાજી થવાનું છે.

પરમાત્મપ્રકાશ છે ને! પરમાત્માનો પ્રકાશ જ્યાં થયો ત્યાં રાગના અંધારાનો પ્રેમ ન હોય. કાલે કોઈ કહેતું હતું કે પરમાત્મપ્રકાશ બહું સરસ છે. ભાઈ! પરમાત્મપ્રકાશ, સમયસાર આદિ બધા શાસ્ત્રો સારાં છે. આત્મા સારો લાગ્યો તેને આત્માના બતાવનારા શાસ્ત્રો સારા લાગે.

કેવા છે સમ્યગ્દષ્ટિ?—જેણે વીતરાગ સહજાનંદ એક અખંડ સુખમાં તન્મય પરમાત્મતત્ત્વને જાણી લીધું છે. માટે, આ નક્કી થયું કે જે વિષય-વાસનાના અનુરાગી છે તે અજ્ઞાની છે અને જે જ્ઞાનીજન છે તે વિષય-વિકારથી સદા વિરક્ત જ છે.

આત્માનું સ્વરૂપ રાગરહિત, સહજ આનંદ એક સ્વરૂપ છે, આત્માના બે સ્વરૂપ નથી. આત્મા તો ગુણોથી તન્મય એકરૂપે છે તેથી અખંડ સુખમાં પણ તન્મય છે. એવા નિજ પરમતત્ત્વને જેણે જાણી લીધું છે એવા ધર્મના ધારક ધર્મી—સમ્યગ્દષ્ટિએ એકને જાણ્યો માટે સર્વને જાણી લીધા છે અને જેણે આ એક નિજ શુદ્ધાત્માને જાણ્યો નથી તેણે કાંઈ જાણ્યું નથી. તેની આવડત પણ બધી અણાવડત છે. એક આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું છે.

સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા પણ કેવી કરી છે! દેવ-શાસ્ત્ર-ગુરુની અને નવતત્ત્વની જેને શ્રદ્ધા છે તે સમ્યગ્દષ્ટિ છે એમ ન કહ્યું, જેણે અરાગી સ્વાભાવિક એકરૂપ આનંદસ્વરૂપ આત્માને જાણ્યો છે તે સમ્યગ્દષ્ટિ છે. તેણે એક આત્માને જાણ્યો તેમાં બધાનું જ્ઞાન આવી જાય છે.

ગાથામાં સાર એ આવ્યો કે જે વિષયવાસનાના અનુરાગી છે તે અજ્ઞાની છે. જ્ઞાનીને રાગ આવે છે પણ અનુરાગ નથી. સ્વભાવના આનંદ સિવાય તેને કોઈ વસ્તુ સારી લાગતી નથી. અજ્ઞાનીને તો વિષય-વાસનાનો અંદરમાં અનુરાગ છે—રાગનો રાગ છે. માત્ર આસક્તિ નથી, સાથે રુચિ પણ છે જ્યારે જ્ઞાની વિષયોને ભોગવતા છતાં તેની રુચિથી સદા વિરક્ત જ છે. વિષયની વાસના હોવા છતાં વિરક્ત છે, આહાર આદિ લેતાં હોવા છતાં તેનાથી જ્ઞાની વિરક્ત છે.

www.vitragvani.com



જ્ઞાની **विषयगतोऽपि विरक्त**—વિષયમાં જવા છતાં વિરક્ત છે, આરંભમાં જવા છતાં વિરક્ત છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ત્રણ કષાયના વિષયમાં વર્તતો છતાં અને બધા આરંભના ભાવમાં વર્તતો છતાં તેને કોઈ ચીજ સુંદર લાગતી નથી માટે તે અંતરથી વિરક્ત છે. આવી વિરક્તિ થયા વિના બીજી વિરતી આવતી નથી. દૃષ્ટિમાં વિષય-કષાયની વિરક્તિ વિના આગળ વધીને તેનો અભાવ કરનારી વિરતી ક્યાંથી આવે! આસક્તિથી વિરક્તિ ન આવે તેને સાચું જ્ઞાન જ ક્યાં છે! સમયસારમાં આવે છે કે જ્ઞાનનું ફળ વિરતી છે. જેટલું જ્ઞાન થાય તેટલાં કષાય ઘટવા જોઈએ પણ તે અંતરથી ઘટવા જોઈએ માત્ર બહારથી નહિ. અંદરમાં બિરાજમાન ચૈતન્યચોસલાંના ભાન વિના વિરતિ આવતી નથી.

ભગવાન આત્મા વિકલ્પ અને પરના લક્ષની રુચિ છોડી, પરમાનંદસ્વરૂપના રસની રુચિમાં આવે તેને બીજું કાંઈ સુંદર લાગતું નથી એ આ ગાથામાં કહેવાનું તાત્પર્ય છે. ૭૭ ગાથા થઈ. હવે ૭૮ ગાથામાં આ જ વાતને દ્રષ્ટાંત આપીને દૃઢ કરે છે.

**अप्पा मिल्लिवि णाणमउ चिंति ण लग्गइ अण्णु।**
**मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु।।७८।।**

અર્થ :—જેણે મરકતમણિને જાણી લીધું છે તેને કાંચના કટકાનું શું પ્રયોજન હોય! તેમ જ્ઞાનીઓના મનમાં જ્ઞાનમય આત્મા સિવાય કાંઈ સારું લાગતું નથી.

જેને મરકતમણિ મળ્યું તેને કાચના કટકાની શું કિંમત હોય! તેમ જેને અનાકુળ આનંદસાગર અનુભૂતિમાં આવી ગયો હોય તેને બીજું શું રુચે! જ્ઞાનીને જે મળ્યું છે તેની કોઈ ઉપમા આપી શકાય તેમ નથી પણ આ તો જગતના લોકોને મરકતમણિની બહુ મહિમા છે તેથી તેનું દ્રષ્ટાંત આપીને સમજાવે છે.

લોગસ્સમાં ભગવાનને સાગર જેવા ગંભીર...સૂર્યથી પણ અધિક પ્રકાશવાળા વગેરે ઉપમા આપી છે પણ તે કાંઈ શબ્દપ્રમાણે લાગુ પડતી નથી. શું ભગવાન સૂર્ય જેવો પ્રકાશ આપે!! સામાયિક કરવાવાળાને શબ્દ પાછળના ભાવની કાંઈ ખબર ન હોય છતાં ગડિયાં ચલાવ્યો જાય—તે સાચી સામાયિક નથી.

અહીં મરકતમણિની ઉપમા આપીને સિદ્ધાંત સમજાવ્યો છે તે સમજવાનો પ્રયત્ન કરવો.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જેણે ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું તેને વિષયોરૂપી કાચના કટકાનું શું પ્રયોજન!

(સળંગ પ્રવચન નં-૧૨૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૭૮ ગાથામાં યોગીન્દ્રદેવ આગળની વાતને દૃઢ કરવા દ્રષ્ટાંત આપે છે.

**अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गि अण्णु।**
**मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु।।૭૮।।**

અર્થ :—જ્ઞાનીઓના મનમાં જ્ઞાનમય આત્મા સિવાય અન્ય કાંઈ સારું લાગતું નથી, જેમ જેને મરકતમણિ મળી ગયું હોય તેને કાચના કટકાથી શું પ્રયોજન હોય!

'જ્ઞાનમય આત્મા' એટલે એકલો જ્ઞાનવાળો જ નહિ પણ આત્મા કેવળજ્ઞાનાદિ અનંત ગુણમય છે. એકલું જ્ઞાન...જ્ઞાન કરે અને તેને જ આત્મા માને છે તેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી. આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ આદિ અનંતગુણ છે. અહીં કેવળ શબ્દનો અર્થ 'એકલું' સમજવો. રાગરહિત એકલું જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ જીવના અનંત સ્વભાવો છે. આત્માની અસ્તિ રાગ રહિત અને કેવળજ્ઞાનાદિ અનંતગુણ સહિત છે એમ પરીક્ષા કરીને નક્કી કરવું જોઈએ.

સર્વજ્ઞ પરમાત્માએ એક એક આત્માને જેવા જ્ઞાનસ્વરૂપ જાણ્યો છે એવો જ પોતાનો આત્મા છે એમ જેણે અંતરમાં પરીક્ષા પૂર્વક અનુભવ દૃષ્ટિ કરી છે તેણે આત્માને જાણ્યો છે. તેમાં નિર્ણય અને અનુભવ છે તે પર્યાય છે, જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણો છે તે ધ્રુવ છે તથા આ ગુણોનું એકરૂપ તે આત્મદ્રવ્ય વસ્તુ છે; આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવી ગયાં. અહીં તો સર્વજ્ઞ પહેલાં છે, 'સર્વજ્ઞ' સિવાય કોઈ વાત કરે તે સાચી ન હોય. સર્વજ્ઞે જેવો આત્મા કહ્યો છે—કેવો?—કે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી પરિપૂર્ણ આત્મા કહ્યો છે તેવો જ જેણે પોતાના અંતરમાં પરીક્ષા કરીને નક્કી કર્યો છે અને અનુભવમાં લીધો છે તેણે આત્માને જાણ્યો છે, તેને આત્મા સિવાય બીજું કાંઈ જ સારું લાગતું નથી.

આત્મા જ્ઞાનાદિ બેહદ ગુણોથી સહિત અને વિકલ્પથી રહિત છે. માત્ર વિકલ્પથી રહિતપણાની વાત કરે છે તેણે તો એકલી નાસ્તિ જ પકડી છે—એમ નહિ. જ્ઞાનમય સ્વભાવની અસ્તિપૂર્વક વિકલ્પની નાસ્તિ સમજે છે તેને આત્મા સિવાય બીજું કાંઈ રુચતું નથી. આત્મા


Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જેવી કોઈ ચીજ તેને લાગતી નથી. તેને વિષયવાસનાની વૃત્તિ આવે છે પણ રુચતી નથી. અતીન્દ્રિય આત્માનો અનુભવ કર્યો છે તેથી તેને મૂકીને બીજાને લક્ષમાં લઈને રુચિ થાય એવું જ્ઞાનીને બનતું નથી. **न प्रतिभाति** એટલે આત્મા જેવી કોઈ વસ્તુ સારી લાગતી નથી, તેથી તેનો પ્રેમ થતો નથી.

આ માટે દ્રષ્ટાંત એ છે કે જગતમાં તો મરકતમણિ એટલે ઊંચું લાલ માણેક પણ છે અને કાચના કટકા પણ છે; પણ જેણે પરીક્ષા કરીને લાલ માણેકને ઓળખી લીધું છે તેને કાચના કટકા સારાં લાગતાં નથી. કોઈવાર લીંબુમાં ઠળિયાની જગ્યાએ માણેક પાકે છે, એવું એક વીશ હજારનું માણેક અમને કોઈએ બતાવ્યું હતું. શાસ્ત્રમાં પ્રવચનસારમાં પણ (૪૭ નયમાં) પાઠ છે કે લીંબુમાં બીની જગ્યાએ માણેક પાકે છે એવું મરકતમણિ જેણે પરીક્ષા કરીને જાણ્યું અને લીધું તેને કાચના કટકાનું શું પ્રયોજન હોય! તેને કાચની કાંઈ કિંમત ન હોય. તેમ ધર્મીજીવે ચોથા ગુણસ્થાને પોતાના આત્માને અનંત ગુણ સહિત અને શરીર, કર્મ, રાગાદિથી રહિત જાણી લીધો, અનુભવી લીધો તેને વિષયોની રુચિ થતી નથી. વિષયો તો તેના માટે કાચના કટકા સમાન છે. છ ખંડના રાજ્ય પણ તેને ઝેર જેવા લાગે છે.

મૈસૂરમાં મહેલ જોવા ગયા હતાં તે ત્રણ કરોડનો મહેલ હતો તેના લાકડાંના દરવાજા પણ એવા હોય કે જોઈને એમ થાય કે બંગલો તો કેવો હશે! આવા મહેલનો રાગ પણ જ્ઞાનીને સ્મશાન જેવો લાગે છે. આત્માના આનંદની ખુમારી ચડી છે તેને મહેલ તો જ્ઞેય છે પણ તેના પ્રત્યે રાગ થાય એ ઝેર જેવો લાગે છે. પોતાને મળેલી વસ્તુ સારી લાગતી નથી તેમ બીજાને પણ એ બાહ્ય વસ્તુથી મોટો માનતો નથી. કરોડોની સામગ્રીથી તેને એ સુખી માનતો નથી. કરોડોની સંપત્તિ હોય, મોટી આબરૂ હોય, બહોળો પરિવાર હોય તેનાથી એ તેને સુખી માનતો નથી. અરે! આ કેટલો રાગની એકતામાં રોકાયો છે! મહા ઝેરને પીએ છે! એમ જ્ઞાની જુએ છે. મોટા ભણતર ભણેલાં હોય પણ તેથી શું!

ધર્મીને અતીન્દ્રિય આનંદની પ્રીતિ પાસે બીજે ક્યાંય મન ચોંટતું નથી. બીજા જીવોને પણ એ દૃષ્ટિથી જ જુએ છે કે અરે આ જીવ વૈભવને જોઈને જેટલો રાગ કરે છે એટલો દુઃખી છે.

આ આત્મા જ એવો મહાન છે કે ભૂતકાળમાં જે અનંત તીર્થંકરો થયા, ભવિષ્યે અનંત થશે, વર્તમાનમાં બિરાજે છે એ સૌ આ આત્માના આશ્રયે થયા છે. તેની વાણીમાં આત્માનું સ્વરૂપ જેવું આવ્યું છે તેવું પરીક્ષા કરીને માને છે તે તો બરાબર છે પણ પરીક્ષા વિના માને છે તેણે આત્માને માન્યો નથી. કેમ કે કોઈપણ ચીજને કસોટીએ ચડાવીને નિર્ણય કર્યો ન હોય તે નિર્ણય સાચો હોતો જ નથી. પરીક્ષા વિના વસ્તુનું સાચું જ્ઞાન થતું નથી. સંપ્રદાયમાં પણ

www.vitragvani.com



શાસ્ત્રમાં આ વાત આવે છે કે જેણે તત્ત્વને પરીક્ષા કરીને જોયું, જાણ્યું, અનુભવ્યું નથી તેને કોઈ રીતે સંદેહ ટળતો નથી અને સિદ્ધિ થતી નથી.

બજારમાં કોઈપણ વસ્તુ લેવા જાવ ત્યાં પરીક્ષા કરો છો ને! શાક લ્યો કે અનાજ લ્યો કે કાપડ લ્યો કોઈપણ ચીજ પરીક્ષા વગર લેતાં નથી. તેમ જેણે પોતાના આત્માને પરીક્ષા કરીને જાણ્યો છે તેને જગતના કોઈ વિષયભોગ રુચતાં નથી. આત્મા જેવું કોઈ ભાસતું નથી. જગતના પદાર્થોનું જ્ઞાન તો કરે છે પણ પદાર્થ આત્મા જેવો (મહિમાવંત) લાગતો નથી.

જેનો જેને પ્રેમ હોય તેમાં તેને શંકા પડતી નથી. શું પરણીને આવે ત્યારે વરને શંકા હોય કે કન્યા મને મારી નાંખશે તો? કન્યાને પણ શંકા ન હોય કે ધણી મને મારી નાંખશે કેમ કે અંદરથી પ્રીતિ છે. તેમ જેણે પોતાના આત્માને પરીક્ષા કરીને જાણ્યો હોય તેને પોતામાં શંકા ન હોય. પોતાની પ્રીતિ છે, રુચિ છે, ભાન છે ત્યાં શંકા કેવી! ત્રણકાળ ત્રણલોકમાં મારો આત્મા જેવો ભગવાને કહ્યો છે તેવો જ છે એમ મેં જાણ્યો છે, દૃષ્ટિમાં લીધો છે અને અનુભવ કર્યો છે તેથી કોઈપણ ભોગો કે હીરા માણેકના ઢગલાં આદિ કોઈપણ ચીજ અમને ખેંચી જાય—લાગણી કરાવે એમ બનવું અશક્ય છે. તેમ દુનિયામાં એવી કોઈ પ્રતિકૂળ ચીજ નથી કે જે અમને ખેંચીને દ્વેષ કરાવે અને અમે ઓગળી જઈએ.

જેણે ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું તેને કાચના ટૂકડાં સમાન અન્ય વિષયોનું શું પ્રયોજન હોય! તેને અન્યમતીએ કહેલાં ધર્મ અને તર્કમાં પણ કોઈ મૂલ્ય ભાસતું નથી અને વિષય-વાસનાની વૃત્તિ પણ તેને રુચતી નથી. આત્મા જેવું કાંઈ ભાસતું નથી તેથી તેને પરનો પ્રેમ અને રુચિ થતાં નથી. કોઈ પદાર્થની વાંછાં રહેતી નથી. અનંત આનંદ અને જ્ઞાનના ખજાના પાસે કઈ ચીજ તેને અધિકપણે ભાસે કે જેનો પ્રેમ થાય! ચૌદ બ્રહ્માંડમાં કોઈ ચીજમાં તેનું મન લાગતું નથી કેમ કે ચૌદ બ્રહ્માંડમાં એવો કોઈ પદાર્થ નથી કે જે આત્માની હોડમાં આવે (આત્માની સરખામણીમાં આવે)! તેથી જ ધર્મીને કોઈ પદાર્થની વાંછા રહેતી નથી.

દ્રવ્યસ્વભાવ જેવો છે તેવો નિઃશંકપણે ભાસ્યો તેને અન્ય પદાર્થની કાંક્ષા રહેતી નથી. અસ્તિપણે પોતાનો સ્વભાવ જ્ઞાનમાં ભાસ્યો તેને પોતાના સ્વભાવમાં સર્વ અન્ય પદાર્થોની નાસ્તિ છે એમ પણ સાથે ભાસ્યું છે, તેથી કોઈ પદાર્થોમાં કાંક્ષા થતી નથી. ચારિત્રમોહના ઉદયવશ જે ઇચ્છા હોય છે તેની ગૌણતા છે.

જુઓ આ સમ્યગ્દર્શનની મહિમા! અરે! જેને પરમાત્માનો પ્રેમ થયો તેને જગતમાં બીજા ક્યાં પદાર્થનો પ્રેમ થાય! તીર્થંકરપદનું સમવસરણ આદિ પણ તેને લલચાવી શકે નહિ. સ્વર્ગમાંથી ઈન્દ્રો અને ઈન્દ્રાણીના ટોળા ઉતરે તે પણ ભગવાનના આત્માને લલચાવી શકતાં નથી.

www.vitragvani.com



તું દેવાધિદેવ છો ને પ્રભુ! તને કેમ પરપદાર્થની કિંમત લાગે છે! જૈન થઈને તને કુદેવાદિની મહિમા કેમ આવે છે! જૈન કોઈ સંપ્રદાય નથી. અનંતગુણના પિંડ ભગવાન આત્માનો આશ્રય લઈને વિકારને જીતે તેને જૈન કહેવામાં આવે છે. આવા જૈનને દુનિયામાં કોઈ લલચાવી શકતું નથી. સંવત ૧૯૬૮માં ભાવનગરમાં અમે એક 'ધ્રુવ'નું નાટક જોયું હતું. ઉપરથી પડદો ફાડીને બે અપ્સરાઓ ઉતરીને, 'ધ્રુવ' બેઠો હતો તેને ખૂબ લલચાવે છે. ધ્રુવ! ઊંચું તો જો! ઊંચું તો જો! બહુ કહે છે ત્યારે ધ્રુવ કહે છે, 'શું કહું માતા! મારે જો બીજો અવતાર હશે તો તારે કૂંખે અવતરીશ. બીજી વાત મારે સ્વપ્નમાં પણ હરામ છે.' આ તો સાધારણ નાટકની વાત છે પણ મુનિ ધ્યાનમાં હોય અને દેવીઓ આવીને ચળાવવા પ્રયત્ન કરે અને કહે કે તમે તો એવા દેખાઓ છો કે મરીને ઊંચા દેવલોકમાં જશો કે જ્યાં દેવી જ ન હોય માટે, એવું નિદાન કરો કે જેથી અમારાં બીજા દેવલોકમાં જન્મ થાય તો આપણે સાથે રહીએ. ઘણું વિનવે પણ મુનિરાજ ધ્યાનથી ચ્યુત ન થાય.

રામચંદ્રજી જ્યારે ધ્યાનમાં હતાં, અંતરમુહૂર્ત પછી તો કેવળ પામવાના હતાં, એ વખતે સીતાજીનો જીવ જે બારમા સ્વર્ગમાં પ્રતીન્દ્ર છે તે ચારિત્રમોહવશ આવીને રામચંદ્રમુનિને વિનવે છે કે રામ! જરાં વૃત્તિ ફેરવો અને ચાલો મારી સાથે, આપણે સાથે રહીએ. સીતાજી પણ સમ્યગ્દષ્ટિ હતાં તેથી તેને એકત્વબુદ્ધિ તો નથી છતાં જુઓને! ચારિત્રનો દોષ શું કરે છે! અંદરમાં પરથી એકત્વ અને મીઠાશ નથી છતાં ચારિત્રમોહ આવી ગયો તેથી રામને ઘણું કહે છે પણ રામ સામે પણ જોતાં નથી, ધ્યાનમાં લીન છે. ક્ષપકશ્રેણી ચડી, કેવળજ્ઞાન પામી અને મોક્ષમાં જાય છે. આત્મારામમાં રમણતા પૂરી કરીને રામ સિદ્ધ થઈ જાય છે, રામ મુક્તિ પામે છે.

જેના માટે રામે કોલાહલ મચાવ્યો હતો. જંગલમાં વૃક્ષોને અને પર્વતને પૂછતાં હતાં કે અરે! મારી સીતાને કોઈ બતાવો, એના પગના નૂપુરનો અવાજ કોઈ જુદો હતો, તે કોઈએ સાંભળ્યો હોય તો કહો. એની ચાલ હાથણી જેવી હતી એમ કરીને યાદ કરતાં હતાં તે જ રામ અત્યારે સામે પણ જોતાં નથી! સીતાની અગ્નિપરીક્ષા કર્યા પછી રામ સીતાને બોલાવે છે કે હવે તમે રાજ્યમાં પાછા આવો, હું તમને પટરાણી બનાવીશ... ત્યારે સીતાજી કહે છે કે હવે સંસારથી બસ થાઓ! અમારું સતીત્વ તમારાં જ્ઞાનમાં હતું છતાં રાજ્યના રાગે પુરુષોત્તમ પુરુષને આવું કરાવ્યું? સંસારને હદ છે! એ જ સીતાજી જ્યારે રામ પાસે મુનિદશામાં આવે છે ત્યારે રામ સામું પણ જોતાં નથી! કલ્પનાતીત ભગવાન આત્માના ભાન પછી પણ આવી કલ્પના હોય છે પણ તેની ભાવના નથી. અહાહા! આનો મેળ સમજવો જોઈએ. ધર્મીનું ચિત્ત આત્મા સિવાય ક્યાંય ચોંટતું નથી તેનું નામ 'આત્મદર્શન' છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હવે ૭૯ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે જીવ કર્મફળને ભોગવતો થકો રાગ-દ્વેષ કરે છે તે કર્મો બાંધે છે.

भुंजंतु वि णिय—कम्म-फलु मोहइँ जो जि करेइ।
भाउ असंदरु सुंदरु वि सो पर कम्मु जणेइ।।७९।।

અર્થ :—જે પોતાના કર્મફલને ભોગવતાં, મોહથી સુંદર-અસુંદર શુભાશુભભાવ જ કરે છે, તે માત્ર કર્મનો જ બંધ કરે છે.

જે જીવ થઈને જીવે છે—જીવપણે જીવી રહ્યો છે એ જીવે પૂર્વે અજ્ઞાનપણે જે કર્મો બાંધ્યા હતાં તેને વર્તમાનમાં તે કર્મનો ઉદય આવતાં ભલાં-બૂરા ભાવ થાય છે તે ફરીને નવા કર્મને બાંધે છે. જે કર્મના ઉદયમાં ભલાં-બૂરા ભાવ કરતાં નથી તે ફરીને નવા કર્મથી બંધાતા નથી એમ આમાં સાર કાઢવો છે.

ટીકા :—વીતરાગ પરમ આહ્‌લાદરૂપ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત જે અશુદ્ધ રાગાદિક વિભાવ—તેનાથી ઉપાર્જિત કરેલાં શુભ-અશુભ કર્મના ફળને ભોગવતો અજ્ઞાની જીવ મોહના ઉદયથી હર્ષ-વિષાદભાવ કરે છે તેથી નવા કર્મોનો બંધ થાય છે. સારાંશ એ છે કે નિજસ્વભાવથી ચ્યુત થયો થકો ઉદયમાં આવેલાં કર્મના ફળમાં જે રાગ-દ્વેષ કરે છે તે કર્મોને બાંધે છે. ૮૦મી ગાથામાં આવશે કે જે જીવ ઉદયપ્રાપ્ત કર્મોમાં રાગ-દ્વેષ કરતાં નથી તે કર્મોથી બંધાતા નથી.

ભગવાન આત્મા વીતરાગ પરમાનંદરૂપ-આહ્‌લાદરૂપ શુદ્ધાત્મા છે—આ 'આત્મા'ની વ્યાખ્યા છે અને તેનો અનુભવ કરવો એ જ તેનું સ્વરૂપ છે. આવા આત્માને અનુસરીને અનુભૂતિ કરવાના બદલે જે જીવ નિમિત્તને અનુસરીને શુભ અને અશુભ પરિણતિ કરે છે તે શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે. હિંસા, જૂઠ આદિ અશુભ પર્યાય હો કે દયા-દાનાદિ શુભ પર્યાય હો એ બધી પર્યાય આત્માની અનુભૂતિથી વિપરીત છે તેથી તેનાથી જીવને કર્મોનું બંધન થાય છે.

અન્યમતી ધર્મની ગમે તેટલી મોટી મોટી વાત કરે પણ તેમાં દ્રવ્ય કે પર્યાયનું નામ પણ ન આવે કેમ કે દ્રવ્ય-પર્યાયની તેને ખબર જ નથી. અહીં તો ગાથાદીઠ દ્રવ્ય અને પર્યાયની જ કથની આવે. આત્મા શુદ્ધ અને આનંદમૂર્તિ હોવા છતાં તેનો આશ્રય નહિ લેવાથી અજ્ઞાનીને અનાદિથી અશુદ્ધ રાગાદિ પરિણતિ થાય છે, તે કર્મના ઉદયથી થાય છે એમ કહ્યું નથી. પણ અશુદ્ધ રાગાદિ પરિણતિના કારણે જીવને કર્મ બંધાય છે એમ કહ્યું છે.

ભાવદીપિકામાં લખેલી વાત સવારે...ભાઈએ (છોટાભાઈએ) યાદ કરી હતી તેમાં

દીપચંદજી લખે છે કે વર્તમાનમાં સાક્ષાત્ ગૃહીતમિથ્યાત્વના પોષણ કરે એવા જિનસૂત્રના વક્તા થયા છે, અધિષ્ઠાતા થયા છે. ભોળા જીવો તેની બતાવેલી પ્રવૃત્તિ કરી રહ્યાં છે, તેને સત્‌સૂત્રનું તો કાંઈ જ્ઞાન નથી. મોટા મહાનશાસ્ત્રોના જ્ઞાનથી અગોચર થયા થકાં મૂઢતાને પ્રાપ્ત, હીનશક્તિના ધારક છે. સાચા જિનોક્ત સૂત્રના જ્ઞાતા અને વક્તા કોઈ રહ્યાં નથી. તેથી સત્ય જિનમતનો અભાવ થયો છે. લોકો ધર્મથી પરાંગમુખ થયા છે. કોઈ કોઈ બુદ્ધિમાન ગૃહસ્થ સંસ્કૃત, પ્રાકૃતના જાણનાર થયાં, તે જિનસૂત્રનું અવગાહન કરે છે તો જણાય છે કે વર્તમાનમાં કોઈ જીવ સૂત્રાનુસાર શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરતાં નથી. આ અઢીસો વર્ષ પહેલાં થયેલાં દીપચંદજીનો પોકાર છે..... ઘણાં સમયથી આવી મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-આચરણની પ્રવૃત્તિ એવી ગાઢ થઈ ગઈ છે કે મુખથી કહેવાથી કોઈ માનતું નથી, એકાંત કહીને કાઢી નાખે છે. તેથી જીવોનું અકલ્યાણ થતું જાણીને, કરુણાબુદ્ધિથી દેશભાષામાં શાસ્ત્રરચના કરી જેથી કોઈ સુબુદ્ધિને શાસ્ત્રનું જ્ઞાન થાય. જ્ઞાનની શક્તિની એવી હીનતા થઈ રહી છે કે ભાષાશાસ્ત્રોનું જ્ઞાન પણ ઘણાને થતું નથી તેથી મોટાશાસ્ત્રોમાંથી પ્રયોજનભૂત વાત લઈ લઈને નાના શાસ્ત્રો બનાવ્યાં છે, એ આ ભાષાશાસ્ત્રો છે જેમાં થોડો થોડો સાર ભરેલો છે.....

આ દીપચંદજીને કેવી લાગી છે! મોટા શાસ્ત્રોમાંથી ટૂકડાં કાઢીને નાના નાના શાસ્ત્રોમાં સાર ભરું છું એમ કહે છે. અન્યમાં તો આ વાત જ નથી પણ દિગંબર જૈનધર્મમાં પણ બહુ ફેરફાર થઈ ગયો. અહા! આવો મારગ! એના કથનો! એની રીત! એના શાસ્ત્રો! એના તત્ત્વો! જેને ત્રણકાળમાં બીજા કોઈ કહી શકે નહિ એવો આ ધર્મ છે.

ભગવાન આત્મા જેને રુચ્યો તેને પુણ્ય-પાપ રુચતાં નથી. એ વાત સમજાવવા દ્રષ્ટાંત આપ્યું છે કે જેમ ગણિકાને ત્યાં ઘણાં પુરુષો આવે છે પણ કોઈ ઉપર અંતરથી પ્રેમ નથી, તેમ ધર્મીને કોઈ પરપદાર્થ, કોઈપણ વિષય કે શુભાશુભ ભાવનો પ્રેમ નથી, અંતરથી કોઈ ભાવ રુચતાં નથી. અશુદ્ધભાવ કહેતાં શુભ અને અશુભ બંને ભાવ આવી જાય છે. અનાદિકાળથી જીવે એકલાં અશુભભાવ જ કર્યા છે એમ નથી. શુભભાવ કરીને નવમી ગ્રૈવેઈક સુધી પણ અનંતવાર જઈ આવ્યો છે. અત્યારે તો એવા શુભપરિણામ પણ કોઈને ન હોય કે જેનાથી નવમી ગ્રૈવેઈક જવાય. એવા શુભ અને અશુભ પરિણામને અહીં અશુદ્ધપરિણામ કહ્યાં છે. તેનાથી ઉપાર્જન કરેલાં કર્મોના ઉદયમાં જે હર્ષ-શોક કરે છે તેને નવા કર્મ બંધાય છે.

અહીં! એમ નથી કહ્યું કે જેવો કર્મનો ઉદય આવ્યો તેવા જ ભાવ જીવે કર્યા અને તેથી તેવા જ કર્મનું ઉપાર્જન કર્યું. **मोहइँ निर्मोहशुद्धात्म प्रतिकूल मोहोदयेन** એટલે નિર્મોહ શુદ્ધાત્માથી પ્રતિકૂળ એવા મોહથી જીવે શુભાશુભભાવ કરીને કર્મ બાધ્યાં છે તેથી તેને

www.vitragvani.com



**निजोपार्जितं** કહ્યાં છે. પોતે અશુદ્ધપરિણતિ કરીને પોતે જ કર્મનું ઉપાર્જન કર્યું છે. નિજ-શુદ્ધાત્માનુભૂતિથી વિપરીત અશુદ્ધપરિણતિ દ્વારા પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેના ફળને ભોગવતો અજ્ઞાની હર્ષ-વિષાદ કરે છે, પોતાના આનંદસ્વભાવને ભૂલેલો અજ્ઞાની બાહ્ય સામગ્રી મળતાં આ મને ઠીક છે એમ માનીને હરખ કરે છે અને પ્રતિકૂળ સામગ્રીના સંયોગમાં આ મને ઠીક નથી.... ઠીક નથી એમ કરીને દ્વેષ કરે છે—વિષાદ એટલે ખેદ કરે છે. શરીરમાં રોગ હોય, નિર્ધનતા હોય તેમાં તેને ખેદ થાય છે પણ આ મારી ચીજ નથી એમ જાણીને છૂટો પડતો નથી. ભગવાન આત્માને ભૂલીને ખેદ કરે છો! મૂઢ છો! તને નવું કર્મ બંધાય છે. ભગવાન આત્માને ઠીક માનતો નથી અને આ મારું કહ્યાગરું કુટુંબ—પુત્ર—સ્ત્રી—ધન આદિ બધું મને અનુકૂળ છે એમ માનીને આ મને ઠીક છે એવી કલ્પના કરનારો તું મૂઢ છો.

શ્રોતા :—પોતાના દિ' વળે ત્યારે સાચું કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમાં દિ' ક્યાંથી વળ્યો કહેવાય! પોતાનો સ્વકાળ સ્વ તરફ વળે ત્યારે પોતાનો દિ' વળ્યો કહેવાય. અશુદ્ધ પરિણતિમાં ગયેલો છે ત્યાંથી પાછો હટીને શુદ્ધ પરિણતિમાં વળે ત્યારે તેનું ભલું થયું કહેવાય. એ સિવાય બધાં અહિતના ધંધા છે.

આમ, સંયોગોમાં જે હર્ષ-વિષાદ કરે છે તે જ કર્મોને બાંધે છે. અજ્ઞાની રાગ-દ્વેષ કરે છે તેથી જ ચીકણાં કર્મ બાંધે છે. જ્ઞાનીને એવા રાગ-દ્વેષ થતાં જ નથી તેથી બંધ થતો નથી. અજ્ઞાની જેવા જ બધાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો જ્ઞાનીને મળ્યા હોય પણ જ્ઞાનીને પરમાં કાંઈ ઠીક-અઠીક લાગતું જ નથી. જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવના ભાન પાસે બીજું કાંઈ પોતાનું ભાસતું જ નથી તેથી ઠીક-અઠીક માનવાનું રહેતું નથી તેથી જ્ઞાનીને અશુદ્ધભાવ નહિ થતાં હોવાથી અજ્ઞાની જેવા કર્મોનું બંધન થતું નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાની નવા કર્મને બાંધતા નથી

(સળંગ પ્રવચન નં. ૧૨૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તેના બીજાં અધિકારની ૮૦મી ગાથામાં જુઓ! યોગીન્દુદેવ થોડામાં ઘણી વાત કરે છે.

**भुंजतु वि णिय-कम्म-फलु जो तहिं राउ ण जाइ।**
**सो णवि बंधइ कम्मु पुणु संचिउ जेण विलाइ॥८०॥**

જે કોઈ આત્મા ઉદય-પ્રાપ્ત કર્મોમાં રાગ-દ્વેષ કરતા નથી તે કર્મોને બાંધતા નથી.

અર્થ :—જે પોતાના કર્મફળને ભોગવતાં છતાં તેમાં રાગ-દ્વેષ કરતાં નથી તે નવા કર્મને બાંધતા નથી અને પૂર્વસંચિત કર્મ પણ તેના નષ્ટ થઈ જાય છે.

આત્મા એક વસ્તુ હોવાથી અનાદિ-અનંત અને અનંત ગુણસંપન્ન છે પણ આવા પોતાના સ્વરૂપના ભાન વિના આત્મા અનાદિકાળથી દુઃખી છે. આમાં બે વાત સિદ્ધ થાય છે કે આત્મા અનાદિથી છે પણ પર્યાયમાં અનાદિથી તે ભૂલ કરતો આવ્યો છે; કેમ? કેમ કે તેને નિજસ્વરૂપનું અજ્ઞાન છે. આ અજ્ઞાનના કારણે તેને હું શુદ્ધ જ્ઞાનાનંદમય મૂર્તિ છું એવું ભાન નહિ હોવાથી પોતાને શરીરાદિરૂપ માનીને કર્મોનું બંધન કરે છે.

અનાદિથી વસ્તુ શુદ્ધ છે તેવી પર્યાય પણ શુદ્ધ છે એમ નથી. પર્યાયમાં ભૂલ છે અને તે પણ પોતાની છે, કોઈએ ભૂલ કરાવી નથી. શું ભૂલ કરે છે?—કે પોતાનો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે તેને જાણતો નથી અને શુભાશુભભાવ કરે છે અને તેને જ પોતાનું સ્વરૂપ માને છે. આવી ભૂલના ફળમાં તેને કર્મોનું બંધન થાય છે.

હવે જેણે પૂર્વે આવા કર્મોનું બંધન તો કર્યું છે પછી નિજસ્વરૂપને અનુભવીને જ્ઞાની થયા છે તેને પૂર્વે કરેલાં કર્મોનું ફળ તો આવે છે પણ જ્ઞાની તે ફળમાં રાગ કે દ્વેષ કરતાં નથી પણ જ્ઞાતા-દ્રષ્ટા રહીને પોતાની શાંતિનો અનુભવ કરે છે. પૂર્વકર્મના ફળમાં સંયોગમાં અનુકૂળ કે પ્રતિકૂળ ચીજો આવે છે પણ તે મારી ચીજ નથી માટે તેને મારે ભોગવવી પડે એવું નથી.

જ્ઞાની પૂર્વે અભાનથી બાંધેલા કર્મના ઉદયકાળે વર્તમાનમાં પોતે ભાનમાં હોવાથી નવા કર્મ બાંધતા નથી.

નિજ શુદ્ધાત્મજ્ઞાનના અભાવથી ઉપાર્જિત કરેલાં જે શુભાશુભકર્મ તેના ફળને ભોગવતાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છતાં પણ વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન અતીન્દ્રિયસુખરૂપ અમૃતથી તૃપ્ત થયેલો રાગી-દ્વેષી થતો નથી તે જીવ ફરી જ્ઞાનાવરણાદિ કર્મોને બાંધતો નથી અને નવાકર્મોના બંધનનો અભાવ થવાથી પ્રાચીન કર્મોની નિર્જરા જ થાય છે. આ સંવરપૂર્વક નિર્જરા જ મોક્ષનું મૂળ છે.

નિજ શુદ્ધાત્માના જ્ઞાનથી અજ્ઞાન ટળે છે. ભગવાનનો આત્મા કે ગુરુના આત્માની વાત કરી નથી. પોતાનો આત્મા પોતાની પાસે છે. ભગવાન કે ગુરુનો આત્મા આ આત્માને કાંઈ આપી દેતાં નથી. ગુરુ કહે છે કે અમે તને સમજાવીએ એ વાત જુદી છે પણ જે સમજવાલાયક હોય છે તે જ સમજે છે. કોઈ અન્ય દ્રવ્ય અન્યને સમજાવી શકતું નથી અને સમજનારે સમજવાનું પણ શું છે?—કે પોતાના નિજ-શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવાનું છે. પોતાથી પોતે પોતાને સમજે ત્યારે દેવ-ગુરુએ સમજાવ્યું એમ કહેવામાં આવે છે.

'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' બીજાં કોઈ ભુલાવી શકતાં નથી. પોતે જ પોતાને ભૂલીને દુઃખી થયો છે માટે પોતે જ પોતાને સમજીને સુખી થઈ શકે છે. કોઈ કર્મે તેને હેરાન કર્યો છે—એમ નથી. અનંતકાળથી એણે પોતાની ચીજ ઉપર દૃષ્ટિ જ કરી નથી તે કારણે જીવે કર્મનું બંધન ઊભું કર્યું છે. એને પોતાના સ્વરૂપનું ભાન નથી કે હું તો જ્ઞાનાનંદકંદ છું. વિકલ્પનો પણ મારામાં અભાવ છે. જે ભાવથી સ્વર્ગગતિ મળે એ ભાવ પણ મારો સ્વભાવ નથી. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ મૂળસ્વરૂપમાં નથી. આવા સ્વરૂપના અભાનથી જ જીવ શુભાશુભભાવ કરીને કર્મથી બંધાય છે.

દયા, દાન, પૂજા, વ્રત, જપ, તપ કરે છે તો પુણ્યબંધ થાય છે અને હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિ કરે છે તો પાપબંધ થાય છે. કેટલી વાત સિદ્ધ કરે છે કે એક તો આત્મા છે, બીજું અનાદિથી આત્માને સ્વરૂપનું અજ્ઞાન છે અને ત્રીજું અજ્ઞાનથી તેને શુભાશુભકર્મનું બંધન થાય છે. હવે એ બંધન કેમ ટળે એ વાત કરે છે.

જીવ પોતાના સ્વરૂપનો જ્ઞાની થયો થકો, વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્માની ભાવના એટલે તેમાં એકાગ્રતાથી—તેમાં પરમસ્વભાવ તે દ્રવ્ય છે ને તેમાં એકાગ્રતા તે સંવર-નિર્જરાની પર્યાય છે. અંતર આનંદમાં એકાગ્રતાનું નામ જ ભાવના અથવા સંવર-નિર્જરા તત્ત્વ છે. આનંદસ્વરૂપ તો ત્રિકાળ છે પણ પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે તેને સંવર-નિર્જરા કહેવાય છે. આવા અમૃત-આનંદરસના આસ્વાદી જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ કર્મના ઉદયકાળે રાગી-દ્વેષી થતાં નથી. છખંડનું રાજ્ય પણ તેને લલચાવી શકતું નથી અને પ્રતિકૂળ પરીષહ તેને દ્વેષ કરાવી શકતા નથી. કેમ કે જ્ઞાની પોતાના સ્વરૂપના ભાનથી અતીન્દ્રિયસુખથી તૃપ્ત થયા છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં જ્ઞાનીને ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ ઉત્પન્ન



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

થતી નથી. ઈન્દ્રિયસુખો મળે છે તેની રુચિ નથી, પ્રતિકૂળતા આવે છે પણ દ્વેષ નથી. સંયોગોનો સ્પર્શ નથી. અંતરમાં અનંત અનંત ગુણ સંપન્ન પ્રભુમાં એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદની તૃપ્તિને અનુભવે છે. તેથી સંયોગમાં રાગ-દ્વેષ થતો નથી તેથી જ્ઞાની કર્મના ઉદયમાં પણ નવા જ્ઞાનાવરણીકર્મને બાંધતા નથી.

આમ, સમ્યક્‌ભાનમાં જ્ઞાનીને નવા કર્મોનું બંધન થતું નથી અને જૂના કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે તેથી સંવરપૂર્વકની આ નિર્જરાથી જ મોક્ષ થાય છે. શુભાશુભભાવ થતાં હતાં તે આસ્રવ હતો, તેનાથી નવા કર્મનો બંધ પડતો હતો તે બંધતત્ત્વ હવે તે આસ્રવ–બંધની દૃષ્ટિ છોડીને ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ કરવાથી જે શાંતિ પ્રગટ થઈ તે સંવરતત્ત્વ છે, તેનાથી કર્મોનું બંધન થતું નથી અને તેમાં જ એકાગ્રતાથી જૂના કર્મો ખરી જાય છે તે નિર્જરા થઈ. આવી સંવરપૂર્વકની નિર્જરા જ મોક્ષનું કારણ છે.

જુઓ! આમાં સાતેય તત્ત્વની શ્રદ્ધા આવી ગઈ. સાત તત્ત્વની શ્રદ્ધાને સમ્યક્‌ત્વ કહ્યું છે ને! તેનો અર્થ આ છે—જ્ઞાનાનંદતત્ત્વ તે શુદ્ધાત્મા–જીવાત્મા છે. તેમાં એકાગ્રતાથી શ્રદ્ધા-જ્ઞાન થાય છે તે 'સંવર-નિર્જરા' છે. થોડા વિકલ્પ આદિ રહે છે તે 'આસ્રવ' છે. તેમાં રોકાવું થાય છે તે 'બંધ' છે. તેનું જ્ઞાન થાય છે પણ તે મારામાં નથી તેથી તેનો અનુભવ નથી. જીવથી જુદું શરીર, કર્મ આદિ તે અજીવતત્ત્વ છે તે હું નથી. આવા જ્ઞાન સહિત આગળ વધતાં મોક્ષ થાય છે. આમ, સાતતત્ત્વની શ્રદ્ધાથી અંતે આસ્રવ-બંધનો અભાવ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી કુંદકુંદ આચાર્યદેવના શિષ્ય ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં બીજું જ સૂત્ર આ કહ્યું છે : તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્. આ એકમાં બધું સમાવી દીધું છે.

'હું જ્ઞાયકસ્વરૂપ વીતરાગ ચિદાનંદ છું' એવી દૃષ્ટિ થઈ તેમાં આત્માની પ્રતીતિ થઈ અને પ્રતીતિ તે સંવર-નિર્જરાતત્ત્વ થયાં ને તેમાં શ્રદ્ધા થઈ કે આસ્રવ-બંધ એ મારા સ્વરૂપમાં નથી. એમ જાણીને, સ્વભાવમાં એકાગ્રતા કરતાં પૂર્વકર્મ ખરી જાય છે, નવા કર્મ બંધાતા નથી અને શુદ્ધિની વૃદ્ધિ થતાં થતાં પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિરૂપ મોક્ષતત્ત્વ પ્રગટ થાય છે. આમ, સાતતત્ત્વની શ્રદ્ધાનું સ્વરૂપ છે. દુનિયા બહારથી જાણીને માની લે તે સાતતત્ત્વની શ્રદ્ધા નથી. ભગવાને સાત તત્ત્વ કહ્યાં છે તેને જાણવા એ જ જાણવાનું છે. બીજું કાંઈ જાણવાનું નથી. બીજું તો અનાદિથી જાણતો આવ્યો છે તેમાં કાંઈ સાર નથી.

ભગવાન ચિદાનંદસ્વરૂપ આત્મા અનંત અનંત બેહદ શાંતિનો સમુદ્ર છે એમ સર્વજ્ઞભગવાને કહ્યું છે તેને તે જ રીતે અંતરમાં જાણવું તે સમ્યગ્દર્શન છે, તેનાથી સંવર થાય છે. આવા સંવરપૂર્વક નિર્જરા અને મોક્ષ થાય છે. શુભભાવપૂર્વક નિર્જરા અને મોક્ષ થતાં નથી. આત્માપૂર્વક સંવર, સંવરપૂર્વક નિર્જરા અને નિર્જરાપૂર્વક મોક્ષ થાય છે.

www.vitragvani.com



આ ગાથામાં શુદ્ધાત્મતત્ત્વ તે આત્મતત્ત્વ અને તેની ભાવના તે સંવરા-નિર્જરાતત્ત્વ છે. તેનાથી અતીન્દ્રિયાનંદમાં તૃપ્તિ થઈ અને આસ્રવ—બંધ ન થયાં. આવી સંવરપૂર્વકની નિર્જરા જ મોક્ષનું મૂળ છે. આ તો મહાસિદ્ધાંત છે. લૌકિકમાં કોઈને પૈસા વ્યાજે આપ્યા હોય તો તેની ઉપર ચક્રવર્તીવ્યાજ કાઢે છે ને! તેમાં તો બહુ ડહાપણ વાપરે છે તેમ અહીં ભગવાન પરમાત્મા કહે છે કે હવે આ બીજો ધંધો કર! લૌકિક ધંધાના ફળમાં તો તું અજ્ઞાનથી હેરાન-હેરાન થઈ ગયો. હવે પોતાના આત્માના હિતનો વેપાર કર!

અનંતકાળમાં કદી એણે અધ્યાત્મતત્ત્વનો અભ્યાસ કર્યો જ નથી એટલે સૂક્ષ્મ લાગે છે. અનંતકાળમાં શાસ્ત્રપઠન ઘણીવાર કરી લીધો, વ્રત, નિયમ, તપ આદિ ઘણાં કર્યાં પણ અંતરમાં તત્ત્વ શું છે તેની ગંભીર નજર ન કરી. વિકલ્પસહિત આખો સંસાર આત્મામાં નથી. છતાં ભ્રાંતિથી તેને મારો માન્યો છે.

જો આત્માની શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક તેમાં એકાગ્રતા કરે તો નવા કર્મોનું બંધન થતું નથી અને જૂના કર્મો ખરી જાય છે. આમ, સંવર-નિર્જરા થાય છે. પોતાના સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતી અવિકારી—નિર્મળ પર્યાયથી જ કર્મનો નાશ થાય છે, કર્મના નાશનો બીજો કોઈ ઉપાય નથી.

આ સાંભળીને 'પ્રભાકર ભટ્ટ' શિષ્ય, ગુરુ યોગીન્દુદેવને પ્રશ્ન કરે છે. યોગીન્દુદેવ કોણ થઈ ગયા? કે—કુંદકુંદાચાર્ય પછી અગિયાર સો વર્ષ બાદ યોગીન્દુદેવ મુનિ થઈ ગયા કે જે સનાતન સત્ય દિગંબર ધર્મની જંગલમાં રહીને આરાધના કરતાં હતાં. તેમણે આ પરમાત્મપ્રકાશ ગ્રંથની રચના કરી છે. તેમાં અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે હે પ્રભો! સાંખ્ય આદિ પણ કહે છે કે કર્મના ફળને ભોગવતાં છતાં જ્ઞાનથી બંધ થતો નથી. તો તેને આપ દોષ કેમ આપો છો? આપ પણ કહો છો કે જ્ઞાનથી બંધ થતો નથી.

તેને શ્રીગુરુ સમાધાન આપે છે કે અમે તો આત્મજ્ઞાન સહિત જ્ઞાનીજીવોની અપેક્ષાએ કહીએ છીએ કે જ્ઞાની જ્ઞાનના પ્રભાવથી કર્મના ફળને ભોગવતાં છતાં પણ રાગ-દ્વેષ ભાવ કરતાં નથી. તેથી તેમને નવા કર્મના બંધનો અભાવ છે. પરંતુ જે મિથ્યાદૃષ્ટિ જ્ઞાનભાવથી બાહ્ય પૂર્વોપાર્જિત કર્મ-ફળને ભોગવતાં થકાં રાગી-દ્વેષી થાય છે તેને તો અવશ્ય બંધ થાય છે. સાંખ્યમત આ પ્રકારે કહેતો નથી તે તો વીતરાગચારિત્રથી રહિત કથન કરે છે માટે તે સાંખ્ય આદિને દૂષણ દેવામાં આવે છે.

અન્યમત તો જ્ઞાન.....જ્ઞાન કરે પણ આત્મા કોણ છે, કેવો છે, કેવડો છે, તેમાં કેટલા ગુણ છે...તે કાંઈ જાણતાં નથી. માત્ર જ્ઞાન કરો તો મોક્ષ થાય—એમ કહે છે પણ અહીં તો એક સમયમાં અનંતગુણ સંપન્ન આત્મભગવાનના જ્ઞાનથી મુક્તિ થાય છે એમ કહીએ છીએ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્માનું અસ્તિત્વ અનંતગુણથી પૂર્ણ છે. શરીર અને રાગાદિથી ખસીને આત્માનું જ્ઞાન કરવું તે આત્મજ્ઞાન છે. માત્ર શાસ્ત્રની વાતો કરી લેવી તે જ્ઞાન નથી. મહાન ચૈતન્યસત્તાની શ્રદ્ધા-જ્ઞાન વગર વિકલ્પ તૂટીને અનુભવ થતો નથી. અહીં તો રાગરહિત જ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. તેના વગર શાસ્ત્રના જ્ઞાનને કે દેવ-ગુરુના જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. એ તો વિકલ્પ છે.

યોગીન્દુદેવ—જંગલવાસી મહા દિગંબરસંત કહે છે કે આત્મજ્ઞાન સહિત શાંતિમાં તૃપ્ત, રાગ રહિત જ્ઞાનીને નવા કર્મ બંધાતા નથી અને જૂના કર્મ ટળે છે તેને સાચી નિર્જરા થાય છે. બાકી વેદાંત આદિ અન્યમત તો જ્ઞાન કરવાનું કહે પણ તે તો એક જ આત્મા સર્વવ્યાપી છે એમ માને છે. આત્મા સિવાય બીજા આત્માઓ કે કર્મ આદિ કોઈ પદાર્થ છે એમ માનતાં નથી. તેની જૂઠી માન્યતા આ સાચાં તત્ત્વની સમજણ વડે દૂર કરવાની છે.

ते निजशुद्धात्मानुभूतिलक्षणं वीतरागचारित्रनिरपेक्षा वदन्ति ।

નિજ શુદ્ધાત્મા—શાંત અવિકાર પરમ સ્વભાવના અનુભવરૂપ વીતરાગચારિત્રથી સહિત અને રાગ-દ્વેષાદિથી રહિત જ્ઞાનસ્વરૂપના અનુભવથી જ્ઞાની કર્મફળને ભોગવતાં છતાં રાગ-દ્વેષ કરતાં નથી, તેથી રાગરહિત સ્થિરતાથી શાંતિનો અનુભવ કરે છે, તેથી તેને બંધનો અભાવ છે પણ મિથ્યાદૃષ્ટિ તો આત્માના અનંતગુણોની અચિંત્ય મહિમાના જ્ઞાન વિના પૂર્વોક્ત ભોગોને રાગથી ભોગવે છે તેથી તેમાં તેને આ ઠીક છે અને આ અઠીક છે એવો અનુભવ થયાં વગર રહેતો નથી અને પૂર્ણ ચૈતન્યસત્તા ઉપર તો તેનું લક્ષ અને દૃષ્ટિ નથી, એકલું પર ઉપર લક્ષ છે તેથી વિકલ્પ ઉઠ્યા વગર રહેતાં નથી. સૂક્ષ્મપણે પણ જો વિકલ્પ ન હોય તો નિર્વિકલ્પ આનંદ આવ્યા વગર ન રહે. તેની દૃષ્ટિ જે વિકલ્પ ઉઠે છે તેને ભોગવવામાં પડી છે પણ મંદકષાય હોય એટલે એમ લાગે કે અહો! અમે તો આત્માનો અનુભવ કરીએ છીએ. તે આત્માનો અનુભવ નથી, રાગનો અનુભવ છે. આત્મા જેવો છે તેવો દૃષ્ટિમાં આવ્યા વગર કદી કોઈને વિકલ્પ તૂટીને આત્માનો અનુભવ થતો જ નથી. છતાં વિકલ્પ તૂટ્યાં એમ માને છે તે મૂઢ છે.

અનાદિથી હું ભૂલ કરી રહ્યો છું એનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ. જો ભૂલ ન કરતો હોય તો નિર્મળતા હોવી જોઈએ. નિર્મળતા તો નથી તેથી ભૂલ છે એ નક્કી છે.

કોઈ એમ કહે કે 'ધ્યાન કરો' તો ધ્યાન નથી તેથી કરવાનું કહે છે એ વાત નક્કી થઈ. માટે, ધ્યાન અનાદિની ચીજ નથી પણ નવી ચીજ છે માટે દ્રવ્ય કે ગુણ નથી પણ પર્યાય છે. હવે, એ પર્યાય છે તો તે ક્યાંથી આવે છે? કેટલો સમય રહે છે? એ બધી વાતનું જ્ઞાન કર્યા વિના ધ્યાન...ધ્યાન કરે તે ધ્યાન નથી પણ સસલાના શીંગડા જેવું ધ્યાન છે. ધ્યાન કરતાં પહેલાં મારે કઈ સત્તાનું ધ્યાન કરવું છે? તે સત્તા કેવી છે? કેટલો કાળ રહેવાળી છે વગેરે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બધાનું જ્ઞાન કરવું જોઈએ. સત્તાના જ્ઞાન વિના ધ્યાન થાય જ નહિ. માટે યોગીન્દુદેવ કહે છે કે વીતરાગસર્વજ્ઞે કહેલાં વસ્તુસ્વરૂપને સમજો અને પછી તેનું ધ્યાન કરો. દ્રવ્ય અને ગુણ ટકવાવાળી વસ્તુ છે અને પર્યાય પલટતો ભાવ છે માટે પર્યાયમાં વિકાર છે તેને પલટીને ધ્યાન થઈ શકે અને ધ્યાન દ્વારા નિર્મળતા પ્રગટ કરીને પૂર્ણ નિર્મળ એવો મોક્ષ સાધી શકે. આવું વસ્તુનું સ્વરૂપ છે તેથી જ ભગવાને સાત તત્ત્વનું જ્ઞાન કરવાનું કહ્યું છે. અનાદિથી આસ્રવ, બંધની પર્યાય નવી પ્રગટ થતી હતી તે પલટીને સમ્યગ્દર્શનાદિ સંવર-નિર્જરા પર્યાય નવી પ્રગટ થાય છે. તેની પૂર્ણતા પ્રગટ થાય તેનું જ નામ મોક્ષ છે.

સમજ્યા વગરનું ધ્યાન તો બળદ પણ કરે પણ તેથી શું! તેનાથી કાંઈ આત્માનું કલ્યાણ ન થાય. મંદકષાયથી એવું જ્ઞાન તેને પણ પ્રગટ થાય કે જે પૂછો તેના જવાબ આપે. અહીં એવા એક બળદને લઈને માણસ આવ્યો હતો તે બળદને પૂછ્યું કે પંચાસ્તિકાયની ટીકા કોણ બનાવે છે? તો બળદ સીધો હિંમતભાઈ પંડિત પાસે જઈને ઉભો રહ્યો. એવા પ્રશ્નોના જવાબ આપે. બળદને માર મારી મારીને એવી વિદ્યા શીખવી હોય પણ એ કાંઈ જ્ઞાન નથી, મૂઢતા છે. તેમાં આત્માને કાંઈ લાભ ન થાય. અહીં તો સર્વજ્ઞના માર્ગની વાત કોઈ જુદી જ છે.

ભાવનગરમાં એક શિક્ષિકા બેનની ત્રણ વર્ષની છોકરીને જાતિસ્મરણ થયું છે એમ છાપામાં આવ્યું છે. આપણે અહીં રાજુલને હિંમતભાઈ પંડિતની ભત્રીજાની દીકરીને પણ જાતિસ્મરણ થયું છે. આવા તો ઘણાં કેસ બને છે તેના ઉપરથી પુનર્જન્મ સિદ્ધ થાય છે પણ આમાં કાંઈ વિસ્મયકારી ચીજ નથી. આ તો ભવની વાત છે આશ્ચર્યકારી તો આત્મા અનંતકાળથી કેવા સ્વરૂપે રહેલો છે તે સમજવું એ અલૌકિક છે.

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનભાવથી એકલા રાગ-દ્વેષ ભાવ કરે છે અને માને છે કે મને ધર્મ થાય છે. તેને ધર્મ તો ન થાય પણ બંધ અવશ્ય થાય છે. સાંખ્યમત આ પ્રકારે માનતો નથી. તે તો વીતરાગચારિત્રથી રહિત કથન કરે છે માટે તે સાંખ્યાદિકોને દૂષણ દેવામાં આવે છે—આ તાત્પર્ય જાણવું.

આમ, સાંખ્યના કથનમાં અને આપણા કથનમાં ઉગમણો—આથમણો ફેર છે—અર્થાત્ પૂર્વ—પશ્ચિમનો ફેર છે, તેમાં કાંઈ મિલાન થાય તેવું નથી. ચૈતન્યનું મહા અસ્તિત્વ બધાં પરપદાર્થથી અને સર્વ પ્રકારના રાગથી જુદું છે, જુદી જાતનું છે, રાગ-દ્વેષથી રહિત થઈને તેનું જ્ઞાન કરવું તે સંવર-નિર્જરા છે મુક્તિનું કારણ છે. અજ્ઞાનીના પંથમાં એ વાત નથી.

જ્યાં સુધી જીવ એક પરમાણુમાત્ર રાગ એટલે કે વિકલ્પમાત્રને છોડતો નથી ત્યાં સુધી તેને ધર્મ થતો નથી. ધારણાજ્ઞાનમાં પરમાર્થને જાણતો હોવા છતાં તેની મુક્તિ થતી નથી એમ હવેની ગાથામાં કહેશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અન્યમતમાં કહે છે ને! અનાસક્તિથી કર્મ કરવું. અહીં કરે છે કે આત્મા પરના કામ કરી શકતો હોય તો કરે ને! આત્મા પરના કામ કરનારો નથી. માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે. કરવું-ફેરવવું એ આત્માનું કાર્ય જ નથી. આવા ભાનપૂર્વક ક્રિયાનો કર્તા થતો નથી તેનું નામ અનાસક્તિ છે. હું પરના કાર્ય કરી તો શકું છું પણ અનાસક્તિ રાખું છું એનો અર્થ જ મિથ્યાત્વ છે.

હું પરના કાર્ય કરી શકું છું એવો રાગ છે ત્યાં સુધી જીવની મુક્તિ થતી નથી. આવો મારગ છે તેને બદલે ભય-અભય આદિના ગપ્પા મારે છે તેને વીતરાગમાર્ગની ખબર જ નથી. તત્ત્વ શું છે, તેનું સ્વરૂપ શું છે એ બધું પ્રથમ સમજવું જોઈએ. ભય શું છે? નિર્ભયતા શું છે! કેમ નિર્ભય થવાય, નિર્ભય વસ્તુ કેવી છે તે સમજ્યા વિના ભય છૂટી શકતો નથી. જેને હજુ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન નથી તેને ભય ટળતો નથી, નિર્ભયતા થતી નથી. એક વિકલ્પમાત્રનો પણ કર્તા થાય છે તે જ્ઞાની થઈ શકતો નથી.

❁

❁ સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાષ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૫)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# રાગમાં એકત્વ છે તેને આત્મસ્વભાવની ભાવના નથી

(સળંગ પ્રવચન નં-૧૨૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૮૧ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જ્યાં સુધી જીવ પરમાણુમાત્ર પણ રાગને છોડતો નથી, ધારણ કરી રાખે છે ત્યાં સુધી કર્મોથી છૂટતો નથી.

जो अणु—मेत्तु वि राउ मणि जाम ण मिल्लइ एत्थु।
सो णवि मुच्चइ ताप जिय जणंतु वि परमत्थु॥

અર્થ :—જ્યાં સુધી જે જીવ અણુમાત્ર પણ રાગ મનમાંથી છોડતો નથી ત્યાં સુધી તે જીવ પરમાર્થને જાણતો થકો પણ મુક્ત થઈ શકતો નથી.

'રાગ' ભલે તે શુભ હો કે અશુભ હો તેમાંથી જે એકત્વબુદ્ધિ છોડતો નથી તેને રાગની જ અભિલાષા છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે અને રાગ તો વિકાર-મેલ છે. એ બેમાં જે એકત્વ કરવું તે મિથ્યાત્વની ગ્રંથિ નામ ગાંઠ છે. આ ગ્રંથિ જ્યાં સુધી છે ત્યાં સુધી જીવની મુક્તિ થતી નથી.

રાગમાં એકત્વ છે તેને પરપદાર્થની અને પાંચ ઈન્દ્રિયના વિષયોની જ અભિલાષા છે, અંતરમાં આત્મસ્વભાવ છે તેની ભાવના નથી. પરમાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા ત્રિકાળ શુદ્ધ નિર્મળ છે તેમાં થોડા પણ રાગને કે જે મલિન છે તેને એકત્વરૂપે માને છે અને શુદ્ધાત્માની ભાવના નહિ કરતાં રાગની ભાવના કરે છે તે આગમજ્ઞાનથી આત્માને શબ્દથી કેવળ જાણતો હોવા છતાં પણ વીતરાગચારિત્રની ભાવના વિના મોક્ષને પામતો નથી.

શબ્દથી જાણે કે આત્મા શુદ્ધ છે અને પવિત્ર છે પણ શબ્દમાત્રના જ્ઞાનથી આત્મા જણાતો નથી, વિકલ્પમાત્રથી પણ આત્મા જણાતો નથી. માટે જે શબ્દથી જ આત્માને જાણે છે અને વીતરાગચારિત્રની ભાવનાથી રહિત છે તેનો મોક્ષ થતો નથી.

જેનો વીતરાગ સદાનંદરૂપ એક સ્વભાવ છે તેનું નામ આત્મા છે. શરીર, વાણી અને મન જડ છે. શુભ-અશુભરાગ થાય છે તે ચૈતન્યથી વિપરીત એવા આસ્રવતત્ત્વમાં જાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

માટે જેને થોડી પણ રાગની ભાવના છે તેને આત્માની ભાવના નથી, જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિનો તેને અભાવ છે. અને જેને આત્માની દૃષ્ટિ નથી તેને રાગની ભાવના અને તેની દૃષ્ટિ છે. અને રાગની દૃષ્ટિ છે તેને પાંચ ઈન્દ્રિયના વિષયોની જ ભાવના છે. તેથી ભગવાન કહે છે કે તેને મિથ્યાત્વની ગાંઠ અંદરમાં પડી હોવાથી તેનો મોક્ષ થતો નથી. આત્માના ભાન વિના મગજ ઘણું કામ કરતું હોય તોપણ શું? એ મગજમાં તો જીવડાં પડ્યાં છે **दिमागमें दीमग पड़ा है।** પુણ્ય-પાપના વિકલ્પરહિત–સ્વભાવના જ્ઞાન અને દૃષ્ટિ વિનાના મગજને કીડા ખાઈ ગયા છે. સંસારિક જે કાંઈ પણ જ્ઞાન છે તે કુજ્ઞાન છે.

આવી ગાથા સમયસારમાં પણ આવે છે. પ્રવચનસાર અને અષ્ટપાહુડમાં પણ આવે છે. અણુમાત્ર રાગ છે પણ તે અનંતાનુબંધીનો રાગ છે—એકત્વબુદ્ધિ સહિતનો રાગ છે. જયપુરના જયચંદજી પંડિતે આવો અર્થ કર્યો છે. શબ્દજ્ઞાન હોય, અગિયાર અંગ અને નવપૂર્વને જાણતો હોય તોપણ એકત્વબુદ્ધિ સહિતનો રાગ છે ત્યાં સુધી તેને આત્માનો કાંઈ લાભ નથી. પંડિત થઈને હજારો લોકોની વચ્ચે વ્યાખ્યાન આપતો હોય પણ તેના આત્માને કાંઈ લાભ નથી. રાગમાં એકાકાર છે ત્યાં સુધી તેની મુક્તિ નથી. સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપની એકાગ્રતા વિના તેની મુક્તિ થતી નથી.

કુંદકુંદઆચાર્યદેવે પ્રવચનસારમાં એમ કહ્યું છે કે અરે! અમે અમારાં આત્મજ્ઞાન દ્વારા મોહગ્રંથિનો નાશ કર્યો છે અને વીતરાગચારિત્ર પ્રાપ્ત કર્યું છે તેનાથી અમારો મોક્ષ થશે, બીજા કોઈ ઉપાયથી મુક્તિ નથી. 'અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો સ્યાદ્વાદમુદ્રિત દિવ્યધ્વનિ—શબ્દબ્રહ્મ જયવંત વર્તો, જયવંત વર્તો એ શબ્દબ્રહ્મમૂલક આત્મ-તત્ત્વ ઉપલબ્ધિ.' ભગવાન પરમેશ્વરની દિવ્યધ્વનિ જ આત્માના અનુભવમાં નિમિત્ત થાય છે. સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય કોઈ અન્યમતની વાણી આત્મજ્ઞાનમાં નિમિત્ત થતી નથી.

પ્રથમ તો સર્વજ્ઞ અને વીતરાગ ભગવાન કોણ છે તેની ખબર હોવી જોઈએ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણનારા ભગવાનની વાણી એમ બતાવે છે કે આત્મતત્ત્વ રાગરહિત છે, પુણ્ય-પાપના વિકલ્પથી તારી ચીજ ભિન્ન છે. સંતો કહે છે તે પણ વીતરાગની વાણીથી કહે છે, ઘરની વાત કરતાં નથી. વીતરાગે આત્માનું સ્વરૂપ જેવું કહ્યું તેવું પોતે અનુભવમાં લે ત્યારે તેને ભગવાનની વાણી નિમિત્ત થઈ કહેવાય છે.

પ્રવચનસારની શરૂઆત કરતાં કુંદકુંદઆચાર્યદેવે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન-કાળમાં થતાં સર્વ ભગવંતોને નમસ્કાર કરીને શાસ્ત્ર શરૂ કર્યુ છે. જેમાં સર્વ સિદ્ધાંતનો સાર બતાવ્યો છે. સમયસારમાં પણ '**वंदितु सव्वसिद्धे**' થી શરૂઆત કરી છે અને અંદરમાં ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. અનંત સિદ્ધોને પ્રથમ ગાથામાં નમસ્કાર કરીને એ સિદ્ધ કર્યુ કે સિદ્ધ અનંત

છે, એક નથી. કોઈ એક આત્મા જ માને છે તેની વાતને ઉડાડી દીધી છે. આચાર્યદેવ કહે છે કે હું મારી જ્ઞાનની દશામાં સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું, આદર કરું છું. સિદ્ધ થઈ ગયા તેનાથી અનંતગુણા જીવો સંસારમાં રહેલાં છે. સર્વજ્ઞની વાણીમાં એમ આવ્યું છે કે જીવો અનંત છે તેમાંથી પોતાના આત્માનો અનુભવ કરીને અનંત જીવો સિદ્ધ થઈ ગયા. તે મોક્ષમાં બિરાજમાન છે. તે સર્વ સિદ્ધોનો હું આદર કરું છું, બીજા કોઈનો હું આદર કરતો નથી.

અહાહા.....! સમયસારના પ્રથમ શબ્દ **'वंदित्तु सव्वसिद्धे'** માં ગજબ વાત કરી છે. તેના ટીકાકાર આચાર્યદેવે તેનો અર્થ એવો લીધો કે અમે તો અમારાં આત્મામાં સિદ્ધોને સ્થાપીએ છીએ પણ તમે પણ તમારી જ્ઞાનની પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપીને આ સમયસાર સાંભળજો. કેટલો આદર! કેટલો વિનય! અમને તો સિદ્ધોનો આદર છે તેવો તમને પણ આદર હો અને રાગ તથા નિમિત્તનો આદર ન રહો! તો જ તમારાં જ્ઞાનમાં સિદ્ધોની પ્રતિષ્ઠા થશે. કેટલી ગંભીરતા છે! કુંદકુંદઆચાર્ય કહે છે કે સર્વજ્ઞભગવાને અને શ્રુતકેવળીઓએ કહેલું સમયસાર હું તમને કહીશ. મારી કલ્પનાથી નહિ પણ સર્વજ્ઞે કહેલી વાત જે મારા જ્ઞાનમાં આવી છે તે પ્રમાણે જ કહીશ.

સર્વજ્ઞની કહેલી વાત નહિ કરતાં, અમે કહીએ છીએ...એવી વાત કરનારાની વાત સાંભળવી જ નહિ.

અહીં તો કહે છે કે અમને શબ્દબ્રહ્મ મૂલક આત્મતત્ત્વની પ્રાપ્તિ થઈ, જેના પ્રસાદથી અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ તૂટી ગઈ. રાગની એકતાબુદ્ધિનો નાશ થયો છે. ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં અમૃતચંદ્રાચાર્ય મુનિ આમ કહે છે કે આમ જ્યાં પર્યાય અંતરમાં વળી ત્યાં મોહગ્રંથિ તુરત જ ટળી ગઈ.

જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રરૂપ શુદ્ધોપયોગ.....કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ ધર્મરૂપ થયો. કોઈની સહાય વિના આત્મા પોતાથી જ ધર્મરૂપ થયો છે. ધર્મી આત્મા જ પર્યાયમાં ધર્મરૂપ થયા છે.

આવી જ વાત અહીં પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ કહે છે જેને આગમનું જ્ઞાન છે પણ રાગરહિત આત્માનું જ્ઞાન નથી તેની મુક્તિ થતી નથી, સમ્યગ્દર્શન જ થતું નથી તો સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને મુક્તિ તો ક્યાંથી થાય! વીતરાગચારિત્રની ભાવના વિના મોક્ષ થતો નથી.

હવે, જે નિર્વિકલ્પ આત્મભાવનાથી શૂન્ય છે તે શાસ્ત્રને વાંચતા થકા પણ તથા તપશ્ચરણ કરતાં થકાં પણ પરમાર્થને જાણતા નથી એમ ૮૨મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે.

www.vitragvani.com



बुज्झइ सत्थई तउ चरइ पर परमत्थु ण वेइ।
ताव ण मुंचइ जाम णवि इहु परमत्थु मुणेइ॥८२॥

અર્થ :—શાસ્ત્રને જાણે છે, તપ તપે છે તોપણ જ્યાં સુધી પૂર્વકથિત પરમાર્થને જાણતા નથી, માનતા નથી ત્યાં સુધી મુક્તિ પ્રાપ્ત કરી શકતાં નથી.

ઘણાં શાસ્ત્ર વાંચે છે, ઘણી તપસ્યા કરે છે, ૨૮ મૂળગુણ પંચમહાવ્રત આદિ પાળે છે તે વિકલ્પથી અને શાસ્ત્રજ્ઞાનથી પાર આત્મા છે તેને જાણતા નથી. પરમાર્થ એટલે પરમ+અર્થ. પરમ પદાર્થ નામ 'આત્મા' તેને જાણતા નથી તેને શાસ્ત્ર ભણવા છતાં અને તપશ્ચરણ કરવા છતાં આત્માનું જ્ઞાન નથી. કેમ કે શાસ્ત્રનું જ્ઞાન અને તપની ક્રિયા એ બંને 'રાગ' છે તેના વડે આત્માનું જ્ઞાન થતું નથી.

ભાવાર્થ :—વ્યવહારનયથી આત્મા અધ્યાત્મશાસ્ત્રોથી જાણવામાં આવે છે. આ શાસ્ત્રો પરમાર્થના પ્રતિપાદક છે તેથી તો તેનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. સમયસારમાં પણ પરમાત્માનો પ્રકાશ છે. **यद्यपि व्यवहारेण परमार्थ प्रतिपादक शास्त्रेण ज्ञायतते**.....જેમાં નિર્મળ, નિરાવરણ, નિર્દોષ આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે એવા પરમ અધ્યાત્મ શાસ્ત્રોને જાણવા છતાં આત્માથી આત્માનું જ્ઞાન ન કર્યું તો શા કામનું! નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી જ આત્મા જાણવાયોગ્ય છે. વ્યવહારનયથી શાસ્ત્રથી આત્મા જણાય છે તેમ કહ્યું તેનો અર્થ એ કે આત્માને જાણ ત્યારે અધ્યાત્મશાસ્ત્રનું જ નિમિત્ત હોય છે પણ માત્ર શાસ્ત્રને જાણી લે પણ અંતર વીતરાગવિજ્ઞાન દ્વારા આત્માને જાણે નહિ તો તેને શાસ્ત્રજ્ઞાનનો કાંઈ લાભ નથી.

વિકલ્પરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા આત્મા જાણવામાં આવે છે. વર્તમાનમાં તો ધર્મના નામે ગડબડ બહુ થઈ ગઈ છે એટલે વાસ્તવિક તત્ત્વને સમજવામાં પણ ગડબડ થઈ ગઈ છે. ભગવાન આત્મા પોતાની વીતરાગ શુદ્ધ પરિણતિ દ્વારા જ જાણવામાં આવે છે. આ કાર્ય દુર્લભ લાગે, મહાન લાગે પણ અશક્ય નથી. પોતાના ઘરની ચીજ છે. બાકી બધી નિમિત્તની વાતો છે.

આત્મા અંતરમાં અનંતગુણ સંપન્ન વસ્તુ છે તે પોતાના નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન વડે જ જાણવામાં આવે છે. શાસ્ત્રથી આત્મા આવો છે.....આવો છે એમ વિકલ્પ દ્વારા જાણવામાં આવે છે પણ તે કાંઈ આત્માનું વાસ્તવિક જ્ઞાન નથી. અનંતકાળમાં જીવે સર્વજ્ઞની વાણીથી ને શાસ્ત્રથી તો આત્માનું જ્ઞાન કર્યું છે પણ પોતાના સ્વસંવેદનથી આત્માનું જ્ઞાન કદી કર્યું નથી. સ્વસંવેદનજ્ઞાનથી આત્માને જાણવો તે જ આત્માનું વાસ્તવિકજ્ઞાન છે. શાસ્ત્રથી તો ૧૧ અંગનું જ્ઞાન કરી લે તોપણ આત્મા જણાતો નથી.

www.vitragvani.com



આગળ ૮૩ ગાથામાં આનાથી પણ જોરદાર વાત આવશે. જેમ દાણા ઉપરથી ફોતરાં ઝાપટીને ઉડાડી દ્યે તેમ સર્વ પ્રકારના રાગને દૃષ્ટિમાંથી ઉડાડી દ્યે ત્યારે આત્મા જાણવામાં આવે છે. રાગ રહિત વીતરાગદૃષ્ટિ વડે જ ભગવાન આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં અને અનુભવમાં આવે છે.

જો કે બાહ્ય સહકારીકારણ અનશનાદિ બાર પ્રકારના તપથી આત્મા સધાય છે તોપણ નિશ્ચયથી નિર્વિકલ્પ વીતરાગચારિત્રથી જ આત્માની સિદ્ધિ છે. નિમિત્તથી અનશન, અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન, કાયક્લેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન આદિ વડે આત્મા સધાય છે એમ કહેવાય છે પણ તે બધા રાગની મંદતામાં જાય છે. હું આવો છું.....આવો છું એવું ધ્યાન કરવું તે પણ વિકલ્પ છે તે નિમિત્તરૂપ છે પણ અંતરના ઉપાદાનમાં તે કામ કરતાં નથી. અભ્યંતર રાગરહિત સ્થિરતા તે જ સાચું ચારિત્ર છે, તેના વડે આત્માની સિદ્ધિ થાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુનો વિનય, વૈયાવૃત્ત આદિ બધું શુભરાગમાં જાય છે. શાસ્ત્રનું વાંચન, ઉપદેશ, પ્રશ્ન પૂછવા, પર્યટના, અનુપ્રેક્ષા એ બધાં સ્વાધ્યાયના ભેદ છે તે પણ બાહ્યતપના ભેદ છે, અંતરંગ નહિ. જો કે આવા તપના બાર ભેદ પણ સર્વજ્ઞના શાસ્ત્રમાં છે પણ તે નિમિત્તરૂપ છે. આવા નિમિત્ત પણ અજ્ઞાનીના શાસ્ત્રમાં નથી.

આત્મામાં ચરવું તે ચારિત્ર છે. ગાય ઘાસને ચરે છે ને! તેમ અતીન્દ્રિય જ્ઞાન-આનંદમાં ચરવું તેનું નામ ચારિત્ર છે. આનંદનો અનુભવ કરવો, તેમાં એકાગ્ર થવું તે ચારિત્ર છે. આવા વીતરાગચારિત્રથી જ આત્માની સિદ્ધિ છે. વીતરાગચારિત્રનું લક્ષણ જ એ છે કે 'શુદ્ધાત્મામાં વિશ્રામ લેવો.' જેમ બરફની શિલા ઉપર સૂઈ જાવ તો કેવી ઠંડક આવે! તેમ વીતરાગ શાંતરસની શિલા એવા આત્મામાં વિશ્રામ લેતાં અંતરમાંથી વીતરાગી શાંતિ પ્રગટ થાય છે.

માણસને થાક લાગ્યો હોય કે કોઈ દુઃખનું કારણ બન્યું હોય તો વિશ્રામ માટે સૂઈ જાય છે તો થાક ઊતરી જાય છે, તેમ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલાં વિકારનો જો તને થાક લાગ્યો હોય તો સ્વરૂપની દૃષ્ટિ કરીને તેમાં વિશ્રામ કર તો અજ્ઞાનનું દુઃખ મટી જશે. વીતરાગની વાણી તો એવી છે કે "ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા—જિન તણી ચરણસેવા. ધાર પર નાચતાં દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા." તેમાં કોઈ અજ્ઞાની કે કોઈ દેવો રહી ન શકે.

આત્મા વીતરાગસ્વભાવનો પિંડ છે, તેમાં વિશ્રામ લેવો—તેમાં ઠરવું તેનું નામ વીતરાગ પરમેશ્વર 'ચારિત્ર' કહે છે. રાગમાં ઠરવું તે વીતરાગચારિત્રનું લક્ષણ નથી. મુનિરાજ સપ્તમ ગુણસ્થાનમાં અંતરમાં રાગરહિત શાંતિમાં ઠરે છે અને શાંતિ..... શાંતિ.....શાંતિનો અનુભવ કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્યાં ભગવાન બિરાજે છે એવા સમવસરણમાં શશીકાંતની શિલા હોય છે, તેના ઉપર બેસીને ઈન્દ્રો વિશ્રાંતિ લે છે. ભગવાનને વંદન કરવા અને વાણી સાંભળવા સ્વર્ગમાંથી દેવો-ઈન્દ્રો આવે છે ને! તે સમવસરણમાં પેસીને શશીકાંતશીલા ઉપર બેસીને થોડીવાર વિશ્રાંતિ લે છે. આપણે અહીં સમોવસરણમાં સફેદ શીલા મૂકી છે ને! શશીકાંત-શિલા જાણે ચંદ્રના કિરણોથી બનાવી હોય એવી બહુ ઠંડી હોય છે પણ એ તો પથ્થર છે જ્યારે આત્મામાં તો ચૈતન્યની શશીકાંતશિલા છે તેમાં વિશ્રામ લેવો—શાંત....શાંત થઈ જવું તેને ભગવાન ચારિત્ર કહે છે.

વીતરાગચારિત્ર વિના આગમજ્ઞાનથી અને બાહ્યતપથી આત્મજ્ઞાનની સિદ્ધિ નથી. મહિના મહિનાના ઉપવાસ કરે તોપણ શું! બાહ્યતપથી આત્માની સિદ્ધિ નથી. જ્યાં સુધી નિજ શુદ્ધાત્મતત્ત્વના સ્વરૂપનું આચરણ નથી ત્યાં સુધી કર્મોથી છૂટી શકાતું નથી. કર્મની નિર્જરા તો અંતરમાં ઠરવાથી થાય છે માટે આ નિઃસંદેહ જાણવું કે, જ્યાં સુધી પરમતત્ત્વને ન જાણે, શ્રદ્ધા ન કરે, અનુભવે નહિ ત્યાં સુધી કર્મબંધથી છૂટી શકાતું નથી. આ દૌલતરામજીએ કરેલી ભાષા ટીકા છે. દૌલતરામજી ગૃહસ્થ પંડિત હતાં. શરૂઆતમાં પ્રથમ ગાથામાં લખ્યું છે કે 'દૌલતરામજીકૃત ભાષાટીકા'. છઢાળા જેણે બનાવી છે એ જ આ દૌલતરામજી છે. પરમાત્મપ્રકાશની સંસ્કૃત ટીકાનું હિંદી તેમણે કરેલું છે. ૨૦૦ વર્ષ પહેલાં પંડિતો બહુ સારા થઈ ગયા.

અહીં કહે છે કે જ્યાં સુધી પરમતત્ત્વને ન જાણે, ન શ્રદ્ધે, ન અનુભવે ત્યાં સુધી કર્મબંધથી જીવ છૂટતો નથી—આ વાત નિઃસંદેહ જાણવી. આથી આ નિશ્ચય થાય છે કે કર્મબંધથી છૂટવાનું કારણ એક આત્મજ્ઞાન જ છે. શાસ્ત્રનું જ્ઞાન પણ આત્મજ્ઞાન માટે જ કરવામાં આવે છે.

❑ ❑ ❑

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# દેહ દેવાલયમાં બિરાજતાં દેવના દર્શન કરો

(સળંગ પ્રવચન નં.–૧૨૬)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૮૨મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

જ્યાં સુધી નિજ શુદ્ધાત્મતત્ત્વનાં સ્વરૂપનું આચરણ નથી ત્યાં સુધી જીવ કર્મોથી છૂટી શકતો નથી. આત્મામાં શુભભાવ થાય તો પુણ્ય બંધાય છે અને અશુભભાવ થાય તો પાપ બંધાય છે પણ શુભાશુભ બંનેથી રહિત એવા સ્વભાવમાં એકાગ્રતા થયા વિના આત્મા કર્મોના બંધનથી છૂટતો નથી.

આત્માના અનુભવ વિના મિથ્યાત્વથી પણ જીવ છૂટકારો પામતો નથી. અનુભવ વિના અવ્રત, પ્રમાદ અને કષાયનો પણ નાશ થતો નથી. માટે, આત્માના અનુભવ વિના સંવર, નિર્જરા અને મોક્ષ નથી એ વાત નિઃસંદેહ જાણજો.

જ્યાં સુધી પરમતત્ત્વને ન જાણે, ન શ્રદ્ધા કરે, ન અનુભવે ત્યાં સુધી કર્મબંધથી જીવ છૂટતો નથી. આત્મા પરમ જ્ઞાન, પરમ આનંદ, પરમ શાંતિ, પરમ સ્વચ્છતાથી ભરેલું પરમતત્ત્વ છે, જ્યારે શુભાશુભભાવ તો અપરમ અર્થાત્ વિકૃત છે. તેનાથી રહિત અને સ્વભાવથી એકાકાર સ્વરૂપને જાણે નહિ, શ્રદ્ધા કરે નહિ કે હું પૂર્ણાનંદ સ્વરૂપ અખંડ જ્ઞાનમૂર્તિ છું અને આનંદનું આચરણ ન કરે ત્યાં સુધી કર્મબંધનથી છૂટતો નથી. માટે, આ નિશ્ચય થયો કે કર્મબંધથી છૂટવાનું કારણ એક આત્મજ્ઞાન જ છે.

આત્મા શું ચીજ છે એ ઓળખવાની જગતને દરકાર નથી અને ધર્મ કરવો છે. પણ, ધર્મ કરવાવાળો 'આત્મા' કેવો છે એ જાણ્યા વિના ધર્મ ક્યાંથી થઈ જશે! ધર્મ એટલે નિર્મળદશા—નિર્મળભાવ. આ નિર્મળભાવ ક્યાંથી આવે છે, કેમ આવે છે એ સમજ્યા વિના નિર્દોષભાવ પ્રગટ થઈ શકતો નથી. પવિત્ર—નિર્દોષ વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન વિના તેમાં એકાગ્રતા થતી નથી અને તેમાં એકાગ્રતા વિના શાંતિ અને ધર્મ પ્રગટ થતો નથી. ધર્મ કરવો છે પણ ધર્મ કરવાવાળા આત્માને—પોતાને તો ઓળખવો નથી...તેનો કાંઈ અર્થ થતો નથી. શાક લેવા જાય અને કયું શાક લેવું, કેટલું લેવું તેની ખબર ન હોય તો શું શાક લાવે! તેમ ધર્મ કરવો છે તેને ધર્મના સ્વરૂપની ખબર હોય તો ધર્મ કરે ને!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ જ રીતે જેમ, શાકભાજી શાકભાજીની દુકાને જ મળે, કાપડની દુકાને ન મળે તેમ, ધર્મ નામ શાંતિ–નિર્દોષતા જોઈતી હોય તો તે પોતાના આત્માની પેઢીમાંથી જ મળે, બીજી કોઈ દુકાનેથી મળે નહિ કેમ કે ભગવાન આત્મા જ નિર્દોષ અવિકારી શાંત ચૈતન્યસ્વભાવનો પિંડ છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા વિના તેમાં સ્થિરતા થઈ શકતી નથી.

આ તો મૂળ રકમની વાત છે. અનંતકાળમાં એણે મૂળ રકમની જ ઓળખાણ કરી નથી. વસ્તુનું સાચું જ્ઞાન જ શાંતિનું કારણ છે એ વિના કર્મનો ક્ષય પણ થતો નથી. માટે, શાસ્ત્રોનું જ્ઞાન પણ આત્માના જ્ઞાન માટે જ કરવામાં આવે છે. આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય એ વિધિ સમજવા માટે જ શાસ્ત્રનું જ્ઞાન કરવામાં આવે છે.

જેમ, દીપકથી વસ્તુને જોઈને વસ્તુ તો ઉઠાવી લઈએ છીએ અને દીપકને મૂકી દઈએ છીએ તેમ, શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ દેવાવાળા 'અધ્યાત્મશાસ્ત્ર' વડે શુદ્ધાત્મતત્ત્વને જાણીને તે શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ કરવો જોઈએ અને શાસ્ત્રનો વિકલ્પ છોડી દેવો જોઈએ. શાસ્ત્ર તો દીપકના સ્થાને છે અને આત્મવસ્તુ રત્ન સમાન છે.

આમાં એ વાત પણ આચાર્યદેવે બતાવી દીધી કે અધ્યાત્મશાસ્ત્ર જ શુદ્ધાત્માને બતાવવામાં નિમિત્ત થાય છે. જેમ, હીરાની દુકાનમાં હીરા બતાવવાવાળા ઝવેરી જ હોય, કુંભાર ન હોય તેમ, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલાં અધ્યાત્મશાસ્ત્રો જ શરીર, કર્મ અને વિકારથી ભિન્ન અને અનંત ગુણોથી અભિન્ન એવા આત્માને બતાવે છે.

સર્વજ્ઞદેવે કહેલી વાત જ સમયસાર, પ્રવચનસાર, પરમાત્મપ્રકાશ આદિ અધ્યાત્મશાસ્ત્રોમાં આચાર્યોએ લખી છે, કોઈ પોતાના ઘરની વાત લખી નથી. આત્મા શુદ્ધ છે, પવિત્ર છે, જ્ઞાનાનંદનો કંદ છે એવું આ શાસ્ત્રો બતાવે છે. વસ્તુમાં આવા ગુણો ભર્યા પડ્યાં છે તેનું જ્ઞાન કરે તેને એ સ્વભાવો પર્યાયમાં પ્રગટ થાય છે તેનું નામ અનુભવ છે. આ અનુભવ જ ચિંતામણીરત્ન છે, અનુભવ જ ચૈતન્યરસનો કુવો છે, અનુભવ જ મોક્ષનો માર્ગ છે અને અનુભવ જ મોક્ષનું સ્વરૂપ છે. અનુભવથી જ બંધનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. સમયસાર નાટકમાં બનારસીદાસજીએ અનુભવની આવી મહિમા કરી છે.

માટે, પ્રથમ શાસ્ત્રોથી કે સંતોથી કે મુનિઓ પાસેથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણી લેવું. પછી તે શાસ્ત્ર આદિનો વિકલ્પ છોડીને અનુભવ કરવો. વિકલ્પ રાખીને અનુભવ નહિ થાય.

શ્રોતા :—વિકલ્પ તો છૂટી જ જાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિકલ્પ છૂટી જ જાય પણ જો છોડવા માંગે તો છૂટે. વિકલ્પ રાખીને અનુભવ કરવા માગે તો અનુભવ ન થાય. જેમ મિઠાઈ લેવા જાય ત્યાં પહેલાં તો ત્રાજવા–તોલા, ભાવ આદિ બધું નક્કી કરે કે બરાબર છે કે નહિ! પછી જ મિઠાઈ લે. પણ

મીઠાઈ લાવ્યા પછી ખાવા બેસે ત્યારે એ કાંઈ વિચાર કરતો નથી, તો જ મિઠાઈના સ્વાદનું વેદન થાય છે તેમ, આત્માનો અનુભવ કરતાં પહેલાં પ્રમાણથી, નયથી, ન્યાયથી, નિક્ષેપથી આત્માનું સ્વરૂપ બરાબર નક્કી કરે છે પણ અનુભવ કરતી વખતે એ કાંઈ વિચાર કરતો નથી. માટે અહીં કહ્યું કે, 'शास्त्रविकल्पस्तज्यत....' શાસ્ત્ર તો દીવા સમાન છે તેના વડે ચૈતન્યરત્નને જોઈ લેવું--લઈ લેવું અને દીવાને મૂકી દેવો કેમ કે શાસ્ત્ર કહે છે કે ભગવાન આત્મા એકલાં જ્ઞાન-દર્શનાદિ રત્નોથી ભરેલો છે તેને પ્રથમ જાણી લેવું પણ સાથે જે વિકલ્પ છે તે રાગ છે તેને છોડીને આત્માનો અનુભવ કરવો એ જ નિર્જરાનું કારણ છે. બંધને છેદવાનો ઉપાય ભગવાને આ એક જ કહ્યો છે.

એને એમ થાય છે કે અરે! અમારે સંસારના કાર્યો પણ બધાં કરવા અને તેમાંથી સમય કાઢીને આત્માને સમજવો અને તે સમજ્યા પછી પણ વિકલ્પ છોડીને અનુભવ કરવો. એટલો સમય ક્યાંથી કાઢવો! અરે! ભલા માણસ! મરણ આવીને ઊભું રહેશે ત્યારે મને સમય નથી એમ કહીશ તો મરણ તારું સાંભળશે! અત્યારે તો કેવા અકસ્માત મરણ થાય છે! દેહની ક્ષણિક સ્થિતિ પૂરી થતાં બીજા ભવમાં રખડવા ચાલ્યો જઈશ. જ્યાં સુધી આત્મજ્ઞાન-દર્શન ન કર્યા ત્યાં સુધી બંધથી છૂટવાનો અને મુક્તિ પામવાનો ઉપાય હાથ નહિ લાગે.

આ ગાથાઓ બહુ ઊંચી છે હો! શુભરાગથી ધર્મ નહિ થાય એ વાત સિદ્ધ કરે છે. ૮૨ ગાથા થઈ હવે ૮૩માં કહે છે કે શાસ્ત્ર વાંચીને પણ જે વિકલ્પને છોડતો નથી, શુદ્ધાત્માને માનતો નથી કે જે શુદ્ધાત્મદેવ દેહરૂપી દેવાલયમાં મૌજૂદ છે તેને ધ્યાવતો નથી તે મૂર્ખ છે. લાખ શાસ્ત્ર વાંચે પણ તેનો વિકલ્પ છોડીને અનુભવ ન કરે તે નિશ્ચયથી શુદ્ધાત્માને માનતો નથી.

આમ કહીને, જમ્યા વિના હાથ ધોઈ લેવા જેવી વાત નથી. પ્રથમ શાસ્ત્ર તો વાંચવા, આત્માના સ્વરૂપની વાત સાંભળવી, પછી વિચાર કરવો. ગણધરો પણ ત્રણલોકના નાથની વાણી સાંભળે છે. અંતરર્મુહૂર્તમાં બારઅંગની રચના કરનારા ગણધર પણ સાંભળે છે કેમ કે વીતરાગ ન થાય ત્યાં સુધી વિકલ્પ તો આવે છે તો ભગવાનની વાણી સાંભળે છે. તો અજ્ઞાનીને તો પ્રથમ આત્માનું સ્વરૂપ શું, સુખ શું, દુઃખ શું, દુઃખ મટાડીને સુખી થવાનો ઉપાય શું એ સમજવાનો વિકલ્પ આવવો જ જોઈએ. શાસ્ત્ર વાંચીને, દેવ-ગુરુની વાણી સાંભળીને સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ બરાબર નક્કી કરવું જોઈએ પછી તે વિકલ્પ પણ છોડીને આત્માનો અનુભવ કરવો જોઈએ.

આત્મા પોતે ભગવાન છે અને દેહરૂપી દેવાલય છે. શુદ્ધાત્મદેવ આ દેહાલયમાં મૌજૂદ છે, તેની અંતર્દષ્ટિ કરીને તેને ધ્યાવતો નથી તે મૂર્ખ છે. જુઓ! આચાર્યને દુનિયાની કાંઈ

www.vitragvani.com



પડી નથી તે તો જેમ છે તેમ કહે છે કે તું આવા નિજપરમાત્માને ઓળખતો નથી તો તું મૂરખ છો. મંદિર તો વ્યવહારે દેવાલય છે, નિશ્ચય દેવાલય તો આ દેહ છે કે જેમાં પોતાનો શુદ્ધાત્મદેવ બિરાજે છે તેને ધ્યાવતો નથી એ મૂરખ છે તેમ કહે છે.

सत्थु पढंतु वि होइ जड्डु जो ण हणेइ वियप्पु।
देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु॥८३॥

અર્થ :—જે જીવ, શાસ્ત્ર ભણવા છતાં પણ વિકલ્પને દૂર કરતો નથી તે મૂર્ખ છે. જે વિકલ્પ મટાડતો નથી તે શરીરમાં રહેતાં છતાં પણ નિર્મળ પરમાત્માને શ્રદ્ધામાં લેતો નથી.

જે શાસ્ત્ર વાંચતાં જ નથી તેની તો વાત જ નથી. એ તો સંસારના ચોપડાં તપાસીને લેણાં–દેણાંનો હિસાબ બરાબર રાખે છે પણ તેમાં તો પાપ છે. એ સંસારની હોશિયારીવાળો તો મૂઢ છે જ તેની તો અહીં વાત જ નથી પણ જે ધર્મના શાસ્ત્રો વાંચે છે, નિવૃત્તિ લઈને શાસ્ત્ર ભણે છે, દુકાનમાંથી સમય કાઢીને શાસ્ત્રનો અભ્યાસ કરે છે તેને આ વીતરાગી સંતો કરુણા કરીને કહે છે કે તું શાસ્ત્ર તો ભણે છે પણ વિકલ્પ ઉઠે છે કે આત્મા આવો છે, આમ પ્રાપ્ત થાય વગેરે વિકલ્પો જ કર્યા કરે છો, વિકલ્પને તોડીને આત્માનો અનુભવ કરતો નથી તો તું મૂર્ખ છો, જડ જેવો છો.

આ ભાષા આકરી છે પણ મુનિરાજ કરુણાથી કહે છે, તિરસ્કાર કરતાં નથી. મુનિઓને જગત ઉપર કરુણા આવે છે.

પ્રશ્ન :—શાસ્ત્ર વાંચતો જ નથી તેના કરતાં શાસ્ત્ર વાંચનારો તો સારો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યાં સુધી આત્માને સમજે નહિ ત્યાં સુધી શાસ્ત્ર વાંચનારો પણ શું સારો! શુભ વિકલ્પથી પુણ્યબંધ થશે તે પણ આત્માની ઓળખાણ વિના પલટીને પાપ થઈ જશે. આત્માનો લાભ બિલકુલ નહિ થાય.

આત્મા ચૈતન્યસ્ફટિકની મૂર્તિ છે. દેહનું ચામડું તો તેના ઉપર ઢાંકેલું છે. ભગવાન તો એ ચામડાથી ભિન્ન છે. મંદિરમાં ભગવાન છે તે તો સ્થાપના નિક્ષેપ છે. સાક્ષાત્ ભગવાન ત્યાં નથી. સ્થાપનાની ભક્તિ–પૂજાથી શુભભાવ થાય છે પણ સાક્ષાત્ ભગવાન તો આ આત્મા પોતે છે તેની ઓળખાણથી ધર્મ થાય છે. મંદિરમાં સ્થાપના કરેલાં સાક્ષાત્ સીમંધર ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે તે તો અહીંથી બહુ દૂર છે. મહાવિદેહ પણ પાંચ છે. એક મહાવિદેહ તો અહીં જંબૂદ્વીપમાં છે, બે મહાવિદેહ ધાતકીખંડમાં છે અને બે મહાવિદેહ પુષ્કરદ્વીપમાં છે. આ પાંચમાં કુલ વીસ ભગવાન હાલ બિરાજમાન છે પણ બહુ દૂર છે. જેમ, મહાવીરભગવાન અહીં ભરતક્ષેત્રમાં સમવશરણ સહિત બિરાજમાન હતાં તેમ, આ વીસેય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાન વર્તમાનમાં વિહરમાન છે. મનુષ્યદેહમાં અહીં મધ્યલોકમાં જ છે. કેવળજ્ઞાન સહિત અર્હત્‌દશામાં છે. મોક્ષ જવાને હજુ વાર છે. સિદ્ધ નથી થયાં. શરીર છૂટશે ત્યારે સિદ્ધ થશે.

ઘરમાં કેટલાં ગાદલાં, ગોદડાં, ઘરવખરી છે તે ખબર હોય, પૈસા કેટલાં છે તે ખબર રાખે પણ આ આત્માની કે ભગવાનની ખબર નથી.

શ્રોતા :—પૈસા છે તેથી તો અહીં નિરાંતે રહેવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—તો શું એ પૈસાની હુંફથી અહીં બેઠા છો? આજીવિકાનું સાધન છે તો નિવૃત્તિ લઈને આ શાસ્ત્રોનું શ્રવણ કરવું, સમજવું અને અંતે તે વિકલ્પ તોડીને અનુભવ કરશો તો બંધનથી છૂટશો. અનુભવ વિના સિદ્ધિ નથી. વિકારથી છૂટો નહિ પડે ત્યાં સુધી મિથ્યાત્વ, અવ્રત, કષાયના બંધનથી જીવ છૂટી શકતો નથી.

ગાથા બહુ સરસ છે. **सत्थु पढंतु वि होइ जड्डु**....આચાર્યદેવ સખત ભાષામાં કહે છે. આચાર્યદેવ તો વનમાં આત્માના આનંદમાં મસ્ત છે, જરાં શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવે છે અને લખાઈ જાય છે પણ કર્તા બનતાં નથી. એવા સંતો કહે છે કે અરે! તું શાસ્ત્ર ભણીને પણ પરસન્મુખનો વિકલ્પ છોડીને સ્વસન્મુખ થઈને અનુભવ કરતો નથી તો તું જડ છે—મૂર્ખ છે. શાસ્ત્રનું આટલું જાણપણું હોય તોપણ મૂરખ કહે છે. કેટલી કરુણા છે! પિતાજી પોતાના પુત્રને કહે કે, 'અરે! પાગલ છો, સમજતો નથી?' એમાં પુત્રનો તિરસ્કાર નથી, પ્રેમ છે—કરુણા છે તેમ, મુનિઓની આ કરુણા છે.

સંસારના પાપ પરિણામમાં પડેલાં જીવોની તો વાત જ નથી પણ પૂજા—વ્રતાદિની શુભક્રિયામાં પડેલાંને પણ કહેતાં નથી. અહીં તો જેને શાસ્ત્ર સમજવાનો રસ છે, સમય કાઢીને શાસ્ત્ર વાંચે છે, સાંભળે છે તેને આચાર્યદેવ કહે છે કે, દેહમાં વસતાં આ નિર્મળ પરમાત્માને તું તારાં શ્રદ્ધા—જ્ઞાનમાં લે, તેનો અનુભવ કર એ શાસ્ત્ર ભણવાનું પ્રયોજન છે. સ્વસન્મુખ નહિ થતાં માત્ર શાસ્ત્ર સંબંધી વિકલ્પ જ કર્યા કરે છે તો તું મૂરખ છે.

વિકલ્પ તૂટ્યા વિના ક્ષાયિક સમકિત તો નહિ પણ ઉપશમ સમ્યક્ત્વ પણ થતું નથી. પાઠ જુઓ! નામું મેળવો છો તેમ શાસ્ત્રના શબ્દો અને ભાવનું મિલાન કરો. આચાર્ય મહારાજ જેને શાસ્ત્ર સમજવાની પણ દરકાર નથી તેની તો વાત જ નથી કરતાં કેમકે તેની પાસે તો સમજવાનો વિકલ્પ પણ નથી. બીજો શુભરાગ પડ્યો છે તેનાથી તેને પુણ્યબંધ થઈ જશે—સ્વર્ગાદિ ગતિ મળી જશે પણ તેના જન્મ—મરણનો અંત નહિ થાય. ચારગતિમાં રખડશે. અહીં તો જેને શાસ્ત્ર ભણવાનો રસ છે, નિવૃત્તિ લઈને શાસ્ત્ર વાંચે છે તેને કહે છે કે એ રાગને પણ છોડીને સ્વભાવનું અવલંબન નહિ લે ત્યાં સુધી તને ધર્મપ્રાપ્તિ નહિ થાય. દેહમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બિરાજમાન શુદ્ધાત્માને માનતો નથી, ધ્યાવતો નથી ત્યાં સુધી તે પણ મૂરખ છે, જ્ઞાની નથી. શબ્દો ભારે લીધાં છે.

ભાવાર્થ :—શાસ્ત્ર અભ્યાસનું ફળ તો એ છે કે રાગાદિ વિકલ્પોને દૂર કરવા અને નિજશુદ્ધાત્માને ધ્યાવવો. શાસ્ત્ર આમ કહે છે....જ્ઞાની એમ કહે છે અને કેવળી પણ આમ જ કહે છે કે ભાઈ! તમારો આત્મા દેહ દેવાલયમાં બિરાજમાન છે તેનો અનુભવ કરો. શાસ્ત્ર ભણીને તમારે આ કરવાનું છે. શાસ્ત્ર સંબંધી અને અમારા સંબંધી વિકલ્પ છોડીને આત્માનો અનુભવ કરો એ શાસ્ત્ર ભણવાનું પ્રયોજન છે. શાસ્ત્ર ભણતરનું ફળ પણ તે છે.

જ્યાં સુધી વિકલ્પમાં એકત્વ કરે અને સ્વભાવમાં એકત્વ ન કરે ત્યાં સુધી આત્માના દર્શન થતાં નથી. તેથી શાસ્ત્ર અને સદ્‌ગુરુ અને ભગવાન પરમેશ્વર એમ કહે છે કે શાસ્ત્રાદિ ભણીને પછી તેનો પણ વિકલ્પ છોડીને, અંતરમાં દૃષ્ટિ કરીને આત્માનું ધ્યાન કરો. જો અંતરદૃષ્ટિ નહિ કરો તો શાસ્ત્ર ભણતર બધું નિરર્થક છે. આ અસ્થિરતાના વિકલ્પની વાત નથી, મિથ્યાત્વ સંબંધી વિકલ્પની વાત છે. શાસ્ત્ર ભણવામાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ તોડીને સમકિત લાવવા માટેની આ વાત છે. ભગવાન આત્મામાં દૃષ્ટિ લગાવે તો સમકિત થાય. માટે સર્વ શાસ્ત્રો, મુનિઓ, ભગવંતો બધાનું એ કહેવું છે કે નિજ શુદ્ધાત્મામાં દૃષ્ટિ કરો. એ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ૧૧ અંગ અને ૯ પૂર્વ ભણી જાઓ તો પણ રાગમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

....માટે આ વ્યાખ્યાનને જાણીને ત્રણગુપ્તિમાં અચલ થઈ, પરમ સમાધિમાં આરૂઢ થઈ, નિજસ્વરૂપનું ધ્યાન કરવું. વિકલ્પથી રહિત થાય ત્યાં મનની ગુપ્તિ થઈ ગઈ અને જ્યાં મનગુપ્તિ છે ત્યાં વાણીથી અને કાયાથી તો ગુપ્તિ હોય જ. આમ એકસાથે ત્રણેયગુપ્તિપૂર્વક પરમસમાધિ કર! મને શરીરમાં ઠીક નથી પડતું એવું લક્ષ ન કર! વાણીનું લક્ષ છોડી દે અને ભણવા આદિનો વિકલ્પ પણ છોડીને આત્મામાં દૃષ્ટિ લગાવી દે! તેનું નામ સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્ર કહે છે કે આત્મા શુદ્ધ છે—પવિત્ર છે....એવો વિકલ્પ ઉઠે છે તે પણ છોડીને સ્વરૂપમાં ગુપ્ત થાય છે ત્યાં ત્રણેયગુપ્તિ થઈ જાય છે.

ભાઈ! આ તો પરમાનંદમૂર્તિની વાત છે તે કાંઈ સાધારણ ન હોય. પૈસા તો પુણ્યથી મળે છે છતાં તેને માટે કેટલી મજુરી કરે છે! ચોવીશ કલાકમાંથી ૧૮-૧૮ કલાક મહેનત કરે.....છતાં પૈસા તો પુણ્યના કારણે મળે, કાંઈ પરિશ્રમથી મળતાં નથી પણ આ આત્માના દર્શન તો પુરુષાર્થથી થાય છે તેમાં કાંઈ પુણ્યકર્મ કામ આવતાં નથી. પુણ્યકર્મના ફળમાં તો બાહ્યસામગ્રી મળે. પાપના ફળમાં નિર્ધનતા રહે એ બધું ફળ બાહ્યમાં આવે છે. આત્માના ધર્મ માટે કર્મના ફળની બિલકુલ જરૂર નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેના ફળમાં સાદિ અનંત મુક્તિના ફળ મળે છે એવા સમકિતની કેટલી કિંમત છે! સાદિ અનંત અનંત સમાધિ સુખનું કાર્ય આપનાર કારણ પણ કેવું હોય! રાગમાં એકત્વબુદ્ધિ છોડીને, સ્વભાવના મહિમાપૂર્વક વીર્યનો ઉલ્લાસ સ્વભાવ તરફ લઈ જઈને સ્વભાવનો સ્પર્શ કરવો. વિકલ્પ રાખીને સ્વભાવનો સ્પર્શ નહિ થાય માટે ૮૩ ગાથાથી 'વિકલ્પ તોડવાથી સમ્યગ્દર્શન થશે' એવા કથનની શરૂઆત કરી છે.

અરે! જગતના પ્રાણીને માંડ આ અવસર મળ્યો છે. મનુષ્યદેહ કેટલો કાળ રહેવાનો છે! ૫૦-૬૦ વર્ષ જેને થઈ ગયા છે તેને હવે એટલાં વર્ષ તો દેહ રહેવાનો નથી. ક્ષણમાં ફૂ થઈ જશે—હાર્ટફેઈલ થઈ જશે. આરામથી બેઠા હોય અને અચાનક હાર્ટ બંધ પડી જાય અને જીવ ચાલ્યો જાય ત્યાં તેને કોઈ ધનાદિ રોકી શકશે નહિ. દેહની સ્થિતિ ક્યારે છૂટી જશે તે કોઈને ખબર નથી માટે પહેલાં જ પોતાનું કામ કરી લેવું જોઈએ. અજ્ઞાનમાં મુંઝાઈને આપઘાત પણ કરે છે ને! એવા મરણ પણ જીવે અનંતવાર કર્યા છે. એક અખંડાનંદ પ્રભુના રાગરહિત થઈને સમ્યક્દર્શન કર્યા વિના તેનું પરિભ્રમણ કદી મટવાનું નથી.

આત્મા શાંતિ....શાંતિ....શાંતિનું ધામ છે તેમાં સમાધિ લગાવવી. બાવા લોકો સમાધિ લગાવે છે એ નહિ. આ તો અખંડાનંદ પ્રભુ આત્મામાં દૃષ્ટિ સ્થાપીને એકાગ્ર થવું તેનું નામ પરમસમાધિ છે, તેમાં પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું. ભગવાનના સ્વરૂપનો વિચાર કરવો એ પણ વિકલ્પ છે તેનાથી પણ છૂટી સ્વરૂપનું ધ્યાન કરવું એ સર્વ શાસ્ત્ર ભણવાનું ફળ છે. તેનાથી જ આત્માને નિર્જરા અને મુક્તિ થાય છે.

❁ ❁ ❁

❁ ભાઈ! તું વિશ્વાસ લાવ!—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૮)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# શાસ્ત્ર-જ્ઞાનનું પ્રયોજન આત્મજ્ઞાન છે

(સળંગ પ્રવચન નં-૧૨૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૮૩મી ગાથા ચાલે છે.

શાસ્ત્ર વાંચીને સાર એ છે કે પોતાના શુદ્ધસ્વરૂપ તરફ દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થવું. આ જ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય—ફળ છે.

આત્મા જોકે નિર્દોષતા-પવિત્રતા-શાંતિ પ્રગટ કરવા માંગે છે પણ તે નિર્દોષતા-પવિત્રતા-શાંતિ આત્મામાં જ છે. આત્મામાં શાંતિ-આનંદ આદિ ધ્રુવપણે અને પરિપૂર્ણપણે પડેલાં છે માટે આચાર્યો અને શાસ્ત્રો આત્માના આવા સ્વરૂપ તરફ ઝુકાવ કરવાનું કહે છે કેમ કે અનંતકાળમાં નહિ કરેલો એવો ધર્મ આ એક જ છે. તેમાં ન રહી શકે તો દયા, દાન, ભકિત-પૂજા આદિ શુભભાવ હોય છે પણ તે માત્ર પુણ્યબંધનું કારણ છે. આત્માના વીતરાગી પરિણામ પ્રગટ કર્યા વિના જન્મ-મરણનો અંત આવતો નથી.

ચોરાશીના અવતારનું કારણ મિથ્યાભ્રમ અને અજ્ઞાન છે. ભલે અત્યારે એ મનુષ્ય હોય કે દેવ હોય પણ તેની પાછળ નરક, તિર્યંચ, નિગોદના ભવ પડ્યાં જ છે. આવા અવતાર ન ધરવા હોય તો નિજ શુદ્ધાત્મા-વીતરાગમૂર્તિ-અખંડાનંદસ્વભાવ છે તેની દૃષ્ટિ કરીને તેમાં સ્થિરતા કરવી એ જ એક ઉપાય છે. માટે, અહીં કહ્યું કે પરમસમાધિમાં આરૂઢ થઈને નિજસ્વભાવનું ધ્યાન કરવું. આ એક જ વાત છે.

વસ્તુનો જે સ્વભાવ છે તે પોતામાં જ છે પણ તેને પોતાનું માહાત્મ્ય આવ્યું નથી તેથી બહાર ફરે છે. પછી ભલે તે શાસ્ત્ર ભણે તોપણ ભણવાથી જન્મ-મરણનો અંત નથી અને જન્મ-મરણના અંત વિના શાંતિ કે સુખ થાય તેમ નથી. આ દેહ તો ભિન્ન છે, માટી છે, આત્મા તો તેનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છે તેનું ધ્યાન લગાવવું એ ભવથી છૂટવાનો ઉપાય છે.

જ્યાં સુધી ત્રણ ગુપ્તિ ન થાય, પરમસમાધિ ન આવે ત્યાં સુધી વિષય-કષાયોને હટાવવા માટે પરજીવોને ધર્મોપદેશ આપવો, તેમાં પણ પરના ઉપદેશના બહાને મુખ્યપણે પોતાના જીવને જ સંબોધન કરવું. અરે જીવો! મને આત્મસ્વભાવ રુચ્યો છે ને તમે પણ તેની રુચિ કરો. જેમ ઘરમાં મહેમાન આવે ત્યારે પોતાને જે ભાવતું હોય તે મહેમાનને જમાડે છે તેમ, પોતાને શુદ્ધાત્મભાવ રુચ્યો છે તો શુભવિકલ્પ વખતે બીજાને પણ શુદ્ધાત્માની રુચિનો ઉપદેશ આપે છે. જેમાં શુદ્ધાત્માની એકાગ્રતાનું સ્મરણ થાય એવો પ્રયત્ન પોતે કરે છે; પાઠમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શબ્દ છે—शुद्धात्मभावना स्मरणदृढीकरणार्थ પોતાને શુદ્ધાત્માનું સ્મરણ દૃઢ થાય એવો ઉપદેશ બીજાને આપે છે.

અનંતકાળથી જીવને શુભાશુભભાવની મીઠાશ લાગી છે તે તો ઝેર છે. તેથી આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ તો અમૃતસ્વરૂપ છે. શુભાશુભભાવ તો તેનાથી વિરુદ્ધસ્વરૂપ છે. તેમાં આત્માની શાંતિથી વિરુદ્ધભાવ છે, તેની રુચિ છૂટીને આત્માના સ્વરૂપની રુચિ થઈ પણ જ્યાં સુધી તેમાં ઠરી ન શકે ત્યાં સુધી પોતાને શુદ્ધાત્માની ભાવના—એકાગ્રતાનું સ્મરણ થાય એવી વાત દુનિયાને કરે. ઉપદેશમાં જે વાણી છે તે તો જડ છે અને ઉપદેશમાં જે ભાવ છે તે શુભભાવ છે, તેમાં વાસ્તવિક તત્ત્વમાં એકાગ્રતા થાય એવી વાત કરવી. ભાઈ! તમારાં આત્મામાં પણ આનંદ છે. શુભાશુભભાવમાં તો દુઃખ છે. તેમાંથી હટીને આત્મામાં સ્થિર થવા યોગ્ય છે. એમ બીજાને ઉપદેશ આપવાના બહાને ધર્મીજીવ પોતાને ઉપદેશ આપે છે. અમને જે રુચે છે તે તમને કહીએ છીએ.

આત્મા વિશ્રામસ્થાન છે, તેમાં આરામ છે—સુખ છે એમ બીજાને સંબોધન કરીને મૂળ તો પોતાને એ વાતનું સ્મરણ કરાવે છે. જેમ, જે અલ્પજ્ઞતા અને રાગને છોડીને સર્વજ્ઞ અને વીતરાગ થયા તેમની વાણીમાં સર્વજ્ઞતા અને વીતરાગતાની જ વાત આવે છે તેમ, સંતો—જ્ઞાની પણ એ જ વાત કરે કે 'ભાઈ! તમારાં ધર્મનો ધારક ધર્મી તમે જ છો તેની રુચિ કરીને તેમાં જ સ્થિર થાઓ.' એવો ઉપદેશ આપીને ધર્મી પોતાના શુદ્ધાત્માના સ્મરણની ભાવનાને દૃઢ કરે છે. ઉપદેશનો વિકલ્પ છે અને પર તરફનું લક્ષ છે તેથી એ જ્ઞાન પરાવલંબી છે તોપણ એ પરાવલંબીજ્ઞાનમાં ધર્મી શુદ્ધાત્માની ભાવના દૃઢ કરે છે.

હું શુદ્ધાત્મામાં એકાગ્ર થવાનો અભિલાષી છું પણ એકાગ્ર ન થઈ શકું ત્યાં સુધી તમને પણ શુદ્ધાત્માની એકાગ્રતાનો ઉપદેશ આપું છું. ઉપદેશના બહાને હું મારા સ્વભાવનું જ સ્મરણ કરું છું.

પરમાત્મપ્રકાશમાં તો લાડવા તૈયાર કરીને પીરસી દીધાં છે. વનવાસી દિગંબર સંત યોગીન્દ્રદેવ તાડપત્ર ઉપર લખી ગયા છે. જીવોને સમજવું હોય તો સમજો, અમને વિકલ્પ ઊઠ્યો છે તેથી લખીએ છીએ પણ તે અમારી એકાગ્રતાનું કાર્ય નથી. દરેક આત્મા સર્વ સમૃદ્ધિવાન છે. સર્વ સમૃદ્ધિવાન એવા મારા આત્માનો મને પ્રેમ ઉપજ્યો છે, તેમાં જ ઠરી જવું છે પણ ઠરાતું નથી ત્યાં સુધી તમને કહેતા જઈએ છીએ કે તમે પણ તમારાં આત્માનો પ્રેમ કરો તો સુખી થશો. આમ કહીને પણ અમે તો અમારી ભાવનાને દૃઢ કરીએ છીએ.

અનંતકાળમાં આ એક જ કાર્ય જીવે કર્યું નથી. પોતાના વીતરાગ સ્વભાવને ઓળખીને તેમાં ઠર્યો નથી. કામ, ભોગ, બંધનની કથા જ એણે સાંભળી છે અને પરિચય કર્યો છે. તેમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કાંઈ નવીન નથી. શુભાશુભભાવથી ભિન્ન વીતરાગસ્વભાવની વાત એણે કદી સાંભળી નથી, પરિચય કર્યો નથી, એ વાત કાને પડી તોપણ, તેનો અભ્યાસ કર્યો નથી. રાગથી ભિન્ન પડીને અખંડાનંદનો અભ્યાસ કર્યા વિના અનુભૂતિ થતી નથી. તેથી આ એક જ કાર્ય તારે બાકી રહી ગયું છે, બાકી શુભાશુભભાવ તો બધાં કર્યા અને તેના ફળ ભોગવ્યા છે. એ બધાં વિષતરુના ફળ છે, કર્મનો બંધ કરાવનારા છે.

ઘરમાં પુત્રો આજ્ઞાકારી હોય, સ્ત્રી અને પુત્રી પણ સારી હોય તો તેને પોતે સુખી હોય એમ લાગે છે પણ ભાઈ! એમાં સુખ ક્યાં આવ્યું! એ તો રાગની દશા છે તેમાં સુખ માનવું એ તો તારું અજ્ઞાન અને મૂઢતા છે. સર્વજ્ઞ પરમાત્માએ આત્માને રાગથી ભિન્ન વીતરાગસ્વરૂપ કહ્યો છે તેને શ્રદ્ધામાં લઈને તેમાં ઠરવું એ જ મારા સુખનું કારણ છે એમ જેને અનુભવમાં આવ્યું છે તે આત્મામાં ઠરી ન શકે ત્યાં સુધી બીજાને પણ એવો જ ઉપદેશ આપીને પોતાની શુદ્ધાત્મભાવનાનું સ્મરણ કરે છે. આમાં પરનું અવલંબન છે એટલું વ્યવહારજ્ઞાન છે, સ્વમાં એકાગ્રતા તે નિશ્ચયજ્ઞાન છે. તે નિશ્ચયજ્ઞાનના પ્રયોજન અર્થે જ વ્યવહારજ્ઞાનમાં તત્ત્વની વાત કરે છે કે વિકારથી તદ્દન નિરાળા આત્માની તમે રુચિ કરો, શુભાશુભભાવની રુચિ છોડો અને સ્વભાવની રુચિ કરીને તેમાં ઠરો.

આવા ઉપદેશ આદિમાં ધર્મીને રાગની મંદતા છે તેનાથી ક્ષયોપશમજ્ઞાન ઉઘડે છે પણ તે સ્વજ્ઞાન નથી. અંતરમાં જ્ઞાનાનંદમાં જેટલો લીન થઈને જ્ઞાન અને આનંદનો સ્વાદ લે છે તેમાં આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે.

દીપચંદજી કાસલીવાલ નામના સાધર્મી અઢીસો વર્ષ પહેલાં થઈ ગયાં, તેમણે ચિદ્‌વિલાસ, અનુભવપ્રકાશ વગેરેની રચના કરી છે. તેમાં એક 'આત્મ-અવલોકન' બનાવ્યું છે. તેમાં એક શ્લોકમાં લખ્યું છે કે મુનિઓ પોતાના રાગરહિત સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જ સ્મરણ કરે છે અને જ્યારે વિકલ્પમાં આવે છે ત્યારે ઉપદેશમાં મુહુ મુહુ....વારંવાર વીતરાગતાની જ વાત કરે છે કે જીવો! તમે પણ રાગરહિત આત્માનો અનુભવ કરો. દીપચંદજી સમ્યગ્દૃષ્ટિ હતાં અને બહુ સારાં અધ્યાત્મના દિગંબર પંડિત હતાં.

અહીં યોગીન્દુદેવ બીજી રીતે કહે છે કે જેને પોતાનો સ્વભાવ રુચ્યો છે તે દુનિયા પાસે પણ એ જ વાત કરીને શુદ્ધાત્મભાવનાનું સ્મરણ કરે છે. દીપચંદજીનો એ શ્લોક વાંચીએ...જુઓ આત્મ-અવલોકનમાં એ જ પાનું નીકળ્યું. ગુરુ અધિકારમાં શ્લોક છે કે 'જીવનું નિજ સ્વરૂપ વીતરાગ છે' એમ જે વારંવાર કહે છે તે જ ગુરુપદવીમાં શોભે છે. વીતરાગ-ભાવ....વીતરાગભાવ....વીતરાગભાવ જ આત્માનું સ્વરૂપ છે. એવા સ્વરૂપનો ઉપદેશ બીજાને આપીને પોતાને સંબોધન કરે છે. આત્મ-અવલોકન બહુ સરસ છે હો!

www.vitragvani.com



મુનિઓને તો એક જ વીતરાગસ્વભાવનો અભ્યાસ છે. વીતરાગભાવ, આનંદ-સ્વભાવ.... નિર્વિકલ્પસ્વભાવ....આનંદસ્વભાવમાં રહેવું એ જ મુનિઓનું જીવન છે અને બીજાને ઉપદેશ પણ તેનો જ આપે છે. વીતરાગસ્વરૂપના જ બોલ મુનિઓ બોલે છે. આવા વીતરાગ-ભાવનો ઉપદેશ સુણીને આસન્નભવ્ય જીવને નિઃસંદેહપણે વીતરાગભાવની શુદ્ધિ થાય છે.

સંતોને બીજાને ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે તો આ જ વીતરાગભાવનું પોષણ કરે છે. વિકલ્પમાં એમને શાંતિ કે વિસામો નથી લાગતો પણ અંતરમાં ઠરી ન શકે ત્યારે પણ ઉપદેશ તો તેમાં ઠરવાનો જ આપે છે. વિષય-કષાયના ભાવમાં જતાં નથી. વિષય-કષાયના અશુભભાવથી બચવા માટે ઉપદેશ આદિનો શુભભાવ આવે છે પણ તેમાં શુભભાવનું પોષણ નથી. વીતરાગભાવનું સ્મરણ છે.

અહો! આત્માની વાત કાંઈ મીઠી લાગે છે!! રાગ વિનાની વાત છે પણ વીતરાગતાના રસવાળી મીઠી વાત છે. જ્ઞાની પરને ઉપદેશ આપીને પોતાને સમજાવે છે. જે માર્ગ બીજાને છોડાવે તે માર્ગે પોતે કેમ ચાલે! બીજાને ઉપદેશે કે વીતરાગભાવ ગ્રહણ કરો, મિથ્યાત્વ છોડો, રાગભાવથી લાભ નથી...તો પોતે તો રાગથી લાભ કેમ માને! મિથ્યાત્વને કેમ ગ્રહે! રાગ આવે જરૂર પણ તેનાથી લાભ ન માને. આમ, પોતાનું સંબોધન જ મુખ્ય છે. શુભભાવમાં શુદ્ધાત્મભાવથી ચ્યુત થવાય છે એમ માને છે તેથી રાગથી લાભ કેમ માને!

આ તો વીતરાગમાર્ગ છે ભાઈ! ભગવાન પાસે આ વાત સાંભળવા ઉપરથી ઈન્દ્ર આવે છે. સૌધર્મ અને ઈશાન દેવલોકના ઈન્દ્ર શકેન્દ્ર અને ઈશાનેન્દ્ર ત્રણ જ્ઞાનના ધારી હોય છે. શકેન્દ્ર તો ૩૨ લાખ વિમાનનો સ્વામી છે અને ઈશાનેન્દ્ર ૨૮ લાખ વિમાનનો સ્વામી છે. અર્ધલોકના સ્વામી એવા આ ઈન્દ્રો મધ્યલોકમાં ભગવાન પાસે આવે છે. બે સાગરની તેમની આયુષ્યની સ્થિતિ હોય છે તેમાં અસંખ્ય તીર્થંકરોના જન્મોત્સવ ઉજવે છે કેમ કે એક સાગરોપમમાં અસંખ્ય કરોડ પૂર્વ ચાલ્યા જાય છે તો આ ઈન્દ્ર બે સાગરની સ્થિતિમાં મહાવિદેહના અસંખ્ય તીર્થંકરોના કલ્યાણક ઉજવવા જાય છે. અહીં ભરતમાં તો તીર્થંકર ઓછા થાય. આવા ઈન્દ્રો પણ ભગવાન પાસે જે કથા સાંભળવા જાય છે તે વાણી કેવી હશે! ઈન્દ્ર ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય છે અને તેનું રૂપ પણ બહુ સુંદર હોય છે. હજારો સૂર્ય અને ચંદ્ર કરતાં જેના વિમાનનો પ્રકાશ વધારે હોય છે. આવા ઈન્દ્ર જે વાણી સાંભળવા આવે છે તે વાણી શું સાધારણ હોય!

ભગવાનની વાણીમાં આવે છે કે અહો! ચૈતન્યનું સ્વરૂપ વીતરાગ પરમાનંદમય છે તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ કરો. ક્ષાયિક સમકિત અને વીતરાગચારિત્ર પ્રગટ કરો. એ વાણી જ એવી છે કે ઈન્દ્ર જેવા ઈન્દ્રને પણ તેનું વિસ્મય થાય છે. ધોધમાર દિવ્યધ્વનિમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીતરાગતાની વર્ષા થાય છે. ભગવાન તારું સ્વરૂપ મારી જેવું જ વીતરાગ સ્વરૂપ છે એવી રુચિ કરો અને પુણ્ય–પાપની રુચિ છોડો, સ્વરૂપની રુચિ કરો...આમ, જીવોને વાણીમાંથી એક વીતરાગભાવનું જ સંબોધન મળે છે. આ વાણી સાંભળવા ઈન્દ્રો અસંખ્ય યોજન દૂરથી પણ ભગવાન પાસે આવે છે એવી આ અલૌકિક કથા છે.

જ્ઞાની પણ ઉપદેશ આપે તો એવો જ ઉપદેશ આપે કે ભાઈ! મને વીતરાગભાવ રુચે છે, પુણ્ય-પાપ રુચતાં નથી. તું પણ વીતરાગભાવની રુચિ કર અને પુણ્ય-પાપની રુચિ છોડ! તમે પણ મનમાં વિચાર કરો તો શુભાશુભમાં આકુળતા લાગશે, રુચિ નહિ થાય. આમ આ ૮૩ ગાથા થઈ.

પરમાત્મપ્રકાશે તો પરમાત્માનો પ્રકાશ કરી દીધો છે. પ્રભુ! ચૈતન્યસૂર્યમાંથી અનંત જ્ઞાનના કિરણો ખીલે એવી તારી તાકાત છે તેની શ્રદ્ધા કર, પુણ્ય-પાપના ફળની શું કિંમત છે. બહારમાં સ્વર્ગાદિ વૈભવ મળે તેથી તારામાં શું વધે છે? જેમાં આત્માની શાંતિ અને સ્વતંત્રતા ન મળે એવા સુખની શું કિંમત છે?

આગળ, જ્ઞાન માટે શાસ્ત્ર ભણવા છતાં જેને આત્મજ્ઞાન નથી તે મૂર્ખ છે એવું કથન કરે છે.

જુઓ! અહીં બાહ્યક્રિયા કરે, વ્રત-તપ–જપ કરે એ તો શુભરાગ છે, દયા-દાનાદિ કરે એ પણ શુભરાગ છે, તેનાથી તો ધર્મ નથી જ પણ શાસ્ત્રનું જ્ઞાન કરે તેનાથી પણ ધર્મ નહિ થાય એ વાત અહીં કરે છે. અશુભથી બચવા શુભરાગ આવે જરૂર પણ કોઈ એમ માની લે કે તેનાથી જ મારા જન્મ-મરણનો અંત થશે, સમકિત થશે એ વાત નહિ બને. વીતરાગના આવા વચનામૃત કાયર જીવોને પ્રતિકૂળ લાગે છે.

‘વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.’

આ, શ્રીમદ્ રાજચંદ્રનો શ્લોક છે. ૩૩ વર્ષની ઉંમરે તો દેહ છૂટી ગયો હતો. તેમને આત્મભાન થયું હતું, આ તેમને ફોટો છે.

એક બ્રહ્મચારી ભાઈ દક્ષિણમાંથી અહીં આવ્યાં અને આ વાત સાંભળીને તેણે પોતાના પિતાને પત્ર લખ્યો કે પિતાજીસાહેબ! તમે અહીં આવો અને આ વાત સાંભળો, (કેમ કે એ મોટા ગૃહસ્થ હતા, મંદિર બંધાવેલ, સાત પડિમાધારી હતાં પણ આ વાત સાંભળવા મળી ન હતી) જે આ વાત નહિ સમજે તે નરકાદિ ચાર ગતિમાં રખડશે—એવો પત્ર લખ્યો હતો. આત્મા શું છે તેની દૃષ્ટિ અને અનુભૂતિ કર્યા વિના પડિમા લઈ લેવાથી જન્મ-મરણનો અંત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવે તેમ નથી. પત્ર વાંચીને તેના પિતા તરત અહીં આવ્યાં અને સાંભળતાં-સાંભળતાં રડતાં-રડતાં બોલ્યાં કે અરે! મેં તો વાસ્તવિક વીતરાગમાર્ગ શું છે તે સમજ્યા વગર જ જિંદગી ગુમાવી...

ભાઈ! વાસ્તવિક તત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન વિના જે કાંઈ કરવામાં આવે છે તેનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. માટે અહીં કહે છે કે શાસ્ત્રજ્ઞાન કરે પણ આત્મજ્ઞાન ન કરે તો તે મૂર્ખ છે.

बोह—निमित्तें सत्थु किल लोइ पढिज्जइ इत्थु।
तेण वि बोहु ण जासु वरु सो किं मूढु ण तत्थु।।८४।।

અર્થ :—આ લોકમાં નિયમથી જ્ઞાનની પ્રાપ્તિ માટે શાસ્ત્ર ભણવામાં આવે છે પરંતુ શાસ્ત્ર ભણવાથી પણ જેને ઉત્તમ જ્ઞાન પ્રગટ ન થયું તે શું મૂર્ખ નથી? મૂર્ખ જ છે તેમાં સંદેહ નથી.

આ સાંભળીને જેને હજુ શાસ્ત્ર ભણવાના ઠેકાણાં નથી તેણે શાસ્ત્રનો અભ્યાસ છોડી ન દેવો એમ નીચે ખાસ કહેશે. પણ અહીં તો પરસન્મુખ દૃષ્ટિપૂર્વક માત્ર શાસ્ત્ર ભણી લેવાથી તેનો કાંઈ અર્થ સિદ્ધ થતો નથી. એકલું શાસ્ત્રજ્ઞાન છે તે ઉત્તમ બોધ નથી. માટે એકલાં શાસ્ત્રજ્ઞાનથી તને શું લાભ છે! એમ આચાર્યદેવ કરુણાથી કહે છે, દ્વેષ નથી.

ઉત્તમજ્ઞાન કોને કહેવું?—કે ચૈતન્યસૂર્યની અંતરમુખ થઈને આત્માનો અભેદ બોધ—આત્મસ્વભાવમાંથી નીકળતો સમ્યક્ જ્ઞાનનો અંશ—સ્વાશ્રયે પ્રગટેલું આત્માનું જ્ઞાન તે ઉત્તમજ્ઞાન છે. બાકી અગિયાર અંગ અને નવપૂર્વ સુધી ભણી જાય, ચર્ચા-વાર્તા કરે અને તેનું પણ અભિમાન કરે કે અમને તો આ બધું આવડે છે, બીજાને નથી આવડતું....એવો અહંકાર કરે છે તે શું મૂઢ નથી? ખરેખર મૂઢ જ છે એમ આચાર્યદેવ કહે છે.

ભલે શાસ્ત્રનું જ્ઞાન થોડું હોય પણ આત્માનું જ્ઞાન પ્રગટ કરી લીધું તો એ જ્ઞાનને ઉત્તમજ્ઞાન કહેવાય છે. ભગવાન આત્માના જ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાનના આધારે વાદ-વિવાદ કરે છે એ પણ જૂઠો છે. તેથી તો બનારસીદાસજી સમયસાર—નાટકમાં લખે છે કે 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા' સત્ય શું છે તેની દૃષ્ટિ અને જ્ઞાન વિના તું શેનો વિવાદ કરે છે? તને વસ્તુનું તો ભાન નથી. આદિપુરાણમાં જિનસેનસ્વામીએ તો ત્યાં સુધી કહ્યું કે આત્માના જ્ઞાન વિના એકલાં શાસ્ત્રજ્ઞાનથી શાસ્ત્રના પાના બતાવીને બોલે છે એ તો અક્ષરમ્લેચ્છ છે. આ વાત સમયસાર નાટકના જીવદ્વારમાં ત્રીજા પદ્યની ફૂટનોટમાં લખી છે. જિનવાણીની મહિમા દર્શાવતાં બનારસીદાસજી લખે છે કે અનંત નયાત્મક અને સિદ્ધાંતસ્વરૂપ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જિનવાણીના મર્મને જ્ઞાનીજીવ જ ઓળખે છે, અજ્ઞાની–મૂર્ખ જીવો તેને સમજતાં નથી.

'અક્ષર' એવા ભગવાન આત્માનું તો જ્ઞાન નથી–ભાન નથી અને શાસ્ત્રમાં–વ્યાકરણમાં આમ લખ્યું છે, આ કોષમાં આમ લખ્યું છે—એમ શાસ્ત્રજ્ઞાનથી પોતાને પંડિત માને છે તે અક્ષરમ્લેચ્છ છે. કથાનુયોગનું શાસ્ત્ર હોવા છતાં આદિપુરાણમાં જિનસેનસ્વામીએ આવું લખ્યું છે.

ભાવાર્થ :—આ લોકમાં, જોકે, લોકવ્યવહારથી નવીન કવિતાના કર્તા 'કવિ', પ્રાચીન કાવ્યોની ટીકાના કર્તાને 'ગમક', જેને વાદમાં કોઈ જીતી ન શકે એવા વાદિત્વ અને શ્રોતાઓના મનને અનુરાગી કરવાવાળા શાસ્ત્રના વકતાને 'વાગ્મિત્વ' ઈત્યાદિ લક્ષણોવાળું શાસ્ત્રજનિત જ્ઞાન હોય છે તોપણ, નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનની જ અધ્યાત્મશાસ્ત્રોમાં પ્રશંસા કરવામાં આવી છે.

વચનમાં ચતુર, ભાષાથી બરાબર સમજાવે અને શ્રોતાના મનને અનુરાગી કરે એવા વકતા હોય તોપણ શાસ્ત્રમાં તેની પ્રશંસા કરવામાં આવી નથી. કેમકે એ પરાવલંબીજ્ઞાન છે. રાગરહિત વીતરાગી જ્ઞાનનું સ્વસંવેદન કરતાં 'જ્ઞાન'ની જ અધ્યાત્મશાસ્ત્રોમાં પ્રશંસા કરવામાં આવી છે. એકલાં શાસ્ત્રજ્ઞાનની કોઈ મહિમા નથી. માટે, સ્વસંવેદનજ્ઞાન વિના શાસ્ત્રોનાં ભણેલાં જીવો પણ મૂર્ખ છે.

યોગસારમાં પણ કહ્યું છે કે 'શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ...' પરમાત્મપ્રકાશ અને યોગસાર બંનેના કર્તા યોગીન્દુદેવ છે. યોગીન્દુદેવે આવી કડક ભાષા વાપરી છે તે પણ કરુણાથી વાપરી છે કે હે જીવ! આમાં તારું હિત કયાં આવ્યું? થોડું શાસ્ત્રજ્ઞાન ભલે હો પણ સ્વસંવેદન હશે તો મુકિત થશે–કલ્યાણ થશે. એકાદ-બે ભવમાં જ મુકિત થઈ જશે માટે શાસ્ત્રોમાં સ્વસંવેદનજ્ઞાનની જ પ્રસંશા કરી છે, બીજા કોઈ જ્ઞાનની પ્રશંસા કરી નથી.

આમ, થોડું જ્ઞાન હો પણ આત્માનું જ્ઞાન છે તો પ્રશંસનીય છે અને ઘણું જ્ઞાન હોય પણ આત્માનું જ્ઞાન નથી તો તે પ્રશંસનીય નથી. એ વાત વિશેષ આગળ કહેશે.

આવું જ કથન ગ્રંથોમાં દરેક જગ્યાએ કહ્યું છે કે વૈરાગ્યમાં લાગેલાં, જે મોહશત્રુને જીતવાવાળા છે તેઓ થોડા શાસ્ત્રોને ભણીને પણ સુધરી જાય છે–મુકત થઈ જાય છે અને વૈરાગ્ય વિના ઘણાં શાસ્ત્રોને ભણવા છતાં પણ મુકત થઈ શકતાં નથી આ નિશ્ચય જાણવો. પરંતુ આ કથન અપેક્ષાથી છે. આ બહાનાથી શાસ્ત્ર વાંચવાનો અભ્યાસ છોડવો નહિ અને જે વિશેષ શાસ્ત્રના પાઠી છે તેને દૂષણ ન દેવું. જે શાસ્ત્રના અક્ષર બતાવી રહ્યાં છે અને આત્મામાં ચિત્ત લગાવતાં નથી તેણે કણરહિત ભૂસાનો ઢેર કરી લીધો છે તે કાંઈ કામનો નથી એમ જાણવું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવી પીઠિકામાત્ર સાંભળીને વિશેષ શાસ્ત્રજ્ઞ છે તેની નિંદા ન કરવી અને જે બહુશ્રુત છે તેણે અલ્પશાસ્ત્રજ્ઞોની નિંદા ન કરવી જોઈએ. કેમ કે પરના દોષ ગ્રહણ કરવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે, તેનાથી જ્ઞાન અને તપનો નાશ થાય છે આમ નિશ્ચયથી જાણવું.

❁ હું જ્ઞાયક છું....જ્ઞાયક છું...જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા ! એની શી વાત! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં—ભરોંસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ!

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૩)*

❁ સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૨૦)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# આત્મજ્ઞાન વિના ભવનો અંત નથી

(સળંગ પ્રવચન નં-૧૨૮)

આ, શ્રી પરમાત્મપ્રકાશ નામનું અધ્યાત્મશાસ્ત્ર છે. આજથી ૯૦૦ વર્ષ પહેલાં એક યોગીન્દુદેવ નામના દિગંબર મુનિ થઈ ગયા. તેમણે વનમાં આ શાસ્ત્રની રચના કરી છે. જેમ સંવત ૪૯માં કુંદકુંદઆચાર્ય થઈ ગયા કે જે સાક્ષાત્ સીમંધરભગવાન પાસે મહાવિદેહક્ષેત્ર ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને તેમણે સમયસારાદિ શાસ્ત્ર બનાવ્યા હતાં તેમ, યોગીન્દુદેવે પરમાત્મપ્રકાશ, યોગસાર આદિ શાસ્ત્રની રચના તાડપત્ર ઉપર કરી હતી. તે આ શાસ્ત્રના બીજા અધિકારની ૮૪ ગાથા ચાલે છે કે સ્વસંવેદન જ્ઞાન વિના શાસ્ત્રોના ભણેલાં પણ મૂર્ખ છે.

ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરતાં પ્રત્યેક જીવે એક એક ભવ અનંતવાર કર્યાં છે. કેમકે આત્મા તો અનાદિનો છે ને! નવો નથી. આત્મા છે....છે....છે. પણ આત્માના ભાન વિના આ જીવે શુભાશુભભાવ અનંતવાર કર્યાં તેના જ ફળમાં તેને ચારગતિમાં રખડવું પડ્યું છે.

અહીં કહે છે કે કોઈ જીવે ભલે બધાં શાસ્ત્રો ભણે, મંદ કષાયરૂપ ક્રિયા કરે પણ જ્ઞાનાનંદ આત્માનું વેદન ન કરે ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી. 'ચેતનરૂપ અનૂપ, અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું નિજપદ જે શાંતરસ અને અનાકુળ આનંદથી ભરેલું છે તેનું વેદન કર્યા વિના ધર્મ થતો નથી તો મુક્તિ તો ક્યાંથી થાય? છઢાળામાં પણ આવે છે ને! 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેઈક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.'

સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને પવિત્ર આનંદ અને જ્ઞાનની મૂર્તિરૂપ જોયો છે. શરીર, વાણી, મન તો જડ—માટી—ધૂળ છે અને શુભાશુભભાવ થાય છે તે આસ્રવતત્ત્વ છે. આ જડ અને આસ્રવતત્ત્વથી ભિન્ન જ્ઞાનમૂર્તિનો અંતરર્મુખ થઈને અનુભવ ન થાય ત્યાં સુધી ધર્મ થતો નથી. ભલે શાસ્ત્રો થોડાં જ ભણ્યો હોય પણ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પ્રગટ કર્યું છે અને તેમાં એકાગ્રતા કરે છે તે જીવ મુક્ત થઈ જાય છે. હું આત્મા છું, અતીન્દ્રિય આનંદનો કંદ છું. જેમ લીંડીપીપરને ઘૂંટતાં ઘૂંટતાં તેમાંથી ૬૪ પોરી તીખાશ પ્રગટ થાય છે તે તેમાં છે તો પ્રગટ થાય છે ને! પથ્થર ને ઘસો તો તેમાંથી તીખાશ નહિ પ્રગટે કેમકે, તેમાં તીખાશ છે જ નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે, જેમાં જે ન હોય તેમાંથી એ પ્રાપ્ત થતું નથી. તેમ, આ દેહદેવાલયમાં ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભરેલો છે તો તેમાં એકાગ્રતાથી પર્યાયમાં

આનંદની પ્રાપ્તિ થાય છે. તેનાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે કહ્યું કે પરમાત્મજ્ઞાનના ઉત્પન્ન કરવાવાળા નાના, થોડા શાસ્ત્રોને પણ જાણીને વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની ભાવના કરે છે તે મુક્ત થઈ જાય છે.

આવું જ કથન ગ્રંથોમાં દરેક જગ્યાએ કહ્યું છે કે વૈરાગ્યમાં લાગેલાં જે મોહશત્રુને જીતવાવાળા છે તેઓ થોડા જ શાસ્ત્રો વાંચીને સુધરી જાય છે—મુક્ત થઈ જાય છે અને વૈરાગ્ય વિના બધાં શાસ્ત્રો ભણવા છતાં મુક્તિ પામતાં નથી.

આઠ વર્ષની બાલિકા હો, બહુ થોડા શાસ્ત્રો વાંચ્યા હો પણ રાગથી ખસીને, સ્વભાવમાં એકાગ્રતા કરીને શાંતિનું વેદન કરે તો તેને શરૂઆત થઈ જાય છે પણ આવા આત્માના જ્ઞાન વિના લાખો શાસ્ત્રો વાંચે, દયા, દાન, વ્રત, ભક્તિ, યાત્રા આદિ કરે તો તેને શુભબંધ તો થશે પણ સંવર—નિર્જરા નહિ થાય. આગળ ૮૫ ગાથામાં એ જ વાત કરશે. અશુભથી બચવા આવા શુભભાવ હોય છે પણ તેનાથી ધર્મ થશે એમ કોઈ માની લે તો તે મૂર્ખ છે.

શ્રોતા :—શુભભાવથી પરંપરાએ તો મોક્ષ થાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના. શાંતિથી શાંતિ મળે. નિર્વિકલ્પ દૃષ્ટિથી નિર્વિકલ્પ શાંતિ મળે છે. રાગ કરવાથી અરાગી નિર્વિકલ્પ શાંતિ મળતી નથી.

વૈરાગ એટલે હું તો શુદ્ધ આત્મા છું, આ વિકાર આદિ કે શરીર આદિ હું નથી એમ, પરથી અને રાગથી ખસીને સ્વભાવમાં એકાગ્ર થાય છે તે વૈરાગ વડે મોહશત્રુને જીતી લે છે. ભલે શાસ્ત્રો બહુ ભણ્યો નથી પણ રાગની એકતાથી છૂટીને સ્વભાવમાં એકતા કરે છે તો તે જરૂર સુધરી જાય છે—તેનું આત્મકલ્યાણ થાય છે.

મુનિરાજ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખીને ચાલ્યા જાય છે. આ શાસ્ત્ર રચનાનું (જડની ક્રિયાનું) કાર્ય અમારું નથી, વિકલ્પ ઉઠ્યો તે પણ અમારું કાર્ય નથી....એટલા નિરાળા હોય છે. અમે તો આત્મા છીએ.....

અનંતકાળથી પરિભ્રમણ કરતાં આ જીવે એક સમયમાત્ર પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. શુભભાવ કર્યા તેના ફળમાં દેવમાં અથવા શેઠિયાના ઘરે જન્મ લીધો. જો કે શેઠિયો તો કહેવાય પણ ખરેખર કોઈ શેઠિયો નથી. આત્મામાં જે અતીન્દ્રિય જ્ઞાન, આનંદ અને શાંતિ રહેલી છે તેના અનુભવ વિના કોઈને ધર્મ થતો નથી. ધર્મ વિના કોઈ સુખી નથી. ભલે તે શેઠિયો કહેવાતો હોય તોપણ સુખી નથી.

સમ્યગ્દર્શનમાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને મુનિપણામાં તો અતીન્દ્રિય

www.vitragvani.com



આનંદનો ઉગ્ર સ્વાદ આવે છે તેને ચારિત્ર અને મુનિપણું કહેવાય છે. અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત કરે છે કે આત્માની દૃષ્ટિ અને અનુભવ વિના શાસ્ત્રો ભણે તો પુણ્યબંધ તો થાય પણ તેને ધર્મ કે મુક્તિ ન થાય. અહીં 'વૈરાગ્ય' કેમ લીધો છે કે શુભભાવથી ખસવું તે જ વૈરાગ્ય છે એમ કુંદકુંદઆચાર્યે પુણ્ય–પાપ અધિકારમાં કહ્યું છે. કુંદકુંદઆચાર્ય મદ્રાસથી ૮૦ માઈલ દૂર વંદેવાસ ગામ છે ત્યાંથી ૫ માઈલ જતાં 'પોન્નુરહીલ' છે—અમે બે વાર ત્યાં યાત્રાએ ગયા હતાં, સાથે હજાર માણસ હતા—આ પોન્નુરહીલ ઉપર કુંદકુંદઆચાર્ય મહારાજ ધ્યાનમાં રહેતાં હતાં. આત્મધ્યાનમાં મસ્ત રહેતાં રહેતાં એકવાર અંતરમાં સમવસરણનું ચિંતવન કરતાં કરતાં એમ વિચાર આવ્યો કે 'અહો! ભરતક્ષેત્રમાં અમને ત્રણલોકના નાથનો વિરહ થયો છે, અમને તીર્થંકરનો યોગ નથી એમ કરીને ત્યાંથી જ મહાવિદેહમાં બિરાજમાન ભગવાનને વંદન કર્યાં. ત્યાં ભગવાનની ઓમ્‌ધ્વનિમાં सद्‌धर्मवृद्धि-रस्तु ના આશીર્વાદ આવ્યા. પછી તો આચાર્યના પૂર્વભવના મિત્ર દેવ આવીને તેમને મહાવિદેહ લઈ ગયાં. ત્યાંથી આવીને પોન્નુરહીલમાં આ સમયસારાદિ શાસ્ત્રોની રચના આચાર્યદેવે કરી છે. આ કુંદકુંદઆચાર્યની પરંપરામાં જે કોઈ સંતો થયા તેણે સમયસારમાંથી બીજડાં લઈને શાસ્ત્રોની રચના કરી છે.

યોગીન્દુદેવ પણ સમયસારમાં આવેલી વાત જ કહે છે કે આત્મા જ્યાં સુધી સ્વસંવેદન જ્ઞાન ન કરે ત્યાં સુધી મુક્તિ થતી નથી અને વૈરાગ્ય વિના સમ્યગ્જ્ઞાન પણ થતું નથી. એ વૈરાગ્ય એટલે તેમાં શરીર, વાણી, મનની તો ઉપેક્ષા કરે પણ અંતરમાં શુભ અને અશુભભાવ ઉઠે છે તેની પણ ઉપેક્ષા કરી દેવી, રુચિ છોડવી તેનું નામ ભગવાન 'વૈરાગ્ય' કહે છે. સમયસારની ૧૫૦ મી ગાથામાં કુંદકુંદઆચાર્ય કહે છે કે 'શુભાશુભ રાગથી જીવ બંધાય છે અને વૈરાગ્યથી જીવ મુકાય છે' એવો પરમેશ્વર જિન વીતરાગદેવનો ઉપદેશ છે. માટે શુભાશુભભાવ હો તો ભલે હો પણ તેમાં રાચ નહિ! રુચિ ન કર!

આગમનું આ વચન છે કે રાગીપણાનો કોઈપણ ભાવ હો–બધાં બંધન છે. આત્મા–અરૂપી આનંદની શિલા અંદર પડી છે એ અરૂપીના રૂપનું અર્થાત્ સ્વરૂપનું લક્ષ કરવું અને શુભાશુભ રાગની રુચિ છોડવી તેનું નામ વૈરાગ્ય કહેવાય છે. જેમ જડ એક પદાર્થ છે તેમ અરૂપી પણ, આત્મા એક પદાર્થ છે. દેહમાં બિરાજમાન અરૂપી ચિદ્‌ઘન ભગવાન આત્મા પરમાત્મ સ્વરૂપ જ છે.

અરે આત્મા! અનંતકાળમાં એક ક્ષણ પણ તેં વૈરાગ્ય ન કર્યો. ઘર–બાર–કપડાં છોડીને વનમાં નીકળી જવું તે વૈરાગ્ય નથી. રાગની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરવી તેને ભગવાન વૈરાગ્ય કહે છે. વૈ + રાગનો શબ્દાર્થ પણ એ જ થાય છે કે 'રાગથી રહિતપણું' શુભાશુભભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્પન્ન થાય છે તે તો રાગ છે તેની રુચિ આડે જીવે આત્માનો પ્રેમ કદી કર્યો જ નથી. જન્મ–મરણનો અંત લાવવાની વાત એણે કદી સાંભળી નથી.

શુભભાવથી પુણ્યબંધ થાય એ અને અશુભભાવથી પાપબંધ થાય છે. તે બંને ભાવની નાસ્તિ કરીને પૂર્ણાનંદ સ્વભાવની અસ્તિ કરવી તે વૈરાગ્ય છે. અંતર્મુખ થઈને પૂર્ણ શુદ્ધ, અખંડ વસ્તુની પ્રતીતિ કરતાં પોતાની સત્તાનો સ્વીકાર થાય છે, તે સત્તાનો પ્રેમ કરવો અને રાગની રુચિ છોડવી. શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એમ માને છે તેને રાગથી વૈરાગ્ય નથી. આવી વાત કુંદકુંદઆચાર્ય આદિ સર્વ દિગંબર સંતો કરતાં જ આવ્યા છે. અનાદિથી સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથની વાણીમાં જે વાત આવે છે તે જ વાત સંતો કહે છે.

તેમાં અહીં યોગીન્દુદેવ કહે છે કે વૈરાગ્ય વિના સર્વ શાસ્ત્ર ભણવા છતાં મુક્તિ થતી નથી અર્થાત્ ધર્મ થતો નથી. આ વાત નક્કી સમજવી પણ આ કથન અપેક્ષાથી છે તેને નહિ સમજીને, શાસ્ત્ર ભણવાનો અભ્યાસ છોડી ન દેવો. શાસ્ત્ર ભણવા છતાં અંતર્દૃષ્ટિ ન કરે તો તેને શાસ્ત્ર ભણવાનું કાંઈ ફળ ન આવ્યું એમ કહેવાનું તાત્પર્ય છે. માટે શાસ્ત્ર ભણવાનું છોડી દેવાની વાત નથી. અંતર અનુભવ તો હોય નહીં અને શાસ્ત્ર ભણવાનું પણ છોડી દેશે તે તો પાપભાવમાં ચાલ્યો જશે.

વળી, આ વાંચીને કોઈ વિશેષ શાસ્ત્રના પાઠી છે તેને દૂષણ ન દેવું. કોઈ સમ્યગ્જ્ઞાની સમ્યગ્દૃષ્ટિવંત જીવ વિશેષ શાસ્ત્ર ભણ્યાં હોય તો તેમાં કાંઈ દોષ નથી. પણ જે, શાસ્ત્રના અક્ષર તો બતાવી રહ્યાં છે કે આ શાસ્ત્રમાં આમ લખ્યું છે, પહેલાં શાસ્ત્રમાં આ લખ્યું છે એમ શાસ્ત્રના શબ્દો બતાવે છે પણ આત્મામાં ચિત્ત લગાવતાં નથી, આનંદકંદ ભગવાનની દૃષ્ટિ કરતાં નથી તે તો એવા જાણવા કે દાણા વિનાના ફોતરાંનો ઢગલો તેણે કરી લીધો છે. દયા, દાન પણ કરે, શાસ્ત્ર પણ ભણે પણ આત્મામાં ચિત્ત ન લગાવે તો શા કામનું? માત્ર ફોતરાંના ઢગલામાંથી દાણા ક્યાંથી નીકળે? દાણા વિના કસ ક્યાંથી મળે! તેમ, શરીર–વાણી–મન તો ફોતરાં જ છે પણ શુભાશુભ રાગ પણ ફોતરાં જ છે તેમાંથી ચૈતન્યનો કસ જે વીતરાગભાવ છે તે નીકળતો નથી.

આત્માના જ્ઞાન અને દર્શન વિના એના ભવનો અંત આવતો નથી માટે કહે છે કે ફોતરાંનો ઢગલો કાંઈ કામનો નથી.

ઈત્યાદિ પીઠિકામાત્ર સાંભળીને જે વિશેષ શાસ્ત્રજ્ઞ છે તેની નિંદા ન કરવી અને જે બહુશ્રુત છે તેણે અલ્પ શાસ્ત્રજ્ઞોની નિંદા ન કરવી જોઈએ કેમકે આત્માનું જ્ઞાન કરે તેને સર્વ શાસ્ત્રોનું જ્ઞાન આવી જાય છે. 'એકને જાણે છે તે સર્વને જાણે છે' પશુ યોનિમાં પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મજ્ઞાન થઈ જાય છે ને! ત્રિલોકમંડન હાથીની વાત આવે છે ને! તે સિવાય અઢીદ્વીપ બહાર અસંખ્ય દ્વીપ અને સમુદ્ર છે ત્યાં અસંખ્ય પશુ સમકિતી છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પશુ સમકિતી છે. તેનું જ્ઞાન સુજ્ઞાન છે. આત્માના જ્ઞાન વિના ચાહે વકીલનું જ્ઞાન હોય તે પણ કુજ્ઞાન છે. અહીં તો શાસ્ત્રના જ્ઞાનને પણ આત્માના જ્ઞાન વિના કુજ્ઞાન કહ્યું છે. અહીં તો સંસારના ડહાપણ ઉપર મીંડા મૂકાય છે. દિગંબર મુનિઓને સંસારની પરવા નથી. 'નાગા, બાદશાહથી આઘા.'

રે આત્મા! તું શાસ્ત્ર ભણ કે ક્રિયા કર પણ આત્માના જ્ઞાન વિના તારા જન્મ-મરણનો અંત નહિ આવે. રાગ કરતાં કરતાં વીતરાગતા કદી ન થાય. લસણ ખાતાં ખાતાં કસ્તૂરીનો ઓડકાર ન આવે તેમ રાગની ક્રિયામાં વીતરાગતાનું ફળ ન આવે પણ શું થાય? તેની બેદરકારીનો પાર નથી. અનંતકાળ એણે બેદરકારીમાં ગુમાવી દીધો છે. કદી આત્માની દરકાર જ કરી નથી.

આચાર્યદેવ સારાંશરૂપે કહે છે કે આ સાંભળીને કે વાંચીને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય તેમ ન કરવું. કેમકે પરના દોષ ગ્રહણ કરવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. તેનાથી જ્ઞાન અને તપનો નાશ થાય છે આ નિશ્ચય જાણવું. થોડા શાસ્ત્ર ભણો કે વિશેષ શાસ્ત્ર ભણો પણ આત્માની દૃષ્ટિ અને વેદન કરો તો લાભ છે. તે સિવાય લાભ થતો નથી. આ ૮૪ ગાથા થઈ. ૮૫મા વિશેષ કઠણ વાત આવશે કેમકે આચાર્યદેવ દુનિયાને રાજી રાખે કે આગમને રાજી રાખે! આગમના રહસ્ય ખોલીને બતાવવા છે ત્યાં આચાર્યદેવ લોકોના બંધનમાં રહેતાં નથી. શાસ્ત્રકાર, ભગવાન આગમમાં આમ કહે છે એમ સત્ય વાત જ કરે છે.

શું કહે છે? કે વીતરાગ સ્વસંવેદન જ્ઞાનથી રહિત જીવોને તીર્થ ભ્રમણ કરવાથી પણ મોક્ષ નથી એમ ૮૫ ગાથામાં કહે છે. તીર્થ ભ્રમણ એ કાંઈ મુક્તિનું સાધન નથી. જો એ સાધન હોય તો તીર્થ ભ્રમણ પણ અનંતવાર કર્યું છે તો તેનાથી સાધનનું સાધ્ય કેમ ન થયું? કાલે કહ્યું હતું ને! યમ-નિયમ-સંયમ આપ કિયો, પુનિ ત્યાગ-વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો, જપ ભેદ જપે, તપ ત્યોંહી તપે, ઉરસે હી ઉદાસી લી સબપે, શબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન-ખંડન ભેદ લિયે....યહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે.

ભગવાન આત્મા વિકલ્પના સાધનથી પાર છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુભરાગ વચ્ચે આવે તો છે તેની ના નથી. પણ કોઈ એમ માની લે કે શુભરાગના સાધનથી મોક્ષનું સાધ્ય પ્રગટશે એ વાત નહિ બને. માટે, શુભરાગની રુચિ છોડવી, શુભભાવ ન છૂટે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શુભ–અશુભભાવની રુચિ છોડીને, આત્માનંદ મૂર્તિની રુચિ કરવી તે ધર્મની પ્રથમ સીડી છે પછી શુદ્ધોપયોગ થશે ત્યારે શુભભાવ છૂટશે.

છઢાળામાં ત્રીજી ઢાળની ૧૭ ગાથામાં દૌલતરામજી કહે છે—

મોક્ષમહલકી પરથમ સીડી, યા વિન જ્ઞાન ચરિત્રા,
સમ્યકતા ન લહે, સો દર્શન, ધારો ભવ્ય પવિત્રા
'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ,
યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિ હોવૈ.

છઢાળામાં દૌલતરામજીએ ગાગરમાં સાગર ભરી દીધો છે. સવારે પ્રવચનમાં એ ચાલે છે. અત્યારે પરમાત્મપ્રકાશ ચાલે છે. તેમાં ૮૫ ગાથાનો મૂળ શ્લોક આ પ્રમાણે છે.

**तित्थई तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ।**
**णाण–विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ॥८५॥**

અર્થ :—તીર્થ.....તીર્થ પ્રતિ ભ્રમણ કરવાવાળા મૂર્ખોને મુક્તિ થતી નથી. કારણ હે જીવ! જે જ્ઞાનરહિત છે તે મુનીશ્વર નથી, સંસારી છે. મુનીશ્વર તો તે જ છે જે સમસ્ત વિકલ્પજાળોથી રહિત થઈને પોતાના સ્વરૂપમાં રમે. તેઓ જ મોક્ષ પામે છે.

આ ગાથા કુદરતે આવી છે હો! કુદરતનો મેળ કેવો છે! યોગીન્દુદેવ મુનિ પંચપરમેષ્ઠીમાં છે ને! માર્ગ જેવો છે તેવો ખુલ્લો મૂકી દે છે. તમને રુચે ન રુચે તે તમારે જોવાનું છે. આચાર્યદેવને શું છે! પદ્મનંદિ પંચવિંશતિમાં આચાર્યદેવે એક અધિકારમાં બ્રહ્મચર્યનું આખું વર્ણન કર્યું છે કે અરે! યુવાનો, ભોગોમાં શું પડ્યું છે! વગેરે....પછી છેલ્લે કહે છે કે યુવાનો! આવી બ્રહ્મચર્યની વાત તમને ન રુચે તો અમને ક્ષમા કરજો. અમે તો સંત છીએ. અમારી પાસે બીજી શી વાત હોય! બ્રહ્મસ્વરૂપ તો આત્મા છે, તેમાં આનંદ છે. વિષયભોગોમાં તો એકલું દુઃખ છે. શુભભાવ પણ દુઃખરૂપ છે તો અશુભભાવ તો દુઃખરૂપ છે જ. અતીન્દ્રિય આનંદથી ઉલટા જે કોઈ ભાવ છે તેમાં દુઃખ છે. માટે એકવાર તેની રુચિ તો છોડી દ્યો! શુભમાં દુઃખ છે તો અશુભમાં તો મહાદુઃખ છે એમ કરીને બ્રહ્મચર્યની જોરદાર વાત કરી છે. છેલ્લે કીધું કે અમને જે વાત રુચિ છે તે વાત તમને કરી છે. અમારી પાસે બીજી આશા ન રાખશો. અહીં પણ એવી વાત આવી છે કે રાગની વાત અમને રુચતી નથી તેથી કહીએ છીએ કે તમે પણ તેમાં રુચિ ન કરો. આનંદસ્વભાવની રુચિ અને દૃષ્ટિ કરો અને શુભાશુભની રુચિ છોડો!

તીર્થયાત્રા, ભક્તિ આદિનો શુભરાગ છોડીને પાપમાં જવા માટે કહેતાં નથી પણ,

www.vitragvani.com



તેમાં તમે ધર્મ માની રાખ્યો હોય તો એ માન્યતા છોડાવે છે. કેમકે શુભરાગ પણ પરદ્રવ્યને આશ્રિત છે તો પરદ્રવ્યના આશ્રયે કદી સ્વભાવની દૃષ્ટિ થઈ શકતી નથી. **पराश्रितो बन्धः। स्वाश्रित मुक्ति** અથવા **पराश्रित व्यवहार** અને **स्वाश्रित निश्चयः।** પરદ્રવ્યનો આશ્રય છોડીને સ્વદ્રવ્યનો આશ્રય કરે તો મુક્તિ થાય છે. આમ સત્ય તરફ વાત લઈ જવી તેનું નામ ન્યાય છે. આ ભગવાનના કહેલાં કાયદા કાનૂન છે. ત્રણકાળ ત્રણલોકના જાણનારા ભગવાન આમ ફરમાવે છે કે ભાઈ! સ્વદ્રવ્યનું લક્ષ છોડીને તારી બુદ્ધિ બહારમાં ભ્રમણ કરતી હોય તો તેનાથી તારું પરિભ્રમણ મટવાનું નથી. શુભ અને અશુભ બંને ભાવનું લક્ષ છોડીને સ્વતત્ત્વનું લક્ષ કરે તો જ સમ્યગ્દર્શન થાય છે. બાહ્યલક્ષથી ત્રણકાળમાં સમ્યગ્દર્શન થવાનું નથી અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા છે. એકડાં વીનાના મીંડા જેવા છે. એકડો લખ્યા પછી મીંડું કરો તો તેની કિંમત તેમ, આત્માનું સમ્યક્ શ્રદ્ધાન કર્યા પછી રાગની મંદતા કરીને સ્વરૂપમાં ઠરે તો ચારિત્ર થઈ જાય છે. આવું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ મુક્તિનું કારણ છે.

અશુભભાવથી બચવા શુભરાગ આવે પણ તે પરાશ્રિતભાવ છે માટે તેનાથી વીતરાગતા ન થાય માટે આચાર્યદેવ કહે છે કે તીર્થે તીર્થે ભ્રમણ કર તોપણ તેનાથી તારી મુક્તિ થવાની નથી. અંતર આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન પણ નથી તો મુનિપણું તો કયાંથી હોય! અજ્ઞાની કરોડ ભવ સુધી તપ કરીને જે નિર્જરા કરી શકતાં નથી તે નિર્જરા જ્ઞાની અંતર્મુહૂર્તમાં કરે છે. એવી આત્મજ્ઞાનની મહિમા છે.

સ્વર્ગ છે, નરક છે, મહાવિદેહ છે એ બધું આગમથી, યુક્તિથી, ન્યાયથી અનુભવથી સિદ્ધ થઈ શકે છે. આત્મા અનાદિનો છે તો તે અત્યાર સુધી ક્યાં રહ્યો? શું મુક્તિ થઈ ગઈ હતી? મુક્તિ થઈ હોય તો સંસારમાં પાછો ન આવે. જેમ ચણા બફાઈ ગયા પછી ઉગે નહિ તેમ આત્માની મુક્તિ થઈ ગયા પછી ચારગતિમાં ન આવે. માટે, અનાદિથી આત્માની કદી મુક્તિ થઈ નથી. ચારગતિમાં જન્મ–મરણ કર્યા છે એ વાત પ્રત્યક્ષ છે. પૂર્વજન્મ તો અહીં અત્યારે સિદ્ધ થાય છે. બેનશ્રીને તો પૂર્વભવનું જ્ઞાન છે જ પણ તેના ભાઈની દીકરીને પણ પૂર્વજન્મનું જ્ઞાન છે. તે તેના આખા કુટુંબને ઓળખે છે એ બધું ત્યાં જઈને નક્કી કર્યું છે. છાપામાં પણ આવા અનેક દાખલા આવે છે. પણ અહીં એ વિષય નથી. અહીં તો સમ્યગ્દર્શન વિના ચારિત્ર નથી અને ચારિત્ર વિના મુક્તિ નથી માટે પ્રથમ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વાત સમજાવી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નિજ આત્મા જ મહા તીર્થ છે

(સળંગ પ્રવચન નં. ૧૨૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની ૮૪ ગાથા થઈ. હવે ૮૫ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે વીતરાગ—સ્વસંવેદનજ્ઞાન રહિત જીવોને તીર્થભ્રમણ કરવાથી પણ મોક્ષ નથી.

તીર્થ કોને કહેવાય?—કે જે તીર્થમાં સ્નાન કરવાથી ધર્માત્માને અપવિત્રતાનો નાશ થાય છે અને પવિત્રતાની પ્રાપ્તિ થાય છે તેને તીર્થ કહેવાય છે.

શુદ્ધસ્વરૂપ આત્માની દૃષ્ટિ થયા પછી તેમાં સ્થિર ન રહી શકવાથી અશુભથી બચવા ધર્મીને તીર્થયાત્રા આદિનો શુભભાવ આવે છે પણ તે શુભભાવથી બંધનો નાશ થતો નથી માટે, તીર્થયાત્રાથી બંધનું નિરાકરણ થતું નથી. આત્મ-અનુભવ વિના તીર્થયાત્રા કરે અને જો તેને એવો અભિપ્રાય રહી જાય કે તીર્થયાત્રાથી મારું કલ્યાણ થઈ જશે તો એને તો પાપાનુબંધી પુણ્ય બંધાય છે, માટે આચાર્યદેવ કહે છે કે ભાઈ! પોતાના આત્મારૂપી તીર્થના ભાન વિના એકલાં બાહ્યતીર્થમાં ભમીને પોતાનું હિત માનવું એ તો એકલી ભ્રમણા છે.

**तित्थईं तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ।**
**णाण—विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ ॥८५॥**

અર્થ :—તીર્થ—તીર્થ પ્રતિ ભ્રમણ કરવાવાળા મૂર્ખોને મુક્તિ થતી નથી. કારણ કે હે જીવ! જે જ્ઞાનરહિત છે તે મુનીશ્વર નથી, સંસારી છે. મુનીશ્વર તો તેઓ જ છે કે જે સમસ્ત વિકલ્પજાળોથી રહિત થઈને પોતાના સ્વરૂપમાં રમે; તેઓ જ મોક્ષ પામે છે.

જેને ચિદાનંદસ્વરૂપ આત્માની અંતરદૃષ્ટિ નથી તે ધર્મી નથી—મુનિવર નથી—ચારિત્રવંત નથી. તે તીર્થોમાં ભમે તેથી કાંઈ તેની મુક્તિ થઈ જતી નથી. મૂળ તો જીવોને અંદરમાં આત્માના સ્વરૂપની કિંમત નથી. શરીર અને તેની ક્રિયાની કિંમત છે, બહુ તો અંદરમાં શુભભાવ થાય તેની કિંમત છે પણ એ તો આત્માના નિજસ્વભાવથી વિરુદ્ધભાવ છે. શુભભાવ હો કે અશુભભાવ હો બંને ભાવ આત્માના સ્વભાવથી વિપરીત છે માટે, આત્માના ભાન વિના શુભભાવથી તીર્થ-તીર્થમાં ભમીને મુક્તિ થશે એમ માને છે એ તો મૂઢ છે. તો મુક્તિ કોની થાય છે? જે સમસ્ત વિકલ્પથી રહિત થઈને સ્વરૂપમાં ઠરે છે તેવા મુનિવરોની જ મુક્તિ થાય

www.vitragvani.com



છે. આમ બે નાસ્તિમાંથી અસ્તિ કાઢી છે કે તીર્થમાં ભ્રમણથી નહિ, જ્ઞાનરહિતપણે નહિ પણ આત્મજ્ઞાનસહિત મુનિને મુક્તિ પ્રાપ્તિ થાય છે. માટે પરમાર્થતીર્થ તો એ છે કે જેમાં એકાગ્ર થવાથી અશાંતિ ટળે અને નિર્દોષ શાંતિ મળે છે; તે કહે છે.

ભાવાર્થ :—નિર્દોષ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન થતું જે વીતરાગ પરમ આનંદરૂપ નિર્મળ જળ–તેને ધારણ કરવાવાળા અને જ્ઞાન–દર્શનાદિગુણોના સમૂહરૂપી ચંદનાદિ વૃક્ષોના વનથી શોભિત તથા દેવેન્દ્ર ચક્રવર્તી ગણધરાદિ ભવ્યજીવરૂપી તીર્થ–યાત્રિઓના કાનોને સુખકારી એવી દિવ્યધ્વનિથી શોભાયમાન અને અનેક મુનિજનરૂપી રાજહંસોથી લઈને અનેક પ્રકારના પક્ષીઓના શબ્દોથી મહામનોહર જે અરહંત વીતરાગ સર્વજ્ઞદેવ જ નિશ્ચયથી પરમતીર્થ છે. તેમના સમાન અન્ય તીર્થ નથી. તેઓ જ સંસારના તરવામાં કારણ પરમતીર્થ છે. જે પરમસમાધિમાં લીન મહામુનિ છે તેમના તીર્થ સર્વજ્ઞદેવ જ છે. નિશ્ચયથી નિજ શુદ્ધાત્મતત્ત્વના ધ્યાન જેવું બીજું કોઈ તીર્થ નથી અને વ્યવહારનયથી તીર્થંકર પરમદેવાદિના ગુણસ્મરણના કારણ—મુખ્યતાથી શુભબંધના કારણ—એવા જે કૈલાશ, સમ્મેદશિખર આદિ નિર્વાણસ્થાન છે તે પણ વ્યવહારમાત્ર તીર્થ કહ્યાં છે. જે તીર્થ-તીર્થ પ્રતિ ભ્રમણ કરે અને નિજ તીર્થના શ્રદ્ધા–જ્ઞાન અને આચરણ નથી તેઓ અજ્ઞાની છે તેમને તીર્થભ્રમણથી મોક્ષ થતો નથી.

અહીં સર્વજ્ઞ પરમાત્માને 'તીર્થ'ની ઉપમા આપી છે અને 'આત્મા' સર્વજ્ઞ પરમાત્મા જેવો જ છે માટે તે જ પરમાર્થતીર્થ છે એવો આ સંસ્કૃતભાવાર્થનો આશય છે. નિશ્ચયતીર્થ બતાવીને વ્યવહારતીર્થમાં જવાનો ભાવ જ ન આવે એમ ન સમજવું. તીર્થવંદનાનો ભાવ જ ન આવે એમ નથી અને તીર્થવંદનાથી જ કોઈ કલ્યાણ માની લે તો એમ પણ નથી.

આચાર્યદેવે અહીં આત્માને કેવળીના આત્મા સાથે નહિ પણ તીર્થંકરની સાથે સરખાવ્યો છે, તીર્થંકર જેવો નિજ શુદ્ધાત્મા જ પરમતીર્થ છે. તીર્થંકર પરમાત્મા કેવા છે? કે જેમને અનંત આનંદરૂપ જળનો પ્રવાહ વહે છે. આત્મા એકલા પવિત્ર શાંતરસનો ડુંગર છે. તેમાં શુભાશુભભાવરૂપ દોષનો અભાવ છે માટે આત્મા નિર્દોષ પરમાત્મા છે. તેની ભાવના એટલે એકાગ્રતા કરવાથી પરમાત્માને અનંત આનંદના પૂરનો પ્રવાહ વહે છે. નિજ શુદ્ધાત્મા–ચિદ્‌પિંડ–આનંદપર્વતમાં એકાગ્ર થવાથી વીતરાગ પરમાનંદરૂપ નિર્મળજળનો પ્રવાહ વહે છે.

જેમ કોલ્હાપુરી ગોળ એકલી મીઠાશથી ભરેલો છે તેના રવામાં જ્યાં ચપ્પુ નાંખો ત્યાં બધે એકલું ગળપણ જ રહેલું છે, તેમાં ક્યાંય ઝેર નથી કે પાણી પણ નથી. તેમ, આ આત્મા કેવળજ્ઞાનાનંદનો ભરેલો રવો છે, તેમાં એકાગ્ર થવાથી અતીન્દ્રિય આનંદનું પૂર આવે છે–'ઝરણું ઝરે છે' એવો શબ્દ ટીકામાં છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સર્વજ્ઞ પરમાત્માને અતીન્દ્રિય આનંદ કેવો છે અને ક્યાં કારણે થયો છે એ પણ બતાવીને આત્મા એવો છે એમ અહીં કહેશે. સર્વજ્ઞ સમાન નિજ આત્માની સમ્યક્ દૃષ્ટિપૂર્વક તેમાં એકાગ્ર થવાથી નિર્મળ આનંદના ઝરણાં ઝરે છે. આવા રાગરહિત નિર્મળ જ્ઞાનજળમાં ધર્માત્મા સ્નાન કરે છે અને મુક્તિ પામે છે માટે તેને તીર્થ કહેવાય છે.

સંસારના સુખ તો ઝેર જેવા છે, એ સુખ નહિ પણ દુઃખ જ છે—જૂઠા આનંદ છે અને આત્માનો આનંદ તો સુંદર એટલે સાચો આનંદ છે—યથાર્થ આનંદ છે પણ લોકોને આત્માની કિંમત નથી આવતી. જગતના પદાર્થોની કિંમત આવે છે અને એથી આગળ વધે તો શુભભાવ સારા આવી ગયા હોય એની કિંમત આવે છે.

અહીં તો યોગીન્દુદેવ કહે છે કે ભગવાન! તારો આત્મા નિર્દોષ અતીન્દ્રિય આનંદનું પૂર છે. સર્વજ્ઞ વીતરાગદેવ આવા નિજાત્મામાં એકાગ્ર થયા છે તેથી તેમને પર્યાયમાં આનંદનું પૂર વહે છે તેને તીર્થંકરપ્રભુએ ધારણ કર્યો છે અને જ્ઞાન—દર્શન, આનંદ, પ્રભુતા, સ્વચ્છતા, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ આદિ અનંત ગુણરૂપ ચંદનના વૃક્ષથી તીર્થંકરરૂપી તીર્થ શોભે છે. લોકો બંગલો બનાવે છે અને સાથે બગીચા વડે તેની શોભા કરે છે ને! તેમ, તીર્થંકરરૂપી તીર્થ આવા ગુણરૂપ વૃક્ષોથી શોભે છે. જ્ઞાન—દર્શનાદિ ગુણોને અહીં ચંદનવૃક્ષની ઉપમા આપી છે.

તીર્થંકર ભગવાનરૂપી તીર્થમાં સ્નાન કરવા કોણ કોણ આવે છે?—કે અર્ધલોકના સ્વામી એવા દેવેન્દ્ર, છ ખંડના સ્વામી ચક્રવર્તી, ચારજ્ઞાનના ધણી ગણધરદેવ આદિ ભવ્યજીવો આ તીર્થની યાત્રા કરવા નીકળેલા તીર્થયાત્રિઓ છે. તેમના માટે ભગવાનની દિવ્યધ્વનિ એવી નીકળે છે કે અરે યાત્રિઓ! તમે આનંદમય છો. અમે અમારા આનંદસરોવરમાં સ્નાન કરીને પવિત્ર થયા છીએ તેમ તમે પણ તમારા નિર્દોષ અતીન્દ્રિય સ્વભાવમાં સ્નાન કરીને પવિત્ર થાઓ! જેને પોતાના આનંદસ્વરૂપમાં દૃષ્ટિ અને અનુભવ કરવાનો ભાવ છે એવા ભવ્ય મનોહરજીવોને તીર્થંકરરૂપી તીર્થની વાણી સુખકારી લાગે છે. ભગવાનની વાણીમાં આવે છે કે પ્રભુ! તમારો આત્મા આનંદથી છલોછલ ભરેલો છે તેમાં જરાય કમી નથી. સોળઆના—પૂરેપૂરો આનંદ ભર્યો પડ્યો છે.......આવી વાણીથી આ તીર્થ શોભાયમાન છે, તેમાં અનેક મુનિજનરૂપી રાજહંસો વસે છે. જેમ હંસ દૂધ અને પાણી ભેગાં મળેલાં હોય તેને ચાંચ અડાડીને જુદાં પાડી દે છે તેમ મુનિજનરૂપી રાજહંસો પુણ્ય—પાપરૂપ પાણી અને અતીન્દ્રિય આનંદરૂપી દૂધને જુદાં પાડી દે છે.

વળી જેમ વનમાં હંસ આદિ અનેક પક્ષીઓના મનોહર અવાજ શોભે છે તેમ તીર્થંકરરૂપી તીર્થની સભામાં મુનિઓ વાહ પ્રભુ વાહ! આદિ અદ્ભુતભાવથી ભરેલા શબ્દો બોલે છે તેનાથી સભા શોભે છે. ચક્રવર્તી, ગણધરદેવ જેવા પણ આ સમવસરણસભામાં બેઠા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હોય છે. મહાવિદેહમાં ભગવાન સીમંધરદેવ અત્યારે બિરાજે છે તે પણ એક તીર્થ છે. સંસારથી તરવા માટે આવા તીર્થંકરભગવંતો જ પરમતીર્થ છે અને દરેકનો આત્મા પણ એવો જ હોવાથી નિશ્ચયથી આત્મા જ તીર્થ છે. બીજા કોઈ ગંગા આદિ લૌકિકમાં તીર્થ કહેવાય છે તે યથાર્થ નથી. શત્રુંજય નદીમાં સ્નાન ન કર્યું હોય તેનો અવતાર નકામો છે એવું કહેવાય છે તે બધું જૂઠું છે. શત્રુંજય નદી તો આ આત્મા છે તેમાં સ્નાન કર ને! પુણ્ય–પાપ વિકાર છે તે આત્માના શત્રુ છે તેના ઉપર જય કરવો તેનું નામ શત્રુંજય છે.

આગળ આવશે કે ગિરનાર, શત્રુંજય, શિખરજી આદિ તીર્થ છે તેની યાત્રાનો શુભભાવ આવે છે ત્યારે જ્ઞાની પણ યાત્રા કરવા જાય છે પણ તે એકલા શુભબંધનું કારણ છે. તેથી, આત્માના દર્શન વિના એકલા આવા શુભભાવથી સંસાર તરાય એવું કદી બનતું નથી. પાંચ–દશ લાખ ખર્ચીને યાત્રા કરવાનો અને કરાવવાનો ભાવ પણ આવે. તે શુભભાવ છે પણ તેનાથી કોઈ એમ માની લે કે જન્મ–મરણનો અભાવ થશે કે સમ્યગ્દર્શન થશે—એ વાતમાં કાંઈ માલ નથી. આપણે પણ શત્રુંજય, ગિરનાર, શિખરજી, બાહુબલીજી વગેરેની યાત્રાઓ બે–બે ત્રણવાર કરી છે પણ તે શુભભાવ છે, ધર્મ નથી. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ વંદેવાસ ગામ છે ત્યાંથી પાંચ મિનિટના રસ્તે પોન્નુરહીલ નામનું ક્ષેત્ર છે કે જ્યાંથી કુંદકુંદઆચાર્ય મહાવિદેહે ગયા હતાં. એ સ્થાનમાં હજાર માણસોના સંઘ સહિત ૭૦ મોટર લઈને આપણે ગયા હતાં. બીજીવાર પણ ત્યાં જઈ આવ્યાં. કુંદકુંદઆચાર્યના પગલાં છે ત્યાં બેસાય એવું મકાન જેવું સોનગઢ સંઘ તરફથી બનાવી દીધું છે. યાદગીરી રહેશે કે અહીં બે વાર સોનગઢનો સંઘ આવ્યો હતો. હજી ત્યાં કાંઈક બનાવવાનો કોઈનો ભાવ છે એમ સાંભળ્યું છે. કુંદકુંદઆચાર્ય ત્યાં ધ્યાનમાં રહેતાં હતાં અને ત્યાંથી સદેહે વિદેહ ગયા હતાં. વિદેહથી આવીને પોન્નુરમાં જ તાડીના વૃક્ષ ઘણા છે તેના સૂકા પત્રો ઉપર આચાર્યદેવે શાસ્ત્રોની રચના કરી હતી. બાજુમાં જ ધવલગિરિ નામનો પહાડ છે ત્યાં ધવલ આદિ ટીકાની રચના થઈ છે. કુંદકુંદઆચાર્યની પહેલાં ગિરનારમાં ધરસેનઆચાર્ય થઈ ગયા કે જેમને કરણાનુયોગ કંઠસ્થ હતો. તેમણે ગિરનારમાં બે મુનિઓને બોલાવીને બધું જ્ઞાન આપ્યું પછી તેની ષટ્ખંડાગમ–ટીકા પોન્નુરમાં લખાણી છે. એ ધવલગિરી ટેકરી ઉપર અત્યારે જૈનનું કોઈ મંદિર નથી, શિવનું છે.

આમ, તીર્થયાત્રાનો ભાવ તો થાય છે પણ તેની મર્યાદા એટલી છે કે તેનાથી શુભભાવ જ થાય, ધર્મ ન થાય. અશુભભાવથી છૂટવા માટે શુભભાવ આવે પણ તેનાથી જન્મ–મરણ છૂટીને કલ્યાણ થાય એવી વાત નથી.

નિશ્ચયનયથી નિજ શુદ્ધાત્માના ધ્યાન જેવું બીજું કોઈ તીર્થ નથી. મૂળપાઠમાં તો એવું લખ્યું છે કે **परमनिश्चयेन तु जिनेश्वरपरमतीर्थसदृशं संसारतरणोपायकारणभूतत्त्वाद्वी तरागनिर्विकल्प-**

www.vitragvani.com



**समाधिरतानां निजशुद्धात्म तत्त्वस्मरणमेव तीर्थ**.......પણ અર્થ બરાબર થયો નથી. જેવું સર્વજ્ઞનું તીર્થ છે એવું જ નિજ આત્માનું તીર્થ છે. નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવું એ જ ખરેખર પરમતીર્થ છે અને વ્યવહારથી સ્વરૂપમાં સ્થિર ન થઈ શકે ત્યારે તીર્થયાત્રા આદિનો ભાવ જ્ઞાનીઓને પણ આવે છે. તીર્થોમાં વીતરાગ સર્વજ્ઞદેવાદિનું સ્મરણ થાય છે જેમ કે ગિરનારની યાત્રા કરતાં અહીં નેમિનાથ ભગવાન બિરાજમાન હતાં, વાસુદેવ અને બળદેવ જેવા તેના ભાઈઓ હતાં એ પણ ભગવાનને વંદન કરતાં હતાં એમ સ્મરણ થાય. શત્રુંજયમાં પાંચપાંડવનું સ્મરણ થાય છે કે અહીં પાંચેય પાંડવ—મુનિઓ ધ્યાન કરતાં હતાં ત્યાં દુર્યોધનના ભાણેજે આવીને મુનિઓને તપાવેલા લોખંડના દાગીના પહેરાવ્યાં હતાં. છતાં ત્રણ મોટા મુનિઓ તો આનંદમાં ઝૂલતાં ઝૂલતાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પામી ગયા. સહદેવ અને નકુલ મુનિને જરાં વિકલ્પ આવી ગયો કે મોટાભાઈઓનું શું થતું હશે? એટલાં વિકલ્પમાત્રમાં સ્વર્ગનું આયુષ્ય બંધાઈ ગયું. દેહ છોડીને સ્વર્ગમાં ગયા, ત્યાંથી મનુષ્યમાં આવીને મોક્ષે જશે.

આવા ગુણોના સ્મરણ માટે તીર્થ છે તે, મુખ્યતાથી શુભબંધનું કારણ છે પણ એ સમયે જેટલી અંતરમાં એકાગ્રતા હોય છે તેટલી જ્ઞાનીને શુદ્ધતા વધે છે અને જેટલી બાહ્યમાં એકાગ્રતા થાય છે એટલો શુભબંધ થાય છે. તીર્થોમાં ભગવાનનું સ્મરણ થવાનું વિશેષ કારણ એ છે કે જ્યાંથી ભગવાનનો દેહ છૂટે છે ત્યાં જ બરાબર ઉપર સિદ્ધાલયમાં સિદ્ધપણે રહે છે. પાંડવો શત્રુંજયથી મોક્ષ ગયા છે તો ત્યાં જ ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે. શિખરજીથી જે જે તીર્થંકરો આદિ નિર્વાણ પામ્યા છે તે ત્યાં જ ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે અને આદિ—અનંતકાળ ત્યાં જ રહેશે. અહાહા! ભગવાન અહીંથી મોક્ષ પામ્યા છે અને અહીં જ આપણાં મસ્તક ઉપર સમશ્રેણીએ બિરાજે છે એવું સ્મરણ તીર્થોમાં થઈ શકે છે. સમશ્રેણી એટલે સીધી લાઈનમાં ત્યાં જ ગમન કરીને ઉપર સિદ્ધાલયમાં સ્થિત થઈ ગયા છે. તેથી જ્ઞાનીઓને પણ વ્યવહારતીર્થમાં આવું સ્મરણ થતું હોવાથી શુભબંધ થાય છે.

ઋષભદેવ ભગવાન કૈલાસપર્વત ઉપરથી મોક્ષ ગયા છે તો ત્યાં ઉપર બિરાજે છે પણ એ ક્ષેત્ર તો બહુ દૂર છે ત્યાં કોઈ જઈ શકે તેમ નથી. ૨૦ તીર્થંકર આદિ મુનિવરો શિખરજીથી મોક્ષ ગયા છે તો ત્યાં ઉપર સમશ્રેણીએ બિરાજે છે. નેમિનાથ ભગવાન ગિરનાર ઉપર બિરાજે છે. એ રીતે તીર્થો ભગવાનના સ્મરણનું નિમિત્ત થાય છે તેથી વ્યવહારતીર્થ છે અને પરમાર્થતીર્થ તો અંદરમાં શુદ્ધતાથી ભરેલો આત્મા છે તેમાં એકાગ્ર થવું એ જ મહાતીર્થ છે.

પોતાના ભગવાન આત્માની પ્રતીતિ, દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તો ન હોય અને બહારમાં તીર્થ-તીર્થમાં ભમે છે તો એવી તીર્થયાત્રાથી અજ્ઞાનીને મુક્તિ થતી નથી. એકલા પરાશ્રયથી મુક્તિ માનનારા અજ્ઞાનીને તીર્થયાત્રાથી કાંઈ આત્મલાભ થતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રોતા :—અહીં શુભભાવના બજારમાં મંદી છે, બીજે તો તેની બહુ તેજી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શુભભાવની જેટલી કિંમત છે તેટલી અપાય છે. સાત તત્ત્વમાં શુભ અને અશુભ બંને ભાવ આસ્રવ તત્ત્વમાં સમાય છે. શુભભાવ મંદ-આસ્રવ છે અને અશુભભાવ તીવ્ર-આસ્રવ છે પણ બંને આસ્રવ જ છે. આવી દૃષ્ટિ નથી અને કલ્યાણના હેતુથી તીર્થમાં ભ્રમણ કરે છે તો આચાર્ય કહે છે કે એ અજ્ઞાની છે.

સમયસારની ૪૫ ગાથામાં આઠેય કર્મને આચાર્યદેવે દુઃખરૂપ કહ્યા છે. ભગવાન કુંદકુંદઆચાર્ય કહે છે કે ભાઈ સાંભળ! તને જે શુભાશુભ કર્મનો બંધ પડે છે તે બધાના ફળમાં દુઃખ જ છે. અનાકુળલક્ષણ સ્વભાવથી વિપરીત હોવાથી શુભાશુભ બંને ભાવ અને તેના ફળ આકુળતાલક્ષણ દુઃખમાં જ સમાવેશ પામે છે. જ્યારે જ્ઞાની, મુનિ આદિની સ્થિરતા સ્વભાવમાં ન હોય ત્યારે દૃષ્ટિ સ્વભાવમાં હોવા છતાં શુભાશુભભાવ આવે છે, ન જ આવે એવું નથી પણ તે બંને ભાવ દુઃખમાં જ સમાવેશ પામે છે. પોતાના આનંદસ્વભાવમાં એ ભાવો સમાવેશ પામતાં નથી. આચાર્યદેવ કહે છે કે સર્વજ્ઞ વીતરાગદેવની દિવ્યધ્વનિમાં આઠેય કર્મને દુઃખદાયક કહેવામાં આવ્યા છે. શુભાશુભ બંને ભાવમાં આત્માનો અતીન્દ્રિય આનંદ બંધનમાં આવી જાય છે માટે દુઃખ જ થાય છે.

જો કે, શુભ અને અશુભભાવ ચૈતન્યની સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ તેઓ આત્માના સ્વભાવ નથી, પુદ્‌ગલકર્મના સ્વભાવ છે. લોકોને આનંદસ્વરૂપ આત્માની રુચિના અભાવે પુણ્ય–પાપની મીઠાશ રુચિમાંથી ખસતી નથી. શુભબંધ તો મીઠા લાગે છે પણ તેની વાત આવે તેમાં પણ ખુશી થાય છે. ભાઈ! અશુભથી બચવા જ્ઞાનીને પણ શુભભાવ તો આવે છે પણ તેને કાંઈ આદરણીય કે મીઠા લાગતાં નથી. જ્ઞાનીને આદરણીય તો એકમાત્ર ભગવાન આત્મા છે.

જીવોને સત્યની પ્રતીતિ થવી બહુ કઠણ લાગે છે. એને નિજસ્વભાવની મહિમા જ આવતી નથી. સ્વભાવથી બાહ્ય જે કાંઈ ભાવ આવે છે તેની જ કિંમત છે.

અહીં તો એટલે સુધી વાત મૂકી દીધી કે તીર્થંકરનો આત્મા જેવો છે એવો જ તારો આત્મા છે. આત્મામાં કાંઈ ફેર નથી. એવા નિજ આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થવું એ તારું તીર્થ છે, બીજું કોઈ તીર્થ નથી. તરવાનો ઉપાય એક આ જ છે.

જ્ઞાનીને સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનરૂપ 'નિશ્ચયની સાથે વચ્ચે વ્યવહાર' આવે છે પણ, 'પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય'—એમ નથી. કારણ કે મોક્ષમાર્ગમાં નિશ્ચયનયની અપેક્ષા સહિત જ વ્યવહાર હોય છે. કેવળ વ્યવહારનો પક્ષ મોક્ષમાર્ગમાં હોઈ શકતો નથી. આત્માની દૃષ્ટિ અને જ્ઞાનની સાથે મંદકષાયરૂપ વ્યવહાર હોય છે. આટલો ખુલાસો તો જયચંદજી પંડિતે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કર્યો છે. નિશ્ચયના ભાન વિના એકલો વ્યવહાર બિલકુલ મોક્ષમાર્ગ કહી શકાતો નથી.

આ ૮૫ ગાથા થઈ. હવે ૮૬મા શું કહે છે? કે જ્ઞાની અને અજ્ઞાની યતિઓમાં બહુ મોટો ભેદ છે. અજ્ઞાનીયતિ સાધુ નામ ધરાવીને શુભાશુભ ક્રિયામાં કલ્યાણ માનીને તેમાં ભટકે છે. જ્યારે જ્ઞાનીયતિ પોતાના સ્વરૂપના શ્રદ્ધા–જ્ઞાન અને રમણતામાં જ પોતાનું કલ્યાણ માને છે માટે બાહ્યથી યતિપણું સમાન દેખાતું હોવા છતાં અંતર્દૃષ્ટિમાં ઉગમણો–આથમણો ફેર છે એટલે પૂર્વ–પશ્ચિમ જેટલો મોટો ફેર છે.

૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા આત્મજ્ઞાની–ધ્યાની વનવાસી મુનિ યોગીન્દુદેવ તીર્થની વ્યાખ્યા કરીને હવે કહે છે કે જ્ઞાની અને અજ્ઞાની મુનિમાં મોટો ફેર છે.

**णाणिहिँ मूढहँ मुणिवरहँ अंतरु होइ महंतु।**
**देहु वि मिल्लइ णाणियउ जीवहँ भिण्णु मुणंतु ॥८६॥**

અર્થ :—સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી અને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિઓમાં ભારે મોટો ફેર છે કેમ કે જ્ઞાની મુનિ તો શરીરને પણ જીવથી જુદો જાણીને છોડી દે છે અર્થાત્ શરીરનું પણ મમત્વ છોડી દે છે તો પછી સ્ત્રી, પુત્રાદિનું શું કહેવું? એ તો પ્રત્યક્ષ જુદા છે અને દ્રવ્યલિંગી મુનિ તો બાહ્યવેષમાં પણ આત્મબુદ્ધિ રાખે છે.

જેને એક રાગના કણની પણ કર્તાબુદ્ધિ નથી, દેહની ક્રિયાની પણ કર્તાબુદ્ધિ નથી તેને ભાવલિંગી મુનિ કહેવાય છે. એ મુનિ તો પોતાની શુદ્ધ આનંદસ્વરૂપની પરિણતિના કર્તા છે અને જ્ઞાતા–દ્રષ્ટા છે. તેથી તેમના આત્મામાં જે શુદ્ધ આનંદનું ચિહ્ન પ્રગટ થયું છે તે ભાવલિંગ છે. જ્યારે સ્વરૂપથી બાહ્ય જેની દૃષ્ટિ છે કે શરીર, વાણી, મનની ક્રિયાથી મને લાભ છે, શુભભાવથી મારું કલ્યાણ છે તે બહિરાત્મા–મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ છે, યથાર્થ સાધુ નથી.

જુઓ! મુનિ પોતાની વાત કરે છે. સમ્યગ્દર્શનપૂર્વક શુભાશુભરાગની દૃષ્ટિ છોડીને સ્વભાવની પવિત્રતા જેને પ્રગટ થઈ છે એવા મુનિને શુભાશુભભાવ આવે તો છે પણ તેના કર્તા નથી, દેહની ક્રિયા પણ થાય છે તે જડથી જ થાય છે, હું તેનો કર્તા નથી. હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિપૂર્વક નિર્મળ અનુભવનું ચિહ્ન પ્રગટ થયું છે તે સ્વરૂપદૃષ્ટિવંત ભાવલિંગી સાધુ છે—સત્સાધુ છે પણ જે દેહની અને રાગની ક્રિયાના કર્તા થાય છે અને અતીન્દ્રિય આનંદનું ચિહ્ન તો જેને પ્રગટ થયું નથી એવા મુનિને ભાવલિંગી મુનિ કહેવાતા નથી. કેમ કે માલ વિનાનો કોથળો શેનો! તેમ, ભાવલિંગ વિના સાચું સાધુપણું કેવું? એ તો માત્ર બાહ્યવેષથી દ્રવ્યલિંગી કહેવાય છે. સાચા મુનિએ તો સ્ત્રી, પુત્ર, પરિવાર, શરીર આદિ બધાનું મમત્વ છોડી દીધું છે તેની વિશેષ વાત આગળ આવશે.

www.vitragvani.com



# ભાવલિંગી અને દ્રવ્યલિંગી મુનિનું અંતર

(સળંગ પ્રવચન નં.–૧૩૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૮૯મી ગાથા ચાલે છે.

આગળની ગાથામાં આવી ગયું કે આત્માના શ્રદ્ધાન–જ્ઞાન વિના એકલા તીર્થભ્રમણથી મોક્ષ થવાનું માને છે એવા ગૃહસ્થ મૂઢ છે. હવે આ ગાથામાં કહે છે કે મુનિઓમાં પણ સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી મુનિ અને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિમાં બહુ અંતર છે.

જરા સૂક્ષ્મ વાત છે. મૂળ તો ભેદજ્ઞાનની વાત કરવી છે. સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી મુનિ એટલે જેણે પુણ્ય–પાપથી ભિન્ન પોતાના આત્માનું ભાન કર્યું હોય અને સ્વરૂપમાં વિશેષ લીન થયા હોય એવા નગ્ન દિગંબર મુનિને ભાવલિંગી મુનિ કહેવાય છે અને જેણે નગ્નપણું તો ગ્રહણ કર્યું છે, પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ ક્રિયાનું પાલન કરે છે પણ તેનાથી ભિન્ન એવા પોતાના આત્માનું ભાન નથી તેને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ કહેવાય છે. આમ, બંને બાહ્યથી તો મુનિલિંગધારી હોવા છતાં અંતરંગદશામાં બહુ મોટો ફેર છે.

જે દેહની ક્રિયા અને મહાવ્રતાદિ શુભરાગની ક્રિયાને જ પોતાનું સ્વરૂપ માને છે તેવા દ્રવ્યલિંગી મુનિને તો નિજસ્વરૂપનું જ્ઞાન નથી જ્યારે જ્ઞાની–ભાવલિંગી મુનિ તો શરીરને પણ જીવથી જુદું જાણીને તેનું મમત્વ છોડી દે છે. કેમ કે આ દેહની જે કાંઈ અવસ્થા થાય છે તે પરમાણુની અવસ્થા છે, જીવની નથી. તેથી જ્ઞાની દેહની ક્રિયા મારાથી થાય છે એમ માનતાં નથી. હું ચાલું છું, હું બોલું છું, હું લખું છું–એવી માન્યતા જ્ઞાનીને હોતી નથી. હું પરજીવોની દયા પાળું છું એવી દૃષ્ટિ પણ ધર્મીને શ્રદ્ધામાંથી છૂટી ગઈ છે. આમ, જ્ઞાનીમુનિને જ્યાં શરીરની જ મમતા છૂટી ગઈ છે તો સ્ત્રી, પુત્રાદિની મમતા તો હોતી જ નથી કેમ કે એ તો પ્રત્યક્ષ જુદા છે.

દ્રવ્યલિંગી મુનિ તો લિંગમાં પણ આત્મબુદ્ધિ કરે છે. સાધુપણું તો લીધું, પંચમહાવ્રત પાળ્યાં તેમાં જ આત્મબુદ્ધિ કરે છે કે આ જ હું છું–આ જ મારું સ્વરૂપ છે અને આ જ મારું કર્તવ્ય છે. જેમ, અજ્ઞાની ગૃહસ્થાશ્રમમાં શરીરાદિની ક્રિયા અને તીર્થયાત્રાદિને પોતાની ક્રિયા માનીને મિથ્યાત્વ સેવે છે તેમ, આ દ્રવ્યલિંગી મુનિ થઈને પણ એ જ શરીર અને તેની ક્રિયામાં મમત્વ કરીને મિથ્યાત્વને સેવે છે. પંચમહાવ્રત અને ૨૮ મૂળગુણપાલનનો ભાવ શુભરાગ છે તેની મમતા સમ્યગ્દૃષ્ટિ મુનિ છોડી દે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં મુનિનું સ્વરૂપ બતાવીને સાત તત્ત્વમાં સંવર–નિર્જરાનું સ્વરૂપ કેવું હોય તેનું જ્ઞાન કરાવે છે. મુનિરાજ પોતાના ચારિત્રમાં લીન હોય છે. મુનિને ભૂમિકા અનુસાર શુભરાગ આવતો હોવા છતાં તેનું સ્વામિત્વ થતું નથી. જો મુનિ રાગના સ્વામી થાય છે તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

શ્રોતા :—તો પછી દ્રવ્યલિંગી મુનિના ઉપદેશમાં પણ ફેર ન હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ફેર હોય, વાસ્તવિક ન હોય. ઉપરથી બરાબર લાગે પણ ઊંડે ઊંડે ફેર હોય. શરીરાદિની ક્રિયા અને શુભરાગથી ધર્મ થાય છે એવો અભિપ્રાય તેને અંતરમાં ઊંડે ઊંડે પડ્યો હોય છે. તે બહારથી તેના લક્ષણથી ઉપરથી પણ દેખાય છે. શરીરની પ્રવૃત્તિથી અમે નિવર્ત્યા છીએ માટે અમને નિવૃત્તિ મળી છે એમ અંદરમાં જડના સ્વામીપણાની બુદ્ધિ પડી હોય છે.

ભાવાર્થ :—વીતરાગસ્વસંવેદનજ્ઞાની મહામુનિ મન, વચન, કાય આ ત્રણેયથી પોતાને ભિન્ન જાણે છે, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિથી જેને મમતા નથી, પિતા–માતા–પુત્ર–કલત્રાદિથી ભિન્નતા માને જ છે પણ પોતાના આત્મસ્વભાવથી આ દેહ પણ જુદો છે એમ જાણે છે. જેને પરવસ્તુમાં આત્મભાવ નથી. મૂઢજીવો તો પરભાવોને પોતાના માને છે. આ જ જ્ઞાની અને અજ્ઞાનીમાં અંતર છે. પરને પોતાના માને તે બંધાય છે અને ન માને તે મુક્ત થાય છે. આમ, નિશ્ચયથી સમજવું.

આગળની ગાથામાં સમ્યગ્દૃષ્ટિની વાત કરી હતી. અહીં મુનિની વાત કરે છે. વીતરાગસ્વસંવેદનજ્ઞાની મુનિને આત્માનું પ્રગટ વેદન હોય છે. સમ્યગ્દૃષ્ટિને તો અલ્પ આનંદ આવે છે પણ મુનિને તો અતીન્દ્રિય આનંદનું ઉગ્ર ઉગ્ર વેદન આવે છે તેને જ મુનિપણું કહેવાય છે. કુંદકુંદઆચાર્યે સમયસારની પાંચમી ગાથામાં આ જ વેદનને 'પ્રચુરસ્વસંવેદન' કહીને કહ્યું છે કે અમને અર્હંત પરમાત્માથી લઈને અમારા પરમગુરુ કે જે નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતરનિમગ્ન હતાં એવા દેવ–ગુરુએ અમને અમારો વૈભવ બતાવ્યો છે તે અમે અમારા અનુભવથી તમને કહીશું. જુઓ પાંચમી ગાથા છે. જે વિજ્ઞાનઘનમાં લીન છે તેનું જ નામ સર્વજ્ઞ અને તેનું જ નામ આચાર્ય અને મુનિ છે. આવા ગુરુઓ એ અમારા ઉપર કૃપા કરીને શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો છે કે તારો આત્મા શુભાશુભરાગના મેલથી ભિન્ન છે–શુદ્ધાત્મા છે–પરમાત્મા છો. દેહથી ભિન્ન છો. આવા આત્માનો અનુભવ કરતાં અમને પણ નિરંતર ઝરતો, આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ એ જ જેની મ્હોરછાપ છે એવું પ્રચુર સ્વસંવેદન પ્રાપ્ત થયું છે તેનાથી અમારા અનુભવનો જન્મ છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને ગૃહસ્થાશ્રમમાં આનંદનું વેદન અલ્પ છે પણ મુનિદશામાં તો પ્રચુર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એટલે ઉગ્ર અને ઘણાં જ આનંદનું વેદન અમને થાય છે. આનંદના ઉભરા આવે છે.

મુનિપણું આવું પ્રચુર સ્વસંવેદનમય હોય છે એવું સર્વજ્ઞદેવે કહ્યું હતું અને એવું જ અમને વેદનમાં આવે છે. ભગવાને તો વાણીમાં ૧૨ અંગ—ચૌદ પૂર્વ કહ્યા હતાં તેમાં સારભૂત તો શુદ્ધાત્મા જ કહ્યો હતો. સર્વજ્ઞથી લઈને અમારા ગુરુપર્યંત બધાંએ શુદ્ધાત્માનો જ ઉપદેશ અનુગ્રહપૂર્વક આપ્યો છે. અમે પાત્ર હતા માટે ઉપદેશ આપ્યો એમ નથી કહેતાં પણ આચાર્યદેવ કહે છે—અમારા ઉપર અનુગ્રહ કરીને ઉપદેશ આપ્યો તેનાથી અમારાં વૈભવનો જન્મ થયો છે.

આ પાંચમી ગાથા વાંચી છે કે નહિ? 'પ્રચુર' શબ્દ ઉપરથી આ વાત આવી. સમ્યગ્દૃષ્ટિ ૮ વર્ષની કન્યા હો તેને પણ સ્વસંવેદન હોય છે પણ મુનિને તો 'પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન' હોય છે એવું વિશેષણ આપ્યું છે. મુનિ પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ બધું પાળે છે પણ તેનાથી અમારું મુનિપણું છે એમ નથી કહેતા. કારણ કે મુનિ જાણે છે કે આ તો રાગ છે, ધર્મ નથી, ચારિત્ર નથી માટે તેનાથી મોક્ષમાર્ગ નથી. આ બે હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા કુંદકુંદાચાર્ય કહે છે કે 'ભાઈ! તું શુદ્ધાત્મા છો, તું પવિત્ર છો. તારી ભૂમિમાં જે વિકલ્પ ઊઠે છે તે તારી ચીજ નથી.' એવો ભગવાનનો ઉપદેશ અમને એટલો અંદરમાં અસર કરી ગયો કે અમે અંદરમાં ઉતરી ગયા.

મુનિરાજ કહે છે કે પ્રચુર સ્વસંવેદનથી ઉપજેલો આ અમારો વૈભવ છે તે દ્વારા અમે તને શુદ્ધાત્માનું સ્વરૂપ કહેશું. દુનિયા કહે છે કે આ મકાન, દુકાન, પૈસા, સ્ત્રી, પુત્ર આદિ અમારો વૈભવ છે એ તો બધો ધૂળનો વૈભવ છે, એ વૈભવ જીવને કાંઈ કામનો નથી. નાટકસમયસારમાં તો આ બહુ કડક ભાષાથી કહ્યું છે કે તું આત્મા છો એ તને ખબર નથી? આત્માને પૈસાના વૈભવ શું કામના છે? સમ્યગ્દૃષ્ટિને એ બાહ્યવૈભવમાં મારાપણું થતું નથી. એને તો એમ થાય છે કે અરે! એક રજકણ પણ મારું નથી હું એને શું કરું? આ મારામાં રાગ ઉઠે તે પણ મારી ચીજ નથી. હું તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું.

આહાહા! કુંદકુંદાચાર્યે તો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટ-પાહુડ આદિમાં ભગવાનની વાણીનું આખું રહસ્ય ભરી દીધું છે. એક એક અક્ષરમાં અમૂલ્ય ચીજ છે. જંગલમાં રહીને આવા કામ કર્યાં છે.

મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ તો આનંદમય આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિ વિના દેહમય-લિંગમાં જ આત્મબુદ્ધિ રાખીને દેહની ક્રિયાને જ પોતાનું કર્તવ્ય માને છે. જ્યારે વીતરાગ-સ્વસંવેદનધારી મહામુનિ તો મન—વચન—કાયા ત્રણેયથી પોતાને ભિન્ન જાણે છે. જ્ઞાનાનંદ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સહજાનંદપ્રભુને જ ઉગ્રપણે અનુભવમાં લે છે. આઠ કર્મને પણ જ્ઞાની કે મુનિ કોઈ મારાપણે માનતાં નથી. કેમ કે આઠ કર્મ તો જડ છે તે મારા કેમ હોય? જે મારામાં છે તે પરમાં નથી અને જે પરમાં છે તે મારામાં નથી.

'ભાવકર્મ' કે જે દયા—દાન—વ્રત—ભક્તિનો શુભરાગ છે તેને પણ સમ્યગ્દષ્ટિ કે મુનિ કોઈ પોતાના માનતાં નથી.

'નોકર્મ' એટલે શરીર, વાણી આદિ સંયોગ એ પણ મારો નથી. લોકોને સત્ય વાત સમજવામાં આવી નથી તેથી કઠણ તો લાગે પણ શું થાય! અનંતકાળથી અભ્યાસ ઊંધો છે અને આ વાત સાંભળવામાં આવે તેથી કઠણ લાગે. ખરેખર આ આત્મા શરીરથી, વાણીથી, જડકર્મોથી, મનમાં જે વિકારીભાવ ઉઠે છે તેનાથી જુદી જાતની વસ્તુ છે. તેથી જ ધર્મીને અને મુનિને તેની જરાય મમતા નથી.

માણસ વિચાર કરે તો તેને બધું સમજાય તેમ છે કે વસ્તુસ્વરૂપ શું છે? હમણાં જામનગર વીરજીભાઈની તબિયત જોવા ગયા હતાં ત્યારે ત્યાં એક વકીલ આવ્યા હતા તે કહેતાં હતા કે 'આત્મા છે' એ અમને બેસતું નથી. કાલે એ વકીલનું કવર આવ્યું છે કે આપનું વ્યાખ્યાન સાંભળીને મારું તો કલ્યાણ થઈ ગયું. વીરજીભાઈ માટે તમે આવ્યા પણ અમારી ઉપર અનંત ઉપકાર થઈ ગયો. અમે તો કેટલું ઊંધું માનતાં હતા. રામજીભાઈ વકીલની સાક્ષીએ અમારા જ્ઞાનને આપે કુજ્ઞાન ઠરાવ્યું તે બરાબર છે. મેં તો કુટિલતા જ કરી છે. મારી એકેય વાત સાચી નથી. હવે આપ ફરી અહીં આવો! આ ગામમાં આપને સમજનારા નથી એમ ન માનશો, સમજનારા છે. એમ બહુ પ્રેમથી પત્ર લખ્યો છે.

જ્ઞાની, મુનિ પોતાના શુદ્ધ આત્મસ્વભાવના ભાનપૂર્વક દેહને ભિન્ન જાણે છે માટે તે યથાર્થ ભિન્નતા છે. આત્માના ભાન વગર દેહ જુદો છે—જુદો છે એમ કહે છે તેને યથાર્થ ભિન્નતા ભાસી નથી. ભાવલિંગી મુનિરાજને ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ છે તે ભાવકર્મ છે તેનાથી પણ મુનિ પોતાને ભિન્ન જાણે છે. મુનિરાજને કોઈ પરવસ્તુ અને વિકારમાં આત્મભાવ થતો નથી. 'હું છું ત્યાં વિકાર નથી અને વિકાર છે ત્યાં હું નથી.' ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ પણ રાગને ભિન્ન જાણે છે પણ મુનિને તો સ્થિરતા પણ એકદમ વધી ગઈ છે. અતીન્દ્રિય આત્મભાવમાં મુનિરાજ મગ્ન છે.

અજ્ઞાની—મૂઢાત્મા પરભાવોને પોતાના જાણે છે. પોતાના જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્ય-સ્વભાવને છોડીને મૂઢ શરીરને અને રાગને જ પોતાના માને છે અને જ્ઞાની—ભાવલિંગીમુનિ સ્વભાવ સિવાય કોઈને પોતાનો માનતાં નથી. આ જ જ્ઞાની—અજ્ઞાનીનો મોટો ફેર છે. બહારથી એ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ફેર ન દેખાય પણ અંદરમાં શ્રદ્ધા–જ્ઞાન અને શાંતિમાં મોટો ફેર છે.

ટૂંકામાં, પરને પોતાના માને છે તે બંધાય છે અને ન માને તે મુક્ત થાય છે. આ નિશ્ચયથી જાણવું. શરીર અજીવતત્ત્વ છે અને શુભાશુભભાવ આસ્રવતત્ત્વ છે તેને જીવ પોતાના માને છે તેથી બંધાય છે. જો તે પોતાના શુદ્ધસ્વરૂપને જાણીને, અજીવ અને આસ્રવતત્ત્વમાં મમત્વ કરતો નથી તો બંધાતો નથી પણ મુક્ત થાય છે. પછી કદી બંધન થતું નથી. આ વાતનો બરાબર નિર્ણય કરવો. ધજાની પૂછડી જેવો ડામાડોળ નિર્ણય ન રાખવો.

આ રીતે એકતાલીસ દોહાના મહાસ્થલમાં મધ્યના પંદર દોહામાં વીતરાગ-સ્વ-સંવેદનજ્ઞાનની મુખ્યતાથી બીજો અંતરસ્થલ સમાપ્ત થયો.

હવે પરિગ્રહત્યાગના વ્યાખ્યાનને આઠ દોહામાં કહે છે. આચાર્યદેવ ભિન્ન ભિન્ન રીતે કથન કરીને મૂળ તો પરમાત્માનો પ્રકાશ કરે છે.

**लेणहँ इच्छइ मूढु पर भुवणु वि एहु असेसु।**
**बहु विह धम्म–मिसेण जिय दोहिँ वि एहु विसेसु॥८७॥**

અર્થ :—જ્ઞાની અને અજ્ઞાની બંનેમાં એટલો જ ભેદ છે કે અજ્ઞાનીજન અનેક પ્રકારે ધર્મના બહાનાથી આ સમસ્ત જગતને જ નિયમથી લેવાની ઈચ્છા કરે છે અર્થાત્ આખા સંસારને લેવાની ઈચ્છા કરે છે, તપશ્ચરણ આદિ કાયક્લેશથી સ્વર્ગાદિના સુખોને ચાહે છે અને જ્ઞાનીજન કર્મોના ક્ષય માટે તપશ્ચરણાદિ કરે છે, ભોગોની અભિલાષા નથી.

અજ્ઞાની ધર્મના બહાને નિયમથી જગતના પદાર્થોને અને માન આદિને લેવા જ માંગે છે. દુનિયા મને મોટો માને, મારી કીર્તિ થાય, આબરૂ વધે એવી અપેક્ષા જગત પાસે રાખે છે એ રીતે, ધર્મના બહાને અભિપ્રાયમાં આખા જગતની અભિલાષા કરે છે. જ્યારે ધર્મીને તો ધર્મપ્રાપ્તિથી એટલી તૃપ્તિ છે કે તેને પરમાંથી કાંઈ જોઈતું નથી.

**धम्म–मिसेण** એટલે ધર્મના બહાને....નગ્ન દિગંબર વેષ ધરેલે જોઈને કે બ્રહ્મચારી જોઈને, ત્યાગી જોઈને દુનિયા મને કાંઈ આપે એવી અભિલાષા અજ્ઞાનીને રહેતી હોય છે. શાસ્ત્ર ભણી અને ભણાવીને પણ દુનિયા પાસેથી કાંઈક લાભ લેવાનો ભાવ રહે છે. અમે બ્રહ્મચર્ય પાળીએ છીએ, દયા પાળીએ છીએ માટે તમે અમને સાધન આપો, અમારી ભક્તિ કરવી એ તમારું કામ છે એમ કરીને અજ્ઞાની ધર્મના બહાને જગત પાસે અભિલાષા કરે છે. જ્યારે જ્ઞાનીને જગત પાસે કોઈ અભિલાષા નથી. જ્ઞાની તો પોતાના શ્રદ્ધા–જ્ઞાનમાં આત્મા લીધો છે તેમાં જ એકાગ્રતા કરે છે.

જેને પરમાનંદમૂર્તિ શુદ્ધાત્મા અનુભવમાં આવ્યો નથી, શ્રદ્ધામાં આવ્યો નથી અને દેહાદિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તથા રાગાદિમાં એકતાબુદ્ધિ પડી છે તે આખા જગતને લેવાની જ ભાવના કરે છે. આખા જગતનો હું જાણનાર—દેખનાર છું એમ શ્રદ્ધામાં લેતો નથી, તેની ભાવના પણ નથી અને ધર્મનો દાવો કરીને દુનિયા પાસે પૂજા અને માન લેવા માગે છે, અનેક પ્રકારે ઈચ્છાઓ દ્વારા એ આખા જગતને લેવા માગે છે. પોતાનો આત્મા તો દૃષ્ટિમાં આવ્યો નથી એટલે દયા—દાન—ત્યાગ આદિનો દેખાવ કરીને આખી દુનિયામાં મારી પ્રસિદ્ધિ થાઓ, હું બીજાથી મોટો ગણાવું એવી અભિલાષા કરે છે. જો એવો અભિપ્રાય ન હોય તો એને આત્મામાંથી જ્ઞાનાનંદ લેવાની ભાવના હોવી જોઈએ. દુનિયા પાસેથી કાંઈ લેવાની ઈચ્છા ન હોવી જોઈએ. દુનિયા પાસે મારી ચીજ ક્યાં છે કે દુનિયા મને આપે!

પોતાના આત્માનો આનંદ જેને આવ્યો તેની દુનિયા પ્રશંસા કરે તો શું એ આનંદ વધી જાય છે! અને પ્રશંસા ન કરે તો શું એ આનંદ ઘટી જાય છે. પોતાનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું છે તેથી જ્ઞાનીને પરમાંથી કાંઈ લેવાની ભાવના રહી નથી. પરમાં મારું કાંઈ છે જ નહિ, મારું બધું મારી પાસે જ છે.

જેને આત્મામાં જ્ઞાનાનંદનું ભાન નથી તેને શુભભાવ પાછળ આખા 'ભુવન' એટલે જગતની ઈચ્છા પડી છે. પુણ્યની ઈચ્છા છે તેને જડની ઈચ્છા છે અને જડની ઈચ્છા એટલે આખા જગતની ઈચ્છા રહેલી છે. કેમ કે રાગથી ભિન્ન પોતાના આત્મામાં શાંતિ પડી છે તે તો દૃષ્ટિમાં આવી નથી તેથી શાંતિ મારામાં છે એવું ભાન નહિ હોવાથી પરમાંથી શાંતિ લેવાની ભાવનામાં જીવન ગુમાવી દે છે. શેઠિયાઓને હું રાજી કરી દઉં તો એ રાજી થઈને બધું આપશે. એ બધી અજ્ઞાનીની ભ્રમણા છે. ભાઈ! તારે પરમાંથી શું લેવું છે? કોઈ રાજી થાય કે ન થાય તેથી તને શું છે?

કડકભાષા લીધી છે. કાં તો જ્ઞાતા—દ્રષ્ટાની ભાવના હોય અને એ ન હોય તો આખા જગતને લેવાની ભાવના પડી છે. એક તરફ રામ છે તો બીજી તરફ ગામ છે. બે જ વાત લીધી છે. અંદરના ઊંડાણમાં જેને રાગની અભિલાષા છે તેને આખા જગતને લેવાની અભિલાષા પડી છે. જંગલમાં વસનારા સંત યોગીન્દુદેવ આ વાત જગતને પ્રસિદ્ધ કરે છે. શુભરાગની અભિલાષા છે તેને રાગના ફળમાં શુભબંધ થાય અને તેના ફળમાં જગતની અનુકૂળતા મળે એવી ઈચ્છા પડી છે. અર્થાત્ સંસારના બધાં ભોગો ભોગવવાની તેને અભિલાષા પડી છે એમ કહે છે.

બંધ અધિકારમાં જે શૈલી લીધી હતી એવી શૈલીથી આ વાત કરી છે. શુભભાવને સાધે છે તે અભૂતાર્થધર્મને સાધે છે. દયા—દાનને સેવીને આખા જગતની અભિલાષા રાખે છે. મુનિપણું લઈને, કાયક્લેશ આદિ તપશ્ચરણ કરીને સ્વર્ગાદિના સુખને ચાહે છે. કેમ કે અંદરમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અતીન્દ્રિય આનંદસ્વરૂપનું તો જ્ઞાન નથી. તેથી પરીષહ આદિ સહતો હોવા છતાં ભાવના અનુકૂળતાની રહે છે. સગવડતાની ભાવના રહે છે તેને સ્વર્ગના સુખની જ ચાહના પડી છે. ખરેખર સગવડતા અંતરમાં છે કે બહારમાં છે તેનું એને જ્ઞાન નથી.

જ્ઞાનીજન કર્મોના ક્ષય માટે તપશ્ચરણ આદિ કરે છે. જ્ઞાની મુનિદશામાં અતીન્દ્રિય આનંદના ભોગવટાની સાથે તપ પણ કરે છે. એક એક માસના ઉપવાસ આદિ પણ ગ્રહણ કરે છે, પંચ મહાવ્રત પણ પાળે છે પણ તેની પાછળ જ્ઞાની મુનિને ભોગોની અભિલાષા બિલકુલ નથી, રાગની અભિલાષા બિલકુલ નથી. અંતરમાં એકમાત્ર અતીન્દ્રિય આનંદ અને શાંતિની ભાવના છે.

ભાવાર્થ :—વીતરાગ સહજાનંદ અખંડસુખના આસ્વાદરૂપ જે શુદ્ધાત્મા તે જ આરાધવાયોગ્ય છે. એવી જે રુચિ તે સમ્યગ્દર્શન, સમસ્ત મિથ્યાત્વ રાગાદિ આસ્રવથી ભિન્નરૂપ જે પરમાત્માનું જ્ઞાન—તે સમ્યગ્જ્ઞાન અને તેમાં જ નિશ્ચલ ચિત્તની વૃત્તિ તે સમ્યક્ચારિત્ર છે.

ભગવાન આત્મા એકલા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. જેવો આનંદ સિદ્ધને છે તેવો જ આનંદ આ આત્મામાં છે. તે અતીન્દ્રિય સહજ અને અખંડસુખનો આસ્વાદ લેવો—સ્વાદ ચાખવો તે એક જ આરાધવાયોગ્ય છે. જેમ મીઠાની કણીમાં એકલી ખારાશ ભરી છે તેમ, આત્મામાં એકલો આનંદ ભર્યો છે.

જેમ, અબરખના પતલા પતલા પડ હોય છે, પરદેશના ઝીણા કપડામાં પણ એટલાં પતલા કપડાં આવે છે કે એક કપડું દેખાતું હોય પણ ખોલો તો તેમાંથી બે–ત્રણ પડ નીકળે તેમ સિદ્ધભગવાનને સમયે સમયે અતીન્દ્રિય આનંદના પડ નીકળે છે એવા જ આનંદના પડ આ આત્મામાં પણ રહેલાં છે. પણ અજ્ઞાનીને પોતાના આવા આત્મસ્વરૂપની કદી ખબર નથી તેથી આચાર્યદેવ તેને પરમાત્માની ઉપમા આપીને સમજાવે છે કે સિદ્ધભગવાનને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવા અનંતચતુષ્ટય પ્રગટ થયા છે ને! આદિ અનંતકાળ એમ જ પ્રગટ થયા કરશે ને! તો એ ક્યાંથી આવે છે? અંદર આત્મામાં અનંતચતુષ્ટય પ્રગટ થવાની શક્તિ પડી જ છે તેમાંથી એક એક પડ નીકળે તેમ પર્યાયોનો પ્રવાહ આવ્યા જ કરે છે—આવ્યા જ કરે છે.

સિદ્ધ ભગવાન જેવા નિજ આત્માનો આનંદસ્વાદ જ આરાધવાયોગ્ય છે એવી જેને રુચિ થઈ છે તે સમ્યગ્દર્શન છે. આત્મામાં એવી શક્તિનો સમૂહ છે કે તેમાંથી અનંત આનંદ નીકળ્યા જ કરે. આવા આત્માની રુચિ થવી તે સમ્યગ્દર્શન છે. આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સ્વચ્છતા, સ્વસંવેદનતા જેવી અનંત શક્તિઓ અખંડ અભેદ એકરૂપે ભરપૂર ભરેલી છે તેનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ખ્યાલ આવતાં પર્યાયમાં જે આનંદ વેદનમાં આવે છે તે જ આત્મા છે. તે જ આરાધવાયોગ્ય છે. એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. એકલા દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી. સાત તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા કરે છે એ પણ રાગ છે તે આત્મા નથી.

જેમ, ઘણાં વર્ષે દીકરો પરદેશથી આવ્યો હોય તોપણ તેના લક્ષણ ઉપરથી પુત્રને ઓળખી લે છે, સુકોશલ મુનિને વાઘણ થયેલી તેની મા ઓળખી જાય છે તેમ આત્મા તેના લક્ષણ ઉપરથી બરાબર ઓળખાય જાય તેવો છે. અરે! તિર્યંચને પણ આત્માનો અનુભવ થાય છે ને! મહાવીરભગવાનને પૂર્વે દસમાં ભવે સિંહની પર્યાયમાં માંસ ખાઈ રહ્યો હતો એ સમયે ઉપરથી બે મુનિરાજ તેની સમીપ પધારે છે એ જોઈને સિંહને જાતિસ્મરણ થાય છે. અરે! બીજા મનુષ્યો તો મારાથી ડરે છે અને આ બે મુનિઓ ઉપર જતાં હતાં ત્યાંથી અહીં મારી પાસે આવ્યા! અને ઉપદેશ આપે છે કે અરે સિંહ! દસમા ભવે તો તું તીર્થંકર થવાનો છે અને આ શું! અમે સર્વજ્ઞ પાસે સાંભળ્યું છે કે તારો આત્મા જગત્‌ગુરુ તીર્થંકર મહાવીર થવાનો છે.......તરત જ સિંહને આંખમાંથી આંસુ જાય છે, પરિણામ પલ્ટી જાય છે, સમ્યગ્દર્શન પામે છે અને સમાધિમરણ કરે છે. માંસ ખાતો હતો પણ એ પણ આત્મા છે ને! આપણે અહીં ઉપર દીવાલમાં ચિત્ર છે જુઓ! સિંહની આંખમાંથી આંસુ જાય છે. નિજ પરમાત્માનું સેવન કરીને સમ્યક્‌ત્વ પામે છે. માટે જેમાં અતીન્દ્રિય સુખ ભર્યું છે એવા આત્માનું સેવન કરવું. જેમાં દુઃખ છે એવા શુભાશુભરાગનું સેવન ન કરવું.

આમ, શુદ્ધાત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે. તેના વિના જ્ઞાન કે ચારિત્ર કાંઈ સાચાં નથી. જૂઠાં જ્ઞાન અને ચારિત્રથી આત્માને કાંઈ લાભ થતો નથી.

પાપભાવમાં મજા છે, પુણ્યથી ધર્મ થાય છે, સંયોગોથી મને સુખ છે એવી બધી મિથ્યાભ્રાંતિઓ છોડીને, રાગાદિ આસ્રવથી પણ ભિન્ન નિજ પરમાત્માનું શ્રદ્ધાન કરીને તે જ આત્માનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે અને આ જ ભગવાન આત્મામાં જ્ઞાનની પરિણતિને નિશ્ચલ સ્થિર કરવી તે ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રથી જ જીવનો મોક્ષ થાય છે. બીજા કોઈ ઉપાયથી મોક્ષ થતો નથી.

❀ ❀ ❀

www.vitragvani.com



# જ્ઞાનીને પરિગ્રહથી લજ્જા આવે છે

(સળંગ પ્રવચન નં.–૧૩૧)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૮૭મી ગાથામાં પરિગ્રહ ત્યાગની વાત ચાલે છે.

હવે આ પરિગ્રહ ત્યાગના વ્યાખ્યાનને આઠ દોહામાં કહે છે. પરિગ્રહ કોને કહેવો? —આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે તે સિવાય શુભાશુભભાવને પણ આત્માનો સ્વભાવ માનવો તે મિથ્યાત્વ નામનો પરિગ્રહ છે.

સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ પરિગ્રહ તો છૂટી ગયો છે તેથી આત્માને કેવો માને છે? કે વીતરાગ સહજ અખંડાનંદ સુખના આસ્વાદરૂપ જે શુદ્ધાત્મા તે જ આરાધવાયોગ્ય છે—એવી જે રુચિ તે સમ્યક્દર્શન છે. સમ્યગ્દર્શનધારી સમ્યગ્દષ્ટિ શુભાશુભભાવને આત્માનું સ્વરૂપ માનતાં નથી. શરીર આદિની ક્રિયા મારી છે એવી મિથ્યાબુદ્ધિ પણ સમ્યગ્દષ્ટિને છૂટી ગઈ છે. તેથી સમ્યગ્દષ્ટિ—જ્ઞાનીને મિથ્યાત્વનો પરિગ્રહ નથી.

ભાવાર્થ :—વીતરાગ સહજાનંદ રાગરહિત સ્વાભાવિક અખંડ એક સુખરૂપ આત્માનાં આસ્વાદરૂપ જે શુદ્ધાત્મા છે તે એક જ મારે આરાધવાયોગ્ય છે એવી રુચિને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપના ભાવ, બંધન અને તેના ફળની—ત્રણેયની રુચિ છૂટી જાય છે. જુઓ! આ પ્રથમ શરૂઆતની વાત છે. સમ્યગ્દષ્ટિને શુદ્ધ આનંદસ્વરૂપ આત્માની પક્કડ થઈ ગઈ છે. એ જ એનો પરિગ્રહ છે. પરિગ્રહ એટલે 'સમસ્ત પ્રકારે પકડવું'. ધર્મીને સમસ્ત પ્રકારે ચૈતન્યની પક્કડ છે માટે તેનો એને પરિગ્રહ છે.

અનાદિથી જીવને શુભાશુભભાવ, પુણ્ય-પાપનું બંધન અને તેના ફળમાં જ એકત્વબુદ્ધિની પક્કડ હતી તે છૂટીને સમ્યગ્દષ્ટિને સ્વ શુદ્ધાત્માની રુચિરૂપ પક્કડ થઈ ગઈ છે, માટે સમ્યગ્દષ્ટિને પોતાના આત્માનો જ પરિગ્રહ છે અન્ય પરિગ્રહ નથી—પક્કડ નથી. 'પરિ' એટલે સમસ્ત પ્રકારે એક નિજશુદ્ધાત્મા જ સેવવા લાયક છે—એવી પક્કડ થઈ છે તે જ પરિગ્રહ છે.

હવે સમ્યગ્જ્ઞાનની વાત કરે છે કે શુભાશુભભાવોનું જ્ઞાન, લૌકિકજ્ઞાન, શરીરનું જ્ઞાન, ભ્રમણા આદિ તરફનું જ્ઞાન છોડીને શુદ્ધાત્મા—જે પોતાનો ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ ભગવાન—તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. એ જ મુક્તિનો મારગ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હવે સમ્યક્ચારિત્ર કોને કહેવું?—કે શુદ્ધાત્મામાં નિશ્ચલ ચિત્તવૃત્તિ તે સમ્યક્ચારિત્ર છે. ભગવાન આત્મામાં શુભાશુભરાગનો ત્યાગ છે તેમાં જ્ઞાનને સ્થિર કરવું તેને ભગવાન ચારિત્ર કહે છે. દેહની ક્રિયા કરવી તે ચારિત્ર નથી. તેમ જ અંતરમાં પંચમહાવ્રતાદિનો રાગ આવે છે તે પણ ચારિત્ર નથી. **रागादि परिहाररूपेण**....રાગાદિના ત્યાગરૂપ આત્મરમણતા—સ્થિરતા તેને સાચું ચારિત્ર કહે છે.

લોકો તો એને રાગનો ત્યાગ કરાવો....વ્રતાદિ ગ્રહણ કરાવો....સદાચરણ કરાવો.... એવા રાગની જ વાતો કર્યા કરે છે. અરે! એને શુભભાવ તો છે જ. અનંતકાળે માંડ કરીને મનુષ્યદેહ મળ્યો છે તેમાં રાગની મંદતા કરાવો, શુભાચરણ કરાવો, ત્યાગ કરાવો એમાં જ કાળ કાઢવો છે? શું એનામાં સત્ય ગ્રહણ કરવાની યોગ્યતા નથી? અનંતકાળમાં ન કર્યું હોય એવું અપૂર્વ કાર્ય તો એક નિજ ચૈતન્ય તરફ લક્ષ કરવું તે છે. તે નહિ કરે તો દેહ તો ક્ષણમાં છૂટી જશે અને પરભવમાં જવું પડશે. તો આત્માનું લક્ષ ક્યારે કરશે? માંસ ન ખાવું, દારૂ ન પીવો, મધ ન ખાવું એવો ઉપદેશ દેનારા તો બીજાં ઘણાં છે એ કાંઈ નવું નથી; એ તો શ્રુત, પરિચિત અને અનુભૂત છે. એક ચૈતન્યમૂર્તિ રાગથી રહિત ભગવાન આત્માનો આશ્રય લેવાની મારે જરૂર છે એવો નિર્ણય પણ એણે અનંતકાળમાં એક સેકંડ પણ કર્યો નથી. તેથી અહીં આચાર્યદેવ પરિગ્રહત્યાગના વ્યાખ્યાનમાં શુભ પરિણામ પણ છોડવાલાયક છે એમ કહે છે.

ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવે જેવો પોતાનો આત્મા જોયો છે એવો નિર્મળ અને શુદ્ધ આનંદસ્વરૂપ સિદ્ધ જેવો આ આત્માને જોયો છે. ભગવાને આત્માને રાગના પરિહારસ્વરૂપ જોયો છે. આત્માને રાગવાળો કે શરીરવાળો જોયો નથી. ભગવાને જેવો આત્માને જોયો છે એવો જ વાણીમાં આવ્યો છે કે આત્મા હાડકાના પીંજરનો બનેલો નથી, ચરબીનો બનેલો નથી. આત્મા તો અંદર અરૂપી સત્ચિદ્આનંદસ્વરૂપે રહેલો છે. છઢાળામાં ચિત્રસહિત આત્માને હાડકાના માળખાથી અને ચરબીથી ભિન્ન બતાવ્યો છે. આત્મા અરૂપી ચૈતન્યમૂર્તિ છે તે ઈન્દ્રિયો દ્વારા જણાય તેવો નથી. ઈન્દ્રિયો દ્વારા પોતે પરને જાણે છે એ શું પોતાને ન દેખે! ઈન્દ્રિય વડે પણ જાણનાર તો આત્મા છે ને! ઈન્દ્રિયો કાંઈ જાણતી નથી.

હાડકાં અને ચરબીથી પાર જ્ઞાનસ્વરૂપી આત્મા આસ્રવ ભાવોથી પણ રહિત છે તેને દેખાડવો શી રીતે! શરીર પ્રમાણે, રૂપ વિનાની અરૂપી વસ્તુ પોતાના સ્વરૂપે રહેલી છે. વિકારના મેલથી પણ ભિન્ન છે.

શ્રોતા :—(૧) હાડકાં (૨) ચરબી અને (૩) વિકાર—આ ત્રણથી ભિન્ન આત્મા ક્યાં નંબરમાં દેખાય?

www.vitragvani.com



પૂજ્ય ગુરુદેવશ્રી :—એ અખંડ જ્ઞાનના નંબરે આત્મા દેખાય એવો છે. પ્રભુ! એકવાર વિચાર તો કર! અનંતકાળમાં ચોરાશીના અવતારમાં ગોથા ખાધાં પણ તારાં આરા ક્યાંય આવ્યાં નહિ. પાપ અનંતવાર કર્યા અને પુણ્ય પણ અનંતવાર કર્યા. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, કેટલી ક્રિયાઓ કરી, વ્રત-તપ પાળ્યા પણ આત્માનો આશ્રય ન લીધો. આગળ ૮૮મી ગાથામાં આવશે કે જિનદીક્ષા લેવી એ પણ પુણ્યબંધનું કારણ છે...અગાઉ વાંચી લીધું છે કે નહિ? ૮૮ની ટીકામાં આવશે કે પુણ્યબંધના કારણોને અજ્ઞાની મુક્તિના કારણ માને છે, જ્ઞાની માનતા નથી.

આ દેહમાં એક તો હાડકા, બીજી ચરબી, ત્રીજું તૈજસ શરીર અને ચોથું કર્મ તથા પાંચમા વિકારીભાવો એ બધાથી ભગવાન આત્મા ભિન્ન છે. તેને ભગવાન સર્વજ્ઞદેવે 'આત્મા' જોયો છે અને વાણીમાં કહ્યો છે. એવો જ ધર્મીને પોતાના જ્ઞાનમાં બધાંથી રહિત ભગવાન આત્મા ભાસે છે.

અહીં આત્માને પરિગ્રહરહિત બતાવવો છે એટલે આ વાત આવી છે કે જ્ઞાનીને આત્મા સિવાય કોઈની પક્કડ નથી.

અજ્ઞાનીને આ હાડકાં, ચરબી, વિકાર આદિ બધું હું છું એમ ભાસે છે. શરીરમાં હાડકાનો માળખો અને તેમાં ચરબીની સરખી ગાર છે—લીંપણ છે. જો ચરબીને કાઢી નાંખો તો એકલા હાડકાનું માળખું રહે. ડોકટરને ત્યાં એના ચિત્ર હોય છે. પેટમાં પથરી પાકે છે ને! પાપીના પેટમાં પથરી પાકે, ઉત્તમ પુરુષોના પેટમાં મોતી પાકે તેમ ધર્માત્માના જ્ઞાનમાં આનંદ પાકે છે અને મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનમાં દુઃખ પાકે છે. સમજાય છે કાંઈ!

જેને 'આત્મા' કહેવાય તે સત્ ચિદાનંદ—જ્ઞાનઘન આત્મા છે તે દેહ નથી અને ચામડીથી લપેટાયેલું પીંજર તે આત્મા નથી, દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ તે આત્મા નથી, એ તો વિકાર છે. એ બધાં પરપરિગ્રહ છે, તેને જ્ઞાની પોતાના માનતાં નથી તો બહારમાં રહેલાં મકાન, દુકાન, સ્ત્રી, પુત્રાદિ પરિવારને તો ધર્મી પોતાનો પરિગ્રહ કેમ માને! બંગલા તો માટીના છે એ આત્માના ક્યાંથી થાય! અજ્ઞાનીને પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન છોડીને આ શરીર, પરિવાર, મકાન આદિ તથા શુભાશુભભાવ એ જ પોતાનો પરિગ્રહ લાગે છે તેથી જ એ દુઃખી છે. જુઓ! પૈસાને મારા માનવાં એ દુઃખ છે. એ વાત સમજાય છે?

આ 'ચૈતન્યપ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ એ જ હું આત્મા છું' એમ જ્ઞાની પોતાના વિશ્વાસમાં અને દૃષ્ટિ—જ્ઞાનમાં લે છે તેથી આત્મા સિવાય કોઈ પણ ચીજ 'મારી' એવો પરિગ્રહનો ભાવ તેની શ્રદ્ધામાં કદી હોતો નથી. એક વિકલ્પ પણ મારો છે એવો પરિગ્રહ જ્ઞાનીની શ્રદ્ધામાં હોતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં એ જ સિદ્ધ કરવું છે કે અજ્ઞાનીને બાહ્ય વસ્તુ જ પોતાની લાગતી હોવાથી એ ધર્મના બહાને પણ આખા જગતને પોતાનું કરવા માંગે છે. પોતાનો નિજ શુદ્ધ ચૈતન્ય-પરિગ્રહ છે તેનું તો એને જ્ઞાન નથી, તેની એને શ્રદ્ધા નથી, તેનું એને શરણ નથી અને તેનો એને આશ્રય પણ નથી. તેથી અજ્ઞાની રાગની ક્રિયા દ્વારા આખા જગતની અભિલાષા સેવે છે—ધર્મના બહાને આખા જગતનો લાભ લેવા ઈચ્છે છે.

બાપુ! તારાં અંતરના મારગ કોઈ જુદાં છે. ભગવાન આત્મા રાગના ભાવથી રહિત છે ત્યારે વીતરાગભાવથી સહિત છે, દુઃખના ભાવથી રહિત છે તો આનંદભાવથી સહિત છે, માટે અંતરમાં રુચિ કરીને એ જ સેવવાલાયક છે. શુભભાવ, અશુભભાવ, સ્ત્રી, ધન આદિ સેવવાલાયક નથી એમ ધર્મી પોતાની શ્રદ્ધામાં માને છે. તેથી લાડવા ને દાળ-ભાત-શાક ને કપડાં, દાગીના સેવવા લાયક છે એ વાત તો ક્યાંય દૂર રહી જાય છે. કોઈની પક્કડ એના શ્રદ્ધા જ્ઞાનમાં નથી.

ધર્મીજીવને રાગરહિત ભગવાન આત્માનું જ્ઞાન છે અને તેનું જ બહુમાન છે તેથી લૌકિકજ્ઞાન અને જગતના પદાર્થોની એને પક્કડ નથી તેમ બહુમાન પણ નથી અને સમ્યક્ચારિત્રમાં જ્ઞાની અતીન્દ્રિય આનંદના ચારા ચરે છે. જેમ પશુ લીલાછમ ઘાસ અને તેમાં વચ્ચે શેરડીના છાલા હોય તો મીઠાઈ ખાતા હોય તેમ પ્રેમથી ચરે છે તેમ ધર્મી આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદના ચારા ચરે છે તેનું નામ 'ચારિત્ર' કહેવાય છે.

અરે, ચારિત્ર તે કોને કહેવાય! બહારથી દીક્ષા લઈ લેવી તે કાંઈ ચારિત્ર છે! અજ્ઞાનીના માનેલાં વ્રત પણ અવ્રત છે—મિથ્યાત્વ છે. અંતરમાં સ્થિરતાથી સ્વરૂપના આનંદને ચરવું તેને ભગવાન આત્માનું ચારિત્ર કહે છે એ જ મોક્ષનો સાચો માર્ગ છે.

શુદ્ધાત્માસ્વરૂપ પરમાત્માની રુચિ, તેનું જ્ઞાન અને તેમાં રમણતારૂપ આ નિશ્ચય-રત્નત્રયરૂપ જે શુદ્ધાત્માની રુચિ જેને નથી એવા મૂઢ જીવો આત્માને નહિ જાણતાં અને નહિ અનુભવતાં થકાં જગતના સમસ્ત ભોગોને ધર્મના બહાને લેવા માંગે છે. તથા જ્ઞાનીજન તો સમસ્ત ભોગોથી ઉદાસ છે, જ્ઞાનીને તો જે વિદ્યમાન ભોગો છે તેની પણ ઈચ્છા નથી અને આગામી ભોગોની વાંછા નથી. એમ જાણવું.

આત્મા શું ચીજ છે એવી રુચિ નથી તેથી મૂઢજીવો તેને જાણતાં નથી અને તેથી આત્માને અનુભવતાં પણ નથી. ભગવાન આત્મા પૂર્ણ સહજાનંદનો નાથ છે તેની જેને રુચિ—દૃષ્ટિ—વિશ્વાસ નથી, તેનું જેને જ્ઞાન નથી, તેના આસ્વાદરૂપ ચારિત્ર નથી એવા મૂઢજીવોને બાહ્ય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પદાર્થોની જ અભિલાષા પડી છે તેથી એ ધર્મના બહાને પણ સમસ્ત ભોગોને લેવા માગે છે. અહાહા! જુઓ આચાર્ય શું કહેવા માંગે છે? હું કાંઈક ધર્મ કરું છું, હું કાંઈક દયા પાળું છું, હું વ્રત પાળું છું, હું ત્યાગી છું, હું તપસ્વી છું, હું બ્રહ્મચારી છું—એવું જેને અંતરમાં અભિમાન છે તેને વસ્તુની દૃષ્ટિની ખબર નથી. એવા અભિમાનથી એ ધર્મના બહાને જગતના ભોગોને લેવા માગે છે. એને જગતની ચીજોની જ મીઠાશ પડી છે.

અહીં તો કહે છે કે એક મ્યાનમાં બે તલવાર ન હોય. જગતના પદાર્થોની પ્રીતિ પડી છે તેને અંતરમાં ભગવાન આત્માનો પ્રેમ ન હોઈ શકે. ભગવાન આત્માની રુચિ અને દૃષ્ટિ નથી તેને મને આ વસ્તુ મળે... આ મળે... એવી ઊંડી ઊંડી અભિલાષા અને મીઠાશ જ પડી છે. શુદ્ધ ચિદાનંદ સ્વભાવનો જેણે આધાર લીધો નથી, શરણ લીધું નથી એવા મૂઢજીવને એક આત્મા સિવાય પુણ્યને ભોગવું, પાપને ભોગવું, સ્ત્રીને ભોગવું, દેવલોકના સુખને ભોગવું, સારા મકાન, ધન, આબરૂ આદિને ભોગવું, બેસવાના સારાં સ્થાન હોય તેને ભોગવું...એવી જ મીઠાસમાં એ પડ્યો છે.

આ તો વીતરાગમારગ છે. તેમાં અંતરમાંથી ભિન્ન પાડવાની અલૌકિક ક્રિયા છે. એ ક્રિયા વિના બાહ્ય ક્રિયાકાંડ કરનારને શુભરાગની પક્કડ છે તે દ્વારા એ આખા જગતને લેવા ઈચ્છે છે. તેની જ એને મીઠાસ પડી છે કે મારી કાંઈ ગણતરી થાય, મારી પ્રસિદ્ધિ થાય, મારી પ્રસંશા થાય—એમ બીજાં પાસેથી માન લેવા માંગે છે પણ પોતાના આત્માનું પોતાને માન નથી, કાંઈ ગણતરી નથી. એટલે આચાર્યદેવ જરાં કડક ભાષાથી કહે છે કે એને ઊંડે ઊંડે આખા જગતની પ્રીતિ પડી છે. ગાથામાં भुवणु શબ્દ છે એટલે 'ભુવન'—આખા જગતની એને ભાવના રહેલી છે કેમ કે નિજભગવાનને તો ભાળ્યાં નથી.

ધર્મના બહાને કેમ કહ્યું?—કે દયા, દાનાદિ વ્રત પાળતો હોય અથવા દીક્ષા લીધી હોય એવો વ્યવહારધર્મ પાળતો હોય પણ નિશ્ચયધર્મનું ભાન ન હોય એટલે વ્યવહારધર્મ પાળીને પણ એ જગતની અનુકૂળતા જ લેવા માંગે છે. ટીકામાં શબ્દ તો એ છે કે **जगद्धर्मव्याजेन ग्रहीतुमिच्छति**, **धर्मव्याजेन** એટલે વ્યવહારધર્મની ક્રિયા કરે છે તે બહાને અમને મોટા કહો, સારાં છીએ એમ વખાણ કરો.....આહાર-પાણી આદિની સગવડતાથી અમને પોષો....એમ જગત પાસે અપેક્ષા રાખે છે.

આ તો 'નાગા બાદશાહથી આઘા' એવા મુનિવરોએ જગત સામે સત્ય ખૂલ્લું કર્યું છે કે ધર્મના બહાને એટલે કે બાહ્યમાં નગ્નવેષ અથવા ક્ષુલ્લકનો વેષ ધારણ કરેલો હોય એને અંદરના વેષ તરીકે રાગની મંદતા આદિ હોય એવા વ્યવહારધર્મના બહાને એ આખા જગતને લેવા માગે છે, છોડવા માગતો નથી. કાંઈ અભિગ્રહ ધારણ કર્યો હોય તો કહે અમે કેવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કડક અભિગ્રહ ધાર્યો છે તેની તમે પરીક્ષા તો કરો! એવા બહાને પણ જગત પાસે માન લેવા માગે છે તે ખરેખર આખા જગતના ભોગોને લેવા માગે છે.

અજ્ઞાની આ રીતે જગતને **ग्रहीतुमिच्छति**—ગ્રહવા માગે છે જ્યારે જ્ઞાની **पूर्वोक्तज्ञानी तु त्यक्तुमिच्छति** ભાવાર્થ :—અર્થાત્ જ્ઞાની જગતના ભોગોને છોડવા માગે છે. જ્ઞાની રાગને પણ છોડવા માંગે છે તો રાગના બંધન અને તેના ફળને કેમ ચાહે! દુનિયાની અનુકૂળતાની મારે જરૂર નથી એવું ભાવતાં જ્ઞાનીજનો દુનિયાના સમસ્ત ભોગોથી ઉદાસ છે. રાગથી માંડીને દુનિયાના સમસ્ત ભોગોને જ્ઞાની હેય તરીકે સ્વીકારે છે એટલે કે છોડવાયોગ્ય માને છે અને અજ્ઞાની રાગથી માંડીને દુનિયાના સમસ્ત ભોગોને ગ્રહવાયોગ્ય માને છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં આટલો મોટો ફેર છે—એ કહેવું છે.

સમ્યગ્દૃષ્ટિ આત્માના જ્ઞાન અને આનંદ પાસે રાગથી માંડીને બધા ચીજોને હેય તરીકે સ્વીકારે છે એક શુદ્ધાત્માને જ આદરવાયોગ્ય અને સેવવાયોગ્ય માને છે. જ્યારે અજ્ઞાનીને આત્માના જ્ઞાન અને આનંદનું ભાન નથી તેથી દરેક વિકલ્પથી માંડીને જગતની કોઈ ચીજને છોડવા માગતો નથી તેને જ સેવવાયોગ્ય અને આદરણીય માને છે અને તેને લેવા અર્થાત્ આરાધવા માગે છે.

આ તો બે ને બે ચાર જેવી ચોખ્ખી સમજાય તેવી વાત છે. ૮૭ ગાથા થઈ. હવે ૮૮ ગાથામાં અજ્ઞાનીના પરિગ્રહને વિશેષરૂપે પ્રગટ કરે છે. યોગીન્દ્રદેવે ભારે ચિતરામણ કર્યું છે!

શિષ્યો કરવા, પુસ્તક આદિનો સંગ્રહ કરવો....એવી વાતોથી અજ્ઞાની પ્રસન્ન થાય છે અને જ્ઞાનીજન તેને બંધના કારણ જાણતા થકાં તેનાથી રાગભાવ કરતા નથી ઉલટાં તેના સંગ્રહથી લજ્જાવાન થાય છે. જે વસ્તુ મારી નથી તેને મારી કેમ કહેવી? એમ એને લાજ આવે છે જ્યારે અજ્ઞાનીને કોઈ પૂછે કે આ દીકરો તમારો? તો અંદરમાં તો હરખ થતો હોય પણ બોલે એમ કે ઈશ્વરનો છે. મારા દીકરાને લોકો સારી નજરે તો જુએ છે એમાં મારી પ્રસંશા છે એમ એને વેદાય છે. દીકરાની વહુ પાંચ હજારનો સાડલો પેરીને આવી હોય એને લોકો જોતાં હોય તેમાં પણ એને હરખ વેદાય કે મારો લીધેલો સાડલો હજારો માણસોની વચ્ચે બહાર પડે છે....ભલે ને લોકો તો બાઈને બીજી નજરે જોતાં હોય પણ આ અજ્ઞાની તે દ્વારા પોતાની મમતાને પોષે છે. આવા અજ્ઞાનીના પરિગ્રહના પાર નથી.

પોતે ગાયન બનાવતો હોય તો તેનાથી ગર્વ કરે અને અત્યારે તો બીજાંના ગાયનમાં કડી ફેરવીને તેને પણ પોતાનું ગાયન ઠરાવે. અહીં તો કહે છે કે આ ગાયન, પુસ્તક આદિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બધું સંગ્રહ કરીને અજ્ઞાની પ્રસન્ન થાય છે જ્યારે જ્ઞાનીજનો તેમાં રાગભાવ તો કરતાં નથી પણ તેના સંગ્રહથી લજ્જા પામે છે. અરે! હું તો એક માત્ર ચૈતન્ય છું તેમાં આ પરિગ્રહ કેવા! મારાં જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકમાં રાગ પણ નથી તો આ શિષ્ય, પુસ્તક આદિ પરિગ્રહને મારાં માનું એમાં તો મને લાજ આવે. એ તો પરપદાર્થ છે તેની ક્રિયાઓ થાય તેમાં અમે ક્યાં આવ્યાં! અમને એમાં ક્યાં ગણ્યાં! એમ લજ્જા આવે છે.

આ અજ્ઞાનીને ક્યાં ક્યાં પરમાં અહમ્‌ભાવ આવે છે અને જ્ઞાનીઓ ક્યાં ક્યાં પરના અહમ્‌ભાવથી છૂટે છે તેની વાત છે.

**चेल्ला—चेल्ली—पुत्थियर्हिं तूसइ मूढु णिभंतु।**
**एयर्हिं लज्जइ णाणियउ बंधहँ हेउ मुणंतु॥८८॥**

અર્થ :—અજ્ઞાનીજન ચેલા ચેલી પુસ્તક આદિથી હર્ષિત થાય છે તેમાં કાંઈ જ સંદેહ નથી અને જ્ઞાનીજન આ બાહ્ય પદાર્થોથી શરમાય છે કેમ કે આ બધાંને તે બંધના કારણ જાણે છે.

જેમ જેમ શિષ્યો વધારે હોય તેમ મોટા પાયાના આચાર્ય ગણાય પણ એ શિષ્યોએ દીક્ષા લીધી એ તો એનો શુભભાવ છે અને તું તેને ઠીક કહે—અનુમોદન કરે એ તારો શુભભાવ છે પણ એ શુભભાવથી તું તારી મોટાઈ માને એ તો તારી મૂઢતા છે. પરથી મોટાઈ માનતાં તને લજ્જા નથી આવતી?

આ તો સર્વજ્ઞના કહેલાં અને દિગંબર સંતોએ લખેલાં કથનો છે. અજ્ઞાનીને સૂક્ષ્મપણે ક્યાં પરિગ્રહની બુદ્ધિ રહે છે અને જ્ઞાનીને સૂક્ષ્મ પરિગ્રહ પણ અંતર્દૃષ્ટિથી છૂટી ગયો છે તેની વાત કરે છે.

શિષ્યો, અર્જિકા, પુસ્તકો તેને પણ ઉપર મખમલના કે ઝરીના કે સુરતની ઝરીના કપડા લગાવે છે ને! આપણે અહીં કબાટમાં બધાં એવા જ પુસ્તકો છે. ચાંદીનું સમયસાર, પ્રવચનસાર આદિ છે પણ તેથી શું? એ તો પરવસ્તુ છે ને! પ્રભુ! પરવસ્તુ મારી છે અને મેં બનાવી છે એમ માનતાં તને લજ્જા આવવી જોઈએ. પરપદાર્થની અવસ્થા પરપદાર્થથી થઈ છે તે કાંઈ તારાથી થઈ નથી. છતાં અજ્ઞાની તેનાથી પ્રસન્નતા જ વેદે છે. યોગીન્દ્રદેવ બધાંના કાળજા જોઈને આવ્યા હોય એમ વાત કરે છે કે અજ્ઞાની શિષ્યાદિથી પોતાની પ્રસન્નતાને વેદે છે એમાં શંકા નથી. અહા! અમારે કેટલાં શિષ્યો થયા! કેટલાએ તો વ્રત ધારણ કર્યા! કેટલાએ ઉપવાસ કર્યા એ બધું અમારાં કારણે થયું. એમ પરદ્રવ્યની પર્યાયને પોતાથી થયેલી સ્વીકારવી એ બધાં મૂઢના લક્ષણ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ કરોડો અબજો રૂપિયાથી કે બૈરા-છોકરાંથી હરખ પામતો નથી. અરે! જે પરવસ્તુ છે તેનાથી મને સંતોષ શા? જ્ઞાનીની દશા જ નિરાળી થઈ ગઈ છે એટલે તે બાહ્યવસ્તુથી શરમાય છે, હરખાતા નથી. અરે પ્રભુ! બહારના પરિગ્રહના સંગ્રહથી અને સમાગમથી તને પ્રસન્નતા વર્તે એ તો તારી મૂઢતા છે. તું તો તારાથી પૂર્ણ પ્રભુ છો.

જિનદીક્ષા, વ્રતાદિના પરિણામ, શિષ્યાદિ થવા એ બધું પુણ્યબંધનું કારણ છે. ભગવાન આત્મા તો એ પુણ્યબંધથી પણ રહિત અનાકુળ શાંતરસનો સ્વામી છે તેને એ બંધનનો પ્રેમ કેમ? એમ જ્ઞાનીને લજ્જા આવે છે. મારે આટલાં શિષ્યો...તે પણ મોટા વ્યાખ્યાતા...એમ કરીને અજ્ઞાની ગુરુ પ્રસન્નતા વેદે છે તેને ચૈતન્યના આનંદનો વિશ્વાસ નથી અને પરના વિશ્વાસથી આનંદને વેદે છે. તેને પરનો પરિગ્રહ અનંતો પડ્યો છે એમ અહીં કહે છે.

અરે! તું તો જ્ઞાતા–દ્રષ્ટા...તારે જ્ઞેયોનું જ્ઞાન કરવું એમાં પણ પરાવલંબન છે તેને ઠેકાણે જ્ઞેયોને મારા માનવા અને હરખ વેદવો એ તો બધા મૂઢના લક્ષણ છે.

જિનદીક્ષાની ક્રિયા અને ભાવ તો શુભ છે. વ્રતના વિકલ્પ પણ શુભભાવ છે. અંદરમાં વ્રતના વિકલ્પથી પણ રહિત અખંડાનંદ ચિદાનંદના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેનું શરણ લેવું તે ખરી જિનદીક્ષા છે. એકલાં વ્રતના પરિણામ થાય અને બીજાંને પણ વ્રત આપીને પ્રસન્નતા વેદાય છે એને તો વિકલ્પની અને શિષ્યોની પક્કડ એટલે કે પરિગ્રહ છે. માટે તે તો મિથ્યાદૃષ્ટિ છે તેને જિનદીક્ષા નથી પણ દુ:ખિયા છે.

વિકલ્પમાત્રથી પેલે પાર પરમાતમદેવની દૈવી દૃષ્ટિ થયા વિનાના ત્યાગ આદિ બધાં પુણ્યબંધના અને રખડવાના કારણ છે માટે એવી દીક્ષાના મલાવા ન હોય પણ મૂંડનારા અને મૂંડાવનારા બંને ભાન વિનાના છે કે તેને સાધુપણું માને છે. એવા બાહ્ય વ્રતને ધરનારા અને બાહ્યવ્રતને પ્રસંશનારા બધાં મૂઢ જીવો છે. તેને રાગ વિનાના ચિદાનંદસ્વભાવની અંતરમાં પ્રસન્નતા નથી. આ ગાથાનો ભાવાર્થ હવે પછી લેવાશે.

# વિશાળ વૈભવોમાં પણ જ્ઞાનીને લજ્જા

(સળંગ પ્રવચન નં-૧૩૨)

આ શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ છે. બીજા અધિકારની ૮૮મી ગાથા છે.

પોતાના આત્મામાં અનંત અનંત જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ ભરેલાં છે. આત્મા સત્ નામ શાશ્વત રહેવાવાળો સત્ચિદાનંદ છે. આત્મા પોતે જ પરમાત્મા છે એમ પ્રથમ પ્રતીતિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. તે જ પ્રથમ ધર્મ છે. આ વાત ૮૮ ગાથાના ભાવાર્થમાં કહે છે. હું જે શાંતિસ્વરૂપ નિર્દોષ મોક્ષદશા પ્રાપ્ત કરવા માગું છું તે બધી નિર્દોષતા મારાં આત્મામાં રહેલી છે. નિર્દોષતા-પવિત્રતા કાંઈ બહારથી આવતી નથી.

અનંતકાળે આ દુર્લભ મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે. બીજાં બધાં અવતારો કરતાં મનુષ્યદેહ મહાદુર્લભ છે. તેમાં પણ પોતાના શુદ્ધ ચિદાનંદ આનંદકંદની દૃષ્ટિ થઈને વિશ્વાસ આવવો એ મહાદુર્લભ છે. હું જે કાંઈ શાંતિ આનંદ આદિ ચાહું છું તે મારામાં જ છે. મારાથી એક પ્રદેશમાત્ર પણ દૂર નથી તેમ જ એક સમયમાત્ર પણ મારાં ગુણો મારાંથી દૂર થયા નથી. મારા ગુણોને અને મારે એક પ્રદેશનો કે એક સમયનો પણ ભેદ નથી. આવી પ્રતીતિ આવી ગયા પછી જ્ઞાનીને બીજી કોઈ ચીજોથી પોતાની મોટાઈ ભાસતી નથી. બીજાં કોઈ પરપદાર્થથી પોતાની મોટાઈ બતાવે તોપણ જ્ઞાનીને લજ્જા આવે છે. અરે! જે ચીજ અમારી નથી તેને અમારી કહીને મોટાઈ શું કામ આપો છો? સ્ત્રી, પુત્ર, પૈસા આદિ કોઈ અમારાં નથી માટે તેનાથી અમારી મોટાઈ નથી. અમે તો સત્ ચિદાનંદમય આત્મા છીએ.

આમ, જેને નિજ આત્માની દૃષ્ટિ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિને અથવા સમ્યગ્દર્શન સહિત ત્યાગી—મુનિને હું જ કેવળજ્ઞાનનો કંદ છું એવું અંતરજ્ઞાન થયું છે અને અંતરમાં અતીન્દ્રિય આનંદની ઉર્મિઓ જાગી છે તે સમ્યક્ચારિત્ર છે. જેને નિજ આત્માનું ભાન નથી, નિજ શુદ્ધાત્માનું શ્રદ્ધાન નથી તે તો 'હું શરીર છું, શરીરની ક્રિયા મારી છે, દયા-દાન આદિ પરભાવ મારાં છે'—એમ માને છે તે પરદ્રવ્ય અને પરભાવથી પોતાનું હોવાપણું માનતા શરમાતા નથી. તેઓ એવું શ્રદ્ધાન કરતાં નથી કે હું તો દેહ દેવાલયમાં બિરાજમાન ભગવાન આત્મા છું. જેને નિર્મળ પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ છે એવો જ મારો આત્મા છે—એમ એ જાણતાં નથી અને એવા નિજ શુદ્ધાત્માનાં અનુભવ કરતાં નથી. એવા મૂઢાત્મા પુણ્યબંધના કારણ એવી જિનદીક્ષા, દાન આદિ શુભાચરણ અને પુસ્તક આદિ ઉપકરણને મુક્તિના કારણ માને છે.

(મોટી હોસ્પિટલના ડૉક્ટર આવ્યા છે તેથી હિન્દીમાં લઈએ તો થોડું સમજાશે)

અહીં કહે છે કે આ આત્મા પોતે જ શિવ છે. શિવ એટલે નિરૂપદ્રવ કલ્યાણની મૂર્તિ તે શિવ છે. આ દેહ તો જડ છે, વાણી નીકળે છે તે પણ જડ છે, અંદરમાં જે કર્મ છે—જેને પ્રારબ્ધ કહેવાય છે તે પણ અજીવ છે. તેના નિમિત્તે પૈસા આદિ મળવાનું કારણ થાય છે તે બધું જડ છે. અંદરમાં જે હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ ભાવ થાય છે તે પાપભાવ છે અને વ્રત, જપ, ભક્તિ, તપ આદિના ભાવ થાય છે તે પુણ્યભાવ છે—તે બંનેથી આત્માનું સ્વરૂપ જુદું છે. આત્મા તો સત્ ચિદાનંદ પ્રભુ—શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ છે. આવો જેને વિશ્વાસ આવે છે તે દીક્ષા, મહાવ્રત આદિ ભાવોને પોતાના માનતા નથી. બીજાને પુસ્તક આદિનું દાન દેવું કે અભયદાન આપવું, વાંચન આપવું એ બધો શુભરાગ છે. તેને જ્ઞાની મુક્તિના કારણ માનતાં નથી. જ્યારે અજ્ઞાની આવા શુભરાગને જ મુક્તિના કારણ માનીને સેવે છે.

અંતરમાં શાંત...શાંત...શાંત...નિર્વિકારી આત્મતત્ત્વની શ્રદ્ધા નથી, તેનો જેને આશ્રય નથી એ જીવ જ પંચમહાવ્રતાદિ શુભરાગને અને શિષ્યો, ઉપકરણો આદિને મોક્ષના કારણ માને છે. જે પુણ્યબંધના કારણ છે તેને જ અજ્ઞાની મોક્ષના કારણ માને છે. અહીં મુનિની વાત લીધી છે એટલે શિષ્ય, પુસ્તક આદિને સાધન કહ્યાં છે. ગૃહસ્થોને સ્ત્રી, પુત્રાદિ છે તે લજ્જાંના કારણ છે તેને બદલે અમારે ઘેર રાજાની પુત્રી છે, આટલું ધન આદિ છે એમ કહેતાં શરમ પણ આવતી નથી—એમ આચાર્યદેવ ઓલંભો આપે છે. ધર્મીને તો સંયોગથી પોતાને લજ્જા આવે છે. જ્યારે અજ્ઞાની તેનાથી લજ્જા આવવાના બદલે રાજી થાય છે કે અમારી પત્ની, અમારી કન્યા, અમારાં પુત્ર બધાં ભણેલ-ગણેલ, અમારાં મકાન-દુકાન, અમારાં ગામ.....એ બધાંની એને મહિમા લાગે છે. બીજાં એની મહિમા કરે તેમાં પણ આ રાજી થાય છે, લજ્જિત થતાં નથી.

જુઓ! આ ૯૦૦ વર્ષ પહેલા થઈ ગયેલાં જંગલમાં રહેનારા નગ્ન દિગંબર મુનિ યોગીન્દ્રદેવ—જેની પાસે પીછી અને કમંડળ સિવાય કાંઈ ન હતું, આત્મધ્યાનમાં મસ્ત હતાં, અખંડાનંદ ભગવાનનો આનંદ લેતાં હતાં એવા મુનિને જરા શુભરાગ આવ્યો જેથી આ શાસ્ત્ર બની ગયું. તેમાં મુનિરાજ કહે છે કે તને તારાં શુદ્ધાત્માની મહિમા નથી અને તું બીજી ચીજથી તારી અધિકતા માને છો! લક્ષ્મીથી અધિકતા માને છો! પરિવાર, આબરૂથી અધિકતા માને છો!! ખરેખર જેનાથી તને લજ્જા આવવી જોઈએ તેનાથી તું અધિકતા માને છો માટે તને તારાં આત્માની શ્રદ્ધા જ નથી.

શ્રીમદ્જી કહે છે ને કે, ''લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?......'' ૧૬ વર્ષની ઉંમરે આવું લખે છે. ગૃહસ્થ હતાં, મોટા વેપારી હતાં પણ આત્મજ્ઞાન હતું. પૂર્વના

www.vitragvani.com



સંસ્કાર હતાં, સાત વર્ષની ઉંમરે તો જાતિસ્મરણ થયું હતું. પછી ૧૬ વર્ષની ઉંમરે ૧૦૮ પાઠ બનાવ્યાં. જેમ માળામાં ૧૦૮ મણકા હોય છે તેમ શ્રીમદે ૧૦૮ પાઠની માળા બનાવીને તેનું નામ મોક્ષમાળા રાખ્યું. તેમાંથી આ એક પાઠમાં 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો.....'નું પદ રચ્યું છે. તેમાં કહે છે કે આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો તેમાં તે આત્માનું કામ ન કર્યું, જન્મ-મરણનો અભાવ ન કર્યો તો તે શું કર્યું? લક્ષ્મી અને પદવી આદિ વધવાથી તારામાં શું વધ્યું? કુટુંબ વધવાથી તારામાં શું વધ્યું? એમાં તો મનુષ્યદેહ તું હારી ગયો. 'એનો વિચાર નહિ અહો, એક પળ પણ તમને હવો?' અરે જીવ! તને એક પળ પણ એવો વિચાર ન આવ્યો કે શું લક્ષ્મીથી મારી અધિકતા છે? પરિવાર જે પર ચીજ છે તેનાથી મારી અધિકતા કેવી રીતે! લક્ષ્મી, કુટુંબ, આબરૂ આદિ બધી પરચીજ છે, તેનાથી મારી અધિકતા શી રીતે! શું એક પળ પણ આવો વિચાર તને ન આવ્યો? એમ શ્રીમદ્ ૧૬ વર્ષની ઉંમરે કહે છે. એ જ વાત અહીં આચાર્યદેવ કહે છે કે પોતાની આત્મવસ્તુની તો તને શ્રદ્ધા નથી અને પર ચીજથી તું પોતાની મોટાઈ માને છો તેમાં તને લજ્જા નથી આવતી?

જ્ઞાની શરીર, કર્મ, પુણ્ય-પાપનાં ભાવથી પોતાની મોટાઈ તો નથી માનતાં પણ પોતાને લજ્જા આવે છે. અહીં તો ત્યાં સુધી કહ્યું કે જિનદીક્ષા, શિષ્યોને ઉપદેશ, પુસ્તકનું લખવું-વાંચવું આદિ શુભરાગથી પણ મુનિને લજ્જા આવે છે. જ્યારે અજ્ઞાની શુભરાગથી પોતાને મોક્ષ થશે એમ માનીને વ્રત-તપાદિ પોતે કરે છે અને બીજાને આપે છે. અરે ભગવાન! વ્રતાદિના ભાવ તો શુભરાગ છે તેનાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. ધર્મ તો શુભરાગથી ભિન્ન એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનથી થાય છે ત્યારે તેને બાહ્ય ચીજથી જ અને બાહ્યભાવોથી લજ્જા આવે છે.

જુઓ ને! શ્લોક કેવો આવી ગયો છે! જે પોતાની ચીજ નથી એનાથી લજ્જા આવવી જોઈએ તેના બદલે અધિકતા લાગે છે! આવા મિથ્યાદૃષ્ટિને નિજ શુદ્ધાત્માની શ્રદ્ધા જ નથી. કોરડા પડતાં હોય એવું લાગે તેવું છે પણ વિચારે તો ખબર પડે કે અરે! આ તો શરીર—રજકણનો પિંડ છે. જે અનાજ બહાર હતું તે દાળ-ભાત આદિરૂપે જઈને અંદર ગોઠવાઈ ગયાં છે તે શું આત્મા છે? આ પુત્ર-પુત્રી આદિ થયા છે એ તો બીજેથી આવ્યાં છે અને બીજે ચાલ્યા જશે. તારાં થઈને રહેવાના નથી. કાર્યકર્તાઓ એમ માને કે અમે બહુ ડાહ્યાં છીએ ને સંસ્થાની વ્યવસ્થા બરાબર સંભાળીએ છીએ...અરે! તમને લજ્જા નથી આવતી? જ્ઞાનસ્વરૂપ આત્મા શું પરપદાર્થની વ્યવસ્થા કરી શકે? પરપદાર્થ તો સ્વતંત્ર ચીજ છે તેની અવસ્થાની વ્યવસ્થા તેનાથી થાય છે એમાં તમે શું કર્યું? મુનિને કોઈ પાસેથી કાંઈ લેવું નથી તેથી જેમ છે તેમ કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અહીં તો મુનિરાજ અન્ય મુનિને સંબોધન કરે છે, તેથી જિનદીક્ષાનો શુભરાગ કે જે વીતરાગમાર્ગનો વ્યવહાર છે તેનાથી પણ મુક્તિ નથી એમ કહે છે. અનેક પ્રકારના શુભાચરણ કરી લેવાથી મુક્તિ થતી નથી. મુનિનાં ઉપદેશથી બીજાં અનેક જીવો સમજી જાય તેથી કાંઈ મુનિની મુક્તિ થઈ જતી નથી. જે સમજે છે તે તો તેની યોગ્યતાથી સમજે છે. સમજાવવાનો ભાવ આવે છે તે તો શુભરાગ છે, તેનાથી શું મુક્તિ થાય!

જેને નિજપ્રભુનાં અનાકુળ શાંત-આનંદરસનો અનુભવ નથી, રુચિ નથી, પ્રતીત નથી, સ્વજ્ઞેયનું જ્ઞાનમાં ભાવભાસન થયું નથી, સ્વ તરફનું રટણ અને લીનતા નથી તેવા જીવો જ જિનદીક્ષા આદિ રાગને જ મુક્તિનું કારણ માનીને સેવે છે. ખરેખર તો દીક્ષા તો કોને કહેવાય! કે આત્માના આનંદસ્વરૂપમાં રમવું તે દીક્ષા છે. તેનું તો જ્ઞાન ન હોય અને વ્રત લઈ તપસ્યા કરી મુક્તિ થવાની આશા રાખે તે જૂઠી છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહરૂપ મહાવ્રતનો શુભરાગ છે તે પુણ્યબંધનું કારણ છે, તેને અજ્ઞાની મુનિ મુક્તિનું કારણ માને છે.

વિભાવની રુચિ છોડીને જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરવી તે સ્વઘરમાં આવવાનો ઉપાય છે. વિકાર તો પરઘર છે અને શરીર તો તદ્દન જુદું છે. શરીર તો કોઈ સાથે લઈને આવ્યું નથી અને સાથે લઈને કોઈ જઈ શકતું નથી. જીવ તો અવતાર બદલીને ક્યાંય બીજે ચાલ્યો જાય છે અને શરીરને તો સ્મશાનમાં લઈ જઈને બાળી દે છે. તેને નિજઘર કેમ કહેવાય?

વિષ્ણુમાં થઈ ગયેલાં નરસિંહ મહેતા જેવા પણ એમ કહે છે કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિં ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. માળા જપો કે વ્રત લઈ લો પણ આત્મતત્ત્વને ઓળખ્યા વિના તે સર્વ ક્રિયા જૂઠી છે. અભવિ પણ મહાવ્રતાદિ ક્રિયા પાળે છે પણ તે માત્ર પુણ્યબંધનું કારણ છે. પુણ્યથી રહિત પવિત્ર ભગવાન આત્માની જ્યાં સુધી શ્રદ્ધા નથી, જ્ઞાન નથી ત્યાં સુધી મુક્તિમાર્ગની શરૂઆત પણ નથી. શુભાચરણ માત્ર પુણ્યબંધના કારણ છે. મુક્તિના કારણ નથી.

અજ્ઞાની મુનિ કોઈ પુસ્તક બનાવે, સંસ્કૃત શ્લોકોનાં અર્થ કરે, ટીકા બનાવે અને તેનાથી ધર્મ થયો માને તો કહે છે કે પુસ્તક બનવું એ તો જડની ક્રિયા છે અને તારો શુભભાવ હતો એ તો પુણ્યબંધનું કારણ હતું તેનાથી ધર્મ શી રીતે થાય? પુસ્તકમાં નામ લખાવે છે ને! અરે! આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યજ્યોતિ છે તેને નામ કેવું! બીજાંથી જુદાં પાડવા માટે નામની સંજ્ઞા આપવામાં આવે છે, બાકી વસ્તુની અંદર કોઈ નામ-ઠામ નથી.

માણેકભાઈ! આ માણેક બહુ મોંઘા છે—દુર્લભ છે. તે શુભરાગથી તેની પ્રાપ્તિ નહિં થાય. શુભરાગની ક્રિયાઓ કરીને મુક્તિનું માણેક લેવા માંગે છે તે મૂઢાત્મા છે, તેને આત્માનો

બોધ નથી. જેને આત્માનો બોધ છે એવા જ્ઞાની, મુનિ તો શુભરાગને સાક્ષાત્ પુણ્યબંધના કારણ જાણે છે. પરંપરા મુક્તિના કારણ કહેવાય છે તોપણ જ્ઞાની શુભરાગને નિશ્ચયથી મુક્તિનું કારણ માનતાં નથી. ટીકામાં જ શબ્દ છે કે **निश्चयेन मुक्तिकारणं न मन्यते।** વ્યવહારનયથી બાહ્યચારિત્રને અંતરના ચારિત્રનું નિમિત્ત કહેવામાં આવે છે. પણ તે મુક્તિનું કારણ નથી, પુણ્યબંધનું કારણ છે એમ ધર્મી માને છે.

નિશ્ચય એટલે યથાર્થ દૃષ્ટિથી આત્મા સ્વભાવે પવિત્ર છે. તે પવિત્રતામાં એકાગ્રતા થવી તે જ મુક્તિનું કારણ છે. વચ્ચે જે જિનદીક્ષા, મહાવ્રત, દાન આદિ ભાવ આવે છે તેને જ્ઞાની મુક્તિનાં કારણ માનતાં નથી. હજુ તો જે પાપની મજૂરીમાંથી બહાર નીકળતા નથી અને અમે દુકાન જમાવી છે, અમારાં ધંધા સારાં ચાલે છે....એવા અભિમાન કરે છે પણ એને ખબર નથી કે જડનાં કાર્યો તો જડથી થાય છે તેનું અભિમાન તું શા માટે કરે છે! એક સમયમાત્ર પણ પરદ્રવ્યના કાર્ય જીવથી થતાં નથી માટે 'અત્યાર સુધી તો અમે ઘણાં કામ કર્યા, હવે નથી થતાં...' એવા અભિમાન કરવા છોડી દે ભાઈ!

જેમાંથી ત્રિકાળ કેવળજ્ઞાન નીકળે એવા ભગવાન આત્માનો જેને વિશ્વાસ છે એવા ધર્મી વ્રત, જપ, તપ, જાત્રા આદિ શુભરાગને પુણ્યબંધનાં કારણ જાણે છે, મોક્ષનાં કારણ માનતાં નથી. તેને જ અજ્ઞાની મોક્ષનાં કારણ માને છે. તેથી જ અહીં તેને મૂઢાત્મા કહ્યાં છે. આ ૮૮ ગાથા થઈ.

હવે ૮૯ ગાથામાં સાધુની જ વાત કરે છે કે કમંડળ, પીંછી, પુસ્તક આદિ ઉપકરણ અને શિષ્યાદિનો સંઘ જ આવા મુનિઓને મોહ ઉત્પન્ન કરાવીને ખોટા માર્ગમાં ફેંકી દે છે.

**चट्टहिँ पट्टहिँ कुंडयहिँ चेल्ला–चेल्लियणहिँ।**
**मोहु जणेविणु मुणिवरहँ उप्पहि पाडिय तेहिँ॥८९॥**

અર્થ :—પીંછી, કમંડળ, પુસ્તક અને મુનિ–શ્રાવકરૂપ ચેલા, અર્જિકા, શ્રાવિકા આદિ ચેલી—આ સંઘ મુનિઓને મોહ ઉત્પન્ન કરાવીને ઉન્માર્ગમાં ફેંકી દે છે.

જેમ, કુટુંબ-કબીલાનાં માણસોને મારાં મારાં કરીને જગતના પ્રાણી મોહથી નરકાદિમાં ચાલ્યાં જાય છે તેમ, સાધુ થયા પછી પણ પીછી, કમંડળ આદિ અને ચેલા-ચેલી આદિમાં મારાપણું કરી કરીને મુનિ પોતાને સંસારમાં ફેંકી દે છે. જેને પોતાના શુદ્ધસ્વરૂપનું ભાન નથી તેને પરપદાર્થ મોહ ઉત્પન્ન કરાવ્યા વગર રહેતાં નથી. અમારે તો કરોડપતિ અને અબજોપતિ શિષ્યો છે—એમ કરીને અભિમાન કરે છે તે પણ મોહ છે. મોહ કોઈ પરદ્રવ્ય ઉત્પન્ન કરાવી

www.vitragvani.com



દેતું નથી પણ આ જીવ પોતે તેનાં મોહમાં રોકાય છે ત્યારે તે પરદ્રવ્યને મોહનાં નિમિત્ત કહેવાય છે.

જેને પોતાના શુદ્ધસ્વરૂપનો વિશ્વાસ અને જ્ઞાન નથી તેને પર પ્રત્યે મોહ થયા વિના રહેતો નથી. ઘર-બાર છોડ્યા હોય તો મુનિને ચેલા-ચેલીમાં અને પીંછી, પુસ્તક આદિમાં મોહ થાય છે. આ મારા છે, મને તેનાથી લાભ છે, મારાંથી આ બધાને લાભ છે એવી ભ્રમણા થાય છે. પણ એ કોઈ ક્યાં તારાં છે! જે તારાં હોય તે તારાથી જુદાં ન હોય. અને જે જુદાં હોય તે તારાં થતાં નથી.

અહો! મારો સ્વભાવ તો જ્ઞાનાનંદથી ભરપૂર છે. કિંમતી ચીજ તો હું જ છું. મારી પાસે બીજી કોઈ ચીજ કિંમતી નથી—હું પોતે જ કીંમતી છું—એમ જેણે પોતાના સ્વરૂપની સમ્યગ્દર્શનરત્ન વડે કિંમત ન કરી તેવા અજ્ઞાની જીવોને ઘરના માણસો મોહ ઉત્પન્ન કરાવે છે. એમ, અહીં મુનિઓની વાત કરી છે કે અરે! સાધુ થઈને પણ તને તારાં નિધાનની દૃષ્ટિ નહિં અને શિષ્યાદિને મારાં...મારાં...કરીને તારે ક્યાં જવું છે? મોહ તો જીવને નરક-નિગોદમાં લઈ જાય છે.

ગૃહસ્થોને એવું હોય છે કે ૮-૧૦ સંતાન હોય તો તેનો મોહ ૮-૧૦ વચ્ચે વહેંચાઈ જાય છે અને એક જ સંતાન હોય તો બધો મોહ એક ઉપર જ રહે છે. પોતાના સ્વરૂપનું ભાન નથી એટલે બધું મારાપણું એક ઉપર નાંખી દે છે. તેમ મુનિને પણ જો આત્માનું જ્ઞાન નથી તો પીંછી, કમંડલ કે પુસ્તક જેવી નાની નાની ચીજોમાં મોહ થઈ જાય છે. ત્યારે તે ચીજોએ મોહ કરાવ્યો એમ કહેવાય છે, બાકી પરદ્રવ્ય જીવને મોહ ઉત્પન્ન કરાવી શકતું નથી. શુદ્ધ જ્ઞાયકમૂર્તિનો વિશ્વાસ નથી તેથી તેને બીજી ચીજ મોહમાં નિમિત્ત થાય છે.

તેથી જ રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે જો ગૃહસ્થ પોતાને દેહ, વાણી, મન અને પુણ્ય-પાપથી ભિન્ન અનુભવે છે તો ગૃહસ્થ પણ મોક્ષમાર્ગી છે અને બાહ્યથી મુનિ હોય પણ સ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન ન હોય અને પરમાં મોહ હોય તો તે અણગાર હોવા છતાં સંસારમાર્ગી છે. ધર્મી ગૃહસ્થ ગૃહસ્થાશ્રમમાં પણ નાળિયેરની જેમ છૂટાં રહે છે. જેમ ઉપરના છાલા, કાચલી અને રાતડથી સફેદ ટોપરું જુદું છે તેમ, છાલા સમાન શરીર, કાચલી સમાન આઠ કર્મ અને રાતડ સમાન શુભાશુભ વિકલ્પથી ચૈતન્યગોળો જ્ઞાનાનંદનો કંદ જુદો છે, મીઠો છે. તેનું જેને ભાન છે તે ગૃહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગી છે.

ભાવાર્થ :—હવે યોગીન્દ્રદેવકૃત ગાથાનાં ટીકાકાર અજીર્ણનું દ્રષ્ટાંત આપે છે. જેમ કોઈ અજીર્ણના ભયથી મનોજ્ઞ આહારને છોડીને લાંઘણ કરે છે. વળી અજીર્ણ દૂર કરવાવાળી કોઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મીઠી ઔષધિને લઈને જીભનો લંપટી થઈ, માત્રાથી અધિક ઔષધિ લઈને ઔષધિનું અજીર્ણ કરે છે. તેમ, અજ્ઞાની દ્રવ્યલિંગી–યતિ વિનયવાન પતિવ્રતા સ્ત્રી આદિને મોહ થવાનાં ભયથી છોડી જિનદીક્ષા લે છે અને મોહ દૂર કરવા માટે વૈરાગ્ય ધારણ કરીને ઔષધિ સમાન જે ઉપકરણ આદિ–તેને જ ગ્રહણ કરી તેના અનુરાગી થાય છે–તેની વૃદ્ધિથી સુખ માને છે તેણે તો ઔષધિનું જ અજીર્ણ કર્યું છે.

ઉપકરણ તો મુનિને નિમિત્ત માત્ર હોય છે પણ તેને જ મોહનું કારણ બનાવીને અજ્ઞાની મુનિ મોહની જાળમાં ફસાઈ જાય છે. પોતાના આનંદસ્વરૂપની તો પ્રતીતિ નથી તેથી પુસ્તક જેવા ઉપકરણને મોહનું સાધન બનાવે છે. અમે આ પુસ્તક બનાવ્યા છે તમે લ્યો...તમે લ્યો... અંદરમાં આત્મજ્ઞાન તો થયું નથી અને બાહ્યમાં મુનિવેષ લઈ લીધો છે તેથી વેષના બહાને પીંછી, પુસ્તક આદિ ઉપકરણને ગ્રહણ કરીને પ્રેમ કરે છે અને તેની વૃદ્ધિથી પોતાને સુખ માને છે. તો આ તો રોગનો નાશ થવાને બદલે મોહરૂપી રોગની વૃદ્ધિ થઈ. માટે કહે છે કે માત્રાથી અધિક ઔષધિ લેવાથી રોગ મટતો નથી પણ વધી જાય છે. આ નિઃસંદેહ સમજવું.

આથી, નિશ્ચય થયો કે જે પરમ ઉપેક્ષા સંયમ અર્થાત્ નિર્વિકલ્પ-પરમસમાધિરૂપ ત્રણ ગુપ્તિમયી પરમ શુદ્ધોપયોગરૂપ સંયમના ધારક છે તેને શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત બધો જ પરિગ્રહ ત્યાગવા યોગ્ય છે. તેમને તો વિકલ્પ ઉઠે છે તે પણ છોડવાલાયક છે. સ્વરૂપની દૃષ્ટિ છે, સ્વરૂપનું જ્ઞાન છે અને સ્વરૂપમાં સ્થિરતા પણ અમુક પ્રકારની છે પણ ધ્યાનમાં લીન થઈ શકતાં નથી ત્યાં સુધી શુભ પરિણામ આવે છે. મુનિના ભાવસંયમની રક્ષામાં નિમિત્ત હીનસંહનન હોવાથી, ઉત્કૃષ્ટ શક્તિનાં અભાવથી તપનાં સાધનરૂપ શરીરની રક્ષા માટે અન્ન-જળનું ગ્રહણ હોય છે પણ તેમાં મમત્વ હોતું નથી. શરીરનાં નિર્વાહ માટે અન્ન-જળ ગ્રહણ કરે છે તો મલ-મૂત્રાદિની બાધા પણ થાય છે તે માટે કમંડળ, સંયમની રક્ષા માટે પીંછી અને જ્ઞાનના ઉપકરણરૂપ પુસ્તક ત્રણેયનું ગ્રહણ કરે છે પણ તેનું મમત્વ થતું નથી. મારું મુખ્ય કર્તવ્ય તો એકમાત્ર મારાં સ્વરૂપનાં અતીન્દ્રિય આનંદનાં સ્વાદમાં રહેવું તે છે પણ તેમાં જ્યારે રહી ન શકાય ત્યારે અન્ન-જલાદિનો વિકલ્પ આવે છે તેને મુનિ બંધનાં કારણ જાણે છે, મુક્તિનાં કારણ માનતાં નથી.

પ્રયોજનમાત્ર પ્રથમ અવસ્થામાં મુનિને આવા વિકલ્પ હોય છે. આ વાત બીજી જગ્યાએ '**रम्येषु**' ઇત્યાદિથી કહી છે કે મનોજ્ઞ સ્ત્રી આદિક વસ્તુઓમાં જેણે મોહ તોડી નાંખ્યો છે એવા મહામુનિ સંયમના સાધન પુસ્તક, પીંછી, કમંડળ આદિ ઉપકરણોમાં વૃથા મોહ કેમ કરી શકે? ન જ કરે. જેમ કોઈ બુદ્ધિમાન પુરુષ રોગના ભયથી અજીર્ણને દૂર કરવા માગે અને અજીર્ણ દૂર કરવા માટે ઔષધિનું સેવન કરે તો શું તે માત્રાથી અધિક ઔષધિ લે! ન જ લે. માત્રા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રમાણ જ લે. રોગીને ભસ્મની દવા આપે છે ને! તો એ રતિભાર જ લેવાની હોય. વધારે ન લેવાય. તેમ ધર્મીને દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં જ્યારે સ્વરૂપમાં ઠરી ન શકાય ત્યારે અન્ન-જળ, પુસ્તકનું વાંચન-લેખન આદિ શુભવિકલ્પ આવે છે પણ તેમાં મમત્વ થતું નથી.

ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિં તે સ્થિરતાનો અંત જો...
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો...

ધર્માત્માની દૃષ્ટિ સ્વરૂપમાં સ્થિર થઈ છે અને ભાવનામાં એ છે કે અમારે આહાર સરસ હો કે નીરસ હો, ઉપસર્ગ હો કે પરિષહ હો પણ અમારામાં વિષમતા ન આવે, સમતા બની રહે આવી દૃષ્ટિ અને ભાવના છે તો સમતાભાવમાં રહે છે અને તેની મુક્તિ થાય છે. જો બાહ્યક્રિયામાં વિશેષતા માની લે છે તો તે મૂઢાત્મા—બહિરાત્મા થઈ જાય છે. માટે ધર્માત્માએ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે તો તેની શુદ્ધિની વૃદ્ધિ કરવી, બાહ્ય સાધનની મમતા ન કરવી.

❀

❀ પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા! સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૭૯)*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમ્યગ્દર્શન વિના મુનિ થઈને પણ આત્માને ઠગે છે

(સળંગ પ્રવચન નં–૧૩૩)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં દિગંબર મુનિ યોગીન્દ્રદેવે આ શાસ્ત્રની રચના કરી છે. ભગવાન સર્વજ્ઞદેવથી ચાલ્યા આવતાં માર્ગનો અંતરમાં અનુભવ કરી, ભાવલિંગ સાધુદશા પ્રગટ કરી જીવોના ઉપકાર હેતુએ આ પરમાત્મપ્રકાશ બનાવ્યું. તેમાં મુનિરાજે બહુ જ ઊંચી અર્થાત્ મૂળ ચીજ બતાવી દીધી છે.

૮૯ ગાથા કાલે ચાલી ગઈ. ૯૦ ગાથા લેવાની છે. તેમાં કહે છે કે જેણે જિનદીક્ષા ધારણ કરીને કેશનો લોંચ કર્યો પણ સકલ પરિગ્રહનો ત્યાગ ન કર્યો તેણે પોતાના આત્માને જ છેતર્યો છે. બાહ્યથી મુનિલિંગ લીધું, પંચ મહાવ્રત પાળ્યાં, કેશલોંચ કર્યો એ કાંઈ મુનિપણું નથી.

**केण वि अप्पउ वंचयउ सिरु लुंचिवि छारेण।**
**सयल वि संग ण परिहरिय जिणवर लिंगधरेण ॥९०॥**

અર્થ :—જેણે જિનવરનો વેષ તો ધારણ કર્યો, ભસ્મથી માથાના કેશનો લોંચ કર્યો પણ બધો પરિગ્રહ ન છોડ્યો તેણે પોતાના આત્માને જ ઠગી લીધો.

આ સકલ પરિગ્રહના ત્યાગની ગાથા છે. તેમાં પ્રથમ પરિગ્રહની વ્યાખ્યા કરે છે. આ ૯૦, ૯૧ અને ૯૨ ત્રણ ગાથા સિવાય આખું પરમાત્મપ્રકાશ ટેપરેકોર્ડિંગમાં ઉતરી ગયું છે. ઈન્દોરવાળા પંડિત બંસીધરજી અહીં ત્રણ મહિના રોકાયા હતાં ત્યારે ૯૩ ગાથાથી પ્રવચનો કર્યા હતાં. આ ત્રણ ગાથા હવે લઈએ છીએ. આમાં શું કહે છે તે જુઓ!

પ્રથમ, તો સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન હોય તેને સાચું ચારિત્ર આવે છે. સમ્યગ્દર્શન વિના તો છઢાળામાં કહ્યું છે તેમ 'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.' સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાનનો અર્થ શું છે? કે આત્મા વીતરાગ આનંદકંદ છે તે જ હું છું. આ શરીર, વાણી, મનની જે ક્રિયા થાય છે તે જડથી થાય છે અને જડની જ એ ક્રિયા છે, મારી નથી. શરીર ચાલે છે, વાણી બોલાય છે એ બધી જડ–અજીવ–ધૂળની ક્રિયા છે. તે ક્રિયા આત્માથી થતી નથી એવા ભેદજ્ઞાનપૂર્વક શ્રદ્ધા–

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્ઞાન અને ચારિત્ર છે તે ત્રણ રત્નો છે. આ ત્રણ રત્નો વડે મુક્તિનું મળવું થાય છે. એ વિના મુક્તિ મળતી નથી. તેમાં પણ વિશેષ એ છે કે સમ્યગ્દર્શન વિના બાહ્યથી વેષ લઈ લે તો એ સાચું ચારિત્ર નથી માટે તેનાથી મુક્તિ મળતી નથી.

ભાવાર્થ :—વીતરાગ નિર્વિકલ્પ નિજાનંદ અખંડરૂપ સુખરસનો જે આસ્વાદ તે રૂપે પરિણમેલી પરમાત્મભાવનારૂપી તીક્ષ્ણ શસ્ત્ર વડે બાહ્ય અને અંતરંગ પરિગ્રહની વાંછાથી માંડીને સમસ્ત મનોરથની કલ્લોલ માલાઓના ત્યાગરૂપ મનનું મુંડન તો ન કર્યું અને જિનદીક્ષારૂપ શિરોમુંડન કરીને વેષ ધારણ કર્યો છે તેણે પોતાના આત્માને જ છેતર્યો છે. આમ સમજીને નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ સ્વરૂપને અંગીકાર કરીને ત્રણકાળ ત્રણલોકમાં મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાથી જોયેલા, સાંભળેલા અને અનુભવેલા સર્વ પરિગ્રહોની વાંછા ત્યાગવી જોઈએ. આ પરિગ્રહ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે.

જેમ, મીઠાની કાંકરીમાં એકલી ખારાશ ભરી છે, ખડીની કણીમાં એકલી સફેદાઈ ભરી છે, અફીણની કટકીમાં એકલી કડવાશ ભરી છે તેમ, ભગવાન આત્મામાં એકલો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એકલો અતીન્દ્રિય આનંદ જ નહીં પણ આત્મામાં તો અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય દર્શન, અતીન્દ્રિય બળ, અતીન્દ્રિય વીર્ય, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા એવાં એવાં અનંત અનંત બેહદ ગુણો આત્મામાં ભર્યા પડ્યાં છે. તે ગુણો સંખ્યાએ કેટલા છે?—કે અત્યાર સુધીમાં જેટલાં સિદ્ધો થયાં છે (છ મહિના ને આઠ સમયમાં છસોને આઠ જીવો સિદ્ધ થાય છે એવા અનંતકાળમાં અનંત સિદ્ધો થયા છે) તેનાથી અનંતગુણા જીવ નિગોદની એક કટકીમાં રહેલાં અસંખ્ય શરીરોમાંથી એક શરીરની અંદર રહેલાં છે. એ સંખ્યા કરતાં સમસ્ત જીવરાશિની સંખ્યા અનંતગણી છે. તેના કરતાં પુદ્‌ગલ પરમાણુની સંખ્યા અનંતગુણી છે. તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશો છે (અસંખ્ય ચોવીશીના સમય જેટલાં લોકાલોકના પ્રદેશો છે તેનાથી અનંતગુણા પ્રદેશો અલોકાકાશમાં છે કેમકે લોકનો તો ક્યાંય અંત નથી). તેનાથી અનંતગુણા એક એક આત્મામાં ગુણો રહેલાં છે. આવા આત્માને ઓળખ્યા વિના સમ્યગ્દર્શન કેમ થાય! પણ એને ક્યાં ખબર જ છે કે હું કેવો છું! પોતાની ઓળખાણ વિના ધર્મ કેમ થાય! અનંત અનંત શક્તિવાળા એક નહિં પણ અનંતગુણો એક એક આત્મામાં છે–આવો આત્મા વીતરાગ સ્વભાવે છે.

આવા વીતરાગસ્વભાવી આત્માની ઓળખાણ અને રુચિ કરીને, અનંત જડ પદાર્થોની રુચિ છોડીને, કર્તાબુદ્ધિ છોડીને અને અનંત અન્ય જીવદ્રવ્યોનું ભલું–બૂરું તેના પોતાથી છે, મારાથી નહિ એમ જાણીને તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, પોતાના શુદ્ધસ્વરૂપ ઉપર દૃષ્ટિ એકાગ્ર કરવી અને આત્મામાંથી અતીન્દ્રિય આનંદનું વેદન આવવું....તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



યોગીન્દ્રદેવ કહે છે કે ભગવાન આત્માની અતીન્દ્રિય આનંદના વેદન સહિત દૃષ્ટિ ન થાય ત્યાં સુધી સમ્યક્ દર્શન નથી. તો સાચું મુનિપણું તો ક્યાંથી હોય! માટે, સમ્યગ્દર્શન વિના મુનિવેષ લઈ લેવો તે એકડાં વિનાનાં મીંડા જેવું છે.

ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણસ્વરૂપ વસ્તુ છે. તેનો રાગ વિનાના વીતરાગ નિર્વિકલ્પ, નિજના આનંદ સાથે અખંડરૂપ એટલે એકરૂપ સુખરસનો આસ્વાદ લેવો તે સમ્યગ્દર્શન છે, પણ અનંતકાળમાં જીવે સમ્યગ્દર્શન તો પ્રાપ્ત નથી કર્યું પણ સમ્યગ્દર્શન શું છે તે સમજ્યો પણ નથી! દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરીને સમકિત માની લીધું છે. અહીં તો મુનિરાજ કહે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુની અને નવ તત્ત્વની શ્રદ્ધા થાય તોપણ એ શુભરાગ છે, સમ્યગ્દર્શન નથી. ભારે ઝીણી વાત!

અરે જીવ! આત્મદર્શન વિના અનંતવાર તેં આવા જિનલિંગ ધારણ કર્યા.....વસ્ત્ર સહિત સાધુપણું નહીં....આ તો જિનવરે કહેલું બાહ્યલિંગ ધારણ કર્યું, એકદમ ચોખ્ખા મહાવ્રત પાળ્યા, પ્રાણ જાય તોપણ પોતાના માટે કરેલો આહાર ન લે એવું કડક પાલન કર્યું....એમાં રાગ છે તે શુભરાગ છે અને દેહની ક્રિયા તે જડની ક્રિયા છે, તેનાથી ખસીને—અજીવની અને વિકારની રુચિ છોડીને સ્વરૂપની રુચિ કદી કરી નથી.

નિર્વિકાર શુદ્ધ ચિદાનંદ નિજ ભગવાન આત્માની રુચિ કરીને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે તો સમ્યગ્દર્શન થયું. હવે આગળ મુનિપણું ક્યારે આવે?—કે આવા નિજ પરમાત્માની વિશેષ ભાવના—એકાગ્રતા દ્વારા બાહ્ય અને અંતરંગ સર્વ પરિગ્રહનો ત્યાગ કરે ત્યારે મુનિપણું આવે છે.

પ્રથમ તો નિર્વિકલ્પ નિજ ભગવાન આત્માની દૃષ્ટિ અને અનુભૂતિ દ્વારા 'આ જ હું આત્મા છું' એવી પ્રતીતિ લાવવી તેનું નામ સમ્યગ્દર્શન છે. શરીરાદિ તો હું નહીં, અશુભરાગ તો મારું સ્વરૂપ નહીં પણ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન, અણુવ્રત—મહાવ્રતનું પાલનરૂપ શુભરાગ પણ મારી અનુભૂતિથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રયનો રાગ પણ હું નહીં એવા રાગ રહિત શુદ્ધસ્વરૂપનું અંતરમાં જ્ઞાન થાય છે તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

હવે ચારિત્ર એટલે શું? કે ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવું. સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાનમાં એકાગ્રતા તો હતી પણ તેનાથી વિશેષ ચારિત્ર દ્વારા એકાગ્રતા થવી તે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ વીતરાગી એકાગ્રતા—ભાવના તે જ તીક્ષ્ણ શસ્ત્ર છે. અર્થાત્ અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની લીનતાને જ આચાર્યદેવ તીક્ષ્ણ શસ્ત્ર કહે છે. તેના દ્વારા જેણે નિમિત્તરૂપ બાહ્ય પરિગ્રહનો અને અંતરંગમાં રહેલો મિથ્યાત્વાદિ પરિગ્રહનો ત્યાગ કર્યો—છેદ કર્યો તે તો સાચા ભાવલિંગી મુનિરાજ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દલપતરામ કવિ થઈ ગયા તેણે લખ્યું છે કે 'વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર!' સમ્યગ્દર્શન શું, સમ્યગ્જ્ઞાન શું, સમ્યક્ચારિત્ર શું એ તો સમજે નહીં અને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરી લે, થોડાં વ્રત પાળી લે અને પોતાને ચારિત્રવંત માની લે છે તે પોતાના આત્માને જ છેતરે છે. જેને સમ્યગ્દર્શન—જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ નથી તેને બાહ્યની બધી વાંછા પડી હોય છે. શુભરાગ કરવો એ મારું કર્તવ્ય છે. દયા-દાન-વ્રતનો ભાવ આવ્યો એ મારું કર્તવ્ય છે એવા સમસ્ત મનોરથ—આત્મરથ નહીં પણ મનોરથ—શુભાશુભ સંકલ્પ—વિકલ્પના મનોરથ ચલાવ્યા કરે છે કે શુભાશુભરાગ અમારાં છે, દેહ અમારો છે, દેહની ક્રિયા અમારી છે....એવા સંકલ્પ—વિકલ્પની ધારા ઊઠે છે તે પાણીમાં ઉઠતાં કલ્લોલ જેવી વિકલ્પોની માળાઓના ત્યાગરૂપ મનનું મુંડન તો ન કર્યું અને જિનદીક્ષારૂપ માથાનું મુંડન કરીને મુનિવેષ ધારણ કર્યો તેનું અડધું કામ તો થઈ ગયું ને! અરે ભાઈ! વાળનું મુંડન તો ઘેટાં—બકરાને પણ કરે છે તેનાથી આત્માનું કામ થયું કેમ કહેવાય! આત્માના સમ્યગ્દર્શન વિના અઠ્યાવીશ મૂળગુણની ક્રિયા પાળે તો પણ જન્મ-મરણનો નાશ થતો નથી.

અરે! એણે એટલીવાર ત્યાગ કર્યો છે કે તેના પીંછી—કમંડળનો ઢગલો કરો તો અનંતા મેરુ ભરાય. પણ જ્યાં સુધી રાગથી પૃથક્ અખંડાનંદપ્રભુની દૃષ્ટિ અને અનુભવ નથી કર્યો તો એણે અંદરમાં મનનું મુંડન કર્યું નથી તેથી મનમુંડન વિના બાહ્યત્યાગ કે રાગની મંદતાથી યથાર્થ મુનિદશા કદી થઈ નથી. માટે, અહીં કહે છે કે વાંછારૂપ મનનું મુંડન કર્યા વિના વ્રતાદિ લઈ લીધા, દીક્ષા લઈ લીધી અને મુનિપણું માની લીધું તેણે આત્માને ઠગી લીધો છે. સંસ્કૃત ટીકામાં શબ્દ છે...**मनोमुण्डनं पूर्वमकृत्वा**....પ્રથમ તો આત્મદર્શન—આત્મજ્ઞાન વિના વ્રત લઈ લીધા તેણે આત્માને ઠગી લીધો. મનમુંડન કર્યા વિના શિરમુંડન કરી મુનિપણું માની લીધું. આમાં આત્માના હિતનું કાર્ય તો ન થયું પણ મિથ્યાત્વરૂપ આત્મઅહિતનું કાર્ય થયું.

મિથ્યાત્વ તે જ મોટો સંસાર છે અને સમ્યક્ત્વ એ જ મોટો મુક્તિમાર્ગ છે. સમયસાર નાટકમાં મોક્ષઅધિકારના સારમાં આવે છે કે પ્રગટ થાઓ કે મિથ્યાત્વ તે જ આસ્રવ—બંધરૂપ સંસાર છે અને મિથ્યાત્વનો અભાવ એ જ સંવર—નિર્જરા અને મોક્ષ છે. શુભ—અશુભભાવ એ મારાં છે અને મને લાભકર્તા છે એવી માન્યતા જ મોટું મિથ્યાત્વ છે. નવા આવરણનું કારણ એ જ છે અને એ જ ભાવબંધરૂપ છે. તેનાથી નવા દર્શનમોહનો દ્રવ્યબંધ પડે છે. તેનાથી વિરુદ્ધ શુદ્ધ ચૈતન્ય અખંડઆનંદસ્વરૂપ આત્મા તે જ હું! દેહ દેહની ક્રિયા કે શુભાશુભરાગ હું નહીં. પરની દયા પાળવાનો કે પરની હિંસા કરવાવાળો હું નથી. હું તો તેનો જાણવાવાળો છું. એ પણ વ્યવહારથી જાણવાવાળો છું. હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાતાસ્વભાવ છું. ત્રણકાળ ત્રણલોકને જાણવા-દેખવાવાળો છું—રાગનો એક કણ ઊઠે છે તે પણ મારે કરવાયોગ્ય કાર્ય નથી એવા અનુભવની દૃષ્ટિ થવી તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આ સમ્યગ્દર્શન થતાં જ સંવર—નિર્જરા શરૂ થઈ જાય છે અને તેની ઉગ્રતાની સ્થિરતા થતાં મોક્ષ થઈ જાય છે. મોક્ષમાર્ગમાં વ્યવહાર વચ્ચે આવે છે જરૂર પણ તે બંધનું કારણ છે, મોક્ષનું નહીં. ઘણાં વર્ષોથી ભજન કરતાં હો પણ દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તેની તો ખબર ન હોય અને અમે ધર્મી છીએ એમ માની લો તો ધર્મ થઈ જવાનો નથી. ભક્તિ હોય છે પણ તેની મર્યાદા શુભભાવ પૂરતી છે. તેનાથી વિશેષ ધર્મ થાય છે—એમ નથી. માણસને આવી શ્રદ્ધા થવી પણ કઠણ પડે છે ત્યાં સમકિત તો દૂર રહી ગયું.

સમકિત કઠણ છે માટે ન થાય એમ નથી. આઠ વર્ષની બાળકીને પણ થઈ શકે છે. અરે! ભગવાન ત્રિલોકનાથ તો કહે છે કે સાતમી નરકમાં પણ અનાદિના મિથ્યાદૃષ્ટિ જીવ સમકિત પામી શકે છે, પામે છે. પૂર્વે રાજા—મહારાજા હોય, ત્યાં જ્ઞાનીની વાણી સાંભળી હોય પણ દરકાર ન કરી હોય, પાપ કરીને નરકે જાય ત્યાં કોઈ જીવને યાદ આવી જાય કે અરે! આત્માની વાત મેં જ્ઞાની પાસે સાંભલી હતી પણ સાવધાન થઈને આત્માનું ભાન ન કર્યું....મારી જિંદગી નિષ્ફળ ગઈ એમ પશ્ચાત્તાપ કરતો કરતો અંદરમાં ઉતરી સમ્યગ્દર્શન પામી જાય છે. અનંતકાળમાં જે આત્મભાન ન કર્યું એવું અપૂર્વ કાર્ય સાતમી નરકમાં તીવ્ર અશાતાની વચ્ચે રહીને પણ કરી લે છે. સમ્યગ્દર્શન સહિત અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી લે છે તેથી તો પદ આવે છે કે "ચિન્મૂરત દૃગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી, બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખ રસ ગટાગટી". શ્રેણિકરાજા અત્યારે પહેલી નરકમાં છે. પહેલાં નરકનું આયુષ્ય બંધાઈ ગયું અને પછી સમ્યગ્દર્શન થયું. અહો! હું તો આત્મા—આનંદકંદ છું. કોઈ પણ જાતનો રાગ છે તે મારું સ્વરૂપ નથી એવો અનુભવ થયો પણ ગતિ તો બદલાય નહીં. આયુની સ્થિતિ લાંબી હતી તે ઘટીને ચોરાશી હજાર વર્ષની રહી ગઈ એ બધો સમ્યગ્દર્શનનો પ્રતાપ છે.

દૌલતરામજીએ સમ્યગ્દૃષ્ટિને ચિન્મૂરત કહ્યાં છે. ચિન્મૂર્તિ અર્થાત્ જ્ઞાનની મૂર્તિ જ્ઞાનસૂર્ય છે તે નરકમાં બાહ્યથી દુઃખ ભોગવે છે છતાં અંતરમાં સુખરસની ગટાગટી કરે છે. આવા સમ્યગ્દર્શનની મહિમા લોકોએ સાંભળી નથી અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર લઈને બેસી જાય છે. સમ્યગ્દૃષ્ટિ તો મરીને સ્વર્ગમાં ગયા હોય તો ત્યાં અનેક દેવાંગનાઓ સાથે રમણ કરતાં હોવા છતાં પરિણતિ તો ત્યાંથી પાછી હટીને સ્વરૂપમાં રમણ કરવા લાગે છે. 'જ્ઞાન—વૈરાગ્ય શક્તિ' જ્ઞાનીને એવી પ્રગટ થઈ ગઈ છે કે ઉદયને ભોગવતાં છતાં કર્મોનો રસ ઘટતો જ જાય છે. "સદન નિવાસી, તદપિ ઉદાસી, તાતૈં આસ્રવ છટાછટી..." સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો, ઘર, સ્ત્રી, પુત્ર, ધનાદિની વચ્ચે હો તોપણ તેનાથી ઉદાસ છે. તેથી કષાયભાવો તો ઘટતાં જ જાય છે કેમકે દૃષ્ટિ સમ્યક્ થઈ ગઈ છે.

www.vitragvani.com



'જે ભવહેતુ અબુધકેં તે, તસ કરત બંધકી ઘટાઘટી.' અજ્ઞાની—અબુધને તે ભાવ બંધના કારણે છે કેમ કે શુભાશુભભાવને તે પોતાને કરવાયોગ્ય કાર્ય માને છે ધર્મના કારણ માને છે, તેથી તે ભાવ અબુધને બંધના કારણ છે. જ્યારે જ્ઞાની એ ભાવને ધર્મનું કારણ નહીં માનતાં હોવાથી બંધને છેદી નાખે છે. સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વના પ્રતાપે નારક, પશુ, સ્ત્રી કે વિકલત્રય જેવી હલકી ગતિમાં ઉત્પન્ન થતાં નથી.

'સંયમ ધર ન સકૈ પૈ સંયમ ધારનકી ઉર ચટાચટી.' સમ્યગ્દૃષ્ટિ અવિરતદશામાં ચારિત્રમોહવશ સંયમ ધરી ન શકતાં હોવા છતાં અંતરમાં એવી ભાવના વર્ત્યા જ કરે છે કે ક્યારે સ્વરૂપમાં સ્થિર થાઉં! એવી ચટાચટી રહ્યાં કરે છે. આવા સમ્યગ્દૃષ્ટિના સુયશને હું શું કહું! ચોથા ગુણસ્થાનવર્તી સમકિતીની આ મહિમા છે. છઢાળામાં આવી ગયું કે સમકિતીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો આવ્યો છે પણ વિશેષ સ્થિરતા થઈ નથી—લેશ પણ સંયમ પ્રગટ થયો નથી છતાં સુરનાથ એટલે દેવેન્દ્રો પણ સમકિતીને પૂજે છે. ત્રીજી ઢાળની ૧૫મી ગાથા છે :—

"દોષ રહિત ગુણ સહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,
ચરતિ મોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.
ગેહી પૈ ગૃહમેં ન રચૈં જ્યોં, જલતેં ભિન્ન કમલ હૈ,
નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ." ૧૫.

દૌલતરામજી કહે છે કે 'હું આત્મા' શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન દેહ તથા વિકારથી ત્રિકાળ નિરાળા સ્વભાવે છું. હું ત્રણકાળમાં કદી દેહની ક્રિયા કરતો જ નથી, પરના ત્યાગ–ગ્રહણ મારાં સ્વરૂપમાં છે જ નહીં આવી સમ્યક્દૃષ્ટિ થઈ છે પણ ચારિત્રમોહવશ એટલે કે ચારિત્રમોહના કારણે નહીં પણ ચારિત્રમોહને વશ થવાથી સંયમનું પાલન નથી. છતાં આવા સમકિતીને ઈન્દ્ર જેવા પણ પૂજે છે—ચિત્રમાં જુઓ—સમકિતી બેઠા છે તેને ઈન્દ્ર આવીને વંદન કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા છે પણ જેમ જળથી કમળ ભિન્ન રહે છે તેમ સમકિતી ભિન્ન રહે છે. જેમ કાદવમાં સોનુ નિર્લેપ રહે છે તેમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રાગથી નિર્લેપ રહે છે—એકત્વ કરતાં નથી. જેમ, વેશ્યાને કોઈ પુરુષ ઉપર પ્રેમ નથી, તેને તો પૈસાનો પ્રેમ છે તેમ સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વભાવ સિવાય ક્યાંય પ્રેમ નથી. રાજપાટમાં રહ્યાં હોય છતાં ધર્મીની પ્રવૃત્તિ વેશ્યાના પ્રેમ ઉપર ઉપર હોય છે.

અહીં કહે છે કે પોતાના આનંદસ્વરૂપની અનુભવદૃષ્ટિ અને સ્વરૂપમાં વિશેષ રમણતારૂપી ચારિત્રની તીક્ષ્ણ ધાર વડે જેણે મનની વાંછાઓનું મુંડન તો કર્યું નહીં અને શિરનું મુંડન કરી લીધું તેને અંતરમાં રાગમાં એકત્વબુદ્ધિ અને બાહ્યમાં નિમિત્તરૂપ પરદ્રવ્યોનો પરિગ્રહ છૂટ્યો નથી માટે, તેણે તો પોતાના આત્માને ઠગી લીધો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આ વાત સમજીને નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ પરિગ્રહને અંગીકાર કરીને—જુઓ મૂળમાં પાઠ છે....**वीतरागपरमानंदपरिग्रहं कृत्वा**...ભગવાન! તારો પરિગ્રહ તો આ છે. તેને ગ્રહીને વિકાર અને પરના પરિગ્રહને છોડ! સમ્યગ્દૃષ્ટિનો પરિગ્રહ શુભાશુભભાવ નહીં શરીર કે શરીરની ક્રિયા અને ધનાદિ એ જ્ઞાનીનો પરિગ્રહ નહીં...ભારે વાત ભાઈ! ૯૧ ગાથામાં તો ઘણો વિસ્તાર આવશે.

પરિગ્રહ એટલે પરિ + ગૃહ = સમસ્ત પ્રકારે પક્કડ. તો સમકિતી અને મુનિને શેની પક્કડ હોય કે વીતરાગ પરમાનંદની જ પક્કડ હોય છે. ધર્મી આત્માનો પરિગ્રહ પકડી લે છે અને પુણ્ય-પાપનો પરિગ્રહ છોડી દે છે. પરિગ્રહનો અર્થ અહીં મમતા ન લેવો. જ્યાં સુધી અંતરંગમાં વીતરાગી પરમાનંદની પક્કડ ન થાય ત્યાં સુધી બાહ્ય પરિગ્રહની મમતા છૂટતી નથી.

કોઈએ મશ્કરી કરી કે તમે તો વીતરાગ છો. વીતનો અર્થ પૈસો પણ થાય છે એટલે એમ કે તમે પૈસાના રાગી છે. પહેલાને એમ થયું કે અમે વીતરાગ તો થયા નથી તો કેમ વીતરાગી કહે છે!....આવી મશ્કરી ન હોય. ભાઈ! અજ્ઞાનીને પુણ્ય—પાપની એકત્વબુદ્ધિ છે તે પણ એક પરિગ્રહ છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિને એ પરિગ્રહ તો નથી પણ વીતરાગ પરમાનંદનો પરિગ્રહ છે. મુનિરાજે ભાષા કેવી લીધી છે! ધર્મીને દયા-દાન-વ્રત-ભક્તિના રાગની કે શરીરાદિની મમતા બિલકુલ નથી. દેહની ક્રિયા છે તેનું માત્ર જ્ઞાન છે.

જેમ મકોડો કરડે તો કેવી પક્કડ કરી લે છે! છોડતો નથી તેમ સમકિતી પોતાના વીતરાગ પરમાનંદની પક્કડ એવી કરે છે કે છોડતા નથી. રાગની પક્કડ એવી છોડે છે કે ગ્રહતા નથી. સમકિતીને શ્રદ્ધામાં આવી પક્કડ છે પણ અસ્થિરતા હોય છે. પણ મુનિને તો રાગની અસ્થિરતા પણ હોતી નથી એકલા અતીન્દ્રિય આનંદના પિંડની પક્કડ કરી લીધી છે—અંગીકાર કરી લીધો છે તેથી ત્રણકાળમાં ક્યારેય પરની વાંછા નથી. પૂર્વે કરેલાં રાગનો પણ પ્રેમ નથી. પૂર્વે મેં શુભભાવ કર્યો હતો માટે મને આવો મનુષ્યભવ મળ્યો ને! એટલો લાભ તો થયો ને! એમ કરીને પૂર્વના રાગને ઠીક માનવો તે મિથ્યાત્વનો પરિગ્રહ છે. વળી ભવિષ્યમાં મને શુભભાવના ફળમાં અનુકૂળ દેહ આદિ મળે એવો ભાવ પણ પરિગ્રહ છે. તે બધાં પરિગ્રહને છોડીને અને મન-વચન-કાયા ત્રણેયથી થતાં પરિગ્રહને છોડી અને કરવું—કરાવવું અને અનુમોદવું એ ત્રણેયથી પરિગ્રહને છોડીને મુનિરાજ નિજસ્વરૂપના પરિગ્રહમાં લીન થાય છે. સમકિતી પણ પરિગ્રહને શુદ્ધાત્માના અનુભવના વેરી જાણતાં હોવાથી તેની મમતા છોડીને પોતાના શુદ્ધસ્વભાવને જ પોતાનો પરિગ્રહ માને છે, તેથી તેમાં જ દૃષ્ટિ અને એકાગ્રતા કરે છે, એ જ સમકિતીનો ધર્મ છે. દેખેલા, સાંભળેલા કે અનુભવેલા ભોગોની ધર્મી મમતા કરતાં નથી.

❋❋❋

# હે આત્મા! અંદરમાં જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાત્મા બિરાજે છે તેની પક્કડ કર!

(સળંગ પ્રવચન નં.–૧૩૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૯૦ મી ગાથાનો છેલ્લો ભાગ બાકી રહ્યો છે.

આચાર્યદેવ કહે છે કે જેને પોતાનું હિત કરવું છે તેણે પ્રથમ સમ્યગ્દર્શન પૂર્વક મનનું મુંડન કરવું જોઈએ. મનના મુંડન વગર માત્ર શિરનું મુંડન અને બાર વ્રત પાળવાથી પરિગ્રહનો ત્યાગ થતો નથી. છતાં પોતાને પરિગ્રહત્યાગી માને છે તે પોતાના આત્માને ઠગે છે.

જુઓ! આવું કથન સાંભળી–સમજીને નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આનંદસ્વરૂપને અંગીકાર કરીને ત્રણકાળ, ત્રણલોકમાં મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાથી દેખેલા, સાંભળેલા અને અનુભવેલાં જે પરિગ્રહ—તેની વાંછા સર્વથા ત્યાગવી જોઈએ. કારણ કે 'પરિગ્રહ' શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે.

શરીર, વાણી અને કર્મ તો પરિગ્રહ છે પણ શુભ અને અશુભભાવ પણ પરિગ્રહ છે. તેની રુચિ–દૃષ્ટિ છોડીને પોતાના નિર્મળાનંદ ભગવાન આત્મામાં એકાગ્રતાથી જે આત્માનો આનંદ આવે તે દ્વારા મારો આખો આત્મા આનંદમય છે એમ અંતરમાં પોતાના આત્માની પક્કડ કર!

'પરિગ્રહ'નો અર્થ પક્કડ થાય છે. બધાં પરિગ્રહની દૃષ્ટિ છોડીને નિજ આત્માની અંદર શક્તિમાં જે આનંદ અને શાંતિ પડ્યા છે તેને સ્વસંવેદન વડે પ્રગટરૂપ કરીને આનંદ અને શાંતિનો અનુભવ કરવો તે ધર્મીનો પરિગ્રહ છે. તેના વડે જ આખા આત્માની પ્રતીતિરૂપ પક્કડ થાય છે કે આ હું આત્મા છું.

સમ્યગ્દૃષ્ટિ અને મુનિધર્માત્મા તેને કહેવાય કે જેને શુભરાગ આવતો હોવા છતાં તેની પક્કડ નથી, પોતાના શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ શુદ્ધાત્માની પક્કડ છે. મુનિરાજને તો અશુભભાવ નથી અને શુભભાવ બહુ જ અલ્પ રહી ગયો છે તેની પણ મુનિને પક્કડ નથી.

૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં દિગંબર સંત યોગીન્દુદેવ આપણને સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલી વાત જ કહે છે. શાસ્ત્રનું નામ પરમાત્મપ્રકાશ છે ને! સમયસાર કહો કે

www.vitragvani.com



પરમાત્મપ્રકાશ કહો—બંને એક જ વાત છે. તેમાં કહેલી વાત સમજે નહિ તો એ શું સમજ્યો? માટે, સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું છે તેણે પ્રથમ આ વાંચવું. અનાદિથી પરિભ્રમણ કરી રહેલાં મિથ્યાદૃષ્ટિને કુંદકુંદ આચાર્ય આ સમયસાર સંભળાવે છે. અનંતકાળમાં જીવે આ વાત સાંભળી નથી. નગ્ન દિગંબર સાધુ થઈને, શુક્લલેશ્યાના પરિણામ કરીને નવમી ગ્રૈવેયક તો અનંતવાર જઈ આવ્યો પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કદી કરી નથી. આ કાળે અત્યારે સમ્યગ્દર્શન તો થઈ શકે છે. શુક્લલેશ્યા તો આ કાળે કોઈને હોય નહિ એવા ઉજ્જ્વળ પરિણામ કરીને તેના ફળમાં ગ્રૈવેયકમાં જીવ જઈ આવ્યો પણ કુંદકુંદ આચાર્ય કહે છે કે આત્માના હિતની આ વાત એણે કદી સાંભળી નથી કે એક વિકલ્પમાત્ર પણ મારા સ્વરૂપમાં નથી, રાગનું ઉત્થાન છે તે આત્મતત્ત્વ નથી. વિકલ્પમાત્રથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવ તે આત્માનો સ્વભાવ છે એવા સ્વભાવની પક્કડ કરવી તે સમ્યગ્દૃષ્ટિનો સાચો પરિગ્રહ છે.

મિથ્યાદૃષ્ટિને શરીર હું છું અને શરીરના કાર્ય હું કરી શકું છું, પરજીવની દયા હું પાળી શકું છું અથવા પરની હિંસા કરી શકું છું એવો મિથ્યા અભિપ્રાય જ મિથ્યાદૃષ્ટિનો પરિગ્રહ છે. હું દયા-દાન પાળીને બીજાનું હિત કરું છું એવા શુભપરિણામ એ પણ મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ સહિતનો પરિગ્રહ છે.

**स्वशुद्धात्मभावनोत्थवीतरागपरमानंदपरिग्रहं कृत्वा.....** આ ગાથાનો આ શબ્દ મહાસિદ્ધાંત છે. જિનાગમનો એક સિદ્ધાંત પણ જો જીવ યથાર્થ સમજી લે તો એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું. સર્વ શાસ્ત્રનું રહસ્ય એના ખ્યાલમાં આવી જાય છે.

અહો! ભગવાન આત્માએ મિથ્યાદૃષ્ટિપણે શુભાશુભરાગને પોતાનું સ્વરૂપ માન્યું, તેનાથી પોતાનું હિત માન્યું અને હું જીવતો જીવ બેઠો છું માટે શરીરના કાર્ય થાય છે, હું ન હોઉં તો જડમાં કાર્ય કેવી રીતે થાય!! એવું અનાદિથી અજ્ઞાની જીવોએ માની રાખ્યું છે. એથી જ શરીર અને રાગ એ જ જીવનો પરિગ્રહે છે. મિથ્યાત્વ-પરિગ્રહે જ એને પકડી લીધો છે. એમાંથી છૂટીને પોતાના સ્વભાવમાં એકત્વ કરે તો જે આનંદ આવે એ આનંદ દ્વારા 'આ જ હું આત્મા છું' એવી પ્રતીતિ સહિત અનુભવ થાય છે. એ મોક્ષમાર્ગના પ્રથમ સોપાનરૂપ પ્રથમ અંકુર છે. ચોથા ગુણસ્થાને આ અંકુર પ્રગટ થઈ જાય છે તેના વગર વ્રતધારી શ્રાવક કે સાધુપણું યથાર્થ હોઈ શકતું નથી.

વીતરાગભગવાનની ભક્તિનો ભાવ પણ શુભરાગ છે તેનાથી મારું હિત થશે એવી માન્યતાને મિથ્યાત્વ-પરિગ્રહ કહેવાય છે. ૯૧મી ગાથામાં નીચે જ આવે છે કે મિથ્યાત્વ અને રાગાદિ એ જીવનો સચિત્ત પરિગ્રહ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! અનંતકાળમાં એણે પરસ્વરૂપની પક્કડ કદી છોડી નથી અને નિજસ્વરૂપની પક્કડ કદી કરી નહિ તેથી આ દશા છે. અંતરના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઊંડાણમાં એને એવો અભિપ્રાય પડ્યો છે કે હું 'આત્મા' છું તો દેહ છે અને રાગ છે, તો એણે આત્માને રાગની ખાણ માની છે. ત્યારે અહીં તો વીતરાગદેવ કહે છે કે આત્મા રાગની નહિ પણ વીતરાગી આનંદની ખાણ છે. રાગ-દ્વેષ, શુભાશુભવૃત્તિ ઉઠે છે તે આત્માની ખાણમાં નથી. આત્માના દ્રવ્ય-ગુણમાં તો રાગ છે જ નહિ. એક સમયની પર્યાયમાં મિથ્યાદૃષ્ટિ વિભાવરૂપ કૃત્રિમભાવને ઉત્પન્ન કરે છે. મિથ્યાદૃષ્ટિને વિભાવનો પ્રેમ છે તેથી તેને ઉત્પન્ન કરે છે જ્યારે સમ્યગ્દૃષ્ટિને વિભાવ ઉત્પન્ન થાય છે તે તેની કમજોરીના કારણે થાય છે, વિભાવનો પ્રેમ નથી. જ્ઞાની તો આનંદસ્વરૂપ પરિગ્રહને પ્રેમથી અંગીકાર કરીને વિભાવના પરિગ્રહને છોડે છે.

પરમાનંદસ્વરૂપ નિજ ચૈતન્યભગવાનનો આશ્રય લીધા વિના તેની પક્કડ કર્યા વિના—વર્તમાનદશામાં તેનો આધાર લીધા વિના ત્રણકાળમાં કોઈને સમ્યગ્દર્શન થતું નથી. જે મંદકષાય કે શુભરાગથી પોતાનું કલ્યાણ થશે એમ માને છે તેણે રાગની પર્યાયને પોતાના વીતરાગ સ્વભાવનો આધાર માન્યો છે એ સમજાય છે?

સર્વજ્ઞ ત્રિલોકીનાથના આ પ્રતિનિધિ 'યોગીન્દુદેવ' કહે છે કે હે આત્મા! અંદરમાં જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાત્મા બિરાજે છે તેની પક્કડ કર! મારું સ્વરૂપ આ જ છે એવી માન્યતા બનાવ! તેની પક્કડ કરીને તેમાં એકાગ્રતા કર! એ જ સમ્યગ્દૃષ્ટિએ રાખવા યોગ્ય પરિગ્રહ છે એ સિવાય શુભાશુભરાગ એ ધર્મીનો પરિગ્રહ નથી, દેહ એ ધર્મીનો પરિગ્રહ નથી.

આત્માના આધારે દેહ નથી અને દેહના આધારે આત્મા નથી. એક એક પરમાણુને પોતાનો આધાર છે કેમ કે દરેકમાં પોતપોતાના ષટ્કારક રહેલાં છે. (૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન (૬) અધિકરણ, માટે દરેક પરમાણુ પોતાના આધારે ટકેલાં છે. નીચેની વસ્તુના આધારે રહ્યાં નથી. આ પટ્ટી પુસ્તકના આધારે રહેલી નથી. તેના દરેક પરમાણુને પોતાનો આધાર છે.

અરે! એણે કદી દરકાર પણ કરી નથી કે ધર્મ શું ચીજ છે!

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ જ્યોત પ્રભુ છે. તેનો અનુભવ કરવામાં, પ્રતીતિ કરવામાં સાથે શુભરાગ અને મંદકષાય આવે છે માટે એ રાગથી મને સમ્યગ્દર્શન થશે એમ માનનારે રાગને પોતાના સ્વભાવનો આધાર માન્યો—એ વિપરીત માન્યતા જ મિથ્યાદૃષ્ટિનો પરિગ્રહ છે. આત્મા તો રાગના વિકારરૂપ ઝેરથી ભિન્ન સ્વરૂપે રહેલો છે. આત્મા અમૃતસ્વરૂપ છે તો એ ઝેર દ્વારા અમૃત કેમ પ્રગટ થાય! ઝેરને અમૃતનું કારણ માનવું એ મિથ્યાદૃષ્ટિનો પરિગ્રહ છે. આ મકાન–દુકાન આદિ પણ મમતાના પરિગ્રહ છે. અહીં તો આપણે સમતાના પરિગ્રહની વાત કરવી છે. સમતા એ જ વીતરાગભાવ છે.

જૈન સાધુ થઈને અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, શિરના મુંડન કર્યા પણ મનના મુંડન ન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્યા અર્થાત્ મારી ચૈતન્યવસ્તુ શું છે તેની ઓળખાણ કરીને અનુભવ કદી ન કર્યો. અને અનુભવ વિના તો બધી ક્રિયા ચાર ગતિમાં રખડાવવાવાળી છે.

વીતરાગમારગ દુનિયાને રુચતો નથી અને તેનાથી ઉલટો મારગ રુચે છે. કોઈ સુલટો મારગ બતાવે તો કહે છે કે આ તો એકાંત છે. અરે ભાઈ! આ મારગમાં એકાંત છે કે તારો મારગ એકાંત છે એ તો સમજ! ભગવાન આત્મા સમ્યક્ ચિદાનંદમૂર્તિ અનંત આનંદનો કંદ છે એવી દૃષ્ટિ કરીને આનંદ પ્રગટ કરવો એ તારા હિતનું કાર્ય છે. આ આનંદ છે તે જ આત્મા છે એમ આનંદ વડે આત્માની પક્કડ કરવાની છે. શુદ્ધસ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને અનુભવ કરનાર પર્યાય જ એવી પક્કડ કરે છે કે આ 'હું આત્મા છું' એવી દૃષ્ટિ કરનાર આત્માને ભગવાન 'સમ્યગ્દૃષ્ટિ' કહે છે.

ઘણાંને એમ હોય છે કે સમ્યગ્દૃષ્ટિ થાય એટલે બધી બાહ્ય પ્રવૃત્તિ છોડીને નિવૃત્ત થઈને બેસી જતાં હશે. અને અહીં તો સમ્યગ્દૃષ્ટિને બધી જ પ્રવૃત્તિ ચાલુ હોય છે એટલે કાલે કોઈ પૂછતું હતું કે સમ્યગ્દૃષ્ટિને સદાય આત્માનું લક્ષ રહેતું હશે? હા. પ્રવૃત્તિ કોણ કરે છે! હું આત્મા જ્ઞાનાનંદ છું એવું લક્ષ સદાય રહે છે. એકવાર નિજપરમાત્માની દૃષ્ટિ થઈ પછી ત્રણકાળમાં એ દૃષ્ટિ ફરતી નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણકાળમાં ક્યારેક પણ શુભભાવની રુચિ રહેતી નથી. પૂર્વે મને શુભભાવ થયો હતો માટે પુણ્ય બંધાયું તેના ફળમાં આવું શરીર મળ્યું અને આ સાંભળવા તો મળ્યું ને! એવી રુચિ તે મિથ્યાત્વનો પરિગ્રહ છે. સાંભળવાથી લાભ થતો નથી, પોતાના સ્વભાવના આશ્રયે લાભ થાય છે.

ત્રણકાળમાં શુભ-અશુભરાગ કે દેહની ક્રિયા મારી નથી, વર્તમાનમાં મારી નથી, ભૂતકાળમાં હતી તે મારી ન હતી અને ભવિષ્યમાં થશે તે મારી નહિ. પરિગ્રહ તો મારો નથી પણ શુભ-અશુભરાગને પણ કરવો છોડી દઉં છું, પૂર્વે કર્યો તે મારો સ્વભાવ ન હતો અને ભવિષ્યે રાગ થશે એ પણ મારો નહિ એમ ધર્મી ત્રણકાળમાં રાગને ક્યારેય પોતાનો સ્વભાવ માનતાં નથી.

જે કોઈ પદાર્થો મારા દેખવામાં આવ્યા છે, સાંભળવામાં આવ્યા છે અને અનુભવમાં આવ્યાં છે તે સર્વની વાંછાં હું મનથી, વચનથી, કાયાથી અને કૃત–કારિત–અનુમોદનથી સર્વ પ્રકારે તજું છું. ધર્મીજીવ પોતાના સ્વરૂપની દૃષ્ટિપૂર્વક આ રીતે ત્રણકાળના સર્વ પરિગ્રહની મમતા સર્વ પ્રકારે દૃષ્ટિમાંથી છોડી દે છે.

પરિગ્રહ કેવા છે? કે શુદ્ધ આત્માની અનુભૂતિથી વિપરીત છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી દેહ અને દેહની ક્રિયા, કર્મોનું બંધન અને શુભ-અશુભરાગ—બધું વિપરીત છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પોતાના શુદ્ધ ભગવાન આત્માની અનુભૂતિથી એટલે સમ્યગ્દર્શનરૂપ વીતરાગીપર્યાયથી દેહની ક્રિયા અને રાગની ક્રિયા બધી વિપરીત છે.

અરે! માંડ મનુષ્યપર્યાય મળે છે. તેમાં આ વીતરાગી વાણી તો સાંભળવા પણ ન મળે એવી દુર્લભ ચીજ છે. વ્રત, ભક્તિ, ક્રિયા કરો—ક્રિયા કરતાં કરતાં તમારું કલ્યાણ થઈ જશે એવી વાત સાંભળવા મળે. એ સાંભળીને માની લે છે તેને મિથ્યાત્વ થાય છે પણ ધર્મ થતો નથી. આ સત્ ભાષા અને ભાવ લોકોને બહુ કડક લાગે છે પણ આ માન્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં હિત થવાનું નથી. આજ સમજે, કાલ સમજે, પછી સમજે.....પણ આ સમજશે તેનું કલ્યાણ થશે. સમ્યગ્દર્શન વિના કદી કલ્યાણ થવાનું નથી.

જુઓ! વીતરાગ શુદ્ધ ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ થઈ તો સમ્યગ્દૃષ્ટિને પોતાની નિર્મળ પર્યાય અને નિર્મળપર્યાયવાન આત્મા સિવાય બધી ક્રિયા વિપરીત દેખાય છે. આ ૯૦ મી ગાથાનો સાર છે.

હવે ૯૧ મી ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે સર્વસંગના ત્યાગરૂપ જિનમુદ્રાને ગ્રહણ કરીને પછી ફરી પરિગ્રહને ધારણ કરે છે તે વમન કરીને પાછું ગ્રહણ કરે છે એના જેવું નિંદ્ય છે.

જેમ કોઈ ભોજન કર્યા પછી વમન કરીને તેને ફરી ગ્રહી લે તેની જેમ, બાહ્ય પરિગ્રહ છોડીને કોઈ જિનમુદ્રા ગ્રહી લે અને પછી પરિગ્રહને ફરી ગ્રહણ કરે—શુભાશુભરાગ મારો સ્વભાવ છે અને આ દેહાદિ મારા છે એમ માનવા લાગે છે તેણે છોડેલો પરિગ્રહ ફરી ગ્રહણ કરી લીધો છે—એમ આ ગાથા કહે છે.

**जे जिण-लिंगु धरेवि मुणि इट्ठ-परिग्गह लेंति।**
**छद्दि करेविणु ते जि जिय सा पुणु छद्दि गिलंति॥९१॥**

અર્થ :—જે મુનિ જિનલિંગ ગ્રહણ કરીને ફરીને પરિગ્રહને ગ્રહણ કરે છે તેઓ, હે જીવ! વમન કરેલા પરિગ્રહના ભાવને ફરી કરવા લાગે છે.

હવે પરિગ્રહની વ્યાખ્યા કરે છે તે બહુ સમજવા જેવી છે. પોતાના સ્વરૂપથી પર એવો પરિગ્રહ કેવો કેવો હોય છે તેના પ્રકાર કહે છે. નિજ ભગવાન શુદ્ધ ચિદાનંદ છે તે જ પોતાનો પરિગ્રહ છે તેના સિવાય વિકલ્પથી લઈને જે કોઈ પરપદાર્થમાં મમતા છે તે પરિગ્રહ છે. તેના ત્રણ પ્રકાર છે. તેમાં પ્રથમ ગૃહસ્થની અપેક્ષાએ પરિગ્રહના ત્રણ ભેદ આ પ્રમાણે છે. (૧) પુત્ર, કલત્રાદિ–સ્ત્રી, કુટુંબ આદિ સચિત્ત પરિગ્રહને પોતાના માનવા તે સચિત્ત પરિગ્રહ છે. (૨) દાગીના, કપડાં, મકાન આદિને મારા માનવા તે અચેતન પરિગ્રહ છે. (૩) દાગીના, કપડા સહિત સ્ત્રી, પુત્રાદિ મિશ્ર પરિગ્રહ ગણાય છે.

www.vitragvani.com



સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ આ સચિત્ત, અચિત્ત કે મિશ્ર ત્રણમાંથી કોઈને પોતાના માનતા નથી.

સાધુને ગૃહસ્થ જેવો પરિગ્રહ તો હોતો નથી તો સાધુને શેનો પરિગ્રહ હોય છે તે પણ ત્રણ પ્રકારે બતાવે છે.

(૧) શિષ્ય આદિનો સચેતનો પરિગ્રહ સાધુને પણ હોય છે.

(૨) પીંછી, કમંડલ, પુસ્તક આદિ અચેત પરિગ્રહ છે. અને

(૩) પીંછી, કમંડલ આદિ સહિત શિષ્ય આદિ મિશ્ર પરિગ્રહ છે.

આ બધાં પરપદાર્થ છે તેને પોતાના માને તો તે સાધુને મિથ્યાત્વનો પરિગ્રહ છે. તો શું કરવું? બધું છોડી દેવું? અરે ભાઈ! એ કાંઈ તારું ક્યાં હતું? એ તો છૂટું જ પડ્યું છે. જે વસ્તુ ભિન્ન છે તેને પોતાની માનવી એ જ મિથ્યાત્વનું લક્ષણ છે. માટે, અહીં ભેદજ્ઞાન વડે જુદાં જાણવાનું બતાવે છે. મારો આનંદકંદ સત્‌ચિદાનંદ પ્રભુ જ મારી વસ્તુ છે એ સિવાય બીજી કોઈ ચીજ મારી નથી. હું તો પરથી રહિત અપરિગ્રહી છું. સાચા સાધુને પીંછી, કમંડલ, શિષ્ય આદિ સાથે દેખાતાં હોવા છતાં અંતરમાં તેની સાથે એકત્વ નથી, તો મિથ્યાત્વ નથી અને કોઈ સાધુને શિષ્યાદિનો સંયોગ ન દેખાવા છતાં તેના અંતરમાં એવો અભિપ્રાય છે કે આ વસ્તુ વગર મારે ન ચાલે, પીંછી, કમંડલ, શિષ્ય, આદિ મને મારા કાર્યમાં સહાયક છે એમ માનવું તે જ મિથ્યાત્વનો મોટો પરિગ્રહ છે.

હવે સાધુઓને ભાવોની અપેક્ષાએ પણ ત્રણ પ્રકારના પરિગ્રહ આ પ્રમાણે છે. (૧) મિથ્યાત્વ, રાગાદિભાવ એ સચિત્ત પરિગ્રહ (૨) દ્રવ્યકર્મ અને નોકર્મ એ અચિત્ત પરિગ્રહ છે અને (૩) દ્રવ્યકર્મ ભાવકર્મ મળીને મિશ્ર પરિગ્રહ કહેવાય છે.

સાચા સાધુને આ ત્રણેય પરિગ્રહ છૂટી ગયા હોય છે, તો જ તેમને સમકિતી સાચા સાધુ કહેવાય છે.

વિપરીત માન્યતારૂપ જીવનો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ આદિ વિકારીભાવ સચિત્ત પરિગ્રહ ગણાય છે. આઠ પ્રકારના જડકર્મ છે તે જડ હોવાથી અચિત્ત પરિગ્રહ કહેવાય છે તે કર્મ મારા છે એમ માનવું તે વિપરીત માન્યતા છે. શરીર, વાણી, મન પણ અચિત્ત છે તેમાં મારાપણાની પક્કડ છે તો તેને ચૈતન્યની પક્કડ હોય જ નહિ અને જેને સાચી શ્રદ્ધામાં શુદ્ધાત્માની પક્કડ થાય તેને શરીરાદિમાં મારાપણાની પક્કડ હોય જ નહિ. તેને તો એ બધાં જ્ઞાનના જ્ઞેયમાત્ર છે.

અરે! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો વીતરાગ પવિત્ર નિર્મળ માર્ગ લોકોને સમજવો કઠણ પડે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે એટલે એમ થાય કે આવો માર્ગ હોય! પણ આ જ માર્ગ છે. તેં સાંભળ્યો ન હોય તેથી માર્ગ કાંઈ બદલાઈ જાય?

જડકર્મ અને દયા-દાન-વ્રતાદિના ભાવ મળીને જે મિશ્ર પરિગ્રહ છે તેને મારા માનનારને પણ સ્વરૂપની ખબર નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદની દૃષ્ટિનો તેને અભાવ છે. સાધુને આ બધાં પરિગ્રહમાં મારાપણાની દૃષ્ટિ છૂટી ગઈ હોય છે તોપણ અસ્થિરતાવશ વિકલ્પનો પરિગ્રહ રહે છે તેના પણ ત્રણ પ્રકાર આ પ્રમાણે છે.

(૧) વીતરાગ ત્રિગુપ્તિમાં લીન ધ્યાની પુરુષની અપેક્ષાએ સિદ્ધપરમેષ્ઠીનું ધ્યાન—સચિત્ત પરિગ્રહ છે.

(૨) પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્યનો વિચાર અચિત્ત પરિગ્રહ છે અને

(૩) માર્ગણાસ્થાન, જીવસમાસ આદિરૂપ સંસારીજીવનો વિચાર મિશ્ર પરિગ્રહ છે.

સિદ્ધ પરમેશ્વરનું ધ્યાન કરવું એ વિકલ્પ છે. ગૃહસ્થ સમકિતી અને સાધુને એવું ધ્યાન હોય છે પણ જો તે વિકલ્પને જ પોતાના માની લે તો એ સમકિતી કે સાધુ નથી અને વિકલ્પ તો આવે પણ તેને પોતાનું સ્વરૂપ ન માને તો એ માત્ર ચારિત્રનો દોષ છે, મિથ્યાત્વ કે અજ્ઞાન નથી, કેમ કે રાગથી અને જડની ક્રિયાથી મારું સ્વરૂપ ભિન્ન છે એવી અનુભવદૃષ્ટિ થઈ છે અને સ્વરૂપમાં શાંતિ....શાંતિ....શાંતિ થઈ ગઈ છે. તેથી યથાર્થ માર્ગમાં છે તોપણ, વીતરાગસ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થઈ નથી ત્યાં સુધી સિદ્ધના સ્વરૂપનો વિચાર કરવાનો ભાવ આવે છે. એ પણ રાગ છે, ચારિત્રનો દોષ છે. માટે, તેને પણ છોડ્યા વિના વીતરાગદશા થતી નથી.

અરે! આ બધું પુસ્તક વાંચે વિચારે તો ખબર પડે ને! દુકાનના ચોપડાના ખાતા રોજ વાંચે કે કેટલાં લેણાં આવ્યા! કેટલાં ગયા! વગેરે....

અહીં તો કહે છે કે શરીર, રાગાદિથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન કર્યું છે તો સમકિત તો રહેશે પણ જ્યાં સુધી સિદ્ધિના ધ્યાનનો પણ વિકલ્પ રહેશે ત્યાં સુધી વીતરાગદશા નહિ થાય. માટે, વીતરાગદશાની અપેક્ષાએ આવા શુભવિકલ્પ પણ રાગ અને પરિગ્રહ છે. કોઈ પણ પરદ્રવ્ય હો તેનું લક્ષ કરવાથી રાગ આવે જ છે. સમ્યગ્દૃષ્ટિને પ્રશસ્તરાગ તો આવે છે પણ છે એ પરિગ્રહ, માટે દોષરૂપ છે, ચારિત્રદોષ છે. જુઓ! પરિગ્રહની કેટલી સૂક્ષ્મ વ્યાખ્યા લીધી છે! પૈસા, મકાન, કપડાં, સ્ત્રી, કુટુંબ અને શુભાશુભભાવરૂપ પરિગ્રહની દૃષ્ટિ છોડીને શુદ્ધસ્વરૂપનું ભાન કર્યું તોપણ, જ્યાં સુધી મહાવ્રતાદિનો રાગ આવે છે તે પણ પરિગ્રહ છે, ચારિત્રનો દોષ છે. સિદ્ધના વિકલ્પ આવે છે તે પણ રાગ છે—ચારિત્ર દોષ છે, રાગ છે પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

રાગથી લાભ થશે એવી દૃષ્ટિ નથી તેથી મિથ્યાત્વ નથી.

સમ્યગ્દૃષ્ટિને અને સાચા મુનિને પોતાના આનંદસ્વરૂપની દૃષ્ટિ છે, શુભવિકલ્પ ઉપર દૃષ્ટિ નથી, છતાં સિદ્ધપરમેષ્ઠીનું ધ્યાન કરવાનો વિકલ્પ આવે છે તે પણ દોષ છે એમ સ્વીકાર કરવું. કેમ કે આ વાત એવી છે કે તેનું લક્ષ એણે કદી આપ્યું જ નથી. આ વાત કાંઈ આજ-કાલની નથી. ૯૦૦ વર્ષ પહેલાં યોગીન્દુદેવ આ લખી ગયા છે. તે ગાથાની ટીકામાં જ આવા અર્થ ભર્યાં પડ્યાં છે.

સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કેવળજ્ઞાન નથી તેથી રાગ તો આવે છે પણ રાગથી લાભ થવાની માન્યતા નથી. પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ધ્યાન કરવાનો વિકલ્પ તો આવે છે પણ તેને દોષરૂપ જાણે છે. એ દોષનો અભાવ કરે છે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. કોઈ એમ માની લે કે આવા વિકલ્પો આવે છે તે સ્વભાવને મદદ કરે છે—એમ નથી.

*ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર,*
*ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર.*

—શ્રી નાટક સમયસાર

જેટલાં શુભાશુભરાગ થાય છે તે મેલ છે. હું તો નિર્મળાનંદ ભગવાન છું એમ પોતાના ગુણમાં એકાગ્ર થઈને જ્ઞાની મેલને ધોઈ નાંખે છે. હું તો શુદ્ધ આનંદકંદ છું, રાગ અને શરીરથી ભિન્ન છું, એવું ભેદજ્ઞાન કરનારા અંતરાત્મા જ વિકારના મેલને ટાળી શકે છે.

આ સચિત્ત પરિગ્રહની વાત થઈ હવે અચિત્ત પરિગ્રહની વાત આવશે. છ દ્રવ્યમાંથી પાંચ દ્રવ્ય અચેત છે તે અચેત સંબંધી વિચારને અચેત પરિગ્રહ કહ્યો છે કેમ કે એ પણ રાગ છે માટે તેને છોડીને સ્થિર થવું. રાગરૂપ અસ્થિરતા પણ દોષ છે, લાભ નથી માટે તેને છોડીને વીતરાગ થવાય છે.

❀

પરિગ્રહનું સૂક્ષ્મ સ્વરૂપ

# સિદ્ધનું ધ્યાન પણ પરિગ્રહ છે

(સળંગ પ્રવચન નં-૧૩૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૯૧ ગાથા છે. તેમાં પરિગ્રહની વ્યાખ્યા, તેના પ્રકાર અને કેટલા પરિગ્રહ દોષના નિમિત્ત છે અને કેટલા પરિગ્રહ દોષસ્વરૂપ છે તેનું વર્ણન છે.

પોતાના શુદ્ધ વીતરાગ જ્ઞાનાનંદ સ્વરૂપથી બાહ્ય એવા શુભવિકલ્પ હો અશુભરાગ હો—એ પણ પરિગ્રહ જ છે, પોતાનું સ્વરૂપ નથી તથા કર્મ અને શરીર આદિ બાહ્ય પદાર્થ છે તે જીવને દોષમાં નિમિત્ત છે માટે તે પણ પરિગ્રહ છે.

સમ્યગ્દષ્ટિએ આ શુભાશુભરાગરૂપ પરિગ્રહ અને શરીર, કર્માદિ પરિગ્રહ મારા છે એવી માન્યતા છોડી દીધી છે અને મુનિને તો બાહ્યથી સર્વ સંગ પણ છૂટી ગયો છે છતાં જો શુભાશુભરાગમાં અને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં મમત્વ કરે તો તેણે છોડી દીધેલું ફરી ગ્રહણ કર્યું હોવાથી વમન ગ્રહ્યું એમ કહેવાય છે.

જુઓ! પરિગ્રહ કેટલા પ્રકારે છે! એક તો શરીર, કર્મ અને સ્ત્રી, પુત્રાદિ પરિગ્રહ, બીજું શુભાશુભભાવ એ પણ પરિગ્રહ છે અને ત્રીજું, અહીં તો પોતાના સ્વરૂપને છોડીને ભગવાન સિદ્ધનું ધ્યાન કરે છે તો એ પણ એક વિકલ્પરૂપ પરિગ્રહ છે એમ લીધું છે. કેમકે એ પણ એક દોષ છે—રાગ છે—વિકલ્પ છે માટે તેને પરિગ્રહ કહ્યો છે.

આત્મા વીતરાગસ્વરૂપ મૂર્તિ છે. તેની દૃષ્ટિમાં પોતાના સ્વભાવના આશ્રય સિવાય બીજી ચીજ તો પરિગ્રહ છે જ પણ સ્વાશ્રય છોડીને સિદ્ધપરમાત્માનું લક્ષ કરવું એ પણ પરદ્રવ્યાશ્રિત વિકલ્પ છે માટે દોષ છે—પરિગ્રહ છે.

સૂક્ષ્મ વાત છે ભાઈ! અનંતકાળથી એણે મારી ચીજ શું છે અને મારાથી બાહ્ય બીજી ચીજ શું છે તેનું અંતરથી ભેદજ્ઞાન કર્યું નથી તેથી સૂક્ષ્મ લાગે. જ્યાં વિકલ્પને પણ પરિગ્રહ કહ્યો છે ત્યાં સ્ત્રી, પુત્ર, કલત્ર આદિ તો બહુ દૂર રહી ગયા. ભગવાન! તું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વસ્તુ છો. શુભ કે અશુભ વિકલ્પ અને પરદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થતી વાસનાઓથી રહિત એકલો ચિદાનંદ ભગવાન જ તારે પકડવા યોગ્ય—ગ્રહવા યોગ્ય પરિગ્રહ છે. એ જ તારી ચીજ

www.vitragvani.com



છે. એ જ દૃષ્ટિ કરવા લાયક છે. એ જ તારે આશ્રય કરવા લાયક છે.

અહીં તો યોગીન્દુદેવ એ કહે છે કે એકવાર સ્વભાવનો આશ્રય લઈને શુભાશુભ વિકલ્પનો પરિગ્રહ છોડ્યા પછી ફરી તેને ગ્રહણ કરે છે એવા જિનલિંગધારીએ વમનનું ગ્રહણ કર્યું એમ કહેવાય છે. ભોજન કર્યા પછી ખાધેલું પાછું આવે તે 'વમન' કહેવાય, તેને કૂતરા ખાય પણ માણસ ન ખાય.

આ તો વીતરાગી માર્ગ છે. અનંતકાળમાં કદી એને સમજમાં આવ્યો નથી. ક્રિયાકાંડ કરીને લોકો એને વીતરાગમાર્ગ માની લે તો કાંઈ એ માર્ગ નથી. મુનિ થઈને સચિત્ત, અચિત્તના પરિગ્રહનો ત્યાગ કર્યા પછી તેને મારા છે એમ માનવા લાગે તો એણે તે મિથ્યાત્વ પરિગ્રહ ગ્રહી લીધો. પરદ્રવ્ય ત્રણકાળમાં કદી સ્વદ્રવ્ય થતું નથી. મોરપીંછી, કમંડલ આદિ ઉપકરણ પણ પરદ્રવ્ય છે, મુનિને દયાના સાધન છે તેને પણ પોતાના માની લે—પોતાના સ્વભાવની અધિકતા છોડીને ઉપકરણોની અધિકતા દૃષ્ટિમાં લઈ લે તો એણે તો પરદ્રવ્યથી પોતાને ધર્મ માન્યો. પીંછી, કમંડલથી જ મારો ધર્મ સચવાય છે એવી મિથ્યાબુદ્ધિ થઈ ગઈ છે પણ અભ્યંતરમાં ચૈતન્યસ્વભાવનો આશ્રય અને લક્ષ છોડીને એકલા સિદ્ધનું ધ્યાન કરે અને તેને જ પોતાનું સ્વરૂપ માની લે તો એ પણ મિથ્યાત્વનો પરિગ્રહ છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને સિદ્ધ ભગવાનનું લક્ષ આવતાં તેમના સ્વરૂપનો વિચાર કરે એ મિથ્યાત્વ પરિગ્રહ નથી પણ ચારિત્રનો દોષ છે. જો સિદ્ધના ધ્યાનનો.....ઓમ્.... ઓમ્....ના જાપનો જ એકાંત આશ્રય લઈ લે કે મને એનાથી જ ધર્મ થશે તો એ મિથ્યાત્વનો પરિગ્રહ છે. અહીં તો યોગીન્દુદેવ પરમાત્માનો પ્રકાશ આપતાં કહે છે કે જો સ્વનો આશ્રય છોડીને એકલા પરનો આશ્રય લઈને, તેનાથી જ ધર્મ થઈ જશે એમ માને છે તો એ તો મિથ્યાત્વ થઈ ગયું, એ જ મોટો પરિગ્રહ છે પણ જો પરના આશ્રયે ધર્મ થવાની માન્યતા ન હોય, સ્વનો આશ્રય હોય પણ તેમાં સ્થિરતા ન હોય ત્યારે સિદ્ધનું લક્ષ આવતાં સિદ્ધ પરમાત્માની સ્મૃતિ આવે છે તો એ (ભૂમિકાને યોગ્ય) ચારિત્રદોષ છે. એ પણ પરિગ્રહ છે માટે તે દોષ પણ નીકળ્યા પછી આત્મામાં વીતરાગતારૂપી નિસ્પરિગ્રહપણું આવે છે.

દોષને દોષ જાણીને પકડે નહિ તો એ માર્ગમાં છે પણ જો દોષને પકડીને તેનાથી આત્માને લાભ માને તો તો એ મિથ્યાત્વનો દોષ થઈ ગયો.

એક માત્ર પોતાના શુદ્ધ અખંડ એક જ્ઞાયકના આશ્રયથી જ સમ્યગ્દર્શન થાય છે, તેના આશ્રયથી જ ચારિત્ર થાય છે, તેના આશ્રયથી જ શુક્લધ્યાન થાય છે અને તેના આશ્રયથી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પોતાના જ્ઞાયકના આશ્રય સિવાય અન્ય કોઈના આશ્રયથી શુદ્ધિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

થતી નથી. કુંદકુંદઆચાર્ય તો ત્યાં સુધી કહે છે કે વિકલ્પના આશ્રયથી તો નહિ પણ પોતાના ક્ષયોપશમજ્ઞાનની દશાના આશ્રયથી પોતાને લાભ થશે એમ માનવું એ પણ મિથ્યાત્વ છે. પરદ્રવ્યના આશ્રયે સમ્યક્ત્વ તો ન થાય પણ પરદ્રવ્યના આશ્રયે પંચમહાવ્રત આદિ પળાય છે તેનાથી મને ચારિત્ર પ્રાપ્ત થશે એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં પરદ્રવ્ય, વિકલ્પ આદિની પક્કડ કરી લે છે એ જ પરિગ્રહ છે. મને રાગની મંદતા થાય તો મને સમ્યગ્દર્શન થશે—એવી માન્યતા પણ મિથ્યાત્વનો પરિગ્રહ છે.

સ્વના આશ્રયે એકવાર સમ્યક્ત્વ અને મુનિપણું તો લઈ લીધું પણ ત્યાં જે પંચમહાવ્રત આદિનો રાગ ઊઠે છે તેનાથી જ મારું ચારિત્ર છે એમ માની લીધું તો એણે વમનનું ગ્રહણ કર્યું છે. ત્યાગેલા ભાવને ફરી ગ્રહી લીધો છે. કષાયની મંદતા એ તો નિમિત્તરૂપે સાધન છે. નિશ્ચયસાધન પ્રગટ કરે તો તેને વ્યવહારે સાધન કહેવાય છે. વ્યવહારનય જ વ્યવહારને વ્યવહાર-સાધન કહે છે. સાચું સાધન તો નિશ્ચયસાધન જે કહે છે તે જ યથાર્થ છે. સ્વનો આશ્રય લેવો એ જ નિશ્ચય સાધન છે. સાથે ભક્તિ, વ્રતાદિનો વિકલ્પ આવે છે તેને વ્યવહાર કહેવાય. પણ તે પરિગ્રહ છે—ચારિત્રદોષ છે પણ સ્વ આશ્રયની દૃષ્ટિપૂર્વક હોવાથી તે ભાવ મિથ્યાત્વ નથી.

'જિનલિંગ'ના અર્થ બે પ્રકારે થાય છે. એક વીતરાગસ્વરૂપ આત્મા તે જિનલિંગ છે અને બીજો અર્થ—બાહ્ય દ્રવ્યલિંગને પણ જિનલિંગ કહેવાય છે. વીતરાગસ્વરૂપ આત્માની દૃષ્ટિ કર્યા પછી ફરી રાગની દૃષ્ટિ કરી લે છે તેણે છોડેલા વમનને ફરી ગ્રહી લીધો માટે તે નિંદાયોગ્ય છે. મુનિ થયા પછી ઘણા સારા શિષ્યો થઈ ગયા છે માટે હવે તેનાથી ધર્મપ્રભાવના સારી થશે એમ જેણે પરથી ધર્મનો લાભ થવાનું માન્યું તેણે પરથી સ્વમાં કાંઈ લાભ-નુકશાન થતું નથી એવી દૃઢતા છોડીને ફરી મિથ્યામાન્યતા કરી લીધી તેણે ફરી મિથ્યાત્વ પરિગ્રહ ગ્રહણ કરી લીધો. શિષ્યો મારા છે, ધર્મપ્રભાવના કરે છે એવો વિકલ્પ આવે તે મિથ્યાત્વ નથી પણ ચારિત્રદોષ છે. જો એ દોષને દોષ તરીકે ન સ્વીકારે અને તેનાથી લાભ માને તો મિથ્યાત્વ પરિગ્રહ થઈ જાય છે.

વીતરાગનો મારગ વીતરાગથી શરૂ થાય છે ભાઈ! જ્ઞાનીને સ્વનો આશ્રય છોડીને સિદ્ધ આદિ પંચપરમેષ્ઠીનો આશ્રય લઈને વિકલ્પ તો આવે છે પણ સ્વાશ્રયમાં જ લાભ છે એવી માન્યતા છૂટતી નથી. દૃષ્ટિમાં તો એમ છે કે પરનો આશ્રય છોડી સ્વનો આશ્રય લઈ તેમાં ઉગ્રતા કરું તો મને વીતરાગતા થશે.

આ તો સત્ય જ આમ છે, એવું જ વીતરાગે જાણ્યું છે, એમ જ વાણીમાં આવ્યું છે અને એવું જ વસ્તુનું સ્વરૂપ છે. કોઈ કલ્પના કરે તે રીતે વસ્તુનું સ્વરૂપ ફરી જતું નથી.

www.vitragvani.com



પરદ્રવ્યનો વિચાર આવે તો મિથ્યાત્વનો દોષ નથી પણ પરદ્રવ્યનો વિચાર કરું તો મને લાભ થશે એવી માન્યતા તે મિથ્યાત્વનો દોષ છે. પરદ્રવ્યનો આશ્રય લેવા છતાં લાભ તો સ્વદ્રવ્યના આશ્રયથી જ છે એવી દૃષ્ટિપૂર્વક પરદ્રવ્યનો આશ્રય લે છે તે ચારિત્રનો દોષ છે પણ મિથ્યાત્વ નથી. આહાહા.....!

"વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ;
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ."

સમયસારમાં તો આચાર્યદેવે કડક ભાષામાં આ વાત કરી છે. ૩૯ થી ૪૩ ગાથામાં કહ્યું છે કે ચૈતન્યનું લક્ષણ તો રાગરહિત જ્ઞાન છે તે જ્ઞાન લક્ષણ વડે આત્મા જાણી શકાય છે એમ ન જાણતાં અજ્ઞાનીજનો બહુપ્રકારે પરને આત્મા કહે છે—બકે છે. શુભરાગ આવ્યો તે જ હું આત્મા છું એમ માનવાવાળા મૂઢ નપુંસક છે. દિગંબર સંતોને લોકો પાસે કાંઈ ફાળો તો કરાવવો ન હતો કે લોકોને રાજી રાખે. દુનિયાને રાજી કરવી કે દુનિયાથી રાજી થવું એ બંને દોષ છે. વીતરાગી સંતો વીતરાગીભાવે સત્યને પીરસે છે કે જ્ઞાન વડે જ મારો આત્મા જણાશે એમ નહિ માનતાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના રાગ વડે મારો આત્મા જણાશે એમ તે માન્યું છે તેથી તારું વીર્ય રાગને છોડવામાં નપુંસક થઈ ગયું છે. પાઠમાં **क्लीब** શબ્દ છે તેનો અર્થ અહીં નપુંસક કર્યો છે.

સમયસારના પુણ્ય-પાપ અધિકારની ૧૫૪ ગાથામાં પણ આ જ વાત કરી છે. ત્યાં **क्लीब**નો અર્થ નામર્દાઈ કરીને કહ્યું છે કે પોતાના વીતરાગસ્વરૂપ શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા લઈને પણ, શુભરાગરૂપ સામાયિકથી મને લાભ થશે એવી માન્યતાથી જેનું વીર્ય શુભરાગ છોડવા નામર્દ થઈ ગયું છે એવા જીવો સાચા મોક્ષમાર્ગને પામી શકતાં નથી.

આમ, સમયસારમાં અમૃતચંદ્ર-આચાર્યદેવે ૩૯ થી ૪૩ અને ૧૫૪ ગાથામાં સંસ્કૃત ટીકામાં આ વાત લીધી છે. દુનિયા રાજી રહો કે ન રહો તેની સાથે આચાર્યદેવને કાંઈ સંબંધ નથી. સત્યના રહસ્યને ખોલી દેવા એ જ સંતોનું કામ છે. વૈદ્ય રોગીને મીઠી દવા દેવા બંધાયેલા નથી. વૈદ્ય તો કડવી દવા આપીને પણ રોગ મટાડે છે. તાવ આવ્યો હોય તેને શીરો ખાવાનું બતાવે છે એ તો તેને મોત આપનાર છે. તેમ રાગથી ધર્મ માનનારા ગુરુઓ અજ્ઞાનીને જિંદગી નિરર્થક જાય એવો રસ્તો બતાવે છે અને અજ્ઞાનીને અજ્ઞાનના કારણે એ વાત જ રુચે છે. જ્ઞાની તો કહે છે કે રાગની રુચિ છોડ્યા વિના અને સ્વનો આશ્રય લીધા વિના તને ધર્મ ત્રણકાળમાં નહિ થાય. કડવી દવા વિના કફ છૂટશે નહિ.

ભલે નગ્નમુનિ હો કે ધ્યાન કરવાવાળા ગૃહસ્થ શ્રાવક હો પણ પરદ્રવ્યના આશ્રયે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વદ્રવ્યમાં લાભ થશે એવું માનતા હશે તો તેને મિથ્યાત્વનો પરિગ્રહ છે. મુનિ તો તેને કહીએ કે જેને ક્ષણમાં અતીન્દ્રિય આનંદ આવે છે અને ક્ષણમાં વિકલ્પ આવે છે. વિકલ્પ આવે છે તેમાં રોકાતાં નથી. સિદ્ધના વિકલ્પ આવે તેને પણ દોષ જાણે છે. એ છોડવાથી મને વીતરાગતા થશે. વિકલ્પ કરતાં કરતાં વીતરાગતા નહિ થાય. એમ સંતો અંતરમાં જાણે છે, અજ્ઞાનીને આ વાતની ખબર નથી.

આ અધિકારની જ ૩૩મી ગાથામાં શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે કે આપ તો કહો છો કે શુદ્ધાત્માનું ધ્યાન કરે છે તે જ મોક્ષ પામે છે પણ ચારિત્રસાર આદિ ગ્રંથોમાં તે એમ કહ્યું છે કે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરે છે તે કેવળજ્ઞાન પામે છે તો આ વિષયમાં મને સંદેહ છે. ત્યારે યોગીન્દુદેવ ગુરુદેવે કહ્યું કે ત્યાં પરમાણુ એટલે પુદ્‌ગલદ્રવ્યની વાત નથી પણ દ્રવ્યપરમાણુ અર્થાત્ સૂક્ષ્મતા અને ભાવપરમાણુ એટલે ભાવની સૂક્ષ્મતા કહેવી છે. ત્યાં પુદ્‌ગલપરમાણુની વાત નથી. તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ આવું જ કથન છે. જડ પરમાણુનો વિચાર—વિકલ્પ તો રાગ છે. માટે દ્રવ્યપરમાણુ કહેતાં પુદ્‌ગલની વાત ન સમજવી. દ્રવ્યપરમાણુ એટલે પોતાનું અખંડસ્વરૂપી દ્રવ્ય અને ભાવપરમાણુ એટલે ગુણ-પર્યાયની સૂક્ષ્મતા. આમાં, અન્ય દ્રવ્યની વાત ન સમજવી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સૂક્ષ્મતાનું ધ્યાન કેવળજ્ઞાનનું કારણ છે. આ ધ્યાન રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત છે તેને સૂક્ષ્મપણું કેમ હોઈ શકે? એમ શિષ્યને પ્રશ્ન ઊઠ્યો તેનું સમાધાન આ પ્રમાણે છે :

આત્મદ્રવ્ય મન અને ઈન્દ્રિયોને અગોચર હોવાથી સૂક્ષ્મ કહેવાય છે તથા ભાવ (સ્વસંવેદન પરિણામ) પણ પરમસૂક્ષ્મ છે, વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ છે ત્યાં મન અને ઈન્દ્રિયોને ગમ્ય નથી માટે સૂક્ષ્મ છે. આત્મા ત્રિકાળ વીતરાગ સ્વરૂપ અરૂપી દ્રવ્ય છે તે તો દ્રવ્યની સૂક્ષ્મતા છે અને શુભાશુભ રાગના વેદનથી રહિત સમ્યગ્દર્શનમાં અરૂપી સ્વસંવેદન થાય છે તેનું નામ ભાવની સૂક્ષ્મતા અથવા ભાવપરમાણુ છે.

હવે શિષ્ય ફરી પ્રશ્ન પૂછે છે કે આપે પરદ્રવ્યના અવલંબનરૂપ ધ્યાનનો નિષેધ કર્યો અને નિજશુદ્ધાત્માના ધ્યાનથી જ મોક્ષ કહ્યો. તો આવું કથન કઈ જગ્યાએ કહ્યું છે? તો કહ્યું કે સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામીએ કહ્યું છે કે **आत्मनमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन स स्वयंभू प्रवृतः** પૂજ્યપાદસ્વામી કે જેણે તત્ત્વાર્થશ્લોકની ટીકા કરી છે તેઓ સમાધિશતકમાં કહે છે કે આત્મા પોતાના સ્વરૂપને આત્મામાં જ આત્મા દ્વારા એક ક્ષણમાત્ર પણ નિર્વિકલ્પ સમાધિપૂર્વક આરાધતા થકા સર્વજ્ઞ વીતરાગ થઈ જાય છે. પોતાના આત્માના આશ્રયે જ સમ્યગ્દર્શન—જ્ઞાન અને શાંતિ થાય છે. પરદ્રવ્યના આશ્રયે તો વિકલ્પ જ ઉઠે છે, તે દોષ છે, તેને ગુણ માનવા એ તો મિથ્યાત્વ છે. સમ્યગ્દષ્ટિને સિદ્ધના અને છ દ્રવ્યના વિકલ્પો આવે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે પણ તે સમજે છે કે હું કમજોરીના કારણે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી તેથી દ્રવ્યોના વિકલ્પ આવે છે પણ તે પરિગ્રહ છે, મારું સ્વરૂપ નથી.

આમ, જીવ સિવાય પાંચ દ્રવ્યોનો વિચાર તે અચેતપરિગ્રહ છે, સિદ્ધ આદિ પરમેષ્ઠીનો વિચાર તે સચેતપરિગ્રહ છે અને ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસમાસ આદિનો વિચાર તે મિશ્રપરિગ્રહ છે. પહેલાં ગુણસ્થાને કેવી દશા હોય, ચોથા ગુણસ્થાને કેવી દશા હોય, તેરમા-ચૌદમા ગુણસ્થાને કેવી દશા હોય એવા વિચારમાં રાગ પણ છે અને પવિત્રતા પણ છે માટે તે મિશ્રપરિગ્રહ છે. માર્ગણાના વિચારમાં જીવ ક્યાં ક્યાં છે, ભવ્ય છે કે અભવ્ય છે.....એવો વિચાર કરવો તે મિશ્રપરિગ્રહરૂપ રાગ છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આવો રાગ તો આવશે પણ તે દોષરૂપ છે એમ સ્વીકાર આવવો જોઈએ.

દેવ-શાસ્ત્ર-ગુરુ તો જીવને મોક્ષની દિશા દેખાડીને અળગા રહે છે, દેવ-શાસ્ત્ર-ગુરુ એને ચલાવી દેતાં નથી કે સાથે ચાલતાં નથી. માટે પરદ્રવ્ય સંબંધી રાગ આવે તેને દોષરૂપ સ્વીકારવો. સ્વાશ્રયથી જ સુખ છે, પરાશ્રયથી સુખ નથી એવો નિર્ણય પોતે કરવો અને જેટલો પરાશ્રિત વિકલ્પ આવે તેને દોષરૂપ જાણવો. જો તેને ગુણરૂપ માનશે તો વીતરાગતા પ્રાપ્ત નહિ થાય, મિથ્યાદૃષ્ટિ થઈ જઈશ.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! જેટલો પરમ જ્યોત પરમાત્માનો આશ્રય લીધો એટલો જ લાભ છે તે સિવાય જેટલો પરાશ્રય લીધો એટલો દોષ છે. ભજનમાં આવે છે કે પ્રભુ! હું શું કરું! આપ તો બહુ આકરી વાત કરો છો. આપનો આશ્રય લઉં તેને પણ દોષરૂપ બતાવો છો, અમારે કરવું શું? ગુરુ કહે છે ભગવાન! તારે પ્રથમ જ સ્વચૈતન્યની દૃષ્ટિ કરવી અને તેનું અવલંબન લેવું. જેટલું પરનું અવલંબન આવે તેટલો દોષ સ્વીકારવો. કારણ કે પરના અવલંબને રાગી જીવને રાગ આવ્યા વગર રહેતો નથી.

માર્ગણાસ્થાનમાં જ્ઞાનમાર્ગણામાં મતિ, શ્રુત આદિ જ્ઞાનના પાંચ ભેદ આવે છે તેમાં કેવળીના સ્વરૂપનો વિચાર કરે તે પણ રાગ જ છે. સ્વનો આશ્રય છોડીને પરનો કાંઈપણ વિચાર આવે તે પરિગ્રહ છે—દોષ છે. જુઓ તો ખરાં! ધંધો છોડીને બેસો તો પણ પરિગ્રહ તો પડ્યો જ છે. પરિગ્રહની કેટલી વિશાળ વ્યાખ્યા! જેમ ભગવાન આત્માના ગુણની વ્યાખ્યા વિશાળ છે તેમ વિકલ્પના પરિગ્રહની વ્યાખ્યા પણ વિશાળ છે.

ચૌદ ગુણસ્થાન વીતરાગમાર્ગ સિવાય બીજે ન હોય, આત્મા સિવાય પાંચ દ્રવ્યનું કથન કે સિદ્ધના સ્વરૂપનું વર્ણન વીતરાગમાર્ગ સિવાય બીજે ક્યાંય ન હોય. તેથી અહીં યોગીન્દુદેવ છ દ્રવ્ય, ચૌદ માર્ગણા, ગુણસ્થાન, પંચપરમેષ્ઠી આદિનું હોવાપણું સિદ્ધ કરતાં જાય છે અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાથે તેના આશ્રયમાં જે દોષ આવે છે તે પણ સાબિત કરતાં જાય છે કે સ્વનો આશ્રય છોડીને જેટલો પરનો આશ્રય લે છે એટલો રાગ છે, પરિગ્રહ છે, દોષ છે, બંધન છે એટલું જ્ઞાનીએ અંતરમાં બરાબર સમજી લીધું છે.

માર્ગણાસ્થાનમાં ક્રોધ, માન, માયા, લોભાદિ કષાય, ભવ્ય-અભવ્ય એવા ભેદ, સમ્યક્ત્વના ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક આદિ ભેદનો વિચાર કરવો તે વિકલ્પ હોવાથી મિશ્ર પરિગ્રહ ગણાય છે. પોતાના સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટેલા ક્ષાયિક સમ્યક્ત્વનું પણ લક્ષ કરે છે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ધર્મની પ્રાપ્તિ હોવા છતાં જેટલું પર્યાયનું લક્ષ છે તે દોષ છે. સ્વદ્રવ્યના આશ્રય સાથે તેમાં જેટલું એકાકારપણું થાય છે એટલી શુદ્ધિ અને ધર્મની વૃદ્ધિ છે. બાકી જીવસમાસ આદિરૂપ સંસારીજીવનો વિચાર પણ પરિગ્રહમાં જાય છે.

અહા! વીતરાગમાર્ગને દુનિયાના માર્ગ સાથે ઉગમણો-આથમણો ફેર છે. જૈનમાં જન્મેલાને પણ આ વાત સાંભળવા મળતી નથી, સ્વ-પરના ભેદની ખબર નથી. સ્વના આશ્રયથી લાભ અને પરના આશ્રયથી દોષ છે એવો વિવેક નથી ત્યાં ધર્મ શી રીતે થાય!

કોઈને પ્રશ્ન થાય કે પ્રવચનસારની ૮૦મી ગાથામાં તો કહ્યું છે કે જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ ક્ષય પામે છે તો પછી અહીં સિદ્ધના સ્વરૂપના વિચારને દોષરૂપ કેમ કહ્યું? ભાઈ! અરિહંતના કે સિદ્ધના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા તે પરલક્ષી જ્ઞાન છે. તેને માન્યા પછી તેનું લક્ષ છોડી, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમજવા કે હું જ પૂર્ણ સ્વદ્રવ્ય છું. જ્ઞાન-આનંદ મારા ગુણ છે અને મારી નિર્મળ પર્યાય અંદર દ્રવ્યમાં અભેદ થાય છે. એમ સ્વનું લક્ષ અને દૃષ્ટિ આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી.

આ રીતે જુદી જુદી અપેક્ષાએ પરિગ્રહના ભેદો દર્શાવીને યોગીન્દ્રદેવ કહે છે કે બાહ્ય અને અંતરંગ પરિગ્રહથી રહિત જે જિનલિંગ—તેને ગ્રહણ કરીને પછી જે અજ્ઞાની શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત પરિગ્રહને—સંસારી જીવનો વિચાર, સિદ્ધનો વિકલ્પ એ પણ અનુભૂતિથી વિપરીત છે, પરમાણુથી લઈને પાંચેય દ્રવ્યનો વિચાર એ પણ નિર્મળ અનુભૂતિથી વિપરીત છે, એવા પરિગ્રહને—ગ્રહે છે તે અનાદિના મિથ્યાદૃષ્ટિ જેવો મિથ્યાદૃષ્ટિ છે, નિંદાને યોગ્ય છે. 'સ્વદ્રવ્યના આશ્રયે જ સિદ્ધ અને પરદ્રવ્યના આશ્રયે બંધ' એવા વિવેક રહિત તે મિથ્યાદૃષ્ટિ છે.

અરે આ કાંઈ માર્ગ છે! એકદમ નિમિત્ત અને વિકલ્પની ઉપેક્ષા! અને પૂર્ણસ્વરૂપ ભગવાન નિજ પરમાત્માની અપેક્ષા!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભલે વીતરાગ ન થાય ત્યાં સુધી ઉપર કહ્યાં તેવા બધાં વિચાર આવે પણ તેના આશ્રયે પોતાને લાભ માની લે તો એ પરિગ્રહ થઈ ગયો, પોતાની વીતરાગ અનુભૂતિથી વિપરીત રાગ થઈ ગયો, તેનાથી પોતાનો વીતરાગ પરિગ્રહ કેવી રીતે સિદ્ધ થશે!

અહીં તો હજી ૫૦ લાખની પૂંજીમાંથી દશ-વીશ લાખ દાનમાં આપીને ધર્મ થવો માની લે છે તો ધર્મ થોડો થઈ જવાનો? એ તો મંદરાગ છે. તે શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીતભાવ છે. શરીર, સ્ત્રી, પરિવાર, ધન, વિકલ્પથી લઈને બધાં પરલક્ષી ભાવ આત્માની નિર્મળ અનુભૂતિથી ભિન્ન છે તો જે સ્વભાવથી વિપરીતભાવ છે તે સ્વભાવની પ્રાપ્તિનું કારણ કેમ થાય?

જે પરમાત્માની વાણીમાં આવ્યું છે એવું જ કથન ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં યોગીન્દુદેવ લખી ગયા છે કે સચિત્ત, અચિત્ત અને મિશ્ર સર્વ પ્રકારના પરિગ્રહને છોડીને ફરી ગ્રહણ કરનારા મુનિ વમન કર્યા પછી તેને ગ્રહનારા જેવા નિંદાને યોગ્ય છે.

❑ ❑ ❑

❁ જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવી છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ એ ''જ્ઞ'' સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઈ કરવાનું રહ્યું જ નહિ.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૨૮)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.